

પૂજ્યશ્રી લાધાજી સ્વામી સ્મારક ગ્રંથમાળા-મણકો ૩૬

વંદનીય સાધુજનો

卐

લેખક

લીંબડી સંપ્રદાયના સ્વ. જૈનાચાર્ય

પૂજ્યશ્રી લાધાજી સ્વામીના શિષ્ય

જૈન મુનિશ્રી છોટાલાલજી

પ્રકાશક

રતિલાલ ઓઘડભાઈ શાહ

પૂજ્યશ્રી લાધાજી સ્વામી પુસ્તકાલયના વ્યવસ્થાપક

લીંબડી (કાઠિયાવાડ)

આવૃત્તિ ૧ લી


વીર સંવત ૨૪૭૩

વિક્રમ સંવત ૨૦૦૩

ઇસવી સન ૧૯૪૭

મૂલ્ય રૂ. ૪

ધી " ડાયમંડ જ્યુબિલિ " પ્રિન્ટીંગ પ્રેસમાં પરીખ સુરેશચંદ્ર
પોપટલાલે છાપ્યું. સલાપોસ રોડ-**અમદાવાદ.**



અર્પણ

*

સ્વ૦ પૂજ્ય ગુરુદેવ શ્રી લાધાજી સ્વામીના ચરણારવિંદમાં

*

વૃક્ષના જે થડે મારા સરખા એક પાંદડાના જીવનમાં રસ પ્રસાર્યો, તેને બાહ્યાભ્યંતર સજીવતા આપી, તે થડને જ એ રસથી યુક્ત એવું આ કૃતિ–પુષ્પ ભક્તિભાવે સમર્પણ કરું છું.

બાળ શિષ્ય

મુનિ છોટાલાલજી

सद्गुरु-प्रशस्ति ॥

आसी कच्छभिहाणए सुविसए गुंदालसप्पट्टणे ।
स्वच्छायारवियारचारुधिसणो जो मालसिंहो गुणी ॥
तम्हा उज्जदिणप्पहा उयभवं गंगक्ख भज्जाइ जो ।
"लाधाजी" तणओ य सो पिउसमो धम्माणुरागी परो ॥१॥

કચ્છ નામના પ્રદેશમાં ગુંદાલા નામના સુંદર નગરમાં પવિત્ર આચાર અને વિચાર ધરાવનારા માલસિંહ નામે ગુણી શ્રાવક રહેતા હતા. તેમને ઉદય પામતા દિવસની પ્રભા જેવાં ઉજ્જવલ ગંગાબાઈ નામનાં પત્ની હતાં. તે દંપતીના સુપુત્ર લાધાજી હતા, જે પિતાના જેવા પરમ ધર્માનુરાગી હતા. (૧)

पुव्वोपज्जियपुण्णपुंजवसओ संसारनीसारयं ।
चिंतं चिंतमणारयं विसयओ वेरग्गभावोदया ॥
राग-द्दोसतरंगियं भवमहासिंधुं तरेउं जवा ।
संतिं सासइयं च लद्धुममलो जाओ स दिक्खामणो ॥२॥

પૂર્વોપાર્જિત પુણ્યસંચયે કરીને એ લાધાજીને સંસારની અસારતા સૂઝી, વૈરાગ્યભાવનાના ઉદયે કરીને વિષયો પ્રત્યે ચિત્ત ઉદાસીન બન્યું, રાગ-દ્વેષનાં મોજાંથી ઊછળી રહેલા સંસારના મહાસાગરને તરી જવાની ઇચ્છા થઈ, અને શાશ્વત શાન્તિ મેળવવાને એ નિર્મળ ચિત્તવાળા પુરુષને દીક્ષા લેવાનું મન થયું. (૨)

सोरट्ठम्मि नरिंदवंदियपयद्वंदव्वईहिं सिए ।
३ ० ९ १
गुत्तागासनिहिंदु संपरिमिए संवच्छरे विक्कमे ॥
वेहासाऽसिय अट्ठमी सियदिणे नाणुच्छवेहिं तदा ।
दिक्खं पुज्जवरा गहीअ विहिणा सो देवजीसामिणे ॥३॥

સૌરાષ્ટ્ર દેશમાં રાજાઓ જેમના પાદયુગ્મને વંદન કરે છે એવા પૂજ્યવર શ્રી દેવજી સ્વામી પાસે વિક્રમ સંવત ૧૯૦૩ ના વૈશાખ વદી અષ્ટમીને (શુક્રવારના) દિવસે વિવિધ ઉત્સવ-પૂર્વક તેમણે સવિધિ દીક્ષા ગ્રહણ કરી. (૩)

वांकानेरनिवेण सुद्धमणसा दिक्खुच्छवो कारिओ ।
दिक्खं तत्तविगासिणिं विणयओ लद्धूण सो मोइओ ॥
नाणब्भासपरो सया मइधणो सस्सूसमाणो गुरुं ।
भत्तीए परया अपुव्वगुणवं पुज्जत्तणं पप्पवं ॥४॥

વાંકાનેરના નૃપતિએ શુદ્ધ ભાવનાપૂર્વક તેમનો દીક્ષાઉત્સવ કર્યો. વિનયપૂર્વક તત્ત્વવિકાશિની દીક્ષા પ્રાપ્ત કરીને તેમને આનંદ થયો. જ્ઞાનાભ્યાસમાં સદા તત્પર, મતિમાન, ગુરુ પ્રત્યે સેવાભાવ તથા ખૂબ ભક્તિભાવ ધરાવનાર અને અપૂર્વ ગુણોથી યુક્ત એવા શ્રી લાધાજી સ્વામીએ પૂજ્યત્વ પ્રાપ્ત કર્યું. (૪)

सव्वस्स प्पहुवीरसत्थमइणो संगेज्झमेगं परं ।
सग्गंथं खलु पक्खवायरहियं सेयंकरं संवरं ॥
कासी पुज्जवरा मुया गुरुवरो कारुण्णवारीणिही ।
सम्मन्नाणकरो जहिं पयरणाणं संगहो वट्टई ॥५॥

જે સદ્ગ્રંથનાં પ્રકરણો સમ્યગ્ જ્ઞાનને આપનારાં છે,

તે 'પ્રકરણસંગ્રહ' નામના સદ્ગ્રંથની રચના કરુણાના સાગર પૂજ્યપાદ ગુરુવરે આનંદથી કરી છે. એ ગ્રંથ સાંપ્રદાયિક પક્ષપાતથી રહિત, કલ્યાણકારક તથા સંવરનો ઉત્પાદક છે, અને પ્રભુ મહાવીરકથિત શાસ્ત્રવચનોનો તેમાં સંગ્રહ છે. (૫)

कस्सिंची समए गमिअ करुणासिन्धू सियाणीपुरं ।
सुक्कप्पायमुवस्सए तरुवरं गूंदाभिहं छेइउं ॥
सुक्कं जाणिअ तत्थ सावगजणा वंछंति तं जीवए ।
इत्थं चिंतिय सो करीअ हरिअं सत्तप्पभावेण तं ॥६॥

એક સમયે એ કરુણાનિધિ ગુરુદેવ સિયાણી નામના ગામે ગયા. ત્યાં ઉપાશ્રય વચ્ચે ગુંદાનું એક શુષ્કપ્રાય વૃક્ષ હતું, તેને સૂકું જાણીને ત્યાંના શ્રાવકો કાપી નાખવા ઈચ્છતા હતા. તેને ગુરુદેવે પોતાના સત્ત્વપ્રભાવથી "તે જીવતું રહો" એમ મનમાં ચિંતવીને લીલું બનાવ્યું. (૬)

अच्छेरं महमेगमत्थि तमिमं जम्मं च सुक्केदिणे ।
विज्जब्भासदिणं तमेव गुरुओ दिक्खग्गहे भग्गवे ॥
पुज्जत्तंपि य पत्तवं कविदिणे सग्गं गओ तद्दिणे ।
एवं जस्स महामुणिस्स चरियं वंदे य तं पंजली ॥७॥

એક મોટું આશ્ચર્ય એ છે કે તેમનો જન્મ શુક્રવારને દિને થયો હતો, તેમના વિદ્યાભ્યાસનો પ્રારંભદિવસ શુક્રવારનો હતો, ગુરુ પાસે તેમણે દીક્ષા લીધી તે દિવસ શુક્રવારનો હતો, પૂજ્યપદવીની પ્રાપ્તિ તેમને શુક્રવારને દિવસે જ થઈ હતી અને દેવલોકવાસ પણ તેમણે શુક્રવારે જ કર્યો હતો. એવું જે મહામુનિનું ચરિત્ર છે તેને અંજલિ કરીને વંદન કરું છું. (૭)

रुक्खाणं सिरियं महू घणरवं वासागमो चंदिमा ।
सावं चंदमणिस्स वासरमणी पंकेरुहाणं मुयं ॥
अप्पाएइ जहा तहा तव गुणा वायं उईरेइ मे ।
तम्हा भो मुणिराय ! सत्तिरहिओ अंसि पवत्तो अहं ॥८॥

જેરી રીતે રસ વૃક્ષોની શોભાને ઉત્પન્ન કરે છે, વર્ષાનું આગમન મેઘગર્જનાને ઉત્પન્ન કરે છે, ચંદ્રમા ચંદ્રકાન્ત મણીના સ્રવણને ઉત્પન્ન કરે છે, સૂર્ય કમળના આનંદને–વિકાસને ઉત્પન્ન કરે છે, તેવી રીતે હે મુનિરાજ ! શક્તિ-રહિત હોવા છતાં તમારા ગુણો વાણીને ઉત્તેજી રહે છે અને તેથી તમારા ગુણોનું વર્ણન કરવામાં હું પ્રવૃત્ત થયો છું. (૮)

अम्हप्पुज्जगुरुस्स सुद्धजससो नाणक्कियासिंधुणो ।
लाधाजी मुनिपुंगवस्स चरणंभोयद्दये सिद्धिदे ॥
छोटालालमुनिस्स सग्गुरुपयज्झाणेगनिप्पट्टुणो ।
लक्ष्मीचन्द्रमुणिस्सिमं थुइवओ होज्जा भवालंबणं ॥९॥

અમારા પૂજ્ય ગુરુદેવ જેમની વિશુદ્ધ કીર્તિ છે અને જે તે જ્ઞાન ક્રિયાના સિંધુ સમા હતા, તેવા મુનિપુગવ શ્રી લાધાજી સ્વામીના સિદ્ધિદાયક ચરણકમળદ્વયમાં શ્રી છોટા-લાલજી મુનિનું એકનિષ્ઠ આત્મધ્યાન હો અને આ સ્તુતિવાણી શ્રી લક્ષ્મીચંદ્રજી મુનિને ભવાલંબન રૂપ હો. (૯)

પૂ. આચાર્ય શ્રી ઘાસીલાલજી મહારાજ.

નિવેદન

"વંદનીય સાધુજનો" નું પ્રકાશન છેલ્લાં ત્રણ ચાર વર્ષથી સોંઘવારી થવાની આશાએ મુલતવી રાખવું પડેલું, પરન્તુ યુદ્ધકાળ વીત્યા છતાં વસ્તુઓની તથા મજૂરીની મોંઘવારી ઘટવાને બદલે વધતી જ રહે છે, એવું જણાવાથી છેવટે તેનું પ્રકાશનકાર્ય હાથમાં લેવું પડયું. આ કાર્ય અંગે જેતપુરના શ્રાવક ભાઇઓએ ઉદારતાથી અને ઉત્સાહથી પ્રકાશન અંગે સહાય કરવાનું ઉપાડી લીધું અને પછી બીજાઓએ પણ તેને ટેકો આપ્યો, તેથી જ આ કાર્ય સુલભ બન્યું છે. પ્રકાશન અંગે સહાય કરનાર ગૃહસ્થોની નામાવલિ આ સાથે આપવામાં આવી છે.

પુસ્તકનું મૂલ્ય હાલનાં પ્રકાશનોનાં મૂલ્યોની સરખામણીમાં સસ્તું રાખ્યું છે. સહાયની રકમ આ પુસ્તકના પ્રકાશ પાછળ ઉપયોગમાં લીધી છે અને પુસ્તકના મૂલ્યમાંથી મળતી રકમનો ઉપયોગ બીજાં પુસ્તકોના પ્રકાશન અંગે તથા પૂજ્યશ્રી લાધાજી સ્વામી પુસ્તકાલય અંગે વાપરવાનો સંકલ્પ રાખવામાં આવ્યો છે. આ ગ્રંથમાળાનાં કેટલાંક પુસ્તકોની માંગણી થયા કરે છે પરન્તુ તે સીલીકમાં નહિ હોવાથી જિજ્ઞાસુઓને પૂરાં પાડી શકાતાં નથી; તેની ધીરે ધીરે નવી આવૃત્તિઓ પ્રસિદ્ધ કરવાની પણ ઉમેદ છે.

મહારાજશ્રી છોટાલાલજીએ વર્ષોના સતત પરિશ્રમ પછી તૈયાર કરેલા આ ગ્રંથનો આદર વાચકો કરશે એવી આશા રાખું છું.

લીંબડી
(કાઠિયાવાડ)
તા. ૧૦-૯-૧૯૪૭

રતિલાલ ઓઘડભાઇ શાહ
ઓનરરી સેક્રેટરી,
પૂજ્ય શ્રી લાધાજી સ્વામી પુસ્તકાલય.

આ પુસ્તકની પ્રસિદ્ધિ અર્થે મળેલી સહાય

રૂ. ૩૦૦ રાયબહાદુર શ્રી વીરજી ડાહ્યાભાઈ શાહ, સમાઘોઘા–કચ્છ.
૨૫૦ શ્રી વકીલ જીવરાજ વર્ધમાન શાહ, જેતપુર (કાઠિયાવાડ)
૨૫૧ શ્રી જીવરાજ ન્યાલચંદ શાહ, જેતપુર (કાઠિયાવાડ)
૨૫૧ શ્રી દુર્લભજીભાઈ વીરાણી, રાજકોટ.
૨૫૧ શ્રી પોપટભાઈ (ખોજા), ચોટીલા.
૨૫૧ શ્રી રતિલાલ ત્ર્યંબકલાલ કામદાર, જામનગર.
૧૫૦ શ્રી મોતીચંદ ધારશીભાઈ દોશી–સ્ટેટ એંજિનિયર, જામનગર.
૧૫૧ શ્રી અરદેશર રૂસ્તમજી દારૂવાળા, લીંબડી.
૧૫૧ શ્રી પોચાલાલ પીતામ્બરદાસ શાહ,
હા. શેઠ જેશીંગભાઈ અમદાવાદ.
૧૫૧ શ્રી જગજીવનદાસ હીરાચંદ શાહ (ચોટીલાવાળા) અમદાવાદ.
૧૦૦ શ્રી હરિલાલ સુંદરજી ઘોઘીયા, જેતપુર.
૧૦૧ શ્રી શેઠ ભવાનભાઈ કાળાભાઈ, જેતપુર.
૧૦૦ શ્રી શિવલાલ જગજીવનભાઈ દેશાઈ, જેતપુર.
૧૦૧ શ્રી દીપચંદ જીવાભાઈ કોઠારી, હા. મણીભાઈ, જેતપુર.
૧૦૦ શ્રી ઉત્તમચંદ મોતીચંદ દડીયા, જામનગર.
૧૦૧ શ્રી કેશવલાલ નાગજી કામદાર, જામકંડોરણા.
૧૦૧ શ્રી વૈદરાજ કસ્તુરચંદ સુરચંદભાઈ, અમદાવાદ.
૧૦૧ શ્રી કેશવલાલ ચુનીલાલ શાહ, લીંબડી.
૧૦૧ શ્રી ચીમનલાલભાઈ ચોકશી, લીંબડી.
૧૦૧ શ્રી રાઘવજી ચતુરભાઈ અજમેરા, આકોલા (ખાનદેશ)
૧૦૧ શ્રી એક સદ્‌ગૃહસ્થ. અમદાવાદ.
૧૦૧ શ્રી અમુલખભાઈ નાગરદાસ શેઠ, અમદાવાદ.
૧૦૧ શ્રી મોરારજી ધનજીભાઈ પડીયા, અમદાવાદ.
૧૦૧ શ્રી કેશવલાલ પાનાચંદ પટેલ, અમદાવાદ.
૫૦ શ્રી રણછોડલાલ પ્રભુલાલ કોઠારી,
મ્યુ. ચીફ ઓફીસર, જામનગર.

સદ્ગત પૂજ્યશ્રી જયમલજી મહારાજ

'સાધુવંદના'ના રચયિતા શ્રી જયમલજી મહારાજના જીવનની માહિતી સ્વલ્પ પ્રમાણમાં જ મળે છે, છતાં જે કાંઈ વીગતો મળવા પામી છે તે ઉપરથી આજે જૈન સંપ્રદાયોમાં ઘેર ઘેર ગવાતી અને પાઠ કરાતી 'સાધુવંદના'ની પ્રશસ્તિ પાછળ એ વંદનીય સાધુપુરુષના તપોબળનું અને જ્ઞાનબળનું ઓજસ રહેલું છે એ નિર્વિવાદ છે.

શ્રી જયમલજી મહારાજ મારવાડના વતની હતા. મારવાડનો પ્રદેશ જેવી રીતે ધીંગા ધોરી–વૃષભો માટે સુપ્રસિદ્ધ છે, તેવી રીતે તે ધીંગા–બળવાન પુરુષર્ષભો માટે પણ પ્રસિદ્ધ છે. એ ભૂમિમાં દેહબળવાળા, મનોબળવાળા અને આત્મબળ-વાળા અનેક પુરુષો થયા હોવાનું ઇતિહાસ કહે છે. એ ત્રણે બળથી યુક્ત એવા શ્રી જયમલજી મહારાજ હતા.

મારવાડના મેડતા ગામની નજીક આવેલા લાંબીયા નામના ગામમાં તે જન્મ્યા હતા. ઓશવાળ વણિક કુટુંબના મોહનદાસ મહેતા તેમના પિતાનું નામ હતું અને મેમાદે (મહિમાદેવી) તેમની માતાનું નામ હતું. બેઉ ધર્મપ્રેમી અને ઉજ્જવલ ચારિ-ત્ર્યવાળાં હતાં. એમના ધર્મપ્રેમ અને ચારિત્ર્યની છાપ તેમના પુત્ર જયમલજી ઉપર પડી હતી. ધર્મ પ્રત્યેની તેમની રતિ તેમની નાની વયથી જાગ્રત થઈ હતી અને તેને પ્રોત્સાહન મળતાં તે ખીલી નીકળી હતી. એ પ્રોત્સાહન આપનારા પૂજ્ય શ્રી ધર્મદાસજીના સંપ્રદાયના શ્રી ભૂધરજી મહારાજ હતા. એ સંતપુરુષના પરિચયથી જયમલજીમાં જુવાન વયે ધર્મપ્રેમ

પ્રકટયો, વૈરાગ્યભાવ વિકસ્યો, સંસાર પ્રત્યેનો અનુરાગ તિરોધાન પામ્યો અને ૧૭૮૭ ના માગશર માસની વદ બીજના દિવસે તેમણે બાવીસ વર્ષની જુવાન વયે મીરાંબાઈના વતન મેડતા ગામમાં જ જૈન દીક્ષા લીધી. પૂજ્ય શ્રી ભૂધરજી મહારાજ તેમના ગુરુ થયા.

તપ અને જ્ઞાનનો સંયોગ વિરલ હોય છે, એવો વિરલ સંયોગ શ્રી જયમલજી મહારાજના જીવનમાં થવા પામ્યો. જે માણસ દેહને તપાવીને કર્મની નિર્જરા કરવામાં ચિત્તને વાળે છે તે માણસને જ્ઞાનયોગમાંની ગતિને થોડે કે વધુ અંશે કુંઠિત કરવી પડે છે, અને જે જ્ઞાનમાં ખૂબ પ્રગતિ કરે છે તેને તપસ્યાદિ કરવા પાછળ પોતાના દેહની શકિતને વાળવાનું બહુ ફાવતું કે ગમતું નથી. આ કારણે વહેવારુ રીતે એમ જોવામાં આવે છે કે સાધુઓમાં જેઓ ખૂબ તપશ્ચર્યામાં આગળ વધે છે તેઓ જ્ઞાનપ્રાપ્તિમાં વિશિષ્ટ ગતિ કરી શકતા નથી. પુરાતન કાળના સંતોમાં થોડા જ સંતોમાં તપશ્ચર્યા અને જ્ઞાનપ્રાપ્તિ બેઉનો સુઘટિત સંયોગ થતો એમ માલૂમ પડે છે. એ સંયોગ વિશિષ્ટ શકિતવાળા સંતોના જીવનમાં જોવામાં આવે છે. એવી વિશિષ્ટ શકિત શ્રી જયમલજી મહારાજમાં હતી એમ તેમના જીવન અંગેની માહિતી ઉપરથી ફલિત થાય છે.

શ્રી જયમલજી મહારાજે સોળ વર્ષ સુધી એકાંતર ઉપવાસ કર્યા હતા અને એ ઉપવાસદ્વારા તન અને મનને જે નિવૃત્તિ મળવા પામી હતી તેનો ઉપયોગ તેમણે નિજ વૃત્તિને અંતરાભિમુખ બનાવવાને આત્મચિંતન કરવા પાછળ તથા શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત કરવા પાછળ કર્યો હતો. તેમની વિશિષ્ટ તપશ્ચર્યા

એ હતી કે પાંચ વર્ષ સુધી તેમણે કોઈ વાર પાસું ઢાળીને નિદ્રા લીધી નહોતી. કોઇ વાર બેઠાં બેઠાં તેમને નિદ્રા આવી જતી, એટલું જ. આ રીતે તનની અને મનની જાગૃતિનો સમય તેમણે જ્ઞાનપ્રાપ્તિ માટે વાપર્યો હતો અને પરિણામે તેમણે જે શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું તેનો વિનિયોગ 'સાધુવંદના'માં થએલો આજે જોઈ શકાય છે. એ કવિતામાં બધાં સૂત્રોના સાર રૂપ વંદનીય એવા સાધુજનોની નામાવલિ અને કોઈ કોઇના જીવનની આછી રેખા માત્ર મળે છે, પરન્તુ એ બધાં જીવનના સારને તેના રચયિતાએ કેવી નિષ્ઠાપૂર્વક પચાવ્યો હશે તે પણ તેમાંથી જોવા મળે છે.

શ્રી જયમલજી મહારાજે રચેલાં કેટલાંક સ્તવનો અને સજ્ઝાયો પણ છે એવી શ્રુતપરંપરા છે, પરન્તુ પૂર્ણ સ્વરૂપમાં ઉપલબ્ધ તો આ 'સાધુવંદના'નું કાવ્ય માત્ર છે. તે કાવ્ય બસો ઉપરાંત વર્ષોથી જૈનોના મુખપાઠ દ્વારા સજીવ રહ્યા કર્યું છે, તે તેના રચયિતા સાધુ પુરુષના તપોબળ તથા જ્ઞાનબળના ઓજસને પણ આભારી લેખાય.

શ્રી જયમલજી મહારાજે ૬૬ વર્ષ સુધી શુદ્ધ ચારિત્ર પાળ્યું હતું. એકંદરે ૮૮ વર્ષની વયે સંવત ૧૮૫૩ના વૈશાખ સુદી ૧૪ના દિવસે નાગોર નગરમાં સમાધિ પરિણામે તે સ્વર્ગવાસી થયા હતા. આજે તેમના સાધુ પરિવારમાં પંડિત મુનિશ્રી હજારીમલજી મહારાજ વગેરે વિદ્યમાન છે.

મુનિ છોટાલાલજી

[જોધપુરનિવાસી શ્રી. જસરાજજી ડાગાએ પૂરી પાડેલી માહિતીનો આધાર આ જીવનરેખાના લેખન માટે લીધો છે.]

મુનિશ્રી છોટાલાલજી મહારાજની જીવનરેખા

"વંદનીય સાધુજનો"ના કર્તા અને બીજાં પણ અનેક નાનાં-મોટાં પુસ્તકોના લેખક, અનુવાદક, વિચારક અને શાસ્ત્ર-ગ્રંથોના અભ્યાસી મુનિ શ્રી છોટાલાલજી જ્યારે દીક્ષા લઈને જૈન સાધુ થયા ત્યારે કેવળ નિરક્ષર હતા એવું જાણીને કોઈને પણ આશ્ચર્ય થયા વિના રહે નહિ. સં. ૧૯૫૫ માં તેમણે દીક્ષા લીધી ત્યારે તેમની વય ૧૧ વર્ષની હતી અને તે લીંબડીથી ૩ ગાઉ દૂર ઘાઘરેટિયા નામના ગામડામાં રહેતા હતા, જ્યાં નિશાળ નહોતી એટલે તેમને એકડો ઘૂંટવાની પણ તક મળી નહોતી! એકડે એકથી ભણવાની અને પ્રાકૃત-માગધી ભાષા ભણીને આગળ ગ્રંથો વાંચવાની, વ્યાખ્યાન કરવાની તથા ગ્રંથો લખવાની એ બધી સાક્ષરતાનાં દ્વાર તો તેમને દીક્ષાએ જ ઉઘાડી આપ્યાં હતાં.

વિ. સં. ૧૯૪૪ના ભાદરવા સુદ ૧૫ અને શુક્રવારને દિવસે તેમનો જન્મ થયો હતો. તેમના પિતા વેલશી તલકશી શાહ તલસાણીયા જૈન કુટુંબના હતા અને લીંબડીમાં રહેતા હતા. તેમનું અવસાન થયું ત્યારે શ્રી. છોટાલાલજી પાંચેક વર્ષની વયના હતા. તેમનાં માતા મોંઘીબાઈ પોતાના ત્રણ પુત્રો દેવશીભાઈ, છોટાલાલજી અને ઉજમશીભાઈને લઈને ઘાઘરેટિયા ગામમાં રહેવા ગયાં હતાં, જ્યાં નાનાં બાળકો સાથે વૈધવ્ય દશામાં સ્વજનોની હૂંફમાં રહેવાની મોંઘીબાઈને માટે સગવડ હતી.

છોટાલાલજી માટે એ ગામડામાં ભણવાનું કોઈ સાધન નહોતું. છોટાલાલજીને અને નાના ઉજમશીને ભણાવવા માટે

પાછા લીંબડીના ઘરમાં જઈને રહેવાની જરૂર જણાતી હતી. એવો સમય આવી પહોંચે તે પહેલાં ૧૯૫૪ ના શિયાળામાં પૂજ્યશ્રી લાધાજી સ્વામીના શિષ્ય શ્રી હર્ષચંદ્રજી સ્વામી તથા શ્રી દેવચંદ્રજી સ્વામી ફરતા ફરતા ધાધરેટિયામાં આવ્યા. દસ વર્ષના છોટાલાલજીને એ સાધુઓના પરિચયમાં આનંદ મળ્યો અને ત્યાંથી સાધુઓએ વિહાર કર્યો એટલે તે પણ તેમની સાથે માતાની રજા લઈને મોટા ટીંબલા સુધી ગયા. તે ત્યાં બેત્રણ દિવસ રહ્યા, ત્યાં માતુશ્રી સાંભર્યાં અને પાછા ઘેર આવ્યા. એકાદ માસ પછી પંડિતશ્રી ઉત્તમચંદ્રજી મહારાજનું ધાધરે-ટિયામાં આગમન થયું અને છોટાલાલજીને તેમની સાથે જવાની હોંશ થઈ. આ વખતે માતાએ ના કહી, પણ છોટાલાલજીએ કલેશ કરીને પણ જવાની રજા મેળવી. છોટાલાલજી પં. શ્રી. ઉત્તમચંદ્રજી મહારાજની સાથે ફરતા ફરતા લીંબડીમાં આવ્યા અને પૂજ્યશ્રી લાધાજી સ્વામીનાં દર્શન કરતાં જ તેમના ખોળામાં આળોટી પડ્યા! છોટાલાલજીને કાંઈ ક્ષોભ થયો જણાયો નહિ, અને પૂજ્યશ્રીએ તો એ બાળકને મસ્તકે આનંદથી હાથ ફેરવીને તેને સામે બેસાડ્યો, એ દૃશ્ય જોનારને ખૂબ આશ્ચર્ય થયું.

છોટાલાલજીએ પૂજ્ય શ્રી પાસે રહીને લેખનવાચનની શરૂઆત કરી અને થોડા સમયમાં તે લખતા-વાંચતા થયા, તે સાથે ધાર્મિક અભ્યાસ પણ થવા લાગ્યો. પુત્રનો રસ સાધુજીવનમાં ખૂબ જ વળેલો તેમનાં માતુશ્રીએ જોયો હતો, કોઈ વાર ઘરની બહાર ન નીકળનાર બાળપુત્ર અન્યત્ર રહીને ઉમંગથી અભ્યાસ કરતો હતો, તે બધું જોઈને જ તેના દીક્ષા લેવાના ભાવને માતાએ અનુમતિ આપી હતી. સંવત ૧૯૫૫

ના જેઠ સુદ ૩ ને દિવસે અમદાવાદમાં તેમને પૂજ્યશ્રી મેઘરાજજી સ્વામીએ દીક્ષા આપી અને તે પૂજ્યશ્રી લાધાજી સ્વામીના શિષ્ય થયા. અમદાવાદમાં ચાતુર્માસ પૂરું કરી સાધુમંડળની સાથે છોટાલાલજી લીંબડી જતા હતા; એવામાં સીયાણી ગામમાં ચહુઆણ રામાભાઇના પુત્ર લક્ષ્મણભાઈને ઉમંગ થયો અને તેમણે સાધુઓની સાથે લીંબડીમાં આવી ગુરુદેવના ચરણમાં વાસ કર્યો. સં. ૧૯૫૬ ના વૈશાખ વદ ૩ ના દિવસે પૂજ્યશ્રી લાધાજીએ તેમને દીક્ષા આપી અને તેમને શ્રી હર્ષચંદ્રજી મહારાજના શિષ્ય તરીકે સોંપ્યા. શ્રી છોટાલાલજીના ચિરસાથી મુનિ લક્ષ્મીચંદ્રજી એ જ એ લક્ષ્મણભાઈ. સંવત ૧૯૬૪ માં પૂજ્ય શ્રી લાધાજી સ્વામીએ સ્વર્ગવાસ કર્યો અને ૧૯૬૫માં મુનિ શ્રી લક્ષ્મીચંદ્રજીના ગુરુ શ્રી હર્ષચંદ્રજી મહારાજે સ્વર્ગવાસ કર્યો. શ્રી હર્ષચંદ્રજી મહારાજના અવસાનસમયે શ્રી છોટાલાલજી અને શ્રી લલ્લુજી વઢવાણ કેમ્પથી વિહાર કરી ધોલેરા વેળાસર પહોંચી ગયા હતા. અવસાનને થોડી વાર હતી ત્યારે શ્રી હર્ષચંદ્રજી મહારાજે પોતાના શિષ્ય શ્રી લક્ષ્મીચંદ્રજીને કહ્યું હતું: " છોટાલાલજી અને તમે બેઉ સાથે રહેજો. એક બીજાનાં મન જુદાં થાય એવો મમત કરશો નહિ, તેવી કોઇ પ્રવૃત્તિ પણ કરશો નહિ અને સુખદુ:ખમાં સાથે જ રહેજો, એટલે સંયમનિર્વાહમાં સિંહની પેઠે ટકી રહેશો." આ હિતશિક્ષાનું પાલન એ બેઉ મુનિઓએ આજસુધી પૂરી રીતે કર્યું છે. તેઓએ હંમેશાં ચિરસાથી તરીકે જ રહીને સંયમનો નિર્વાહ કર્યો છે.

ચાર માસની અંદર જ શ્રી છોટાલાલજીએ અને શ્રી લક્ષ્મીચંદ્રજીએ પોતપોતાના ગુરુદેવોની છાયા ગુમાવી અને

તેમને ૧૯૯૫ નું ચતુર્માસ છાયારહિતપણે અમદાવાદમાં કરવાનું માથે આવ્યું. એ ચાતુર્માસમાં 'સરસ્વતીચંદ્ર'ના વાચનથી આકર્ષાયલું શ્રી છોટાલાલજી મુનિનું ચિત્ત જૈન ધર્મના સિદ્ધાંતો વણીને એવી જ એક સાંસારિક નવલકથા લખવા તરફ વળ્યું. ક્યાં 'સરસ્વતીચંદ્ર' અને ક્યાં ૨૧ વર્ષની વયના જુવાન સાધુની ગરીબ કલમ! પણ સંસારકથા દ્વારા ધર્મબીજનું પોષણ કરવા માટેનો તેમને ખૂબ ઉત્સાહ હતો એટલે તેમણે એક કથા લખી તે જ 'વિદ્યાસાગર ભાગ ૧ લો'. એ કથા શ્રી ચુનીલાલ વ. શાહે વાંચી અને તેમને લાગ્યું કે લેખન કાચું છે છતાં તે ફેંકી દેવા જેવું તો નથી જ, એટલે તેમણે તેને ક્યાંક ક્યાંક સુધારીને પૂજ્યશ્રી લાધાજી સ્વામી સ્મારક ગ્રંથમાળાના પહેલા મણકા રૂપે પ્રસિદ્ધિમાં મૂકી. ત્યારપછી બીજે વર્ષે જ્યારે મુનિ શ્રી છોટાલાલજી કચ્છમાં હતા ત્યારે તેમણે તેનો બીજો ભાગ લખ્યો અને તે પ્રસિદ્ધ થયો. તે વખતે તેનો ત્રીજો છેલ્લો ભાગ લખવો રહી ગયો તે ઘણે લાંબે વખતે લખાયો અને છેક ૨૦૦૧ ની સાલમાં પ્રસિદ્ધ થયો.

'વિદ્યાસાગર'ના લેખનથી ચાલવા માંડેલી તેમની કલમ ત્યારપછી અટકી નહિ. વાચન અને અભ્યાસમાંથી તારવણી કરી તેમણે જૈન જનતાના તેમજ સામાન્ય જનતાના ઉપયોગ માટે નાની નાની પુસ્તિકાઓ લખવા માંડી. તેમની 'સદુપદેશ કુસુમમાળા' એવી તારવણીના ફળરૂપ હતી પણ તે બહુ લોકપ્રિય બની અને તેની એક પછી એક સાત આવૃત્તિઓ પ્રસિદ્ધ થઈ. વાચન અને અભ્યાસ ઉપરાંત સાધુજીવનના અનુભવોમાંથી પણ તેમણે નવનીત તારવવા કેટલીક કૃતિઓમાં યત્ન કર્યો છે. પોતે એક લાંબી માંદગી અનુભવી અને તે

વખતે શ્રી લક્ષ્મીચંદ્રજીએ તેમની અપૂર્વ માવજત કરી, તેમાંથી પ્રેરણા મેળવી તેમણે 'માંદાની માવજત' નામની પુસ્તિકા લખી નાખી. અભ્યાસને પરિણામે તેમણે 'ભક્તામર-મંત્ર-માહાત્મ્ય' અને 'પ્રશ્નવ્યાકરણ સૂત્ર'નો અનુવાદ લખ્યો. વિધવા સ્ત્રીઓનાં દુઃખો જોવાથી ક્ષોભ પામેલા ચિત્તે તેમણે 'વિધવાની આત્મકથા' લખી. સ્ત્રીવર્ગને ઉપયોગી બને તેવો 'સુંદર સદ્બોધ' પણ તેમણે લખ્યો છે. ગુરુદેવના અવસાન પછી તેમના જીવન-સંસ્મરણોને સમય જતાં ભૂલી ન જવાય તેટલા માટે તેમણે 'પૂજ્યશ્રી લાધાજી સ્વામીનું જીવનચરિત્ર' લખ્યું અને પ્રસિદ્ધિમાં મૂક્યું. મીલના કાપડની અપવિત્રતાની તુલનામાં ખાદી કેટલી પવિત્ર છે અને તેમાં જ અહિંસાધર્મ કેવો સરસ રીતે જળવાય છે તે જાણ્યા પછી તેમણે એ બેઉની તુલના કરતી એક ચિત્રમાળા મળતાં તેને યોગ્ય વિવરણ સાથે પ્રકાશમાં મૂકી. 'વિદ્યાસાગર' પછી તેમણે લખેલી બીજી નવલકથાઓ એ 'પવિત્ર પ્રમદાનું પરાક્રમ' અને 'માયાવી સંસાર' છે. 'માયાવી સંસાર'માં સંસારના માયાવીપણાને દર્શાવનારું વસ્તુ ગુંથ્યું છે.

ગદ્ય ઉપરાંત પદ્યમાં તેમણે પ્રમાણમાં ઓછી કલમ ચલાવી છે. સાધુરચિત પદ્યોમાં સ્વાભાવિક રીતે ઉપદેશ જ હોય, બહુધા તે દલપતશૈલીની કવિતા હોય, અને એ જ શૈલીની તેમની કવિતાઓ વિશેષાંશે જણાય છે. છતાં 'કલાપી'ની કવિતાની તેમના ઉપર પ્રબળ અસર જોઈ શકાય છે. 'કલાપીનો કેકારવ' તેમણે ઘણી વાર વાંચ્યો છે અને કલાપીના જીવનથી આકર્ષાયલા એ મુનિવરે કલાપીનાં સ્નેહરાજ્ઞી શોભનાને અનેક વાર મળી, તેમની સાથે વાર્તાલાપો કરી, કલાપીના જીવન વિષે અભિનવ વાતો જાણી, કેકારવની કવિતાનો મર્મ જાણવા મથન કર્યું છે.

કલાપીનું મૃદુ, કરુણાળુ અને સ્નેહનીતરતું હૃદય એ કવિતામાં જોવાથી જ તે કવિતામાં તેમનો રસ ઢળવા પામ્યો હતો. શ્રી. છોટાલાલજી પ્રત્યે શોભનાનો તેમના મૃત્યુ સુધી પવિત્ર ભક્તિભાવ હતો અને તાત્ત્વિક પ્રશ્નો સંબંધે તેમની વચ્ચે પત્રો દ્વારા ચર્ચા પણ થએલી. શ્રી છોટાલાલજીની કવિતાઓ 'લઘુ-કાવ્યબત્રીસી,' 'લઘુસદ્બોધ પુષ્પમાળા', 'વિશુદ્ધ પ્રેમ પ્રવાહિની' વગેરેમાં છૂટક છૂટક તથા સંગ્રહરૂપે જોવા મળે છે.

સ્થાનકવાસી જૈન સંપ્રદાયોના મહાપુરુષો સાથે તેમને અનેક વાર ચાતુર્માસમાં અને વિહાર દરમ્યાન પરિચય પડ્યો હોય તે સ્વાભાવિક છે. તે સિવાય ઈતર ધર્મના સાધુઓ, સંન્યાસીઓ, વિદ્વાનો, કવિઓ, ઈત્યાદિનો તેમને સારી પેઠે પરિચય થયો છે અને પરિચયોમાંથી તેમણે પોતાને માટે કાંઈ ને કાંઇ પ્રકાશ તથા પ્રેરણા મેળવવા યત્ન કર્યો છે. સ્વ. મણિશંકર રત્નજી ભટ્ટ (કાન્ત) સ્વ. કવિશ્રી નાનાલાલ, સ્વ. અમૃતલાલ સુંદરજી પઢિયાર, સ્વ. વાડીલાલ મોતીલાલ શાહ, મુનિરાજશ્રી પુણ્યવિજયજી, સ્વ. મુનિ શ્રી ચારિત્ર-વિજયજી ઈત્યાદિ અનેકનો પરિચય તેમને થએલો અને તેમાંના કેટલાકનો લાંબો સમય પરિચય થવા ઉપરાંત તેમની સાથે ધર્મવિષય, કવિતા, સાહિત્ય, પત્રકારત્વ ઇત્યાદિ વિષે પત્રવહેવાર પણ ચાલેલો. એવા પરિચયને લીધે જ સ્વ. અમૃતલાલ સુંદરજી પઢિયાર ભક્તામર સ્તોત્ર તરફ આકર્ષાયેલા અને તેમણે એ સ્તોત્ર ઉપરથી સરલ ભાષામાં 'પ્રભુસ્તુતિ' પણ લખેલી જે પાછળથી શ્રી લાધાજીસ્વામી સ્મારક ગ્રંથમાળામાં પ્રસિદ્ધ કરવામાં આવેલી.

જે સાધુઓ બહુધા ઉપદેશ આપતા જ ફર્યા કરે છે તેઓ પોતાના ઉપદેશદાનની સિદ્ધિ કેટલી થઇ તેનું સરવૈયું કાઢવા ઇચ્છે તોપણ કાઢી શકતા નથી. સમાજને ધર્મરંગ લગાડવો, તેના જીવનમાં ઇષ્ટ પલટો નીપજાવવો, તેને અધર્મ-અનીતિથી દૂર રાખવો એ તેમનું કર્તવ્ય હોય છે, તે માટે તેઓ ઉપદેશ દ્વારા મથી રહ્યા હોય છે, પરન્તુ સમાજજીવનનું બીજું વ્યવહારપાસું એવું ઉત્કટ હોય છે કે ઉપદેશ સાંભળતી વખતે તેને જે શ્મશાનવૈરાગ્ય જેવી ભાવના ઊપજે છે તે વ્યવહારમાં જોડાતાં જ ભુંસાઇ ગયા વિના રહેતી નથી. પોતાના મથન અને પરિશ્રમનું સરવૈયું કાઢતી વખતે સાધુઓને એ વાત જ મૂંઝવે છે. જૈન સમાજમાં જ નહિ, પણ ઇતર સમાજમાં પણ એ જ સ્થિતિ વર્તે છે. વ્યવહારના આચારથી રીઢો બનેલો સમાજ ક્ષણિક પલળે છે અને પાછો હતો તેવો ને તેવો જ બની જાય છે. આ સ્થિતિને લીધે ઘણા ય સાધુઓને ઉપદેશ કે વ્યાખ્યાન આપતાં વિષાદ ઊપજતો જોવામાં આવે છે. છતાં તેઓ કોઇ વાર સમાજમાં પડેલાં અધર્મ કે કલહનાં ગાબડાં ઉપર થીગડાં દેવામાં સફળ થાય છે ત્યારે તેઓને પોતાના ઉપદેશ કે પ્રયાસની સાર્થકતા કિંચિત્ પ્રમાણમાં જોવા મળે છે અને જે કાંઇક ઉલ્લાસ પ્રકટે છે તે પેલા વિષાદને ઢાંકે છે.

આવાં કેટલાંક સુકાર્યો કરવામાં શ્રી છોટાલાલજી ઠીક સફળ થયા છે. સં. ૧૯૭૫ માં વઢવાણ કેમ્પમાંથી વિહાર કરી તે વીરમગામ પહોંચ્યા ત્યારે ધોલેરા તરફનાં ગામડાંના રબારીઓ દુકાળને લીધે ૨૫૦-૩૦૦ ગાયો લઇને ચુંવાળ તરફ જતા હતા. વીરમગામ નજીકના સરકારી બીડમાં એ ઢોર પડયાં એટલે સરકારી ભૈયાઓએ રબારીઓને માર્યા, રબારીઓ પણ

ઉશ્કેરાયા અને મારામારી થઇ. એક ભૈયાનું તેમાં મૃત્યુ થયું અને રબારીઓ તથા ઢોર પકડાયાં. ડબાનો દંડ આપ્યા વિના ઢોર છૂટાં થાય તેમ ન હતું અને ગાયો ભૂખે મરતી હતી. સરકારી અમલદાર મુસલમાન હતો. શ્રી છોટાલાલજીએ અમલદારને ખૂબ સમજાવ્યો અને દુકાળપીડિત મનુષ્યો જીવવાને તથા પોતાનાં ઢોરને જીવાડવાને કેટલા આતુર હોય છે, એ આતુરતાના આવેશમાં કેવાં કૃત્યો બની જાય છે, એ સ્વાભાવિકતા તેમણે અમલદારના મનમાં ઠસાવી અને તેણે રબારીઓ તથા ઢોરોને છોડી મૂકયાં. ખૂની રબારી પણ તેમની સાથે છૂટયો.

સં. ૧૯૮૮માં કઠોરનું ચાતુર્માસ પૂરૂં કરી શ્રી છોટાલાલજી તથા શ્રી લક્ષ્મીચંદ્રજીએ સુરત અને અમલનેર તરફ થઈ ખાનદેશના પ્રદેશમાં વિહાર કર્યો. આ પ્રદેશમાં પ્રાણીહિંસા પુષ્કળ થતી તેમને જણાઇ. ત્યાંના ખેડૂતો ઢોર ઉપયોગી હોય ત્યાંસુધી પાળે અને નિરુપયોગી જણાતાં તે કસાઇને વેચી નાખે. તેને નીરોગી કરવા દવા પણ ન કરે કે લંગડાં-રોગિષ્ઠ ઢોરને પાંજરાપોળમાં ન મૂકે. આ ઉપરથી આ મુનિવરોએ લોકોને એકઠા કરી ઉપદેશ આપ્યો અને તેને પરિણામે શરુઆતમાં ચિચપુરાના લોકોએ ઠરાવ કરી તેમાં લોકોની સહીઓ લીધી. એ ઠરાવમાં નિરુપયોગી કે લુલાં ઢોર કસાઈઓને ન વેચતાં પાંજરાપોળમાં મૂકવાની અને નહિતો દરેક ઢોરે રૂ. ૨૫ દંડ આપવાની બાંહેધરી આપવામાં આવી હતી. પછી હીંગોણા ગામમાં આસપાસનાં ૧૭ ગામોના ખેડૂતો વગેરેને એકઠા કરવામાં આવ્યા અને તેમને સમજાવીને તેમની પાસે પણ ઉપરના મતલબનો લેખી ઠરાવ કરાવ્યો અને તે ઉપર આગે-

વાનોએ સહી કરી આપી. ખાનદેશના વિહારમાં એ મુનિવરોની આ પ્રવૃત્તિ ખૂબ ઉપકારક નીવડી.

સં. ૧૯૮૧ નું ચાતુર્માસ ખેડામાં કરી મુનિ છોટાલાલજી તથા મુનિ લક્ષ્મીચંદ્રજી વઢવાણ તરફ જતા હતા. માર્ગમાં વણી નામના ગામના પાધરમાં આવેલાં ત્રણે તળાવો પર ખારાગોઢા અને મુંબઈથી આવેલા યુરોપિયન શિકારીઓએ સંખ્યાબંધ આડાનો શિકાર કર્યો. ગામ કકળી ઊઠયું અને યુરોપિયનોની પાછળ પડયું. તેઓ તો સલામત નાસી ગયા પણ બીજે દિવસે ખારાગોઢાથી બે ગોરાઓ પોલીસપાર્ટી સાથે લોકોને પકડવા આવેલા. ૧૮ જણાને પકડી તેમને જામીન પર છોડી તેઓ વિદાય થયા. તે જ દિવસે મુનિઓ ત્યાં પહોંચ્યા. તેમણે બધી હકીકત જાણી. આ શિકાર અને આ અત્યાચારની હકીકત 'સૌરાષ્ટ્ર', 'પ્રજાબંધુ' વગેરે છાપાના તંત્રીઓને મોકલી. 'સૌરાષ્ટ્ર'ના તંત્રીએ તેની ખાસ તપાસ કરીને મુનિશ્રીના લેખનું અંગ્રેજી ભાષાંતર કરી સરકાર પર મોકલ્યું. પછી કેટલેક દિવસે સરકારે વણીનાં તળાવો પર શિકારનો પ્રતિબંધ ફરમાવ્યો અને વણીના પકડાએલા માણસોને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા. આ પણ એક ઉપકારનું કાર્ય મુનિશ્રીને હાથે થવા પામ્યું.

સં. ૧૯૯૨ નું ચાતુર્માસ જામનગરમાં થયું ત્યારે જામસાહેબ દિગ્વિજયસિંહજીના પિતા દાજી બાપુનો પરિચય થયો હતો. તે કોઈ કોઈ વાર મુનિશ્રી છોટાલાલજીનું વ્યાખ્યાન સાંભળવા ઉપાશ્રયમાં આવતા. જામસાહેબ પોતે ચાતુર્માસ પૂર્ણ થયા પછી હડમતિયામાં આવી મુનિશ્રીને મળેલા અને

તેમણે સ્વર્ગ-નરક તથા પુણ્ય-પાપ સંબંધી મુનિશ્રી સાથે સારી પેઠે ચર્ચા કરી. બીજે વર્ષે જામસાહેબ સીયાણી ગામે આવીને મુનિશ્રીના દર્શન કરી ગએલા. આ પરિચય પછી ૧૯૯૮ નું ચાતુર્માસ વિશેષે કરીને જામસાહેબ તથા મહારાણી ગુલાબકુંવરબાના આગ્રહથી તેમણે જામનગરમાં કર્યું. આ વધેલા પરિચય પછી જામનગરમાં મહાવીર જયંતી અને સંવત્સરીને દિવસે જીવહિંસા બિલકુલ ન થાય અને સ્થાનકવાસી તથા મૂર્તિપૂજક જૈનોની મહાવીર જયંતી અને સંવત્સરીઓ જુદે જુદે દિવસે હોય તો તે બેઉ દિવસે જીવહિંસા ન થાય એવું તેમણે ફરમાન કાઢયું અને રાજ્યના ગેઝેટમાં તે પ્રસિદ્ધ કરાવ્યું.

આવાં નાનાં મોટાં અનેક સત્કાર્યો તેમને હસ્તે તથા તેમના નિમિત્તે થવા પામ્યાં.

સં. ૧૯૭૫ માં મુનિશ્રીએ વઢવાણકેમ્પમાં પૂજ્ય શ્રી લાધાજી સ્વામી પુસ્તકાલયની સ્થાપના કરીને તેનાં પુસ્તકો લોકોને છૂટથી વાંચવા આપવાની વ્યવસ્થા કરી. કેટલોક સમય વ્યવસ્થા ઠીક ચાલી, પણ પછી તેમાં અવ્યવસ્થા થતાં પુસ્તકસંગ્રહને લીંબડી લઈ જવામાં આવ્યો. છેવટે ૨૦૦૧ માં પુસ્તકાલય માટે ખાસ જુદું મકાન બાંધવામાં આવ્યું જેમાં આશરે ૪૦૦૦ પુસ્તકોનો સંગ્રહ છે. તેમાંનાં પુસ્તકો જનતાને વાંચવા માટે આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. ગુરુદેવના સ્મારક અંગે કાઢવામાં આવેલી ગ્રંથમાળામાં એકંદરે ૩૬ નાનાં-મોટાં પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે, જેમાંનાં કેટલાક મુનિશ્રીએ પોતે લખેલાં અને કેટલાંક બીજા વિદ્વાનોને હસ્તે લખાએલાં છે. એ ગ્રંથ-

માળામાંના કોઈ કોઈ પુસ્તકો જિજ્ઞાસુઓને ભેટ અપાય છે અને કોઈ કોઈ સસ્તે મૂલ્યે વેચવાનો પ્રબંધ કરવામાં આવ્યો છે. તેની આવક જે કાંઈ થાય તે ગ્રંથમાળા પાછળ અને પુસ્તકાલય પાછળ વપરાય છે.

મુનિ શ્રી છોટાલાલજીએ કોઇ શિષ્ય કર્યો નથી; શિષ્ય થવા ઈચ્છનાર એક જુવાનને પણ તેમણે મુનિ શ્રી લક્ષ્મીચંદ્રજીનું ગુરુત્વ સ્વહસ્તે સંપડાવ્યું છે. એ નવમુનિ તે શ્રી માધવસિંહજી. સંવત ૧૯૯૯માં તેમને પૂજ્ય શ્રી ગુલાબચંદ્રજી સ્વામીને હસ્તે લીંબડીમાં દીક્ષા આપવામાં આવી હતી.

આજે તો મુનિશ્રી છોટાલાલજીનું તાજું પુસ્તક આ 'વંદનીય સાધુજનો' પ્રસિદ્ધ થયું છે. તેવાં વિશેષ પુસ્તકો લખવા તથા વિશેષ ઉપકારનાં કાર્યો કરવા તેઓ દીર્ઘાયુષી થાઓ એ જ ભાવના.

પ્રસ્તાવના

શ્રી વીતરાગે કહ્યું છેઃ **अरिहंत सिद्ध पवयण गुरु थेरे बहुसुप तवस्सिसु**–અર્થાત્ અરિહંત, સિદ્ધ, પ્રવચન, ગુરુ, સ્થવિર, બહુશ્રુત અને તપસ્વી એ સાતનાં ગુણગ્રામ કરતો થકો જીવ કર્મનાં દળને ઉડાડી મૂકે છે. એ ગુણગ્રામ–સ્તુતિ કરવામાં જો ભાવ ઉત્કૃષ્ટ હોય તો તે જીવ તીર્થંકર નામ ગોત્રની પણ ઉપાર્જના કરે.

અને આ 'વંદનીય સાધુજનો'માં એવા જ મહાત્માઓ–મહાપુરુષોનાં જીવનચરિત્રો છે કે જેઓનાં ગુણગ્રામ કે સ્તુતિ કરવાનો ઉત્કૃષ્ટ ભાવ એ ચરિત્રવાચનથી જ મનમાં જાગ્રત થયા વિના રહે નહિ. આવા મહાન આત્માઓનાં નામોની માળા આજથી આશરે બસો વર્ષ ઉપર એક મહામુનિએ કાવ્યમાં ગૂંથી હતી. એ મહામુનિનું નામ પૂજ્ય શ્રી જયમલજી મહારાજ. ઝાલોર જેવા મારવાડના એક નગરમાં આજથી બસો વર્ષ પૂર્વે લખાયલું એ કાવ્ય આજે લગભગ આજની પ્રચલિત ગુજરાતી ભાષામાંનું જ કાવ્ય હોય એમ લાગે છે અને તેથી તેની એ ભાષા કેટલાકને વિચારમગ્ન કરે છે કે શું આ કાવ્ય એટલું જૂનું હશે ખરું? પરન્તુ બસો વર્ષ પૂર્વેની ગુજરાતની ભાષા અને તે જ કાળની મારવાડની ભાષાના નમૂનાઓ જોવાથી જણાય છે કે એ બેઉ ભાષાઓ પાછલા કાળની અપભ્રંશ ભાષા જેવી સમાન ભાષાઓ હતી. પશ્ચિમ રાજસ્થાની અને જૂની ગુજરાતી બેઉ લગભગ સમાન જ હતી એમ સંશોધકોએ સિદ્ધ કરેલું છે. આજે ગુજરાતી અને મારવાડી ભાષા એકબીજીથી જેટલી દૂર પડી ગએલી જણાય છે તેટલી તે દૂર નહોતી. બસો વર્ષ પૂર્વેની એ ભાષા આજે મુખોપ-

મુખ બદલાઈને વર્તમાન ગુજરાતી જેવી બની ગઈ છે તેમાં પણ નવાઈ નથી. બસો વર્ષ સુધી તે કાવ્ય સતત જીવતું રહ્યું છે, લોકમુખે ગવાતું-સ્મરાતું રહ્યું છે, તેનું જ એ પરિણામ છે કે તેનું મૂળ સ્વરૂપ બદલાઈને અદ્યતન સ્વરૂપ બની ગયું છે. છતાં 'સાધુવંદના'ની જુદી જુદી પ્રતો જોતાં તેમાં જે પાઠભેદ જણાય છે તે મૂળની મારવાડી ભાષા અને આજની ગુજરાતી ભાષા બેઉ વચ્ચેનું અંતર તો બતાવી આપે છે. આજે ઉપલબ્ધ પ્રતોમાં પણ કોઇ કોઈ સ્થળે મારવાડી ભાષાના અંશો રહેલા સાંપડે છે. આવું એક જૂનું કાવ્ય સતત જીવંત કેમ રહ્યું તેનો ભેદ એ કાવ્યના વાચનમાંથી સમજાઈ જાય છે. તેમાં જૈન સૂત્રોમાં કથેલા બધાય મહાત્માઓ-મહાપુરુષોની નામાવલિ છે અને કોઇકોઈનાં નામ સાથે તો તેના ચારિત્રનો મુખ્યાંશ પણ સંક્ષેપમાં વણી લેવામાં આવ્યો છે. એ નામાવલિનું સ્મરણ કરતાં જૈન સૂત્રોમાં કહેલા બધાય તીર્થંકરો, સિદ્ધો, ચક્રવર્તીઓ, વાસુદેવો, બળદેવો, ગણધરો, મુનીશ્વરો, સાધુજનો, સતી-સાધ્વીઓનાં આત્મહિતલક્ષી ચારિત્ર્યો દૃષ્ટિ આગળ આવીને ઊભાં રહે છે અને મસ્તક આપોઆપ તેમને વંદન કરવા ઢળે છે. શ્રી જયમલજી મહારાજે જે કાર્ય સંક્ષેપમાં કર્યું તે કાર્ય મેં આ પુસ્તકમાં વિસ્તારથી કર્યું છે, જો કે તે પણ સૂત્રગ્રંથોમાં આપેલાં ચરિત્રોનો તો સંક્ષેપ જ છે.

જૈન સૂત્રાંતર્ગત ધર્મકથાનુયોગ એક મહત્ત્વનો ભાગ છે. એ ભાગને ઐતિહાસિક દૃષ્ટિથી ચકાસી શકાય તેમ નથી કારણકે અનંતકાળને આવરી લેતા મહાન આત્માઓના અનેક ભવોને સ્પર્શતાં જીવનકથાનકો એ ભાગમાં આપેલાં છે. શ્રદ્ધાપૂર્વક અવગાહન કરવા યોગ્ય એ અનુયોગ છે, અને જેઓ તેમાં ઊંડા ઊતર્યા છે તેમને પરમ સત્યો લાધ્યાં છે. દ્રવ્યાનુ-

યોગમાં અને ચરણકરણાનુયોગમાં જે સત્યો મૂળ સ્વરૂપમાં આપ્યાં છે તે જ સત્યોને ધર્મકથાનુયોગમાં વ્યક્તિઓના જીવનાનુભવોની કથાદ્વારા સરલ સ્વરૂપે સમજાવવામાં આવ્યાં છે.

આમ તો 'સાધુવંદના'નું કાવ્ય મેં અનેક વાર વાંચ્યું હશે, શ્રોતાઓ સમક્ષ ગાઈ સંભળાવ્યું હશે, અને તેમાંની નામાવલિનું મનથી અનેક વાર પુનરાવર્તન પણ કર્યું હશે; પરન્તુ સંવત ૧૯૯૩ ની સાલમાં જ્યારે હું અમદાવાદમાં ચાતુર્માસ રહ્યો હતો, ત્યારે એક વાર એ કાવ્યની આરપાર મને સદ્ગત જયમલજી મુનિની એક દૃષ્ટિ દેખાઈ. ધર્મકથાનુયોગનો આટલો સુંદર સંક્ષેપ મેં પૂર્વે જોયો નહોતો. એ સંક્ષેપ એક ઘડીવારમાં મુખપાઠ કરી જનારને આગમકથિત બધાય મહાન આત્માઓનાં દિવ્ય સ્વરૂપોની ઝાંખી થયા વિના ન રહે, એ જ એ દૃષ્ટિ હતી. એ દૃષ્ટિને પરખી લીધા પછી સૂત્ર સિદ્ધાંતના જે અભ્યાસનો ઉપયોગ હું વ્યાખ્યાનાદિમાં કરતો હતો તે અભ્યાસની સાર્થકતા એ સાધુવંદનામાં કહેલી નામાવલિનાં જીવનચરિત્રો આલેખવામાં કરું એવું મારા મનમાં આવ્યું. મારો કોઈપણ શુભ મનોભાવ મારા સાથી વિનયમૂર્તિ મુનિવર લક્ષ્મીચંદ્રજીને તો કહ્યા વિના મારાથી રહેવાય જ નહિ, એટલે મેં તેમને તે વાત કહી. તે વાત સાંભળીને તે વિચારમાં પડી ગયા. સાધુઓને ચાતુર્માસ સિવાય કોઇ સ્થળે લાંબી સ્થિરતા મળે નહિ, સતત પ્રવાસમાં કશું લખાય નહિ, અને આ તો ઘણું મોટું કામ, તે ક્યારે પૂરું થાય? છતાં તેમને એ વાત ગમી ખરી. તેમણે કહ્યું: 'શુભ કામનો પ્રારંભ તો કરવો જ, અને પ્રારંભ કર્યો હશે તો કોઈ વાર કામ પૂરું થશે; જીવન અધવચ પૂરું થશે તો ભવિષ્યમાં તેને પૂરું કરનાર કોઇ નીકળી આવશે.' તેમના એ પ્રોત્સાહનથી, ચાતુર્માસનો સમય પૂરો થતાં ૧૯૯૪ના

પોષ મહિનાથી લેખનની શરુઆત કરી. લેખનકાર્ય મોટું હતું અને કાંઈ કાંઈ ગૂંચવણો પણ ઊપજતી. સૂત્રોમાં-ગ્રંથોમાં ચરિત્રકથાઓમાં નાના-મોટા ભેદો માલૂમ પડતા. આધારભૂત પુસ્તકો કે સૂત્રોની પ્રતો બીજે સ્થળેથી મંગાવી, મેળવી, તેનો આધાર શોધવામાં સમય જતો; કામ અટકતું; વિહાર, માંદગી, સાંપ્રદાયિક કાર્યો અંગેની ફરજો ઇત્યાદિને અંગે ઘણો વખત લેખન બંધ પણ રાખવું પડતું; છતાં જેમ જેમ હું લેખનમાં આગળ વધતો ગયો તેમ તેમ જે સાધુ-સંતો, વિદ્વાનો અને શ્રાવક-શ્રાવિકાઓ મારી પ્રવૃત્તિ વિષે જાણવા લાગ્યાં તેઓ તરફથી મને પ્રોત્સાહન મળતું ગયું અને કાર્ય આગળ વધતું ચાર વર્ષને અંતે ૧૯૯૮ ની સાલમાં પૂજ્ય ગુરુદેવના જન્મ-સ્થાન કચ્છ-ગુંદાલામાં પૂરું થયું.

આ ગ્રંથ મેં ઉપર જણાવ્યું તેમ આગમગ્રંથોનો આધાર લઈને તૈયાર કર્યો છે એટલે તે મોટો ગ્રંથ થયો હોવા છતાં મૌલિક નથી. જીવનચરિત્રો વધુ વિસ્તારથી લખ્યાં હોત તો ગ્રંથ હજી પણ મોટો થાત, પરન્તુ તે માટે તો આગમ ગ્રંથો અને તેના અનુવાદો પણ છે જ. મારે સંક્ષેપમાં જ જીવનચરિત્રો લખવાં હતાં અને દરેક જીવનનો ધ્વનિ સ્ફુટ કરી આપવો હતો, તે કાર્ય મેં મારી રીતે કર્યું છે, અને તેટલાપૂરતો તેનો ઉપયોગ થશે તો લીધેલો શ્રમ સાર્થક થએલો માનીશ.

આ ગ્રંથમાં એવા ઘણા અધિકારો આવે છે કે જેમાં તત્ત્વ-જ્ઞાનના અને વ્યવહારના પ્રશ્નો ચર્ચાયા હોય. એવા પણ કેટલાક અધિકારો છે કે જેમાં આગમકથનમાં અને આચાર્યોના કથનમાં ઓછો-વધુ ફેરફાર હોય. કોઈ કોઈ ફેરફાર શાસ્ત્રના મૂળ પાઠના ફેરફારમાંથી પણ ઊતરી આવ્યો હોય છે. જ્યાં જ્યાં જરૂરી જણાયું ત્યાં ત્યાં તેનું તારતમ્ય મેં કાઢ્યું છે, જરૂરી જણાયું ત્યાં

પાદનોંધો આપી છે, છતાં એવા પ્રસંગને અંગે મારાથી લેખનદોષ પણ થયો હોય એવો સંભવ છે. તત્ મિથ્યા મે દુષ્કૃતમ્ !

પુસ્તક લખાઈને પૂરું થતાં ચાર વર્ષ થયાં, પરન્તુ તેનું પ્રકાશન બીજાં પાંચ વર્ષ પછી થાય છે! ગ્રંથ છાપવા માટેની સામગ્રીની મોંઘવારી અને દુર્લભતા તેમાં ખૂબ અંતરાયભૂત થઈ છે. પુસ્તક સસ્તું બને એ હેતુથી રાહ જોયા પછી ઊલટું તે વધુ મોંઘું બને એવા જ દેશ-કાળના સંયોગો ઉત્તરોત્તર આવતા ગયા છે.

જે કામ મેં પ્રારંભ્યું ત્યારે મુનિ લક્ષ્મીચંદ્રજીને તે ક્યારેય પૂરું થશે એવો ઉદાસીન ભાવ હતો, તે પુસ્તક પૂરું થયા પછી ઉત્સાહ ભાવમાં પલટાઈ ગયો હતો. સંવત ૨૦૦૨ ની સાલમાં અમે જેતપુર (કાઠિયાવાડ)માં ચાતુર્માસ રહ્યા હતા ત્યારે ત્યાંના ધર્મપ્રેમી આગેવાન શ્રી. જીવરાજ વર્ધમાન વકીલ તથા શ્રી. જીવરાજ ન્યાલચંદે આ પુસ્તક તૈયાર થયાની વાત જાણી અને તેમને લાગ્યું કે પુસ્તક હવે અપ્રસિદ્ધ પડી રહેવું ન જોઈએ, એટલે તેમણે તેના પ્રકાશન અંગેની તૈયારી શરુ કરી. તે માટે જોઈતા દ્રવ્યની સહાય કરનારાઓ તેમણે મેળવવા માંડયા અને ત્યારે મુનિ શ્રી લક્ષ્મીચંદ્રજીનો ઉત્સાહ સંતોષમાં પલટાતો મેં જોયો. જેતપુરવાસી શ્રાવકોએ કરેલી તૈયારીઓ ત્યારપછી આગળ વધતી જ રહી અને ત્યારપછીના સંવત ૨૦૦૩ ના ચાતુર્માસમાં અમદાવાદ ખાતે પુસ્તક પ્રસિદ્ધ થવાનો અવસર આવ્યો છે. પ્રકાશન અંગે શ્રી. ચુનીલાલ વ. શાહની સહાય ખૂબ જ ઉપયોગી થઈ છે, જેમણે એવી જ સહાય મારાં બીજાં પુસ્તકોના પ્રકાશન અંગે પણ કરી છે.

અમદાવાદ
બીજા શ્રાવણ વદ ૫ ને ગુરુવાર,
વીર સં. ૨૪૭૩, વિ. સં. ૨૦૦૩

સદાનંદી
જૈનમુનિ છોટાલાલજી

સાધુવંદના

નમું અનંત ચોવીસી, ઋષભાદિક મહાવીર;
જેણે આર્યક્ષેત્રમાં, ઘાલી ધર્મની શીર. ૧
મહા અતુલ બળી નર, શૂર વીર ને ધીર;
તીર્થ પ્રવર્તાવી, પહોંચ્યા ભવ જળ તીર. ૨
સીમંધર પ્રમુખ, જઘન્ય તીર્થંકર વીશ;
છે અઢી દ્વીપમાં, જયવંતા જગદીશ. ૩
એક સો ને શિત્તેર, ઉત્કૃષ્ટ પદે જગીશ;
ધન્ય મોટા પ્રભુજી, જેને નમાવું શીષ. ૪
કેવળી હોય ક્રોડી, ઉત્કૃષ્ટા નવ ક્રોડ;
મુનિ હોય સહસ્ર ક્રોડી, ઉત્કૃષ્ટા નવ સહસ્ર ક્રોડ. ૫
વિચરે વિદેહે, મોટા તપસ્વી ઘોર;
ભાવે કરી વંદું, ટાળે ભવની ખોડ. ૬
ચોવીસે જિનના, સઘળા એ ગણધાર;
ચઉદસેં ને બાવન, તે પ્રણમું સુખકાર. ૭
જિન શાસન નાયક, ધન્ય શ્રીવીર જિણંદ;
ગૌતમાદિક ગણધર, વર્ત્તાવ્યો આણંદ. ૮
શ્રી ઋષભદેવના, ભરતાદિક સો પૂત;
વૈરાગ્ય મન આણી, સંયમ લિયો અદ્‌ભુત. ૯
કેવળ ઉપાજર્યું, કરી કરણી સંયુત;
જિન મત દીપાવી, સઘળા મોક્ષ પહુંત. ૧૦
શ્રી ભરતેશ્વરના હુઆ પટોધર આઠ;
આદિત્ય જશાદિત્ય, પહોંચ્યા શિવપુર વાટ. ૧૧

શ્રી જિન અંતરના હુઆ પાટ અસંખ્ય;
મુનિ મુક્તિ પહોંચ્યા, ટાળી કર્મના વંક. ૧૨
ધન્ય કપિલ મુનિવર, નમિ નમું અણગાર;
જેણે તત્ક્ષણ ત્યાગ્યો, સહસ્ર રમણી પરિવાર. ૧૩
મુનિવર હરિકેશિ, ચિત્ત મુનીશ્વર સાર;
શુદ્ધ સંયમ પાળી, પામ્યા ભવનો પાર. ૧૪
વળી ઇષુકાર રાજા, ઘેર કમળાવતી નાર;
ભગુ ને જશા, તેહના દોય કુમાર. ૧૫
છએ છતી રિદ્ધિ છાંડીને, લીધો સંયમભાર;
ઇણ અલ્પ કાળમાં, પામ્યા મોક્ષદ્વાર. ૧૬
વળી સંપતિ રાજા, હરણ આહિડે જાય;
મુનિવર ગદ્દ ભાળી આણ્યો મારગ ઠાય. ૧૭
ચારિત્ર લઈને, ભેટ્યા ગુરુના પાય;
ક્ષત્રીરાજ ઋષીશ્વર, ચર્ચા કરી ચિત્ત લાય. ૧૮
વળી દસે ચક્રવર્તી, રાજ્ય રમણી રિદ્ધિ છોડ;
દસે મુગતે પહોંત્યા, કુળ ને શોભા ચોડ. ૧૯
ઇણ અવસર્પિણીમાં, આઠ રામ ગયા મોક્ષ;
બળભદ્ર મુનીશ્વર, ગયા પંચમ દેવલોક. ૨૦
દશાર્ણભદ્ર રાજા, વીર વાંદ્યા ધરી માન;
પછી ઇંદ્ર હઠાયો, દિયો છકાય અભેદાન. ૨૧
કરકંડુ પ્ર મુ ખ, ચારે પ્રત્યેક બુદ્ધ;
મુનિ મુગતે પહોંત્યા, જીત્યા કર્મ મહા યુદ્ધ. ૨૨
ધન્ય મોટા મુનિવર, મૃગાપુત્ર જગીશ;
મુનિવર અનાથી, જીત્યા રાગ ને રીસ. ૨૩

વળી સમુદ્રપાળ મુનિ, રાજિમતી રહનેમ;
કેશી ને ગૌતમ, પામ્યા શિવપુર ક્ષેમ. ૨૪
ધન્ય વિજયઘોષ મુનિ, જયઘોષ વળી જાણ;
શ્રી ગર્ગાચાર્ય, પહોંત્યા છે નિર્વાણ. ૨૫
શ્રી ઉત્તરાધ્યયનમાં, જિનવરે કર્યા વખાણ;
શુદ્ધ મનથી ધ્યાવો, મનમાં ધીરજ આણ. ૨૬
વળી ખંધક સંન્યાસી, રાખ્યો ગૌતમ સ્નેહ;
મહાવીર સમીપે, પંચ મહાવ્રત લેહ. ૨૭
તપ કઠિણ કરીને, ઝોંસી આપણી દેહ;
ગયા અચ્યુત દેવલોકે, ચવી લેશે ભવ છેહ. ૨૮
વળી ઋષભદત્ત મુનિ, શેઠ સુદર્શન સાર;
શિવરાજ ઋષીશ્વર, ધન્ય ગાંગેય અણગાર. ૨૯
શુદ્ધ સંયમ પાળી, પામ્યા કેવળ સાર;
એ ચારે મુનિવર, પહોંચ્યા મોક્ષ મોઝાર. ૩૦
ભગવંતની માતા, ધન્ય ધન્ય સતી દેવાનંદા;
વળી સતી જયંતી, છોડી દીધા ઘર ફંદા. ૩૧
સતી મુક્તિ પહોંચ્યાં, વળી તે વીરની નંદા;
મહાસતી સુદર્શના, ઘણી સતીઓના વૃંદા. ૩૨
વળી કાર્ત્તિક શેઠે, પડિમા વહી શૂરવીર;
જમ્યો મહોરા ઉપર, તાપસ બળતી ખીર. ૩૩
પછી ચારિત્ર લીધું, મિત્ર એક સહસ્ર આઠ ધીર;
મરી હુવા શક્રેંદ્ર, ચવી લેશે ભવ તીર. ૩૪
વળી રાય ઉદાયન, દિયો ભાણેજને રાજ;
પછી ચારિત્ર લેઈને, સાર્યાં આતમકાજ. ૩૫

ગંગદત્ત મુનિ આણુંદ, તરણ તારણ જહાજ;
મુનિ કોશલ રોહો, દિયો ઘણાને સહાજ. ૩૬
ધન્ય સુનક્ષત્ર મુનિવર, સર્વાનુભૂતિ અણગાર;
આરાધિક હુઈને, ગયા દેવલોક મોઝાર. ૩૭
ચવી મુક્તિ જાશે, સિંહ મુનીશ્વર સાર;
બીજા પણ મુનિવર, ભગવતીમાં અધિકાર. ૩૮
શ્રેણિકનો બેટો, મોટો મુનિવર મેઘ;
તજી આઠ અંતેઉરી, આણ્યો મન સંવેગ. ૩૯
વીરપેં વ્રત લેઇને, બાંધી તપની તેગ;
ગયા વિજય વિમાને, ચવી લેશે શિવ વેગ. ૪૦
ધન્ય થાવચ્ચા પુત્ર, તજી બત્રીસે નાર;
તેની સાથે નીકળ્યા, પુરુષ એક હજાર. ૪૧
શુકદેવ સંન્યાસી, એક સહસ્ર શિષ્ય લાર;
પંચશય શું શેલક, લીધો સંયમભાર. ૪૨
સર્વ સહસ્ર અઢાઈ, ઘણા જીવોને તાર;
પુંડરગિરિ પર કીધો, પાદોપગમન સંથાર. ૪૩
આરાધિક હુઇને, કીધો ખેવો પાર;
હુવા મોટા મુનિવર, નામ લિયા નિસ્તાર. ૪૪
ધન્ય જિનપાળ મુનિવર, દોય ધનાવા સાધ;
ગયા પ્રથમ દેવલોકે, મોક્ષ જાશે આરાધ. ૪૫
મલ્લિનાથના છ મિત્ર, મહાબળ પ્રમુખ મુનિરાય;
સર્વે મુક્તિ સિધાવ્યા, મોટી પદવી પાય. ૪૬
વળી જિતશત્રુ રાજા, સુબુદ્ધિ નામે પ્રધાન;
પોતે ચારિત્ર લેઇને, પામ્યા મોક્ષ નિધાન. ૪૭

ધન્ય તેતલિ મુનિવર, દીધું છકાય અભયદાન;
પોટિલા પ્રતિબોધ્યા, પામ્યા કેવળ જ્ઞાન. ૪૮
ધન્ય પાંચે પાંડવ, તજી દ્રૌપદી નાર;
સ્થિવરની પાસે, લીધો સંયમભાર. ૪૯
શ્રી નેમિ વંદનનો એવો અભિગ્રહ કીધ;
માસ માસખમણ તપ, શત્રુંજય જઈ સિદ્ધ. ૫૦
ધર્મઘોષ તણા શિષ્ય, ધર્મરુચિ અણગાર;
કીડીઓની કરુણા, આણી દયા અપાર. ૫૧
કડવા તુંબાનો કીધો સઘળો આહાર;
સર્વાર્થસિદ્ધ પહોંત્યા, ચવી ગયા ભવ પાર. ૫૨
વળી પુંડરિક રાજા, કુંડરિક ડગિયો જાણુ;
પોતે ચારિત્ર લેઈને, ન ઘાલી ધર્મમાં હાણુ. ૫૩
સર્વાર્થસિદ્ધ પહોંત્યા, ચવી લેશે નિર્વાણુ;
શ્રી જ્ઞાતાસૂત્રમાં, જિનવરે કર્યાં વખાણુ. ૫૪
ગૌતમાદિક કુંવર, સગા અઢારે ભ્રાત;
સર્વ અંધક વિષ્ણુ સુત, ધારિણી જ્યારી માત. ૫૫
તજી આઠ અંતેઉરી, કાઢી દીક્ષાની વાત;
ચારિત્ર લેઈને, કીધો મુક્તિનો સાથ. ૫૬
શ્રી અનિકસેનાદિક, છએ સહોદર ભાય;
વસુદેવના નંદન, દેવકી જ્યારી માય. ૫૭
ભદ્દીલપુર નગરી, નાગ ગાહાવઈ જાણુ;
સુલસા ઘેર વધિયા, સાંભળી નેમની વાણુ. ૫૮
તજી બત્રીસ અંતેઉરી, નીકળિયા છડકાય;
નળકુબેર સમાણા, ભેટયા શ્રી નેમના પાય. ૫૯
કરી છઠ છઠ પારણાં, મનમેં વૈરાગ લાય;
એક માસ સંથારે, મુગતિ બિરાજ્યા જાય. ૬૦

વળી દારુક સારણ, સુમુખ દુમુખ મુનિરાય;
વળી કુમર અનાદૃષ્ટિ, ગયા મુક્તિગઢ માંય. ૬૧
વસુદેવના નંદન, ધન્ય ધન્ય ગજસુકુમાલ;
રૂપે અતિ સુંદર, કળાવંત વય બાલ. ૬૨
શ્રી નેમિ સમીપે, છોડયો મોહ જંજાળ;
ભિક્ષુની પડિમા, ગયા મશાણ મહાકાળ. ૬૩
દેખી સોમિલ કોપ્યો, મસ્તકે બાંધી પાળ;
ખેર તણા ખીરા, શિર ઠવિયા અસરાળ. ૬૪
મુનિ નજર ન ખંડી, મેટી મનની જાળ;
પરિષહ સહીને, મુગતિ ગયા તત્કાળ. ૬૫
ધન્ય જાલી મયાલી, ઉવયાલાદિક સાધ;
સાંબ ને પ્રદ્યુમન, અનિરૂદ્ધ સાધુ અગાધ. ૬૬
વળી સચ્ચનેમિ દૃઢનેમિ, કરણી કીધી અબાધ;
દશે મુગતે પહોંત્યા, જિનવર વચન આરાધ. ૬૭
ધન્ય અર્જુન માળી, કીધો કદાગ્રહ દૂર;
વીરપેં વ્રત લેઈને, સત્યવાદી હુવા શૂર. ૬૮
કરી છઠ છઠ પારણાં, ક્ષમા કરી ભરપૂર;
છ માસની માંહી, કર્મ કર્યાં ચકચૂર. ૬૯
કુંવર અઈમુત્તે, દીઠા ગૌતમ સ્વામ;
સુણી વીરની વાણી, કીધાં ઉત્તમ કામ. ૭૦
ચારિત્ર લેઈને, પહોંચ્યા શિવપુર ઠામ;
વળી આદિ મકાઈ, અંત અલખ મુનિ નામ. ૭૧
વળી કૃષ્ણરાયની, અગ્ર મહીષી આઠ;
પુત્રવહુ દોયે, સંચ્યા પુણ્યના ઠાઠ. ૭૨
યાદવ કુળ સતીઓ, ટાળ્યો દુઃખ ઉચાટ;
પહોંચ્યાં શિવપુરમાં, એ છે સૂત્રનો પાઠ. ૭૩

શ્રેણિકની રાણી, કાલિયાદિક દશ જાણ;
દશે પુત્ર વિયોગે, સાંભળી વીરની વાણ. ૭૪
ચંદનબાળાપેં, સંયમ લેઈ હુવા જાણ;
તપ કરી દેહ ઝોંસી, પહોંચ્યાં છે નિર્વાણ. ૭૫
નંદાદિક તેરે, શ્રેણિક નૃપની નાર;
સઘળી ચંદનબાળાપેં, લીધો સંયમભાર. ૭૬
એક માસ સંથારે, પહોંચ્યાં મુક્તિ મોઝાર;
એ નેવુ જણાનો, અંગતડમાં અધિકાર. ૭૭
શ્રેણિકના બેટા, જાલિયાદિક ત્રેવીશ;
વીરપેં વ્રત લેઈને, પાળ્યો વિશ્વાવીશ. ૭૮
તપ કઠણ કરીને, પૂરી મન જગીશ;
દેવલોકે પહોંત્યા, મોક્ષ જાશે તજી રીસ. ૭૯
કાકંદીનો ધન્નો, તજી બત્રીસે નાર;
મહાવીર સમીપે, લીધો સંયમભાર. ૮૦
કરી છઠ છઠ પારણાં, આયંબિલ ઉચ્છિત આહાર;
શ્રી વીરે વખાણ્યા, ધન્ય ધન્નો અણગાર. ૮૧
એક માસ સંથારે સર્વાર્થસિદ્ધ પહુંત;
મહાવિદેહે ક્ષેત્રમાં, કરશે ભવનો અંત. ૮૨
ધન્નાની રીતે, હુવા નવે સંત;
શ્રી અનુત્તરોવવાઈમાં, ભાખી ગયા ભગવંત. ૮૩
સુબાહુ પ્રમુખ, પાંચસેં પાંચસેં નાર;
તજી વીરપેં લીધાં, પંચ મહાવ્રત સાર. ૮૪
ચારિત્ર લેઈને પાળ્યાં નિરતિચાર;
દેવલોકે પહોંચ્યા, સુખવિપાકે અધિકાર. ૮૫
શ્રેણિકના પૌત્રા પઉમાદિક હુવા દસ;
વીરપેં વ્રત લેઈને, કાઢયો દેહનો કસ. ૮૬

સંયમ આરાધી, દેવલોકમાં જઈ વસ;
મહાવિદેહ ક્ષેત્રમાં, મોક્ષ જાશે લેઈ જસ. ૮૭
બળભદ્રના નંદન, નિષધાદિક હુવા બાર;
તજી પચાસ અંતેઉરી, ત્યાગ દિયો સંસાર. ૮૮
સહુ નેમિ સમીપે, ચાર મહાવ્રત લીધ;
સર્વાર્થસિદ્ધ પહોંત્યા, હોશે વિદેહે સિદ્ધ. ૮૯
ધન્નો ને શાલિભદ્ર મુનીશ્વરોની જોડ;
નારીનાં બંધન, તત્ક્ષણ નાંખ્યાં ત્રોડ. ૯૦
ઘર કુટુંબ કબીલો ધન કંચનની કોડ;
માસ માસખમણ કરી ટાળશે ભવની ખોડ. ૯૧
સુધર્મ સ્વામીના શિષ્ય, ધન્ય ધન્ય જંબૂ સ્વામ;
તજી આઠ અંતેઉરી, માત પિતા ધન ધામ. ૯૨
પ્રભવાદિક તારી, પહોંચ્યા શિવપુર ઠામ;
સૂત્ર પ્રવર્ત્તાવી, જગમાં રાખ્યું નામ. ૯૩
ધન્ય ઢંઢણ મુનિવર, કૃષ્ણ રાયના નંદ;
શુદ્ધ અભિગ્રહ પાળી, ટાળી દીયો ભવફંદ. ૯૪
વળી ખંધક ઋષિની દેહ ઉતારી ખાલ;
પરિષહ સહીને, ભવફેરા દીયા ટાળ. ૯૫
વળી ખંધક ઋષિના હુવા પાંચસો શિષ્ય;
ઘાણીમાં પીલ્યા, મુક્તિ ગયા તજી રીસ. ૯૬
સંભૂતિવિજય શિષ્ય, ભદ્રબાહુ મુનિરાય;
ચૌદ પૂર્વ ધારી, ચંદ્રગુપ્ત આણ્યો ઠાય. ૯૭
વળી આર્દ્રકુમાર મુનિ, સ્થૂલિભદ્ર નંદીષેણ;
અરણિક અઈમુત્તો, મુનીશ્વરોની શ્રેણ. ૯૮
ચોવીશે જિનના મુનિ, સંખ્યા અઠાવીશ લાખ;
ઉપર સહસ અડતાલીશ, સૂત્ર પરંપરા ભાખ. ૯૯

*[કોઇ ઉત્તમ વાંચો મોઢે જયણા રાખ;
ઉઘાડે મુખ બોલ્યા, પાપ લાગે વિપાક.]
ધન્ય મરૂદેવી માતા, ધ્યાયો નિર્મળ ધ્યાન;
ગજ હોદ્દે પામ્યાં, નિર્મલ કેવળ જ્ઞાન. ૧૦૦
ધન્ય આદીશ્વરની પુત્રી, બ્રાહ્મી સુંદરી દોય;
ચારિત્ર લેઈને મુક્તિ ગયાં સિદ્ધ હોય. ૧૦૧
ચોવીસે જિનની વડી શિષ્યા ચોવીસ;
સતી મુક્તિ પહોંત્યાં, પૂરી મન જગીશ. ૧૦૨
ચોવીસે જિનની, સર્વ સાધવી સાર;
અડતાલીશ લાખ ને, આઠસેં શિત્તેર હજાર. ૧૦૩
ચેડાની પુત્રી, સખી ધર્મશું પ્રીત;
રાજિમતી વિજયા, મૃગાવતી સુવિનીત. ૧૦૪
પદ્માવતી મયણરેહા દ્રૌપદી દમયંતી સીત;
ઇત્યાદિક સતીઓ, ગઇ જન્મારો જીત. ૧૦૫
ચોવીસે જિનનાં સાધુ સાધવી સાર;
ગયા મોક્ષ દેવલોકે, હૃદયે રાખો ધાર. ૧૦૬
આ અઢી દ્વીપમાં, ઘરડાં તપસ્વી બાળ;
શુદ્ધ પંચ મહાવ્રત ધારી, નમો નમો ત્રણ કાળ. ૧૦૭
એ જતિઓ સતીઓનાં, લીજે નિત્ય નિત્ય નામ;
શુદ્ધ મનથી ધ્યાવો, એહ તરણનો ઠામ. ૧૦૮
એહ જતિઓ સતીઓ શું, રાખો ઉજ્જવલ ભાવ;
એમ કહે ઋષિ જેલમજી, એહ તરણનો દાવ. ૧૦૯
સંવત અઢાર ને, વર્ષ સાતો શિરદાર;
શહેર ઝાલોર માંહિ, એહ કહ્યો અધિકાર. ૧૧૦

---

* આ પંક્તિઓ ક્ષેપક જણાય છે. કોઇ કોઇ પ્રતમાં તે જોવામાં આવે છે.

અનુક્રમણિકા

વંદનીય સાધુજનો

તીર્થંકર–ચોવીસી

નમું અનંત ચોવીસી, ઋષભાદિક મહાવીર,
જેણે આર્ય ક્ષેત્રમાં, ઘાલી ધર્મની શીર. ૧
મહા અતુલ બળી નર, શૂર વીર ને ધીર,
તીર્થ પ્રવર્તાવી, પહોંત્યા ભવ–જલ–તીર. ૨

આર્ય ક્ષેત્રમાં ધર્મની શિરાઓને વહેતી કરનારા એવા શૂરા, વીર અને ધૈર્યવંત ચોવીસ તીર્થંકરો થયા : પહેલા શ્રી ઋષભદેવ સ્વામી અને છેલ્લા મહાવીર સ્વામી. તેઓ આર્ય ક્ષેત્રમાં તીર્થ પ્રવર્તાવીને નિર્વાણને પામ્યા. અત્ર અનુક્રમે એ ચોવીસે તીર્થંકર ભગવાનોનું ચરિત્ર પ્રારંભમાં આપીએ છીએ.

*　　*　　*

(૧) શ્રી ઋષભદેવ

જે વખતે મનુષ્યો પોતે પોતામાં રહેલી અનંત શક્તિના ખ્યાલ વિનાના હતા, માત્ર મનુષ્ય તરીકેનું જીવન મળ્યું એટલે તે જીવન જીવી લેવું, અને કુદરત તરફથી સ્હેજે જે કાંઈ જીવનોપયોગી સાધનો મળે તેનાથી જીવન નિભાવી લેવું અને તે પણ બીજાને નડતર કર્યા વિના જ પોતાને પ્રાપ્ત પદાર્થોમાં સંતોષ માનીને, તે વખતે જીવન ચલાવી લેવામાં મનુષ્યોને કેટલાક અંતરાયો પડવા લાગ્યા. જીવન વ્યવહારનાં તથા

ભોગોપભોગનાં સાધનોની આકાંક્ષા મનુષ્યોમાં વધવા લાગી, અને સાધનો ઘટવા લાગ્યાં, તેમજ જરૂરીયાતને પહોંચી વળવાનાં નવાં સાધનો ઉત્પન્ન કરવાની શક્તિ કે બુદ્ધિનો જોઇતો વિકાસ થએલો નહોતો. એટલે કે બે કોટાનકોટિ સાગરોપમના ત્રીજા આરાનાં ચોર્યાસી લાખ પૂર્વ અને ત્રણ વર્ષ ને સાડા આઠ મહીના બાકી રહ્યા, ત્યારે સાતમા કુલકર (પોતે પરસ્પર લડી મરતા હોય અને એક બીજાને ક્લેશ કરતા અટકાવી શકે તેમ ન હોય, તેવાઓએ મળીને પોતાને કાબુમાં રાખી શકે તે માટે પોતાને શિક્ષા કરવાને આપેલી સત્તાવાળો મનુષ્ય તે કુલકર) શ્રી નાભિરાજાને ઘેર પુણ્યની સાક્ષાત્ પ્રતિમારૂપ શ્રી મરુદેવા માતાની કુક્ષીએ શ્રી ઋષભદેવ ભગવાન (આદિનાથ) પ્રથમ તીર્થંકર દેવ સર્વાર્થસિદ્ધ અનુત્તર વિમાનમાંનું આયુષ્ય પૂર્ણ કરી આષાઢ માસની અંધારી ચૌદશે ને ઉત્તરાષાઢા નક્ષત્રનો ચંદ્ર સાથે યોગ હતો ત્યારે આવીને ઉત્પન્ન થયા.

જે વખતે એ પવિત્રાત્મા મરૂદેવા માતાની કુક્ષીએ આવીને ઠર્યા, તે વખતે (૧) વૃષભ (બળદ), (૨) શ્વેત હાથી, (૩) સિંહ, (૪) લક્ષ્મીદેવી, (૫) પંચવર્ણી ફૂલની માળા, (૬) ચંદ્ર, (૭) સૂર્ય, (૮) ઇન્દ્રધ્વજ, (૯) અમૃતકુંભ, (૧૦) પદ્મ સરોવર, (૧૧) ક્ષીર સમુદ્ર, (૧૨) દેવવિમાન, (૧૩) રત્નરાશિ, અને (૧૪) નિર્ધૂમ અગ્નિ, એ ચૌદ સ્વપ્ન અનુક્રમે એક પછી એક મરૂદેવા માતાએ જોયાં. એ સ્વપ્ન જોયાં અને તુરત તે જાગ્રત થયાં, તેમણે અન્ય શયનખંડમાં સૂતેલા શ્રી નાભિ કુલકરની પાસે જઈને તેમને શાન્તિથી જગાડયા અને પોતાને આવેલાં ૧૪ સ્વપ્ન એક પછી એક અનુક્રમે કહી સંભળાવ્યાં.

બ્રહ્મચર્યમાં માનનારાઓ બ્રહ્મચર્યના પાલન અર્થે વ્યવહારમાં ઘણે અંશે સંયમિત હોય છે. સંયમથી ભ્રષ્ટ થવાનો પ્રસંગ ન બને તે માટે હમેશાં તેઓ સાવચેત રહે છે. બ્રહ્મચર્યમાં વધુ ને વધુ સ્થિર થવાય તેના માટે તેઓ ઉદ્યમ સેવે છે, અને બ્રહ્મચર્યના વિરાધક નિમિત્તોથી દૂર રહે છે. એ નિયમના પાલન માટે પુરાતન કાળના લગભગ ઘણાખરા રાજાઓ અને ગૃહસ્થો પોતાના માટે અને સ્રીને માટે શયનખંડ અલગ અલગ રાખતા. એક શય્યામાં તો વિકાર જાગે, પણ એક જ ખંડમાં સૂવાથી મનને અસ્થિર થવાના પ્રસંગો બને છે. મનુષ્યનું મન બહુધા અસ્થિર–ચંચળ અને વિષય–વિકાર તરફ તુર્ત જ ઢળી પડનારૂં હોય છે. અનુકૂળતા મળે એટલે તે ઘણી વખત સામાન્ય વિવેકને ભૂલીને પણ વિષયના કીડા જેવો બની જાય છે. એટલા માટે જ બ્રહ્મચર્ય પાળવાના અને તેનાથી આધ્યાત્મિક સિદ્ધિ મેળવવાના અભિલાષી દરેકે બ્રહ્મચર્ય ખંડિત થવાની સંભાવના હોય તેવાં નિમિત્તોથી સર્વથા દૂર રહેવું એ જ પરમ હિતાવહ છે.

મરૂદેવા માતાએ શ્રી નાભિ કુલકરને સ્વપ્નની વાત કરી, પણ નાભિરાજા યુગલ સ્વભાવના હતા, વ્યવહાર અને સંસારનાં ઉદ્યમ પ્રવૃત્તિથી અનભિજ્ઞ હતા. યુગલ સ્વભાવને આપણે સરલ સ્વભાવ તરીકે ઓળખી શકીએ. પોતાના નિર્મળ અને કાપટ્યરહિત સરલ સ્વભાવે કરીને તે એ સ્વપ્નોના ફળને યથાર્થ રીતે સમજી શકયા નહિ. પ્રાતઃકાળે દેવલોકના ઈન્દ્રે આવીને સ્વપ્નપાઠકની માફક નાભિરાજા અને માતા મરૂદેવા સમક્ષ એ સ્વપ્નનો અર્થ કહ્યો ત્યારે તે સાંભળી સૌએ આનંદ અનુભવ્યો.

ગર્ભની સુખપૂર્વક ધીમે ધીમે વૃદ્ધિ થવા લાગી. જગતમાં "પુત્રનાં લક્ષણ પારણામાંથી વરતાય" એમ કહેવાય છે, પણ ખરી રીતે તો પુત્રનાં લક્ષણ ગર્ભમાંથી વરતાય છે. એ પ્રમાણે માતા મરૂદેવાનું શરીર સ્યામ રંગનું હોવા છતાં, ગર્ભસ્થ રહેલા પ્રભુના પ્રતાપે તે સ્યામ રંગ પણ તેજસ્વી અને પ્રાભાવિક થયો. ગર્ભના યોગથી માતા વધુ લાવણ્યમયી બન્યાં, માનસિક વિશાળતા વધી અને તેઓ વિશ્વપ્રેમી બન્યાં. નાભિરાજા પણ વિશેષ શાન્ત અને સમભાવી બન્યા. તે કાળના ભદ્ર સ્વભાવી યુગલીયામાં નાભિ રાજા પ્રત્યે બહુ માન હતું, તે વધવા લાગ્યું. પિતૃભક્ત પુત્ર જેમ પોતાના પિતાનું બહુ માન કરે, વિનય વિવેક સાચવે, તેમ યુગલીયાઓ નાભિ રાજા પ્રત્યે પિતાભાવ ધારણ કરી તેમનો વિનય વિવેક વિશેષ પ્રમાણમાં સાચવવા લાગ્યા. પ્રભુના પુણ્ય પ્રભાવથી મનુષ્યો અને પશુઓમાં પણ પરસ્પર સ્નેહભાવ વધવા લાગ્યો.

એ રીતે નવ માસ અને સાડા આઠ દિવસ વ્યતીત થતાં ચૈત્ર વદિ આઠમની અર્ધ રાત્રિના સમયે સર્વ ગ્રહો ઉચ્ચ સ્થાન પર હતા તે વખતે, ઉત્તરાષાઢા નક્ષત્રનો ચંદ્ર સાથે જોગ હતો, તે સમયે માતા મરૂદેવાએ ત્રણ જગતને શાન્તિ અર્પનાર, આ અવસર્પિણી કાળમાં ધર્મની અને વ્યવહારની આદિના કરનાર ઋષભના ચિહ્નવાળા આદિનાથ પ્રભુને જન્મ આપ્યો.

પ્રભુના જન્મસમયે વાતાવરણ એટલું બધું શાન્ત અને પવિત્ર હતું કે તેની અસર ઠેઠ નરકસ્થાન સુધી પહોંચી. નરકમાં અશુભ કર્મના વિપાક ભોગવતા નારકીઓને પણ થોડી વારને માટે વિશ્રાન્તિ મળી.

પ્રભુના જન્મસમયે, દેવો અને દેવીઓએ આવીને પોતાના હમેશના કુલાચાર મુજબ સહર્ષ જન્મમહોત્સવ કર્યો. પ્રભુને મેરૂ પર્વત પર લઈ જઈ, ત્યાં જન્મ મહોત્સવ કરી, પ્રભુને પાછા માતા પાસે મૂકી સર્વ દેવદેવીઓએ નંદીશ્વરદ્વીપે જઈ આઠ દિવસ સુધી જન્મ મહોત્સવ કર્યો, અને પછી દેવ-દેવીઓ પોતપોતાનાં સ્થાને ગયાં.

માતા મરૂદેવા અને શ્રી નાભિ રાજાએ પણ પુત્રજન્મ નિમિત્તે આનંદોત્સવ કર્યો.

બારમા દિવસે ઈન્દ્રાદિ દેવો અને મનુષ્યોએ મળી પ્રભુનું "ઋષભદેવ" પાડયું. પ્રભુ જ્યારે ગર્ભમાં આવ્યા ત્યારે માતાએ જે ચૌદ સ્વપ્ન જોયાં હતાં તેમાં પ્રથમ સ્વપ્ન ઋષભનું જોયું હતું. જગતમાં ઋષભ એ શ્રેષ્ઠ પ્રાણી છે અને માનવ ઉપર તેના અનેક ઉપકારો છે.

ઈન્દ્રે ઋષભકુમારના જમણા હાથનાં અંગૂઠામાં પિયૂષ રસનું સિંચન કરેલું તેથી ઋષભકુમાર માતાના સ્તનપાનને બદલે અંગૂઠાને મુખમાં રાખી અમૃતપાન કરી શરીરને પોષણ આપતા હતા. પ્રભુ એક વર્ષની ઉમરના થયા ત્યારે, એક વખતે, તે તેમના પિતાના ખોળામાં રમતા હતા. તે વખતે ઈન્દ્રે આવીને પ્રભુને શેરડીનો સાંઠો આપ્યો, અને બીજી વસ્તુ-ઓમાંથી પ્રથમ (ઈક્ષુ) શેરડીનો સાંઠો પ્રભુએ હાથમાં લીધો તે વખતથી, પ્રભુના વંશનું ઈક્ષ્વાકુ વંશ નામ પડયું. જે ઈક્ષ્વાકુ વંશમાં ૨૦ મા તીર્થંકરના સમયે શ્રી રામચંદ્રજી થયા, તે ઈક્ષ્વાકુ વંશની સ્થાપના પ્રભુ ઋષભદેવથી થઈ.

પ્રભુ જન્મથી જ મતિ, શ્રુત અને અવધિ, એ ત્રણ જ્ઞાન સહિત હતા, એટલે પોતાનું અને સામાન્ય પ્રમાણમાં બીજા-

ઓનું ભૂત, ભવિષ્ય, વર્તમાન જાણી શકતા. તેમને રમત ગમત કે બાળક્રીડા કરવાની જરૂર કે ઈચ્છા હતી નહિ, પરંતુ મહાપુરૂષો વડીલોને રાજી કરવા અને માતાપિતાના સંતોષ અર્થે કેટલાક નિર્દોષ વ્યવહાર કરે છે. પોતે વિરક્ત ભાવે રહીને, અતિ આસક્ત મનુષ્યના જેવો અને જેટલો જ વ્યવહાર કરે છે. પૂર્વકૃત પુણ્ય કર્મ બંધનનાં પરિણામો ભોગવ્યા સિવાય આત્માની મુક્તિ હોઈ શકે નહિ, અને કેટલાક વ્યવહાર વડીલોના મનરંજન અર્થે અથવા તો બીજાઓને એ માર્ગે દોરવા માટે પોતે આચરી બતાવે છે. એવા વ્યવહારો અજ્ઞાનીઓ આસક્તિથી આચરે છે અને જ્ઞાનીઓ અનાસકતપણે આચરે છે. આસકિતથી કરાતો વ્યવહાર નવા કર્મનાં–જન્મ જન્માંતરનાં બંધનને વધારનારો થાય છે, જ્યારે અનાસકત વ્યવહાર આત્માની મુકિતના નિમિત્ત રૂપ બને છે. વ્યવહાર દેખાવે સમાન હોવા છતાં તેની પાછળની ભાવનાએ કરીને શુભાશુભનો ભેદ પડે છે. ઋષભદેવનો સર્વ વ્યવહાર અનાસકતપણે હતો, કારણકે તે જ્ઞાની હતા. તેમનો વ્યવહાર એ કારણે કરીને નવાં કર્મને બાંધનાર ન થયો.

યુગલીયાઓ બાળક્રીડાની રીત જાણતા ન હોવાના કારણે દેવો નાનાં બાળકોનાં રૂપ લઈને વિધવિધ રમતો કરવા માટે પ્રભુ પાસે આવતા અને તેમની સાથે બાળક્રીડા કરતા.

ઋષભદેવના જન્મ સુધી તો માનવીમાં યુગલપણું હતું, એટલે કે દરેક દંપતી પોતાની ઉત્તરાવસ્થામાં એક પુત્ર અને એક પુત્રીને જન્મ આપે, અને તેનું અમુક સમય સુધી પાલન કરે અને પછી તે દંપતી એકી સાથે મૃત્યુ પામે. તેમના

મરણ પછી જે ભાઈ બહેન તરીકે જન્મ્યાં હોય તે જ પતિ પત્ની થાય, અન્યનાં સંતાનો સાથે લગ્નગ્રંથીથી જોડાય નહિ. દરેક યુગલીયાને એક યુગલ–જોડા સિવાય વધુ સંતાન જન્મે જ નહિ. તેઓ સાથે જન્મે અને મૃત્યુ પણ સાથે જ પામે. એ મુજબ ઋષભદેવ કુમાર અને સુમંગળા કુમારી બંને સાથે જ જન્મ્યાં હતાં.

એક વખત દેવકુમારો અને યુગલીયાઓ ઋષભકુમારની સાથે રમત કરતા હતા, તેવામાં એક યુગલ (ભાઈ બ્હેન તરીકે સાથે જન્મેલું અને પતિ પત્ની તરીકે નિર્માએલું જોડલું) બીજા કુમારોથી છુટું પડી એક તાડના ઝાડ નીચે જઈને બેઠું. એવામાં અકસ્માત તાડના ઝાડ પરથી તાડનું ફળ પડયું અને યુગલમાં જે પુરૂષ વ્યકિત હતી તેના માથા પર પડયું. તે તાડફળ પડતાંની સાથે જ પુરુષનું મસ્તક તૂટી ગયું અને ત્યાં જ તે મરણ પામ્યો. પેલી સ્ત્રી એકલી થઈ. તેનું નામ સુનંદા હતું. તેના સાથી અને પતિનું મૃત્યુ થવાથી તે દિગ્મૂઢ જેવી બની. બીજા યુગલીઆઓ એકઠા થઈ સુનંદાને શ્રી નાભિ કુલકર પાસે લઈ ગયા, અને પૂછયું કે, આ પતિ-રહિતાનું હવે શું કરવું? જવાબમાં શ્રી નાભિ કુલકરે કહ્યું: "આ સુનંદા ઋષભદેવનાં ધર્મપત્ની હો!" આ જવાબથી યુગલીયા રાજી થયા અને સુનંદા પણ આનંદી.

યુવાવસ્થાએ ઋષભકુમારને પહોંચેલા જોઈ ઇન્દ્રે આવી લગ્ન કરવા માટે પ્રભુને વિનવ્યા. પોતાને પૂર્વનાં ભોગાવળી કર્મ ભોગવવાં બાકી રહેલાં જાણી પ્રભુએ લગ્ન માટે સમ્મતિ આપી.

ઇન્દ્ર અને દેવદેવીઓએ મળી લગ્ન માટે મંડપરચના-થી માંડીને લગ્નની સર્વ વિધિ કરી. ઋષભકુમાર સાથે સુમંગળા (ઋષભકુમાર સાથે જ જન્મેલાં) અને સુનંદા બેઉનું એક જ વખતે લગ્ન કરાવ્યું. એ રીતે પ્રભુ ગૃહસ્થાશ્રમી બન્યા. ભરતખંડમાં લગ્નનો વિધિ કરવાની પ્રણાલિકા એ વખતથી શરૂ થએલી મનાય છે.

અનાસક્તપણે શુભ કર્મનું દેવું ચૂકવવાની વૃત્તિથી, બંને સ્ત્રીઓ સાથે ગૃહસ્થાશ્રમ ભોગવતા થકા, સુમંગળાની કુક્ષીથી પ્રથમ ભરત કુમાર અને બ્રાહ્મી કુમારીનો જોડલે જન્મ થયો. સુનંદાને બાહુબલી અને સુંદરીનું જોડલું જન્મ્યું. સુમંગળાએ પ્રથમ ભરત અને બ્રાહ્મીને જન્મ આપ્યા પછી અનુક્રમે ૯૮ પુત્રોને જન્મ આપ્યો, અને એ બધા પ્રાભાવિક અને શક્તિ-સંપન્ન થયા.

જેમ વ્યક્તિગત પુણ્ય પાપની વૃદ્ધિ–હાનિ થાય છે, અને તેને લીધે માનવી સુખી–દુઃખી થાય છે, ધનાદિ જેવાં સ્થૂલ સુખનાં સાધનો મેળવે છે કે ગુમાવે છે, તેવી જ રીતે સમાજ-ગત કે સમષ્ટિનાં પણ પુણ્ય–પાપની વૃદ્ધિ હાનિ થાય છે. સામાજિક પુણ્યવૃદ્ધિ થવાથી સમાજ સુખી, ધનિક, અને માનપ્રતિષ્ઠાથી યશસ્વી બને છે. જ્યારે સામાજિક પુણ્યની હાનિ થાય છે અને પાપની વૃદ્ધિ થાય છે, ત્યારે આખોએ સમાજ દુઃખી, નિર્ધન અને માનપ્રતિષ્ઠાથી હીન બની જાય છે. પુણ્યનો ક્ષય થાય ત્યારે જીવનનિર્વાહનાં સાધનો મેળવવાં એ પણ મુશ્કેલ થઈ પડે છે, અને જે કાંઈ થોડાં ઘણાં મળતાં હોય, તે લઈ જવા માટે સમાજમાં દોડા–દોડી પડા–પડી ચાલે છે.

તેને અંગે પરસ્પર ક્લેશ, અને ક્લેશને અંગે વેર તથા પરિણામે અનેક પ્રકારની હાનિ અનુભવાય છે.

યુગલીયાઓને તેમના પુણ્યયોગે જીવનસાધનો કુદરત પૂરાં પાડતી હતી. તે જીવનસાધનો મળવાં મુશ્કેલ થવા લાગ્યાં, અને જાણે કુદરત કંજૂસ બની ગઈ હોય અથવા યુગલીયા પ્રત્યે રોષે ભરાઈ હોય તેમ યુગલીયાઓને ખાવા-પીવાનાં, શરીર નભાવવાનાં સાધનો પુરતા પ્રમાણમાં ન મળવા લાગ્યાં. એથી તેઓ પરસ્પર લડવા લાગ્યા. એ ઝઘડા મટાડવા માટે અને સહુ કોઈને મર્યાદામાં રાખવા માટે કોઈ રાજાની જરૂર જણાઈ. યુગલીયાઓએ એકઠા થઈ શ્રી નાભિ કુલકર પાસે જઈ રાજાની માગણી કરી, અને નાભિ કુલકરે ઋષભદેવને તેમના રાજા તરીકે સોંપ્યા.

રાજ્યાભિષેકનો વિધિ યુગલીયા જાણતા નહોતા, તેથી ઈન્દ્ર અને દેવદેવીઓએ આવી ઋષભદેવનો રાજ્યાભિષેક કર્યો. તે વખતથી રાજા અને રાજ્યની પ્રથા શરૂ થઈ એમ જૈન શાસ્ત્રો કહે છે. જે વખતે ઋષભદેવને રાજ્યપદ આપ્યું તે વખતે ઈન્દ્રની આજ્ઞાથી કુબેર નામના દેવે વિનીતા નામની ૪૮ ગાઉ લાંબી અને ૩૬ ગાઉ પહોળી નગરી ધનધાન્યથી ભરપૂર તૈયાર કરી આપી.

પ્રભુ ઋષભદેવ વીશ લાખ પૂર્વની ઉંમરના થયા ત્યારે તે રાજા થયા. રાજા થઈને તે વૈભવ કે વિલાસમાં આસક્ત થયા નહિ, પણ પ્રજાના-નાના મોટા સર્વ જંતુઓના સાચા રક્ષક બન્યા.

યુગલીયાઓને જ્યારે કુદરતી સહાય મળતી અટકી, ખોરાક વગેરેનાં સાધનો મળવામાં મુશ્કેલી પડવા લાગી, ત્યારે તેમણે

એકઠા મળી પોતાના રાજા પાસે આવી તે બાબતની ફરિયાદ કરી. રાજા ઋભભદેવે કહ્યું કેઃ "જે ધાન્ય છે તેને ચોળી, ફોતરાં ઉખાડી નાખીને ખાવ, જેથી તમારી ક્ષુધા શાન્ત થશે." યુગલીયાઓએ તે મુજબ કર્યું. પણ કાચું ધાન્ય પાચન થઈ શકયું નહિ, તેથી ફરી રાજા સમક્ષ ફરિયાદ કરી. પ્રભુ ઋષભદેવે કહ્યું કે "ધાન્યને હાથથી ઘસી પાણીમાં પલાળી, નરમ બને એટલે તેનો ઉપયોગ કરો." યુગલીયાઓએ તે પ્રમાણે કર્યું, અને થોડા દિવસમાં ફરી પાછી પ્રભુ પાસે રાવ કરી કે "આપના કહેવા મુજબ અનાજ પલાળીને ખાવા છતાં અમને તે પચતું નથી, તો હવે કેમ કરવું?" પ્રભુએ કહ્યું: "અનાજને પ્રથમની માફક પલાળી પછી તેને હાથની મૂઠીમાં અથવા જેથી કરી તે અનાજને ગરમી લાગે તેવી રીતે શરીર સાથે રાખી ગરમ કરીને ખાવ, જેથી તમને તેનું પાચન થશે." યુગલીયાઓએ તે પ્રમાણે કરવા માંડયું, છતાં જોઈએ તેવું તે અનાજનું પણ પાચન થયું નહિ. એથી લોકો હતાશ થયા.

એવામાં અરણી વગેરેનાં લાકડાંનું પરસ્પર ઘર્ષણ થવાથી અગ્નિ ઉત્પન્ન થયો એ જોઈને યુગલીયા ભડકયા અને પોતાના રાજા પાસે જઈ જાહેર કર્યું કે "જંગલમાં કોઈ વ્યંતર પેદા થયો છે તે બધી વસ્તુને ખાઈ જાય છે." પ્રભુએ કહ્યું કે "તમારે ખાવાનું અનાજ તેમાં પકવીને તમે ખાશો તો તમને પાચન થશે."

પ્રભુના કહેવાનો પરમાર્થ યુગલીયા ન સમજ્યા, એથી પોતા પાસેનું અનાજ અગ્નિમાં નાખવા માંડયું અને અગ્નિમાં

પડેલું અનાજ બળીને ખાખ થવા લાગ્યું. તેઓએ વળી રાજા પાસે રાવ ખાધી કે, "એ તો એવો ભૂખાળવો છે કે અમે જે જે તેને આપીએ છીએ, તે પોતે બધું ખાઈ જાય છે, અમને કાંઈ પણ પાછું આપતો નથી." સરલ હૃદયના યુગલીયાઓની વાત સાંભળી અનંત દયાળુ પ્રભુએ અનાજને કેવી રીતે રાંધવું, અગ્નિ કેમ ઉત્પન્ન કરવો, તેનો ઉપયોગ કેવી રીતે કરવો, કેમ ખાવું, વગેરે પાકશાસ્ત્ર અને આહારવિધિ સર્વને શીખવ્યાં. તે ઉપરાંત અનાજ પકવવા માટે અને રસોઈ વગેરે બનાવવા માટે પ્રભુએ હાથીએ બેઠાં બેઠાં માટીનાં વાસણ ઘડી બતાવ્યાં, એમ કુંભારની કળા પ્રભુએ લોકોને શીખવી. એની સાથે રાજનીતિ–રાજ્યવ્યવહારની અને પ્રજાપાલનની તથા મનુષ્યના જીવનવ્યવહારની સર્વ કળાઓ તેમણે જુદા જુદા વખતે જનતાને શીખવી. એટલે કે, પ્રભુએ પાંચ પ્રકારની શિલ્પકળા શીખવીઃ (૧) કુંભકાર, (૨) ચિત્રકાર–ચિત્રકળા, (૩) વાર્ધકી (ઘર બાંધવાની કળા), (૪) વણકરી અને (૫) નાપિત. લોકોને આજીવિકાને માટે પ્રભુએ તૃણહર, કાષ્ટહર, કૃષિ (ખેતી) અને વ્યાપાર વગેરે બતાવ્યાં અને શિખવ્યાં. શામ, દામ, ભેદ અને દંડ એ ચાર પ્રકારની રાજનીતિ પણ શીખવી, અને મોટા પુત્ર ભરત કુમારને બહોંતેર કળા શીખવી. ભરતે પોતાના બીજા ભાઈઓને તેમજ પુત્રાદિ સર્વને એ બહોંતેર કળાઓ શીખવી. તે ૭૨ કળાઓ આ પ્રમાણે છેઃ (૧) લખવાની કળા, (૨) ગણિતની કળા, (૩) ગીતકળા, (૪) નૃત્યકળા, (૫) વાદ્યકળા, (૬) પઠન, (૭) શિક્ષા, (૮) જ્યોતિષ, (૯) છંદ, (૧૦) અલંકાર, (૧૧) વ્યાકરણ, (૧૨) નિર્યુક્તિ, (૧૩) કાવ્ય, (૧૪) કાત્યાયન, (૧૫) નિઘંટ (નામ-

માળા), (૧૬) ગજારોહણ, (૧૭) અશ્વારોહણ, (૧૮) તપો શિક્ષા, (૧૯) શસ્ત્રાભ્યાસ (શસ્ત્ર ઓળખવવાની અને ચલાવવાની કળા), (૨૦) રસ, (૨૧) મંત્ર, (૨૨) યંત્ર, (૨૩) વિષ, (૨૪) ખત્ય, (૨૫) ગંધવાદ, (૨૬) પ્રાકૃત, (૨૭) સંસ્કૃત, (૨૮) પૈશાચિક, (૨૯) અપભ્રંશ ભાષા, (૩૦) સ્મૃતિ, (૩૧) પુરાણ, (૩૨) વિધિ, (૩૩) સિદ્ધાન્ત, (૩૪) તર્કવિચાર, (૩૫) વૈદક, (૩૬) વેદ, (૩૭) આગમ, (૩૮) સંહિતા, (૩૯) ઇતિહાસ, (૪૦) સામુદ્રિક, (૪૧) વિજ્ઞાન, (૪૨) આર્યક વિદ્યા, (૪૩) રસાયન, (૪૪) કપટ, (૪૫) વિદ્યાનુવાદ, (૪૬) દર્શન, (૪૭) સંસ્કાર, (૪૮) ધૂર્તતા, (૪૯) મણિકર્મ, (૫૦) તરૂચિકિત્સા, (૫૧) ખેચરી કળા, (૫૨) અમરી કળા, (૫૩) ઈન્દ્રજાલ, (૫૪) પાતાલસિદ્ધિ, (૫૫) યંત્રકરસવતી, (૫૬) સર્વકરણી (૫૭) પ્રાસાદ-લક્ષણ, (૫૮) પણ-હાટની કળા, (૫૯) ચિત્રકળા, (૬૦) લેપકર્મ, (૬૧) ચર્મકર્મ, (૬૨) પત્રછેદ, (૬૩) નખછેદ, (૬૪) વાહનપરીક્ષા, (૬૫) વશીકરણ, (૬૬) કાષ્ટઘટન, (૬૭) દેશભાષા, (૬૮) ગારૂડીકળા, (૬૯) યોગાંગ, (૭૦) ધાતુકર્મ (૭૧), કેલિવિધિ અને (૭૨) શકુનકળા.

એ બહોંતેર કળા બીજા નામે પણ જુદાં જુદાં પુસ્તકોમાં લખેલી છે, એ બહોંતેર કળા પ્રભુએ ભરત કુમારને શીખવી. તેની સાથે સ્ત્રીઓની ચોસઠ કળા પણ શીખવી તે નીચે મુજબઃ—

(૧) નૃત્ય, (૨) ઉચિત, (૩) ચિત્ર, (૪) વાજિંત્ર, (૫) મંત્ર, (૬) તંત્ર, (૭) ધનવૃષ્ટિ, (૮) ફલવૃષ્ટિ, (૯) સંસ્કૃત જલ્પન, (૧૦) ક્રિયાકલ્પ, (૧૧) જ્ઞાન, (૧૨) વિજ્ઞાન, (૧૩) દંભ, (૧૪) અંબુસ્તંભ, (૧૫) ગીતગાન, (૧૬) તાલમાન, (૧૭) આકાર

ગોપન, (૧૮) આરામ રોપન, (૧૯) કાવ્યશક્તિ, (૨૦) વક્રોક્તિ (૨૧) નરલક્ષણ, (૨૨) ગજપરીક્ષા, (૨૩) હયપરીક્ષા, (૨૪) શકુનવિચાર, (૨૫) ધર્માચાર, (૨૭) અંજનયોગ, (૨૮) ચૂર્ણ-યોગ, (૨૯) ગૃહિધર્મ, (૩૦) સુપ્રસાદન કર્મ, (૩૧) કનકસિદ્ધિ, (૩૨) વર્ણિકાવૃદ્ધિ, (૩૩) વાક્પાટવ, (૩૪) કરલાઘવ, (૩૫) લલિત ચરણ, (૩૬) તેલ સુરભિકરણ, (૩૭) ભૃત્યોપચાર, (૩૮) ગેહાચાર, (૩૯) વ્યાકરણ, (૪૦) પરનિરાકરણ, (૪૧) વીણા-નાદ, (૪૨) વિતંડાવાદ, (૪૩) અંકસ્થિતિ, (૪૪) જનાચાર, (૪૫) કુંભભ્રમ, (૪૬) સારીશ્રમ, (૪૭) રત્નમણિભેદ, (૪૮) લિપિપરિચ્છેદ, (૪૯) વૈદ્યક્રિયા, (૫૦) કામવિકરણ, (૫૧) રંધન, (૫૨) કેશબંધન, (૫૩) શાલિખંડન, (૫૪) મુખ-મંડન, (૫૫) કથાકથન, (૫૬) કુસુમગુંથન, (૫૭) વરવેશ, (૫૮) સર્વ ભાષાવિશેષ, (૫૯) વાણિજ્ય, (૬૦) ભોજ્ય, (૬૧) અભિધાન પરિજ્ઞાન, (૬૨) આભરણ યથાસ્થાન પરિધાન વિધિ, (૬૩) અંત્યાક્ષરિકા, અને (૬૪) પ્રશ્નપહેલિકા. આ કળાઓમાં પણ પાઠભેદ–નામાંતર છે.

બાહુબળજીને પ્રભુએ અશ્વ, હાથી, સ્ત્રી અને પુરૂષનાં અનેક પ્રકારનાં લક્ષણો તથા તે સર્વને શુભાશુભ રીતે જાણવાના ભેદો વગેરે શિખવ્યા.

બ્રાહ્મી પુત્રીને પ્રભુએ અઢાર જાતની લિપિ શિખવી:—

(૧) હંસલિપિ, (૨) ભૂતલિપિ, (૩) પક્ષલિપિ, (૪) રાક્ષસ લિપિ, (૫) ઉડિલિપિ. (૬) યાવની લિપિ, (૭) તુરકી લિપિ, (૮) કીરીલિપિ, (૯) દ્રાવડી લિપિ, (૧૦) સૈંધવી લિપિ, (૧૧) માલવી લિપિ, (૧૨) નડી લિપિ, (૧૩) નાગરી લિપિ,

(૧૪) લાટિ લિપિ, (૧૫) પારસી લિપિ, (૧૬) અનિમિંતિ લિપિ, (૧૭) વાણિકી લિપિ, (૧૮) મૂલદેવી લિપિ.

સુંદરીને પ્રભુએ ગણિતવિદ્યા વગેરે શિખવ્યું. વસ્તુઓનાં માન, ઉન્માન, અવમાન તેમજ પ્રતિમાન વગેરે શિખવવાની સાથે મણિરત્નાદિની પરીક્ષા અને તેને પરોવવા વગેરેની અનેક પ્રકારની કળાઓનો તેમાં સમાવેશ થાય છે.

વાદી પ્રતિવાદીનો વ્યવહાર, રાજા, અધ્યક્ષ, ગુરુકુળ વગેરે અને હસ્તી વગેરેની પૂજા, ધનુર્વેદ, વૈદક, સંગ્રામ, અર્થશાસ્ત્ર, બંધ, ઘાત, વધ, ગોષ્ઠી વગેરે ત્યારથી પ્રચલિત થયાં, અને વ્યવહારની સર્વ નીતિ પ્રભુએ પ્રચલિત કરી.

એવી રીતે ઋષભદેવે ત્રેસઠ લાખ પૂર્વ સુધી રાજ્ય-સંપત્તિ ભોગવી. એક વખતે વસંત ઋતુમાં નગર બહારના ઉદ્યાનમાં સર્વ લોકોને વસંતક્રીડા કરતા જોઈ પ્રભુએ પોતાના અવધિજ્ઞાન વડે આવી જ રીતે વસંતક્રીડા કરવાનો પોતાનો પૂર્વ ભવ જોયો, અને પૂર્વનાં ભોગાવળી કર્મ પૂર્ણ થયેલાં હોવાથી પ્રભુને સંસારની અસ્થિરતા પર ખૂબ વિચાર થયો. અજ્ઞાન મનુષ્યો મોહને વશ બનીને આત્મઘાત કેવી રીતે કરી રહ્યા છે, તે પણ તેમણે તે સમયે વિચાર્યું. પ્રથમ પોતે મોહને સર્વથા દૂર કરી, યથાર્થ જ્ઞાન સંપાદન કરી, પછી જગતના લોકોને એ માર્ગે દોરવાનો તેમણે વિચાર કર્યો; એટલુંજ નહિ પણ ગૃહસ્થાશ્રમની સર્વ પ્રવૃત્તિનો-જેથી કરી આત્મા રાગદ્વેષનાં બંધનોથી બંધાય અને સંસારનાં જન્મ જરા મરણનાં દુઃખો ભોગવે તેવી સર્વ પ્રવૃત્તિનો-ત્યાગ કરી એકાન્ત આત્મમુક્તિના માર્ગને ગ્રહણ કરવાનો તેમણે નિશ્ચય કર્યો.

બીજે દિવસે પ્રભુએ પોતાના રાજ્યના અમાત્ય, સામંત અને નગર નાયકો વગેરેને અને પ્રજાજનોને એકઠા કર્યા અને સર્વની સમ્મતિથી ભરતને રાજ્યાભિષેક કર્યો, તથા બાહુબલી વગેરે સર્વ પૌત્રોને યોગ્ય દેશ વગેરે વહેંચી આપ્યા.

પછી એક વર્ષ સુધી પ્રભુએ વર્ષીદાન આપ્યું. હમેશાં દોઢ પ્રહર દિવસ ચડતાં સુધીમાં જે કોઈ આવે તેને પ્રભુ દાન આપતા. તે રોજ એક ક્રોડ અને આઠ લાખ સોનૈયાનું દાન આપતા હતા. એ રીતે એક વર્ષ પર્યન્ત અખંડિતપણે દાન આપતાં વર્ષાન્તે ત્રણ સો અઠયાસી ક્રોડ અને એંશી લાખ સુવર્ણમહોરોનું દાન આપ્યું.

વર્ષાન્તે ઇન્દ્રોએ આવી દીક્ષા મહોત્સવ કર્યો. તે વખતે દેવ-દેવીઓ અને મનુષ્ય-મનુષ્યણીઓએ પ્રભુનો અપૂર્વ દીક્ષા મહોત્સવ ઉજવ્યો, અને અપાર આનંદ અનુભવ્યો.

પ્રભુએ જે વખતે દીક્ષા લીધી, તે વખતે પ્રભુને મનુષ્યાદિ સર્વ પ્રાણીઓના મનોગત ભાવને જાણી શકે તેવું મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થયું. પ્રભુને જન્મથી ત્રણ જ્ઞાન તો હતાં જ, અને ચોથું જ્ઞાન દીક્ષા લેતી વખતે થયું. પ્રભુની સાથે કચ્છ-મહાકચ્છ વગેરે રાજાઓ અને રાજપુત્રો મળી ૪૦૦૦ મનુષ્યોએ પણ દીક્ષા લીધી. પ્રભુએ પંચમુષ્ટી લોચ કરી, સર્વથા સાવદ્યકર્મ કરવાની પ્રતિજ્ઞા કરી. દીક્ષા વખતે પ્રભુને છઠ-(બે ઉપવાસ) નો તપ હતો. દીક્ષા લઈ પ્રભુએ મર્યાદિત મૌન ધારણ કર્યું.

પારણાના દિવસે પ્રભુને આહારાદિ પદાર્થો ન મળ્યા, એથી પ્રભુની સાથે રહેલા બીજા મુનિવરોને પણ આહારાદિ

ન મળ્યા, તેથી ભૂખ્યા રહેવું પડ્યું. વ્યવહારથી અજ્ઞ એવા સરલ હૃદયના મનુષ્યો પ્રભુને આહારાદિ આપવાનું સમજતા ન હતા. તેઓ હાથી ઘોડા વગેરે વાહનો, સોનું, રૂપું, મણિ, મોતી વગેરેનાં આભૂષણો અને યુવાન કન્યાઓ તૈયાર કરીને પ્રભુને ભેટ ધરવા આવતા. "આપણા રાજાને ખોરાકનો શું તોટો છે? અને ખોરાક આપવો એ તો અયોગ્ય કહેવાય" એમ ધારી તેઓ વાહન વગેરે પ્રભુને ભેટ ધરતા. પણ વીત-રાગ પ્રભુ તેની સામે દૃષ્ટિપાત પણ કરતા નહિ, તેમજ ખોરાક નહિ આપનાર પ્રત્યે સ્હેજ પણ રોષ કે ખેદ ધારણ કરતા નહિ. એ રીતે તે સમભાવે આર્યદેશમાં વિચરવા લાગ્યા.

એમ વિહરતાં વિહરતાં પ્રભુ અગ્લાન ભાવે, ક્ષુધાદિ પરિષહ સહન કરતા હતા, પણ સાથેના મુનિઓથી તે પરિષહો સહન થયાં નહિ, તેથી ધીમેધીમે મુનિપણું મૂકીને સર્વેએ ગંગા નદીના કીનારે તાપસપણું સ્વીકારી વનમાં રહેવા માંડ્યું અને કંદ, ફળ ફૂલનો આહાર કરી જીવન વ્યવહાર ચલાવવા માંડ્યો. તે દિવસથી તાપસપણું પ્રવર્ત્યું, એમ જૈન શાસ્ત્રકરો માને છે.

એક વર્ષ દિવસ સુધી પ્રભુ ઋષભદેવ સ્વામીને આહાર પાણી ન મળ્યાં કારણકે તેમને અંતરાય કર્મનો યોગ હતો. એ અંતરાય કર્મ માટે એમ કહેવાય છે કે ખેતીનું કામ કરતા યુગલીયાએ આવી ઋષભરાજા પાસે ફરિયાદ કરી કે ખળાંમાં અનાજ સાફ કરતાં અને ખેતરમાં તૈયાર થતાં અનાજને બળદો ખાઈ જાય છે, અને અમારૂં કહ્યું તેઓ માનતા નથી, તો હવે અમારે શું કરવું? પ્રભુએ ખળાં વગેરેનું કામ કરતી વખતે બળદના મોઢે સીંકલી બાંધવાનું કહ્યું. યુગલીયાઓએ તેમ કર્યું.

કામ થઈ રહ્યા પછી સીંકલી છોડી લેવી જોઇએ એવું યુગલી-આઓને જ્ઞાન ન હોવાના કારણે સીંકલી છોડ્યા વિના જ બળદને ખાવા માટે ચાર ઘાસ વગેરે નાખ્યું, પાણી પાવા માંડયું, પણ મોઢું બરાબર બંધાઈ ગએલ હોવાથી બળદ કાંઇ પણ ખાઈ પી શકયા નહિ અને બાર ઘડી સુધી ભૂખ્યા અને તરસ્યા રહ્યા. વળી યુગલીઆઓએ પ્રભુ પાસે જઇ રાડ કરી કે બળદો રીસાયા છે, તે હવે કાંઈ પણ ખાતાપીતા નથી, અને અમારા મનાવ્યા માનતા નથી તો હવે શું કરવું? પ્રભુએ સીંકલી છોડી નાખવાનું કહ્યું; અને યુગલીઆઓએ એમ કર્યું, પછી બળદો ખાવા–પીવા લાગ્યા. આ બાર ઘડી સુધી બળદને જે અંતરાય પડી, તે અંતરાય કર્મના પરિણામ તરીકે જ પ્રભુને બાર મહીના સુધી આહાર પાણી કાંઇ ન મળ્યું).*

વર્ષ દિવસને અંતે આહારાદિ અંતરાયનું કર્મ તૂટી ગયું; એવે વખતે ગજપુર નગરમાં બાહુબલીના પૌત્ર શ્રેયાંસકુમારને રાત્રિએ સ્વપ્ન આવ્યું કે "ચારે બાજુથી શ્યામ થઈ ગએલ સુવર્ણગિરિ (મેરૂ) પર્વતને મેં દૂધના ઘડાથી સિંચન કરીને ઉજ્જ્વલ બનાવ્યો." એ જ રાત્રે શ્રેયાંસકુમારના પિતા સોમ-યશ રાજાએ એવું સ્વપ્ન જોયું કે "ઘણા શત્રુથી ઘેરાયેલા કોઈ રાજાએ પોતાના પુત્ર શ્રેયાંસકુમારની સહાયથી વિજય પ્રાપ્ત કર્યો." અને એ જ રાત્રે એ જ વખતે રાજાના મંત્રી સુબુદ્ધિને પણ સ્વપ્ન આવ્યું કે, "સૂર્યથી દૂર ખસી ગએલાં–છૂટાં પડેલાં હજાર કિરણો શ્રી શ્રેયાંસકુમારે સૂર્ય સાથે જોડી દીધાં અને તેથી સૂર્ય અતિ પ્રકાશિત બન્યો." આવી રીતે એક જ રાત્રે અને એક જ

* આ હકીકત 'ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર" વગેરેમાં જોવામાં નથી આવતી, પણ કલ્પસૂત્ર વગેરે કેટલેક ઠેકાણે જોવામાં આવે છે.

વખતે ત્રણેને સ્વપ્ન આવ્યાં. પ્રભાતે ત્રણેએ એકઠાં મળી પોત-પોતાને આવેલા સ્વપ્નની વાતો કરી, અને એનો પરમાર્થ સમજવા માટે ત્રણે જણાએ ખૂબ વિચારવિનિમય કર્યો, પણ અનુભવના અભાવે તેનો પરમાર્થ સમજી શક્યા નહિ.

બીજે દિવસે બે પ્રહર દિવસ ચડયે પ્રભુ આદિનાથે ભિક્ષા માટે, વર્ષ દિવસના ઉપવાસના પારણા માટે ગજપુર (હસ્તિનાપુર)માં પ્રવેશ કર્યો. લાંબા સમય સુધી પ્રભુ અનાહારી રહેવા છતાં પણ તેમની પ્રભા ઝાંખી થઈ ન હતી.

પ્રભુને જોઈ નગરજનો તેમને વીંટી વળ્યા. કોઈ સ્નાન કરવા માટે, કોઈ અગરચંદનાદિ લેપન કરવા માટે, કોઈ વસ્ત્રાલંકારને માટે, કોઈ પોતાની યુવાન પુત્રીઓને ગ્રહણ કરવા માટે, અને કોઇ પોતાને ત્યાં ભોજન કરવા માટે આગ્રહ–આમંત્રણ કરવા લાગ્યા. પરંતુ વીતરાગ પ્રભુને તો તે સર્વનો ત્યાગ હોવાથી મનથી પણ અનુમોદના કે રાગદ્વેષની સ્હેજ પણ સંભાવના ઉત્પન્ન કર્યા વિના તે મૌનપણે નિર્દોષ ભિક્ષા માટે હસ્તિનાપુરમાં પરિભ્રમણ કરવા લાગ્યા. ફરતાં ફરતાં તેઓ શ્રેયાંસકુમારના રાજમંદિરના ચોકમાં જઇ ચઢ્યા. પ્રભુને પોતાના મંદિરે આવેલા જોઇને શ્રેયાંસકુમારને અપૂર્વ આનંદ થયો. તેમણે એકદમ દોડી જઈ, અતિ ઉલ્લાસપૂર્વક વંદન કરી, નત મસ્તકે પ્રભુની સ્તુતિ કરી. બરાબર એ જ વખતે પ્રભુનો સાધુ વેશ જોઈ શ્રેયાંસકુમારને પૂર્વ ભવો જાણી શકાય તેવું જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પૂર્વ ભવમાં પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં જે વખતે પ્રભુ આદિનાથ વજ્રનાભ નામે ચક્રવર્તી હતા તે વખતે પોતે પોતાના પૂર્વ ભવમાં તેમના

સારથી હતા, વગેરે પૂર્વ ભવ અને પૂર્વ ભવની સર્વ સ્થિતિ જાણી. તે વખતે તેમનો અનુભવ હસ્તામલકવત્ સ્મરણમાં આવ્યો અને પ્રભુને પ્રભુ તરીકે પોતે ઓળખ્યા.

એ જ વખતે કોઈ સેવકે આવી શ્રેયાંસકુમારને ખબર આપી કે "મહારાજ! શેરડીના તાજા રસના ઘડા ભરાઇને આવ્યા છે, તે આપ કૃપા કરી સ્વીકારો."

શ્રેયાંસકુમાર જાતિસ્મરણ જ્ઞાનના યોગથી આહારાદિ વહોરાવવામાં સદોષ-નિર્દોષપણું જાણી શકયા હતા, તેથી ઇક્ષુરસના ઘડા ત્યાં જ મુકાવી તેમણે પ્રભુને વિનંતિ કરી કે: "પ્રભુ! આ રસભિક્ષા નિર્દોષ અને આપ સમા વિરતિએ વહોરવા યોગ્ય પ્રાશુક છે, તો આપ મારા પર કૃપા કરી આટલી ભિક્ષા લેવાનો અનુગ્રહ કરો."

પ્રભુને વરસી તપનું પારણું થતું હતું, ભિક્ષા-ઇક્ષુરસ નિર્દોષ હતો, એટલે પ્રભુએ પોતાના બે હાથ એકઠા કરી, અંજલિ (ખોબો) ધરી અને શ્રેયાંસકુમારે તેમાં શેરડીના રસના ઘડા વહોરાવવા માંડ્યા. એવી રીતે ૧૦૮ ઘડાનો રસ વહોરી પ્રભુએ વરસી તપનું પારણું કર્યું.

વૈશાખ સુદિ ૩ ના દિવસે પ્રભુએ પારણું કર્યું, તેથી તે વખતથી અક્ષય તૃતીયા માનવાની રૂઢિ ચાલી, જે આજ સુધી ચાલી આવેલ છે. પ્રભુની અંજલિમાં ૧૦૮ ઘડાનો રસ સમાયો, જમીન પર એક બિન્દુ પણ પડયું નહિ, તેથી જ અક્ષય તૃતીયા કહેવાય છે.

પ્રભુએ વરસ દિવસને અંતે ક્ષુધાનો અંત આણ્યો, અને શ્રેયાંસકુમારે એ રસદાનથી અનંત જન્મના કર્મરાશિનો અંત

આણ્યો. આ અવસર્પિણી કાળમાં દાનધર્મ પણ શ્રેયાંસકુમારથી જ પ્રવર્ત્યો.

પારણું કરી પ્રભુ વિહાર કરી ગયા. એવી રીતે પ્રભુ મૌનપણે એકાન્ત આત્મસાધના કરતા, અને તપશ્ચર્યાદિથી પૂર્વ કર્મને દહતા, આર્ય–અનાર્ય દેશમાં વિચરતા હતા. એક હજાર વર્ષમાં અનેક દુઃસહ પરિષહોને સહન કરતા હતા. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય, એ ચાર ઘનઘાતી કર્મનો ક્ષય કરી, અયોધ્યા નગરીની બહાર પરા જેવા એક પુરીમતાલ નામના નગરની બહાર ઉત્તર તરફના શકટમુખ નામના ઉદ્યાનમાં અઠમ તપ (ત્રણ દિવસના ઉપવાસ) કરીને વડવૃક્ષ નીચે પ્રભુ ધ્યાનમાં રહ્યા હતા ત્યારે ત્રીજા દિવસે ફાગણ વદી (માહ વદી) અગીઆરસના દિવસે પ્રાતઃકાળમાં ઉત્તરાષાઢા નક્ષત્રનો ચંદ્ર સાથે યોગ થયો હતો ત્યારે પ્રભુને કેવળ જ્ઞાન અને કેવળ દર્શન ઉત્પન્ન થયાં. ઇન્દ્રાદિ દેવો અને મનુષ્યો વગેરેએ મળી કેવળ મહોત્સવ કર્યો, તથા સમવસરણની રચના કરી. તે સમવસરણમાં બેસી પ્રભુએ મનુષ્ય અને મનુષ્યણી, ભુવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી, અને વૈમાનિક એ ચાર જાતના દેવ અને ચાર જાતની દેવીઓ તથા તીર્યંચ અને તીર્યંચણી એ કુલ બાર જાતની પરિષદાને મેઘગર્જના સમા મધુર ધ્વનિએ સંસારસિન્ધુ તરવામાં નાવ સમાન દેશના દીધી.

પ્રભુની દેશના સાંભળી ભરતના પુત્ર તથા પૌત્રોએ મળી લગભગ ૧૨૦૦ જણાએ (૫૦૦ પુત્રો અને ૭૦૦ પૌત્રોએ) તેમજ મરિચી (છેલ્લા તીર્થંકર મહાવીર પ્રભુનો આત્મા કે જે આ વખતે ભરત ચક્રવર્તીના પુત્ર મરિચી નામથી ઓળખાતો) વગેરે

સર્વેએ, તેમજ બ્રાહ્મી આદિ સ્ત્રીઓએ હજારોની સંખ્યામાં દિક્ષા ગ્રહણ કરી, અર્થાત્ આત્મસિદ્ધિના પરમ પદની પ્રાપ્તિના આદિનાથ પ્રભુએ કાઢેલા સંઘમાં તેઓ ભળ્યાં. ભરતાદિ શ્રાવકો અને સુંદરી આદિ શ્રાવિકાઓ થયાં. એ રીતે આ અવસર્પિણી કાળમાં ચાર તીર્થની શરૂઆત શ્રી આદિનાથ પ્રભુએ કરી, અને ઉત્સર્પિણી કાળના છેલ્લા તીર્થંકર દેવ પછી જે ધર્મ આચ્છાદિત થઈ ગએલો તેને ફરી પ્રચલિત કર્યો. પ્રભુએ દેશ દેશાન્તર વિહરી ભુલાઈ ગયેલા ધર્મને ફરી જાગ્રત કર્યો.

એક વખત વિહરતાં પ્રભુ અષ્ટાપદ પર્વત પર પધાર્યા, અને તે વિષેની ખબર ભરત ચક્રી, સુંદરી કુમારી વગેરેને મળી. તેઓ દર્શનાર્થે અષ્ટાપદ પર ગયાં અને પ્રભુએ દેશના આપી. દેશના સાંભળી ઘણાએ ચારિત્ર ગ્રહણ કર્યું, તેની સાથે સુંદરીએ પણ દીક્ષા ગ્રહણ કરી.

ફરી પ્રભુએ ત્યાંથી વિધવિધ દેશોમાં વિહાર કર્યો. એમ વિહરતાં એક લાખ પૂર્વનું ચારિત્ર પાળી, ૮૪ હજાર સાધુ, ૩ લાખ સાધ્વીઓ, ત્રણ લાખ ને પચાસ હજાર શ્રાવકો, અને પાંચ લાખ ચોપન હજાર શ્રાવિકાઓનો સંઘ કરી, અષ્ટાપદ પર્વત પર છ ઉપવાસ કરી, દસ હજાર સાધુ સાથે આદિનાથ પ્રભુ મહા વદી ૧૩ ના દિવસે મોક્ષ પામ્યા.

(૨) શ્રી અજિતનાથ

જમ્બૂદ્વીપના મધ્ય ભાગમાં રહેલા મેરૂ પર્વતના પૂર્વ ભાગમાં, જ્યાં સદાય ચોથા આરા જેવો એક સરખો જ સમય વર્તે છે, જ્યાં કાળનું પરિવર્તન સંભવિત નથી, એવા પૂર્વ

મહાવિદેહમાં વત્સ નામે વિજય (એક ખંડ)માં ધન, ધાન્ય, સમૃદ્ધિથી ભરપુર સુસીમા નામે નગરના વિમળવાહન નામે રાજાને ઉત્તરાવસ્થાની નજીક પહોંચતાં એક દિવસે સંસારની અસારતા, જીવનની ક્ષણિકતા અને મોહનાં બંધનોથી આત્માને થતા ભવભ્રમણોનો ઊંડો અને સમ્યક્ વિચાર ઉદ્‌ભવ્યો. તે વિચારમાં પોતાનું જીવન આત્મસાધના વિના, ધર્મારાધના વિના કેવું વ્યર્થ વિતાવાય છે તેનો સંકલ્પ થતાં, પોતાની મોહવૃત્તિ માટે ખેદ થવા લાગ્યો.

એવા વખતે જ વનપાલકે આવી રાજાને વનમાં–બગીચામાં જ્ઞાની ગુરૂ પધાર્યાની ખબર આપી.

દુષ્કાળથી પીડાતા પોતે અને પોતાનાં આપ્તજનો ક્ષુધા અને તૃષાથી આર્તનાદ કરતાં હોય, તે વખતે કોઈ મિષ્ટાન્નના ભંડાર ખુલ્લા મૂકી દે અને પંચમ આરામાં કલ્પવૃક્ષ સમાન વર્ષાદની ધારાઓ છૂટે, એ વખતે જેમ ક્ષુધાર્ત અને તૃષાતુરને અકથ્ય આનંદ થાય, એથી અનેકગણો આનંદ વનપાલકે આપેલી વધામણીથી ખિન્નચિત્ત વિમળવાહન રાજાને થયો. જીવનમાં ફરી કોઇ પાસે જીવનનિર્વાહ માટે લાંબો હાથ કરવો ન પડે એટલી સંપત્તિ રાજાએ તે વખતે પ્રસન્ન થઈને વનપાલકને એ વધામણી માટે આપી.

રાજા પોતાના પરિવાર સહિત ગુરૂના દર્શનાર્થે ઉદ્યાનમાં આવી, સંપૂર્ણ ભક્તિપૂર્વક વંદનવિધિ કરી, યથાસ્થાને ગુરૂ સન્મુખ બેઠા. જનસમૂહ પણ આચાર્ય દેવનાં દર્શન માટે આવેલો હતો. તે સર્વની સમક્ષ આચાર્યદેવે શ્રી વીતરાગ કથિત સંસારસમુદ્ર તારિણી ધર્મદેશના દીધી. દેશનામાં ધર્મનું

યથાર્થ સ્વરૂપ સાંભળી વિમળવાહન રાજાને વૈરાગ્ય ભાવ વધુ દઢ થયો. પછી પોતે રાજમહેલમાં આવી મંત્રી તથા નગરજનો સમક્ષ, સર્વની સંમતિથી, પોતાના જ્યેષ્ઠ પુત્રને રાજઆદી સોંપી, આચાર્ય પાસે ચારિત્ર અંગીકાર કર્યું અને ઉગ્ર તપશ્ચર્યાદિ કર્યાં. તીર્થંકર પદવી જે કાર્ય વડે પમાય, તેવાં ૨૦ સ્થાનક-૨૦ કાર્યો, તે માંહેનાં કેટલાંક કાર્યોનું આચરણ કરી, શુભ અધ્યવસાયે આયુષ્ય પૂર્ણ કરી વિજય નામના અનુત્તર વિમાને તે દેવપણે ઉત્પન્ન થયા.

તેત્રીસ સાગરનું દેવનું આયુષ્ય પૂર્ણ કરી, તે જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં વિનીતા નામની નગરીના જિતશત્રુ નામના રાજાની વિજયા નામની રાણીની કુક્ષીએ વૈશાખ સુદી ૩ ના દિવસે ગર્ભમાં ઉત્પન્ન થયા. તે વખતે રાણીને ચૌદ સ્વપ્ન જોવામાં આવ્યાં, કે જેવાં સ્વપ્ન શ્રી મારૂદેવી માતાએ જોયાં હતાં.

એક વખતે રાજા અને સગર્ભા રાણી સોગઠાબાજી રમતાં હતાં, તે વખતે એક પણ બાજી રાજા જીતી શક્યા નહિ. દરેક વખતે રાજાની હાર થઈ અને રાણીની જીત થઈ. આ ઉપરથી રાજાએ નક્કી કર્યું કે આ રાણી રમતમાં જે જીતે છે, તે તેની આવડતનો પ્રભાવ નથી પણ તેના ઉદરમાં રહેલા ગર્ભનો પ્રભાવ છે.

સમય વીતતાં નવ મહીના અને સાડાઆઠ દિવસ વ્યતીત થતાં, મહા સુદિ આઠમની રાત્રિએ વિજયા રાણીએ હાથીના ચિહ્નવાળા પુત્રને જન્મ આપ્યો. દેવ-દેવીઓએ અને પછીથી રાજા અને મનુષ્યોએ જન્મમહોત્સવ કર્યો. બારમે દિવસે કુમારનું અજિતકુમાર એવું ગુણનિષ્પન્ન નામ પાડ્યું.

યોગ્ય ઉમરે પહોંચતાં માતાપિતાએ પુત્રને અભ્યાસ કરવા માટે અધ્યાપકની પાસે મૂકયો. અજિતકુમાર જન્મથી જ ત્રણ જ્ઞાન સહિત હોવા છતાં વ્યવહાર સાચવવા–માતાપિતાનાં મનરંજન અર્થે અભ્યાસ કરવા બેઠા, પણ ઈન્દ્રે આવીને જણાવ્યું કે આ અજિતકુમાર અધ્યાપકને ભણાવે તેવા છે.

અજિતકુમાર યુવાવસ્થાએ પહોંચતાં, તેમના પિતાએ અનેક રાજકન્યાઓ સાથે તેમનાં લગ્ન કર્યાં, અને પોતાનાં ભોગાવળી કર્મ ભોગવ્યા વિના છૂટકો નથી, એમ માની પ્રભુએ અનાસક્ત ભાવે લગ્ન કર્યાં.

જિતશત્રુ રાજા પુત્રને રાજકારભાર સોંપી, પોતે દીક્ષા લેઈ, જ્ઞાન–દર્શન–ચારિત્ર–તપની શુદ્ધ આરાધના કરી, સર્વ કર્મનો ક્ષય કરી, કેવળજ્ઞાની થઈ પરમપદે પહોંચ્યા.

ત્રેપન લાખ પૂર્વ સુધી અજિતનાથ પ્રભુએ રાજ્ય ભોગવી, પોતાનાં ભોગાવળી કર્મનો મોટો ભાગ ક્ષય થએલો જાણી, પોતાના કાકા સુમિત્રવિજયના પુત્ર સગર નામે ચક્રવર્તીને રાજ્યગાદી આપી, વરસ દિવસ સુધી દાન દઈ, ઈન્દ્રે અને દેવોએ કરેલા મહોત્સવપૂર્વક ચારિત્ર અંગીકાર કર્યું. જે વખતે ચારિત્રનો 'કરેમિ ભંતે'નો પાઠ ભણ્યા તે જ વખતે મનઃપર્યવ નામે ચોથું જ્ઞાન પ્રભુને ઉત્પન્ન થયું.

પ્રભુએ દીક્ષા લીધી ત્યારે તેમને છઠ તપ હતો. બીજે દિવસ બ્રહ્મદત્ત રાજાને ઘેર ભિક્ષાર્થે પધારતાં, ત્યાં તેમને ખીર ખાંડનો આહાર મળ્યો. પ્રભુએ દીક્ષા લઈ પહેલું પારણું એ બ્રહ્મદત્ત રાજાએ પ્રતિલાભ્યાથી કર્યું. બ્રહ્મદત્તને ત્યાં દેવોએ સાડીબાર ક્રોડ સોનૈયાની વૃષ્ટિ કરી દાનધર્મનો મહિમા જગતને બતાવ્યો.

પ્રભુ અપ્રમત્તપણે એકાન્ત આત્મસાધના માટે કોઈ વન, પહાડ, ગુફા, વિષમ અને ભયકારક સ્થાન, વગેરેમાં એકાકી તથા નિર્ભયપણે વિચરતા હતા. બાર વર્ષે ફરી પાછા જ્યાં દીક્ષા લીધી હતી ત્યાં જ સહસ્રામ્ર વનમાં આવ્યા. ત્યાં સપ્તછદ નામે વૃક્ષ નીચે કાયોત્સર્ગ કરી રહ્યા. એ ધ્યાનાવસ્થામાં અપ્રમત્ત ગુણસ્થાનકે, અને એમ ઉત્તરોત્તર ચડતાં બારમે ગુણસ્થાનકે ચડ્યા. ત્યાં પહોંચતાંની સાથે જ માત્ર બે ઘડી વારમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય, એ ચાર ઘાનઘાતી કર્મનો ક્ષય કરી, વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર કર્મ નામશેષ રહેતાં થકાં પ્રભુ અજિતનાથ કેવળ જ્ઞાન અને કેવળ દર્શન પામ્યા—સર્વજ્ઞ થયા. દેવોએ આવી કેવળ મહોત્સવ કર્યો, અને એકઠી થએલી પરિષદની સન્મુખ પ્રભુએ ધર્મદેશના દીધી.

ભગવાન અજિતનાથ એકાન્ત જનકલ્યાણ અર્થે દેશદેશાન્તર વિહરતા, અનેક ભવ્યાત્માઓને પ્રતિબોધતા હતા. તેમના શાસનમાં પંચાણુ ગણધરો, એક લાખ મુનિઓ, ત્રણ લાખ ત્રીસ હજાર સાધ્વીઓ, બે લાખ અઠાણુ હજાર શ્રાવકો અને પાંચ લાખ પીસ્તાલીસ હજાર શ્રાવિકાઓનો સંઘ હતો. દીક્ષા લીધા પછી એક લાખ પૂર્વમાં એક પૂર્વાંગ ઓછા એવા આયુષ્યને ભોગવી, પ્રભુ વિચરતા વિચરતા સમેતશિખર પર્વત પર પધાર્યા અને ત્યાં પાદોપગમન સંથારો કરી, બહોંતેર લાખ પૂર્વનું આયુષ્ય પૂરું કરી, એક હજાર સાધુઓ સાથે ચૈત્ર સુદી ૫ ને દિવસે મોક્ષ પામ્યા.

---

(૩) શ્રી સંભવનાથ

ધાતકીખંડ દ્વીપના ઐરાવત (ઈરવત) ક્ષેત્રમાં ક્ષેમપરા નગરીમાં શ્રાવકનાં વ્રત ધારણ કરનાર વિપુલવાહન નામે રાજા હતો. શ્રાવકના ૨૧ ગુણોથી અને તે ઉપરાંત રાજાના યોગ્ય ગુણોથી તે યુક્ત હતો. પ્રજાને તે પુત્ર-પુત્રીવત્ પાળતો હતો. એના રાજ્યમાં સર્વ પ્રાણીઓ દુઃખ નામ જાણતાં નહિ.

એક વખતે એ ન્યાયી રાજાના રાજ્યમાં દુષ્કાળ પડયો. અન્ન વિના મનુષ્યો અને પશુપક્ષીઓ ભૂખ્યાં તરસ્યાં અકાળે મૃત્યુને શરણ થવા લાગ્યાં. માત્ર અન્નનો ભંડાર રાજાને ત્યાં ભરપૂર હતો, તેથી તેને કોઈ જાતની ઉપાધિ ન હતી. ભૂખના દુઃખથી તડફડતાં મનુષ્યોને જોઇને રાજાને બહુ દુઃખ થયું. તુર્ત જ તેણે સેવાબુદ્ધિથી પોતાના રસોઇયાને હુકમ કરી દીધો કે "રસોઇનું પ્રમાણ વધારો, અને સાધુ મુનિવરોને અન્ન-પાણી આપીને પછી જે જે સ્વધર્મી જમવા આવે તે સર્વને ભક્તિપૂર્વક જમાડો, કોઈને પણ નાકારો કહેશો નહિ."

રસોઇયાને એવી આજ્ઞા કરી રાજાએ ગામમાં સાદ પડાવી દીધો કે "કોઈ પણ સ્વધર્મી મનુષ્યે ભૂખથી પીડાવું નહિ, અને રાજદરબારમાં આવીને વિનાસંકોચે જમી જવું. રાજ્યની પાસે જે જે સંપદા-સાધન છે તે સર્વ પ્રજાનું છે. એનો ઉપભોગ કરવાનો પ્રથમ હક પ્રજાનો છે, અને પ્રજાની આજ્ઞા અને ઇચ્છાથી જ રાજા એ સાધન-સંપત્તિનો ઉપયોગ કરી શકે છે; માટે કોઈ પણ જાતના સંકોચ વિના લોકોએ જમવા આવવું; રાજા કોઇ પર ઉપકાર કરતો નથી, પણ સેવા કરવાની તેની ફરજ છે તે ફરજ બજાવે છે."

એવી ઉદ્દઘોષણા સાંભળીને અનેક મનુષ્યો રાજ્યના રસોડે જમવાને આવવા લાગ્યા. આવી રીતે આખું વર્ષ રાજાએ નિષ્કામ ભાવે સ્વધર્મીઓની સેવા કરી, એ સેવાના પરિણામે પોતે તીર્થંકર નામ કર્મનું ઉપાર્જન કર્યું.

એક વખત વિપુલવાહન રાજા પોતાના મહેલની અગાશીમાં બેઠો હતો, તે વખતે આકાશમાંથી વરસાદ તૂટી પડે એવું ઘનઘોર વાદળ ચડી આવ્યું. હમણાં આખી પૃથ્વી જળમય કરી મૂકશે એમ જણાયું. પણ એ જ વખતે નૈઋત્ય કોણનો સખત પવન થવાથી જોતજોતાંમાં વાદળું વીખરાઈ ગયું, એક પણ જળબિન્દુ પડ્યું નહિ. આ દેખાવ જોઈ રાજાને સંસાર, ધન–વૈભવ, અને છેવટે શરીરની અસ્થિરતા–ક્ષણિકતા સમજાઈ અને તેનામાં વૈરાગ્યભાવ જાગ્રત થયો.

બીજે દિવસે પોતાના મોટા કુંવર વિમળકીર્તિને રાજ્યકારભાર સોંપી, સ્વયંપ્રભ નામના આચાર્યની પાસે રાજાએ સંયમ અંગીકાર કર્યો. સંયમ લઈ અનેક પ્રકારની તપશ્ચર્યા અને જ્ઞાન ધ્યાનાદિથી શુદ્ધ ચારિત્ર પાળી, આત્માને કર્મથી હળવો કરી, ત્યાંથી આયુષ્યપૂર્ણ કરી, તે આનત નામના નવમા દેવલોકમાં ઉત્પન્ન થયો. દેવનું આયુષ્ય પૂર્ણ કરી જમ્બૂદ્વીપના ભરત ક્ષેત્રમાં શ્રાવસ્તીનગરીના જિતારિ રાજાની સેનાદેવી નામે રાણીની કુક્ષીએ તે પુત્રપણે ઉત્પન્ન થયો. રાણીએ પૂર્વવત્ ચૌદ સ્વપ્નો જોયાં. ગર્ભમાં નવ મહીના અને સાડા સાત દિવસ વ્યતીત કરી, માગસર સુદિ ચૌદશને દિવસે પ્રભુએ જન્મ ધારણ કર્યો, જેને અશ્વનું લાંચ્છન હતું અને સોના જેવો શરીરનો વર્ણ હતો.

પ્રભુ જ્યારે ગર્ભમાં હતા ત્યારે શંબા (સીંગનું) ધાન્ય ઘણું પાકયું હતું તે પરથી પ્રભુનું નામ સંભવનાથ પાડયું. પ્રભુ યોગ્ય ઉમરે અભ્યાસ કરવા ગયા. ઇંદ્રે આવીને અધ્યાપકને સમજાવ્યા કે આ વિદ્યાર્થી તો આખા જગતનો અધ્યાપક છે, તેને બીજાઓ શું ભણાવવાના હતા ?

પ્રભુ યુવાન વયે પહોંચ્યા ત્યારે તેમના પિતાએ અનેક રાજકન્યાઓ પરણાવી, અને પ્રભુએ ભોગાવળી કર્મનો ઉદય માની લગ્ન કર્યાં. પછી રાજાએ પ્રભુ સંભવનાથને રાજ્યકારભાર સોંપી દીક્ષા લઇ આત્મસાધના કરી.

રાજ્ય કરતાં બહુ સમય વીત્યો અને ભોગાવળી કર્મનો ક્ષય થયો જાણી પ્રભુએ વરસી દાન આપી, માગસર સુદિ પૂર્ણિમાના દિવસે દીક્ષા ગ્રહણ કરી. દેવો ઇન્દ્રોએ મળીને દીક્ષા મહોત્સવ કર્યો. દીક્ષા લીધી તે જ વખતે પ્રભુને મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થયું.

દીક્ષાને બીજે દિવસે એ જ શ્રાવસ્તીનગરીમાં સુરેન્દ્રદત્ત રાજાને ત્યાંથી ક્ષીરનું ભોજન લઇ, પ્રભુએ છઠ તપનું પારણું કર્યું, અને ત્યાંથી તે વિહાર કરી ગયા.

દેશ દેશાન્તરમાં અને વન વગડે અપ્રતિબદ્ધપણે વિચરતાં પ્રભુ અનેક પરિષહને સમભાવે સહન કરતા, ચૌદ વર્ષે તે સહસ્રામ્રવનમાં પધાર્યા. ત્યાં શાળ વૃક્ષની નીચે ધ્યાનસ્થ અવસ્થામાં રહી શુકલ ધ્યાનના ચોથે પાયે ચડી, પ્રભુ કેવળ જ્ઞાન, કેવળ દર્શનને પામ્યા. દેવોએ આવી કેવળ મહોત્સવ કર્યો.

શ્રી સંભવનાથ પ્રભુના શાસનમાં બે લાખ સાધુઓ, ત્રણ લાખ ને છત્રીસ હજાર સાધ્વીઓ, બે લાખ ત્રાણુ હજાર શ્રાવકો, અને છ લાખ ને છત્રીસ હજાર શ્રાવિકાઓ થયાં.

મોક્ષકાળ નજીક જાણી પ્રભુ સમેતશિખર પર પધાર્યા અને ત્યાં પાદોપગમન સંથારો કરી એક હજાર સાધુ સાથે સાઠ લાખ પૂર્વનું સંપૂર્ણ આયુષ્ય ભોગવી ચૈત્ર સુદિ ૫ ના દિવસે મોક્ષે પધાર્યા.

---

(૪) શ્રી અભિનંદન સ્વામી

જંબૂદ્વીપના પૂર્વ મહાવિદેહમાં મંગળાવતી વિજયમાં રત્નસંચયા નામે સમૃદ્ધિયુક્ત નગરીમાં મહાબળ નામે રાજા હતા. તે રાજાએ સંસારની અસારતા જાણી શ્રી વિમળસૂરિ આચાર્ય પાસે ચારિત્ર અંગીકાર કર્યું. લાંબા કાળ સુધી શુદ્ધ ચારિત્ર પાળી, જે કાર્યો કરવા વડે તીર્થંકર થઈ શકાય તેવાં કાર્યોનું આરાધન કરી, આયુષ્ય પૂર્ણ કરી, વિજય નામે અનુત્તર વિમાનને વિષે તે મહર્દ્ધિક દેવ થયા.

દેવગતિનું આયુષ્ય પૂર્ણ કરી, જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં અયોધ્યા નગરના સંવર રાજાની સિદ્ધાર્થા નામે રાણીની કુક્ષીએ આવી તે પુત્રપણે ઉત્પન્ન થયા. માતાને ચૌદ સ્વપ્ન આવ્યાં. નવ માસ અને સાડાસાત દિવસ પૂર્ણ થતાં માહ સુદી બીજને દિવસે પ્રભુએ જન્મ ધારણ કર્યો. વાનરના ચિહ્ન અને સોનેરી રંગથી પ્રભુનું શરીર શોભવા લાગ્યું.

પ્રભુ ગર્ભમાં હતા ત્યારે રાજાને અને પ્રજાને ઘણો આનંદ થાય તેવા પ્રસંગો બન્યા, જેથી રાજાએ પુત્રનું ગુણ-નિષ્પન્ન અભિનંદન કુમાર નામ પાડ્યું. પ્રભુ યૌવન વય પામ્યા, ત્યારે રાજાએ અનેક રાજકન્યાઓ સાથે પ્રભુનાં લગ્ન કર્યાં. સંસારસુખ-ભોગાવળી કર્મના ઉદયને અધીન વર્તતાં, સાડા

બાર લાખ પૂર્વ વ્યતીત થયા, ત્યારે તેમના પિતાએ પ્રભુને રાજ્ય સોંપી, પોતે દીક્ષા લઈ આત્મકલ્યાણ કર્યું.

ઘણાં વર્ષપર્યંત રાજ્ય અને સંસારવૈભવ ભોગવી, ભોગાવળી કર્મનો વિપાક અનાસક્તપણે ભોગવી, પ્રભુ દીક્ષા લેવા તૈયાર થયા. લોકાન્તિક દેવોએ આવી પ્રભુને વિનંતિ કરી કે "પ્રભુ! જગતના કલ્યાણ અર્થે આપ ચારિત્ર લઈ વિહરો એ જ આપનો સહજ ધર્મ છે."

પ્રભુએ વરસીદાન દઈ માહ સુદી ૧૨ ના દિવસે ચારિત્ર ગ્રહણ કર્યું. બીજે દિવસે છઠ તપનું પારણું એ જ નગરમાં ઇન્દ્રદત્ત રાજાને ઘેરથી ક્ષીરાદિ વહોરીને કર્યું, અને પછી પ્રભુ વિહાર કરી ગયા.

પ્રભુ છદ્મસ્થપણે અનેક ગામ, નગર, પુર, પાટણ, વન, પર્વત, ગુહામાં અપ્રતિબદ્ધપણે વિહરતા અને સમભાવે પ્રશસ્ત તથા અપ્રશસ્ત પરિષહોને સહન કરતા હતા.

પ્રભુને સહસ્રામ્ર વનમાં છઠ તપના બીજે દિવસે પોષ સુદી ૧૪ ના દિવસે કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું. ઇન્દ્રાદિ સર્વ દેવોએ આવી કેવળ મહોત્સવ કર્યો. પ્રભુ કેવળી થઈ અનેક દેશદેશાન્તરોમાં વિહરી ભવ્યાત્માઓને મોક્ષમાર્ગ પ્રતિબોધતા હતા.

પ્રભુ અભિનંદન સ્વામીના તીર્થમાં ત્રણ લાખ સાધુ, છ લાખ ત્રીસ હજાર સાધ્વીઓ, બે લાખ અઠ્યાસી હજાર શ્રાવકો અને પાંચ લાખ સત્તાવીસ હજાર શ્રાવિકાઓ થયાં.

મોક્ષકાળ નજીક જાણી પ્રભુ સમેતશિખર પધાર્યા. એક માસ સંથારો કરી એક હજાર મુનિઓ સાથે પોતે પચાસ લાખ પૂર્વનું આયુષ્ય ભોગવી મોક્ષે પધાર્યા.

(૫) શ્રી સુમતિનાથ

જમ્બૂદ્વીપના પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી નામે વિજય (ખંડ)માં શંખપુર નામે, દેવોને પણ ક્રીડા કરવા આવવાનું મન થાય તેવું, રમણીય નગર હતું. તે નગરનો વિજયસેન નામે રાજા અને તેને દેવી ગુણવાળી સુદર્શના નામે રાણી હતાં. રાજાને કાંઈ પણ સંતાન નહોતું.

એક દિવસે રાણી સુદર્શના પોતાના પરિજનો સાથે ઉત્સવ પ્રસંગે વનક્રીડા કરવા ગયાં હતાં, તે વખતે તે જ વનમાં તે નગરના નંદીષેણ શેઠની સુલક્ષણા નામે સ્ત્રી પોતાના બે પુત્રોની ૮ પુત્રવધૂઓ સાથે વનક્રીડા કરવા આવેલી હતી. આઠ પુત્રવધૂઓથી સન્માનિત થતી સુલક્ષણાને જોઈને રાણી સુદર્શનાને પોતાના વંધ્યત્વ માટે અત્યંત ખેદ થયો. વનક્રીડાનો આનંદ ઊડી જતાં રાણી રાજમહેલમાં પાછાં ફર્યાં. સર્વ સેવક–પરિજનને ચાલ્યા જવાનું કહી પોતે એકલાં ઉદાસ થઈ પલંગ પર પડ્યાં.

આ વાતની રાજાને જાણ થતાં રાજાએ રાણી પાસે જઈ મનદુઃખ વિષે કારણ પૂછ્યું. કેટલીક આનાકાની પછી રાણીએ પોતાના વંધ્યત્વના દુઃખની વાત કરી અને વધુમાં એ દોષ દૂર થાય તથા પોતે પુત્રવતી બને તેવો કાંઈ સત્પુરુષાર્થ કરવા રાજાને આગ્રહ કર્યો. રાજાએ રાણીને વચન અને આશ્વાસન આપ્યાં કે મારાથી બનતું હું કરીશ.

પછી રાજાએ પોતાની કુળદેવીના મંદિરમાં જઈ જ્યાંસુધી પુત્રપ્રાપ્તિનું વચન ન મળે ત્યાંસુધી અન્નપાણીના ત્યાગનો દૃઢ નિશ્ચય કરી દેવીના નામનો મંત્ર જાપ કરવા માંડ્યો. મંત્ર જાપ અને દૃઢ નિશ્ચયના પરિણામે છઠ્ઠે દિવસે

કુળદેવી હાજર થયાં અને રાજાને કહ્યું કે "રાજન્! તું પુત્ર માટે શોક–ચિંતા ન કર! દેવલોકથી દેવ ચવીને રાણી સુદર્શનાની કૂખે આવીને ઉત્પન્ન થશે." એટલું કહી દેવી સ્વ-સ્થાનકે ગયાં. રાજાએ રાણીને દેવીએ કહેલા શુભ સમાચાર આપ્યા. સમય જતાં રાણી સુદર્શનાને સિંહ સ્વપ્નથી સૂચિત કરી ગર્ભ રહ્યો અને યથાસમયે પુત્રનો જન્મ થયો. રાજાએ તે કુંવરનું નામ "પુરૂષસિંહ" પાડયું.

કુમાર યુવાવસ્થાએ પહોંચ્યો ત્યારે રાજાએ તેને આઠ રાજકન્યાઓ પરણાવી. કુમાર મૃત્યુલોકમાં પુણ્યયોગથી દેવનાં સુખ ભોગવવા લાગ્યો.

એક દિવસ પુરૂષસિંહ કુમાર વનક્રીડા કરવા માટે ઉદ્યાનમાં ગયા, તો ત્યાં વિનયનંદન નામના આચાર્યને પોતાના શિષ્યો સમેત બિરાજેલા જોયા. કુમારે ત્યાં જઈ યથાવિધિ વંદન કરી યથાસ્થાને આચાર્ય સન્મુખ બેસી આચાર્યની દેશના સાંભળી. દેશનાના શ્રવણથી કુમારનું મન વૈરાગ્યવાસિત બન્યુ. ઘેર આવી વિનયપૂર્વક માતાપિતાને નમસ્કાર કરી, દીક્ષા લેવાની રજા માગી. માતાપિતાએ તેમજ સ્ત્રીઓએ કુમારને ગૃહસ્થાશ્રમમાં રહેવા માટે અનેક પ્રકારનાં પ્રલોભનો અને ચારિત્રધર્મની મુશ્કેલીઓ બતાવ્યાં, મન ઢીલું કરવા પ્રયત્ન કર્યો, પણ દઢનિશ્ચયી કુમારે તે સર્વના યોગ્ય જવાબ આપી પોતાનો નિશ્ચય અટળ રાખ્યો. કુમારનો દઢ વૈરાગ્ય જાણી સર્વેએ અનુજ્ઞા આપી અને રાજાએ ઉત્સાહપૂર્વક દીક્ષામહોત્સવ કર્યો.

ચારિત્ર લઈ પૂર્ણ વૈરાગ્યથી ચારિત્ર પાળવાની સાથે જેનાથી તીર્થંકર નામ ગોત્ર કર્મ બંધાય, તેવાં ૨૦ સ્થાનકો માંહેનાં

અનેક સ્થાનકોનું આરાધન કરી, આયુષ્ય પૂર્ણ કરી, વિજયંત નામના બીજા અનુત્તર વિમાનમાં મહર્દ્ધિક દેવપણે કુમાર ઉત્પન્ન થયા. દેવનું આયુષ્ય પૂર્ણ કરી, જમ્બૂદ્વીપના ભરત ક્ષેત્રમાં વિનીતા નગરીના મેઘ રાજાની મંગળા રાણીની કુક્ષીએ તે પુત્રપણે ઉત્પન્ન થયા. તે વખતે રાણીને ગજેન્દ્ર વગેરે ૧૪ સ્વપ્ન જોવામાં આવ્યાં.

પ્રભુ સુમતિનાથ ગર્ભમાં આવ્યા પહેલાં એ જ નગરનો કોઈ એક શેઠ પોતાની બે સ્ત્રીઓ સહિત પરદેશ ગએલો. તેમાં એક સ્ત્રીને વહાણમાં જ પ્રસૂતિ થવાથી પુત્ર જન્મ્યો. બંને સ્ત્રીઓ એ બાળકનું પાલન કરવા લાગી.

શેઠ પરદેશ જઈ, વ્યાપાર–ઉદ્યોગથી સારી રીતે દ્રવ્ય સંપાદન કરી પોતાના દેશમાં પાછા ફરતા હતા, એવામાં અકસ્માત વહાણમાં જ તેમનું મૃત્યુ થયું. દરિયાકીનારાના કોઈ ગામમાં શેઠના મૃત શરીરને અગ્નિસંસ્કાર કરી, બંને સ્ત્રીઓ પુત્ર અને ધનસંપત્તિ લઈ પોતાને ઘેર આવી.

એક દિવસે અપર માતાને ધનલાલસાથી વિચાર થયો કે જો હું પુત્રને મારો ઠરાવું તો આ ધનસંપત્તિની અધિકારિણી હું બનું; અને આ પુત્ર અમો બેમાંથી કોનો છે, એ શેઠ જાણતા હતા તે તો મૃત્યુ પામ્યા છે; એટલે મારા પ્રપંચને ઉઘાડો પાડનાર કોઈ છે નહિ. એમ ધારી તેણે લોકોને મોઢે વાત કરી કે આ પુત્ર અને ધન મારાં છે; તેમાં અમારી શોકય દખલ કરે છે, માટે એને દૂર કરવી જોઈએ.

ઉપર મુજબ કહેવાથી બંને સ્ત્રીઓની વચ્ચે કજીયો થવા લાગ્યો, તેની ફરિયાદ રાજા પાસે ગઈ. રાજા અને મંત્રી બંને

સ્ત્રીઓની વાત સાંભળી મુંઝવણમાં પડ્યા. બન્ને સ્ત્રીઓ પુત્ર પોતાનો હોવાનું સોગનપૂર્વક કહેતી હતી. જેનો પુત્ર નક્કી થાય તેને ધન સંપત્તિ વગેરે મળવાનાં હતાં. બેમાંથી એકના સોગંદ જૂઠા હતા એમાં તો શંકાની વાત નહોતી.

હમેશના નિયમ મુજબ રાજા પોતાના નિત્યકાર્યમાં બહુ મોડા થયા તેથી રાણીજીએ મોડા થવાનું કારણ પૂછ્યું. રાજાએ બંને સ્ત્રીના ઝઘડાની વાત કરી, તે સાંભળી રાણીજીએ રાજાને કહ્યું કે એ સ્ત્રીનો ઝઘડો જો આપની આજ્ઞા હશે તો હું પતાવી દઈશ, કારણકે સ્ત્રીઓના મનોભાવની સ્થિતિ જેટલી સ્ત્રીઓ સમજી શકે તેટલી પુરુષ ન જ સમજી શકે; આ ઝઘડો પતાવવો એ તો એક સામાન્ય વાત છે, તો હું તે પતાવી દઇશ. રાજા તે સાંભળીને આનંદ પામ્યા અને રાણીજીને ઝઘડો પતાવી દેવાની અનુજ્ઞા આપી.

બીજે દિવસે રાજા કચેરીમાં બેઠા હતા. અધિકારી વર્ગ અને પ્રજાજનો સહિત કચેરી ભરાઈ હતી. તે વખતે શેઠની બંને સ્ત્રીઓ રાજા પાસે ન્યાય મેળવવા આવી. તે વખતે રાજાએ રાણીને બોલાવ્યાં. રાણીજી આવી યોગ્ય આસને બેઠાં. બંને સ્ત્રીઓની તકરાર સાંભળીને થોડી વાર શાન્તિથી બેસીને પછી રાણીજીએ બંને સ્ત્રીઓને કહ્યું કેઃ “ મારા ગર્ભમાં ત્રણ જ્ઞાનનો ધરનાર પુત્ર છે, તેનો જન્મ થવાને હજુ થોડા મહીનાની વાર છે; ત્યાંસુધી આ તમારા પુત્રને અમારી પાસે રાખીશું. જ્યારે મને કુંવર જન્મશે અને તે યોગ્ય વયનો થશે ત્યારે તમો બેમાંથી આ બાળક કોનો છે, સાચી માતા કોણ છે, તેનો ન્યાય તે કુંવર આપશે; ત્યાંસુધી તમે ધીરજ ધરો. ”

રાણીજીનું આ કથન સાંભળી પુત્રની જે અપર માતા હતી તેણે કહ્યું કે " જેવી આપની આજ્ઞા. પુત્ર તો મારો જ છે અને તે મને જ મળવાનો છે, પણ આપને તે વખતે જ ન્યાય આપવો હોય તો ભલે તેમ." એમ કહી રાણીની વાત એણે કબૂલ કરી. પણ પુત્રની જે જન્મદાત્રી માતા હતી તેને તો રાણીજીનાં આ વચન સાંભળતાંની સાથે જ પુત્રવિજોગનો સખત આઘાત લાગ્યો અને લગભગ મૂર્છા આવવા જેવું થયું. હૃદયની પૂર્ણ વેદનાથી રાણીજીના પગે પડી તે કરગરી કહેવા લાગી કે " માતાજી ! મારાથી એ પુત્રવિજોગ સહન ન થઈ શકે. આપ મને ન્યાય આપો, ચાહે તો આપ અમારાં ધનમાલ સંપત્તિ બધુંય લઈ લ્યો, પણ મારા પુત્રનો મને વિજોગ ન પડાવો ! હું આપની પાસે પુત્રની ભિક્ષા માગું છું." દીન ભાવે તે રાણીજીને એમ કહેવા લાગી, એટલે રાણીએ રાજા મંત્રી વગેરેને કહ્યું કે, " કોઇ પણ સ્ત્રી પોતાના પુત્રનો અને તે પણ સ્તનપાન કરતા પુત્રનો વિયોગ સહન કરી શકે જ નહિ; માટે આ પુત્રની ખરી માતા આ સ્ત્રી જ છે, કે જે પુત્રવિજોગની વાત સાંભળીને પણ ધ્રૂજી ઊઠે છે. એટલે પુત્રને માટે ન્યાય મેળવવા માટેની રાહ જોવામાં જે સંમતિ આપે છે, તે જૂઠી છે."

આ ન્યાય સાંભળી રાજા-મંત્રી વગેરેને રાણીજીની બુદ્ધિ માટે માન ઉત્પન્ન થયું, અને ન્યાય ન્યાયની રીતે જ તોળાયો.

ગર્ભમાં પ્રભુએ નવ મહીના અને સાડાસાત દિવસ રહી વૈશાખ સુદિ ૮ ના દિવસે ક્રૌંચપક્ષીના ચિહ્ન-લાંચ્છન સાથે સુવર્ણ સરખા રંગવાળા શરીરથી જન્મ ધારણ કર્યો. ત્રણ જગતનાં પ્રાણીઓને સુખ ઉપજ્યું. ઇંદ્રાદિ સર્વ દેવ-દેવીઓએ આવી

પ્રથમ પ્રભુનો જન્મમહોત્સવ કર્યો અને પછી રાજાએ જન્મ મહોત્સવ કર્યો. બારમે દિવસે ગુણનિષ્પન્ન નામ સુમતિનાથ રાખ્યું. પ્રભુ યુવાન વયે પહોંચ્યા ત્યારે રાજાએ તેમને અનેક રાજ કન્યાઓ પરણાવી. પછીથી રાજા તેમને રાજ્ય સોંપી, પોતે ચારિત્ર લઈ આત્મકલ્યાણ કરી ગયા.

યથાસમયે પ્રભુએ દીક્ષા લેવા વિચારણા કરી. લોકાન્તિક દેવોએ આવી પ્રભુને ચારિત્ર લઈ જગત પર ઉપકાર કરવાનું કહ્યું. વરસી દાન દઈ પ્રભુ સુમતિનાથે વૈશાખ સુદિ નવમીને દિવસે સહસ્રામ્ર વનમાં દીક્ષા લીધી. બીજે દિવસે પદ્મ રાજાને ઘેર પ્રભુ તપનું પારણું વ્હોરી ત્યાંથી વિહાર કરી ગયા.

અનેક જાતના પરિષહોને સમભાવે સહન કરતાં વીસ વરસે પ્રભુ ફરી સહસ્રામ્રવનમાં પધાર્યા અને ત્યાં પ્રિયંગુ વૃક્ષ નીચે ધ્યાનસ્થ રહેતાં, ચૈત્ર સુદિ ૧૧ ના દિવસે કેવળ જ્ઞાન પામ્યા. દેવોએ આવી કેવળ મહોત્સવ કર્યો. પ્રભુએ એકત્વ ભાવના ઉપર દેશના દીધી. દેશનાને અંતે ઘણાં સાધુ–સાધ્વી શ્રાવક–શ્રાવિકા થયાં. કેવળી થઈ પ્રભુ દેશ દેશાન્તર વિચરી અનેક ભવ્યાત્માઓને મોક્ષમાર્ગે પ્રયાણ કરતા કરી, પોતાનો મોક્ષ સમય નજીક જાણી પોતે સમેતશિખર પધાર્યા.

પ્રભુ સુમતિનાથના શાસનમાં ત્રણ લાખ વીસ હજાર સાધુ, પાંચ લાખ ત્રીસ હજાર સાધ્વીઓ, બે લાખ એકાશી હજાર શ્રાવકો અને પાંચ લાખ સોળ હજાર શ્રાવિકાઓ થયા.

પ્રભુ સમેતશિખર પર પધારી, એક માસનું અનશન કરી, એક હજાર મુનિવરો સાથે ચૈત્ર સુદિ નોમના દિવસે મોક્ષે પધાર્યા.

---

(૬) શ્રી પદ્મપ્રભુ

ધાતકીખંડ દ્વીપના પૂર્વમહાવિદેહમાં વત્સ નામે વિજયમાં સુસીમા નામે નગરી હતી. તેનો અપરાજિત નામે રાજા ખરેખર અપરાજિત જ હતો. તે રાજાને એક દિવસ સંસારની અનિત્યતા સંબંધી વિચાર થયો અને એ વિચારના પરિણામે વૈરાગ્ય ઉત્પન્ન થયો. છેવટે પિહિતાશ્રવ નામના આચાર્યની પાસે રાજાએ દીક્ષા લીધી. ચારિત્ર નિર્મળ પાળી, તીર્થંકર નામ કર્મ જેનાથી ઉત્પન્ન થાય તેવાં ૨૦ કાર્યો માંહેનાં ઘણાં કાર્યોનું આરાધન કરી, ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી, નવમા ગ્રૈવેયકમાં મહર્દ્ધિક દેવપણે તે ઉત્પન્ન થયા. દેવમાં ૩૧ સાગરોપમનું આયુષ્ય ભોગવી, ત્યાંથી ચવીને જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં કૌશાંબી નગરીના શ્રીધર નામે રાજાનાં સુસીમા નામે રાણીની કુક્ષીએ માહા વદી આઠમે ગર્ભમાં પુત્રપણે ઉત્પન્ન થયા. ગર્ભમાં પ્રભુ આવ્યા ત્યારે રાણીજીને ચૌદ મહાસ્વપ્ન દેખાયાં. સ્વપ્નપાઠકો પાસે અર્થ કરાવીને તેમણે જાણ્યું કે તીર્થંકર તરીકે પુત્ર જન્મશે.

પ્રભુ ગર્ભમાં આવ્યા પછી તેમનાં માતાને પદ્મકમળની શય્યામાં સૂવાની ઈચ્છા (દોહદ) ઉત્પન્ન થએલી તે દેવોએ પૂર્ણ કરી. પ્રભુ ગર્ભમાં નવ મહીના અને સાડાસાત દિવસ રહ્યા, અને કારતક વદી ૧૧ના દિવસે પદ્મકમળના ચિહ્નવાળા અને પદ્મ જેવા વર્ણવાળા શરીરે પ્રભુએ જન્મ ધારણ કર્યો. છપ્પન દિક્કુમારી અને ઇન્દ્રાદિ દેવોએ આવી પ્રભુનો જન્મમહોત્સવ કર્યો. રાજાએ પણ જન્મમહોત્સવ કર્યો. બારમા દિવસે ગુણનિષ્પન્ન શ્રી પદ્મપ્રભુ નામ આપ્યું. અનુક્રમે યૌવન આવ્યે રાજાએ શ્રી પદ્મપ્રભુ કુમારને ઘણી રાજકન્યાઓ સાથે પરણાવ્યા.

કુમારની યોગ્ય ઉંમર જાણી રાજા તેમને રાજકારભાર સોંપી પોતે ચારિત્ર ગ્રહણ કરી શુદ્ધ સંયમ પાળી આત્મકલ્યાણ કરી ગયા.

ભોગાવળી કર્મનો ક્ષય થયો જાણી પ્રભુ દીક્ષા લેવા તૈયાર થયા. લોકાન્તિક દેવોએ આવી જગત્ પર ઉપકાર કરવા ચારિત્ર ગ્રહણ કરવાની પ્રભુને વિનંતિ કરવાનો પોતાનો ધર્મ બજાવ્યો. વરસી દાન દેઈ પ્રભુએ કારતક વદિ તેરસના દિવસે છઠ તપ સહિત એક હજાર રાજાઓ સાથે ચારિત્ર ગ્રહણ કર્યું. બીજે દિવસે બ્રહ્મસ્થળ નગરમાં સોમદેવ રાજાને ઘેરથી પરમ અન્ન વહોરી પારણું કરી પ્રભુ આર્યદેશમાં વિચરવા લાગ્યા.

છ માસ સુધી છદ્મસ્થપણે વિચરી પ્રભુ પાછા જે સ્થળે દીક્ષા લીધી હતી તે સ્થળે પધારી એ જ બગીચામાં વડના ઝાડ નીચે ધ્યાનસ્થ રહ્યા. ચાર ઘનઘાતી કર્મનો ક્ષય કરી પ્રભુ ચૈત્ર સુદિ પૂર્ણિમાએ કેવળ જ્ઞાન અને કેવળ દર્શનને પામ્યા. દેવોએ આવી કેવળ મહોત્સવ કર્યો. સમવસરણની રચના કરી. બાર જાતની પરિષદ એકઠી થઈ. પ્રભુએ "સંસાર ભાવના"ના સ્વરૂપની દેશના દીધી અને ચારે ગતિના સ્વરૂપને તેનાં સુખદુઃખને યથાસ્વરૂપે વર્ણવ્યું. દેશનાને અંતે અનેક ભવ્યાત્માઓમાંથી કેટલાકે ચારિત્ર ગ્રહણ કર્યું, કેટલાએક દેશ વિરતિ શ્રાવક-શ્રાવિકા થયાં. કેવળી થયા પછી પ્રભુ ભવ્ય જીવોને પ્રતિબોધતા દેશ દેશાન્તર વિચર્યા.

પદ્મપ્રભુના શાસનમાં ત્રણ લાખ ત્રીસ હજાર સાધુ, ચાર લાખ વીસ હજાર સાધ્વીઓ, બે લાખ ને છોંતેર હજાર શ્રાવકો અને પાંચ લાખ ને પાંચ હજાર શ્રાવિકાઓ થયાં.

મોક્ષસમય નજીક જાણી પ્રભુ સમેતશિખર પર પધાર્યા. ત્યાં પધારી એક માસનું અણુસણુ કરી ત્રણુસો ને આઠ મુનિઓ સાથે કુલ ત્રીસ લાખ પૂર્વનું આયુષ્ય ભોગવી પદ્મપ્રભુ સ્વામી મોક્ષપદને પામ્યા.

---

(૭) શ્રી સુપાર્શ્વનાથ

ધાતકીખંડ દ્વીપના પૂર્વ મહાવિદેહમાં ક્ષેમપુરી નામે નગરીના નંદીષેણુ નામે રાજા હતા. તે રાજા સંસારથી ઉદ્વિગ્ન થઈ, વૈરાગ્ય પામી અરિદમન નામે આચાર્યની પાસે દીક્ષા લઈ, જ્ઞાન–ધ્યાન–તપશ્ચર્યાદિ કરી કર્મને પાતળાં પાડી, તીર્થંકર નામ કર્મનાં ૨૦ સ્થાનક માંહેનાં કેટલાંએ સ્થાનોનું આરાધન કરી, અંતસમયે અનશન (સંથારો) કરી, આયુષ્ય પૂર્ણ કરી, છઠા ગ્રૈવેયક સુદર્શનમાં મહર્દ્ધિક દેવપણે ઉત્પન્ન થયા.

સુદર્શન ગ્રૈવેયકથી નંદીષેણુનો જીવ દેવનું ૨૦ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી જમ્બૂદ્વીપના ભરત નામે ક્ષેત્રમાં કાશી દેશની વારાણુસીનગરીના પરમ પ્રતાપવાન પ્રતિષ્ઠ રાજાનાં પૃથ્વી રાણીની કુક્ષીએ પુત્રપણે ભાદરવા વદિ ૮ ના દિવસે ઉત્પન્ન થયા. ગર્ભમાં ઉત્પન્ન થતી વખતે તીર્થંકર થવાની આગાહી રૂપે માતાને હાથી, વૃષભ, સિંહ, વગેરે ચૌદ મહા સ્વપ્ન જોવામાં આવ્યાં. ગર્ભની વૃદ્ધિ થતી હતી તેમાં એક વખતે માતાએ પાંચ અને સાત ફણાવાળા એક નાગની શય્યામાં પોતાને સૂતેલાં જોયાં. અનુક્રમે, યથાસમયે, જેઠ સુદિ ૧૨ ના દિવસે પ્રભુનો જન્મ થયો. દેવાદિ ઈન્દ્રોએ આવી પ્રભુનો જન્મમહોત્સવ કર્યો.

જન્મ પછી બારમે દિવસે સુપાર્શ્વનાથ એવું નામ પાડ્યું, કારણકે પ્રભુ જ્યારે ગર્ભમાં હતા ત્યારે માતાના શરીરનાં બે પડખાં સારાં થયાં હતાં. પ્રભુને સ્વસ્તિકનું ચિહ્ન અને સુવર્ણના જેવો શરીરનો વર્ણ હતો. યુવાવસ્થાએ પ્રભુ પહોંચ્યા જાણી તેમના પિતાએ પ્રભુને અનેક રાજકન્યાઓ સાથે પરણાવ્યા. વિરક્ત ભાવે પ્રભુ ભોગાવળી કર્મના ઉદયને ભોગવતા થકા સંસાર-ગૃહસ્થાશ્રમમાં રહેવા લાગ્યા. યોગ્ય સમયે રાજા પુત્રને રાજ્યકારભાર સોંપી, પોતે સંસારથી વિરક્ત થઇ, ચારિત્ર લેઇ, પોતાના આત્માનું કલ્યાણ કરી ગયા.

ચૌદ લાખ પૂર્વ ઉપરાંત સમય રાજ્ય ભોગવી, વરસી દાન દઈ, છઠ તપ સહિત પ્રભુએ એક હજાર રાજા સહિત જેઠ સુદિ ૧૩ ના દિવસે દીક્ષા લીધી. દેવોએ દીક્ષામહોત્સવ કર્યો. દીક્ષાનો ‘ કરેમિ ભંતે ’ પાઠ ભણ્યા કે તુર્ત જ મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થયું. બીજે દિવસે પાટલીખેડ નગરના મહેન્દ્ર રાજાને ત્યાંથી પરમ અન્નથી છઠનું પારણું કર્યું. દીક્ષા લીધા પછી પ્રભુ નવ મહીના સુધી છદ્મસ્થપણે વિચરી જે સ્થાને દીક્ષા લીધી હતી તે જ સ્થાને ફરી પધાર્યા, અને પુનાગ વૃક્ષની નીચે ધ્યાનસ્થ રહ્યા. ચાર ઘનઘાતી કર્મનો ક્ષય થતાં પ્રભુને ફાગણ વદિ ૭ ના દિવસે કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું. ત્રણ લોકમાં પ્રકાશ થયો. ઈન્દ્રાદિ સર્વ દેવોએ આવી કેવળ મહોત્સવ કર્યો. દેવોએ સમવસરણ રચ્યું. પ્રભુએ અન્યત્વ ભાવનાની દેશના દઇ ચાર તીર્થની સ્થાપના કરી, અનેક ભવ્યાત્માઓને પ્રતિબોધી તેમને પરમ પદના માર્ગે ચડાવ્યા.

પ્રભુ કેવળજ્ઞાનીપણે દેશદેશાન્તરમાં વિચરી મોક્ષસમય નજીક જાણી સમેતશિખર પર પધાર્યા. ત્યાં એક હજાર

મુનિવરો સાથે પ્રભુએ અનશન કર્યું. એક માસના અનશનને અંતે કુલ વીસ લાખ પૂર્વનું આયુષ્ય ભોગવી ભાદરવા વદિ ૭ ના દિવસે પ્રભુ એક હજાર મોક્ષગામી મુનિ સાથે મોક્ષે પધાર્યા. સુપાર્શ્વનાથ પ્રભુના શાસનમાં પંચાણુ ગણધર, ત્રણ લાખ સાધુ, ચાર લાખ ત્રીસ હજાર સાધ્વીઓ, બે લાખ સત્તાવન હજાર શ્રાવકો અને ચાર લાખ ત્રાણુ હજાર શ્રાવિકાઓ થયાં.

---

(૮) શ્રી ચંદ્રપ્રભુ સ્વામી

ધાતકીખંડ દ્વીપના પૂર્વ મહાવિદેહમાં મંગળાવતી વિજયમાં રત્નસંચયા નામે નગરી હતી. રાજાના ઉત્તમ ગુણોથી યુક્ત એવો પદ્મ નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજાએ ઉત્તરાવસ્થામાં વૈરાગ્ય પામી દીક્ષા લીધી. જેનાથી તીર્થંકર થઈ શકાય તેવાં ૨૦ શુભ કાર્યો માંહેનાં કેટલાંક શુભ કાર્ય કરી તેણે તીર્થંકર નામ કર્મનું ઉપાર્જન કર્યું. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી બીજા વિજયન્ત નામના અનુત્તર વિમાનમાં તે ઉત્પન્ન થયો.

જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં ચંદ્રાનના નામે નગરી હતી. તેના મહાસેન નામે રાજાને દૈવી ગુણોથી યુક્ત લક્ષ્મણા નામે રાણી હતી. પદ્મ રાજાનો જીવ વિજયન્ત વિમાનમાંથી આયુષ્ય પૂર્ણ કરી લક્ષ્મણા રાણીની કુક્ષીમાં આવી પુત્રપણે ચૈત્ર વદિ ૫ ના દિને ઉત્પન્ન થયો. ઉત્પન્ન થતી વખતે તીર્થંકર સૂચિત એવાં ચૌદ મહાસ્વપ્ન રાણીજીએ જોયાં.

એક વખતે રાણીજીને સગર્ભાવસ્થામાં ચંદ્રનું પાન કરવાની ઇચ્છા (દોહદ) ઉત્પન્ન થઈ અને તે દેવોએ પૂરી કરી.

યથાસમયે એટલે પોષ વદિ ૧૨ ના દિને ચંદ્રના ચિહ્ન (લાંચ્છન) વાળા અને ચંદ્રના જેવી શરીરની કાન્તિવાળા ચંદ્રપ્રભુનો જન્મ થયો. દેવદેવીઓ અને મનુષ્યોએ પ્રભુનો જન્મમહોત્સવ કર્યો. બારમે દિવસે દોહદને અનુસરી મહાસેન રાજાએ પુત્રનું ચંદ્રપ્રભ એવું નામ પાડયું.

પ્રભુ યુવાવસ્થાએ પહોંચ્યા એટલે રાજાએ - અનેક રાજ-કન્યાઓ સાથે ચંદ્રપ્રભ કુમારનાં લગ્ન કર્યાં. રાજા મહાસેનને વૈરાગ્ય ઉત્પન્ન થવાથી પુત્રને રાજ્યકારભાર સોંપી પોતે દીક્ષા લીધી.

શ્રી ચંદ્રપ્રભ રાજાએ ઘણા કાળ સુધી રાજ્ય ભોગવી, પોતાની ઈચ્છા તો હતી જ, છતાં જેનો વિનંતિ કરવાનો કુળાચાર છે એવા લોકાન્તિક દેવોની વિનંતિથી તે દીક્ષા લેવા તૈયાર થયા. વરસ દિવસ સુધી રાજાએ કોઈ પણ જાતના ભેદભાવ વિના લાંબો હાથ કરનારને દાન આપી, ને દેવોએ કરેલ દીક્ષામહોત્સવથી છઠ તપ સહિત અને એક હજાર રાજાઓ સાથે પોષ વદિ ૧૩ ના દિવસે દીક્ષા ગ્રહણ કરી, અને તે જ વખતે મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થયું.

છઠ તપનું પારણું પદ્મખંડ નગરના સોમદત્ત રાજાને ત્યાં કર્યું. હીમની ઠંડી, પ્રચંડ તાપ, સખત પવનની ઝડી સહન કરતા, હિંસક પ્રાણીઓની વચમાં અને અનેક ભક્તો–શ્રાવકોની વચમાં સમભાવે વિચરતા પ્રભુ ત્રણ મહીને ફરી દીક્ષાસ્થાને પધાર્યા. ત્યાં સહસ્રામ્ર વનમાં પુન્નાગ વૃક્ષની નીચે ધ્યાનસ્થ અવસ્થામાં રહી ચાર ઘનઘાતી કર્મને ક્ષય કરી ફાગણ વદિ ૭ ના દિને પ્રભુ કેવળજ્ઞાનને પામ્યા. તે વખતે પણ પ્રભુને

છઠ તપ હતો. દેવોએ આવી કેવળ મહોત્સવ કર્યો, સમવ-સરણ રચ્યું, પ્રભુએ દેશના આપી અને ચાર તીર્થની સ્થાપના કરી.

પ્રભુ કેવળી થયા પછી પૃથ્વીતળમાં વિહાર કરતા આયુષ્યસમય પૂરો થયો જાણી પોતે સમેતશિખર પર પધાર્યા. ત્યાં એક હજાર મુનિવરો સાથે અનશન કરી એક માસને અંતે ભાદરવા વદિ સાતમના દિવસે ૧૦ લાખ પૂર્વનું આયુષ્ય ભોગવી પ્રભુ હજાર મુનિઓની સાથે મોક્ષ પામ્યા. દેવોએ આવી નિર્વાણમહોત્સવ કર્યો.

ચંદ્રપ્રભુના શાસનમાં દત્તસ્વામી વગેરે ત્રાણુ ગણધર, અઢી લાખ સાધુ, ત્રણ લાખ એંસી હજાર સાધ્વીઓ, અઢી લાખ શ્રાવકો અને ચાર લાખ ને એકાણુ હજાર શ્રાવિકાઓ થયાં હતાં.

(૯) શ્રી સુવિધિનાથ (પુષ્પદંત)

દ્વીપોમાં શ્રેષ્ઠ એવા પુષ્કરવર નામના પુષ્કરાર્ધ દ્વીપના પુષ્કરાવતી વિજયમાં પુંડરકિણી નગરીના મહાપદ્મ નામે રાજા હતા. તે રાજકાજમાં નિપુણ, પ્રજાપાલનમાં તત્પર અને શત્રુ-ઓનો પરાભવ કરી નિષ્કંટક રાજ્ય કરવામાં કુશળ હોવા છતાં હમેશાં તેમનું મન સંસારની આ દુઃખમય પ્રવૃત્તિથી ઉદ્વિગ્ન રહેતું. સમય આવ્યે પુત્રને રાજ્ય ભળાવી પોતે જગ-ન્નંદ નામના આચાર્યદેવની પાસે ચારિત્ર લેઈ, એકાવળી આદિ ઉત્કૃષ્ટ તપશ્ચર્યા કરી, તીર્થંકર નામ કર્મનું ઉપાર્જન કરી, ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી, બીજા અનુત્તર વિમાન વિજયંતમાં દેવપણે ઉત્પન્ન થયા.

દેવનું આયુષ્ય પૂર્ણ કરી, વિજયંત વિમાનથી ચવી, જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં કાકંદી નગરીના સુગ્રીવ રાજાની રામાદેવી નામે રાણીની કુક્ષીએ આવી, પુત્રપણે ફાગણ વદિ નોમના દિવસે ઉત્પન્ન થયા. તીર્થંકર પદને સૂચવનાર ચૌદ મહાસ્વપ્ન રામાદેવીએ જોયાં. પૂર્ણ સમયે એટલે માગસર વદિ ૫ ને દિવસે પ્રભુએ જન્મ ધારણ કર્યો. મગરનું લાંચ્છન હતું અને દેહનો વર્ણ શ્વેત હતો. દેવોએ મનુષ્યોએ પ્રભુનો જન્મમહોત્સવ કર્યો. બારમે દિવસે રાજાએ પોતાના કુંવરનું નામ સુવિધિનાથ આપ્યું, કારણકે તે જ્યારે ગર્ભમાં હતા ત્યારે રામાદેવી સર્વ પ્રકારનાં કાર્યોની વિધિમાં કુશળ થયાં હતાં. બીજું નામ પુષ્પદંત હતું કારણકે પ્રભુના દાંત ફૂલની કળીઓથી પણ વધુ સુશોભિત હતા.

કુંવરને યુવાવસ્થાએ પહોંચ્યા જાણી, રાજાએ તેમને અનેક રાજકન્યાઓ પરણાવી, અને પ્રભુ અનાસક્ત ભાવે સંસાર ભોગવવા લાગ્યા. ખરી રીતે તો પુણ્યાનુબંધનો સંસાર ક્ષય કરવા લાગ્યા. યોગ્ય વખતે પુત્રને રાજ્યગાદી સોંપી સુગ્રીવ રાજાએ દીક્ષા લઈ આત્મસાધન કર્યું.

અઠ્યાસી પૂર્વાંગ સુધી રાજ્ય કરી, લોકાન્તિક દેવોથી સૂચિત થએલા પ્રભુએ વરસી દાન દઈ માગસર વદિ છઠના દિવસે છઠ તપ સહિત એક હજાર રાજા સાથે સહસ્રામ્ર નામના ઉદ્યાનમાં દીક્ષા લીધી. દેવોએ દીક્ષામહોત્સવ કર્યો. દીક્ષા લીધી તે જ વખતે પ્રભુને મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થયું.

બીજે દિવસે શ્વેતપુર નગરમાં પુષ્પ રાજાને ઘેરથી છઠ તપનું પારણું કરી પ્રભુએ વિહાર કર્યો. અનેક પરિષહ સહેતાં

છદ્મસ્થપણે ૧૨ મહીના વિચરી ફરી સહસામ્ર વનમાં પ્રભુ પધાર્યા, અને ત્યાં માલુર વૃક્ષ નીચે ધ્યાનસ્થ રહ્યા. શુક્લ ધ્યાનથી કર્મનો ક્ષય કરી કાર્તક સુદિ ૩ ના દિવસે પ્રભુ કેવળ-જ્ઞાન–કેવળ દર્શનને પામ્યા. દેવાદિએ કેવળ મહોત્સવ કરી સામવસરણ રચ્યું. બાર જાતની પરિષદ એકઠી થઈ. પ્રભુએ દેશના દીધી. અનેક ભવ્યાત્માઓ પ્રતિબોધને પામ્યા, અને પ્રભુએ ચાર તીર્થની સ્થાપના કરી.

કેવળી થયા પછી પ્રભુએ દેશદેશાન્તરમાં વિચરી અનેક ભવ્યાત્માઓને પ્રતિબોધી પરમ પદના અધિકારી બનાવ્યા. આયુ-ષ્યનો અંત નજીક જાણી પ્રભુ સમેતશિખર પધાર્યા. ત્યાં એક હજાર મુનિવરો સાથે અનશન કરી એક મહિનાને અંતે કારતક વદિ નોમના દિવસે પ્રભુ પરમપદે પહોંચ્યા-નિર્વાણ પામ્યા.

પ્રભુ સુવિધિનાથ ૧૦૦ ધનુષ્યના ઉંચા, મગર મચ્છના ચિહ્નવાળા અને શ્વેત વર્ણના હતા. પ્રભુ અર્ધો લાખ પૂર્વ કુંવરપણે રહ્યા. અઠચાસી પૂર્વાંગ સહિત અર્ધ લાખ પૂર્વ રાજ્ય પાળવામાં અને અઠચાસી પૂર્વાંગે ઓછું એક લાખ પૂર્વ સંયમી અવસ્થામાં એમ સર્વ મળી બે લાખ પૂર્વનું આયુષ્ય ભોગવ્યું. પ્રભુના શાસનમાં બે લાખ સાધુઓ, એક લાખ ને વીસ હજાર સાધ્વીઓ, બે લાખ ઓગણત્રીસ હજાર શ્રાવકો અને ચાર લાખ બોંતેર હજાર શ્રાવિકાઓ થયાં.

શ્રી સુવિધિનાથ પ્રભુ મોક્ષ પામ્યા પછી કેટલાક સમય સુધી પ્રભુનું શાસન ચાલ્યું. પછી હીનકાળના યોગે નવા સાધુ-ઓ થતા અટકયા અને જૂના હતા તે આયુષ્ય પૂર્ણ કરી ગયા, એટલે ઉપદેશકના અભાવે જનસમાજ ધર્મના જ્ઞાન

વિનાનો થતો ગયો. સાધુના અભાવે લોકો ધર્મ જાણવા માટે પરંપરાગત જાણપણાવાળા વૃદ્ધ શ્રાવકોને ધર્મ પૂછવા લાગ્યા. શરૂઆતમાં તો એ ગૃહસ્થો પોતાની સમજ મુજબ ધર્મ બતાવવા લાગ્યા, પરંતુ ધર્મ જાણવાની જિજ્ઞાસાવાળા કેટલાક ગૃહસ્થો આ વૃદ્ધોને પોતાના ઉપકારી માની આર્થિક સહાય કરી ભક્તિ કરવા લાગ્યા.

હમેશાં બને છે તેમ જ્યાં ધનનો અને લેવાદેવાનો વ્યવહાર થયો, ત્યાં ધર્મના સ્થાને અધર્મ જ આવે, સરલતાને સ્થાને દંભ જ આવે, ત્યાગને સ્થાને મોહ જ આવે, અને નિઃસ્પૃહીપણાને સ્થાને લાલચ-તૃષ્ણા આવે, અને તે તૃષ્ણાદિને તૃપ્ત કરવા માટે પછી અનેક જાતનાં છળ-પ્રપંચ-જૂઠ વગેરેનો આશ્રય લેવો પડે. એ નિયમાનુસાર ધર્મ બતાવનારા વૃદ્ધો લાલચમાં પડ્યા, દ્રવ્યાદિમાં લુબ્ધ બની પોતે જ ધર્માચાર્ય બની બેઠા અને પછી આ લોક તથા પરલોકમાં મહાન પુણ્ય અને લાભ આપનારાં દાનોનું વર્ણન કરવા લાગ્યા, અને તે દાન પણ પોતાને આપે તો જ લાભ થાય એવું કહેવા લાગ્યા. એ દાનમાં પણ કન્યાદાન, રૂપાદાન, ગૃહદાન, અશ્વદાન, ગજદાન, રાજદાન, શય્યાદાન, પૃથ્વીદાન, લોહદાન, તિલદાન, કપાસદાન, ગૌદાન, સુવર્ણદાન, વગેરે દાન આપવાનાં મહાફળનાં વર્ણનોનાં શાસ્ત્રો પણ તૈયાર થવા લાગ્યાં. પરિણામે જૈન ધર્મના સર્વ સિદ્ધાન્તો બાજુએ રહીને અનેક પ્રકારની અનિષ્ટ પ્રવૃત્તિ ધર્મને નામે આચરાવા લાગી. જનતાને ઠગનારાઓ જ ધર્મગુરુ થઇ બેઠા. આવી રીતે શીતળનાથ પ્રભુનું શાસન શરુ થયું ત્યાંસુધી વચલા કાળમાં તીર્થનો વિચ્છેદ રહ્યો અને લોભગ્રસ્ત બ્રાહ્મણોએ પોતાનું ધૂમ રાજ્ય ચલાવ્યું.

આવી જ રીતે ત્યારપછી પણ શીતલનાથ પ્રભુ, શ્રેયાંસનાથ પ્રભુ, વાસુપૂજ્ય પ્રભુ, અનંતનાથ પ્રભુ, અને ધર્મનાથ પ્રભુના શાસન સુધી ચાલ્યું. તીર્થંકર થાય ત્યારે શાસન ચાલે, અને તીર્થંકર દેવ મોક્ષે પધારે એટલે થોડો વખત શાસન ચાલી વળી વિચ્છેદ થઈ જાય, અને જૈન ધર્મનું નામ ન રહે, તથા મિથ્યાત્વીનું જ રાજ્ય ચાલે, એમ ચાલ્યા કરે.

---

(૧૦) શ્રી શીતલનાથ

પુષ્કરાર્ધ દ્વીપમાં વજ્ર નામે વિજયમાં સુસીમા નામે નગરી હતી. તેમાં પદ્મોત્તર નામે રાજા હતો. તેણે ઘણાં વર્ષ રાજ્ય પાળી સંસારથી વૈરાગ્ય પામી દીક્ષા લીધી. તે આકરી તપશ્ચર્યા સહિત શુદ્ધ ચારિત્ર પાળી તીર્થંકર નામ ગોત્રકર્મ ઉપાર્જન કરી આયુષ્ય પૂર્ણ કરી દસમા પ્રાણત નામે દેવલોકના અધિપતિ થયા, દેવપણે ઉત્પન્ન થયા. દેવનું આયુષ્ય પૂર્ણ કરી જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં ભદ્દિલપુર નામે નગરના દઢરથ નામે રાજાનાં નંદા નામે રાણીની કુક્ષીએ વૈશાખ વદિ છઠના દિવસે આવી તે પુત્રપણે ઉત્પન્ન થયા. માતાને તીર્થંકર સૂચિત ચૌદ મહા મહાસ્વપ્ન લાધ્યાં. યથાસમયે માહ માસમાં વદિ ૧૨ ના દિવસે શ્રીવત્સ (સાથીયા) ના લાંચ્છનવાળા અને સુવર્ણના જેવા શરીરના રંગવાળા પ્રભુનો જન્મ થયો. દેવોએ આવી જન્મમહોત્સવ કર્યો. ત્યારપછી રાજાએ જન્મમહોત્સવ કર્યો.

પ્રભુ જ્યારે ગર્ભમાં હતા ત્યારે દઢરથ રાજાનું શરીર એકદમ તપી જતું, બળતરા થતી. અનેક ઉપચારોથી તે બળતરા મટી નહિ. એક દિવસે રાજાને જેના ગર્ભમાં પ્રભુ રહેલા છે,

તેવાં નંદારાણીએ સ્પર્શ કર્યો, અને તે સ્પર્શ થતાં જ રાજાને શીતળતા ઉત્પન્ન થઈ, તેથી જન્મના બારમા દિવસે પ્રભુનું શીતળનાથ નામ પાડયું. અનેક ધાત્રીઓ અને દેવ-દેવીઓથી રક્ષિત પ્રભુ યુવાવસ્થાને પામ્યા. રાજાએ તેમને અનેક રાજકન્યાઓ પરણાવી અને તે પુખ્ત ઉંમરના થતાં દૃઢરથ રાજા રાજ્યકારભાર તેમને સોંપી પોતે દીક્ષા લેઈ ચાલી નીકળ્યા. પચાસ હજાર વર્ષ સુધી અતુલ પરાક્રમ વડે રાજ્ય કરી, ભોગાવળી કર્મનાં ફળને ભોગવી, પ્રભુ દીક્ષા લેવાને તૈયાર થયા. નિયમ મુજબ લોકાન્તિક દેવોએ આવી જગત્ કલ્યાણ અર્થે દીક્ષા લેવાની પ્રભુને વિનંતિ કરી. વરસી દાન દેઇ પ્રભુએ માહ વદિ ૧૨ ના દિવસે પાછલે પહોરે છઠ તપ સહિત દીક્ષા ગ્રહણ કરી. બીજે દિવસે રિષ્ટ નગરમાં પુનર્વસુ રાજાને ત્યાંથી છઠ તપનું પારણું વહોરી જનપદ દેશમાં પ્રભુ વિચર્યા.

છદ્મસ્થપણે પ્રભુ અનેક મનુષ્ય, દેવ, તીર્યંચાદિના પરિષહને સહન કરતા ૧૨ મહીના દેશદેશાન્તર વિચરી ફરી પાછા દીક્ષાસ્થાને પધાર્યા. સહસ્રામ્ર વનમાં પીંપળાના વૃક્ષ નીચે પ્રભુ કાયોત્સર્ગ કરી રહ્યા. શુકલ ધ્યાનથી સર્વ ઘનઘાતી કર્મનો ક્ષય કરી, પોષ વદિ ચોથના દિવસે શીતળનાથ પ્રભુ કેવળ જ્ઞાન પામ્યા. કેવળી થયા પછી દેવોએ કેવળ મહોત્સવ કર્યો. પ્રભુએ દેશના દઈ, અનેક ભવ્યાત્માને પ્રતિબોધી, સાધુ-સાધ્વી-શ્રાવક અને શ્રાવિકા રૂપી ચાર તીર્થની સ્થાપના કરી.

અનેક દેશમાં વિચરી, ઘણા ભવ્ય જીવોને કલ્યાણના પંથે ચડાવી, આયુષ્યનો અંત નજીક જાણી, પ્રભુ સમેતશિખર પર પધાર્યા. એક હજાર મુનિવરો સાથે અનશન વ્રત કરી, એક

મહીનાનું અનશન વ્રત પાળી, પ્રભુ હજાર સાધુ સહિત વૈશાખ વદિ બીજને દિવસે મોક્ષ પામ્યા.

પ્રભુ શીતળનાથ નેવુ ધનુષ્યના ઉંચા, સ્વસ્તિકના લાંછન વાળા અને સુવર્ણસમા શરીરના વર્ણવાળા હતા. પ્રભુએ ૨૫ હજાર પૂર્વ કુંવરપણે, પચાસ હજાર પૂર્વ અને પચીસ હજાર પૂર્વ દીક્ષામાં, એમ કુલ એક લાખ પૂર્વનું આયુષ્ય ભોગવ્યું. પ્રભુ શીતળનાથના શાસનમાં ૮૧ ગણધર, એક લાખ મુનિવરો, એક લાખ છ હજાર સાધ્વીઓ, બે લાખ નવ્યાસી હજાર શ્રાવકો અને ચાર લાખ અઠાવન હજાર શ્રાવિકાઓનો પરિવાર થયો.

---

(૧૧) શ્રી શ્રેયાંસનાથ

શ્રી પુષ્કરાર્ધ દ્વીપમાં કચ્છ નામે વિજયમાં ક્ષેમા નામે નગરીનો નલિનીગુલ્મ નામે રાજા હતો. તે પરાક્રમી, નીતિમાન, સદાચારી અને દાનેશ્વરી આદિ અનેક ગુણોથી યુક્ત હતો. ઘણાં વરસ સુધી રાજ્ય કરી નલિનીગુલ્મ રાજાએ વજ્રદત્ત નામે મુનિવર પાસે દીક્ષા લઈ તપશ્ચર્યા, સ્વધર્મીસેવા આદિ અનેક શુભ કાર્યો કરી વીસ સ્થાનકનું આરાધન કરી તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કર્યું. આયુષ્ય પૂર્ણ કરી રાજાનો જીવ મહાશુક્ર નામે સાતમા દેવલોકમાં મહર્દ્ધિક દેવપણે ઉત્પન્ન થયો. પછી સાતમા દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી, જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં સિંહપુર નગરના વિષ્ણુરાજ નામે રાજાનાં વિષ્ણુદેવી નામે રાણીને તીર્થંકર પદ સૂચિત ચૌદ સ્વપ્નને સૂચિત કરી તેની કુક્ષીએ તે પુત્રપણે વૈશાખ વદિ છઠ ને દિવસે ઉત્પન્ન થયો.

યથાસમયે પ્રભુ માહ વદિ ૧૨ ના દિવસે જન્મ્યા. દેવોએ આવી જન્મમહોત્સવ કર્યો. રાજાએ પણ જન્મમહોત્સવ કર્યો. જન્મ પછી બારમે દિવસે પ્રભુનું નામ શ્રેયાંસકુમાર આપ્યું, કારણકે પ્રભુ ગર્ભમાં હતા ત્યારે રાજાને અને રાજ્યમાં ઘણાં શ્રેયસ્કર કાર્યોનો લાભ થયો હતો. યોગ્ય વયે પહોંચતાં અનેક રાજકન્યાઓ તેમને પરણાવી. કુમારની પુખ્ત વય જાણી, રાજાએ તેમને રાજગાદીએ બેસાડયા અને રાજ્ય સોંપી પોતે ચારિત્ર લઈ આત્મકલ્યાણ કર્યું.

બેંતાલીસ લાખ વરસ સુધી પ્રતાપભર્યું રાજ્ય કરી, શ્રેયાંસકુમાર દીક્ષા લેવા તૈયાર થયા. લોકાન્તિક દેવોએ આવી દીક્ષા માટે વિનંતિ કરી. પ્રભુએ વરસી દાન દઈ, માહ વદિ ૧૩ ના દિને છઠ તપ સહિત એક હજાર રાજા સાથે ચારિત્ર ગ્રહણ કર્યું. બીજે દિવસે સિદ્ધાર્થ નગરમાં નંદ રાજાને ઘેરથી છઠ તપનું પારણું કરી પ્રભુ આર્યજનપદ દેશમાં વિચર્યા.

બાર મહીના સુધી પ્રભુ છદ્મસ્થપણે વિચરી ફરી પાછા દીક્ષાસ્થાને પધારી પોષ વદિ અમાસને દિવસે અશોકવૃક્ષની નીચે ધ્યાનસ્થ અવસ્થામાં હતા, ત્યારે કેવળજ્ઞાનને પામ્યા. દેવોએ આવી કેવળ મહોત્સવ કર્યો. બાર જાતની પરિષદ્ એકઠી થઈ. પ્રભુએ દેશના આપી. અનેક ભવ્ય જીવો પ્રતિબોધને પામ્યા. એકવીસ લાખ વર્ષ સુધી જનકલ્યાણ અર્થે દેશ-દેશાન્તર વિચરી, અનેક ભવ્યાત્માઓનું કલ્યાણ કરી, આયુષ્યનો અંત નજીક જાણી પ્રભુ સમેતશિખર પર પધાર્યા. ત્યાં એક હજાર મુનિવરો સહિત અનશન વ્રત કરી, એક માસને અન્તે આષાઢ વદિ ૩ ના દિવસે પ્રભુ હજાર મુનિઓ સહિત મોક્ષપદને પામ્યા.

શ્રેયાંસપ્રભુને ગેંડાનું ચિહ્ન (લાંચ્છન) હતું, સુવર્ણ સરીખો દેહનો રંગ હતો, એંશી ધનુષ્યની શરીરની ઉંચાઈ હતી. પ્રભુએ એકવીસ લાખ વર્ષ કુમારપણે, બેંતાલીસ લાખ વર્ષ રાજા તરીકે, અને એકવીસ લાખ વરસ દીક્ષામાં એમ કુલ ૮૪ લાખ વરસનું આયુષ્ય ભોગવ્યું.

પ્રભુ શ્રેયાંસનાથના શાસનમાં ૭૬ ગણધર થયા, ચોરાશી હજાર સાધુ, એક લાખ ત્રણ હજાર સાધ્વીઓ, બે લાખ એંશી હજાર શ્રાવકો અને ચાર લાખ અડતાલીસ હજાર શ્રાવિકાઓનો પરિવાર થયો.

---

(૧૨) શ્રી વાસુપૂજ્ય

પુષ્કરાર્ધ દ્વીપના મંગળાવતી વિજયમાં રત્નસંચયા નામે નગરીનો પદ્મોત્તર નામે ગુણના પૂંજરૂપ રાજા સુખસમાધિમાં રાજ્ય કરતો હતો. સમય જતાં તે રાજા વૈરાગ્ય પામી, વજ્રનાભ નામે ગુરુદેવની પાસે ચારિત્ર અંગીકાર કરી, તીર્થંકર નામ કર્મોપાર્જનનાં ૨૦ સ્થાનકમાંનાં ઘણાં સ્થાનોનું આરાધન કરી, તીર્થંકરનામ કર્મ ઉપાર્જન કરી, આયુષ્ય પૂર્ણ કરી, દસમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો. દેવગતિનું આયુષ્ય પૂર્ણ કરી જમ્બૂ દ્વીપના ભરતક્ષેત્રમાં ચંપા નામે નગરીના વાસુપૂજ્ય નામે રાજાને ત્યાં જયાદેવી નામે રાણીને તીર્થંકર પદવી સૂચિત ચૌદ સ્વપ્ન થતાં જેઠ સુદિ નોમના દિને તે ગર્ભમાં આવી પુત્રપણે ઉત્પન્ન થયો.

સમય વીતતાં રાણીને માહ વદિ ૧૪ ના દિને મહિષના લાંચ્છન સહિત લાલ વર્ણનું શરીર છે જેનું એવા પ્રભુનો જન્મ

થયો. દેવોએ આવી જન્મમહોત્સવ કર્યો, રાજાએ પણ જન્મ-મહોત્સવ કર્યો. બારમે દિવસે પ્રભુનું નામ વાસુપૂજ્ય પાડવામાં આવ્યું.

યોગ્ય ઉમર થતાં માતાપિતાએ પુત્રને પરણાવી લગ્નનો લ્હાવો લેવા વિચાર કર્યો. તે વિચાર પ્રભુએ જાણીને તેમણે લગ્ન કરવાની ના પાડી, તેમજ રાજગાદી સંભાળવાની પણ ના પાડી. પોતાને ભોગાવળી કર્મ નામ માત્ર જ છે, ગૃહસ્થાશ્રમમાં જોડાઇને ભોગાવળી કર્મનો ક્ષય કરવો પડે તેમ નથી, એમ જાણી અનેક પ્રકારે સંસારની અસ્થિરતા, ભોગવિલાસનું દુઃખદ પરિ-ણામ વગેરે માતાપિતાને સમજાવી પોતે દીક્ષા લેવાની આજ્ઞા માગી. માતાપિતાએ આજ્ઞા આપી.

લોકાન્તિક દેવોએ આવી પ્રભુને દીક્ષા લેવાની વિનંતિ કરી. પ્રભુએ વરસી દાન દઈને માહ વદિ અમાસના દિવસે છઠ તપ સહિત અને છસો રાજાની સાથે દીક્ષા અંગીકાર કરી. દેવોએ દીક્ષામહોત્સવ કર્યો. દીક્ષા લીધી તે જ વખતે મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થયું કે જે દરેક તીર્થંકરને દીક્ષા લેતી વખતે જ ઉત્પન્ન થાય છે. બીજે દિવસે મહાપુર નગરમાં સુનંદ રાજાને ત્યાંથી છઠનું પારણું કરી પ્રભુ આર્યદેશમાં વિચરવા લાગ્યા.

એક વરસ દિવસ સુધી પ્રભુ છદ્મસ્થપણે વિચરી, અનેક દુઃસહ પરિષહોને સહન કરી, ફરી દીક્ષાસ્થાને વિહારગૃહ ઉદ્યાનમાં આવી, પાટલ (ગુલાબ)ના વૃક્ષ નીચે ધ્યાનસ્થ અવ-સ્થામાં છઠ તપ સહિત હતા તે વખતે માહ સુદિ ૨ ના દિવસે પ્રભુ કેવળજ્ઞાનને પામ્યા. દેવોએ આવી કેવળમહોત્સવ કરી સમવસરણ રચ્યું. બાર જાતની પરિષદ એકઠી થઈ. પ્રભુએ

ભવસિંધુ તારનાર દેશના આપી. અનેક ભવ્યાત્માઓ પ્રતિબોધ પામ્યા. પ્રભુએ ચાર તીર્થ સ્થાપ્યાં. કેવળી થઇને પ્રભુએ ઘણા દેશ દેશાન્તરમાં વિચરી અનેક ભવ્યાત્માઓને મોક્ષ-માર્ગનાં પથિક બનાવ્યા.

બહોંતેર લાખ વર્ષ સુધી દીક્ષિત અવસ્થામાં રહી, આયુષ્ય પૂર્ણ થવાનો સમય નજીક જાણી, પ્રભુ ચંપાનગરી-એ પધાર્યા. ત્યાં યોગ્ય સ્થાને બિરાજી, છસો સાધુઓ સહિત પોતે અનશન કર્યું. એક માસ અનશન તપ આરાધી, આષાઢ સુદિ ૧૪ ના દિને પ્રભુ છસો સાધુઓ સાથે પરમપદે પધાર્યા.

શ્રી વાસુપૂજ્ય પ્રભુ મહિષ (પાડા)ના લાંછનવાળા, સીત્તેર ધનુષ્યના ઉંચા અને પરવાળા જેવા લાલ શરીરવર્ણ-વાળા હતા.

પ્રભુએ અઢાર લાખ વર્ષ કુમાર અવસ્થામાં અને ચોપન લાખ વર્ષ દીક્ષિત અવસ્થામાં, કુલ બહોંતેર લાખ વર્ષનું આયુષ્ય ભોગવ્યું. પ્રભુના શાસનમાં સૂક્ષ્મ વગેરે છાસઠ ગણધર, બહોં-તેર હજાર સાધુઓ, એક લાખ સાધ્વીઓ, બે લાખ ને પંદર હજાર શ્રાવકો, અને ચાર લાખ ને છત્રીસ હજાર શ્રાવિકાઓ થયાં.

---

(૧૩) શ્રી વિમલનાથ

ધાતકીખંડ દ્વીપના પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં ભરત નામે વિજયમાં, મહાપુરી નામે નગરી હતી. તેમાં પદ્મસેન નામે ગુણવાન અને રાજાપદને લાયક રાજા રાજ્ય કરતો હતો. સમય વીત્યે વૈરાગ્યથી વાસિત થઈ રાજાએ સર્વગુપ્ત નામે આ-ચાર્યની પાસે ચારિત્ર અંગીકાર કર્યું. અરિહંત વગેરેના ગુણ-

આમ વગેરે ૨૦ સ્થાનકોમાંનાં ઘણાં સ્થાનકોનું આરાધન કરી, તીર્થંકરનામ કર્મનું ઉપાર્જન કરી, શુદ્ધ ચારિત્ર પાળી, આયુષ્ય પૂર્ણ કરી, સહસ્સાર નામે આઠમા દેવલોકમાં તે મહર્દ્ધિક દેવપણે ઉત્પન્ન થયો. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી જમ્બૂદ્વીપના ભરત ક્ષેત્રમાં કંપીલપુર નગરના કૃતવર્મા રાજાની શ્યામાદેવી નામે રાણીની કુક્ષીએ વૈશાખ સુદિ ૧૨ ના દિને તે પુત્રપણે ઉત્પન્ન થયો. તે વખતે શ્યામાદેવીને તીર્થંકરપદ સૂચિત ૧૪ મહાસ્વપ્ન જોવામાં આવ્યાં. યથાસમયે માહ સુદિ ૨ ના દિને પ્રભુનો જન્મ થયો. દેવદેવીઓએ આવી પ્રભુનો જન્મમહોત્સવ કર્યો. રાજાએ પણ જન્મમહોત્સવ કર્યો. માતા શ્યામાદેવીને પ્રભુ ગર્ભમાં હતા ત્યારે શરીરની નિર્મળતા થએલી, તે પરથી જન્મ્યા પછી બારમે દિવસે પ્રભુનું વિમળનાથ નામ આપ્યું. પ્રભુ જ્યારે યૌવનવય પામ્યા ત્યારે રાજાએ તેમને અનેક રાજકન્યાઓ પરણાવી. પંદર લાખ વર્ષ કુમારપણામાં રહી, માતાપિતાના આગ્રહથી પ્રભુએ રાજ્યધુરા ઉપાડી. ત્રીસ લાખ વર્ષસુધી નિષ્કંટક રાજ્ય ભોગવી, લોકાન્તિક દેવની પ્રેરણાથી વરસી દાન દેઈ, પ્રભુ વિમળનાથે છઠ તપ અને હજાર રાજાઓ સહિત માહ સુદિ ૪ ના દિવસે ચારિત્ર અંગીકાર કર્યું. ત્રીજે દિવસે ધાન્યકુટ નગરમાં જય નામે રાજાને ત્યાંથી પરમાન્નથી પારણું કરી પ્રભુ વિહાર કરી ગયા.

અનેક દુઃસહ પરિષહોને સહન કરી, છદ્મસ્થપણામાં બે વરસ સુધી અપ્રતિબદ્ધપણે વિચરી, ફરી પાછા દીક્ષાસ્થાને આવી જમ્બૂ નામે વૃક્ષની નીચે પ્રભુ ધ્યાનસ્થ રહ્યા. પોષ સુદિ ૬ ના દિવસે ઘનઘાતી કર્મનો ક્ષય કરી પ્રભુ કેવળજ્ઞાન કેવળદર્શનને પામ્યા. દેવોએ આવી કેવળમહોત્સવ કરી સમ-

વસરણની રચના કરી. પ્રભુએ પરમ કલ્યાણકારક દેશના દીધી. દેશના સાંભળી ઘણા ભવ્યાત્માઓએ સાધુ–સાધ્વી–શ્રાવક અને શ્રાવિકાનાં વ્રતો આદર્યાં. પંદર લાખ વર્ષ સુધી દીક્ષિત અવસ્થામાં વિચરી, આયુષ્યનો અંત નજીક જાણી, પ્રભુએ સમેતશિખર પર પધારી, છ હજાર સાધુઓ સાથે અનશન આદર્યું. એક માસના અંતે છ હજાર સાધુઓ સાથે પ્રભુ વિમળનાથ પરમપદે પહોંચ્યા.

પ્રભુ વિમળનાથને ડુક્કરનું લાંચ્છન હતું, સાઠ ધનુષ્યની ઉંચી કાયા હતી. પ્રભુ પંદર લાખ વર્ષ કુમાર વયમાં રહ્યા, ત્રીસ લાખ વર્ષ રાજ્ય કર્યું અને પંદર લાખ વર્ષ સંયમી અવસ્થામાં રહી કુલ ૬૦ લાખ વર્ષનું આયુષ્ય ભોગવ્યું. પ્રભુને મંદર વગેરે સત્તાવન ગણધર, અડસઠ હજાર સાધુઓ, એક લાખ ને આઠ સો સાધ્વીઓ, બે લાખ ને આઠ હજાર શ્રાવકો, અને ચાર લાખ ને ચોત્રીસ હજાર શ્રાવિકાઓનો પરિવાર થયો.

---

(૧૪) શ્રી અનંતનાથ

ધાતકીખંડના પ્રાગ્વિદેહ ક્ષેત્રમાં ઐરાવત નામે વિજયમાં અરિષ્ટા નામે નગરી હતી. તે નગરી ધન–ધાન્યથી સમૃદ્ધ હતી. પદ્મરથ નામે મહારથી એ નગરનો રાજા હતો, જેણે અનેક રાજાઓનાં મસ્તકો પોતાના ચરણમાં નમાવ્યા છતાં પોતે સંસારના સર્વ વિષયોથી અલિપ્ત ભાવે રહેતો હતો અને રાત દિવસ સંસારપ્રવૃત્તિના ત્યાગસમયની રાહ જોતો હતો. અવસર પ્રાપ્ત થતાં પદ્મરથ રાજા ચિત્તરક્ષ નામના પરમ ગુરુ પાસે ચારિત્ર અંગીકાર કરી, ઉત્કૃષ્ટ ચારિત્ર અને તીર્થંકર નામ કર્મોના નિમિત્ત રૂપ ૨૦ સ્થાનકો માંહેનાં ઘણાં સ્થાનકોનું

આરાધન કરી, તીર્થંકર નામ કર્મનું ઉપાર્જન કરી, આયુષ્ય પૂર્ણ કરી, દસમા પ્રાણુત નામે દેવલોકમાં મહર્દ્ધિક દેવપણે ઉત્પન્ન થયો. ત્યાંનું પરિપૂર્ણ આયુષ્ય ભોગવી, ત્યાંથી જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં અયોધ્યા નગરીના સિંહસેન રાજાની પરમ પવિત્ર સુયશા નામે રાણીની કુક્ષીએ આષાઢ વદિ ૭ ના દિને આવી, તે પુત્રપણે ઉત્પન્ન થયો.

પ્રભુ ગર્ભમાં આવ્યા અને તે તીર્થંકર છે, તેની જાણે સૂચના હોય તેમ તે વખતે સુયશાદેવીને તીર્થંકરપદ સૂચિત ચૌદ મહાસ્વપ્ન આવ્યાં. ગર્ભમાં સુખે સમય પસાર કરી ચૈત્ર વદિ ૧૩ ના દિને પ્રભુએ જન્મ ધારણ કર્યો. ત્રણ જગતમાં પ્રકાશ થયો. નારકીઓને પણ થોડી વાર વિશ્રાન્તિ મળી. બાજપક્ષીના ચિહ્નવાળા પુત્રના જન્મના દેવોને ખબર મળ્યા. ઈન્દ્રાદિ દેવોએ આવી પ્રભુનો જન્મમહોત્સવ કર્યો. રાજાએ પણ જન્મમહોત્સવ કર્યો. પ્રભુ જ્યારે ગર્ભમાં હતા ત્યારે તેમના પિતાએ શત્રુના અનંત બળનો પરાજય કરેલો, તે પરથી જન્મ પછી બારમે દિવસે પ્રભુનું અનંતજિત એવું નામ પાડ્યું.

બાલ્ય કાળ વટાવી, પ્રભુ યૌવન વયે પહોંચ્યા, ત્યારે રાજાએ પ્રભુને અનેક રાજકન્યાઓ પરણાવી. ત્યારપછી પ્રભુને યોગ્ય ઉંમરના જાણી, રાજાએ પોતા પરનો રાજ્યભાર સર્વશક્તિમાન પુત્રને આપ્યો. પ્રભુએ પંદર લાખ વર્ષ સુધી અલિપ્ત ભાવે અને નિષ્કંટકપણે રાજ્ય ચલાવી, લોકાન્તિક દેવની સૂચનાથી વરસી દાન દઈ, ચૈત્ર વદિ ૧૪ ના દિવસે છઠ તપ સહિત એક હજાર રાજા સહ દીક્ષા લીધી. તે જ વખતે પ્રભુને ચોથું મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થયું. બીજે દિવસે વર્દ્ધમાન નગરમાં વિજય રાજાને ઘેરથી છઠ તપનું પારણું કરી

છદ્મસ્થ ભાવે પ્રભુ વિહરવા લાગ્યા. ત્રણ વર્ષ સુધી અનેક પરિષહોને સહન કરતાં છદ્મસ્થ ભાવે વિચરી, પ્રભુ ફરી દીક્ષા-સ્થાને પધાર્યા અને અશોક વૃક્ષ નીચે ધ્યાનસ્થ અવસ્થામાં રહી છઠ તપના અંતે શુભ ધ્યાનના યોગવડે ઘાતીકર્મનો ક્ષય કરી, ચૈત્ર વદિ ૧૪ ના દિવસે પ્રભુ કેવળજ્ઞાન કેવળદર્શનને પામ્યા. દેવાદિએ આવી પ્રભુનો કેવળ મહોત્સવ કરી સમવસરણની રચના કરી. પ્રભુએ સમવસરણમાં બિરાજી, બાર જાતની પરિષદમાં ધર્મવૃક્ષના મૂળરૂપે નવતત્ત્વના સ્વરૂપની દેશના દીધી. દેશનાને અંતે અનેક ભવ્ય જીવોએ દીક્ષા લીધી. કેટલાએક શ્રાવક-શ્રાવિકા થયાં.

પચાસ ધનુષ્યની કાયાવાળા પ્રભુ કેવળજ્ઞાનીપણે બહુ વર્ષ વિચર્યા. શરીરના આયુષ્યનો અંત નજીક જાણી પ્રભુ સમેત-શિખર પર પધાર્યા. ત્યાં અનશન કરી, એક માસનું અનશન વ્રત આરાધી, સાત હજાર સાધુઓ સાથે ચૈત્ર સુદિ ૫ ના દિવસે પ્રભુ મોક્ષે પધાર્યા.

પ્રભુ અનંતનાથને બાજ પક્ષીનું લાંછન (ચિહ્ન), પચાસ ધનુષ્યની ઉંચી કાયા અને સુવર્ણ સરીખો શરીરનો વર્ણ હતો. પ્રભુ સાડાસાત લાખ વર્ષ કુમારપણે રહ્યા, પંદર લાખ વર્ષ સુધી રાજ્ય કર્યું, અને સાડાસાત લાખ વર્ષ સુધી સંયમ પાળ્યું, કુલ ત્રીસ લાખ વર્ષનું આયુષ્ય ભોગવ્યું.

પ્રભુ અનંતનાથના શાસનમાં યશ વગેરે પચાસ ગણધર, છાસઠ હજાર સાધુ, બાસઠ હજાર સાધ્વીઓ, બે લાખ છ હજાર શ્રાવકો અને ચાર લાખ ચૌદ હજાર શ્રાવિકાનો પરિવાર થયો.

---

(૧૫) શ્રી ધર્મનાથ

ધાતકીખંડ દ્વીપના પૂર્વ મહાવિદેહમાં ભરત નામે વિજયમાં ભદ્રિલ નામે સુંદર નગર હતું. તેમાં દઢરથ નામે પ્રતાપી અને રાજધર્મને પૂર્ણ રીતે જાણનાર તથા તેનું પાલન કરનાર રાજા રાજ્ય કરતો હતો. ધર્મ પ્રતિ અભિરુચિ ધરાવનાર તે રાજા રાજકાજથી વૈરાગ્ય પામી વિમળવાહન નામે સદ્ગુરુની પાસે ચારિત્ર અંગીકાર કરી, અનેક પ્રકારની દુષ્કર તપશ્ચર્યાદિ કરી, અર્હદ્ભક્તિ, વિનયાદિ ગુણોનું પૂર્ણપણે સેવન કરી, તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરી, ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી વૈજયન્ત નામે બીજા અનુત્તર વિમાનમાં મહર્દ્ધિક દેવપણે ઉત્પન્ન થયો.

જમ્બૂદ્વીપના ભરત ક્ષેત્રમાં રત્નપુર નામે નગર હતું તેમાં ભાનુ નામે ન્યાયપરાયણ રાજા રાજ્ય કરતો હતો. તેની સુવ્રતા નામે રાણીની કુક્ષીએ ચૌદ સ્વપ્નથી તીર્થંકર પદનું સૂચન કરીને દઢરથ રાજાનો જીવ વૈજયન્ત વિમાનથી આયુષ્ય પૂર્ણ કરી વૈશાખ સુદી ૭ ના દિને આવી ગર્ભમાં પુત્રપણે ઉત્પન્ન થયો. યથાસમયે રાણીએ માહ સુદી ૩ ના દિને વજ્રના લાંછનવાળા પુત્રને જન્મ આપ્યો. પ્રથમ દેવોએ અને પછી રાજાએ પુત્રનો જન્મમહોત્સવ કર્યો. સગર્ભાવસ્થામાં રાણીને ધર્મ કરવાનો દોહદ ઉત્પન્ન થએલો, તેથી પુત્રજન્મ પછી બારમે દિવસે ગુણનિષ્પન્ન એવું ધર્મનાથ નામ આપ્યું.

ધર્મનાથ જ્યારે બાલ્ય વય વટાવી કુમાર વયમાં આવ્યા અને યોગ્ય ઉંમરે પહોંચ્યા, ત્યારે તેમણે રાજકન્યાઓ સાથે લગ્ન કર્યાં. જન્મથી અઢી લાખ વરસની ઉંમરે પ્રભુ પહોંચ્યા

ત્યારે રાજ્યધુરાને ઉપાડી, અને પાંચ લાખ વરસ સુધી અભિમભાવે પણ નિષ્કંટકપણે રાજ્ય કર્યું. લોકાન્તિક દેવોની પ્રેરણાથી વરસી દાન દઈને વરસને અંતે માહ સુદી ૧૩ ના દિવસે ચોથે પહોરે એક હજાર રાજાના પરિવાર સહિત છઠ તપ આદરીને પ્રભુ ધર્મનાથે વપ્રકાંચન ઉદ્યાનમાં ચારિત્ર ગ્રહણ કર્યું. તે જ વખતે પ્રભુને મનઃપર્યવ નામે ચોથું જ્ઞાન ઉત્પન્ન થયું. સોમનસપુરમાં ધર્મસિંહ રાજાને ત્યાંથી છઠ તપનું પારણું કરીને પ્રભુ વિહાર કરી ગયા.

બે વરસ સુધી ધર્મનાથ પ્રભુ અનેક દુઃસહ પરિષહો છદ્મસ્થપણે સહન કરી, ફરી દીક્ષાસ્થાને આવી, દધિપર્ણ વૃક્ષ નીચે ધ્યાનસ્થ અવસ્થામાં રહેતા થકાં, ઘાતી કર્મનો અંત કરી, પોષ સુદી ૧૫ ના દિવસે કેવળ જ્ઞાન પામ્યા. દેવોએ કેવળ મહોત્સવ કરી સમવસરણ રચ્યું. સમવસરણમાં સિંહાસન પર બિરાજી બાર જાતની પરિષદ્ વચ્ચે પ્રભુ ધર્મનાથે અમોઘ દેશના આપી. દેશનાને અંતે કેટલાએ ભવ્યાત્માઓએ સાધુપણું સ્વીકાર્યું, કેટલીએ સ્ત્રીઓ સાધ્વી થઈ, કેટલાકે શ્રાવક અને શ્રાવિકાઓનાં વ્રત સ્વીકાર્યાં.

બે વર્ષ ઓછા એવા અઢી લાખ વર્ષ સુધી કેવળીપણે વિચરી, અનેક ભવ્યાત્માઓને પરમપદપ્રાપ્તિના માર્ગે ચડાવી, પોતાના આયુષ્યનો અંત નજીક જાણી, સમેતશિખર પર પ્રભુ પધાર્યા. ત્યાં એક સો ને આઠ મુનિવરો સાથે પોતે અનશન કર્યું. એક મહીનાને અંતે ૧૦૮ મુનિઓ સાથે જેઠ સુદી ૫ ના દિને ધર્મનાથ પ્રભુ સર્વ કર્મનો ક્ષય કરી અજરામર પદને પામ્યા.

ધર્મનાથ પ્રભુ વજ્રના લાંછનવાળા, પીસ્તાલીશ ધનુષ્યના દેહમાનવાળા અને સુવર્ણ સરખા શરીરના વર્ણવાળા હતા. પ્રભુ ધર્મનાથે અઢી લાખ વર્ષ કુમારપણે, પાંચ લાખ વર્ષ રાજાપણે, અને અઢી લાખ વર્ષ તીર્થંકર તરીકે કુલ ૧૦ લાખ વર્ષનું આયુષ્ય ભોગવ્યું.

પ્રભુના શાસનમાં અરિષ્ટ વગેરે તેંતાળીસ ગણધરો, ચોસઠ હજાર સાધુઓ, બાસઠ હજાર ચાર સો સાધ્વીઓ, બે લાખ ચાલીશ હજાર શ્રાવકો અને ચાર લાખ તેર હજાર શ્રાવિકાઓનો પરિવાર થયો.

---

(૧૬) શ્રી શાન્તિનાથ

શ્રી જમ્બૂદ્વીપના પૂર્વ મહાવિદેહમાં પુષ્કરાવતી વિજયમાં પુંડરીકિણી નગરીના ઘનરથ રાજા અને તીર્થંકરના પુત્ર શ્રી મેઘરથ રાજા કે જેને ઘનરથ રાજા દીક્ષા લેતી વખતે રાજ-ગાદી પર બેસાડી ગયા હતા તે એક દિવસ પૌષધશાળામાં ધ્યાનસ્થ અવસ્થામાં બેઠા હતા. એ વખતે આકાશ માર્ગેથી એક ભયગ્રસ્ત પારેવું આવીને તે રાજાના ખોળામાં પડ્યું, અને મનુષ્ય સમજી શકે તેવી ભાષામાં તે બોલ્યું: "રાજન્! મારી પાછળ બાજ-સીંચાણો પક્ષી મને પકડવા-મારું ભક્ષણ કરી જવા દોડ્યો આવે છે. હું હવે બીજે નાસી જઈ શકું કે મારો બચાવ કરી શકું તેમ નથી. તેથી તમારે શરણે આવેલ છું, અને ક્ષત્રિયોને શરણે ગએલ કોઈ પણ પ્રાણી નિર્ભય જ બને છે, માટે મને તમારૂં શરણ હો!" મેઘરથ રાજાએ પારેવાનું બોલવું ધ્યાનપૂર્વક સાંભળીને 'તથાસ્તુ'

કહી પારેવાને શરણું આપ્યું અને કહ્યું : “ જ્યાંસુધી આ દેહમાં પ્રાણ છે ત્યાંસુધી તું નિર્ભય છે. ”

આટલી વાતચિત થઈ ત્યાં તે પારેવાની પાછળ પડેલ બાજ પક્ષીએ આવીને રાજાના પગ પર બેસીને પારેવાને પકડવાને ઝડપ મારી પણ રાજાએ પારેવાને બચાવી લીધું, અને બાજને એક બાજુએ હઠાવ્યો. એટલે તે બાજ રાજાને કહેવા લાગ્યો કે : “ હે નરાધિપ ! ન્યાયી રાજાને પક્ષપાત ન શોભે. એ પારેવું મારૂં ભક્ષ્ય છે, અને હું ખૂબ ભૂખ્યો થયો છું; તો એકને બચાવી બીજાને ભૂખ્યે મારવો, એ ન્યાય નથી, એ જીવદયા નથી, એ ધર્મ પણ નથી. માટે મારું ભક્ષ્ય લઈ જવામાં મને અંતરાય ન કરો.” મેઘરથ રાજાએ કહ્યું : “ હે બાજ પક્ષી ! પોતાના ક્ષણિક સુખની ખાતર બીજાના કાયમી સુખને હરી લેવું એ ધર્મ છે ? બળવાને તો નિર્બળનું ભક્ષણ નહિ પણ રક્ષણ કરવું જોઈએ. તું જોઇ શકે છે કે તારા ભયથી–તને જોઇને ઉત્પન્ન થતા મૃત્યુના ભયથી તે કેવું ધ્રૂજી રહેલ છે ! માટે એ પારેવાના બદલામાં તને ખોરાક માટે કાંઈ મીઠાઈ, મેવો, ફળ, ફૂલ, તું ઇચ્છે તે મંગાવી આપું, કે જેથી તારી ક્ષુધા શમે અને પારેવાનો પ્રાણ બચે. ” બાજ બોલ્યો : “ નહિ રાજન્ ! મને માંસભક્ષણ સિવાય બીજું કાંઈએ ન જોઈએ. ફળ, ફૂલ એ મારો ખોરાક નથી. મારે તો ખોરાકમાં માંસ જ જોઈએ, અને તે પણ જીવતા પ્રાણીનું–મરેલાનું નહિ. માટે રાજન્ ! મને એ પારેવું જલદી લઈ જવા દો, અને તમારે એ પારેવું બચાવવું જ હોય તો તમારા શરીરમાંથી એ પારેવાના વજન જેટલું માંસ કાપી આપો ! ”

મેઘરથ રાજાએ વિચાર્યું કે "મેં પારેવાને અભયવચન આપેલ છે, અને આ બાજને ભૂખે મરવા દેવો એ પણ મારો ધર્મ નથી. પારેવાને બચાવવા માટે બીજા કોઈ પક્ષીનો ભોગ આપવો એ તો બની શકે જ નહિ. તો પછી જો આ શરીરથી એટલુંએ આત્મહિત થતું હોય તો આ નશ્વર દેહનો એનાથી વધુ સારો ઉપયોગ બીજો કયો છે?" મનથી નિશ્ચય કરી તુર્ત જ સેવકોને આજ્ઞા કરી રાજાએ ત્રાજવું મંગાવ્યું અને ત્રાજવાના એક પલ્લામાં પારેવાને મૂકી, બીજા પલ્લામાં પોતાના પગની જાંઘમાંથી છરી વડે કાપી કાપી માંસના કકડા મૂકવા માંડ્યા. પારેવાના શરીરમાં પરીક્ષક દેવે વજન ઘણું જ વધારી મૂકેલું જેથી આખી જાંઘનું અને શરીરના બીજા ભાગમાંથી કાપી મૂકેલું માંસ ખૂટતાં સુધી એ પારેવા જેટલું વજન થયું નહિ! એથી રાજા પોતે ઉઠી ત્રાજવાના પલ્લામાં બેસી ગયા, અને બાજને કહ્યું કે "હવે તારી ઈચ્છામાં આવે ત્યાંથી–શરીરના કોઈ પણ ભાગમાંથી તારો ખોરાક તુ લઈ શકે છે, અને તારી ક્ષુધા શાન્ત કરી શકે છે."

આ વખતે રાજાના અમાત્ય, રાજકર્મચારીઓ, અને રાણીઓ વગેરે રાજાને કહેવા લાગ્યાં કે, "મહારાજ! આપનું એક છત્રે રાજ્ય છે, જગતમાં આપનું મહાન પ્રભુત્વ છે, યુવાન વય છે, અને સુંદર શરીર છે, એ બધાની હાનિ થોડા લાભની ખાતર–માત્ર એક પારેવાને બચાવવા ખાતર ભોગવી રહ્યા છો તે બુદ્ધિમાન મનુષ્યની બુદ્ધિને યોગ્ય કાર્ય નથી, માટે આપ આ સાહસ કરવું રહેવા દો."

તેનાં જવાબમાં રાજાએ માત્ર એક જ જવાબ કહ્યો કેઃ "શરણે આવેલાને બચાવે તે ક્ષત્રિય, અને હું ક્ષત્રિય છું, તો મારે

મારો ધર્મ બજાવવો જ જોઈએ. ધર્મના રક્ષણને ખાતર પ્રાણની એક બદામ જેટલીએ કીમત નથી. ધર્મના રક્ષણ ખાતર અપાએલો શરીરનો ભોગ એ મામુલી છે. બુદ્ધિમાનો અલ્પ હેતુને માટે મોટી હાનિ વેઠતા નથી. શરીર તો ફરી પણ પુણ્ય-યોગે મળવાનો સંભવ છે. એટલે તે અલ્પ હેતુવાળું છે અને એવા શરીરરક્ષણ ખાતર જેઓ ધર્મથી ભ્રષ્ટ થાય છે તે મોટી હાનિરૂપ છે કારણકે જન્માંન્તરોમાં પણ ધર્મને પામી શકાતો નથી. માટે આ નાશવંત શરીરના મોહની ખાતર મને ધર્મથી ભ્રષ્ટ થવાની સલાહ ન આપશો. મને ધર્મથી ચુકાવશો નહિ."

રાજાનાં દૃઢતાભર્યાં વચનોથી રાજકર્મચારીઓ અને આપ્તજનો મૂગા બની ગયા. ધર્મથી ભ્રષ્ટ થવા કરતાં મરવું સારૂં છે, એવું સહુ કોઈને ભાન થયું. હવે રાજાએ બાજને કહ્યું: "હે બાજ! જેમ પારેવાનું રક્ષણ કરવું એ અમારો ધર્મ છે તેમજ તને ભૂખે ન મરવા દેવો એ પણ અમારો ધર્મ છે. તો હવે આ શરીરમાંથી તને યોગ્ય લાગે ત્યાંથી તું તારો ખોરાક મેળવી ક્ષુધા શાન્ત કરી શકે છે."

બાજ પક્ષી કે જે દેવે બનાવેલું માત્ર કૃત્રિમ રૂપ જ હતું, તેણે પોતાના અવધિજ્ઞાનથી રાજાનો મનોભાવ જોયો, જાણ્યો, તો રાજાના મનમાં ધર્મપાલન કરતાં આવી પડેલા કષ્ટને માટે સ્હેજ પણ મનદુઃખ ન જોયું, પણ પોતાના જીવનમાં ધર્મ-પાલનનો આવો અમૂલો પ્રસંગ પ્રાપ્ત થયો તેથી અતિ આનંદ અને હર્ષ જોયો. એ આનંદના જુસ્સામાં શરીરવ્યાધિની જરા સરખીએ રાજાને ખબર ન હતી. દેવે તે જાણ્યું, એટલે બાજ અને પારેવાના રૂપને સંકેલી લઈ, દેવના મૂળ સ્વરૂપમાં

આવી, રાજાને ધર્મપાલનની દૃઢતા માટે વારંવાર વંદન કરી, ધર્મની દૃઢતાનાં ઈન્દ્રે કરેલાં વખાણ પોતાથી સહન થયાં નહિ અને તેથી પરીક્ષા અર્થે ઉપજાવેલ દુઃખ અને અશાતા માટે વારંવાર રાજાની ક્ષમા માંગી. પછી દૈવી શક્તિથી રાજાના શરીરને સુંદર અને વ્યાધિરહિત બનાવી દેવ સ્વસ્થાનકે ગયા.

ઘણાં વર્ષ સુધી મેઘરથ રાજાએ ન્યાય-નીતિથી પ્રજાપાલન યુક્ત રાજ્ય કરી અંતે વૈરાગ્યથી વાસિત થઈ મેઘસેન કુમારને રાજ્ય સોંપી ઘનરથ તીર્થંકર દેવ પાસે દૃઢરથ ભાઈની સાથે દીક્ષા લીધી. ચારિત્ર લઈ, અનેક પ્રકારનાં દુષ્કર તપ કરી, તીર્થંકર નામ કર્મનું ઉપાર્જન કરી, આયુષ્ય પૂર્ણ કરી, બન્ને ભાઈઓ સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા, જ્યાં તેત્રીસ સાગરનું આયુષ્ય છે. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી મેઘરથ રાજાનો જીવ જમ્બૂ દ્વીપના ભરતક્ષેત્રમાં હસ્તીનાપુર નામના નગરમાં વિશ્વસેન નામે રાજાને ત્યાં અચિરાદેવી નામે રાણીની કુક્ષીએ તીર્થંકરની ઉત્પત્તિનાં સૂચક ચૌદ મહાસ્વપ્નથી સૂચિત કરી ભાદરવા સુદી સાતમે ગર્ભમાં આવી ઉત્પન્ન થયો. દિન પ્રતિદિન ગર્ભની વૃદ્ધિ થતી હતી. તે સમયે દેશમાં રોગોની મહામારીનો ઉપદ્રવ ચાલુ હતો. અનેક મનુષ્યો એ મહામારીનો ભોગ બનતા હતા. તે વખતે સગર્ભા અચિરા રાણીના સ્નાનનું પાણી દેશમાં છાંટવામાં આવ્યું, જેથી ગર્ભમાં રહેલ અનંત દયાળુ પ્રભુના પ્રતાપથી મહામારીનો રોગ શાન્ત થયો અને દેશભરમાં શાન્તિ થઈ.

નવ મહીના અને સાડા સાત દિવસ પ્રભુ ગર્ભમાં રહ્યા અને જેઠ વદિ તેરસે મૃગના લાંચ્છન સહિત સુવર્ણના રંગ સરખા શરીર સાથે પ્રભુએ જન્મ ધારણ કર્યો. દેવદેવીઓએ

આવી જન્મમહોત્સવ કર્યો, અને પછી રાજાએ પણ જન્મ-મહોત્સવ કર્યો. જન્મ પછી બારમે દિવસે, ગર્ભમાં રહીને દેશમાં શાન્તિ કરી હતી તેથી પ્રભુનું શાન્તિનાથ નામ પાડ્યું.

અનેક દેવદેવીઓ અને મનુષ્યોથી સેવિત પ્રભુ બાલ્યાવસ્થા વટાવી યુવાન વયે પહોંચ્યા ત્યારે રાજાએ તેમને અનેક રાજકન્યાઓ પરણાવી. પ્રભુ જ્યારે પચીસ હજાર વરસની ઉમરના થયા ત્યારે રાજા તેમને રાજ્યભાર સોંપી પોતે દીક્ષા લઈ ચાલી નીકળ્યા. શાન્તિનાથ રાજા થયા.

પચીસ હજાર વર્ષ સુધી માંડલિક રાજા તરીકે રાજ્ય કર્યા પછી, એમની આયુધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું, અને તે ચક્રરત્નની ઉત્પત્તિ માટે આઠ દિવસ સુધી ઉત્સવ કર્યો. તે ચક્રરત્ન એક હજાર દેવથી અધિષ્ઠિત હતું. તે ચક્રરત્ન આકાશમાં આગળ ચાલે, તેની પાછળ શાન્તિનાથ ચક્રવર્તી લશ્કર સહિત ચાલે, એમ આઠ સો વર્ષ સુધી ફરીને આખું ભરત-ક્ષેત્ર-છએ ખંડ સાધી આઠ સો વર્ષે તે હસ્તિનાપુર આવ્યા. બાર વર્ષ સુધી વિજય ઉત્સવ ચાલ્યો. શાન્તિનાથ પાંચમા ચક્રવર્તી થયા.

પચીસ હજાર વર્ષ સુધી ચક્રવર્તીપણે રાજ્ય કરી, લોકાન્તિક દેવના ઉદ્બોધથી વરસી દાન દઈ વૈશાખ વદિ ૧૪ ના દિવસે સહસ્રામ્ર વનમાં એક હજાર રાજા સાથે ચારિત્ર ગ્રહણ કર્યું. તે વખતે પ્રભુને છઠ તપ હતો, અને દીક્ષા લીધી કે તુર્ત જ મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થયું. બીજે દિવસે મંદિરપુરમાં સુમિત્ર રાજાને ત્યાં છઠનું પારણું કરી, પ્રભુ કર્મક્ષય કરવા નિમિત્તે અનેક તપાદિ કરી, અનેક પરિષહો સહન કરી, એક

વર્ષ દિવસ સુધી છદ્મસ્થપણે વિચરી ફરી હસ્તિનાપુર પધાર્યા. ત્યાં છઠ તપ સહિત ઉદ્યાનમાં ઉતર્યા. છઠ તપના બીજે દિવસે–પોષ સુદિ નોમના દિવસે નંદીવૃક્ષની નીચે ધ્યાનસ્થ અવસ્થામાં રહેલા પ્રભુને કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું. દેવોએ–મનુષ્યોએ આવી કેવળમહોત્સવ કર્યો. પ્રભુએ દેશના આપી. અનેક ભવ્યાત્માઓએ શાશ્વત સુખના સ્થાનને પ્રાપ્ત કરાવનાર એવા પવિત્ર ધર્મને ઓળખી તે અંગીકાર કર્યો.

પચીસ હજાર વર્ષ સુધી અનેક ભવ્ય જીવોનું કલ્યાણ કરી, મોક્ષમાર્ગ બતાવી, છેવટે પ્રભુ સમેતશિખરે પધાર્યા. ત્યાં એક માસનું અનશન તપ કરી, નવસેં મુનિવરો સાથે શાન્તિનાથ પ્રભુ વૈશાખ વદિ ૧૩ ના દિને મોક્ષે પધાર્યા.

શાન્તિનાથ પ્રભુ મૃગના લાંચ્છનવાળા, ચાલીશ ધનુષ્યના દેહમાનવાળા, સુવર્ણ સરખા શરીરના રંગવાળા હતા. શાંતિનાથ પ્રભુએ ૨૫ હજાર વર્ષ કુમારપણે, ૨૫ હજાર વર્ષ માંડલિક રાજાપણે, ૨૫ હજાર વર્ષ ચક્રવર્ત્તીપણે, અને ૨૫ હજાર વર્ષ ચારિત્રમાં, એમ કુલ ૧ લાખ વર્ષનું આયુષ્ય ભોગવ્યું.

પ્રભુ શાન્તિનાથના શાસનમાં ચક્રાયુધ વગેરે છત્રીસ ગણધરો, બાસઠ હજાર સાધુઓ, એકસઠ હજાર છસો સાધ્વીઓ, બે લાખ ને નેવુ હજાર શ્રાવકો અને ત્રણ લાખ ને ત્રાણુ હજાર શ્રાવિકાઓનો પરિવાર થયો.

---

(૧૭) શ્રી કુંથુનાથ

જમ્બૂદ્વીપના પૂર્વ મહાવિદેહમાં આવર્ત નામના વિજયમાં ખડુકી નામે નગરી હતી. તે નગરીનો સિંહાવહ નામે રાજા

ન્યાયવાન, નીતિમાન અને અનેક રાજાથી પૂજિત હતો. ઘણા કાળ સુધી રાજ્યવૈભવ અનાસક્તપણે ભોગવીને વૈરાગ્યરંગથી રંગાઈ, તેણે સંવરાચાર્ય નામે આચાર્યની પાસે ચારિત્ર અંગીકાર કર્યું. ચારિત્ર લઈ સિંહાવહ રાજર્ષિ અનેક પ્રકારની તપશ્ચર્યાદિ કરી તીર્થંકર નામ કર્મોપાર્જનનાં કાર્યો કરી, આયુષ્ય પૂર્ણ થતાં સર્વાર્થસિદ્ધિ નામે અનુત્તર વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં હસ્તીનાપુરના સુરરાજાની શ્રીદેવી નામે રાણીની કુક્ષીએ આષાઢ વદિ ૯ ના દિને આવી પુત્રપણે ઉત્પન્ન થયા. જે વખતે ગર્ભમાં આવ્યા તે વખતે શ્રીદેવીને તીર્થંકર સૂચિત ચૌદ મહા સ્વપ્ન જોવામાં આવ્યાં. ગર્ભકાળમાં રાણીજીને સ્વપ્નમાં કુંથુ જાતિના રત્નનો સમૂહ જોવામાં આવ્યો. સવા નવ મહીને ચૈત્ર વદિ ૧૪ ના દિને પ્રભુએ જન્મ ધારણ કર્યો. છપ્પન દિક્કુમારીઓ–દેવ દેવીઓએ આવી પ્રભુનો જન્મમહોત્સવ કર્યો. રાજાએ પણ જન્મમહોત્સવ કર્યો. બારમે દિવસે માતાએ પ્રભુનું કુંથુનાથ નામ પાડયું.

યુવાવસ્થાએ પહોંચતાં રાજાએ કુમારને અનેક રાજકન્યાઓ પરણાવી. જન્મથી ત્રેવીસ હજાર અને સાડાસાત સો વરસની ઉંમરે પહોંચતાં રાજા કુંથુનાથને રાજગાદીએ બેસાડી પોતે આત્મકલ્યાણ કરવા ચાલી નીકળ્યા. ત્રેવીસ હજાર સાડાસાત સો વરસ માંડલિક રાજા તરીકે રાજ્ય કર્યા પછી તેમની આયુધશાળામાં હજાર દેવથી સેવિત ચક્રરત્ન ઉત્પન્ન થયું. કુંથુનાથ તે ચક્રરત્નનું વિધિસર પૂજન કરી, તેની ગતિને અનુસરી છ ખંડ સાધવા નીકળ્યા. છસો વરસમાં ભરતક્ષેત્રના છએ ખંડમાં પોતાની આણ પ્રવર્તાવી; એ રીતે ચક્રવર્તીપદ પ્રાપ્ત કરી, ચૌદ

રત્ન, નવ નિધાન, વગેરે સંપદા સહિત હસ્તીનાપુરમાં રાજાએ પ્રવેશ કર્યો. નગરજનો અને રાજ્યના મનુષ્યોએ ૧૨ વરસ સુધી વિજય ઉત્સવ કર્યો.

ત્રેવીસ હજાર અને સાડીસાત સો વરસ સુધી ચક્રવર્તી-પણાનું રાજ્ય અને વૈભવ અનાસક્તપણે ભોગવી, લોકાન્તિક દેવોની પ્રેરણાથી પ્રભુએ વરસી દાન દઈ, ચૈત્ર વદિ ૫ના દિને છઠ તપ સહિત એક હજાર રાજા સાથે દીક્ષા લીધી. તે જ વખતે પ્રભુને મનઃપર્યવ નામે ચોથું જ્ઞાન ઉત્પન્ન થયું. બીજે દિવસે ચક્રપુર નગરના વ્યાઘ્રસિંહ રાજાને ત્યાંથી છઠ તપનું પારણું કરી પ્રભુ જનપદ દેશમાં વિચર્યા.

સોળ વર્ષ સુધી પ્રભુ છદ્મસ્થપણે વિચરી, ફરી હસ્તીનાપુર-માં પધાર્યા. ત્યાં દીક્ષાના સ્થાને જ તિલક વૃક્ષની નીચે ધ્યાનસ્થ રહ્યા. શુક્લ ધ્યાનના ચતુર્થ પાયે આવી, ઘનઘાતી કર્મનો ક્ષય કરી, છઠ તપ સહિત ચૈત્ર સુદિ ૩ ના દિવસે કુંથુનાથ પ્રભુ કેવળ જ્ઞાનને પામ્યા. દેવો–મનુષ્યોએ કેવળ મહોત્સવ કર્યો. દેવોએ સમવસરણની રચના કરી. પ્રભુએ સમવસરણમાં બેસી ૧૨ જાતની પરિષદ વચ્ચે ધર્મદેશના આપી. અનેક ભવ્યાત્માઓએ દીક્ષા લીધી. ઘણાએ શ્રાવક–શ્રાવિકાનાં વ્રત આદર્યા.

કેવળજ્ઞાની પ્રભુ મહીમંડળમાં વિચરી, અનેક ભવ્ય જીવોને પ્રતિબોધી, ત્રેવીસ હજાર સાડાસાત સોમાં સોળ વર્ષ ઓછાં કેવળીપણે વિચરી, આયુષ્યનો અંત નજીક જાણી સમેતશિખર પર પધાર્યા. ત્યાં એક હજાર મુનિઓ સાથે એક મહીનાનો સંથારો કરી, ચૈત્ર વદિ ૧ ના દિને ૧ હજાર મુનિઓ સાથે પ્રભુ નિર્વાણપદ પામ્યા.

શ્રી કુંથુનાથ પ્રભુને છાગ—બોકડાનું લાંચ્છન હતું, પાંત્રીસ ધનુષ્યનું પ્રભુનું દેહમાન હતું, સુવર્ણ સરખો શરીરનો વર્ણ હતો. કુંથુનાથે ૨૩૭૫૦ વર્ષ કુમારપણે, ૨૩૭૫૦ વર્ષ માંડલિક રાજાપણે, ૨૩૭૫૦ વર્ષ ચક્રવર્તીપણે અને ૧૬ વર્ષ ઊણા ૨૩૭૫૦ વર્ષ કેવળીપણામાં એમ કુલ પંચાણું હજાર વર્ષનું આયુષ્ય ભોગવ્યું.

પ્રભુના શાસનમાં સ્વયંભુ વગેરે પાંત્રીસ ગણધર, સાઠ હજાર ને છસો સાધ્વીઓ, એક લાખ ને ઓગણએંસી હજાર શ્રાવકો અને ત્રણ લાખ ને એકાશી હજાર શ્રાવિકાઓનો પરિવાર થયો.

(૧૮) શ્રી અરનાથ

શ્રી જમ્બૂદ્વીપના પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં વત્સ નામે વિજયમાં સુસીમા નામે નગરીમાં, ધનપતિ નામે ન્યાયપરાયણ અને રાજ્યવૈભવ હોવા છતાં જળકમળવત્ અલિપ્ત રહેનાર રાજા રાજ્ય કરતો હતો. સમય વ્યતીત થયે સંસારથી ઉદ્વિગ્ન થઈ, પૂર્ણ વૈરાગ્યથી પોતે સંવર નામના આચાર્યની પાસે ચારિત્ર અંગીકાર કર્યું. નાનાવિધ અભિગ્રહ, ચાતુર્માસાદિ તપશ્ચર્યા અને જેનાથી તીર્થંકર નામકર્મની ઉપાર્જના થઈ શકે તેવાં કર્મની આરાધના કરી, આયુષ્ય પૂર્ણ કરી, નવમા ગ્રૈવેયકમાં મહર્દ્ધિક દેવપણે તે રાજા ઉત્પન્ન થયો. ત્યાં લાંબું આયુષ્ય ભોગવી, આયુષ્ય પૂર્ણ કરી, જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં હસ્તીનાપુર નગરમાં સુદર્શન નામે રાજાનાં પરમકલ્યાણકર ધન્ય નામ છે જેમનું એવાં રાણી મહાદેવીની કુક્ષીએ ફાગણ સુદિ બીજના દિને એ જીવ પુત્રપણે ગર્ભમાં ઉત્પન્ન થયો.

પરિપક્વ સમયે માગસર સુદિ ૧૦ ના દિને નંદાવર્ત સાથીયાના લાંચ્છન સહિત પ્રભુ જન્મ્યા. પ્રભુના શરીરનો વર્ણ સુવર્ણ જેવો હતો. દેવદેવીઓએ આવી પ્રભુનો જન્મ-મહોત્સવ કર્યો. પ્રભુ ગર્ભમાં હતા ત્યારે તેમનાં માતાએ સ્વપ્નમાં ચક્રના આરા જોએલા, તે પરથી જન્મ પછી બારમે દિવસે પ્રભુનું અરનાથ એવું નામ પાડવામાં આવ્યું. યોગ્ય ઉંમરે પહોંચતાં અરનાથ પ્રભુએ અનેક રાજકન્યાઓ સાથે લગ્ન કર્યાં.

જન્મથી પ્રભુની ૨૧ હજાર વર્ષની ઉંમર થઈ ત્યારે તેમના પિતાએ તેમને રાજ્યાસને બેસાડયા. ૨૧ હજાર વર્ષ રાજ્ય કરતાં વીત્યાં ત્યારે તેમની આયુધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું. તેનો ઉત્સવ કરી, ચક્રરત્નની પાછળ પ્રભુ અરનાથ છ ખંડ સાધવા નીકળ્યા. ચાર સો વરસ સુધી ફરીને ભરત ખંડના છએ ખંડની સાધના કરીને હસ્તીનાપુરે આવ્યા. મનુષ્યોએ અને દેવોએ વિજય ઉત્સવ કર્યો.

૨૧ હજાર વર્ષ સુધી ચક્રવર્તીપણે રાજ્ય કરી, લોકાન્તિક દેવોની પ્રેરણાથી, વરસી દાન દઈ પ્રભુએ માગસર સુદિ ૧૧ ના દિને છઠ તપ સહિત સહસ્રામ્ર વનમાં એક હજાર રાજા સહિત દીક્ષા લીધી, અને તે જ વખતે પ્રભુને મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થયું. બીજે દિવસે રાજપુર નગરમાં અપરાજિત રાજાને ત્યાંથી પ્રભુએ પારણું કર્યું, અને મહીમંડળમાં તે વિચરવા લાગ્યા. ત્રણ વર્ષ સુધી છદ્મસ્થપણે વિચરી પ્રભુ ફરી સહસ્રામ્ર વનમાં પધાર્યા અને આંબાના વૃક્ષ નીચે શુક્લ ધ્યાન ધ્યાતાં ચાર ઘન-ઘાતી કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન–કેવળદર્શનને પામ્યા. દેવદેવીઓ–મનુષ્યોએ મળી પ્રભુનો કેવળ મહોત્સવ કર્યો.

પ્રભુએ રાગદ્વેષ જીતવાની ધર્મદેશના દીધી. દેશનાને અંતે ઘણા સાધુ-સાધ્વી થયાં અને ઘણાએ શ્રાવક શ્રાવિકાનાં વ્રત ગ્રહણ કર્યાં.

કેવળીપણે પ્રભુ દેશ દેશાન્તર વિચરી, અનેક ભવ્યાત્માઓને પ્રતિબોધી, મોક્ષમાર્ગ બતાવી, દીક્ષિતપણામાં ૨૧ હજાર વર્ષના અંતે, પોતાના શરીરનો અંતસમય નજીક જાણી સમેતશિખર પર પધાર્યા. ત્યાં એક હજાર મુનિવરો સાથે પોતે અનશન કરી, એક મહીનાને અંતે માગસર સુદિ ૧૦ ના દિને અરનાથ પ્રભુ ૧ હજાર મુનિવરોના આત્મા સાથે પરમપદને પામ્યા.

શ્રી અરનાથ પ્રભુ શરીરે કનકવર્ણા હતા, નંદાવર્તના લાંચ્છનવાળા હતા, ત્રીસ ધનુષ્યના દેહમાનવાળા હતા. ૨૧ હજાર વર્ષ કુમારપણે, ૨૧ હજાર વર્ષ માંડલિક રાજાપણે, ૨૧ હજાર વર્ષ ચક્રવર્તીપણે, અને ૨૧ હજાર વર્ષ સંયમીપણે એમ કુલ ૮૪ હજાર વર્ષનું આયુષ્ય તેમણે ભોગવ્યું.

પ્રભુ અરનાથના શાસનમાં કુંભ વગેરે તેત્રીસ ગણધરો, ૫૦ હજાર સાધુઓ, સાઠ હજાર સાધ્વીઓ, એક લાખ ચોરાશી હજાર શ્રાવકો, અને ત્રણ લાખ ને બહોંતેર હજાર શ્રાવિકાઓનો પરિવાર થયો.

(૧૯) શ્રી મલ્લિનાથ

જમ્બૂદ્વીપના પશ્ચિમ મહાવિદેહમાં સલીલાવતી વિજયને વિષે વીતશોકા નામે સુંદર નગરી હતી. તે નગરીમાં બળ નામે રાજા સુખપૂર્વક રાજ્ય કરતો હતો. તેને અનેક સદ્ગુણોને

ધારણ કરનારી ધારિણી નામે મુખ્ય રાણી હતી. તે રાણીને એક રાત્રિએ કેસરીસિંહનું સ્વપ્ન આવ્યું, અને તે જ વખતે તેને ગર્ભ રહ્યો. યથાસમયે રાણીએ પુત્રને જન્મ આપ્યો, જેનું નામ મહાબલ પાડયું. મહાબલ સાચેસાચ મહાબલવાન જ હતો. તે મહાબલે એક જ દિવસે એકી સાથે પાંચ સો રાજ-કન્યાઓ સાથે લગ્ન કર્યાં. લગ્ન કર્યા પછીથી તે સ્વર્ગીય સુખ અનુભવવા લાગ્યો.

મહાબલને અચલ, ધરણ, પૂરણ, વસુ, વૈશ્રવણ અને અભિ-ચંદ્ર એ નામના છ રાજકુમારો બાળમિત્ર હતા. એ સાતે જણને એવાં પ્રીતિબંધન હતાં કે કોઈ પણ કાર્યમાં સાતે જણે સાથે રહેવું એવી તેમણે ટેક લીધી હતી.

મહાબલને કમલશ્રી નામની મુખ્ય રાણીથી સિંહના સ્વ-પ્નના સૂચન પછી ઉત્પન્ન થએલ કુંવરનું નામ બલભદ્ર પાડયું હતું.

મહાબલને રાજ્યગાદી સોંપી બલરાજાએ દીક્ષા લીધી અને તપશ્ચર્યાદિ કરી તેઓ મોક્ષે પધાર્યા. મહાબલે પોતાના બલ-ભદ્ર કુમારને યોગ્ય ઉંમરે પહોંચ્યા જાણી, યુવરાજ પદવી આપી, અને પોતે પોતાના છ મિત્રો સહિત ધર્મની સત્પ્રવૃ-ત્તિમાં સમય વિતાડવા માંડયો. કેટલોક વખત એમ ચાલ્યા પછી મહાબલને ચારિત્ર ગ્રહણ કરવાની ઈચ્છા થઈ. તેમણે પોતાની ઈચ્છા પોતાના છ મિત્રોને જણાવી, અને છએ મિ-ત્રોએ તેમાં સમ્મતિ આપી. પછી સાતે જણાએ પોતપોતાના કુંવરોને રાજ્યકારભાર સોંપી, વરધર્મ મુનિવરની પાસે ચારિત્ર અંગીકાર્યું. દીક્ષા લઈ સાતે મિત્રોએ પ્રતિજ્ઞા કરી કે આપણે

જે કાંઈ તપશ્ચર્યાદિ કરવાં તે બધાએ સાથે અને એક જ સરખાં કરવાં. એક કરે તે બીજા બધાએ કરે, એમાં ઓછું-વધતું કે આગળ-પાછળ ન રહેવું. આ પ્રતિજ્ઞા કર્યા પછી કેટલાક સમયે મહાબલને વિચાર થયો કે "અત્યારે તો હું મોટો છું, પણ બધાએ એકસરખી તપશ્ચર્યા કરવાથી ભવિષ્યમાં બધા સરખા થઇશું તો મારી મોટપ નહિ રહે, માટે હું જો વધુ તપશ્ચર્યા કરૂં તો બીજા મારા છ મિત્રો કરતાં મોટો થઉં." મોટા થવાની લાલસાએ બીજા સાથે છઠ છઠની તપશ્ચર્યા કરતાં, પારણાના દિવસે બીજા મુનિઓ ગૌચરી અર્થે ગયા, ત્યારે પાછળથી મહાબલે ત્રીજો ઉપવાસ ભેળવી દીધો. ગૌચરી કરી પછી જ્યારે મુનિઓએ પારણું કરવાને મહાબલને કહ્યું ત્યારે તેણે શરીરની અસ્વસ્થતાનું બાનું કાઢીને આહાર ન કર્યો, અને પછીથી અઠમ અઠમની તપશ્ચર્યા કરવા માંડી. સાથેના છએ મિત્રો પણ એ જ પ્રમાણે અઠમની તપશ્ચર્યા કરવા લાગ્યા.

એમ કરતાં મહાબલે એક વખતે અઠમના પારણે બીજા પારણું વહોરવા ગયા ત્યારે પાછળથી ચોથો ઉપવાસ ભેળવ્યો. આત્મહિતકારક એવી તપશ્ચર્યા પણ જ્યારે મનમાં એક પ્રકારના વિષયને ધારણ કરે છે ત્યારે એવું કપટ કરવાનું મન થાય છે. એમ કપટથી છઠ, અઠમ, ચાર ઉપવાસ કર્યા તેને પરિણામે અર્થાત્ મિત્રદ્રોહને પરિણામે અને પ્રતિજ્ઞાભંગના પરિણામે સ્રીવેદ કર્મ એટલે પુરુષ જાતિમાંથી સ્રીજાતિમાં ઉત્પન્ન થવાનું કર્મબંધન ઉત્પન્ન થયું. બીજી બાજુએ મહાબલ મુનિવરે, જે વડે કરીને તીર્થંકરપણું પામી શકાય તેવાં શુભ કર્મ-શુભ પ્રવૃત્તિ કરીને તીર્થંકર નામ કર્મનું ઉપાર્જન કર્યું. ચોરાશી લાખ વરસના આયુષ્યવાળા એ સાતે મિત્રો ચોરાશી

હજાર વરસ સુધી ચારિત્ર ધર્મનું આરાધન કરી, આયુષ્ય પૂર્ણ કરી, વૈજયંત નામના બીજા અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા.

મહાબલનો આત્મા વૈજયંત વિમાનમાંથી દેવપણાનું આયુષ્ય પૂર્ણ કરી, જમ્બૂદ્વીપના દક્ષિણાર્ધ ભરતમાં મિથિલા નામે નગરીમાં કુંભરાજાને ઘેર પ્રભાવતી રાણીની કુક્ષીએ ફાગણુ સુદિ ચોથના દિને પુત્રીપણે ઉત્પન્ન થયો. તે વખતે પ્રભાવતી રાણીને તીર્થંકરદેવ ગર્ભમાં આવ્યાના ચિહ્ન તરીકે ચૌદ મહાસ્વપ્ન દેખાયાં. ગર્ભ રહ્યાને ત્રણ મહીના વીત્યા ત્યારે રાણી પ્રભાવતીને પુષ્પની શૈયામાં સૂવાની ઇચ્છા ઉત્પન્ન થએલી જે ઇચ્છા દેવોએ પૂર્ણ કરેલી. યથાસમયે માગસર સુદિ ૧૧ ના દિને પ્રભાવતી રાણીએ પુત્રીને જન્મ આપ્યો. દેવાદિકે મળી જન્મમહોત્સવ કર્યો. બારમે દિવસે, ગર્ભમાં હતા ત્યારે ઉત્પન્ન થએલા દોહદના અનુસારે મલ્લિકુંવરી નામ પાડયું.

અર્હંત્ પદવી ધરનાર મલ્લિકુંવરીના રૂપની બરાબરી કરી શકે એવું ત્રણ જગતમાં કોઈ ન મળે. અનુક્રમે તે યૌવન વય પામ્યાં. મલ્લિકુંવરીના પૂર્વ ભવના છ મિત્રો માંહેના એક (૧) અચળનો જીવ વૈજયંતથી આયુષ્ય પૂર્ણ કરી ભરતક્ષેત્રમાં સાકેતપુરના રાજાને ત્યાં કુંવરપણે જન્મ્યો. તેનું પ્રતિબુદ્ધિ નામ પડયું. અનુક્રમે યોગ્ય વખતે તે પ્રતિબુદ્ધિ રાજા થયો.

એક વખતે તે રાજાની પદ્માવતી નામની રાણીએ, નગરની બહાર રહેલા અનેક લોકોથી પૂજિત એવા નાગદેવનો યાત્રા-ઉત્સવ કર્યો. તે વખતે નાગદેવના મંદિરના ચોકમાં ફૂલનો મંડપ કરાવ્યો, તેના મધ્ય ભાગમાં એક પુષ્પનો મુદ્ગર (ગુચ્છો)

બંધાવ્યો. રાજા એ મંડપ જોવા આવ્યા, તે વખતે સુગંધ અને કળાથી અલંકૃત તે પુષ્પગુચ્છક જોઇને રાજા પોતાના મંત્રીને પૂછવા લાગ્યા કે "આવો પુષ્પગુચ્છો તમે બીજે કયાંય જોયો નહિ હોય. તમે ઘણા રજવાડામાં રાજકાજને અંગે જાઓ છો, પણ આવો ગુચ્છો તો અન્ય સ્થળે જોયો જ નહિ હોય." એ સાંભળી મંત્રીએ વિનયથી સત્ય જવાબ આપ્યો કે "મહારાજ! હું એક વખત મિથિલા નગરીના કુંભરાજાની પુત્રી મલ્લિકુંવરીના જન્મદિવસે ત્યાં હાજર હતો, તે વખતે મેં ત્યાં જે પુષ્પગુચ્છ જોએલો તેના કરોડમે અંશે પણ આ ગુચ્છ નથી." પછી રાજાએ મલ્લિકુંવરીના રૂપની પૂછા કરી, ત્યારે મંત્રીએ કહ્યું: "મલ્લિકુંવરીના ડાબા પગના અંગૂઠાનો નખ લાવી આપના અંતઃપુરમાં મૂકયો હોય, તો તે અંગૂઠાના રૂપના લાખમા ભાગે પણ આપની રાણીઓનું રૂપ આવી શકે નહિ." આ સાંભળી રાજા પ્રતિબુદ્ધિને પૂર્વના સ્નેહને અંગે મલ્લિકુંવરીને મેળવવાનું મન થયું, અને પોતા સાથે મલ્લિકુંવરીનું લગ્ન કરવા માટે કુંભરાજા પાસે એક દૂત રવાના કર્યો.

(૨) બીજા પૂરણ મિત્રનો જીવ અનુત્તર વિમાનમાંથી આયુષ્ય પૂર્ણ કરી શ્રાવસ્તીપુરીના રાજાને ત્યાં કુંવરપણે જન્મ્યો. યૌવન વયે તે રાજપદને પામ્યો. તે રૂકમી રાજાને ધારિણી રાણીથી ઉત્પન્ન થએલી સુબાહુ નામે અતિ સ્વરૂપવતી કન્યા હતી, જેના પર રાજાને અત્યંત સ્નેહ હતો. એક વખતે તે સુબાહુકુમારીનો સ્નાનોત્સવ ખૂબ ધામધૂમપૂર્વક કર્યા પછી રાજાના અંતઃપુરના સેવકને રાજાએ પૂછ્યું કે "આવો સ્નાનવિધિ તેં બીજે કયાંય જોએલ છે?" જવાબમાં સેવકે મલ્લિકુંવરીના સ્નાનોત્સવ અને મલ્લિકુંવરીના રૂપનાં વખાણ કર્યાં. તે સાંભળી

રૂક્મી રાજાએ પણ મલ્લિકુંવરીનું માગું કરવા કુંભ રાજા પાસે પોતાનો દૂત મોકલ્યો.

(૩) ધરણ મિત્રનો જીવ અનુત્તર વિમાનમાંથી નીકળી ભરતક્ષેત્રના દક્ષિણાર્ધ ભરતમાં ચંપાપુરીના રાજાને ત્યાં કુંવરપણે ચંદ્રચ્છાયા નામે જન્મ્યો, અને યૌવન વયે ચંદ્રચ્છાયા રાજા થયો. તે ચંપાનગરીનો પરમ શ્રદ્ધાવાન અર્હંત્ભક્ત શ્રી અર્હન્નય નામે શ્રાવક વ્યાપાર અર્થે વહાણ ભરી ચાલ્યો. તે વખતે ઇન્દ્રે પોતાની સભામાં દેવો સમક્ષ અર્હન્નય શ્રાવકની શ્રદ્ધાનાં ખૂબ વખાણ કર્યાં. તેમાં કોઈ એક દેવને ઇન્દ્રનાં વચનો પર પૂરી શ્રદ્ધા ન થઈ, અને ભરદરીયે ચાલ્યા જતા વહાણમાં અર્હન્નય શ્રાવકને ધર્મશ્રદ્ધાથી ડગાવવા આવ્યો. અનેક સંકટો આપવા છતાં જ્યારે મનથી પણ અર્હન્નય શ્રાવક ચલાયમાન ન થયો, ત્યારે દેવે પોતે કરેલા અપરાધની ક્ષમા માગી, કુંડલની બે જોડી અર્હન્નય શ્રાવકને ભેટ ધરી. એ બેમાંથી એક જોડી કુંડલ શ્રાવકે મિથિલાએ આવી કુંભરાજાને ભેટ કરી, અને તે જ વખતે મલ્લિકુંવરીને કચેરીમાં બોલાવી રાજાએ તે કુંડલ તેમના કાનમાં પહેરાવ્યાં.

કેટલાક સમય પછી અર્હન્નય શ્રાવક પોતાને ગામ ચંપા નગરીએ આવ્યો, અને કુંડલની બીજી જોડી જે પોતા પાસે રહેલી હતી તે પોતાના રાજા ચંદ્રચ્છાયાને ભેટ ધરી, તે વખતે ચંદ્રચ્છાયાએ આવા અપૂર્વ કુંડલ કેવી રીતે મેળવ્યાં એવો પ્રશ્ન પૂછતાં તેના જવાબમાં અર્હન્નય શ્રાવકે કુંડલનો ઇતિહાસ કહ્યો અને પોતે એક જોડી મિથિલાનગરીના કુંભરાજાને ભેટ કરી તથા રાજાએ તે જ વખતે તે કુંડલ પોતાની

કુંવરીને પહેરાવ્યાં, તે વાત કરી તથા મલ્લિકુંવરીના રૂપનાં વખાણ કર્યા.

તે સાંભળી પૂર્વના સ્નેહના રંગથી રંગાએલ ચંદ્રચ્છાયાએ એ મલ્લિકુંવરીનું પોતા માટે માગું કરવાને કુંભ રાજા પાસે દૂતને રવાના કર્યો.

(૪) વસુમિત્રનો જીવ અનુત્તર વિમાનમાંથી નીકળી વારાણસી નગરીના રાજાને ત્યાં કુંવરપણે જન્મેલો અને યથાસમયે તે પણ રાજા થયો. મલ્લિકુંવરીને અર્હન્નય શ્રાવકે પોતાને દેવે આપેલ કુંડલની એક જોડી આપેલી તે કુંડલ મલ્લિકુંવરી પહેરતાં હતાં, તેમાં એક દિવસે તે તૂટી જવાથી કુંભરાજાએ સોનીઓને બોલાવી તે સાંધી આપવા કહ્યું. સોનીઓએ મહેનત કરી, પણ તેઓ તેમાં નિષ્ફળ થયા, તેથી રાજાએ બધા સોનીને હદપાર કર્યા. તે સોનીઓએ વારાણસી નગરીના શંખરાજા પાસે આવી પોતાને આશરો આપવા માંગણી કરી. રાજાએ મિથિલાનગરીમાંથી હદપાર થવાનું કારણ પૂછતાં, સોનીઓએ સત્ય બીના કહી અને વધારામાં મલ્લિકુંવરીના રૂપનું વર્ણન કર્યું. પૂર્વના સ્નેહાનુબંધને લીધે તેણે પણ કુંભરાજા પાસે મલ્લિકુંવરીનું માગું કરવા દૂતને રવાના કર્યો, અને સોનીઓને પોતાના રાજ્યમાં રહેવાની રજા આપી.

(૫) વૈશ્રવણનો જીવ અનુત્તર વિમાનથી આયુષ્ય પૂર્ણ કરી દક્ષિણાર્ધ ભરતમાં હસ્તીનાપુરના રાજાને ત્યાં કુંવરપણે જન્મ્યો, તેનું નામ પાડયું અદીનશત્રુ, અને તે યોગ્ય ઉંમરે રાજા થયો. મિથિલાનગરીમાં મલ્લિકુંવરીના નાના ભાઈ મલ્લિકુમારે અનેક ચિત્રકારોને બોલાવી એક ચિત્રસભા તૈયાર

કરવાની આજ્ઞા કરી. ચિત્રકારો પોતપોતાના ભાગમાં આવેલ જગ્યોએ વિવિધ પ્રકારનાં કળાપૂર્ણ ચિત્રો તૈયાર કરવા લાગ્યા. એ ચિત્રકાર માંહેના એક ચિત્રકારને એવા પ્રકારની શક્તિ પ્રાપ્ત થઇ હતી કે કોઇ પણ મનુષ્યના પગનો એક અંગૂઠો માત્ર જોએલ હોય તો તે ઉપરથી એ આખાએ શરીરનું ચિત્ર દોરી શકે અને તે પણ કાંઈ પણ ખામી વિનાનું. એ ચિત્રકારે એક વખત મલ્લિકુંવરીના પગનો અંગૂઠો જોએલો એ ઉપરથી પોતાના ભાગમાં આવેલ દીવાલ પર તેણે મલ્લિકુંવરીનું તાદશ્ય ચિત્ર તૈયાર કર્યું. ચિત્ર એટલું હુબહૂ તૈયાર કરેલું કે કોઇ પણ મનુષ્ય ભૂલી જ જાય કે આ ચિત્ર નથી પણ મલ્લિ-કુંવરી સાક્ષાત્ ઊભાં છે.

એક વાર મલ્લિકુમાર એ ચિત્રસભા જોવાને પોતાની રાણીઓ સહિત આવ્યો, તેમાં એના જોવામાં આ ચિત્ર આવ્યું, એટલે તેને તો એમ થયું કે મારાં પૂજ્ય વડીલ બહેન અહીં ઊભાં છે, અને હું અમર્યાદ રીતે રાણીઓ સહિત ચાલ્યો આવું છું, એ બહુ જ ખોટું થયું, એમ માની પોતે ચિત્રસભાની બહાર નીકળી ગયો. તે વખતે તેની ધાવમાતા કે જે સહેજ પાછળ રહી ગએલી તેણે રાજકુમારને શરમાઇને પાછો વળતો જોઈ તેનું કારણ પૂછ્યું. રાજકુમારે પોતાની બહેનની મર્યાદાનો ભંગ થવાનું જણાવ્યું. ધાવમાતાને થયું કે મલ્લિકુંવરી અહીં આવેલ નથી, છતાં આના જોવામાં ક્યાંથી આવે ? તેથી તેણે રાજકુમારને ત્યાં જ ઉભો રાખી, ખાત્રી કરવા માટે પોતે ચિત્રસભામાં આવી. બરાબર ધ્યાનપૂર્વક જોયું તો મલ્લિકુંવરી નહિ પણ તેનું તાદશ્ય ચિત્ર જોયું. તેણે રાજકુમારને તેની ભ્રમણા જણાવી અને મલ્લિકુંવરીનું ચિત્ર છે, કુંવરી નથી, એમ ખાત્રી કરાવી

આપી. પણ આથી મલ્લિકુંવરીનું ચિત્ર દોરનાર ચિત્રકાર પર રાજકુમારને ખૂબ રોષ ચડ્યો, અને તેને પકડી તેના જમણા હાથનો અંગૂઠો કપાવી નાખી, તેને હદપાર કર્યો.

તે ચિત્રકાર એક પાટીયા ઉપર મલ્લિકુંવરીનું ચિત્ર દોરી હસ્તિનાપુરમાં અદીનશત્રુ રાજા પાસે આવ્યો અને પોતાનો સર્વ વૃત્તાંત કહ્યો. મલ્લિકુંવરીના રૂપનું વર્ણન કરી તેણે ચિત્ર-ફલક રાજાને બતાવ્યું. તે જોઈને અદીનશત્રુ રાજાએ પોતાના માટે મલ્લિકુંવરીનું માગું કરવા દૂતને કુંભરાજા તરફ રવાના કર્યો.

(૬) છઠા મિત્ર અભિચંદ્રનો જીવ અનુત્તર વિમાનમાંથી આયુષ્ય પૂર્ણ કરી દક્ષિણાર્ધ ભરતના કંપીલપુરના રાજાને ત્યાં રાજકુમારપણે જન્મ્યો અને જિતશત્રુ નામથી તે પ્રસિદ્ધ થયો. યોગ્ય ઉંમરે તે જિતશત્રુ રાજા થયો. મિથિલાનગરીમાં એક ચોક્ષા નામની પરિવ્રાજિકા–સંન્યાસિની રહેતી હતી તે પોતાના શુચિમૂળ ધર્મનો પ્રચાર કરવા મિથિલાનગરીમાં અને એના પ્રદેશમાં રાજા, શાહુકારો અને અમીર–ઉમરાવોના ઘેર જતી. ન્હાવું, ધોવું, નદી–પર્વતો વગેરેની તીર્થયાત્રાઓ કરવી, અને કોઈ પણ પ્રકારનું દાન દેવાના ધર્મનો તે ઉપદેશ આપતી. તે ચોક્ષા સંન્યાસિની એક દિવસે કુંભરાજાના મહેલમાં આવી અને મલ્લિકુંવરીને તથા તેની દાસીઓ વગેરેને સંન્યસ્તધર્મના શુચિમૂળ ધર્મનો ઉપદેશ દેવા લાગી. આ ધર્મથી જ સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે, એમ મનાવવાને તે પ્રયત્ન કરવા લાગી. ત્રણ જ્ઞાન ધરાવતાં મલ્લિકુંવરીએ એના ઉપદેશનો પ્રતિવાદ કરી, દયા અને વિનય એ જ

ધર્મનું મૂળ અને સાચો ધર્મ છે, તે સમજાવ્યું. આથી ચોક્ષા નિરુત્તર બની, એટલે મલ્લિકુંવરીની દાસીઓએ તે ચોક્ષાને નિર્ભ્રછીને અંતઃપુરમાંથી હાંકી કાઢી. ઈર્ષ્યાગ્નિથી બળતી ચોક્ષાએ નિશ્ચય કર્યો કે જે રાજાને ઘણી રાણીઓ હોય, ત્યાં આ મલ્લિકુંવરી પરણે એવો પ્રયત્ન કરૂં કે જેથી શોકયના દુઃખથી એ કુંવરી દુઃખી થાય, અને એમ થાય તો જ મારા અપમાનનો બદલો વળે. એમ વિચારી તે કંપીલપુરે આવી, કારણકે જિતશત્રુ રાજાને એક હજાર રાણીઓ હતી, તે ચોક્ષા સંન્યાસિની જાણતી હતી. જિતશત્રુ રાજાએ તેનો ખૂબ ભાવપૂર્વક સત્કાર કર્યો. અંતઃપુરમાં રાણીઓ સહિત રાજાએ એ સંન્યાસિનીનો ઉપદેશ સાંભળ્યા પછી પોતાના અંતઃપુર જેવું સૌંદર્ય અને સ્વરૂપવાન રાણીઓવાળું અંતઃપુર બીજે ક્યાંય નહિ હોય એમ સંન્યાસિનીને રાજાએ સગર્વ પૂછ્યું, એટલે સંન્યાસિનીએ હસીને રાજાને કહ્યું કેઃ "રાજન્! તું તો કૂવાના દેડકા જેવો છે. મિથિલાનગરીના કુંભરાજાની પુત્રી મલ્લિકુંવરીના માત્ર એક અંગૂઠાની જે શોભા છે તે દેવાંગના કે નાગકન્યામાં પણ નથી. વધારે શું કહું?" મલ્લિકુંવરીના સૌંદર્યનાં વખાણ સાંભળી પૂર્વના સ્નેહાનુબંધવાળા જિતશત્રુ રાજાએ મલ્લિકુંવરીનું માગું કરવા કુંભ રાજા પાસે પોતાનો દૂત રવાના કર્યો.

મિથિલાનગરીમાં શ્રી મલ્લિકુંવરીએ અવધિજ્ઞાનના યોગથી પોતાના પૂર્વ ભવના છ મિત્ર રાજાઓને ઓળખી તેમને પ્રતિબોધવાને માટે અને પ્રમાણથી જ વસ્તુસ્વરૂપ સમજાવવા માટે, પોતાના પિતાને કહી બરાબર પોતાના શરીર પ્રમાણે જ અને પોતાની આકૃતિ મુજબ એક સુવર્ણપ્રતિમા તૈયાર કરાવી.

કળાકારે એવી રીતે તે પ્રતિમા તૈયાર કરી કે જોનાર તો એમ જ માને કે આ મલ્લિકુંવરી પોતે જ ઊભાં છે. તે ઉપરાંત એક નવું જાલીઘર તૈયાર કરાવ્યું. તેને છ બારણાં એવી રીતે મુકાવ્યાં કે દરેક બારણેથી એ જાલીઘરના મધ્ય ભાગમાં સ્થાપેલ પ્રતિમાને જોનાર બરાબર જોઈ શકે, પણ એક બારણે રહેલો બીજા બારણાવાળાને જોઈ શકે નહિ. છએ બારણે બેઠેલા માણસો મલ્લિકુંવરીની સુવર્ણપ્રતિમાને સંપૂર્ણ જોઇ શકે, એવી રીતે બારણાં કરાવ્યાં. તે ઘરના મધ્ય ભાગમાં નવી તૈયાર કરાવેલી સુવર્ણપ્રતિમા સ્થાપી. એ પ્રતિમાના મસ્તકની ઉપરનો ભાગ એવી રીતે પોલો રાખેલો કે ઉપરના ભાગમાંથી જે કાંઇ પદાર્થ નાખવામાં આવે તે બારોબાર ઉદરના ભાગમાં જઈ પડે. પ્રતિમા પોલી બનાવેલી હતી. મસ્તક ઉપર સુવર્ણકમળનું ઢાંકણું કરાવ્યું અને તેની ઉપર એવી રીતની દોરી બાંધેલી કે મકાનના માળ પર રહીને એ દોરી ખેંચાય એટલે તે સુવર્ણકમળરૂપ ઢાંકણું ઊઘડી જાય, પણ તે કોઇ જોઈ શકે નહિ. આવી પ્રતિમા તૈયાર કરાવ્યા પછી મલ્લિકુંવરી હમેશાં ખોરાકનો એક કોળીયો એ પ્રતિમામાં નાખ્યા પછી પોતે ખોરાક લેતાં. હમેશાં એ પ્રમાણે ક્રિયા થતી.

જુદા જુદા રાજા પાસેથી રવાના થએલા છએ દૂતોએ યોગાનુયોગથી એકી સાથે જ કુંભરાજા પાસે આવીને પોતપોતાના રાજાની મહત્તા વર્ણવી, પોતાના રાજા માટે મલ્લિકુંવરીનું માગું મૂક્યું. એકી સાથે છ દૂતોનું માગું આવવાથી કુંભરાજાએ ક્રોધે ભરાઇને છએ દૂતોનું અપમાન કરી તેમને કાઢી મૂક્યા. તે અપમાનિત થએલા દૂતોએ પોતપોતાના રાજા પાસે આવી સર્વ હકીકત વિદિત કરી અને રાજાઓને ઉશ્કેર્યા.

છએ રાજાઓએ દૂતનું અપમાન એ પોતાનું અપમાન થએલું માનીને કુંભરાજા સાથે લડાઈ માંડી. તેઓ મલ્લિકુંવરીને મેળવવાના ઈરાદાથી મોટાં લશ્કર અને યુદ્ધની સામગ્રી સહિત મિથિલાનગરી પર ચડી આવ્યા અને મિથિલાનગરીને ઘેરો ઘાલ્યો.

કુંભરાજાને ચિંતા થઈ કે હું એકલો છું, બહારથી હવે લશ્કર વગેરે સાધન સામગ્રી આવી શકે તેમ નથી અને સામે એક બે નહિ પણ છ શત્રુઓ યુદ્ધ માટે તૈયાર છે. હવે શું કરવું? પિતાની આ ચિંતા જાણી મલ્લિકુંવરીએ પિતાને કહ્યું: "પિતાજી! આપ ચિંતા ન કરો. આપે યુદ્ધ કરવું નહિ. મારે કારણે નિર્દોષ મનુષ્યોની હિંસા થાય તે તો મને પોતાને પણ ન પોસાય. માટે આપ દરેક રાજાને જુદા જુદા ખાનગી ખબર આપો કે તમે એકલા આવો અને તમને સંતોષ થશે તેમ થઈ રહેશે. એ સંદેશાથી છએ રાજા જુદા જુદા આવશે, અને તે આવે ત્યારે તેમને નવા કરાવેલ જાલીઘરના એકેક બારણે બેસાડજો. પછી બીજી બધી વ્યવસ્થા હું કરી લઈશ."

કુંભરાજાએ મલ્લિકુંવરીના કહેવા મુજબ કર્યું. લડવા આવેલા છતાં એ રાજાઓ કુંભરાજાના વચન પર વિશ્વાસ રાખી એકલા જ આવ્યા. તે કાળના પવિત્ર મનવાળા ક્ષત્રિયો વિશ્વાસઘાત કરતા નહિ અને તેમને વિશ્વાસઘાતનો કે વચનભંગનો સંદેહ પણ આવતો નહિ.

છએ રાજાઓ એકબીજાથી છાના આવીને કુંભરાજાની સૂચના અનુસાર જાલીઘરના બારણામાં બેઠા, અને મલ્લિકુંવરીની પ્રતિમા કે જેને રાજાઓ સાચે જ મલ્લિકુંવરી ઊભાં છે એમ માનતા હતા તેની સામે અનિમિષપણે જોવા લાગ્યા.

મલ્લિકુંવરીએ ઉપરના ભાગમાં જઈ સુવર્ણપ્રતિમાના મસ્તક પરનું સુવર્ણકમળ દોરીથી ખેંચી લીધું, અને તે દ્વાર ખુલ્લું થતાં જ અસહ્ય દુર્ગંધ બહાર આવી! એ દુર્ગંધ એટલી બધી તીવ્ર હતી કે મનુષ્યનું મસ્તક ભમી જાય. એ દુર્ગંધ છએ રાજાને આવી અને ત્રાસ થયો, પણ મલ્લિકુંવરીના રૂપમાં આસક્ત થએલા તે રાજાઓ ત્યાંથી ખસ્યા નહિ અને તેમણે મોઢા અને નાક આડે કપડાના ડૂચા દીધા. છતાં એ દુર્ગંધ સહન ન થઈ શકવાથી છએ રાજાઓએ પોતાનાં મોઢાં ફેરવી નાખ્યાં.

તે વખતે મલ્લિકુંવરીએ છએ રાજાને સંબોધીને કહ્યું કે: "અહો રાજાઓ! તમે કેમ અવળે મોઢે થઈ ગયા?" રાજાઓએ જવાબ આપ્યો કે: "અમારાથી આ દુર્ગંધ સહન થઈ શકતી નથી."

એ વખતે મલ્લિકુંવરીએ પ્રકટ થઈ છએ રાજાને સંબોધીને કહ્યું: "આ તમે જે જુઓ છો તે તો સુવર્ણની પ્રતિમા છે. તેમાં હમેશાં અનાજનો એકેક કોળીઓ પડે છે, તેની આવી અસહ્ય દુર્ગંધ તમે અનુભવો છો, તો પછી જે શરીર હાડ, ચામ, લોહી, પરૂ, મળમૂત્રથી જ બંધાયું છે અને જેમાં હમેશાં ૩૨ કોળીયા ખોરાકના પડે છે, તેવા અશુચિ અને અપવિત્રતાથી ભરેલા શરીર પર તમને કેમ મોહ થાય છે? મેલા પાણીની ખાળ જેવા ગંધાતા શરીર પર તમને કેમ આસક્તિ ઉત્પન્ન થાય છે? વિવેકી જનો તો આ અસાર અને મળમૂત્રના ભંડાર જેવા શરીર પર જરાએ રાગ ન ધરે. હે રાજાઓ! તમે છએ ગયા ત્રીજા ભવે મારા મિત્રો હતા, તે કેમ ભૂલી ગયા છો? એ સ્થિતિ યાદ કરો."

મલ્લિકુંવરીનાં એ વચન સાંભળી છએ રાજા વિચારમાં પડયા, અને વિચારને અંતે તેઓને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેમણે પોતપોતાનો ત્રીજો ભવ જોયો. તેથી તે છએ એકઠા થઈ પ્રભુ પાસે ધર્મને સમજીને મલ્લિ પ્રભુને પૂછયું : "હવે અમારે શું કરવા યોગ્ય છે?" મલ્લિનાથ પ્રભુએ જવાબ આપ્યો કે: "અવસર પ્રાપ્ત થયે સંયમ લેજો." એ સાંભળી, તે વચન માન્ય કરી, પ્રભુનો ઉપકાર માની, કુંભરાજાની પાસે ક્ષમાયાચના કરી, સર્વ રાજાઓ પોતપોતાના સ્થાને ગયા.

સમય આવ્યે લોકાન્તિક દેવની પ્રેરણાથી મલ્લિનાથ પ્રભુએ વરસી દાન આપી, દેવો અને રાજાએ કરેલા દીક્ષામહોત્સવથી સહસ્રામ્ર વનમાં અઠમ તપ સહિત માગશર માસની સુદી ૧૧ના દિવસે પહેલા પહોરે એક હજાર પુરુષો અને પોતાની અભ્યંતર પરિષદ્‌રૂપે ત્રણસો સ્ત્રીઓ સહિત દીક્ષા લીધી. તે જ વખતે પ્રભુને મનઃપર્યવ જ્ઞાન થયું. મલ્લિ પ્રભુએ પહેલે પહોરે દીક્ષા લીધી, અને તે જ દિવસના એટલે કે માગશર સુદી ૧૧ ના દિવસે ચોથે પહોરે અશોકવૃક્ષ નીચે રહેલા પ્રભુને કેવળ જ્ઞાન પણ ઉત્પન્ન થયું. દેવ-દેવીઓ તથા મનુષ્યોએ મળી કેવળ મહોત્સવ કર્યો. પ્રભુએ બાર જાતની પરિષદ વચ્ચે દેશના દીધી. દેશનાને અંતે અનેક ભવ્યાત્માઓ પ્રતિબોધને પામ્યા.

પ્રથમ આવેલા છએ રાજાઓ આ દેશનામાં હાજર હતા, એટલે પ્રતિબોધ પામીને બીજા અનેકની સાથે તેઓએ પણ દીક્ષા લીધી. બીજે દિવસે વિશ્વસેન રાજાને ત્યાંથી પ્રભુએ અઠમ તપનું પારણું કર્યું. ભવ્યાત્માઓના કલ્યાણ અર્થે પ્રભુ મલ્લિનાથે ત્યાંથી જનપદ દેશમાં વિહાર કર્યો. અનેક ભવ્યા-

ત્માઓનો ઉદ્ધાર કરી, પોતાનો અંતસમય નજીક જાણી, મલ્લિનાથ પ્રભુ સમેતશિખર પધાર્યા. ત્યાં પાંચસો સાધુઓ અને પાંચસો સાધ્વીઓ સહિત એક માસનું અનશન કરી ફાગણ સુદી ૧૧ ના દિને બીજા હજાર આત્માઓ સાથે પ્રભુ મોક્ષે પધાર્યા.

પ્રભુ મલ્લિનાથજી શરીરે લીલા વર્ણના હતા, કુંભના લાંચ્છનવાળા હતા, પચીસ ધનુષ્યના દેહમાનવાળા હતા. પ્રભુનું પંચાવન હજાર વર્ષનું કુલ આયુષ્ય હતું.

પ્રભુના શાસનમાં ભિષક (કિંવા અભિક્ષક) વગેરે અઠ્ઠાવીસ ગણધર, ચાલીસ હજાર સાધુઓ, પંચાવન હજાર સાધ્વીઓ, એક લાખ ને ત્યાસી હજાર શ્રાવકો, ત્રણ લાખ ને સીત્તેર હજાર શ્રાવિકાઓ, અને કુબેર નામે યક્ષ શાસનદેવ તથા વૈરાટ્યા નામે શાસનદેવી થયાં.

(૨૦) શ્રી મુનિસુવ્રત સ્વામી

જમ્બૂદ્વીપના પશ્ચિમ મહાવિદેહમાં ભરત નામે વિજયમાં ચંપા નામે નગરીના સુરશ્રેષ્ઠ રાજા હતો. તે રાજાએ નંદન મુનિની ધર્મદેશના સાંભળી વૈરાગ્યથી વાસિત થઈ એ નંદન મુનિ પાસે જ દીક્ષા લીધી. દીક્ષા લઈ, તપશ્ચર્યા વિનય વૈયાવચ્ચ વગેરે જેનાથી તીર્થંકર પદની પ્રાપ્તિ થાય તેવા ધર્મનું આચરણ કરી, તીર્થંકર પદ કર્મને ઉપાર્જન કરી, આયુષ્ય પૂર્ણ કરીને પ્રાણત નામે દેવલોકમાં મહર્ધિક દેવપણે તે ઉત્પન્ન થયો.

ભરતક્ષેત્રના દક્ષિણાર્ધ ભરતમાં મગધદેશમાં રાજગૃહી નામે નગરી હતી. તે નગરીનો સૂર્યના પ્રતાપ સમો પ્રતાપી સુમિત્ર નામે રાજા હતો અને તેને પરમપવિત્રા શ્રી પદ્માવતી નામે રાણી

હતી. પ્રાણુત દેવલોકથી સુરશ્રેષ્ઠનો જીવ દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી તીર્થંકર જન્મને સૂચિત કરતાં ચૌદ સ્વપ્નનાં દર્શન સહિત શ્રાવણ સુદિ પૂર્ણિમાએ પદ્માવતી રાણીના ગર્ભમાં આવી ઉત્પન્ન થયો. યથાસમયે વૈશાખ વદિ ૮ ના દિને પ્રભુએ જન્મ ધારણ કર્યો. દેવદેવીઓએ મળી પ્રભુનો જન્મમહોત્સવ કર્યો. જ્યારે પ્રભુ ગર્ભમાં હતા ત્યારે માતા પદ્માવતીએ અનેક પ્રકારનાં સારાં વ્રતો આચર્યાં હતાં, તેથી જન્મ પછી બારમે દિવસે પ્રભુનું ગુણનિષ્પન્ન નામ મુનિસુવ્રત પાડયું.

પ્રભુ યૌવન વયે પહોંચ્યા ત્યારે તેમના પિતાએ અનેક રાજકન્યાઓ સાથે તેમનું લગ્ન કર્યું. પ્રભુને પ્રભાવતી રાણીથી કુંવર જન્મ્યો તેનું નામ સુવ્રત પાડયું. પ્રભુ જ્યારે સાડાસાત હજાર વર્ષની ઉમરના થયા ત્યારે પિતાએ તેમને સર્વ રાજ-કારભાર સોંપી પોતે આત્મસાધના કરી. પંદર હજાર વર્ષ સુધી પ્રજાનું સુખપૂર્વક પાલન કરી, રાજ્ય કરી, લોકાન્તિક દેવની પ્રેરણાથી વરસી દાન દઈ, પ્રભુ મુનિસુવ્રત સ્વામીએ નીલગુહા નામના ઉદ્યાનમાં આવી છઠ તપ સહિત હજાર રાજાઓ સાથે ફાગણ સુદિ ૧૧ ના દિવસે દીક્ષા લીધી અને તે જ વખતે પ્રભુને મનઃપર્યવ જ્ઞાન થયું. ત્રીજે દિવસે રાજગૃહી નગરીમાં બ્રહ્મ-દત્ત રાજાને ત્યાંથી પારણું લઈને પ્રભુએ વિહાર કર્યો. ૧૧ મહીના સુધી પ્રભુ છદ્મસ્થપણે વિહરી, ફરી દીક્ષાસ્થાને આવ્યા. મહા વદિ ૧૨ ના દિવસે ચંપાના વૃક્ષ નીચે ધ્યાનસ્થ રહેલા પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. દેવાદિકે મળી કેવળ મહોત્સવ કર્યો. પ્રભુએ દેશના દીધી. દેશનાને અંતે અનેક ભવ્યાત્માઓ પ્રતિબોધ પામી, આગાર ધર્મ અને અણગાર ધર્મના આરાધક બન્યા.

કેવળી થયા પછી મુનિસુવ્રત સ્વામી આર્યદેશમાં વિચરી ભવ્ય જીવોને મોક્ષમાર્ગ પ્રતિબોધી, નિર્વાણસમય નજીક જાણ સમેતશિખર પર પધાર્યા. ત્યાં એક હજાર મુનિવરો સાથે અનશન વ્રત કરી, એક માસના સંથારાને અંતે, વૈશાખ વદિ ના દિને એક હજાર મુનિવરોના આત્મા સાથે પ્રભુ મુનિસુવ્ર સ્વામી સિદ્ધ સ્વરૂપને પામ્યા.

મુનિસુવ્રત પ્રભુ પ્રભાવિક શ્યામ કાન્તિવાળા, કાચબાના લાંચ્છ વાળા, વીસ ધનુષ્યની કાયાની ઉંચાઈવાળા હતા. ૭ાા હજા વર્ષ કુમારપણે, પંદર હજાર વર્ષ રાજાપણે અને ૭ાા હજા વર્ષ સંયમીપણે, એમ કુલ ૩૦ હજાર વર્ષના આયુષ વાળા હતા.

મુનિસુવ્રત સ્વામીના શાસનમાં ઈન્દ્રાદિ ૧૮ ગણધર થયા ત્રીસ હજાર સાધુઓ, પચાસ હજાર સાધ્વીઓ, એક લાખ ને બહોંતેર હજાર શ્રાવકો, ત્રણ લાખ ને પચાસ હજાર શ્રાવિકાએ અને વરૂણ નામે યક્ષ શાસનદેવ તથા નરદત્તા નામે શાસન દેવી થયાં.

---

(૨૧) શ્રી નમિનાથજી

શ્રી જમ્બૂદ્વીપના પશ્ચિમ મહાવિદેહમાં ભરત નામના વિજયમાં કૌશાંબી નામે નગરી હતી. તે નગરીનો સર્વ અર્થને સિદ્ધ કરવાવાળો સિદ્ધાર્થ નામે રાજા હતો. તે રાજાના સ- સદ્ગુણોથી અલંકૃત હતો. તે રાજા સંસારભયથી ઉદ્વિગ્ન બની સુદર્શન મુનિવર્યની પાસે દીક્ષા લઈ, તીર્થંકર પદ પ્રાપ્ત થવાન વીસ સ્થાનકો માંહેનાં કેટલાંક સ્થાનોનું આરાધન કરી, તીર્થ

કર નામકર્મનું ઉપાર્જન કરી, આયુષ્ય પૂર્ણ કરી, ચોથા અનુત્તર વિમાન અપરાજિતમાં દેવપણે ઉત્પન્ન થયો. તેત્રીશ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી, સિદ્ધાર્થ રાજાનો જીવ જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં મિથિલાનગરીના વિજય નામે રાજાની પરમ પવિત્રા વપ્રા નામે પટરાણીના ગર્ભમાં આવી ઉત્પન્ન થયો. તે વખતે વપ્રાદેવીને તીર્થંકરપદ સૂચિત ૧૪ મહાસ્વપ્ન જોવામાં આવ્યાં. પ્રભુ આસો સુદિ ૧૫ ના દિને ગર્ભમાં આવી ઉત્પન્ન થયા.

યથાસમયે આષાડ વદિ ૮ ના દિને વપ્રા માતાએ સુવર્ણની કાન્તિવાળા અને નિલોત્પલ કમળના લાંચ્છનવાળા ત્રણ જગતને સુખકર એવા પુત્રરત્નને જન્મ આપ્યો. દિક્કુમારિકાઓએ આવી સૂતિકાકર્મ કર્યું. ઇંદ્રાદિ દેવોએ આવી પ્રભુનો જન્મમહોત્સવ કર્યો. પ્રભુ જ્યારે ગર્ભમાં હતા ત્યારે વિજય રાજાના શત્રુ રાજાઓએ આવી મિથિલાનગરીને ઘેરો ઘાલેલ, ને તે વખતે વપ્રા રાણીએ મહેલની અગાશી પર જઈને શત્રુઓના ઘેરાને જોયો. રાણીને શત્રુ રાજાએ જોયાં, વૈર ભાવ શમ્યો અને વિજયરાજા પાસે આવી તેઓ નમી પડ્યા હતા. તે પ્રસંગને અનુસરીને પ્રભુના જન્મ પછી બારમે દિવસે પ્રભુનું નમિનાથ એવું નામ પાડ્યું.

પિતાની આજ્ઞાથી અને પોતાનાં ભોગાવળી કર્મનાં દેવાં ચૂકવવા માટે પ્રભુએ અનેક રાજકન્યાઓ સાથે લગ્ન કરી અનાસક્તપણે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો. અઢી હજાર વર્ષની ઉંમરના કુમાર થયા ત્યારે ભોગફળ કર્મના જ્ઞાતા એવા શ્રી નમિનાથ પ્રભુએ પિતાએ સોંપેલું રાજ્ય સ્વીકાર્યું અને પાંચ હજાર વર્ષ સુધી રાજ્યસંપદા ભોગવી.

લોકાન્તિક દેવોની પ્રેરણાથી પ્રભુએ વરસી દાન દઈને પોતાના સુપ્રભ નામે કુમારને રાજ્યગાદીએ બેસાડી પોતે એક હજાર રાજા સાથે છઠ તપ સહિત જેઠ વદિ ૯ ના દિવસે સહસ્રામ્ર ઉદ્યાનમાં આવી દીક્ષા લીધી, અને તે જ વખતે પ્રભુને મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થયું. બીજે દિવસે વીરપુર નગરમાં દત્ત નામે રાજાને ત્યાંથી પારણું કરી પ્રભુ અન્યત્ર વિહાર કરી ગયા.

નવ મહીના સુધી (ખરી રીતે મહીના ગણતાં છ મહીના થાય છે, પણ "ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર" માં નવ મહીના લખ્યા છે) પ્રભુ છદ્મસ્થપણે વિચરી ફરી દીક્ષાસ્થાને પધાર્યા, અને છઠ તપ સહિત બોરસલીના વૃક્ષ નીચે ધ્યાનસ્થ રહેતાં માગશર સુદિ ૧૧ ના દિને તેમને કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું. દેવોએ આવી કેવળ મહોત્સવ કર્યો, અને સમવસરણ રચ્યું. બાર જાતની પરિષદ વચ્ચે પ્રભુએ દેશના આપી. દેશના સાંભળી અનેક ભવ્ય આત્માઓએ દીક્ષા લીધી, અનેકે શ્રાવક-શ્રાવિકાઓનાં વ્રતો આદર્યાં.

કેવળી થયા પછી પ્રભુએ જનપદ–આર્ય દેશમાં વિહરી અનેક ભવ્યાત્માઓને મોક્ષમાર્ગના અનુગામી બનાવ્યા. પછી પોતાનો મોક્ષસમય નજીક જાણી પ્રભુ સમેતશિખર પર પધાર્યા. એક હજાર મુનિઓ સાથે પ્રભુએ સંથારો કર્યો. એક માસના અનશનને અંતે ચૈત્ર વદિ ૧૦ ના દિને પ્રભુ નમિનાથ ૧ હજાર મુનિ આત્માઓ સાથે સ્વસ્વરૂપે સ્થિત થયા, મોક્ષપદને પામ્યા.

પ્રભુ નમિનાથજી ૨ાા હજાર વર્ષ કુમારપણે રહ્યા, પાંચ હજાર વર્ષ રાજ્ય કર્યું અને અઢી હજાર વર્ષ સંયમીપણે

વિચર્યા; કુલ ૧૦ હજાર વર્ષનું આયુષ્ય ભોગવ્યું. તેમનું શરીર સુવર્ણ વર્ણવાળું હતું, નીલોત્પલ કમળનું લાંચ્છન હતું અને પંદર ધનુષ્યની ઊંચી કાયા હતી.

પ્રભુ નમિનાથજીના શાસનમાં ભ્રૂકુટિ નામે યક્ષ શાસનદેવ, અને ગાંધારી નામે યક્ષિણી શાસનદેવી થયાં. કુંભ વગેરે ૧૭ ગણધરો, ૨૦ હજાર સાધુઓ, ૪૧ હજાર સાધ્વીઓ, એક લાખ ને સીત્તેર હજાર શ્રાવકો અને ત્રણ લાખ ને અડતાલીસ હજાર શ્રાવિકાઓનો પરિવાર થયો.

---

(૨૨) શ્રી નેમિનાથ

શ્રી જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં અચળપુર નગરનો વિક્રમધન રાજા હતો. તેને ધારિણી નામે મુખ્ય રાણી હતી. એક વખત એ રાણીએ સ્વપ્નમાં એક પુરુષને પોતાના આંગણામાં આંબો વાવતો જોયો, અને એ આંબો વાવનારે રાણીને કહ્યું કે "આ આંબો ઘણાં ફળવાળો થશે અને જુદી જુદી જગ્યોએ નવ વાર રોપાશે." આ સ્વપ્ન જોયા પછી રાણીને ગર્ભ રહ્યો, અને યોગ્ય સમયે પુત્રજન્મ થયો. તે પુત્રનું નામ ધનકુમાર પાડયું. યોગ્ય ઉંમરે પહોંચતાં ધનકુમારે કુસુમપુર નગરના સિંહરાજાની વિમળા નામે રાણીથી ઉત્પન્ન થએલી ધનવતી નામે રાજકન્યા સાથે લગ્ન કર્યું. મુનિચંદ્ર નામના મુનિ પાસે ધનકુમારે અને ધનવતીએ સમ્યકત્વની પ્રાપ્તિ કરી. ઘણા સમય સુધી સંસારવૈભવ ભોગવી, વસુંધર મુનિ પાસે ચારિત્ર લઈ, ઘણાં વર્ષ ચારિત્ર પાળી, અંતે અનશન કરી, આયુષ્ય પૂર્ણ કરી, પહેલા સુધર્મ દેવલોકે તેઓ ઉત્પન્ન થયાં.

પહેલા દેવલોકથી નીકળી ધનકુમારનો જીવ વૈતાઢય પર્વતની ઉત્તર શ્રેણીમાં સુરતેજ નામના નગરમાં સુર નામે ખેચર રાજાની વિદ્યુન્મતિ રાણીની કુખે પુત્રપણે ઉત્પન્ન થયો. જન્મ પછી તેનું ચિત્રગતિ નામ પડયું. ધનવતીનો જીવ વૈતાઢય પર્વતની દક્ષિણુ શ્રેણીના શિવમંદિર નગરના અનંગસિંહ રાજાની શશિપ્રભા રાણીની કુખે રત્નવતી નામે પુત્રીપણે ઉત્પન્ન થયો. સમય વીત્યે ચિત્રગતિનું રત્નવતી સાથે લગ્ન થયું. યોગ્ય સમયે બેઉ જણુ દીક્ષા લઇ, આયુષ્ય પૂર્ણ કરી, મહેન્દ્ર દેવલોકે દેવપણે ઉત્પન્ન થયાં. ત્યાંથી ચવી ચિત્રગતિનો જીવ પૂર્વ મહાવિદેહમાં સિંહપુર નગરના હરિનંદી રાજાની પટરાણીની કુક્ષીએ પુત્રપણે ઉત્પન્ન થયો અને અપરાજિત એવું નામ પડયું. રત્નવતીનો જીવ મહેન્દ્ર દેવલોકથી ચવી રાજકન્યા તરીકે જન્મ્યો, તેનું પ્રીતિમતી નામ પડયું. યોગ્ય ઉંમરે તે પ્રીતિમતી સાથે અપરાજિતનું લગ્ન થયું. રાજ્યસંપદા ભોગવી, યોગ્ય ઉંમરે બંને જણ દીક્ષા લઇ, ચારિત્ર પાળી, આત્મ આરાધના કરી, આયુષ્ય પૂર્ણ કરી, છઠા ભવને વિષે આરણુ નામે દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયાં. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી સાતમા ભવને વિષે અપરાજિતનો જીવ જમ્બૂદ્વીપના હસ્તિનાપુર નગરના શ્રીષેણુ નામે રાજાની શ્રીપતિ નામે રાણીની કુક્ષીએ પુત્રપણે ઉત્પન્ન થયો. જન્મ્યા પછી શંખકુમાર નામ પડયું. પ્રીતિમતિનો જીવ અંગ દેશની ચંપાપુરી નગરીના જીતારિ રાજાની કીર્તિમતી રાણીને ત્યાં યશોમતી નામે પુત્રીપણે ઉત્પન્ન થયો. યોગ્ય સમયે શંખકુમાર સાથે યશોમતીનાં લગ્ન થયાં. રાજ્ય વગેરે સંપદા ભોગવી બંને જણાએ અંતે દીક્ષા લઈ આત્મ આરાધના કરી. શંખકુમાર તીર્થંકર નામ

કર્મ ઉપાર્જન કરી, આયુષ્ય પૂર્ણ કરી, અપરાજિત અનુત્તર વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી આસો વદિ ૧૨ ના દિને શ્રી સૌરીપુર નગરમાં સમુદ્રવિજય રાજાની રાણી શિવાદેવીની કુક્ષીમાં પુત્રપણે ઉત્પન્ન થયો. નવ મહીના અને આઠ દિવસ ગર્ભમાં રહી, શ્રાવણ સુદિ ૫ ના દિને પ્રભુનો જન્મ થયો. દેવદેવીઓએ મળી પ્રભુનો જન્મ-મહોત્સવ કર્યો. બારમે દિવસે પ્રભુનું અરિષ્ટનેમિ નામ પાડયું. જ્યારે પ્રભુ ગર્ભમાં હતા ત્યારે શિવાદેવી માતાએ અરિષ્ટ રત્નવાળા ચક્રના આરા દીઠેલા, તેથી પ્રભુનું અરિષ્ટનેમિ એવું નામ પાડયું.

પ્રભુ અરિષ્ટનેમિ (નેમિનાથ) યોગ્ય વયે પહોંચ્યા પછી એક દિવસે ફરતા ફરતા શ્રીકૃષ્ણ મહારાજની આયુધશાળામાં જઇ ચડયા, અને રમતાં રમતાં અનેક શસ્ત્રો તથા આયુધો જોવા લાગ્યા. આયુધો જોતાં જોતાં પ્રભુ નેમિનાથના હાથમાં શ્રી પંચાયન શંખ આવ્યો. એ શંખ લઈને પોતે માત્ર ક્રીડા–કુતૂહલની ખાતર શંખ વગાડયો. શંખનો અવાજ શ્રીકૃષ્ણ મહારાજ કે જે ભરતક્ષેત્રના ત્રણ ખંડના અધિપતિ –વાસુદેવ હતા તેમને આશ્ચર્યકારક નીવડયો. એ પંચાયન શંખ વાસુદેવ જ વગાડી શકે. વાસુદેવથી ઓછી શક્તિવાળાથી એ શંખનો અવાજ થઈ જ ન શકે. શ્રીકૃષ્ણ મહારાજ શંખનાદ સાંભળી આશ્ચર્યમુગ્ધ બન્યા અને પોતાના સેવકોને પૂછયું કે, “અહીં કોણ મારો પ્રતિસ્પર્ધી જાગ્યો છે કે જે મારા જેવો જ શંખનાદ કરે છે? તપાસ કરો!” સેવકોએ શ્રીકૃષ્ણ મહારાજને જવાબમાં કહ્યું કે: “મહારાજ! એ શંખનાદ કરનાર આપનો કોઈ પ્રતિસ્પર્ધી નથી કે કોઇ શત્રુ નથી, પણ આપના

ભાઈ નેમિકુમાર છે. તેઓ ફરતા ફરતા આયુધશાળામાં ગયા છે અને રમત કરતાં શંખનાદ કરેલો છે. બીજું કાંઈ કારણ નથી." આ જવાબ સાંભળી શ્રીકૃષ્ણ મહારાજ મનમાં ભય પામ્યા કે આટલી નાની ઉંમરમાં આટલું બળ ધરાવે છે તો મોટી ઉંમરે તે શું નહિ કરે ?

એક વખતે શ્રી નેમિકુમાર શ્રીકૃષ્ણ મહારાજની કચેરીમાં આવ્યા. એ વખતે પરસ્પરના બળની વાત નીકળી અને પરિણામે બળની પરીક્ષા કરવાનું નક્કી થયું. પહેલાં શ્રીકૃષ્ણ મહારાજે પોતાનો હાથ લાંબો કર્યો, એટલે શ્રી નેમિપ્રભુએ તેમનું કાંડું વાળી દીધું. પછી નેમિપ્રભુએ પોતાનો હાથ લાંબો કર્યો, એટલે કૃષ્ણે તે હાથ વાળવા માટે ખૂબ પ્રયત્ન કર્યો. છેવટે શ્રીકૃષ્ણ નેમિકુમારના હાથની ટચલી આંગળીએ ટીંગાયા છતાં એ આંગળીને પણ વાળી શકયા નહિ, એટલે પોતે પરાજય પામ્યા તેથી શ્રીકૃષ્ણને મનમાં ખૂબ ભય ઉત્પન્ન થયો. તેમણે વિચાર્યું કે જો કદાચ નેમિકુમાર કોપશે તો એક થપ્પડ મારી મારી પાસેથી રાજ્ય ખૂંચવી લેશે, માટે કોઇ પણ ઉપાયે નેમિકુમારનું બળ ઓછું થાય, સામર્થ્ય ઘટે, એવો રસ્તો લેવો જોઇએ. એ માટે વિચાર કરતાં શ્રીકૃષ્ણને એક જ રસ્તો સમજાયો કે જો નેમિકુમારનું બ્રહ્મચર્ય ખંડિત થાય, અર્થાત્ જો તે લગ્ન કરે તો વ્યવહારમાં ઘુંચાઈ જાય, અનેક પ્રકારની ચિંતા માથે પડે અને શારીરિક શક્તિ પણ નબળી પડે, અને તો જ મારો ભય ઓછો થાય. પછી પોતાની રાણીઓને તેમણે કહ્યું કે તમે નેમિકુમારને મોહ ઉત્પન્ન કરાવો, અને લગ્ન કરવાની હા પડાવો. શ્રીકૃષ્ણની રાણીઓએ પોતાના પતિની આજ્ઞા માની અને અનેક પ્રકારનાં હાસ્ય, ક્રીડા, વિનોદથી નેમિકુમારને લગ્ન માટે સમજાવ્યા.

છેવટે નેમિકુમાર જ્યારે મૌન રહ્યા ત્યારે "मौनं संमतिलक्षणम्", મૌન એટલે ગર્ભિત કબુલાત, એ સિદ્ધાન્ત અનુસાર પ્રભુએ લગ્ન કરવામાં સંમતિ આપી છે, એમ માની, એ જ દ્વારિકામાં રહેતા રાજા ઉગ્રસેનની કુંવરી શ્રી રાજિમતી સાથે નેમિપ્રભુનું સગપણ કર્યું. યોગ્ય વખતે પરણવા જવા માટે જાન જોડી. દેવો અને ઇન્દ્રો પણ એ જાનમાં આવેલા. નેમિકુમારના વરઘોડાની અપરંપાર શોભા જોવા દેવો અને માનવીઓ પણ ઊમટયા.

બીજી બાજુએ ઉગ્રસેન રાજાએ જાનનું સ્વાગત કરવા માટે પોતાથી બની શકે તેટલું કરેલું. વધુમાં જાનૈયા વગેરેના ભોજન માટે એક મોટા વંડામાં અનેક જાતનાં પશુઓ–પ્રાણીઓ જેવાં કે હરણાં, સસલાં પૂરેલાં. એ પુરાએલાં પ્રાણીઓ મૃત્યુના ભયથી ત્રાસીને કકળાટ કરી રહ્યાં હતાં. એ સમયે શ્રી નેમિકુમારનો વરઘોડો એ પ્રાણીઓવાળા વંડા નજીક આવી પહોંચ્યો, અને પ્રભુએ પ્રાણીઓનો કકળાટ સાંભળ્યો. તેમણે રથના સારથીને પૂછયું કે "અહીં વંડામાં પ્રાણીઓને કેમ પૂરી રાખ્યાં છે?" રથ હાંકનારે જવાબ આપ્યો કે, "આજે આપનાં લગ્ન થશે. ત્યારપછી જાનને જમણ આપવાનું હોય છે તેને માટે આ પશુઓને એકઠાં કર્યાં છે. આ બધાંને મારીને તેનું જમણ અપાશે."

શ્રી નેમિકુમારે સારથીનું કથન સાંભળી મનમાં ખેદ કર્યો કે "અરે! મારા નિમિત્તે જ આ બધાં નિર્દોષ પ્રાણીઓનો સંહાર થશે! તો આવા લગ્નથી શું સર્યું? લગ્ન એટલે આનંદોત્સવ, લગ્ન એટલે જોડાવું, બે મટીને એક થવું; તેના બદલે આ લગ્નથી

થોડાના સ્થૂલ આનંદ માટે, જીભના થોડા સ્વાદની ખાતર હજારો નિર્દોષ પ્રાણીઓના પ્રાણનો નાશ કરવાના નિમિત્ત-ભૂત મારે થવું, એ કોઇ રીતે યોગ્ય નથી. માટે અહીંથી જ પાછા ફરવું."

એમ વિચારી નેમિકુમારે સારથી પાસે વંડાનું બારણું ખુલ્લું કરાવી, દરેક પશુ-પક્ષીને છૂટાં કરાવી, પોતે રથને પાછો વાળવાનો સારથીને હુકમ કર્યો. રથ પાછો વળ્યો તે વખતે સમુદ્રવિજય આદિ વડીલોએ અનેક રીતે પ્રભુને લગ્ન કરવા સમજાવ્યા. એના જવાબમાં પ્રભુએ સંસારની અસ્થિરતા જણાવી, જન્મ-મરણના ભયને જણાવી, તેનાથી મુક્ત થવાને ચારિત્ર સિવાય અન્ય કોઈ માર્ગ નથી એમ જણાવ્યું.

રથ પાછો વાળી નેમિકુમાર પોતાના આવાસે આવ્યા તે જ વખતે અવસર જાણી લોકાન્તિક દેવોએ આવી પોતાના આચાર મુજબ પ્રભુને ગૃહસ્થાશ્રમ ત્યાગી જગકલ્યાણ અર્થે ચારિત્ર લેવા વિનંતિ કરી. પ્રભુએ બીજા દિવસથી જ વરસી દાન દેવું શરૂ કર્યું. વરસી દાન દેઈ, પ્રભુએ મનુષ્યોએ અને દેવોએ મળી કરેલા દીક્ષામહોત્સવથી સહસામ્ર વનમાં આવી છઠ તપ સહિત એક હજાર રાજા સાથે દીક્ષા લીધી. તે જ વખતે પ્રભુને મનઃ પર્યવ જ્ઞાન ઉત્પન્ન થયું. બીજા દિવસે વરદત્ત નામે બ્રાહ્મણના ઘેરથી છઠ તપનું પારણું કરી પ્રભુએ જનપદ દેશમાં વિહાર કર્યો.

અનેક દુષ્કર તપ કરી ફરી પાછા ચોપન દિવસે એ જ ગિરનાર પર સહસામ્રવનમાં પ્રભુ પધાર્યા. અઠમ તપ સહિત વેતસ વૃક્ષની નીચે શુકલ ધ્યાન ધરતાં થકાં ભાદરવા વદિ અમાસે ઘનઘાતી કર્મનો ક્ષય કરી પ્રભુ નેમિનાથ-અરિષ્ટનેમિ કેવળજ્ઞાન કેવળ દર્શનને પામ્યા. દેવો, ઈન્દ્રો, મનુષ્યોએ મળી કેવળ

મહોત્સવ કર્યો. કેવળજ્ઞાન થતાં જ પ્રભુએ દેશના આપી. દેશના સાંભળી અનેક ભવ્ય જીવો પ્રતિબોધ પામી, પોતપોતાની શક્તિ અનુસાર કોઈએ સર્વવિરતિ તો કોઈએ દેશવિરતિ વ્રતો આદર્યાં, અને સૌ ધર્મારાધન કરવા લાગ્યા. પ્રભુ નેમિનાથ જનકલ્યાણ અર્થે અનેક સ્થળે વિચર્યા અને ભવ્યાત્માને પ્રતિબોધવા લાગ્યા. અનુક્રમે વિહાર કરતા પ્રભુ પોતાનો આયુષ્યકાળ પૂર્ણ થતો જાણી એ જ દ્વારિકાનગરીની બહાર ગિરિરાજ ગિરનાર પર્વત પર પધાર્યા અને એ જ સહસ્રામ્રવનમાં પ્રભુએ પાંચ સો છત્રીસ સાધુ–મુનિઓ સાથે પાદોપગમન સંથારો કર્યો. એક મહીનાનું અનશન પાળી, પ્રભુ આષાઢ સુદિ આઠમે ચિત્રા નક્ષત્રના યોગે પાંચસો છત્રીસ મુનિઓ સહિત નિર્વાણપદને પામ્યા.

પ્રભુ નેમિનાથ પ્રભાવિક શ્યામ કાન્તિવાળા હતા, શંખના લાંચ્છનવાળા હતા, દસ ધનુષ્યના દેહમાનવાળા હતા. પ્રભુએ ૩૦૦ વર્ષ કુમારપણામાં અને ૭૦૦ વર્ષ સંયમીપણામાં કુલ વર્ષ ૧ હજારનું આયુષ્ય ભોગવ્યું.

પ્રભુના શાસનમાં વરદત્ત વગેરે અગીયાર ગણધરો, અઢાર હજાર સાધુઓ, ચાલીસ હજાર સાધ્વીઓ, એક લાખ ઓગણ-ચાલીસ હજાર શ્રાવિકાઓ થયાં. ગોમેધ નામે યક્ષ અને અંબિકા નામે દેવી શાસનરક્ષક દેવદેવી હતાં.

---

(૨૩) શ્રી પાર્શ્વનાથ

જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં પોતનપુર નગરમાં અરવિંદ નામે રાજા હતો. વિશ્વભૂતિ નામે બ્રાહ્મણ જ્ઞાતિનો પણ જૈન ધર્મ પાળતો શ્રાવક એ રાજાનો પુરોહિત હતો. તે પુરોહિતને

અનુધરા નામની સ્ત્રીથી ઉત્પન્ન થએલો કમઠ અને મરૂભૂતિ નામે બે પુત્રો હતા. બંને પુત્રો પરણેલા હતા. મરૂભૂતિ શાન્ત તથા સંસારના વિષયોથી ઉદાસીન ભાવ સેવનારો હતો અને સમયનો મોટો ભાગ તે ધર્મધ્યાન કે આત્મસાધનમાં પસાર કરતો. મરૂભૂતિની સ્ત્રી સંસારના ઈન્દ્રિયજન્ય સુખોપભોગની લાલસાવાળી હતી, એથી પોતાની વાસના અતૃપ્ત રહેવાથી તે ઘણે ભાગે મનોદુઃખથી વ્યથિત રહેતી હતી.

મરૂભૂતિનો મોટો ભાઈ કમઠ દુષ્ટ સ્વભાવનો અને વિષયમાં લંપટ હતો. એને મરૂભૂતિની સ્ત્રીના મનોદુઃખની જાણ થઈ, એટલે તેણે અનેક યુક્તિથી મરૂભૂતિની સ્ત્રીને પોતાને વશ કરી, તેની સાથે વ્યભિચાર સેવવા માંડયો. કમઠની સ્ત્રીને એ વાતની ખબર પડી, એટલે તેણે મરૂભૂતિને વાત કરી અને ઘરમાં તે વારંવાર કલેશ કરવા લાગી

એક વખતે મરૂભૂતિએ યુક્તિપૂર્વક પોતાના મોટા ભાઈને પોતાની સ્ત્રીથી વ્યભિચાર સેવતો નજરે જોયો, એટલે મરૂભૂતિએ જઈને રાજા અરવિંદ પાસે એ બાબતની ફરીયાદ કરી. રાજાને અનીતિમાન કમઠ ઉપર ક્રોધ ચડયો અને તેને પકડી મંગાવ્યો. એના શરીરને વિરૂપ બનાવી, ગધેડે બેસાડી ગામમાં ફેરવીને રાજાએ હદપાર કર્યો.

કમઠ દુઃખનો માર્યો કોઈ તાપસનો શિષ્ય થયો. એક વખતે મરૂભૂતિના મનમાં થયું કે મારા કહેવાથી મારા નિમિત્તે ભાઇને દુઃખ થયું તો હું તેને ખમાવી આવું. એમ વિચારી સરલ ભાવે મરૂભૂતિ પોતાના ભાઈ કમઠ તાપસને ખમાવવા માટે તેની પાસે જઈ પોતાના નિમિત્તે થએલ દુઃખને માટે મસ્તક નમાવી ખમાવવા લાગ્યો. તે વખતે કમઠે મોટી

શીલા ઉપાડીને મરૂભૂતિના મસ્તક પર નાખી એથી મરૂભૂતિ આર્તધ્યાનથી–અશુભ ધ્યાનથી મરીને વિંધ્યાચળ પર્વતમાં હાથીપણે ઉત્પન્ન થયો. કમઠની સ્ત્રી મરીને એ જ વિંધ્યાચલ પર્વતમાં હાથણી રૂપે ઉત્પન્ન થઇ અને મરૂભૂતિનો જીવાત્મા જે હાથી થયો હતો તેની સ્ત્રી તે હાથણી થઈ.

અરવિંદ રાજાએ એક દિવસ સંધ્યાના રંગની અસ્થિરતા જોઈ વૈરાગ્ય પામી દીક્ષા લીધી. અરવિંદ મુનિ વિહાર કરતા વિંધ્યાચળની તલેટી તરફ જતા હતા ત્યારે રસ્તામાં મરૂભૂતિના જીવને હાથીના ભવમાં પ્રતિબોધી, તેને તેનો પૂર્વજન્મ સંભળાવી, તેને શ્રાવક કર્યો.

કમઠ તાપસપણામાં રહી, અજ્ઞાન કષ્ટ કરી, ક્રોધાવેશમાં મરીને સર્પપણે ઉત્પન્ન થયો, અને તે મરૂભૂતિનો જીવ જે હાથીપણે હતો તેને કરડ્યો, તેથી હાથીનું મૃત્યુ થયું. હાથીનો જીવ શુભ ધ્યાનથી મૃત્યુ પામી આઠમા સહસ્સાર નામે દેવલો-કમાં દેવપણે ઉત્પન્ન થયો, અને હાથણી (વરૂણા) મરીને બીજા ઈશાન દેવલોકમાં દેવીપણે ઉત્પન્ન થઈ.

કમઠનો જીવ સર્પના ભવમાં અનેક કર્મ બાંધી ત્યાંથી મરીને પાંચમી નરકે નારકીપણે ઉત્પન્ન થયો. મરૂભૂતિનો જીવ આઠમા દેવલોકથી આયુષ્ય પૂર્ણ કરી, જમ્બૂદ્વીપના પૂર્વ મહાવિદેહમાં સુકચ્છ નામના વિજયની તિલકા નગરીમાં વિદ્યુત્ નામે વિદ્યાધરના રાજાની કનકતિલકા રાણીની કુક્ષીએ આવી પુત્રપણે ઉત્પન્ન થયો. જન્મ થયા પછી તેનું નામ કિરણવેગ પડ્યું. યુવાવસ્થામાં આવી તેણે લગ્ન કર્યાં અને તેને પુત્ર થયો, તેનું નામ કિરણતેજ પડ્યું. કિરણતેજ યોગ્ય ઉંમરે પહોંચતાં તેને રાજગાદી સોંપી કિરણવેગે દીક્ષા લીધી.

કમઠનો જીવ પાંચમી નરકથી નીકળી હિમગિરિ પર્વતની ગુફામાં મોટો સર્પ થયો. તે સર્પ મહિમંડળમાં વિચરતાં તે ગુફા પાસે આવી ચડયો, એટલે સર્પે કિરણવેગ મુનિને જોયા અને પૂર્વના વૈરના ઉદયથી સર્પે કિરણવેગ મુનિને ડંખ માર્યો. મુનિ સર્પ પર રોષ ન આણતાં, સમભાવે અનશન કરી, આયુષ્ય પૂર્ણ કરી, ત્યાંથી મરીને બારમા દેવલોકમાં બાવીસ સાગરના આયુષ્યે દેવપણે ઉત્પન્ન થયા. કમઠનો જીવ જે સર્પ થયો હતો તે એ જંગલમાં દાવાનળ લાગવાથી તેમાં બળ્યો, અને અશુભ પરિણામે મૃત્યુ પામી છઠ્ઠી નરકે નારકીપણે ઉત્પન્ન થયો.

કિરણવેગનો જીવ બારમા દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી જમ્બૂદ્વીપના પશ્ચિમ મહાવિદેહમાં શુભંકરા નગરીના વજ્રવીર્ય રાજાની લક્ષ્મીવતી નામે રાણીની કુક્ષીએ પુત્રપણે ઉત્પન્ન થયો. જન્મ પછી વજ્રનાભ એવું નામ પડયું. મોટી ઉંમરે વજ્રનાભ શ્રી ક્ષેમંકર તીર્થંકરની પાસે દીક્ષા લઈ આત્મસાધના કરવા લાગ્યા. કમઠનો જીવ સર્પના ભવથી મરીને જે છઠી નરકે ગએલ તે ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી, સુકચ્છ નામે વિજયની અટવીમાં ભીલ જાતિમાં ઉત્પન્ન થયો. તેનું નામ કુરંગક પડયું. અનુક્રમે તે યૌવન વય પામ્યો.

એક દિવસે કુરંગક પોતાના ઝુંપડામાંથી હાથમાં ધનુષ્ય બાણ લઈ નીકળ્યો. બરાબર એ જ વખતે શ્રી વજ્રનાભ મુનિ તેને સામા મળ્યા. આગળના ભવથી ચાલ્યા આવતા વૈરાનુબંધથી કુરંગકે મુનિના દર્શનને અપશુકન માની, તેના પર બાણ ફેંકયું. મુનિને તે બાણ વાગ્યું. શુભ પરિણામે મુનિ અનશન સહિત મૃત્યુ પામી ગ્રૈવેયકમાં ઉત્કૃષ્ટ ઋદ્ધિવંત લલિતાંગ

નામે દેવ થયા. મુનિને બાણુ મારનાર ભીલ કુરંગક ત્યાંથી મરીને સાતમી નરકમાં નારકીપણે ઉત્પન્ન થયો.

લલિતાંગ દેવ (વજ્રનાભનો જીવ) દેવનું આયુષ્ય પૂર્ણ કરી, જમ્બૂદ્વીપના પૂર્વ મહાવિદેહમાં પુરાણપુર નગરના કુલીશબાહુ નામે રાજાની સુદર્શના રાણીની કુખે પુત્રપણે ઉત્પન્ન થયા. માતાને ચૌદ સ્વપ્ન થયાં. જન્મ થયા પછી તેમનું નામ સુવર્ણબાહુ પડયું. સુવર્ણબાહુ યૌવન વય પામ્યા અને ચક્રવર્તી થયા. છ ખંડ સાધ્યા. ઘણાં વર્ષ પર્યન્ત રાજ્ય કરી, ચક્રવર્તીપણે રાજ્યસંપદા ભોગવી શ્રીજગન્નાથ નામે તીર્થંકરદેવની પાસે તેમણે દીક્ષા લીધી. સુવર્ણબાહુ મુનિવરે તીર્થંકરપદ પ્રાપ્તિના નિમિત્તરૂપ ૨૦ કાર્યો માંહેનાં ઘણાં કાર્યોનું આરાધન કરી તીર્થંકરપદ નામ કર્મ ઉપાર્જન કર્યું.

કુરંગક ભીલ મરીને જે સાતમી નરકે ગયેલ તે ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી જ્યાં સુવર્ણબાહુ વિચરતા હતા તે જ અટવિમાંહેના એક પર્વતની ગુફામાં સિંહપણે ઉત્પન્ન થયો હતો. સુવર્ણબાહુ મુનિવર વિહાર કરતા, એ જ પર્વત પર જ્યાં કમઠનો જીવ સિંહપણે રહેલો હતો ત્યાં આવી કાઉસગ્ગ ધ્યાને રહ્યા. સિંહે મુનિને જોયા અને વૈર જાગ્યું. મુનિ પર તે ધસી આવ્યો. સિંહને પોતા પર ધસી આવતો જોઈ મુનિ જરા પણ ભય કે ઉદ્વેગ પામ્યા વિના કે સિંહ પર જરાએ રોષ કર્યા વિના, યાવત્ જીવન અનશન વ્રત આદરી પોતાના આત્મસ્વરૂપમાં સ્થિર થયા. સિંહે આવી મુનિવરને મારી નાંખ્યા. મુનિ શુભ ધ્યાનથી આયુષ્ય પૂર્ણ કરી દસમા દેવલોકમાં મહાપ્રભ નામે વિમાનમાં મહર્દ્ધિક દેવ થયા. સિંહ મરીને ચોથી નરકે નારકીપણે ઉત્પન્ન થયો અને તે નરકનું આયુષ્ય પૂર્ણ કરી, જમ્બૂદ્વીપના ભરત-

ક્ષેત્રમાં વાણારસી નગરીની આસપાસના કોઈ ગામડામાં બ્રાહ્મણને ઘેર પુત્રપણે ઉત્પન્ન થયો. તેનો જન્મ થતાં જ તેનાં મા-ભાઈઓ વગેરે સર્વ મરણ પામ્યાં, એટલે ગામલોકોએ તેને મુશ્કેલીથી જીવાડયો, તેથી તેનું નામ કમઠ પડયું. તે મોટો થયો છતાં તેની સ્થિતિ સુધરી નહિ, તેથી દુઃખથી કંટાળીને તે તાપસ થયો.

સુવર્ણબાહુનો જીવ દસમા દેવલોકથી આયુષ્ય પૂર્ણ કરી વાણારસી નગરીમાં ઇક્ષ્વાકુ વંશમાં અશ્વસેન રાજાની શ્રી વામાદેવી રાણીની કુખે પુત્રપણે ચૈત્ર સુદિ ૧૪ ને દિને વિશાખા નક્ષત્રે આવી ઉત્પન્ન થયો. તે વખતે માતાએ ચૌદ મહાસ્વપ્ન જોયાં. યથાસમયે માગશર વદિ ૧૦ ને દિને અનુરાધા નક્ષત્રના યોગે પ્રભુનો જન્મ થયો. પ્રભુ જ્યારે ગર્ભમાં હતા ત્યારે અંધારીયા પક્ષની એક રાત્રે માતાએ પોતાના પડખે થઈને નાગ જતો જોયેલો, તેથી પ્રભુનું પાર્શ્વકુમાર નામ પાડયું. પ્રભુ શરીરે નીલવર્ણા અને સર્પના લાંચ્છનવાળા હતા. પ્રભુ જ્યારે યુવાવસ્થાને પામ્યા, ત્યારે કુશસ્થળ નગરના રાજા પ્રસન્નજિતની કુંવરી પ્રભાવતી સાથે લગ્ન કર્યું.

એક દિવસે જ્યારે પાર્શ્વકુમાર પોતાના મહેલના ગોખમાં બેઠા હતા, ત્યારે સેંકડો મનુષ્યને નગરના એક જ દરવાજા તરફ ઉલ્લાસથી જતા જોયા. પોતાના માણસને આનું કારણ પૂછયું, ત્યારે નોકરે જવાબમાં કહ્યું કે “ શહેર બહાર કમઠ નામે એક મહાન તાપસ આવેલ છે, તે પંચાગ્નિ તાપથી તપ કરે છે, તેને વંદન કરવા, તેનું પૂજન-અર્ચન કરવા આ સઘળા મનુષ્યો જાય છે. ” એ સાંભળી શ્રી પાર્શ્વકુમાર પણ એ તાપસને જોવા હાથી પર બેસીને ગયા. તાપસની નજીક જઈને

જુએ છે તો અગ્નિ માટે જે એક મોટું લાકડું બાકી રાખેલ તે હજુ થોડુંક બળેલું હતું, તેમાં નાગ નાગણી બળવાની તૈયારીમાં હતાં એમ પાર્શ્વકુમારે પોતાના અવધિજ્ઞાનથી જોયું. તેમણે તાપસને કહ્યું કે "હે તાપસ! તારા અજ્ઞાન તપથી આ બળતા લાકડામાં નાગ બળી રહેલ છે, તેનું તને જરાએ ભાન નથી. આવા અજ્ઞાન તપથી આત્મકલ્યાણ શું થવાનું હતું?" આ સાંભળી કમઠે ક્રોધે ભરાઈને પાર્શ્વકુમારની વાત ખોટી છે અને ધર્મની ઇર્ષ્યાથી જ આ વાત કરે છે એમ લોકોને સમજાવ્યું. શ્રી પાર્શ્વકુમારે પોતાના એક નોકર પાસે નાગવાળા બળતા લાકડાને પંચાગ્નિમાંથી ખેંચી કઢાવી, તે લાકડાને ચીરાવી નાખ્યું, તો તેમાંથી નાગ નીકળ્યો પણ મૃત્યુની નજીક તે જઈ પહોંચ્યો હતો, તેથી પાર્શ્વકુમારે તે નાગને શ્રી નવકાર મહામંત્ર સંભળાવ્યો, અને શુભ પરિણામે નાગ મરીને ભુવનપતિ દેવજાતિમાં ધરણેન્દ્ર દેવ થયો.

પોતાના જ ભક્તોની સમક્ષ પોતે જૂઠો અને અજ્ઞાની ઠરવાથી કમઠ તાપસને આઘાત થયો અને સખત તપ કરી, મરીને પોતે ભુવનપતિ જાતિના દેવમાં મેઘમાલી નામે દેવ થયો. ભોગાવળી કર્મ ભોગવાઈ રહ્યેથી લોકાન્તિક દેવની પ્રેરણાથી પ્રભુ પાર્શ્વકુમારે વરસી દાન દઈ માગસર વદ ૧૧ ને અનુરાધા નક્ષત્રના યોગે અઠમ તપ સહિત આશ્રમપદ નામના ઉદ્યાનમાં દીક્ષા લીધી. તે જ વખતે પ્રભુને મનઃપર્યવ નામે ચોથું જ્ઞાન ઉત્પન્ન થયું. બીજે દિવસે કોપકટ નામના ગામમાં ધન્ય નામે ગૃહસ્થના ઘેરથી પ્રભુએ ક્ષીર અન્નથી અઠમ તપનું પારણું કરી વિહાર કર્યો.

પ્રભુ વિચરતા વિચરતા કોઈ એક ગામની નજીકમાં કોઈ તાપસના આશ્રમ નજીક આવી પહોંચ્યા. સૂર્યાસ્તનો વખત થયો હોવાથી એ તાપસના આશ્રમ નજીક એક કુવા પાસે ઘોર ગંભીર વડવૃક્ષની નીચે ઊભા રહી પ્રભુએ કાયોત્સર્ગ કર્યો. કમઠ યોગીનો જીવ જે મેઘમાળી દેવ થયો હતો અને જે પ્રથમથી જ પ્રભુ સાથે વૈર કરતો આવ્યો હતો તેણે પોતાના અવધિજ્ઞાનથી પ્રભુને વડ વૃક્ષ નીચે કાયોત્સર્ગે રહેલા જોયા, એટલે એને દ્વેષભાવ ઉમટ્યો. મેઘમાળી પ્રભુ પાસે જઈ હાથી, સિંહ, વગેરે નાનાવિધ રૂપો કરી પ્રભુને પોતાથી અપાય એટલાં દુઃખો–પરિષહો ઊપજાવ્યા પણ કોઈ પણ રીતે પ્રભુ ડગ્યા નહિ. પોતાના પ્રયત્નમાં જ્યારે બીજી કોઇ રીતે પોતાને સફળતા ન જ મળી ત્યારે તે મેઘમાળીએ ગાજવીજ સહિત મૂશળધાર વરસાદ વરસાવવો શરૂ કર્યો. વરસાદ એટલા જોરથી વરસાવ્યો કે પશુ પક્ષીઓ વગેરે ત્રાસી જઈ અકાળે મરણશરણ થવા લાગ્યાં, પણ પ્રભુ ન ડગ્યા. છેવટે પ્રભુના કાન સુધી પાણી આવ્યું, એથી પણ પાણી આગળ વધી નાકની અણી સુધી પહોંચ્યું, છતાં પ્રભુ તો અડગ રહ્યા. તે વખતે એ જ પાર્શ્વપ્રભુની કૃપાથી નાગના ભવમાં સંભળાવેલ નવકાર મંત્રના પ્રભાવથી થએલ ધરણેંદ્રનું એટલે નાગ જાતિના દેવોના ઈન્દ્રનું આસન ચલિત થયું. તે ધરણેન્દ્રે અવધિજ્ઞાનથી જોયું તો મેઘમાળી કે જે પોતાના તાબાનો જ દેવ હતો, તે પ્રભુ પાર્શ્વનાથને ભયંકર ઉપસર્ગ કરી રહેલો જણાયો. આ પ્રસંગ જોઈ મેઘમાળી પર ક્રોધાયમાન થઈ ધરણેન્દ્રે ઉતાવળી ગતિએ પ્રભુ જ્યાં ધ્યાનસ્થ ઊભા હતા ત્યાં આવી, ક્ષમાસિન્ધુના ચરણમાં નમન કરી, પ્રભુના ચરણ નીચે લાંબી નાળવાળું સુવર્ણ

કમળ બનાવી, પ્રભુને અદ્ધર લીધા, અને પોતાની કાયાથી પ્રભુને બે બાજુથી આચ્છાદિત કરી સાત ફણાનું છત્ર કરી પ્રભુ ઉપર ધર્યું. ધરણેન્દ્રની દેવીએ પ્રભુ પાસે ગીત ગાનાદિ કર્યાં.

ધરણેન્દ્રે મેઘમાળીને બોલાવી કહ્યું: "અરે દુષ્ટ ! તેં આ શું કરવા માંડયું છે ? જેઓ તારા ઉપકારી છે, જેઓએ તને પાપ કરતાં અટકાવ્યો (લાકડા સાથે નાગને બાળી નાખતાં બચાવ્યો), તે સર્વ ઉપકારનો આ બદલો ? તારો આ સર્વ પ્રયત્ન અફળ છે. તેં આંખની પાંપણથી મેરુપર્વત ખોદી કાઢવા જેવો મૂર્ખ મનુષ્ય જેવો પામર પ્રયત્ન કર્યો છે. હવે તો તારો એક પણ પ્રયત્ન સફળ નહિ થાય. માટે હવે જો તારે દુઃખથી બચવું હોય તો પ્રભુની ક્ષમા માગી તેમને શરણે જા."

મેઘમાળીએ ધરણેન્દ્રનું કથન સાંભળી અવધિજ્ઞાનથી જોયું તો ધરણેન્દ્રનું કથન સંપૂર્ણ સત્ય જણાયું. પ્રભુ ધારે તો એક મુષ્ટિના પ્રહાર વડે પર્વતોના ભૂકા કરી નાખે તેવી શક્તિવાળા છે, છતાં પ્રભુ પોતે ક્ષમાસાગર-કરુણાનિધિ હોવાથી પોતા પર રોષ કરતા નથી એવું તેને ભાન થયું.

આ સત્ય સમજાયાથી મેઘમાળીએ પોતાની મેલી વિદ્યા સમેટી લીધી અને પ્રભુને નમી તેમની ક્ષમા માગી, તે પોતાને સ્થાનકે ગયો. ધરણેન્દ્ર પણ પ્રભુને વંદન કરી સ્વસ્થાનકે ગયો. સમભાવી સમદર્શી પ્રભુને તો ન ધરણેન્દ્ર પર રાગ થયો કે ન મેઘમાળી પર દ્વેષ થયો, બંને પ્રત્યે એમને તો સંપૂર્ણ સમભાવ જ હતો.

પ્રભુ જનપદ દેશમાં વિહરતા ફરી પાછા આશ્રમપદ ઉદ્યાનમાં આવ્યા, અને ધાતકી વૃક્ષ નીચે ધ્યાનસ્થ રહ્યા. ફાગણ સુદિ ૧૪ ના દિને પ્રભુ પાર્શ્વનાથને કેવળજ્ઞાન કેવળદર્શન ઉત્પન્ન થયાં. મનુષ્યોએ અને દેવોએ આવી કેવળ મહોત્સવ કર્યો. પ્રભુએ દેશના દઈ, સાધુ-સાધ્વી-શ્રાવક અને શ્રાવિકા રૂપ ચાર તીર્થ સ્થાપ્યાં. પોતાના શરીરના આયુષ્યનો અંત નજીક જાણી, પ્રભુ સમેતશિખર પર્વત પર પધાર્યા, અને તેત્રીસ મુનિપુંગવો સાથે પ્રભુએ અનશન વ્રત આદર્યું. માસ દિવસનું અનશન વ્રત આરાધી, સર્વ કર્મ ક્ષય કરી, પ્રભુ પાર્શ્વનાથ તેત્રીસ મુનિવરો સહિત નિર્વાણપદ-મોક્ષપદ પામ્યા. પ્રભુ પાર્શ્વનાથજીનું લીલા રંગનુ શરીર હતું, પ્રભુને સર્પનું લાંછન હતું, નવ હાથનું દેહમાન હતું. ૩૦ વર્ષ કુમારપણે અને ૭૦ વર્ષ સંયમીપણે કુલ ૧૦૦ વર્ષનું આયુષ્ય ગાળ્યું.

પ્રભુના શાસનમાં ૩૫૦ ચૌદ પૂર્વધારી, ૧૪૦૦ અવધિજ્ઞાની, ૭૫૦ મનઃપર્યવજ્ઞાની, ૧૧૦૦ વૈક્રિયલબ્ધિધારી, ૬૦૦ વાદલબ્ધિધારી, સોળ હજાર સાધુઓ, આડત્રીસ હજાર સાધ્વીઓ, એક લાખ ને ચોસઠ હજાર શ્રાવકો અને ત્રણ લાખ ને સત્તોતેર હજાર શ્રાવિકાઓ થયાં. પાર્શ્વ નામે યક્ષ અને પદ્માવતી નામે દેવી એ પ્રભુનાં શાસનરક્ષકો થયાં.

---

(૨૪) શ્રી મહાવીર-વર્દ્ધમાન

જેના જયવંતા પ્રભાવિક શાસનમાં રહી અનેક ભવ્યાત્માઓ આજે પણ આત્મિક શાન્તિ મેળવી શકે છે, આધ્યાત્મિક કલ્યાણ સાધી શકે છે, તે શ્રી મહાવીર પ્રભુના જીવન સંબંધી

જાણવા ઇચ્છનારે જે પ્રબળ પુરુષાર્થથી તેઓ વીતરાગ પદવી પામ્યા હતા તે પુરુષાર્થની શરૂઆતની થોડી બીના જાણવી આવશ્યક છે.

જ્ઞાનીઓએ સમ્યક્ત્વ–વસ્તુસ્વરૂપના યથાર્થ જ્ઞાન સાથે તે પ્રત્યેની શ્રદ્ધાની શરૂઆત થાય ત્યારથી મોક્ષ–પરમપદની પ્રાપ્તિ થતાં સુધીના દરેક ભવની ગણના કરી છે. એવી જ રીતે શ્રી મહાવીર પ્રભુના ૨૭ ભવની ગણના કરી છે. શ્રી મહાવીર તીર્થંકરદેવ થયા તે પહેલાંના ૨૭ મા ભવે જ સમ્યકત્વની પ્રાપ્તિ એમને થઇ હતી.

જંબૂદ્વીપના પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં નયસાર નામે એક ગ્રામપતિ હતો. તેનો વ્યવસાય જંગલમાંથી લાકડાં કાપી લાવવાનો હતો. એક વખતે પોતાના માણસોને સાથે લઈ તે જંગલમાં લાકડાં લેવા માટે ગયો હતો. તે એક સ્થળે બેઠો હતો અને નોકરો લાકડાં કાપવાનું કામ કરતા હતા. પછી જ્યારે જમવાનો વખત થયો ત્યારે નોકરે આવી પોતાના માલેક નયસારને ખબર આપ્યા કે રસોઈ તૈયાર થઈ છે, માટે જમવા પધારો.

અતિથિસત્કારનો ધર્મ સમજનાર પોતાનો જમવાનો વખત થાય ત્યારે બીજા કોઈ અતિથિને જમાડયા પહેલાં અથવા અતિથિ માટે કાંઇ પણ દાન કર્યો પહેલાં જમવા બેસતો નથી. એ નિયમાનુસાર નયસારે કોઈ પણ અતિથિ મળે તો તેને આહાર આપ્યા પછીથી પોતે જમવા બેસવાનું વિચાર્યું. ત્યાં રહેલા તળાવની પાળ પર ચડીને કોઈ પણ અતિથિ આવે છે કે કેમ તેની તે તપાસ કરવા લાગ્યો. પુણ્યના યોગથી મનુષ્યને

ધારેલ વસ્તુ જરૂર પ્રાપ્ત થાય છે. અણુચિંતવ્યો લાભ પણ મળે છે. પુણ્યહીણાને તેવું શુભ મળતું નથી અને મળ્યું હોય તે પણ નાશ પામે છે. એ પ્રમાણે નયસારની પ્રબળ ભાવના અતિથિને જમાડયા પછી જમવાની હતી તે સફળ થઈ. જંગલની બહારના રસ્તે પવિત્ર મુનિવરોનો સમૂહ એક ગામથી બીજે ગામ વિહાર કરી જતો હશે, તેમાં એક મુનિ કે જેમને માસખમણુ-મહીનાના ઉપવાસનું તપ હતું તે મુનિ પાછળ રહી ગયા હતા અને રસ્તો ભૂલ્યા હોઇ જંગલને માર્ગે ચડી ગયા હતા. મધ્યાહ્‌ન સમયે જ્યાં નયસારનો પડાવ હતો, ત્યાં તે આવી ચડયા. નયસારને તો જાણે કલ્પવૃક્ષ કે ચિંતામણિ રત્ન મળ્યું હોય એથીએ અધિક આનંદ તપસ્વી મુનિને જોઇને થયો. હર્ષભેર મુનિની સામે જઈ, વંદન કરી, સત્કાર સન્માન દઈ, નિર્દોષ આહાર વહોરવાની તેણે વિનંતિ કરી. ગૃહસ્થના વ્યવહારનાં પાંચ રત્નો કહેલાં છેઃ

વાણી પાણી સાથરો, સંપત્ત સોતું અન્ન;
કાર્ય કુશળતા પૂછવાં, ગૃહસ્થે પાંચ રતન.

આંગણે આવેલાને પ્રથમ આવકાર આપવો, મીઠા વચને સત્કાર કરવો. આવનાર ગમે તે હોય પણ આવેલાનો આદર કરવો, એમાં જ્ઞાતિ ધર્મ સમાજ કે ઉચ્ચ નીચનો ભેદ ન હોય. પછી હાથ-પગ-મ્હોડું ધોવાને અથવા પીવા વગેરે માટે જોઈતું-ખપતું પાણી આપવું. પછી આવેલને સૂવા-બેસવા માટેની જગ્યા આપવી. ત્યારપછી ઘરની સંપત મુજબ ભોજન આપવું. જે આપવું તે ઉજળા મનથી આપવું. ભોજનાદિ કાર્યથી નિવૃત્ત થઇને પછી જે કાર્ય માટે એ આવેલ હોય

તે કાર્ય જો બની શકે તેમ હોય અને શુભ કાર્ય હોય તો તે જરૂર કરી આપવું; પણ ન બની શકે તેમ હોય તો સામાને સંતોષકારક રીતે સમજાવી પોતાથી કાર્ય બની શકે તેમ નથી તે કહી દેવું. આ પાંચ વાનાં ગૃહસ્થ ઘરનાં રત્નો છે.

નયસારે તપસ્વી મુનિનો આદર-સત્કાર કરી, ઉચ્ચ ભાવનાથી નિર્દોષ આહારાદિ વહોરાવ્યાં. મુનિએ એ જ સ્થળે આહારનો ઉપયોગ કરી લઈ, બીજા મહીનાના ઉપવાસનાં ત્યાં જ પ્રત્યાખ્યાન કરી લીધાં.

નયસાર કઠીયારો પોતે ભોજનાદિ કાર્યથી નિવૃત્ત થઈ મુનિને જે ગામ જવું હતું તે ગામે જવાનો માર્ગ બતાવવા સાથે ચાલ્યો. રસ્તે ચાલતાં મુનિને વિચાર થયો કે આત્મસ્વભાવી આત્મા મને દ્રવ્ય-સ્થૂલ માર્ગ બતાવે છે તો હું એને ભાવમાર્ગ-આત્મહિતનો માર્ગ બતાવું. એમ વિચારીને મુનિએ નયસાર કઠીયારાને દેવ, ગુરુ અને ધર્મનું સ્વરૂપ સમજાવ્યું. તે ઉપરાંત સમ્યકત્વ કે જે આત્માનો મૂળ ગુણ છે, સિદ્ધ સ્વરૂપનું જે બીજ છે, તે સમ્યકત્વનું સ્વરૂપ પણ સમજાવ્યું. સમ્યકત્વમાં સ્થિર રહેવાનું સાધન એવો નવકાર મંત્ર અથવા પંચપરમેષ્ઠી મંત્ર તેને મુનિએ વિધિપૂર્વક શીખડાવ્યો. નવકાર મંત્ર અત્યંત પ્રભાવયુક્ત છે, પરન્તુ સમજણપૂર્વકની શ્રદ્ધાનો અભાવ અને નવકાર મંત્ર ગણવાની વિધિ તથા સમજનું અજ્ઞાન, એ બે કારણોથી નવકાર મંત્રના પાઠથી જે દ્રવ્યે અને ભાવે લાભ મળવો જોઈએ તે મળવા પામતો નથી. શ્રદ્ધા અને વિધિપુરઃસર નવકારનો પાઠ કરનાર દ્રવ્યસુખ અને ભાવસુખ બંને પ્રાપ્ત કરે છે.

નયસાર કઠીયારાએ તપસ્વી મુનિ પાસેથી નવકાર મંત્ર-રૂપી આધ્યાત્મિક ધન પ્રાપ્ત કર્યું. પછી મુનિ આગળ વધીને એમના સમૂહ સાથે મળ્યા. નયસાર કઠીયારાએ શુદ્ધ ભાવથી અને વિધિપૂર્વક નવકાર મંત્રનું આરાધન કર્યું અને એ પંચ-પરમેષ્ઠિ મંત્રનું સ્મરણ કરતાં જ આયુષ્ય પૂર્ણ કરી, પહેલા સૌધર્મ દેવલોકમાં તે દેવપણે ઉત્પન્ન થયો. દેવગતિનું પલ્યો-પમનું આયુષ્ય પૂર્ણ કરી, ત્યાંથી ચવી, જમ્બૂદ્વીપના ભરત ક્ષેત્રમાં વિનીતા નામે નગરીમાં, પ્રથમ તીર્થંકરદેવ શ્રી ઋષભદેવ પ્રભુના પુત્ર તથા આ ચોવીશીમાં પ્રથમ ચક્રવર્તી શ્રી ભરતે-શ્વરને ઘેર પુત્રપણે એ જીવ ઉત્પન્ન થયો. તેનું નામ મરિચિ પાડ્યું. યોગ્ય ઉંમરે પહોંચ્યા પછી, વિદ્યાભ્યાસ કરી, આદિ-નાથની થતી દેશના શ્રવણ કરી, વૈરાગ્ય પામી, મરિચિએ ચારિત્ર લીધું. દીક્ષા લઈ પ્રભુ સાથે વિચરતાં અકસ્માત આવી પડતા પરિષહો પણ તે સહન કરવા લાગ્યા. સ્થવિરની પાસે અગીયાર અંગ આદિનો શાસ્ત્રાભ્યાસ કરી પ્રભુ સાથે તે વિચ-રવા લાગ્યા.

કેટલોક વખત વીત્યા પછી એક વખતે ઉનાળાની ઋતુમાં શરીર પરના પરસેવાથી કંટાળેલા મરિચિ મુનિ તૃષાથી ખૂબ આકુળવ્યાકુળ બન્યા. એ વખતે ચારિત્રાવરણી કર્મના ઉદયથી તેમને ચારિત્ર પાળવામાં પોતાની અશક્તિ જણાઇ, એટલે તેમણે ત્રિદંડીનો નવો વેશ ઊભો કર્યો. ચારિત્ર મૂકીને ગૃહસ્થા-શ્રમમાં જવાય નહિ, અને સાધુપણું પણ પળાય નહિ, એટલે મરિચિએ આ નવો વેશ ઉત્પન્ન કર્યો.

ત્રિદંડી થયા છતાં ધર્મશ્રદ્ધામાં કે ચારિત્ર પ્રત્યેની શ્રદ્ધામાં ફેરફાર થયો ન હતો. ચારિત્ર પાળવામાં માત્ર પોતાની નબ-

ળાઈ જ તે માનતા હતા. તેથી પ્રભુ આદિનાથ જ્યાં જ્યાં વિચરતા ત્યાં ત્યાં સાથે તે પણ ફરતા અને પ્રભુના સમવસરણની બહાર પોતે પોતાનું રહેવાનું રાખતા. એની પાસે કોઈ આવી બેસતું તો તેને ઉપદેશ આપતા અને ઉપદેશ શ્રવણ કરનારને વૈરાગ્ય થાય તો પ્રભુ પાસે દીક્ષા લેવા મોકલતા, પણ પોતે પોતાનો શિષ્ય કોઈને બનાવતા નહિ.

એવી રીતે ઘણો વખત રહ્યા પછી એક વખતે તેમની શરીરપ્રકૃતિ બગડી. સર્વવિરતિ સાધુથી અવ્રતીનું કાર્ય થઈ શકે નહિ, એટલે મરિચિને એક શિષ્ય કરવાનું મન થયું. કપિલ નામે કોઈ કુલપુત્ર તેની પાસે આવ્યો. મરિચિએ તેને ઉપદેશ આપ્યો. કપિલ ચારિત્ર લેવા તૈયાર થયો, એટલે તેને પ્રભુ પાસે જવાને કહ્યું. કપિલે કહ્યું કે "શું તમારી પાસે ધર્મ નથી? આત્મકલ્યાણનો માર્ગ નથી?" આ પ્રશ્નથી મરિચિને થયું કે "જો હું મારી પાસે ધર્મ નથી, કલ્યાણનો માર્ગ નથી એમ કહીશ તો જૂઠો ઠરીશ." એ વિચારથી એમણે કહ્યું કે "અહીં મારી પાસે શિષ્ય થવાથી પણ આત્મકલ્યાણ છે. અહીં પણ ધર્મ છે." આ પ્રમાણે કહેવાથી મરિચિએ ઉત્સૂત્ર-ખોટા માર્ગની પ્રરૂપણા કરી, અને એથી એને કર્મબંધન થયું. એ રીતે કપિલ મરિચિનો શિષ્ય થયો.

એક વખતે ભરત મહારાજાએ પ્રભુ શ્રી આદિનાથ દેવને પૂછ્યું કે–" આપના સમવસરણમાં આપના જેવા અરિહંત થાય તેવા કોઈ ભવ્ય આત્મા છે?" જવાબમાં પ્રભુએ કહ્યું કે "સમવસરણની બહાર મરિચિ છે તે ભવાન્તરે ચક્રવર્તી થશે, વાસુદેવ થશે અને આ ચોવીશીમાં જેમ હું પ્રથમ તીર્થંકર છું, તેમ

તે છેલ્લા-ચોવીસમા વર્દ્ધમાન-મહાવીર નામે તીર્થંકર થશે. એ રીતે એ ત્રણ પદવી પામશે."

આ જવાબ સાંભળી શ્રી ભરતેશ્વર મહારાજાએ સમવસરણની બહાર જઇ મરિચિને કહ્યું કે "પ્રભુએ કહ્યા મુજબ વાસુદેવ, ચક્રવર્તી અને છેલ્લા તીર્થંકરદેવ તમે થવાના છો, માટે હું તમને ભાવિ તીર્થંકરદેવ તરીકે વંદન કરું છું." એમ કહી વંદન કરી તે સ્વસ્થાનકે ગયા. પણ મરિચિથી એ વસ્તુ જીરવાઈ નહિ. પોતાના કુળ માટે એમને ગર્વ થયો અને તે બોલ્યા કે "મારો દાદો તીર્થંકર, મારા પિતા ચક્રવર્તી, એમનો હું પુત્ર ત્રણ-ત્રણ પદવી પામું, એમાં શું નવાઇ છે? કારણકે અમારૂં કુળ ઉત્તમ કુળ છે."

મરિચિએ કરેલા ગર્વના પરિણામે તેમણે નીચ ગોત્ર કર્મ બાંધ્યું. આહાર, પૈસો, અધિકાર અને જ્ઞાન એ ચાર વસ્તુઓ જો મનુષ્યને પચી જાય, તો આરોગ્ય, પુણ્ય, યશ અને આત્મસિદ્ધિને તે પ્રાપ્ત કરે છે; અને જો તેનું અજીરણ થાય, તો વ્યાધિ, વિનાશ, અપમાન, અને ભવભ્રમણને પ્રાપ્ત કરે છે.

આ રીતે મરિચિ પોતાનું આયુષ્ય પૂર્ણ કરી, પાંચમા બ્રહ્મલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. એ તેમનો ચોથો ભવ થયો. દેવલોકમાં દસ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી તે ત્યાંથી કોલ્લાક નામના ગામમાં બ્રાહ્મણપણે ઉત્પન્ન થયા. ત્યાં સ્થૂલ પુણ્ય ઉપાર્જન કરી દેવ થયા. એમ બ્રાહ્મણ અને દેવોના ભવો કરતા, જન્માંતરો કરતા, સોળમા ભવે રાજગૃહ નગરના વિશ્વનંદી નામે રાજાના નાના ભાઈ જે યુવરાજ પદવી ભોગવતા

હતા તે વિશાખાભૂતિને ઘેર ધારિણી રાણીની કુખે આવી કુંવ-રપણે મરિચિનો જીવ ઉત્પન્ન થયો. તેનું વિશ્વભૂતિ નામ પડયું, યુવાવસ્થાએ પહોંચ્યા પછી વિશ્વભૂતિ પોતાની રાણીઓ વગેરે સહિત શહેર બહાર બગીચામાં રહેવા લાગ્યા. આ વાતની રાજાના કુંવર વિશાખાનંદીને ઈર્ષ્યા થઈ. પોતાના પિતાને કહી યુક્તિ કપટ કરીને વિશ્વભૂતિને લડાઈ માટે મોકલી, તેની રાણી-ઓને શહેરમાં મોકલી, વિશાખાનંદી પોતે તે બગીચામાં રહેવા આવ્યો.

વિશ્વભૂતિએ લડાઈમાંથી આવી જોયું તો પોતાની રાણીઓ વગેરેને શહેરમાં ધકેલી મૂકી વિશાખાનંદી એ બગીચામાં રહેવા આવેલ હતો. આ પ્રપંચથી વિશ્વભૂતિને ક્રોધ ચડયો. પોતે વિશાખાનંદીને મારી શકે તેટલું તેમનામાં બળ હતું પણ ભાઇને મારીને સંસારના વૈભવો ભોગવવા એ યોગ્ય ન લાગવાથી પોતે કોઠાના ઝાડનો એક જ મુષ્ઠિપ્રહાર વડે નાશ કરી પોતાની શક્તિ બતાવી અને પોતે દીક્ષા લઈ ચાલી નીકળ્યા.

માસખમણ વગેરેની આકરી તપશ્ચર્યા કરતાં તેમનું શરીર દુર્બળ બન્યું. માત્ર ચામડે વીંટયાં હાડકાં જ રહ્યાં. એવી સ્થિતિમાં એક વખતે વિશ્વભૂતિ મુનિ મથુરાનગરીમાં પધાર્યા. તે વખતે વિશાખાનંદી પણ મથુરાનગરીના રાજાની કુંવરી સાથે લગ્ન કરવા આવેલો. એક વાર માસખપણ તપના પારણાના દિવસે વિશ્વભૂતિ શહેરમાં ગૌચરી માટે આવ્યા. એ વખતે વિશાખાનંદી મહેલના ગોખમાં બેઠો હતો. તેણે મુનિને જોયા. તપસ્વી મુનિ શાન્ત ભાવે રાજમાર્ગે ચાલ્યા જતા હતા. એ વખતે એમને જોઈને એક ગાય ભડકી અને મુનિ સાથે અથડાઈ.

તેથી મુનિ પડી ગયા. આ જોઈને વિશાખાનંદીએ મુનિની મશ્કરી કરતાં કહ્યું કે: "કોઠાના ઝાડને એક મુષ્ટિના પ્રહારથી પાડી નાખવાની તાકાત ધરાવનાર! એક ગાયના સામાન્ય ધક્કાથી પડી કેમ જવાય છે? તાકાત ક્યાં ભાગી ગઈ? શૂરવીર તો ભારે છે ને શું?" આવા કથનથી મુનિને ક્રોધ ચડ્યો. ભાનભૂલા બનીને મુનિએ ક્રોધના આવેશમાં આવી ગાયને શીંગડાથી પકડી ચકરચકર ફેરવી અધ્ધર ઉછાળી ફેંકી અને પારણા માટે ભિક્ષા લીધા વિના શહેર બહાર જઈ નિશ્ચય કર્યો કે જો મારા તપ-સંયમનું ફળ હોય તો હું અતિ બળવાન થઉં અને આ વિશાખાનંદીના વૈરનો બદલો લઉં. આવો નિશ્ચય-નિયાણું કરી મુનિએ અન્નપાણીનો જીંદગી સુધી ત્યાગ કરી દીધો. એકંદરે ક્રોડ વર્ષનું આયુષ્ય ભોગવી ત્યાંથી મરીને મહાશુક્ર દેવલોક-સાતમા દેવલોકમાં તે ઉત્પન્ન થયા. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી પોતનપુર નગરના રિપુપ્રતિશત્રુ નામે પરાક્રમી રાજાને ત્યાં મૃગાવતી રાણીની કુખે ઉત્પન્ન થયા. જન્મ્યા પછી ત્રિપૃષ્ટ (તેના વાંસામાં ત્રણ પાંસળી હતી તેથી) એવું નામ આપ્યું*

---

* આ મૃગાવતી રાણી માટે કલ્પસૂત્ર વગેરે ગ્રંથોમાં એવી વાત છે કે રિપુપ્રતિશત્રુ રાજાને ભદ્રા નામે રાણી હતી તેનાથી અચળ નામે કુંવર (જે આ ચોવીશીમાં પ્રથમ બળદેવ થયા) અને મૃગાવતી નામે કુંવરી થઈ. મૃગાવતી યુવાવસ્થાએ પહોંચી ત્યારે તેના રૂપમાં આસક્ત બની એના પિતાએ જ તેને પોતાની બનાવી! એનાથી મરિચિનો જીવ જે ભવિષ્યમાં શ્રી મહાવીરદેવ થવાના હતા તેનો જન્મ થયો અને તેનું નામ ત્રિપૃષ્ઠ પડયું. આ ચોવીસીમાં તે પ્રથમ વાસુદેવ થયા, પણ એ વાત જૈન સિદ્ધાંતની દૃષ્ટિએ સત્ય માનવામાં વાંધો આવે છે. સૂત્ર-

ત્રિપૃષ્ટ વાસુદેવ અને તેના મોટા ભાઈ અચળ નામે બળદેવ બંને ભાઈઓએ જીવનમાં અનેક વીર શક્તિનાં કાર્યો કર્યાં. પ્રતિવાસુદેવને મારી ત્રિપૃષ્ટ વાસુદેવ થયા તે પહેલાં એક સિંહને બે જડબાં ઝાલી ચીરી નાખી તેની સાથે વૈર બાંધ્યું. વાસુદેવ પદવી પામ્યા પછી એક રાતે ગાંધર્વો-સંગીતકારો તેની પાસે આવેલા, અને સંગીત સાંભળતાં--સાંભળતાં જ્યારે પોતાને ઊંઘ આવવા માંડી ત્યારે ગાયકોને પોતે આજ્ઞા કરી કે "મને ઊંઘ આવી જાય, હું ઊંઘી જઉં, એટલે તમે સંગીત બંધ કરજો. મારી ઊંઘમાં ખલેલ ન પહોંચાડશો." એમ કહી થોડી વાર પછી તે ઊંઘી ગયા, એટલે ગાયકોએ ગાવા--બજાવવાનું બંધ કરવા માંડયું. ત્યારે ત્રિપૃષ્ટ વાસુદેવનો શય્યાપાલક જે

સિદ્ધાન્તમાં શ્રી તીર્થંકરદેવ કહે છે કે ત્રેસઠ સલાકાબંધ પુરૂષોનો જન્મ જેના પિતાપક્ષમાં ૭ પેઢી સુધી લાંચ્છન ન લાગ્યું હોય અને જેના માતૃપક્ષમાં પણ ૭ પેઢી લગી લાંચ્છન ન લાગ્યું હોય ત્યાં જ થાય; અને એના માટે પાઠ છે કે जाइपहाणा कुलपहाणा અર્થાત્ જાતિપ્રધાન તથા કુલપ્રધાન એ પુરૂષો હોય છે. જ્યારે તીર્થંકરદેવનું કથન ઉપર મુજબ છે, ત્યારે ત્રિપૃષ્ઠ વાસુદેવનો જન્મ જો કલ્પસૂત્રાદિમાં કહ્યા પ્રમાણે માનવામાં આવે તો જાતિ અને કુલ બંનેથી હીન જ ગણાય. એને તો પિતાપક્ષ અને મોસાળપક્ષ બંને એક જ હોવાથી બંને હીન થયાં. એવાં હીન જાતિકુલમાં એવા ભવ્ય આત્માનો જન્મ થાય એ વાત સંભવિત નથી. કદાચ મરિચિના ભવમાં બાંધેલ નીચ ગોત્રના કર્મનાં ફળ તરીકે આ પ્રસંગને ગણવામાં આવે, તોપણ તે વાત બંધબેસતી થાય તેમ નથી. ત્રિપૃષ્ઠ વાસુદેવનાં માતાપિતા મૂળમાં નીચ ગોત્રી નથી. ઋષભદત્ત બ્રાહ્મણને ભિક્ષુકકુળ માન્યું તે તો તેનું મૂળ કુળ જ બ્રાહ્મણ-ભિક્ષુક હોઇને તે વાત મનાય તેમ છે. આ સંબંધે વિદ્વાનોએ વધુ સ્પષ્ટતા કરવી જોઇએ છે.

શ્રોત્રેંદ્રિયના વિષયમાં આસક્ત હતો, તેણે ગાયકોને કહ્યું કે "તમે સંગીત ચાલુ રાખો. મહારાજા જાગશે તો હું એમને કહીશ, કારણકે મહારાજાની મારા પર કૃપા છે." ગાયકોએ એની વાત માની સંગીત ચાલુ રાખ્યું. સંગીત કરતાં વાજીંત્રોનો અવાજ થવાથી ત્રિપૃષ્ટ વાસુદેવ ઊંઘમાંથી જાગી ગયા. કાચી ઊંઘમાંથી જાગતાં આજ્ઞાભંગનું ભાન થવાથી તે અતિ ક્રોધે ભરાયા. એ ક્રોધમાં ભાનભૂલા થઈ વાસુદેવે સીસું ઉનું કરાવી તેનો રસ શય્યાપાલકના કાનમાં રેડાવ્યો. એથી શય્યાપાલક મહાવેદના ભોગવી મૃત્યુ પામ્યો. પરિણામે તે શય્યાપાલક સાથે વૈર બંધાયું તે શ્રી મહાવીર પ્રભુના ભવમાં એ શય્યાપાલકનો જીવ જે રબારી તરીકે હતો તેણે પ્રભુ મહાવીરના કાનમાં ખીલા નાખી પોતાના વૈરનો બદલો લીધો. જન્માન્તરોમાં પણ વૈર પોતાનો બદલો લીધા વિના—પરિણામ ભોગવ્યા વિના છોડતું નથી. માટે જ શ્રી વીર પ્રભુ કહે છે કે સર્વથી મોટે ભય એ વૈરનો છે.

ત્રિપૃષ્ટ વાસુદેવના ભવમાં અનેક પ્રકારનાં પાપો કરીને ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરીને ઓગણીસમા ભવે તે સાતમી નરકે નારકીપણે ઉત્પન્ન થયા. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી વીસમા ભવે સિંહ થયા. ત્યાંથી મરી એકવીસમા ભવે ચોથી નરકે નારકીપણે ઉત્પન્ન થયા. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી બાવીસમા ભવે મનુષ્યનો ભવ કરી, શુભ કમાણી કરી, જમ્બૂદ્વીપના પશ્ચિમ મહાવિદેહમાં મુકા નામે નગરીમાં ધનંજય નામે રાજાને ત્યાં ધારિણી નામે રાણીની કુખે ત્રેવીસમા ભવે પુત્રપણે જન્મ્યા. મોટી ઉંમરે તે ચક્રવર્તી થયા. છ ખંડ સાધ્યા. પાછલી અવસ્થામાં તેમણે સંયમ લઇ ક્રોડ વર્ષ સુધી ઉત્કૃષ્ટ તપાદિ કરી,

કર્મથી આત્માને હળવો બનાવી, આયુષ્ય પૂર્ણ કરી, ચોવી સમા ભવે સાતમા દેવલોકે દેવ થયા. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી પચીસમા ભવે છત્રા નામની નગરીમાં જિતશત્રુ રાજાને ત્યાં ભદ્રા નામે રાણીની કુખે કુંવરપણે જન્મ્યા. નંદન નામ પડયું. યુવાન વયે રાજ્યસંપદા ભોગવી તેમણે દીક્ષા લીધી. દીક્ષા લીધા પછી નિરંતર માસખમણ તપ આદર્યું અને ઉત્કૃષ્ટ ચારિત્ર્ય-તપથી આત્માને કર્મથી હળવો કરવા લાગ્યા. અનેક પ્રકારના પરિષહને સહન કરતાં એક લાખ વર્ષ તપ કર્યું, તે સાથે જેથી કરી તીર્થંકરની પદવી પ્રાપ્ત થાય તેવાં વીસ પ્રકારનાં આચરણો માંહેનાં કેટલાંએ આચરણો આચરી તીર્થંકર નામ કર્મનું ઉપાર્જન કર્યું. એવી રીતે શુદ્ધ ચારિત્ર પાળી આયુષ્યને અંતે અણસણ કરી સર્વ પાપને આલોચ્યું. એ આલોયણા કરતાં થકાં એમણે આરાધના કરી કે "કાલ અને વિનય વગેરે જે આઠ પ્રકારનો જ્ઞાનાચાર કહેલો છે, તેમાં મને કોઇ પણ અતિચાર લાગ્યો હોય તો તેને મન વચન કાયાથી હું નિંદું છું, નિઃશલ્ય થઉં છું. જે આઠ પ્રકારનો દર્શનાચાર કહ્યો છે, તેમાં જો કોઈ પણ અતિચાર થયો હોય તો તેને હું મન વચન કાયાએ કરી વોસરાવું છું. લોભથી કે મોહથી મેં પ્રાણીઓની સૂક્ષ્મ કે બાદર હિંસા કરી હોય તેને મનાદિએ કરી વોસરાવું છું. હાસ્ય, ભય, ક્રોધ અને લોભ વગેરેથી મેં જે મૃષાભાષણ કર્યું હોય તે સર્વ નિંદું છું અને તેનું પ્રાયશ્ચિત્ત આચરૂં છું. રાગ દ્વેષથી થોડું ઘણું જે કાંઇ મેં અદત્ત દ્રવ્ય લીધું હોય તો તે સર્વને વોસરાવું છું. પૂર્વે મેં તીર્યંચ સંબંધી, મનુષ્ય સંબંધી, કે દેવ સંબંધી મૈથુન મનથી વચનથી કે કાયાથી સેવ્યું હોય તે સર્વને ત્રિવિધે વોસ

રાવું છું. લોભના દોષથી ધનધાન્ય અને પશુ વગેરેનો બહુ પ્રકારનો પરિગ્રહ મેં જે કાંઈ પૂર્વે ધારણ કર્યો હોય તેને મન વચન કાયાથી વોસરાવું છું. પુત્ર, સ્ત્રી, મિત્ર, બંધુ, ધન, ધાન્ય, ગૃહ અને બીજા જે કોઈ પદાર્થમાં મને મમતા રહેલી હોય તે સર્વને હું વોસરાવું છું ઇન્દ્રિયોથી પરાભવ પામીને મેં રાત્રે ચતુર્વિધ આહાર કર્યો હોય તેને પણ હું મન, વચન કાયાથી નિંદું છું. ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, ક્લેશ, પિશુનતા (ચાડી), પરનિંદા, અભ્યાખ્યાન (તહોમત મૂકવું) અને બીજું જે કાંઈ ચારિત્રાચારને વિષે દુષ્ટ આચરણ કર્યું હોય તેને હું મન વચન કાયાથી વોસરાવું છું. બાહ્ય કે આભ્યંતર તપસ્યા કરતાં મન વચન અને કાયાથી જે અતિચાર લાગ્યા હોય તેને હું મન વચન કાયાએ નિંદું છું. ધર્મના અનુષ્ઠાનમાં મેં જે કાંઈ ગોપવ્યું હોય તે વીર્યાચારના અતિચારને પણ હું નિંદું છું. મેં કોઇને માર્યો હોય, દુષ્ટ વચન કહ્યાં હોય, કોઈનું કાંઈ હરી લીધું હોય, અથવા કાંઇ અપકાર કર્યો હોય, તે સર્વે મારા પર ક્ષમા કરજો. જે કોઇ મારા મિત્ર કે શત્રુ, સ્વજન કે પરજન હોય તે સર્વ મને ક્ષમા કરજો. હું હવે સર્વમાં સમાન બુદ્ધિવાળો છું. તીર્યંચપણામાં જે તીર્યંચો, નારકીપણામાં જે નારકીઓ, દેવપણામાં જે દેવતાઓ અને મનુષ્યપણામાં જે મનુષ્યોને મેં દુ:ખી કર્યાં હોય, તેઓ સર્વ મને ક્ષમા કરજો. હું તેમને ખમાવું છું અને હવે મારે તે સર્વની સાથે મૈત્રી છે. જીવિત, યૌવન, લક્ષ્મી, રૂપ અને પ્રિય સમાગમ–એ સર્વે વાયુએ નચાવેલા સમુદ્રના તરંગની જેમ ચપળ છે. વ્યાધિ, જન્મ, જરા, અને મૃત્યુથી ગ્રસ્ત થએલાં પ્રાણીઓને શ્રી જિનોદિત ધર્મ વિના આ સંસારમાં બીજું

કોઈ શરણુ નથી. સર્વે જીવો સ્વજન પણુ થએલા છે અને પર-જન પણુ થએલા છે, તો તેમાં કોણુ પ્રાણી કિંચિત્ પણુ પ્રતિબંધ કરે ? પ્રાણી એકલો જ જન્મે છે, એકલો જ મૃત્યુ પામે છે, એકલો જ સુખદુઃખને અનુભવે છે. પ્રથમ તો આત્મા આ શરીરથી અન્ય છે, ધનધાન્યાદિક પણુ અન્ય છે, બંધુઓ પણુ અન્ય છે, છતાં તેમાં મૂર્ખ જન વૃથા મોહ રાખે છે. ચરબી, રૂધિર, માંસ, અસ્થિ, ગ્રંથી, વિષ્ટા અને મૂત્રથી પુરાએલા આ અશુચિના સ્થાનરૂપ શરીરમાં કયો બુદ્ધિમાન પુરૂષ મોહ રાખે ? આ શરીર ભાડે રાખેલા ઘરની જેમ છેવટે અવશ્ય છોડી દેવાનું છે, અર્થાત્ તેનું ગમે તેટલું લાલન પાલન કર્યું હોય તોપણુ તે નાશવંત છે. ધીર કે કાયર સર્વ પ્રાણીએ અવશ્ય મરવાનું તો છે જ, પરંતુ બુદ્ધિમાન પુરૂષે એવી રીતે મરવું કે જેથી પુનઃ મરવું પડે નહિ. મારે અર્હંત પ્રભુનું શરણુ હોજો, સિદ્ધ ભગવંતનું શરણુ હોજો, સાધુઓનું શરણુ હોજો, અને કેવળી ભગવંતે કહેલા ધર્મનું શરણુ હોજો. મારે માતા શ્રી જિનધર્મ, પિતા ગુરૂ, સહોદર સાધુઓ, અને સાધર્મી મારા બંધુઓ છે. તે સિવાય આ જગતમાં સર્વ જાલવત્ છે. શ્રી ઋષભદેવ વગેરે આ ચોવીસીમાં થઇ ગએલા તીર્થંકરોને અને બીજા ભરત ઐરવત તથા મહાવિદેહ ક્ષેત્રના અર્હંતોને હું નમું છું. તીર્થંકરોને કરેલા નમસ્કાર પ્રાણીઓને સંસારના છેદને અર્થે અને બોધિના લાભને અર્થે થાય છે. હું સિદ્ધ ભગવંતને નમસ્કાર કરૂં છું કે જેઓએ ધ્યાનરૂપ અગ્નિથી હજારો ભવનાં કર્મરૂપ કાષ્ટોને બાળી નાખ્યાં છે. પંચવિધ આચારોને પાળનારા આચાર્યોને હું નમસ્કાર કરૂં છું જેઓ ભવછેદમાં ઉદ્યત થઈ પ્રવચનને ધારણુ કરે છે. જેઓ સર્વશ્રુતને ધારણુ કરે છે અને શિષ્યોને ભણાવે

છે, તે મહાત્મા ઉપાધ્યાયોને હું નમસ્કાર કરૂં છું. જેઓ લાખો ભવમાં બાંધેલાં પાપનો ક્ષણવારમાં નાશ કરે છે, એવા શીલ-વ્રતધારી સાધુઓને હું નમસ્કાર કરૂં છું. સાવદ્ય યોગ તથા બાહ્ય અને આભ્યંતર ઉપાધિને હું યાવજ્જીવ મન વચન કાયાથી વોસરાવું છું. હું યાવજ્જીવ ચતુર્વિધ આહારનો ત્યાગ કરૂં છું અને ચરમ ઉચ્છ્વાસસમયે દેહને પણ વોસરાવું છું." દુષ્કર્મની ગર્હણા, પ્રાણીઓની ક્ષામણા, ભાવના, ચતુઃશરણ, નમસ્કાર અને અનશન, આ પ્રમાણે છ પ્રકારે તે નંદન મુનિ પોતાના ધર્માચાર્ય ને સાધુ-સાધ્વી વગેરે સર્વને ખમાવવા લાગ્યા.

એ રીતે શુભ પરિણામે આયુષ્ય પૂર્ણ કરી નંદન અણગાર દસમે પ્રાણત નામે દેવલોકે દેવપણે ઉત્પન્ન થયા.

દેવપણાનું આયુષ્ય પૂર્ણ કરી, મરિચિના ભવમાં કરેલ કુળ-મદથી બંધાએલા કર્મનાં થોડાં બાકી રહેલાં કર્મ ભોગવી લેઈ તે ખાતું સરભર કરવા માટે જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં બ્રાહ્મણકુંડ નામે બ્રાહ્મણોના નગરમાં ઋષભદત્ત નામે બ્રાહ્મણને ઘેર દેવાનંદા નામે બ્રાહ્મણીની કુખે અષાઢ સુદિ છઠના દિને આવી તે ઉત્પન્ન થયા. એ વખતે દેવાનંદા માતાને ૧૪ મહાસ્વપ્ન થયાં. તે સ્વપ્ન જોઈ જાગ્યાં અને પોતાના પતિને સ્વપ્નની વાત કહી તેનાં શુભ ફળ જાણવાની ઇચ્છા કરી. ઋષભદત્ત બ્રાહ્મણે કહ્યું કે "મહાભાગ્યવાન, વેદવેદાન્તનો જાણ અને ઉભય કુળને આનંદ આપનાર પુત્રરત્નનો તમને જન્મ થશે." એ સાંભળી દેવાનંદાને ખૂબ આનંદ થયો. ગર્ભનું સુખરૂપ પાલન કરતાં બ્યાસી રાત વીતી ત્યારે ઇન્દ્રનું આસન ચળ્યું. ઈંદ્રે અવધિ-જ્ઞાનથી આસન ચળવાનું કારણ વિચાર્યું અને જોયું કે પ્રભુ

મહાવીર દેવાનંદા બ્રાહ્મણીની કુખે ઉત્પન્ન થએલા છે. તેને વિચાર થયો કે ત્રેસઠ-સલાકા પુરૂષો ક્ષત્રિયકુળ સિવાય બીજે જન્મ ન જ લે, મહાવીર પ્રભુએ કરેલા ગર્વના પરિણામ રૂપે બ્રાહ્મણ જેવા ભિક્ષુક કુળમાં તે ઉત્પન્ન થયા તેથી કુળમદનું કર્મ પૂરૂં ભોગવાઈ રહ્યું, એટલે હવે તેમનો જન્મ તો ત્યાં ન જ થવો જોઈએ. એમ વિચારી ઈન્દ્રે પોતાના સેનાપતિ નૈગમેષી દેવને બોલાવી આજ્ઞા કરી કે બ્રાહ્મણકુંડ ગામમાં રૂષભદત્ત નામે બ્રાહ્મણના ઘેર દેવાનંદાના ગર્ભમાં જે મહાવીર પ્રભુ રહેલા છે, તે ગર્ભને લઈને ક્ષત્રિયકુંડ ગામે સિદ્ધાર્થ રાજાને ઘેર ત્રીશલાદેવીના ગર્ભમાં મૂકો અને ત્રીશલા માતાને જે પુત્રીનો ગર્ભ છે તે દેવાનંદાની કુખે મૂકો. નૈગમેષી દેવે ઈન્દ્રની આજ્ઞા પ્રમાણે કર્યું. ગર્ભની અદલાબદલી કરતી વખતે દેવાનંદા માતાને સ્વપ્ન થયું કે મારાં ચૌદ સ્વપ્ન અને રત્નનો દાબડો ચોરાઈ જાય છે. જ્યારે ત્રીશલા માતાને એ જ વખતે ચૌદ સ્વપ્ન થયાં, અને તે જાગ્યાં. સિદ્ધાર્થ રાજાને વાત કરી. સવારમાં રાજાએ સ્વપ્નપાઠકોને બોલાવી સ્વપ્નના ફળ સંબંધી પૃચ્છા કરી. સ્વપ્નપાઠકોએ સ્વપ્નના ફળ તરીકે જગતારક મહાન ભવ્ય આત્માનો જન્મ થવાની આગાહી કરી.

ત્રીશલા માતા યથાવિધિ ગર્ભનું પાલન કરવા લાગ્યાં. જે જે શુભ ઈચ્છાઓ (દોહદો) ઉત્પન્ન થાય તે સર્વ રાજા પૂર્ણ કરવા લાગ્યા. સમયના વહેવા સાથે ગર્ભમાં શરીરની વૃદ્ધિ થવાથી પ્રભુએ વિચાર કર્યો કે “ શરીરવૃદ્ધિથી અને શરીરના હલનચલનથી માતાને દુઃખ થશે. ” એમ ધારી તેમણે શરીરનું હલનચલન બંધ કર્યું. એનું પરિણામ પ્રભુએ ધાર્યા કરતાં ઉલટું જ આવ્યું. માતાને મનમાં થયું કે “ ગર્ભ હાલતો

ચાલતો નથી, તેથી સમજાય છે કે ગર્ભનો નાશ થયેલ છે.”
આ વિચાર થતાં જ માતાને ખૂબ ખેદ થયો. એમના ખેદના પરિણામે આખા રાજકુટુંબમાં ખેદ વ્યાપી ગયો. પ્રભુએ પોતાના જ્ઞાનથી રાજકુટુંબના ખેદનું કારણ પોતે જ છે તે જાણ્યું અને તુર્ત જ શરીર હલાવ્યું. એથી માતાને આનંદ થયો. રાજ્યમાં પણ આનંદ પ્રસર્યો.

પ્રભુ મહાવીરને ગર્ભમાં રહીને વિચાર થયો કે હજુ મારાં માતાપિતાએ મને જોયો નથી તે વખતે પણ મારા પર આટલો મોહ છે, તો મારા જન્મ પછી એમને જરૂર મોહ વધશે, અને એવાં માતાપિતાને રડાવી-રોવરાવીને હું દીક્ષા લઇને ચાલી નીકળું તે કોઈ રીતે હિતકર નથી; માટે મારે માતાપિતાની હયાતીમાં દીક્ષા ન જ લેવી. આ રીતે પ્રભુએ પ્રતિજ્ઞા કરી. પ્રભુ ગર્ભમાં આવ્યા પછી સિદ્ધાર્થ રાજાને રાજ્યલાભ, અર્થલાભ, કૌટુંબિક લાભ વગેરે અનેક પ્રકારે સમૃદ્ધિની વૃદ્ધિ થઈ.

યથાસમયે શુભ ગ્રહ-શુભ યોગ ઉચ્ચ પ્રકારના હતા તેવા ચૈત્ર સુદિ ૧૩ ના દિને પ્રભુનો જન્મ થયો. પ્રથમ દેવોએ જન્મમહોત્સવ કર્યો. પછી મનુષ્યોએ અને રાજાએ જન્મમહોત્સવ કર્યો. છૂટે હાથે દાન કર્યું અને પ્રભુના જન્મસમયે સ્વર્ગ, નરક અને મૃત્યુલોકમાં આનંદ ફેલાયો. બારમે દિવસે વર્ધમાન કુમાર એવું નામ આપ્યું. ભગવાન જ્યારથી ગર્ભમાં આવ્યા હતા ત્યારથી સિદ્ધાર્થ રાજાને સર્વ પ્રકારે સમૃદ્ધિની વૃદ્ધિ થઈ હતી, તેથી ગુણનિષ્પન્ન નામ વર્ધમાન કુમાર આપ્યું હતું.

જેની સેવામાં મનુષ્યો અને દેવો પણ હતા, એવા વર્ધમાન કુમાર વૃદ્ધિ પામવા લાગ્યા. માતાપિતાના આનંદની ખાતર સર્વ પ્રકારની બાળક્રીડા વગેરે તે કરવા લાગ્યા. પોતે જન્મથી મતિ શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાનથી યુક્ત હોવા છતાં પોતે જ્ઞાનનો એવી રીતે ઉપયોગ કરતા નહિ કે જેથી પોતે ગંભીર કે તત્ત્વચિંતકની પેઠે બેસી રહે, હાસ્ય–વિનોદ–ક્રીડા ન કરે. પોતે જ્ઞાની હતા પણ માતાપિતા કે કુટુંબી જનો એવા જ્ઞાની નહોતાં એટલે એમના ગંભીરપણાના હેતુને ન સમજી શકવાથી, માતાપિતા વગેરેને બાળકને ક્રીડા કરતો ન જોવાથી ખેદ થાય. કોઈ પણ સજ્જન પોતાને નિમિત્તે બીજા કોઇને થોડે અંશે પણ દુઃખ થાય તેમ કદિ પણ ન વર્તે. એટલે માતાપિતાના આનંદની ખાતર પ્રભુ પણ બાળક્રીડા કરતા હતા.

એમ ભગવાન બાલ્યાવસ્થા આનંદથી પસાર કરતા હતા. એક વખતે બીજા રાજપુત્રો સાથે પોતે આમલકી ક્રીડા કરતા હતા,* તે વખતે ઇન્દ્રે પોતાની સભામાં વર્ધમાન કુમારના બળનાં વખાણ કર્યાં. કોઈ અશ્રદ્ધાળુ દેવને એ વાત માનવામાં ન આવી, તેથી એ વર્ધમાન કુમારના બળની પરીક્ષા કરવા નાના બાળકનું રૂપ કરી પ્રભુ સાથે રમવા લાગ્યો. એ રમતમાં એવી શરત કરી કે રમતાં જે જીતે તે હારનારના ખભે બેસે. એ શરતમાં વર્ધમાન કુમારની સાથે બાળકના રૂપમાં રમતો દેવ ઇરાદાપૂર્વક હારી ગયો, એટલે વર્ધમાન કુમાર એ દેવના ખભા પર બેઠા. દેવે તાડ જેવું ઊંચું અને વિકરાળ રૂપ ધારણ

* જેને કેટલેક ઠેકાણે ઝાલઝલામણીની રમત કહે છે એવી કોઇ રમત.

કરી પ્રભુને અદ્ધર ઉપાડયા. પ્રભુએ જ્ઞાનથી દેવ સ્વરૂપને જાણ્યું અને તેના ખભા પર એક મુષ્ટિનો સામાન્ય પ્રહાર કર્યો એટલે દેવ વામનરૂપ બની ગયો, અને પ્રભુના અતિ બળને જોઇને ઇન્દ્રે તેમનું 'મહાવીર' એવું નામ આપ્યું. તે દિવસથી વર્ધમાન મહાવીરના નામથી પ્રસિદ્ધ થયા.

શ્રી વર્ધમાન કુમાર જ્યારે આઠ વર્ષની ઉંમરના થયા ત્યારે તેમને ખૂબ ધામધૂમપૂર્વક પાઠશાળામાં અભ્યાસ માટે બેસાડયા. એ વખતે ઇન્દ્રે બ્રાહ્મણના રૂપમાં આવીને અધ્યાપકને કેટલાક પ્રશ્નો કર્યા, જેનો જવાબ અધ્યાપક ન આપી શકયા, પણ મહાવીરે આપ્યા. એ પ્રશ્નોત્તરથી ઉત્પન્ન થએલ ગ્રંથને 'ઐન્દ્ર (જિનેન્દ્ર) વ્યાકરણ' નામ આપ્યું. આ ગ્રંથ અત્યારે પણ એ જ નામથી પ્રસિદ્ધ છે.

પ્રભુ યોગ્ય વયે પહોંચ્યા—યુવાન વયના થયા, ત્યારે સમરવીર નામના રાજાએ પોતાની યશોદા નામની કુંવરીને વર્ધમાન કુંવર સાથે પરણાવવાની માગણી કરી. પ્રભુએ માતાપિતાની આજ્ઞા માનવા ખાતર અને કાંઇક પોતાનાં ભોગાવળી કર્મનો ઉદય હોય તે ભોગવી લેવાની ખાતર એ લગ્નની મૌન રહી સંમતિ આપી અને પરિણામે યશોદા સાથે તેમનાં લગ્ન થયાં.

અનાસક્તપણે ગૃહસ્થાશ્રમ ભોગવતાં પૂર્વનાં શુભ ભોગાવળી કર્મને ભોગવી તેનો ક્ષય કરતાં, તેમનાથી યશોદાને પુત્રી ઉત્પન્ન થઇ જેનું નામ પ્રિયદર્શના પાડયું. તેને યોગ્ય ઉંમરે જમાલી નામે રાજકુંવરને પરણાવી.

પ્રભુને જન્મથી અઠ્યાવીસ વર્ષ થયાં, ત્યારે માતાપિતાના આયુષ્યનો સમય અલ્પ બાકી રહેલો જાણી પ્રભુની સૂચનાથી

સિદ્ધાર્થ રાજા અને ત્રીશલા રાણીએ સંથારો કર્યો. બે મહીના સુધી સંથારો ચાલ્યો. એ વખતે પ્રભુએ આહારાદિ સર્વ પ્રવૃત્તિ બંધ કરી, માતાપિતાની વૃત્તિ નિરંતર આત્માભિમુખ રહે તેના માટે ધર્મબોધ સંભળાવ્યા કર્યો. બે મહીને માતા-પિતા આયુષ્ય પૂર્ણ કરી બારમે દેવલોકે દેવપણે ઉત્પન્ન થયાં. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી પશ્ચિમ મહાવિદેહે જન્મ લેઇ સર્વ કર્મનો ક્ષય કરી સિદ્ધપદને પામશે.

માતાપિતાના સ્વર્ગવાસ પછી થોડો વખત વીત્યા પછી વર્ધમાન કુમારે દીક્ષા લેવા માટે પોતાના મોટા ભાઇની અનુજ્ઞા માગી. **ज्येष्ठभ्राता पितुः समः** અર્થાત્ મોટા ભાઈ એ પિતા સમાન છે, એટલે કે મોટા ભાઈની આજ્ઞા માતાપિતાની આજ્ઞા જેટલી જ મહત્ત્વની છે. મોટા ભાઇ નંદીવર્ધને કહ્યું કે " હજુ માતાપિતાનો તાજો જ વિયોગ છે, તેવા વખતે ભાઇનો વિયોગ સહન કરવાનું મારામાં સામર્થ્ય નથી, માટે વધુ નહિ તો છેવટે એક વર્ષ સુધી તો ચારિત્ર લેવાના વિચારને મુલતવી રાખો." શ્રી વર્ધમાન કુમાર મોટા ભાઇની આજ્ઞા માની ગૃહ-સ્થાશ્રમમાં રહ્યા પણ એકાન્ત સંયમી જીવનથી રહ્યા. એક વર્ષ એ પ્રમાણે વીતાવ્યા પછી એક વર્ષ પોતે વરસી દાન આપ્યું. એક વરસ સુધી હંમેશાં સવા પહોર દિવસ ચડયા સુધી દાન આપતા. એ રીતે ૩૦ વર્ષ ગૃહસ્થાશ્રમમાં રહી પ્રભુએ ૩૧ મે વર્ષે માગસર વદિ ૧૦ ના દિવસે છઠ તપ સહિત દીક્ષા ગ્રહણ કરી. જે વખતે પોતે 'કરેમિ ભંતે' નો પાઠ ભણ્યા, તે જ વખતે પ્રભુને મનઃપર્યવ નામે ચોથું જ્ઞાન ઉત્પન્ન થયું.

પ્રભુએ દીક્ષા લીધી તે વખતે ઈન્દ્ર મહારાજે તેમના શરીર પર એક વસ્ત્ર મૂકયું તે વસ્ત્ર પ્રભુના શરીર પર ૧૩ મહીના રહ્યું. પછી તે વસ્ત્ર પડી ગયું. આવી રીતે દરેક તીર્થંકરદેવ દીક્ષા લે ત્યારે ઈન્દ્ર એક વસ્ત્ર તીર્થંકરના ખભા પર મૂકે છે.* ખભા પર ઈન્દ્રે મૂકેલા વસ્ત્ર માટે પ્રભુને કદિ પણ સંકલ્પ નથી કે આ વસ્ત્ર ભલે રહ્યું, કિંવા ટાઢ-તાપમાં એ વસ્ત્ર ઉપયોગમાં આવશે. સંયમ લઈ પ્રભુ અનેક સ્થળે વિહર્યાં. તેમાં તેમને ઘણા ઘણા ઉપસર્ગો મનુષ્ય, તીર્યંચ અને દેવો તરફથી સહન કરવા પડયા. અનેક પરિષહોનો સામનો કરતા, સમભાવે પરિષહોને કર્મક્ષય કરવામાં મદદગાર માની, આત્માને કર્મથી રહિત કરવાને સહાય પ્રભુ જાગ્રત-અપ્રમાદીપણે વિચરવા લાગ્યા. પ્રભુએ છદ્મસ્થપણામાં ૧૨॥ વર્ષો પસાર કર્યાં. તેટલા સમયમાં એમણે અનેક પરિષહો સહન કર્યા.

અઢારમા ત્રિપૃષ્ટ વાસુદેવના ભવમાં શય્યાપાલકના કાનમાં સીસાનો રસ રેડીને તેનું મૃત્યુ નિપજાવી જે કર્મ બાંધ્યું હતું તે મહાવીરના ભવમાં ઉદય આવ્યું. વૈરનો કે કોઈ પણ કર્મનો બદલો આપ્યા સિવાય-કર્મ ભોગવી લીધા સિવાય આત્માનો મોક્ષ થાય નહિ, એટલે સર્વ કર્મનો અંત લાવવો જ જોઈએ.

---

* ત્રિષષ્ઠી શલાકાપુરૂષ ચરિત્રમાં આ વસ્ત્ર માટે લખેલ છે કે "પ્રભુ મહાવીરે દીક્ષા લીધી તે વખતે એક ગરીબ બ્રાહ્મણે આવી પ્રભુ પાસે પોતાને કાંઇ પણ આપવા દીન ભાવે યાચના કરી. પ્રભુને તેથી દયા આવી, એટલે એ વસ્ત્રમાંથી અર્ધું વસ્ત્ર પ્રભુએ ફાડી આપ્યું અને બાકીનું અર્ધું ૧૩ મહીના સુધી ખભા પર રહ્યું." આ પ્રમાણે વાત કેટલાક ગ્રંથોમાં વાંચવા-જોવામાં આવે છે, પણ આગમના આધારે એ વાતમાં શંકા પડે છે.

જે કર્મો શિથિલ (ઢીલાં) હોય તે તો જ્ઞાન, ધ્યાન, તપશ્ચર્યાદિ શુભ ક્રિયાના તાપ-અગ્નિથી બાળી નખાય છે. પણ જે કર્મ નિકાચિત (દૃઢ) હોય તે તો અમુક અંશે કે સર્વાંશે અવશ્ય ભોગવવાં જ પડે છે. તે કર્મ ભોગવ્યા સિવાય આત્માની મુક્તિ થતી જ નથી. એટલે અઢારમા ભવે ત્રિપૃષ્ટના ભવમાં બાંધેલ કર્મ મહાવીરના ભવમાં ઉદય આવ્યું. શય્યાપાલકનો જીવ સંસારમાં ભવભ્રમણ કરતાં જે વખતે મહાવીર પ્રભુ દીક્ષા લઈને છદ્મસ્થપણે વિચરતા હતા, તે વખતે ગોવાળીયા તરીકે જંગલમાં ગાયો વગેરે ચરાવવાનું કામ કરતો હતો. એક વખતે પ્રભુ મહાવીર જંગલમાં ધ્યાનસ્થ અવસ્થામાં ઊભા હતા, તે વખતે તે ગોવાળીયાને પ્રભુને જોઈને પૂર્વનું વૈર ઉદય આવ્યું અને પ્રભુને પોતાની ગાયો સાચવવાનું કહી પોતે કામ પ્રસંગે ગયો. પ્રભુ તો ધ્યાનસ્થ હતા, એટલે ગાયોની સંભાળ ન જ રાખે તે સ્વાભાવિક હતું. ગાયોનું રક્ષણહાર કોઇ ન હોવાથી ગાયો છૂટી પડી ગઇ. ગોવાળીયાએ આવી ગાયોની તપાસ કરી પ્રભુ મહાવીરને પોતાની ગાયો ન સાચવી એ માટે ઠપકો આપ્યો, અને પૂર્વના વૈરના કારણે પ્રભુ પ્રત્યે તેને ક્રોધ થયો. તેણે પ્રભુના કાનમાં લોઢાના ખીલા નાખ્યા, અને એ રીતે વૈરનો બદલો લીધો. પ્રભુએ કાનમાં ખીલા નખાયાની અસહ્ય પીડા શાન્ત ભાવે સહન કરી ગોવાળીયા પર **मनसापि अपउस्समाणे** અર્થાત્ મનથી પણ રોષ ન કર્યો. પ્રભુને દેહાધ્યાસ ન હતો, દેહ પ્રત્યેનું મારાપણું મુદ્દલ ન હતું, એટલે સ્થૂલ દેહને થતાં સુખદુઃખમાં એમને મારાપણું હતું જ નહિ. દેહને થતાં સુખદુઃખ પ્રત્યે મારાપણા વિના કદિ પણ ક્રોધાદિ કષાય ઉત્પન્ન થતા નથી. જ્યાં કષાય મરી ગયા ત્યાં બંધનોનું બંધાવું

પણ દૂર થયું સમજવું.

એક વખતે પ્રભુ જંગલમાં ધ્યાનસ્થ અવસ્થામાં ઊભા હતા, ત્યારે ગોવાળીઆઓએ પ્રભુના પગનો ચૂલો બનાવી તેના પર ખીર રાંધી હતી. સંગમદેવે પ્રભુને છ મહીના સુધી નિરંતર દુઃખ—અનેક જાતના અનુકૂળ અને પ્રતિકૂળ પરિષહો આપ્યા હતા; છતાં તેના પર રોષ કે દુઃખ ધરવાને બદલે અનંત કરૂણાવંત પ્રભુને, છ મહીનાને અંતે દુઃખ આપતાં દેવ જ્યારે થાકયો અને સ્વસ્થાનકે જતો હતો, ત્યારે થયું કે આ દેવે મારી છ મહીના સુધી સેવા કરી મારા કર્મબંધનો દૂર કરવામાં ઘણી સહાય કરી છે, આજે તે સ્વસ્થાનકે જાય છે, મારાથી એનું કાંઈ હિત થઈ શકયું નહિ. કેવી કરૂણા !

એક ક્રોધી સાધુ શિષ્યને મારવા જતાં પોતાના જ કપાળમાં થાંભલામાં રહેલો લોઢાનો ખીલો વાગવાથી મૃત્યુ પામી, બ્રાહ્મણ કુળમાં જન્મી, ત્યાં તાપસ થયા. ત્યાં પણ ક્રોધી સ્વભાવના પરિણામે રાજકુંવરોને મારવા દોડતાં કુવામાં પડયા અને મરણ પામ્યા. ત્યાંથી મરીને તે જંગલમાં ચંડકોશીક નામે નાગ થયો. દૃષ્ટિવિષ નાગ હતો. એની પ્રાણઘાતક પ્રવૃત્તિના પરિણામે રસ્તા ઉજ્જડ થયા હતા. અનંત કરૂણાળુ પ્રભુ નાગના ઉદ્ધાર અર્થે એના રાફડા પર રહી કાયોત્સર્ગ કરીને ઊભા રહ્યા. ચંડકોશીકને પ્રભુને પોતાના રાફડા ઉપર ઊભેલા જોઈ ક્રોધ ચઢયો. પ્રભુને મારવા માટે પ્રથમ તો એણે વિષદૃષ્ટિનો પ્રયોગ અજમાવ્યો, પણ જ્યારે એની અસર ન થઈ ત્યારે આવીને પ્રભુના પગને ડંસ દીધો તથા ખૂબ લોહી પીધું. આટલું કરવા છતાં જ્યારે પ્રભુના શરીરને કાંઈ પણ અસર ન

થઈ ત્યારે તે એક ધ્યાનથી પ્રભુ સામે જોઈ રહ્યો અને વિચારવા લાગ્યો કે "આવો વેશ મેં પૂર્વે કોઈ વાર જોએલ છે. આ વિચારમાં એકાગ્રતા આવતાં તે નાગને જાતિસ્મરણ જ્ઞા ઉત્પન્ન થયું. એ જ્ઞાનથી પોતાના ગત જન્મો તેણે જો અને બંને ક્રોધી ભવનું અશુભ પરિણામ જોઇ તે પસ્તાયો. એ વખતે પ્રભુએ ચંડકોશીકને ઉપદેશ આપ્યો, તેના પરિણા ચંડકોશીકે શ્રાવકનાં વ્રતો આદર્યાં અને શ્રાવકપણું પાળ અનેક જાતનાં કષ્ટો ભોગવી, શુભ પરિણામથી સ્વભાવના સં મના પરિણામે આયુષ્ય પૂર્ણ કરી દેવપણે ઉત્પન્ન થયો ત્યાંથી મનુષ્યનો એક ભવ કરી તે મોક્ષમાં જશે.

આવાં અનેક કષ્ટો પ્રભુએ સહન કર્યાં, અને એ નિમિત્તે અનેક ભવ્યાત્માઓનો ઉદ્ધાર કર્યો. કર્મક્ષય જલદી થાય એવ શુભ હેતુથી પ્રભુ એક વર્ષ અનાર્ય દેશમાં વિહર્યાં અને ત્ય અનાર્યો તરફથી આવેલાં આકરાં કષ્ટોને સમભાવે સહન કર્યાં

પ્રભુએ દીક્ષા લીધા પછી બીજે વર્ષે મંખલીપુત્ર× ગોશા ળો પ્રભુની મહત્તા જોઈને તેમના શિષ્ય તરીકે પોતે પોતાની મેળે માનીને પ્રભુ સાથે રહ્યો. પ્રભુએ મૌન રહી સંમતિ આપી

---

* શ્રી હેમચંદ્રાચાર્ય કૃત યોગશાસ્ત્રનું ગુજરાતી ભાષાન્તર શ્રી વિજયકેસરસૂરિએ કરેલું છે, તેમાં ચંડકોશી નાગ પૂર્વે સાધુના અ તાપસના ભવમાં ક્રોધથી મરણ પામ્યાનો ઉલ્લેખ છે.

× મંખલી-એક જાતિ છે. એ જાતિનાં સ્ત્રીપુરૂષો ચિત્રોની પેટીએ લઇને ફરે છે, અને પેટીમાં રહેલાં ચિત્રો લોકોને બતાવે છે. "મુંબાઇ દેખો, દિલ્હી દેખો, કલકત્તાકી બાજાર દેખો" વગેરે કહી ફરતા લોક મંખલી જાતિના કહેવાય છે.

એ ગોશાળકે પ્રભુ સાથે રહી પ્રભુને જુદા પાડવા, પ્રભુની મહત્તા ઓછી કરવા, કેટલીએ વાર પ્રયત્નો કર્યા, છતાં પ્રભુએ તો તેના પર કરુણા જ કરી છે. ગોશાળકને બાળવાને માટે તાપસે તેજુલેશ્યા મૂકી ત્યારે અનુકંપાથી પ્રભુએ તેને શીતળ લેશ્યા મૂકીને ઠાર્યો હતો, અને પછીથી ગોશાળકે પ્રભુને તેજુલેશ્યા પ્રાપ્ત કરવાનો વિધિ પૂછીને તે વિદ્યા-લબ્ધિ તેણે પ્રાપ્ત કરી હતી. પછીથી શ્રી પાર્શ્વનાથ પ્રભુના પાછળના પરિવારના છ સાધુઓ સાધુસમૂહથી જુદા પાડેલા તેમણે ગોશાળકને પોતાનો ઉપરી-નાયક બનાવ્યો અને ગોશાળકે પોતાનો સંપ્રદાય ચલાવ્યો.*

પ્રભુ મહાવીર દીક્ષા લીધા પછી ૧૨॥ વર્ષ અને પંદર દિવસ સુધી લગભગ મૌન જ રહ્યા હતા. માત્ર અપવાદ પ્રસંગ સિવાય એ બોલતા જ નહિ. ૧૨॥ વર્ષમાં કહિ એક ઘડીની પણ નિદ્રા ન લીધી. અવિશ્રાન્તપણે કર્મવૈરી સાથે તેમણે યુદ્ધ કર્યા કર્યું, અને તે યુદ્ધમાં એક પછી એક કર્મવૈરીને હઠાવી પોતે વિજય પ્રાપ્ત કરતા રહ્યા. પ્રભુ સાડાબાર વર્ષ ને ૧૫ દિવસ સુધી છદ્મસ્થ રહ્યા, તેમાં આ પ્રમાણે તપ કર્યું. નવ વખત ચાર માસના ઉપવાસ, બે મહીનાના ઉપવાસ છ વખત, માસખમણ બાર, બહોંતેર અર્ધ માસખમણ, એક વખત છ માસના ઉપવાસ, બે વખત ત્રિમાસિક ઉપવાસ, બે દોઢમાસિક ઉપવાસ, બે અર્ધમાસિક, ત્રણ ભદ્રાદિક પ્રતિમાઓ (ભદ્ર, મહા-

* ગોશાળકનો મત-આજીવક મત સંબંધી જાણવા માટે ખાસ કરીને શ્રી સૂયગડાંગ (સૂત્રકૃતાંગ) સૂત્રના બીજા શ્રુતસ્કંધનું છઠ્ઠું અધ્યયન શ્રી આર્દ્રકુમારનું છે તે જોવું. વધુમાં ત્રિષષ્ઠી શલાકાપુરુષ ચરિત્ર વગેરે ગ્રંથોમાંથી પણ કેટલુંક જાણવાનું મળે તેમ છે.

ભદ્ર અને સર્વતોભદ્ર), કૌશાંબી નગરીમાં છ માસમાં પાંચ દિવસ ઓછાનો અભિગ્રહ ધારણ, બાર અઠમ ભક્ત અને બસો ને ઓગણત્રીસ છઠ, એટલા દિવસ ઉપવાસના; અને ત્રણસો ને ઓગણપચાસ દિવસ પારણાના. જેટલા ઉપવાસના દિવસો એ બધાએ ચૌવિહારવાળા, એટલે પાણી ન ખપે, તેમજ નિદ્રા પણ નહિ. આ રીતે સાડાબાર વર્ષ ને પંદર દિવસને અંતે જૃંભક ગ્રામની બહાર ઋજુપાલિકા નદીના ઉત્તર તટ પર શામક નામે કોઈ ગૃહસ્થના ખેતરમાં શાલ નામના ઝાડ નીચે છઠ તપધારી ઉત્કટાસને રહેલા શુકલ ધ્યાન ધ્યાતા પ્રભુએ છેલ્લી વખતે માત્ર બે ઘડીવારની નિદ્રા લીધી. તેટલા વખતમાં પ્રભુને એક પછી એક દસ સ્વપ્ન આવ્યાં.* સ્વપ્ન પછી પ્રભુની નિદ્રા ઉડી ગઈ. એ વખતે શુકલ ધ્યાનના ચોથે પાયે આરૂઢ થઈ, મોહનીય કર્મ અને બીજાં ત્રણ જ્ઞાનાવરણીય, દર્શનાવરનીય અને અંતરાય કર્મ, એમ ચારે કર્મનો સર્વથા ક્ષય કરી, વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર કર્મને નામશેષ બનાવી પ્રભુ વૈશાખ સુદિ ૧૦ ના દિને કેવળ જ્ઞાન કેવળ દર્શનને પામ્યા. એ વખતે ત્રણે લોકમાં પ્રકાશ થયો. દેવોએ આવી કેવળ મહોત્સવ કર્યો. પ્રભુએ ધર્મદેશના આપી. એ દેશના શ્રવણ કરનાર મનુષ્ય-પશુ કોઈનહિ હતું, માત્ર દેવો જ હતા. દેવોમાં ધર્મની ભાવના હોય પણ ધાર્મિક ક્રિયા કે વ્રત પચ્ચકખાણ કાંઈ કરી શકે નહિ, કારણકે તેઓ ચતુર્થ ગુણસ્થાનકે હોય છે, અને વ્રતપચ્ચકખાણ કરવાની વૃત્તિ અને પ્રવૃત્તિ પાંચમા ગુણસ્થાનકથી જ હોય છે. પ્રભુની પ્રથમ ધર્મદેશના કોઈને પણ પ્રતિબોધ્યા વિના ખાલી ગઈ. કોઈ તીર્થંકરની પ્રથમ

---

* પ્રભુને આવેલાં ૧૦ સ્વપ્ન સંબંધી વર્ણન આગળ આવશે.

દેશના ખાલી ગઈ હોય તો પ્રભુ મહાવીરની જ, તેથી તે આશ્ચર્યભૂત પ્રસંગ ગણાય છે.*

પ્રભુએ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી ત્યાંથી વિહાર કર્યો અને અપાપા નગરીએ પધારી મહાસેન વનમાં તે બિરાજ્યા. ત્યાં ધર્મદેશના આપી. એ વખતે ઇન્દ્રભૂતિ, વસુભૂતિ વગેરે અગીયાર વિદ્વાન બ્રાહ્મણો જે અપાપામાં યજ્ઞકાર્ય નિમિત્તે આવેલા તેમણે પ્રભુ મહાવીરની મહત્તા સાંભળી તેમની સાથે ચર્ચા કરી. પ્રભુને પરાસ્ત કરી પોતે વિજય મેળવવાની ભાવનાથી તેઓ એક પછી એક પ્રભુના સમવસરણમાં આવ્યા, તે સર્વને તેમના મનના સંશયો પ્રભુએ કહી સંભળાવ્યા, અને સંશયોનું છેદન કર્યું, એટલે તે સર્વ પ્રભુના શિષ્ય થયા તથા ગણધર પદવીને પામ્યા.

પ્રભુ ગણધરાદિ શિષ્ય પરિવાર સહિત અનેક ભવ્યાત્માઓનું કલ્યાણ કરતા અનેક સ્થળે વિહરવા લાગ્યા. એક વખતે જમાલીએ પ્રભુની દેશના સાંભળી ને પતિપત્નીએ વૈરાગ્યભાવથી સંયમ અંગીકાર કર્યો. પ્રભુ સાથે જમાલી વિચરતા હતા. જમાલીને ૫૦૦ શિષ્યોનો પરિવાર હતો. પોતે શુદ્ધ ચારિત્રવાન હતા અને પ્રભુએ કહેલા ધર્મને શુદ્ધ ભાવથી પાળનાર હતા. એક વખતે જમાલીએ પોતાના પાંચસો શિષ્યોના પરિવાર સહિત જુદા વિચરવાને પ્રભુની આજ્ઞા માગી. પ્રભુએ જમાલીને જુદા વિચરવાની આજ્ઞા આપવામાં અશ્રેયનું કારણ જાણી મૌન સેવ્યું. જમાલીએ એ મૌનને 'સંમતિલક્ષણ'

* આ ચોવીસી દરમ્યાન ૧૦ અછેરા—આશ્ચર્યજનક પ્રસંગો બન્યા છે, તે આગળ આવશે.

એટલે ગર્વિત કુળુલાત માની થોડા વખતના માટે પોતે પ્રભુથી જુદો વિહાર કર્યો. જમાલી ફરતાં ફરતાં શ્રાવસ્તી નગરીએ આવી શહેરની બહાર કોષ્ટક વનમાં ઊતર્યા, અને જ્ઞાન, ધ્યાન, તપશ્ચર્યાદિથી આત્મહિત કરવા લાગ્યા. એક વખતે જમાલીને વિષમ જ્વર આવ્યો, અને તેથી શરીર એટલું શિથિલ બન્યું કે પોતે ધ્યાનાદિ માટે ઊભા રહી શકે નહિ, તેમ બેસી પણ શકે નહિ. તેથી શિષ્યને આજ્ઞા કરી કે મારે સૂવા માટે પથારી કરો. શિષ્યો પથારી કરવા લાગ્યા. વસ્રાદિનું પ્રતિલેખન કરીને પથારી કરતાં જરા વાર લાગી, એટલે જમાલીએ પૂછ્યું કે "પથારી થઈ?" શિષ્યોએ જવાબ આપ્યો કે "કરીએ છીએ." એમ બે ત્રણ વખત પૂછ્યું, અને જવાબમાં "હજુ થાય છે" એમ કહ્યું. આ ઉપરથી જમાલીને વિચાર થયો કે "પ્રભુ મહાવીર કહે છે કે, करेमाणे कडे અર્થાત્ કરવા માંડયું તેને કર્યું કહીએ તે બરાબર નથી પણ કોઇ પણ કાર્ય સંપૂર્ણ થાય ત્યારે જ તે પૂર્ણ થયું કહેવાય અને મનાય." આ વિચાર આવતાં પોતે વસ્તુ બરાબર સમજ્યા છે, પ્રભુ મહાવીરનું આ બાબતનું જ્ઞાન અધૂરું છે એમ જમાલીએ માન્યું, અને પોતાનો નવો સિદ્ધાન્ત પોતાના શિષ્યોને સમજાવ્યો. સમજાવતી વખતે "ભગવાન મહાવીર પણ ભૂલ કરે એમાં કાંઈ નવાઈ પામવા જેવું નથી," એમ કહી પોતાની મહત્તા પોતે દર્શાવી. એ વખતે તેમના શિષ્યપરિવારમાંથી કોઈ એક સ્થવિર મુનિએ પ્રભુ મહાવીર સર્વજ્ઞ છે અને તેમના કથનમાં કાંઇ પણ દોષ કે અપૂર્ણતા ન હોય વગેરે ઘણું સમજાવ્યું પણ જમાલીએ તે ન માન્યું અને પોતાની માન્યતાને તે આગ્રહપૂર્વક વળગી રહ્યા.

વિહાર કરતાં જમાલીએ સ્વપરિવાર સહિત પ્રભુ પાસે પોતે

જ્ઞાની થઈ આવ્યાની અને પ્રભુનો સિદ્ધાન્ત ખોટો છે અને પોતે સત્ય સ્વરૂપ સમજ્યા છે તે કહી બતાવ્યું. પ્રભુએ તેમાં તેની થતી ભૂલ કહી બતાવી, પણ જમાલીએ તે વાત માની નહિ, પોતાની વાતને તે આગ્રહપૂર્વક વળગી રહ્યા, અને પોતે પ્રભુથી છૂટા પડયા. તેમના કેટલાક શિષ્યોએ પ્રભુની વાતમાં શ્રદ્ધા ધારણ કરી તથા તેઓ પ્રભુ પાસે રહ્યા અને બાકીના બધા જમાલી સાથે ગયા. જમાલીનાં પૂર્વાશ્રમનાં પત્ની કે જે શ્રી મહાવીરનાં પુત્રી હતાં તે પણ જમાલી સાથે ગએલાં, પણ પાછળથી તેમને સત્ય સમજાયું અને પ્રભુ પાસે આવ્યાં. બહુ કાળ સુધી જમાલીએ શુદ્ધ ચારિત્ર પાળી આયુષ્યને અંતે કાળ કરીને કિલ્મીષી (હલકી જાતિના દેવ) દેવપણે ઉત્પન્ન થયા.*

ગોશાળક કે જે પ્રભુ મહાવીરથી છૂટો પડીને પોતાને જિન, અરિહંત, સર્વજ્ઞ, કેવળી વગેરે મનાવતો હતો, અને જેણે પોતાનો ભક્તસમુદાય ૧૧ લાખનો કર્યો હતો, તેણે પ્રભુ મહાવીરના સમવસરણમાં આવી પ્રભુનો ઘણી રીતે અનાદર કર્યો. પ્રભુને હલકાં વચનોથી નિર્ભંચ્છયા. એથી સુનક્ષત્ર મુનિ અને સર્વાનુભૂતિ મુનિએ ગોશાળકનો પ્રતિકાર કર્યો. એથી ગોશાળકને ક્રોધ ચડયો અને તેણે એ બંને મુનિઓને તેજુલેશ્યા વડે બાળી નાખ્યા. છેવટે પ્રભુ મહાવીરને બાળવા માટે પ્રભુ પર પણ તેણે તેજુલેશ્યા (વદનમાંથી કાઢેલો અગ્નિ) મૂકી, પણ તે અગ્નિએ પ્રભુને બાળ્યા વિના પાછા ફરીને ગોશાળકના જ

* જમાલીના મંતવ્ય સંબંધી વિશેષ હકીકત જાણવાની ઇચ્છાવાળાએ ત્રિષષ્ઠી શલાકાપુરૂષ ચરિત્ર તેમજ શ્રી ભગવતી સૂત્રમાં જમાલીનો અધિકાર જોઈ લેવો.

શરીરમાં પ્રવેશ કર્યો. પરિણામે પ્રભુ મહાવીરને છ મહીના સુધી લોહીખંડવાડો રહ્યો અને છ મહીને તે મટયો, પણ ગોશાળક તો તેજુલેશ્યા પોતાના શરીરમાં પાછી ફરી તેથી છેલ્લા ત્રણ દિવસ બળતરાનો મહાવ્યાધિ ભોગવી સાતમે દિવસે મરી ગયો. મરતી વખતે તેણે પોતાના પાપનો પશ્ચાત્તાપ કર્યો અને પોતાની ભૂલ માન્ય રાખી. એથી પોતાની જાતે પોતાનાં પાપોને પોતાના ભક્તો પાસે ખુલ્લાં કરી મરણ વખતે શુભ અધ્યવસાયના પરિણામે તે મરીને બારમે દેવલોકે દેવપણે ઉત્પન્ન થયો.

પ્રભુ મહાવીરે એ પ્રમાણે ૪૨ વર્ષ સુધી અનેક ભવ્યાત્માનો ઉદ્ધાર કર્યો, અને ચૌદ પૂર્વના જ્ઞાનનો પ્રકાશ કર્યો. પ્રભુને પોતાના જીવન દરમ્યાન ૧૧ ગણધર, ચૌદ હજાર સાધુ, છત્રીસ હજાર સાધ્વીઓ, ૩૦૦ ચૌદ પૂર્વધારી શ્રમણો, ૧૩૦૦ અવધિજ્ઞાનીઓ, ૭૦૦ વૈક્રિય લબ્ધિવાળા અને તેટલા જ કેવળી, ૭૦૦ અનુત્તર વિમાને જવાવાળા, ૫૦૦ મનઃપર્યવજ્ઞાની, ૧૪૦૦ વાદીઓ, એક લાખ ને ઓગણસાઠ હજાર શ્રાવકો, અને ત્રણ લાખ અને અઢાર હજાર શ્રાવિકાઓ એટલો પરિવાર થયો.

પ્રભુ ત્રીસ વર્ષ ગૃહસ્થાશ્રમમાં રહ્યા અને ૪૨ વર્ષ સંયમ પાળ્યો. કુલ ૭૨ વર્ષનું આયુષ્ય ભોગવી, ચોથા આરાનાં ૩ વર્ષ ને સાડાઆઠ માસ બાકી રહ્યા ત્યારે કાર્તક વદિ (હાલ ગુજરાતી વરસની ગણત્રી પ્રમાણે આસો વદિ) અમાવાસ્યાએ છઠ તપસહિત પાવાપુરી (અપાપા) નગરીએ નવમલ્લી અને નવલચ્છી દેશના અઢાર રાજાઓ અને બીજી પરિષદ સમક્ષ ઉપદેશ આપતાં, શ્રી વિપાકસૂત્રનાં ૧૧૦ અધ્યયન અને શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનાં ૩૬ અધ્યયનો સંભળાવતાં, સર્વ

કર્મનો ક્ષય કરી, સિદ્ધ થયા, બુદ્ધ થયા, શાશ્વત સુખના ભોક્તા બન્યા, જન્મ-જરા-મરણથી રહિત થઇ અજરામર પદને પામ્યા.

પ્રભુ મોક્ષે પધાર્યાં તે રાત્રે શ્રી ગૌતમ ગણધર દેવશર્માં બ્રાહ્મણને પ્રતિબોધ દેવા ગયેલા તે સવારમાં પ્રભુ પાસે આવ્યા, ત્યારે પ્રભુને સિદ્ધ થએલા જાણી પ્રથમ તો બહુ જ ખેદ પામ્યા. પ્રભુના વિયોગનું દુઃખ થયું, પણ પછી તો જ્ઞાનદૃષ્ટિએ વિચારતાં વીતરાગપણાને પામ્યા અને એ જ વખતે કાર્તક સુદિ ૧ ના દિને શ્રી ગૌતમ ગણધરને કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું. ઈન્દ્રાદિ દેવોએ આવી પ્રભુના શરીરની અંતિમ ક્રિયા કરી. શ્રી ગૌતમસ્વામી ૧૨ વર્ષ સુધી કેવળ પ્રવર્જ્યા પાળી એ પણ મોક્ષે પધાર્યા. પછી સુધર્મસ્વામી કેવળી થયા અને તેમના શિષ્ય શ્રી જમ્બૂસ્વામી કેવળી થયા. ત્યારપછી કેવળજ્ઞાન વિચ્છેદ ગયું.

(૫૬)

વીર પ્રભુ કર્મયોગી,
પ્રભુ પ્રેમ તણો અવતાર રે, વીર પ્રભુ૦
પ્રભુ દયા તણા ભંડાર રે, વીર પ્રભુ૦
પ્રભુ ક્ષમા તણા નિધાન રે૦ વીર પ્રભુ૦

સાખી

સંયમથી પણ શ્રેષ્ઠ છે, માતપિતાની સેવ,
ગર્ભ થકી શિખવ્યો તમે, ધર્મ માનવનો એ દેવ રે ! વીર પ્રભુ૦
પ્રભુ પ્રેમ૦ પ્રભુ દયા૦ પ્રભુ ક્ષમા૦ વીર પ્રભુ૦

સાખી

*અહિ, સંગમના દુઃખથી, ઉર ઉપજ્યો ન વિભાવ,

---

* અહિ-ચંડકોશી નાગ. સંગમ-સંગમદેવ.

ઈન્દ્રપ્રતિ અનુરાગના, સાચો શિખવ્યો એ સમભાવ રે, વીર પ્રભુ૦
પ્રભુ પ્રેમ૦ પ્રભુ દયા૦ પ્રભુ ક્ષમા૦ વીર પ્રભુ૦

સાખી

ગોશાળો ગર્વિષ્ઠ થઈ, મારણ આવ્યો જામ,
કરી કરૂણા એ ઉપરે, અન્તે કરાવ્યું છે નિજ ભાન રે, વીર પ્રભુ....

સાખી

દૂર રહી તાર્યા તમે, મંડુક સમ બહુ જીવ,
ઉપકારો એ આપના, ગણ્યા કેમ ગણાય અતીવ રે, વીર પ્રભુ....

સાખી

ઉદ્યમથી ઉપલબ્ધ છે, સ્વર્ગ અને નિર્વાણ,
રાંક બની રોશો નહિ, એ છે અમોલી આપની વાણ રે, વીર પ્રભુ....

સાખી

અનંત શકિત છે આત્મની, કર્મ બીચારાં રાંક,
ભાન કરાવ્યું જગતને, તમ દૂર કરી* શશાંક રે, વીર પ્રભુ....

સાખી

શ્રુતનિધિ પ્રભુ! આપીને, કર્યો પરમપદ વાસ,
ચરણ મહીં પ્રભુ રાખજો, લઘુ શ્રીચંદ્રનો એ અભિલાષ રે વીર૦
પ્રભુ પ્રેમ૦ પ્રભુ દયા૦ પ્રભુ ક્ષમા૦ વીર પ્રભુ૦

---

* તમ—અંધકાર શશાંક—ચંદ્રમા.

પરિશિષ્ટ

દસ અછેરાં—આશ્ચર્યજનક બનાવો.

દસ અછેરાંમાં પાંચ અછેરાં મહાવીર પ્રભુ પહેલાંના ૨૩ તીર્થંકર દેવના વખતમાં થયાં છે, અને પાંચ અછેરાં મહાવીર પ્રભુના જીવનમાં બન્યાં છે.

(૧) મધ્યમ અવગાહના—અવઘેણા એટલે શરીરની ઉંચાઈ વાળા એક સમયે ૧૦૮ મોક્ષે જાય, પણ ઉત્કૃષ્ટ અવઘેણાવાળા એકસો ને આઠ મોક્ષે ન જાય. પણ આ ચોવીસીમાં પ્રથમ આદિનાથ તીર્થંકર પ્રભુના વખતે પાંચસો ધનુષ્યની અવગાહનાવાળા એક સમયે મોક્ષે ગયા તે અનંત કાળે અછેરૂં—આશ્ચર્યજનક વાત બની.

(૨) હરિવાસ ક્ષેત્રના યુગલીયાને પૂર્વભવનો વૈરી દેવ ભરતક્ષેત્રમાં ઉપાડી લાવ્યો, અને તેમને રાજા—રાણી બનાવ્યાં; એ રાજ્ય પામ્યા પછી ઘણાં પાપ કર્યાં, પરિણામે નરકે ગયાં, એ પણ આશ્ચર્ય. (યુગલીયા મરીને સ્વર્ગ—દેવગતિમાં જ જાય, એ નિશ્ચય હોવા છતાં આ યુગલીયા નરકે ગયા તે આશ્ચર્ય).

(૩) નવમા તીર્થંકર શ્રી સુવિધિનાથ પ્રભુ પછીથી અસંયતિની પૂજા વધી, એમ પંદરમા તીર્થંકર સુધી થયું. કોઈ પણ ચોવીસીમાં એક તીર્થંકરનાં સાધુ સાધ્વી વગેરે તીર્થ ચાલતું હોય અને એ પછીના તીર્થંકર થાય, એટલે અનુસંધાન તૂટે નહિ, પણ આ ચોવીસીમાં નવમા તીર્થંકરથી પંદરમા તીર્થંકર સુધીમાં તીર્થંકર દેવ થાય ત્યારે તીર્થ ચાલે, પ્રભુ મોક્ષે પધાર્યા પછી થોડા વખત પછી શાસન અસ્ત થઈ જાય, તે આશ્ચર્ય.

(૪) કોઈ પણ તીર્થંકર પુરૂષ જ હોય, સ્ત્રીપણે ઉત્પન્ન થાય જ નહિ, પણ આ ચોવીસીમાં ઓગણીસમા તીર્થંકર શ્રી મલ્લિનાથ પ્રભુ સ્ત્રીશરીરે હતા, તે આશ્ચર્ય.

(૫) શ્રી નેમનાથ પ્રભુના વખતે શ્રી કૃષ્ણ મહારાજ વાસુદેવ દ્રૌપદીજીને લેવા ધાતકી ખંડ દ્વીપમાં ગયેલા, ત્યારે તે ખંડના વાસુદેવ સાથે શબ્દમેળાપ થયો હતો તે આશ્ચર્ય. (વાસુદેવ–વાસુદેવ કદી પણ ભેગા થાય જ નહિ.)

(૬) શ્રી મહાવીર પ્રભુ બ્રાહ્મણ કુળમાં–ભિક્ષુક કુળમાં ઉત્પન્ન થયા તે આશ્ચર્ય.

(૭) પ્રભુએ દીક્ષા લીધા પછી તે છદ્મસ્થાવસ્થામાં જંગલમાં ધ્યાનસ્થ હતા તે વખતે ચમરેન્દ્રદેવ શક્રેન્દ્રદેવની સામે લડાઈ કરવા ગયો, તે આશ્ચર્ય.

(૮) પ્રભુ મહાવીરની પ્રથમ દેશના વખતે એકલા દેવો જ હતા, તેથી દેશનાને અંતે કોઈએ કાંઈ વ્રત પચ્ચક્ખાણ કર્યાં નહિ, ને દેશના ખાલી ગઈ, તે આશ્ચર્ય.

(૯) દેવો કોઈ પણ વખતે પોતાના મૂળ વિમાનથી મૃત્યુલોકમાં ન આવે એવો નિયમ છે, છતાં પ્રભુ મહાવીરના વખતે સૂર્ય–ચંદ્ર પ્રભુનાં દર્શન કરવા અને દેશના શ્રવણ કરવા મૂળ વિમાનથી આવ્યા હતા, તે આશ્ચર્ય.

(૧૦) કોઈ પણ તીર્થંકરને કેવળ જ્ઞાન થયા પછી અશાતા વેદનીય કર્મ ન હોવાથી ઉદય ન આવે, એટલે રોગાદિની અશાતા થાય જ નહિ; પણ પ્રભુ મહાવીરને ગોશાળકે તેજુલેશ્યા મૂકી અને લોહીખંડવાડો થયો, છ મહીના તે વ્યાધિ ભોગવવો પડ્યો, તે પણ આશ્ચર્ય.

પ્રભુને આવેલાં ૧૦ સ્વપ્ન

મહાવીર પ્રભુને કેવળ જ્ઞાન ઉત્પન્ન થયા પહેલાં બે ઘડી વાર નિદ્રા આવી તે વખતે ૧૦ સ્વપ્ન આવ્યાં, તે સ્વપ્ન એનાં ફળ-પરિણામ સહિત નીચે પ્રમાણેઃ—

(૧) પ્રથમ સ્વપ્નમાં જોયું કે મેં એક ભયંકર પિશાચનો પરાજય કર્યો. આ સ્વપ્નના ફળ રૂપે મહાવીર પ્રભુ સર્વ કર્મમાં સહુથી વધુ બળવાન એવા મોહનીય કર્મને મારીને નિર્મોહી થયા.

(૨) બીજે સ્વપ્ને શ્વેત પાંખોવાળો પુરૂષ જાતિનો કોકિલ (કોયલો) જોયો, જેના ફળ સ્વરૂપે આર્ત ને રૌદ્ર ધ્યાનને નિર્મૂળ કરી પ્રભુ પરમ શુક્લ ધ્યાનને પામ્યા.

(૩) ત્રીજે સ્વપ્ને વિવિધરંગી પુરૂષ જાતીય કોયલ જોયો, જેના ફળ સ્વરૂપે પોતે વિવિધ તત્ત્વજ્ઞાનથી ભરપૂર શાસ્ત્રરચના કરી, સ્વસમય-પરસમયનું જ્ઞાન થાય તેવું જ્ઞાન પ્રરૂપ્યું.

(૪) ચોથા સ્વપ્ને પ્રભુને રત્નમય યુગલ દડા જોવામાં આવ્યા. તેના ફળ તરીકે પ્રભુએ કેવળ જ્ઞાન પામી, આગાર ધર્મ અને અણગાર ધર્મ એમ બે પ્રકારના ધર્મ પ્રરૂપ્યા.

(૫) પાંચમા સ્વપ્નમાં પ્રભુએ ઉજ્જવળ ચંદ્રના પ્રકાશ જેવી ગાયોનો સમૂહ જોયો. એના ફળ સ્વરૂપે પ્રભુએ ચાર તીર્થરૂપ સંઘની સ્થાપના કરી-અર્થાત્ સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી.

(૬) છઠ્ઠા સ્વપ્નમાં પ્રભુએ મહાપદ્મ સરોવર જોયું, તેના ફળ સ્વરૂપે પ્રભુએ જ્ઞાનવડે કરી દેવની ચાર જાતિ જાણી અને

જનસમાજને જણાવી, તે ભુવનપતિ, વાણુવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક.

(૭) પ્રભુએ સાતમા સ્વપ્નમાં પોતે પોતાની ભૂજા વડે કરીને સ્વયંભૂરમણ સમુદ્ર તરી ગયાનું જોયું, તેના ફળ સ્વરૂપે પોતે અનાદિ અનંત એવા સંસારને પાર કરી ગયા, જન્મ–જરા–મરણથી મુક્ત થયા.

(૮) પ્રભુએ આઠમા સ્વપ્નમાં અતિ પ્રકાશિત, અતિ દેદીપ્યમાન એવા સૂર્યને જોયો, તેના ફળ સ્વરૂપે પોતે જેનાથી લોકાલોકમાં કાંઈ પણ છાનું નથી એવા કેવળ જ્ઞાનને પામ્યા.

(૯) પ્રભુએ નવમા સ્વપ્નમાં માનુષોત્તર પર્વતને લીલા રંગનાં વૈડૂર્ય રત્નથી વીંટાએલો જોયો, તેના ફળ તરીકે પ્રભુની યશોગાથા ત્રણે લોકમાં પ્રસરી.

(૧૦) દસમા સ્વપ્નમાં પ્રભુએ પોતાને મેરૂ પર્વતની ચૂલિકા પર સિંહાસન પર આરૂઢ થએલા જોયા, એના ફળ સ્વરૂપે પોતે સમવસરણમાં બાર જાતની પરિષદ વચ્ચે દેવોએ રચેલા સિંહાસને બિરાજી જગહિતકારિણી વાણી પ્રબોધી. બીજી રીતે એ સ્વપ્નના ફળરૂપે પોતે સર્વ કર્મનો ક્ષય કરી લોકાગ્રે જઈ બિરાજ્યા–સિદ્ધ થયા.

વીસ વિહરમાન જિનેશ્વર

સીમંધર પ્રમુખ જઘન્ય તીર્થંકર વીશ,
છે અઢી દ્વીપમાં જયવંતા જગદીશ. ૩
એક સો ને સીત્તેર ઉત્કૃષ્ટ પદે જગીશ,
ધન્ય મોટા પ્રભુજી, જેને નમાવું શીશ. ૪
કેવલી દોય ક્રોડી, ઉત્કૃષ્ટા નવ ક્રોડ,
મુનિ દોય સહસ્ર ક્રોડી, ઉત્કૃષ્ટા નવ સહસ્ર ક્રોડ. ૫
વિચરે વિદેહે, મોટા તપસ્વી ઘોર,
ભાવે કરી વંદું, ટાળે ભવની ખોડ. ૬
ચોવીશે જિનના સઘળા એ ગણધાર,
ચૌદસેં ને બાવન, તે પ્રણમું સુખકાર. ૭
જિનશાસન નાયક, ધન્ય શ્રી વીર જિણંદ,
ગૌતમાદિક ગણધર, વર્તાવ્યો આણંદ. ૮
શ્રી ઋષભદેવના ભરતાદિક સો પૂત,
વૈરાગ્ય મન આણી સંયમ લિયો અદ્ભુત. ૯
કેવળ ઉપાર્જ્યું, કરી કરણી સંયુત,
જિનમત દીપાવી સઘળા મોક્ષ પહુંત. ૧૦
શ્રી ભરતેશ્વરના હુઆ પરોધર આઠ,
આદિત્ય જશાદિત્ય પહોંચ્યા શિવપુર વાટ. ૧૧
શ્રી જિન અંતરના હુઆ પાટ અસંખ્ય,
મુનિ મુક્તિ પહોંચ્યા ટાળી કર્મના વંક. ૧૨

(૧) શ્રી સીમંધર સ્વામી

જમ્બૂદ્વીપના પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કરાવતી વિજયમાં પુંડરગિરિ સુંદર અને દર્શનીય છે. તે નગરીમાં ન્યાયવાન, નીતિમાન, પ્રજાપાલક, રાજ્યગુણોથી યુક્ત એવા શ્રેયાંસ નામે રાજા રાજ્ય કરતા હતા. તેમને સત્યકી નામે પટરાણી હતી કે જે સત્યની જ મૂર્તિ હતી. તે રાણીથી ઉત્પન્ન થએલ સીમંધર નામે કુમાર હતા કે જે મનુષ્ય શરીરે સાક્ષાત્ પ્રભુ જ અવતરેલા હતા. તે પ્રભુનું દેહમાન પાંચસો ધનુષ્યનું છે. તેમને વૃષભ (બળદ)નું લાંચ્છન છે. સમચઉરંસ સંસ્થાન (શરીરનું બંધારણ) છે. પ્રભુએ ત્યાસી લાખ પૂર્વ ગૃહસ્થાશ્રમમાં રહી, રાણી રૂકિમણી સાથે ભોગાવળી કર્મઉદયથી સુખ વૈભવ ભોગવી, અન્તે દીક્ષા લઈ, તપશ્ચર્યાદિ કરી, કેવળ જ્ઞાન-કેવળ દર્શન પ્રાપ્ત કર્યું. એક લાખ પૂર્વનું ચારિત્ર પાળી, સર્વ કર્મનો ક્ષય કરી, જે વખતે આ ભરતક્ષેત્રમાં ત્રીજો આરો ચાલતો હશે તે વખતે શ્રી સીમંધર પ્રભુ મોક્ષે પધારશે.

ભરત અને ઐરવત ક્ષેત્રમાં સમયની સ્થિતિ બદલાયા કરે છે, જ્યારે મહાવિદેહ ક્ષેત્રમાં કાળ એકધારો વહે છે. ભરત-ઐરવતમાં અત્યારે પાંચમો આરો ચાલે છે. તે ૨૧ હજાર વર્ષનો છે. તેમાંથી લગભગ ૨૫૦૦ વર્ષ પસાર થવા આવ્યાં છે. હજુ ૧૮૫૦૦ વર્ષ પાંચમા આરાનાં બાકી છે. ત્યારપછી છઠ્ઠો આરો ૨૧ હજાર વર્ષનો, ત્યારપછી પહેલો આરો ૨૧ હજાર વર્ષનો અને ત્યારપછી બીજો આરો પણ ૨૧ હજાર વર્ષનો પસાર થશે; અને એ ઉત્સર્પિણી કાળનો ત્રીજો આરો ચાલતો હશે ત્યારે તે આરામાં–તે યુગમાં ૨૩ તીર્થંકરો થશે.

તેમાં પંદરમા તીર્થંકરદેવ જે વખતે ભરતક્ષેત્રમાં વિહરતા હશે, તે વખતે મહાવિદેહ ક્ષેત્રમાં વર્તમાન કાળે વિહરતા સીમંધર પ્રભુ મોક્ષે પધારશે.

(૨) શ્રી યુગમંધર પ્રભુ

શ્રી જંબૂદ્વીપના પશ્ચિમ મહાવિદેહમાં વપ્રવિજય નામે વિજયમાં વિજયા નામે નગરી અતિ રમણીય છે. તે નગરીમાં સુદૃઢ નામે પ્રજાપાલક રાજા રાજ્ય કરતા હતા. તેમને સુતારા નામે સદ્‌ગુણાલંકૃત રાણીજી હતાં. તેમની કુખે શ્રી યુગમંધર કુંવરપણે ઉત્પન્ન થયા. પ્રભુને ગજ (હાથી) નું લાંચ્છન છે, સુવર્ણના રંગ જેવી કાયા છે, પાંચસો ધનુષ્યનું શરીર–દેહમાન છે. પ્રભુ ભોગાવળી કર્મના ઉદયને સમભાવથી અધીન વર્તી પ્રિયંગલા રાણી સાથે પરણ્યા. સંસારસુખ ભોગવી, જન્મથી ત્યાસી લાખ પૂર્વની ઉંમર પુરી થતાં એક લાખ પૂર્વનું આયુષ્ય બાકી રહેતાં પ્રભુએ દીક્ષા લીધી. દુષ્કર તપશ્ચર્યા કરી ૪ ઘનઘાતી કર્મ ક્ષય કરી પ્રભુએ કેવળ જ્ઞાન–કેવળ દર્શન પ્રાપ્ત કર્યાં. વર્તમાન કાળે પ્રભુ જગ–જનકલ્યાણ કરતા વિહરે છે.

(૩) શ્રી બાહુ સ્વામી

જમ્બૂદ્વીપના પૂર્વ મહાવિદેહમાં વચ્છ નામે વિજયમાં સુસીમા પુરી નામે અતિસુંદર નગરી હતી. તેમાં રાજધર્મ પાલનથી શોભિત સુગ્રીવ નામે રાજા હતા. તેમને દૂષણો પર જેણે વિજય મેળવ્યો છે તેવાં વિજયા નામે મુખ્ય રાણી હતાં. ચૌદ સ્વપ્નથી તીર્થંકર તરીકે સૂચિત થએલા શ્રી બાહુકુમારનો વિજયા રાણીની કુક્ષીએ જન્મ થયો. પાંચસો ધનુષ્યનું દેહ-

માન, હરણનું લાંચ્છન, અને ચોરાશી લાખ પૂર્વનું આયુષ્ય, એ પ્રભુને હતાં. યોગ્ય ઉંમરે પ્રભુ ભોગાવળી કર્મના ઉદયે કરીને મોહના નામે રાણી પરણ્યા. ત્યાસી લાખ પૂર્વ સુધી ગૃહસ્થાશ્રમમાં રહી એક લાખ વર્ષનું આયુષ્ય બાકી રહ્યું ત્યારે પ્રભુએ વરસી દાન દઈ દીક્ષા લીધી. દુષ્કર તપ કરી, ચાર ઘનઘાતી કર્મનો ક્ષય કરી, બાહુ પ્રભુએ કેવળ જ્ઞાન–કેવળ દર્શન પ્રાપ્ત કર્યાં. પૂર્વ મહાવિદેહમાં વચ્છવિજયમાં ભવ્ય જીવોને પ્રતિબોધતા જગત્ જીવોનું કલ્યાણ કરતા પ્રભુ વિચરી રહેલા છે.

---

(૪) શ્રી સુબાહુ સ્વામી

જમ્બૂદ્વીપના પશ્ચિમ મહાવિદેહમાં વપુ નામે વિજય (ખંડ)માં વીતશોકા નામે નગરીમાં નિષઢ નામે ન્યાયધર્મપાલક રાજા હતા. તેમને સુનંદા નામે દૈવી ગુણવાળાં મુખ્ય રાણી હતાં. ચૌદ સ્વપ્નથી સૂચિત થઇ સુબાહુ સ્વામી સુનંદા માતાના ગર્ભમાં આવ્યા. યોગ્ય સમયે જન્મ ધારણ કર્યો. પાંચસો ધનુષ્યનું દેહમાન, સુંદર શરીર, વાંદરાનું લાંચ્છન હતું. કિંપુરૂષા નામે રાણી પરણી, ભોગાવળી કર્મના ઉદયથી સંસારનાં સુખ વૈભવ ભોગવી, ત્યાસી લાખ પૂર્વ ગૃહસ્થાશ્રમમાં રહી, એક લાખ પૂર્વ બાકી રહ્યે થકે સુબાહુ પ્રભુએ વરસી દાન દઇ ચારિત્ર ગ્રહણ કર્યું. દુષ્કર તપશ્ચર્યા કરી, ઘનઘાતી કર્મનો ક્ષય કરી, પ્રભુએ કેવળ જ્ઞાન–કેવળ દર્શન પ્રાપ્ત કર્યાં.

ભવ્યાત્માઓને પ્રતિબોધતા સુબાહુ પ્રભુ હાલ વપુ વિજયમાં વિહરી રહેલા છે.

---

(૫) શ્રી સુજાત સ્વામી

શ્રી ધાતકીખંડ દ્વીપના પૂર્વ મહાવિદેહમાં પુષ્કરાવતીમાં પુડરગિણિ નામે રમ્ય નગર હતું. તે નગરમાં દેવસેન નામે મહાપ્રતાપી રાજા રાજ્ય કરતા હતા. તેમને દેવસેના નામે રૂપગુણયુક્ત રાણી હતાં. તેમની કુક્ષીએ આવી પ્રભુ સુજાત સ્વામી ઉત્પન્ન થયા. માતાને ચૌદ સ્વપ્ન આવ્યાં. યોગ્ય સમયે પ્રભુએ જન્મ ધારણ કર્યો. પ્રભુને સૂર્યનું લાંચ્છન, પાંચસો ધનુષ્યનું દેહમાન, ચોરાશી લાખ પૂર્વનું આયુષ્ય, શરીરનો સુવર્ણ સરીખો રંગ હતો. પ્રભુએ ભોગાવળી કર્મનાં ફળ ભોગવવા અર્થે જયસેના રાણી સાથે લગ્ન કર્યાં. એક લાખ પૂર્વનું આયુષ્ય બાકી રહ્યું ત્યારે પ્રભુએ વરસી દાન દઈને સંયમ ગ્રહણ કર્યો. તપશ્ચર્યાદિ દુષ્કર ક્રિયા કરી, કર્મ ક્ષય કરી, પ્રભુ કેવળ જ્ઞાન પામી અનેક ભવ્ય જીવોને પ્રતિબોધતા વર્તમાન કાળે વિહરે છે.

---

(૬) શ્રી સ્વયંપ્રભ જિન

ધાતકીખંડ દ્વીપના વપુત્રિજય નામે વિજયમાં વિજયા નામે નગરીના મિત્રસેન નામે સર્વ પ્રાણીના મિત્ર સરીખા ન્યાયી રાજા હતા. તેમને સુમંગળા નામે રાણી હતાં. તેમની કુખે સ્વયંપ્રભ પ્રભુએ જન્મ લીધો. ગર્ભમાં આવ્યા ત્યારે માતાને ચૌદ સ્વપ્ન આવ્યાં. જન્મ્યા ત્યારે દેવદેવીઓએ જન્મમહોત્સવ કર્યો. પ્રભુને ચોરાશી લાખ પૂર્વનું આયુષ્ય, ચન્દ્રનું લાંચ્છન, પાંચસો ધનુષ્યનું શરીરમાન હતું. પ્રભુ યોવન વયે પહોંચ્યા ત્યારે તેમનાં વીરસેના રાણી સાથે લગ્ન થયાં. પંચ વિષયસુખ ભોગવતાં ત્યાસી લાખ પૂર્વ વિતાવ્યા પછી એક લાખ પૂર્વ

આયુષ્ય બાકી રહ્યું ત્યારે પ્રભુએ વરસી દાન દઈ ચારિત્ર ગ્રહણ કર્યું. દુષ્કર તપશ્ચર્યાદિથી કર્મ ક્ષય કરી પ્રભુ કેવળ જ્ઞાન–કેવળ દર્શન પામી, જગતજીવોનું કલ્યાણ કરતા વર્તમાન કાળે વિહારી રહેલા છે.

---

(૭) શ્રી ઋષભાનન પ્રભુ

ધાતકીખંડના પૂર્વ મહાવિદેહમાં વપુવિજય નામે વિજયમાં સુસીમા નામે સુંદર નગરી હતી. ત્યાં કીર્તિરાય નામે રાજા રાજ્ય કરતા હતા. તેમને વીરસેના નામે રાણી હતાં. તેમની કુખે શ્રી ઋષભાનન પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે ચૌદ સ્વપ્ન માતાને દેખાયાં. યથાસમયે પ્રભુ જન્મ્યા. કંચનવરણી કાયા, પાંચસો ધનુષ્યનું દેહમાન, સિંહનું લાંછન પ્રભુને હતું. તેમણે જયાદેવી રાણી સાથે લગ્ન કર્યાં. ત્યાસી લાખ પૂર્વ સુધી ગૃહસ્થાશ્રમમાં રહી, એક લાખ પૂર્વ આયુષ્ય બાકી રહ્યું ત્યારે વરસી દાન દેઈ પ્રભુએ ચારિત્ર લીધું. દુર્ઘટ તપ કરી, કર્મની નિર્જરા કરી, પ્રભુ કેવળ જ્ઞાન–કેવળ દર્શનને પામ્યા. ઘણા ભવ્ય જીવોને પ્રતિબોધતા ધાતકી ખંડના પૂર્વ મહાવિદેહના વપુવિજયમાં પ્રભુ વિચરે છે.

---

(૮) શ્રી અનંતવીર્ય જિન

ધાતકીખંડના પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં નલિનાવતી વિજયમાં વીતશોકા નામે નગરી હતી. તે નગરીના મેઘરાય નામે પ્રજાપાલક રાજા હતા. તેમને મંગલાવતી નામે રાણી હતાં. પ્રભુ અનંતવીર્ય જ્યારે મંગળાવતી માતાની કુક્ષીમાં આવી

ઉત્પન્ન થયા ત્યારે માતાને ચૌદ સ્વપ્ન આવ્યાં. યથાસમયે પ્રભુ જન્મ્યા. પ્રભુ પાંચસો ધનુષ્યના ઉંચા, હાથીનું લાંચ્છન, સુવર્ણ સરીખો શરીરનો રંગ અને ચોરાસી લાખ પૂર્વનું આયુષ્ય હતું. યુવાવસ્થાએ પ્રભુ વિજયાદેવી નામે રાણી પરણ્યા. સંસારવૈભવ ભોગવી, જ્યારે એક લાખ વરસનું આયુષ્ય બાકી રહ્યું ત્યારે વરસી દાન દઈ પ્રભુએ સ્વ-પરહિત અર્થે સંયમ ગ્રહ્યો. તપશ્ચર્યાથી પૂર્વ કર્મનો ક્ષય કરી, પ્રભુએ કેવળ જ્ઞાન પ્રાપ્ત કર્યું અને ભવ્ય જીવોનું કલ્યાણ કરતા થકા પ્રભુ વિચરી રહેલા છે.

---

(૯) શ્રી સુરપ્રભ જિન

ધાતકીખંડના પૂર્વ મહાવિદેહમાં પુષ્કરાવતી વિજયમાં પુંડરગિણિ નગરીમાં વિજય નામે રાજા રાજ્ય કરતા હતા. તેમને વિજયાદેવી નામે રાણી હતાં. ચૌદ સ્વપ્નથી સૂચિત થઈ પ્રભુ વિજયાદેવી માતાની કુખે ગર્ભમાં ઉત્પન્ન થયા. યથાસમયે પ્રભુ ચંદ્ર લાંચ્છન સહિત જન્મ્યા. પાંચસો ધનુષ્યનું દેહમાન અને ચોરાસી લાખ પૂર્વનું આયુષ્ય હતું. પ્રભુએ યુવાન વયે નંદસેના નામે રાજકન્યા સાથે લગ્ન કર્યાં. ત્યાસી લાખ પૂર્વ સુધી ગૃહસ્થાશ્રમ ભોગવી, એક લાખ પૂર્વનું આયુષ્ય બાકી રહ્યું ત્યારે વરસી દાન દઈ, પ્રભુએ દીક્ષા લીધી અને ઘનઘાતી કર્મ ક્ષય કરી, ભવ્ય જીવોને પ્રતિબોધતા વર્તમાન કાળે પ્રભુ વિચરે છે.

---

(૧૦) શ્રી વિશાળપ્રભ સ્વામી

શ્રી ધાતકીખંડ દ્વીપમાં પશ્ચિમ મહાવિદેહમાં વપ્રવિજયમાં વિજયાપુરી નગરીના નભરાય નામે રાજા હતા, તેમને ભદ્રા નામે મુખ્ય રાણી હતાં; પ્રભુ ભદ્રા માતાની કુખે ગર્ભમાં આવ્યા ત્યારે માતાને ચૌદ સ્વપ્ન આવ્યાં. યથાસમયે પ્રભુએ જન્મ ધારણ કર્યો. દેવદેવીઓએ જન્મમહોત્સવ કર્યો. પ્રભુને સૂર્યનું લાંચ્છન, સુવર્ણ જેવો શરીરનો રંગ, અને પાંચસો ધનુષ્યનું શરીર ઉંચું હતું. ચોરાસી લાખ પૂર્વનું આયુષ્ય હતું. વિમલા નામે રાણીને પ્રભુ પરણ્યા. ત્યાસી લાખ પૂર્વ સુધી ભોગાવળી કર્મનાં શુભ ફળ ભોગવી એક લાખ પૂર્વ આયુષ્ય બાકી રહ્યે થકે વરસી દાન દઈ પ્રભુએ ચારિત્ર ગ્રહણ કર્યું. ઘનઘાતી કર્મ ક્ષય કરી પ્રભુએ કેવળ જ્ઞાન અને કેવળ દર્શન પ્રાપ્ત કર્યાં. વર્તમાન કાળે ભવ્ય જીવોને પ્રતિબોધતા પ્રભુ વિચરી રહ્યા છે.

---

(૧૧) શ્રી વજ્રધર પ્રભુ

ધાતકીખંડ દ્વીપના પૂર્વ મહાવિદેહના વચ્છ નામે વિજયમાં સુસીમાપુરી નામે નગરી હતી. તે નગરીમાં પદ્મરથ નામે રાજા રાજ્ય કરતા હતા. તેમને સરસ્વતી નામે મુખ્ય રાણી હતાં. પ્રભુ જ્યારે સરસ્વતી માતાના ઉદરે આવી ઉત્પન્ન થયા ત્યારે માતાએ ચૌદ સ્વપ્ન જોયાં. યથાસમયે પ્રભુનો જન્મ થયો. પ્રભુને શંખનું લાંચ્છન, પાંચસો ધનુષ્યનું દેહમાન, કંચનવર્ણી કાયા, અને ચોરાશી લાખ પૂર્વનું આયુષ્ય હતું. વિજયાદેવી સાથે પ્રભુએ લગ્ન કર્યાં. ત્યાસી લાખ પૂર્વ ગૃહસ્થાશ્રમમાં રહી,

એક લાખ પૂર્વ આયુષ્ય બાકી રહ્યું ત્યારે વરસી દાન દઇ પ્રભુએ ચારિત્ર લીધું. ઘનઘાતી કર્મ ક્ષય કરી પ્રભુ કેવળ જ્ઞાન–કેવળ દર્શનને પામ્યા. ભવ્ય જીવોને પ્રતિબોધતા પ્રભુ વર્તમાન કાળે વિચરી રહ્યા છે.

---

(૧૨) શ્રી ચંદ્રાનન પ્રભુ

ધાતકીખંડ દ્વીપમાં નલિનાવતી વિજયમાં વીતશોકા નામે સુંદર નગરી હતી, તેમાં વાલ્મિક નામે રાજા રાજ્ય કરતા હતા. તેમને પદ્માવતી નામે મુખ્ય રાણી હતાં. ચંદ્રાનન પ્રભુ જ્યારે પદ્માવતી માતાના ગર્ભમાં આવ્યા ત્યારે માતાએ ચૌદ સ્વપ્ન જોયાં. યથાસમયે પ્રભુનો જન્મ થયો. પ્રભુની કંચનવર્ણી કાયા, વૃષભનું લાંચ્છન, પાંચસો ધનુષ્યનું દેહમાન અને ચોરાસી લાખ પૂર્વનું આયુષ્ય હતું. લીલાવતી નામે રાણી સાથે પ્રભુએ ગૃહસ્થાશ્રમ ભોગવ્યો. ત્યાસી લાખ પૂર્વ સુધી ગૃહસ્થાશ્રમમાં રહી, વરસી દાન દઈ, પ્રભુએ દીક્ષા લીધી. ઘનઘાતી કર્મ ક્ષય કરી, પ્રભુ કેવળ જ્ઞાન–કેવળ દર્શન પામી, ભવ્ય જીવોને પ્રતિબોધતા વિચરે છે.

---

(૧૩) શ્રી ચંદ્રબાહુ સ્વામી

શ્રી *પુષ્કરાર્દ્ધ દ્વીપમાં પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કરાવતી વિજયમાં પુંડરગિણિ નામે નગરી હતી, તે નગરીમાં દેવાનંદ નામે રાજા રાજ્ય કરતા હતા. તેમને રેણુકા નામે મુખ્ય રાણી હતાં. તીર્થંકર ગર્ભમાં આવે છે ત્યારે ચૌદ સ્વપ્ન

* પુષ્કરાર્દ્ધ દ્વીપની હકીકત પરિશિષ્ટમાં આપી છે.

તેમની માતાને જોવામાં આવે છે, તે નિયમ અનુસાર ચૌદ સ્વપ્નથી સૂચન કરી પ્રભુ ગર્ભમાં આવ્યા. યથાસમયે પ્રભુએ જન્મ ધારણ કર્યો. પ્રભુને પદ્મકમળનું લાંચ્છન, પાંચસો ધનુષ્યનું દેહમાન, ચોરાસી લાખ પૂર્વનું આયુષ્ય અને કંચનવર્ણી કાયા હતી. પ્રભુ સુગંધા નામે રાણીને પરણ્યા. ત્યાસી લાખ પૂર્વ ગૃહસ્થાશ્રમ ભોગવી, વરસી દાન દઈ, પ્રભુએ દીક્ષા લીધી. દુષ્કર તપ કરી, ઘનઘાતી કર્મ ક્ષય કરી, કેવળ જ્ઞાન–કેવળ દર્શન પ્રાપ્ત કરી ભવ્ય જીવોને પ્રતિબોધતા પ્રભુ વિચરે છે.

---

(૧૪) શ્રી ભુયંગદેવ સ્વામી

પુષ્કરાર્દ્ધ દ્વીપના પશ્ચિમ મહાવિદેહમાં વપ્રવિજયમાં વિજયાપુરી નામે નગરી હતી. મહાબલ એ નગરીના રાજા હતા. તેમને ઘેર સુસીમાદેવી નામે મુખ્ય રાણી હતાં. પ્રભુ તેમના ઉદરે આવી ઉત્પન્ન થયા અને માતાને ચૌદ સ્વપ્ન આવ્યાં. યથાસમયે જન્મ થયો. કંચનવર્ણી કાયા, પાંચસો ધનુષ્યનું દેહમાન, પદ્મકમળનું લાંચ્છન અને ચોરાસી લાખ પૂર્વનું આયુષ્ય પ્રભુને હતું. ગંધસેના નામે રાણી સાથે પ્રભુએ ભોગાવળી કર્મોદયથી લગ્ન કરી સુખ ભોગવ્યું. આયુષ્ય જ્યારે એક લાખ પૂર્વનું બાકી રહ્યું ત્યારે વરસી દાન દઈ પ્રભુએ દીક્ષા લીધી અને દુષ્કર તપ કરી, ઘનઘાતી કર્મનો ક્ષય કરી, પ્રભુ કેવળ જ્ઞાન–કેવળ દર્શનને પામ્યા. ભવ્ય જીવોને પ્રતિબોધતા પ્રભુ વર્તમાન કાળે પુષ્કરાર્દ્ધ દ્વીપના પશ્ચિમ મહાવિદેહમાં વિચરી રહ્યા છે.

---

(૧૫) શ્રી ઈશ્વર પ્રભુ

અર્ધપુષ્કર દ્વીપમાં પૂર્વ મહાવિદેહમાં વચ્છ નામે વિજયમાં સુસીમાપુરી નામે નગરીમાં રાજસેન નામે રાજા હતા. તેમને યશોજ્વલા નામે મુખ્ય રાણી હતાં. પ્રભુ જ્યારે ગર્ભમાં આવી ઉત્પન્ન થયા ત્યારે તીર્થંકર ગર્ભમાં આવેલ છે તેની સૂચના રૂપે માતાને ચૌદ સ્વપ્ન આવ્યાં. યથાસમયે પ્રભુએ જન્મ ધારણ કર્યો. પ્રભુને ચંદ્રનું લાંચ્છન, કંચનવર્ણું શરીર, પાંચસો ધનુષ્યનું દેહમાન અને ચોરાસી લાખ પૂર્વનું આયુષ્ય હતું. એક લાખ પૂર્વનું આયુષ્ય બાકી રહ્યું ત્યારે વરસી દાન દઈ પ્રભુએ દીક્ષા લીધી. તપશ્ચર્યાદિ દુષ્કર ચારિત્ર્ય પાળી, ઘનઘાતી કર્મ ક્ષય કરી, પ્રભુ કેવળ જ્ઞાન-કેવળ દર્શનને પામ્યા. વર્તમાન કાળે ભવ્ય જીવોને પ્રતિબોધતા પ્રભુ પુષ્કરાર્દ્ધ દ્વીપમાં પૂર્વ મહાવિદેહમાં વિચરે છે.

---

(૧૬) શ્રી નેમપ્રભ સ્વામી

શ્રી પુષ્કરાર્દ્ધ દ્વીપના પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં નલિનાવતી વિજયમાં વીતશોકા નામે નગરી હતી. તે નગરીમાં વીરરાય નામે રાજા રાજ્ય કરતા હતા. તેમને સેનાદેવી નામે મુખ્ય રાણી હતાં. તેમની કુક્ષીએ આવીને પ્રભુ ઉત્પન્ન થયા ત્યારે તેમને ચૌદ સ્વપ્ન આવ્યાં. યથાસમયે પ્રભુએ જન્મ ધારણ કર્યો. પ્રભુને સૂર્યનું લાંચ્છન, પાંચસો ધનુષ્યનું દેહમાન, કંચનવર્ણી કાયા, અને ચોરાસી લાખ પૂર્વનું આયુષ્ય હતું. મોહનાદેવી નામે રાણી સાથે પ્રભુએ ઘણા કાળ સુધી ગૃહસ્થાશ્રમ

ભોગવ્યો. એક લાખ પૂર્વનું આયુષ્ય બાકી રહ્યું ત્યારે વરસી દાન દઈ પ્રભુએ ચારિત્ર ગ્રહણ કર્યું. દુષ્કર તપશ્ચર્યાદિ કરી, ઘનઘાતી કર્મ ક્ષય કરી, પ્રભુ કેવળ જ્ઞાન–કેવળ દર્શનને પામ્યા. ભવ્ય જીવોને પ્રતિબોધતા પ્રભુ પુષ્કરાર્દ્ધ દ્વીપમાં પશ્ચિમ મહા-વિદેહમાં વર્તમાન કાળે વિચરે છે.

---

(૧૭) શ્રી વીરસેન સ્વામી

શ્રી પુષ્કરાર્દ્ધ દ્વીપના પૂર્વ મહાવિદેહમાં પુષ્કરાવતી નામે વિજયમાં પુંડરગિણિ નામે નગરી હતી. તે નગરીમાં ભૂમિપાલ નામે રાજા હતા. તેમને ભાનુમતી નામે રાણી હતાં. ચૌદ સ્વપ્નથી સૂચિત થઈ પ્રભુ ભાનુમતી રાણીની કુખે ઉત્પન્ન થયા. યથાસમયે પ્રભુનો જન્મ થયો. પ્રભુને વૃષભ (બળદ)નું લાંચ્છન, પાંચસો ધનુષ્યનું દેહમાન, ચોરાસી લાખ પૂર્વનું આયુષ્ય, અને કંચનવર્ણી કાયા હતી. રાજસેના નામે રાણીને પ્રભુ પરણ્યા. ત્યાસી લાખ પૂર્વ સુધી ગૃહસ્થાશ્રમમાં રહી, વરસી દાન દઈ પ્રભુએ દીક્ષા લીધી. દુષ્કર તપશ્ચર્યા કરી, ઘનઘાતી કર્મ ક્ષય કરી, પ્રભુ કેવળ જ્ઞાન–કેવળ દર્શનને પામ્યા. ભવ્ય જીવોને પ્રતિબોધતા પ્રભુ પુષ્કરાર્દ્ધ દ્વીપના પૂર્વ મહાવિદેહની પુષ્કરા-વતી વિજયમાં વિચરી રહ્યા છે.

---

(૧૮) શ્રી મહાભદ્ર પ્રભુ

શ્રી પુષ્કરાર્દ્ધ દ્વીપમાં પશ્ચિમ મહાવિદેહમાં વપુ નામે વિજયમાં વિજયા નામે નગરી હતી. તે નગરીમાં દેવરાય નામે રાજા હતા. તેમને ઉમયાદેવી નામે રાણી હતાં. પ્રભુ મહાભદ્ર

ઉમયાદેવીના ગર્ભમાં આવી ઉત્પન્ન થયા ત્યારે માતાને ચૌદ મહાસ્વપ્ન આવ્યાં. યથાસમયે પ્રભુનો જન્મ થયો. પ્રભુને હાથીનું લાંચ્છન, પાંચસો ધનુષ્યનું દેહમાન, કંચનવર્ણી કાયા, અને ચોરાશી લાખ પૂર્વનું આયુષ્ય હતું. સુરીકાન્તા નામે રાણી સાથે પંચ વિષયસુખ ભોગવી, એક લાખ પૂર્વનું આયુષ્ય બાકી રહ્યું ત્યારે વરસી દાન દઈ, પ્રભુએ દીક્ષા લીધી. તપશ્ચર્યાદિ કરી, ઘનઘાતી કર્મ ક્ષય કરી, પ્રભુ કેવળ જ્ઞાન–કેવળ દર્શન પામ્યા. ભવ્ય જીવોને પ્રતિબોધતા પ્રભુ વર્તમાન કાળે વિચરી રહ્યા છે.

---

(૧૯) શ્રી દેવયશ પ્રભુ

શ્રી પુષ્કરાર્દ્ધ દ્વીપમાં પૂર્વ મહાવિદેહમાં વચ્છ નામે વિજયમાં સુસીમા નામે નગરી હતી. તે નગરીમાં સર્વભૂતિ નામે રાજા રાજ્ય કરતા હતા. તેમને ગંગાદેવી નામે રાણી હતાં. તેમના ગર્ભમાં આવી પ્રભુ વસ્યા અને માતાને ચૌદ સ્વપ્ન આવ્યાં. યથાસમયે પ્રભુનો જન્મ થયો. પ્રભુને ચંદ્રનું લાંચ્છન, પાંચસો ધનુષ્યનું દેહમાન, ચોરાસી લાખ પૂર્વનું આયુષ્ય અને કંચનવર્ણું શરીર હતું. પ્રભુએ પદ્માવતી નામે રાણી સાથે ગૃહસ્થાશ્રમ ભોગવ્યો, અને એક લાખ પૂર્વનું આયુષ્ય જ્યારે બાકી રહ્યું ત્યારે વરસી દાન દઈ પ્રભુએ દીક્ષા લીધી. દુષ્કર તપ કરી, કર્મ ક્ષય કરી, પ્રભુ કેવળ જ્ઞાન–કેવળ દર્શનને પામ્યા. ભવ્ય જીવોને પ્રતિબોધતા પ્રભુ વર્તમાન કાળે વિચરે છે.

---

(૨૦) શ્રી અજિતસેન પ્રભુ

શ્રી પુષ્કરાર્દ્ધ દ્વીપના પશ્ચિમ મહાવિદેહમાં નલિનાવતી નામે વિજયમાં વીતશોકા નામે નગરી હતી. તે નગરીના મહાપ્રતાપી રાજ્યપાલ નામે રાજા હતા. તેમને કર્ણિકા નામે રાણી હતાં. પ્રભુ કર્ણિકા માતાની કુખે ઉત્પન્ન થયા, ત્યારે માતાને ચૌદ સ્વપ્ન દેખાયાં. યથાસમયે પ્રભુનો જન્મ થયો. પ્રભુને સ્વસ્તિક (સાથિયા)નું લાંચ્છન, પાંચસો ધનુષ્યનું દેહમાન, ચોરાસી લાખ પૂર્વનું આયુષ્ય અને કંચનવર્ણી કાયા હતી. પ્રભુને રયણમાળા નામે રાણી હતાં. ત્યાસી લાખ પૂર્વ સુધી ગૃહસ્થાશ્રમમાં રહી, એક લાખ પૂર્વનું આયુષ્ય બાકી રહ્યું ત્યારે વરસી દાન દઈ પ્રભુએ દીક્ષા લીધી. તપશ્ચર્યાદિ કરી પ્રભુ કેવળ જ્ઞાન- કેવળ દર્શનને પામ્યા. ભવ્ય જીવોને પ્રતિબોધતા પ્રભુ વર્તમાન કાળે વિચરી રહ્યા છે.

પરિશિષ્ટ

જૈન દૃષ્ટિએ ખંડ-ક્ષેત્રની સમજ

ચાર હજાર ગાઉનો એક યોજન એવા એક લાખ યોજનનો આ જમ્બૂદ્વીપ છે, અને તે થાળીના આકારે ગોળ છે. તે જમ્બૂદ્વીપને ફરતો સુવર્ણમય કોટ–ગઢ છે. તેના પૂર્વ દરવાજેથી પશ્ચિમ દરવાજે જઈએ તો એક લાખ યોજન થાય અને દક્ષિણથી ઉત્તરના દરવાજે જઇએ તો પણ એક લાખ યોજન થાય. એ જમ્બૂદ્વીપના મધ્ય ભાગમાં મેરૂ પર્વત છે. તે મેરૂની પૂર્વ અને પશ્ચિમ બાજુના ખંડને મહાવિદેહ નામે ઓળખવામાં આવે છે. જમ્બૂદ્વીપના દક્ષિણ ભાગમાં ભરતક્ષેત્ર (ખંડ)

છે અને ઉત્તરના છેડે ઈરવત ખંડ છે. ભરત અને ઈરવત ક્ષેત્રમાં કાળ (યુગ) બદલાયા કરે છે, જ્યારે મહાવિદેહમાં યુગપલટો થતો નથી. ત્યાં સદૈવ એકસરખો જ કાળ-આરો ચાલ્યા કરે છે. ભરત અને ઈરવતમાં વર્તમાન કાળે પાંચમા આરામાં કોઇ પણ તીર્થંકર ન જ હોય, જ્યારે મહાવિદેહમાં તીર્થંકરદેવ એક પછી એક હોય જ છે.

જમ્બૂદ્વીપને ફરતો બે લાખ યોજનનો લવણ સમુદ્ર છે. તેને ફરતો ચાર લાખ યોજનનો ધાતકી ખંડ દ્વીપ છે. તેનું વર્ણન જમ્બૂદ્વીપની માફક જ જાણવું. વધુમાં માત્ર તેમાં બે મેરૂપર્વત અને તે બંનેની બંને બાજુએ પૂર્વ-પશ્ચિમ મહાવિદેહ, તેમ જ બે ભરતખંડ-બે ઇરવત ખંડ; એટલે ધાતકીખંડ દ્વીપમાં બે ભરત, બે ઈરવત અને બે મહાવિદેહ ખંડ સમજવા.

ધાતકીખંડ દ્વીપને ફરતો આઠ લાખ યોજનનો કાળોદધિ સમુદ્ર છે અને તેને ફરતો પુષ્કર દ્વીપ છે. તે પુષ્કર દ્વીપના મધ્ય ભાગમાં ગોળ પર્વત છે, એનું નામ માનુષ્યોત્તર પર્વત છે. એ પર્વતની અંદરના અરધા ભાગમાં મનુષ્યની વસ્તી છે, અને બહારના અરધા ભાગમાં મનુષ્ય નથી. એ અર્ધપુષ્કર દ્વીપમાં પણ ધાતકીખંડ દ્વીપની માફક જ બે મેરૂ, બે ભરત ખંડ, બે ઈરવત ખંડ અને બે મહાવિદેહ ખંડ છે. એક જમ્બૂદ્વીપ, એક ધાતકીખંડ દ્વીપ અને અર્ધપુષ્કર દ્વીપ, એમ અઢી દ્વીપમાં મનુષ્યની વસ્તી છે. એ પછી દ્વીપ અને સમુદ્ર તો અસંખ્ય છે, પણ તેમાં મનુષ્યની વસ્તી નથી.

અઢી દ્વીપમાં મનુષ્યની વસ્તી ૨૯ આંકડા સુધીની છે,

એટલે કે–એકમ, દસક, સો, હજાર, દસ હજાર, એમ એક પછી એક ગણતા જઇએ અને ઓગણત્રીસ આંકડાએ જેટલી સંખ્યા થાય તેટલી સંખ્યામાં મનુષ્ય છે.

અઢી દ્વીપના પાંચ મહાવિદેહમાં વર્તમાન કાળે તીર્થંકરદેવ છે, અને ત્રીજા–ચોથા આરામાં પાંચ ભરત અને પાંચ ઇરવતમાં પણ તીર્થંકર દેવ હોય છે.

જમ્બૂદ્વીપ, ધાતકીખંડ દ્વીપ અને અર્ધપુષ્કર દ્વીપમાં ભરત, ઇરવત, મહાવિદેહ સિવાયના હેમવય, હિરણવય, હરિવાસ, રમકવાસ, દેવકુરૂ, ઉત્તરકુરૂ, વગેરે ખંડો જમ્બૂદ્વીપમાં એકેક અને ધાતકીખંડ દ્વીપ અને અર્ધપુષ્કર દ્વીપમાં બબ્બે ખંડો જાણવા; પણ હેમવય વગેરે ખંડોમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવની ઉત્પત્તિ ન હોય; એ બધા ભરત, ઇરવત અને મહાવિદેહમાં જ થાય છે. ભરત, ઇરવત અને મહાવિદેહ એ ત્રણ ખંડો કર્મભૂમિ છે અર્થાત્ પુરૂષાર્થ કરી જીવનનિર્વાહ ચલાવવા માટે છે, જ્યારે હેમવયાદિ ક્ષેત્રો વગરઉદ્યમે પુણ્યયોગથી કુદરત જે સ્હેજે આપે તે પર જ પોતાનું જીવન પસાર કરનાર યુગલીયા મનુષ્યોનાં છે.

ધન્ય કપિલ મુનિવર, નમિ નમું અણગાર;
જેણે તત્ક્ષણ ત્યાગ્યો, સહસ્ર રમણી પરિવાર. ૧૩
મુનિવર હરિકેશી, ચિત્ત મુનીશ્વર સાર;
શુદ્ધ સંયમ પાળી, પામ્યા ભવનો પાર. ૧૪
વળી ઇષુકાર રાજા, ઘેર કમળાવતી નાર;
ભગૂ ને જશા, તેહના દોય કુમાર. ૧૫

છએ છતી ઋદ્ધિ છાંડી, લીધો સંયમ ભાર;
ઇણુ અલ્પ કાળમાં, પામ્યા મોક્ષદ્વાર. ૧૬

વળી સંયતિ રાજા, હરણુ આહિડે જાય;
મુનિવર ગદ ભાળી, આણ્યો મારગ ઠાય. ૧૭

ચારિત્ર લેઈને, ભેટચા ગુરૂના પાય;
ક્ષત્રી રાજઋષીશ્વર, ચર્ચા કરી ચિત્ત લાય. ૧૮

કપિલ મુનિ

શ્રી વીતરાગ દેવ અને જગતના મહાપુરૂષો કહે છે કે પ્રાણીમાત્રને સંતોષ જેવું સુખ આપનાર કોઈ રત્નચિંતામણિ નથી અને તૃષ્ણા સમાન કોઈ હળાહળ ઝેર નથી. વૈર, દ્વેષ, ઇર્ષ્યા, કલેશ એ સર્વના જન્મદાતા તરીકે તૃષ્ણાને કહેવામાં આવે છે, તે સર્વાંશે સત્ય છે. તૃષ્ણાથી મનુષ્ય ભાનભૂલો બનીને અનેકાનેક અનર્થો કરે છે. સગાં, સંબંધી અને છેવટે જો તૃષ્ણાનો અતિરેક થાય તો પોતાનું પણ અકાળ મૃત્યુ તૃષ્ણા કરાવે છે. તૃષ્ણાના વ્યાધિથી ઘેરાએલ મનુષ્ય સત્યાસત્ય, ન્યાયાન્યાય વગેરેનો વિવેક ભૂલે છે.

કૌશાંબી નામની નગરીમાં બ્રાહ્મણ કુળમાં પણ ઉત્તમ એવા કાશ્યપ બ્રાહ્મણનાં પત્ની યશાની કુખે કપિલનો જન્મ થયો હતો. કપિલના પિતા રાજપુરોહિત અને રાજપંડિતનું કામ કરતા હતા, તેથી રાજા પાસે અને રાજ્યમાં તેમનું ઘણું સન્માન થતું. ઘેરથી રાજકચેરીમાં જાય ત્યારે ઉત્તમ પ્રકારના

ઘોડા પર બેસી જવાનું તેમને માન હતું. કપિલની નાની ઉંમરમાં જ તેના પિતાશ્રી મૃત્યુ પામ્યા. રાજાએ પુરોહિતનો અધિકાર બીજા બ્રાહ્મણને આપ્યો. નવા પુરોહિતની ઇર્ષ્યાને લીધે કપિલને કોઇએ ભણાવ્યો નહિ. કપિલની માતા પોતાનો પુત્ર અભણ રહેવાથી અને જીવનનિર્વાહના સાધનરૂપ અધિકાર જવાથી બહુ જ ખેદ કરવા લાગી. એક વખતે નવો પુરોહિત ઘોડે ચડી કપિલના ઘર આગળથી નીકળ્યો, અને કેટલાક ઉપાલંભનાં વચનો બોલતો ગયો. તે સાંભળી કપિલની માતા ખૂબ રડવા લાગી. કપિલે રડવાનું કારણ પૂછ્યું.

માતાએ જવાબમાં કહ્યું: "આ હમણાં ગયો તેવા જ દમામથી તારા પિતા દરબારમાં જતા હતા, અને રાજ્યમાં હાલ છે તે પુરોહિત કરતાં તે વધારે સન્માનિત હતા. તે ગુજરી ગયા અને તું ભણ્યો નહિ, એટલે આપણી અત્યારે આ દશા છે. જો તું ભણ્યો હોત તો અત્યારે પુરોહિતની પદવી પર હોત." આમ માતાએ કહેવાથી કપિલને પણ દુઃખ થયું અને તેણે માને કહ્યું કે "આ નગરમાં તો મને કોઈ ભણાવે તેમ નથી, તો હું કઈ રીતે ભણું?" માએ કહ્યું: "તારા પિતાના પરમ મિત્ર અને પંડિતશિરોમણિ શ્રાવસ્તી નગરીમાં રહે છે, તેની પાસે તું ભણવા જાય તો સારું." માતાની એ સલાહથી કપિલ શ્રાવસ્તી નગરીમાં આવ્યો અને પિતાના મિત્ર ઈન્દ્રદત્ત પંડિત પાસે તે ભણવા રહ્યો. તેણે ખંતપૂર્વક અભ્યાસ શરૂ કર્યો. જમવા વગેરેની સર્વ સગવડ પંડિતે પોતાને ત્યાં જ રાખેલી હતી.

અતિ પરિચયનું બેમાંથી એક પરિણામ આવે છેઃ કાંતો

ગુણ–સ્વભાવ મળતા આવે તો પરસ્પર રાગ બંધાય છે અને તેમ ન થાય તો પરસ્પર દ્વેષભાવ થાય છે. કપિલને પણ એમ જ થયું. પંડિતના ઘેર કોઈ એક દાસી રહેતી હશે તેની સાથે રાગબંધન થયું અને એ રાગબંધનથી બંને ભાન ભૂલ્યાં, મન ઉપરનો સંયમ ગુમાવ્યો અને બંને જણ વિષયાંધ બની અનાચરણી બન્યાં. પરિણામે સમય વીતતાં સ્ત્રી સગર્ભા બની. પ્રસૂતિ પ્રસંગનાં સાધન-સામગ્રી માટે સ્ત્રીએ માગણી કરી એટલે કપિલ મુંઝાયો. તે વખતે સ્ત્રીએ કહ્યું: "અહીંના રાજાને વહેલી સવારે સહુથી પ્રથમ જે આશીર્વાદ આપે છે, તેને રાજા બે માસા સોનું આપે છે, તો તમે વહેલા જઈ આશીર્વાદ આપો અને બે માસા સોનું લઈ આવો એટલે આ પ્રસંગની ચિંતા મટી જશે." કપિલે તે સ્વીકાર્યું અને પોતાની પહેલાં બીજા કોઈ બ્રાહ્મણ આશીર્વાદ આપી આવશે તો હું રહી જઈશ એ ચિંતામાં તે રાત્રે ઉંઘ્યો નહિ. રાત કેટલી ગઈ છે તેની ખબર ન પડવાથી લગભગ અર્ધી રાતે તે દરબાર ગઢ તરફ દોડ્યો. રસ્તામાં ચોકીયાતોએ તેને ચોર ધારીને પકડ્યો. સવારમાં કચેરી ભરાઈ ત્યારે તેને રાજા સમક્ષ ઊભો કર્યો. રાજાએ તેને પૂછ્યું: "અંધારી રાતે દોડ્યા જવાનું કારણ શું, અને ચોકીયાતના બોલાવવા છતાં જવાબ ન આપવાનું કારણ શું? જો તું સત્ય બોલશે તો તને શિરપાવ મળશે અને અસત્ય બોલશે તો શિક્ષા થશે." રાજા, ગુરુ, દેવ, માતપિતા, મિત્ર, શેઠ એમની પાસે કોઈ પણ સંયોગોમાં જુઠું ન જ બોલવું, એ નિયમને યથાર્થ જાણનાર કપિલે પોતાના જીવનની સર્વ હકીકત અને અહીં આવવાનું કારણ કહી સંભળાવ્યાં. સત્ય હકીકત જાણી રાજા કપિલ પર તુષ્યમાન થયા અને જે માગે

તે આપવાનું વચન આપ્યું; અને તે માટે વિચાર કરવા ચાર ઘડી સુધી રાજમહેલ પાછળના બગીચામાં બેસવાનું કહ્યું.

બગીચામાં જઇ કપિલ રાજાએ આપેલ વચનમાં શું માગવું તે વિચારવા લાગ્યો. બે માસા સોનામાંથી આગળ વધતાં ૧૦૦, ૫૦૦, ૧૦૦૦, લાખ, ક્રોડ અને છેવટે રાજાનું રાજ્ય માગી લઈ રાજાને ચાલ્યા જવાનું કહેવાનો નિશ્ચય કરી તે ઊભો થયો. પુનઃ તે જ વખતે તેના વિચારો બદલાયા. બે માસા સોના માટે અને તે સોનું પણ ઈન્દ્રિયના વિષયોની ગુલામીને પાળવા સારુ જોઇતા ધન માટે આવી પડતા દુઃખની તેને તે ક્ષણે વિચારણા થઈ આવી. પોતાના મનની ગુલામી માટે, ઈન્દ્રિયોની પરવશતા માટે, તૃષ્ણાના દુઃખદ પરિણામ માટે તેને ખેદ થવા માંડ્યો. પોતાની ભૂલ માટે થતા પશ્ચાત્તાપથી થોડી વારમાં જ કપિલ કેવળજ્ઞાની બન્યો. કેવળી કપિલમુનિ (દેવોએ આવીને મુનિનો વેશ જેને આપ્યો છે તેવા તે મુનિ) સાધુના વેશથી સજ્જિત થઇ, રાજકચેરીમાં આવ્યા.

રાજાએ કહ્યું કે " અરે કપિલ ! આ શું વેશ કાઢી આવ્યા ? અને શું માગવાનો નિશ્ચય કરી આવ્યા ?" જવાબમાં કપિલ મુનિએ સંસારની અસ્થિરતા, તૃષ્ણાની વિષમતા અને જીવનની અનિત્યતા સંબંધી ઉપદેશ આપ્યો. રાજા અને કચેરી માંહેના ઘણાને તે પ્રતિબોધ રૂચ્યો અને કપિલ કેવળી પાસે તેઓએ ચારિત્ર ગ્રહણ કરી આત્મકલ્યાણ કર્યું.

નમિ રાજર્ષિ

જમ્બૂ દ્વીપના ભરતક્ષેત્રમાં સુદર્શના નગરીમાં મણિરથ નામે રાજા હતો. તેની સ્ત્રી મદનરેખા હતી. રાજાનો ભાઇ યુવરાજ યુગબાહુ હતો તેની સ્ત્રીનું નામ મયણરેહા હતું. મયણરેહાના રૂપમાં મણિરથ અંધ બન્યો. તેને પોતાની કરવા તેણે અનેક યુક્તિઓ કરી, પણ નિષ્ફળતા મળી. મયણરેહા સગર્ભા હતી, તે વખતે મણિરથ રાજાએ નાના ભાઈ યુવરાજ યુગબાહુને માર્યો. સતી મયણરેહા શિયળરક્ષણ અર્થે નાઠી અને જંગલમાં જઈને રહી. ત્યાં તેને બાળકનો જન્મ થયો. એક વાર બાળકને તેના પિતાના નામની વીંટી પહેરાવી, લુગડાની ઝોળીમાં ઝાડની ડાળે રાખી, પોતે તળાવમાં સ્નાન કરવા ગઈ. પાછળથી મિથિલાનગરીનો રાજા પદ્મરથ વનક્રીડા અર્થે નીકળેલો, તેણે ઝાડની ડાળે ઝોળીમાં રાખેલા બાળકનું રૂદન સાંભળી તે બાળકને તે લેઈ ગયો, અને પોતાની મુખ્ય રાણીને સોંપ્યો. પોતે પુત્રજન્મ મહોત્સવ કર્યો. તે પુત્રના આવ્યા પછીથી ઘણા રાજાઓએ આવીને પદ્મરથનું સ્વામિત્વ સ્વીકાર્યું, તેથી પુત્રનું મયણરેહાને ગુણનિષ્પન્ન નામ નમિકુમાર પાડયું.

તળાવમાં નહાવા ગએલી સતી મયણરેહાને જળક્રીડા કરતાં હાથીએ અદ્ધર ઉછાળી, તેવામાં વિદ્યાધરે આવી તેને ઝીલી લીધી. તે વિદ્યાધર તેના પિતા જે મુનિ થયા હતા તેમના દર્શનાર્થે મયણરેહા સહિત ગયો. મુનિએ ધર્મદેશના આપી. દેશના સાંભળી સતી મયણરેહાની ઇચ્છાથી વિદ્યાધરે તેને મિથિલા નગરીમાં લાવી સુવ્રતા આર્યાજી પાસે મૂકી અને તેણે તે જ સાધ્વીજી પાસે દીક્ષા લીધી.

હવે નમિકુમાર યુવાન થયા. તેમના પિતાએ તેમને રાજ્ય કારભાર સોંપી પોતે દીક્ષા લઈ આત્મકલ્યાણ કર્યું. નમિરાજના મોટા ભાઈ ચંદ્રયશ સુદર્શના નગરીમાં રાજ્ય કરવા લાગ્યા. એક વખતે નમિરાજનો શ્વેત હસ્તી હસ્તીશાળામાંથી નાસી ગયો અને ચંદ્રયશના રાજ્યમાં આવ્યો. ચંદ્રયશે તેને પકડી પોતાની હસ્તીશાળામાં બાંધી દીધો. બંને ભાઈઓ સગ્ગા ભાઈઓ છે તે તેઓ જાણતા નહોતા.

નમિરાજે હાથીની ભાળ મેળવી ચંદ્રયશ પાસે પોતાનો હાથી મોકલાવી આપવાનો સંદેશો પાઠવ્યો. યુદ્ધ જાહેર થયું અને બન્ને બાજુનાં લશ્કરો ચડી આવ્યાં. દારૂણ યુદ્ધ જામ્યું. નમિરાજના હલ્લાથી ચંદ્રયશ નાઠો અને પોતાના શહેરમાં આવી ભરાઈ રહી અંદરથી યુદ્ધ કરવા લાગ્યો. નમિરાજે શહેર ફરતો ઘેરો ઘાલ્યો અને યુદ્ધ ચાલુ રાખ્યું.

સાધ્વી શ્રી મયણરેહાને બંને ભાઈઓના યુદ્ધની જાણ થઈ. વિનાકારણે હજારો નિર્દોષ મનુષ્યોનો સંહાર થતો અટકાવવા માટે બંને ભાઈઓને સમજાવવા તેમણે ગુરૂણીજીની આજ્ઞા માગી. ગુરૂણીજીએ આજ્ઞા આપી અને સાધ્વી મયણરેહા નમિરાજ પાસે આવ્યાં. નમિરાજ સાધ્વીજી પોતાની માતા છે તેમ જાણતા નહોતા, પણ સાધ્વીજી પોતા પાસે આવ્યાં છે એમ જાણી તેમનું નમિરાજે ખૂબ સન્માન કર્યું. સાધ્વીજીએ સંસારની અસ્થિરતા, યુદ્ધનાં પરિણામો અને પરિણામે દુર્ગતિનાં દુઃખો સમજાવ્યાં. પોતે કોણ છે અને નમિરાજ કોની સાથે લડાઈ કરી રહેલો છે તે પણ સમજાવ્યું. નમિરાજ સમજ્યા. યુદ્ધથી મન આળસ્યું, પણ હુંપણાનું થોડુંક ઝેર હતું,

તેથી પોતે પહેલાં ક્ષમા માગવા જવાને કબૂલ ન થયા. સાધ્વી મયણરેહા તેમના મનોભાવને જાણી ગયાં, એટલે તુર્ત જ પોતે ચંદ્રયશની પાસે ગયાં અને તેને સર્વ વાત કહી. ચંદ્રયશે પૂછ્યું: "મારો નાનો ભાઈ ક્યાં છે?" જવાબમાં સાધ્વીજીએ નમિરાજની ઓળખાણ આપી. એ ખબર સાંભળતાં જ પોતાના ભાઈને મળવા માટે હથીયારો મૂકીને ચંદ્રયશ દોડ્યો. નમિરાજને ખબર મળતાં તે પણ સામે આવ્યા. બંને ભાઈઓ ભેટ્યા અને પ્રેમાશ્રુ વહાવ્યાં. એ રીતે યુદ્ધ અટક્યું. ચંદ્રયશે નમિરાજને રાજ્ય ભળાવી પોતે ચારિત્ર લઈ આત્મકલ્યાણ કર્યું. નમિરાજ હજાર સ્ત્રીઓ પરણ્યા અને બંને રાજ્યોનું ન્યાયથી પાલન કરવા લાગ્યા.

એક વખતે નમિરાજના શરીરમાં દાહજ્વરની દારૂણ વ્યાધિ ઉત્પન્ન થઈ. શરીર દાહથી બળવા લાગ્યું. દાહને શાન્ત કરવા ચંદનનું વિલેપન વૈદે બતાવ્યું. એકી સાથે હજાર રાણીઓ ચંદન ઘસવા લાગી. ચંદન ઘસવાનું કામ થવા લાગ્યું, પણ સાથે બે હજાર હાથમાં રહેલાં કંકણોનો અવાજ એટલો બધો ઘોર બન્યો કે પરિણામે રાજાને અશાન્તિ વધી. મંત્રીને બોલાવી આ ઘોંઘાટ બંધ કરવાની તેમણે સૂચના કરી. મંત્રીએ એ ખબર રાણીઓને આપી. રાણીઓએ સૌભાગ્યચિહ્ન રૂપે એકેક ચૂડી-કંકણ હાથમાં રાખી બાકીનાં ઉતારી નાખ્યાં, અને ચંદન ઘસવાનું ચાલુ રાખ્યું, એટલે અવાજ બંધ થયો. રાજાએ ફરી મંત્રીને પૂછ્યું: "કેમ, ચંદન ઘસાતું બંધ થયું કે શું? મને દાહ ખૂબ થાય છે અને ચંદન ઘસવાનું કેમ બંધ કરાવ્યું?" જવાબમાં મંત્રીએ કહ્યું: "મહારાજ! ચંદન ઘસવાનું ચાલે છે; પણ અવાજ બંધ થવાનું કારણ તો સર્વ રાણીઓએ સૌભાગ્ય-

ચિહ્નની એકેકી ચૂડી રાખી બાકી સર્વ ઉતારી નાખી છે, એક હોય ત્યાં ઘોઘાટ ન જ થાય ને?"

આ સાંભળી પૂર્વ સુકૃત યોગે રાજાને એકત્વ ભાવના જાગી અને સમજાયું કે "જ્યાં બે છે ત્યાં જ બંધન છે, ત્યાં જ ઘોંઘાટ છે, ત્યાં જ અશાન્તિ હોય છે. તો આ વ્યાધિ મટે કે તુર્ત જ એકત્વ સ્વીકારવું."

થોડા દિવસોમાં વ્યાધિ મટ્યો, અને નમિરાજ રાજ્ય-કારભાર પુત્રને સોંપી પોતે દીક્ષા લઈ ચાલી નીકળ્યા. દીક્ષા લીધી તે વખતે તેમના વૈરાગ્યની પરીક્ષા કરવા અર્થે ઇન્દ્રલોકથી–પહેલા દેવલોકથી ઇન્દ્ર મહારાજ પોતે બ્રાહ્મણના વેશમાં આવ્યા, અને જુદા જુદા પ્રશ્નો પૂછી અનેક પ્રલોભનોની વાતો કરી. એ રીતે તેમના વૈરાગ્યની સ્થિરતાની ઇંદ્રે પૂરી કસોટી કરી. નમિરાજ વૈરાગ્યમાં સ્થિર હતા. તેમણે ઇન્દ્રને યોગ્ય જવાબ આપી નિરુત્તર બનાવ્યા.*

નમિરાજર્ષિએ ઇન્દ્રને જવાબો આપીને પોતે પોતાનું આત્મ-કલ્યાણ કર્યું.

---

* આ જવાબનું વિસ્તૃત વર્ણન ઉત્તરાધ્યયન સૂત્રના નવમા અધ્યયનમાં શ્રી વીતરાગકથિત ગાથાઓમાં છે. જેને કથારૂપે વાંચવું હોય તેણે સ્વ૦ વાડીલાલ મોતીલાલ શાહનું લખેલ "શ્રી નમિરાજ" નામનું પુસ્તક વાંચવું, અથવા પંડિત શ્રી સંતબાલનું ભાષાન્તર કરેલું શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર વાંચવું.

શ્રી હરિકેશી મુનિ

બ્રાહ્મણપુત્રે સંયમ પાળેલો હોવા છતાં, પૂર્વજન્મની ધર્મની દુગંચ્છાના પ્રભાવે ગંગા નદીના કિનારે બળકોષ્ટક ચાંડાલને ઘેર ગોરી નામની સ્ત્રીની કુખે તેણે પુત્રપણે જન્મ લીધો. સ્વભાવે ક્રોધી, શરીરે કુરૂપ અને માતાપિતાને પણ અપ્રિય એવા હરિકેશીને ઘરમાંથી હડધૂત કરી કાઢી મૂકવામાં આવ્યો. રસ્તે જતાં અળશીયાને બચાવતા અને સર્પને પકડી મારતા લોકોને જોઈ પૂર્વ જન્મના તપ-સંયમના પ્રભાવથી તેને ભાન થયું કે ક્રોધના પરિણામે માર ખાવો પડે છે અને ક્ષમાને પરિણામે રક્ષણ મેળવી શકાય છે. પછી તેને વૈરાગ્ય થયો અને જાતિસ્મરણ જ્ઞાન થયું. પરિણામે તેણે દીક્ષા લીધી.

માસમાસખમણનાં તપ કરી, પૂર્વ કર્મનો ક્ષય કરતાં હરિકેશી મુનિનું શરીર અતિ કૃશ બન્યું. મુનિપુંગવના તપના પ્રભાવથી આકર્ષાઈ તિન્દુક નામે યક્ષ મુનિના સેવક તરીકે રહી સેવા કરવા લાગ્યો. એક વખતે એ જ યક્ષના મંદિરના ઘુમ્મટમાં મુનિ એકાગ્ર ધ્યાનથી ઊભા રહી ધ્યાન ધરતા હતા, અને ધ્યાનમાં એવા નિમગ્ન હતા કે પોતાની આસપાસ શું બને છે તે પણ તે જાણતા ન હતા. એ વખતે કૌશલ રાજાનાં પુત્રી કુમારી ભદ્રા પોતાની સખીઓ સાથે એ યક્ષના મંદિરે આવ્યાં અને દેવપૂજન વગેરે કરી ક્રીડા કરવા લાગ્યાં. બીજી સખીઓએ દેવળના ઘુમ્મટમાં રહેલા એકેક થાંભલાને “ આ મારો વર ! આ મારો વર !” એમ કહી દરેકે એક એક થાંભલાને બાથ ભીડી લીધી. રાજકુમારીએ ભૂલમાં હરિકેશી મુનિને થાંભલો માની ‘ આ મારો વર ’ એમ કહી બાથ ભીડી.

બીજી સખીઓ હસીને કહેવા લાગી કે, " અમારો વર તો ખોટો, પણ કુંવરીબાનો વર તો સાવ સાચો !"

કુંવરીએ ઉંચે જોયું તો મુનિને દીઠા, તેથી પોતે ક્ષોભ પામી. શરમીંદી થઈને તે મુનિની નિર્ભર્ત્સના કરવા લાગી. પોતાના પૂજ્ય ગુરૂદેવનો તિરસ્કાર થતો જોઇ તિન્દુક યક્ષ કોપાયમાન થયો, અને કુંવરીને મૂર્ચ્છિત કરી દીધી. કુંવરીને મૂર્ચ્છિત જોઈ સાથેની સખીઓએ જઈ રાજાને ખબર આપી. રાજા પરિજન સાથે યક્ષના મંદિરે આવ્યા. મુનિ પાસે તેમણે ક્ષમાયાચના કરી. ધ્યાનસ્થ મુનિના શરીરમાં યક્ષે પ્રવેશ કરી તે કુંવરીને પોતાને (સાધુને) પરણાવવાની માગણી કરી. કુંવરીને જીવતી રાખવાની ઇચ્છાથી મુનિની તે માગણી રાજાએ દુઃખી દિલે કબૂલ કરી, અને એ જ વખતે લગ્નક્રિયા શરૂ કરી. મંગળ ફેરા ફરતી વખતે મુનિના શરીરમાંથી યક્ષ નીકળી ગયો, એટલે મુનિએ 'પોતાને સ્ત્રીનો સ્પર્શ પણ ત્યાજ્ય છે, અને આ કામ પોતાનું નહિ પણ યક્ષનું હશે' એમ સત્ય સમજાવી કુંવરીને દૂર કરી. મુનિને અર્પણ થએલી કન્યા બીજો કોઈ ન લે, અને જે બીજાને ન ખપે તે બ્રાહ્મણને ખપે, એમ વ્યવહાર ચાલતો હોઈ તે રાજકન્યાને સોમદેવ નામના બ્રાહ્મણ સાથે પરણાવી. કન્યાની શુદ્ધિ અર્થે બ્રાહ્મણવાડામાં બ્રાહ્મણોએ યજ્ઞ આદર્યો. સેંકડો મનુષ્યોએ યજ્ઞક્રિયામાં ભાગ લીધો. એ જ વખતે માસખમણના તપના પારણે તે જ યજ્ઞમંડપ પાસે મુનિ હરિકેશી ભિક્ષાર્થે પધાર્યા. બ્રાહ્મણોએ તેમને તિરસ્કાર્યા અને છેવટે પોતાને ત્યાં અસ્ત્ર અને શસ્ત્રવિદ્યાનો અભ્યાસ કરતા ક્ષત્રિય પુત્રો તથા અન્ય વિદ્યાર્થીઓને ઉશ્કેરી મુનિને મારવા મોકલ્યા. બધા વિદ્યાર્થીઓ હરિકેશી મુનિને મારવા આવ્યા,

તે જ વખતે સદાકાળ સેવામાં હાજર રહેતા યક્ષે તે સર્વ વિદ્યાર્થીઓને લોહી વમતા કરી દીધા અને બેભાન કરી ભોંયે પછાડયા.

આ વખતે રાજકન્યા શું કહે છે, બ્રાહ્મણ સાથે મુનિને શું ચર્ચા થાય છે, વગેરે સર્વ હકીકત વિસ્તારપૂર્વક શ્રી વીતરાગ દેવે મૂળ અધ્યયનમાં કહેલી છે. વિશેષ હકીકત જાણવા માટે તે અધ્યયનનો અભ્યાસ કરવો.* અનેક પ્રકારની દુષ્કર તપશ્ચર્યા કરી હરિકેશી મુનિ પરમ પદના જ અધિકારી બન્યા.

પરમ પદના અધિકારી બનવામાં કોઈ પણ જ્ઞાતિ, સમાજ, દેશ, કુળ, વગેરે આડાં નથી આવતાં. હરિકેશી મુનિ ચાંડાલ કુલમાં જન્મ્યા હતા, પરન્તુ આત્માની નિર્મળતા સાધવાથી તે મોક્ષ પામ્યા. કુળનો મદ કરવો એ પણ એક પ્રકારની વાસના છે, અને જ્યાં વાસના છે ત્યાં મુક્તિ–કર્મથી મુકાવાપણું નથી.

ચિત્ત મુનિ

પુરીમતાલપુર નગરમાં ધનપતિ શેઠના પુત્ર ચિત્તકુમાર સર્વાંગસુંદર, પાંચે ઇન્દ્રિયે પૂર્ણ, સર્વ વૈભવ અને સર્વ સમૃદ્ધિ-યુક્ત સુખવિલાસ ભોગવતા હતા. એકદા સંતમહાત્માના ઉપ-દેશમાં સંસારની અસ્થિતાનો એક શ્લોક સાંભળી ચિત્તને પૂર્વ ભવનાં તપ અને યોગના પ્રબળ સંસ્કારના યોગે તાત્કાલિક વૈરાગ્ય ઉત્પન્ન થયો. માતાપિતા અને સંબંધી જનોની અ-

* ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન બાર.

નુજ્ઞા મેળવી ચિત્તકુમારે ચારિત્ર ગ્રહણ કર્યું. દીક્ષિત થ પછી ચિત્ત મુનિએ દુષ્કર તપશ્ચર્યાદિ ચારિત્રના પ્રભાવથી અ જાતની લબ્ધિઓ અને અવધિજ્ઞાન વગેરે પ્રાપ્ત કર્યાં. દેશદેશ ન્તર વિચરતાં તેઓશ્રી કાંપિલ્યપુરના બહારના બગીચામાં અ ઊતર્યા. એક વખતે બગીચાનો માળી ક્યારામાં પાણી પા

आसि दासा मिगा हंसा चांडाला अमरा जहा

એવો અર્ધો શ્લોક વારંવાર બોલતો, તે મુનિએ સાંભળ્યો અ પોતાના જ્ઞાનબળથી સર્વ પરિસ્થિતિ સમજ્યા. માળીને બોલા મુનિએ કહ્યું: “ભાઈ, અર્ધો શ્લોક વારંવાર કેમ બોલ્યા છે? પૂરો કેમ બોલતો નથી?” જવાબમાં માળીએ ક “અમારા ચક્રવર્તી રાજા બ્રહ્મદત્તે આ અર્ધો શ્લોક આ રાજ્યને શીખવાડ્યો છે, અને રાજ્યમાં ઢંઢેરો ફેલાવ્યો છે જે કોઈ આ શ્લોક પૂર્ણ કરી આપે તેને અર્ધ રાજ્ય આ આ હુકમ ઉપરથી આ અર્ધો શ્લોક હું એક નહિ પણ લ ભગ બધાએ બોલ્યા કરે છે.”

મુનિએ માળીને કહ્યું કે “મારે રાજ્ય જોઈતું નથી, પ તને ઉત્તરાર્ધનો શ્લોક હું પૂરો કરી આપું, અને જઈને તે આખો શ્લોક રાજાને સંભળાવજે.” એમ ક મુનિએ શ્લોક પૂરો કરી આપ્યો. માળીએ રાજાની કચેરીમાં કહ્યું કે “આપે શીખવાડેલ અર્ધો શ્લોક હું આપને આ સંભળાવું.” ચક્રવર્તીની રજાથી માળી પ્રથમનાં બે પદ કહી

इमाणे छट्ठिया जाइ, अन्नमन्नेण जाविणा.

એ પ્રમાણે શ્લોકનો ઉત્તરાર્ધ બોલ્યો. તે સાંભળતાં ચક્રવર્તી રાજાને મૂર્છા આવી. કચેરીમાં બેઠેલાઓએ માળ પકડી શિક્ષા કરવાની તૈયારી કરી. થોડી વારે રાજાની મૂર્છા

ત્યારે ચક્રવર્તીએ માળીને પૂછ્યું: "આ શ્લોક તેં પોતે પૂરો કર્યો છે?" માળીએ જવાબમાં મુનિનું નામ આપ્યું.

માળીને છૂટો કરી ઈનામ આપવાનું કહી રાજા પોતે બગીચા ભણી દોડ્યા. બગીચામાં જઇ મુનિને મળ્યા અર્થાત્ પોતાના આગળના પાંચ ભવના સંગાથી ભાઈને મળ્યા. મુનિને વંદન કરી પોતે પૂછ્યું: "મહારાજ! આપણે—

પે'લા હતા દાસપણે દ્વિબંધુ,
બીજે મૃગો પર્વતશ્રેણી માંહે;
હંસો ત્રીજે ને ચાંડાલ ચોથે,
ને પાંચમે દેવભવેય સાથે.

પહેલા ભવમાં દશાર્ણ દેશમાં આપણે દાસપણે સાથે હતા, બીજે ભવે કાલિંજર પર્વત પર મૃગપણે બંને સાથે હતા, ત્રીજે ભવે ગંગાનદીને કીનારે હંસપણે બંને સાથે હતા, ચોથે ભવે કાશીભૂમિમાં ચાંડાલપણે બંને ભાઈ સાથે રહ્યા, અને પાંચમે ભવે દેવ થયા. એ પાંચે ભવ સાથે રહ્યા, પણ છઠ્ઠા ભવમાં કયા કારણે જૂદા પડ્યા? એવો કયો દોષ થયો કે છઠ્ઠા ભવમાં આપણે બંને ભાઈઓ છૂટા પડ્યા? એ કારણ મને સમજાવો."

જવાબમાં મુનિએ કહ્યું કે "ચોથા ભવમાં આપણે ચાંડાલ કુળમાં હતા ત્યારે ત્યાંના રાજાના મંત્રી નમુચીએ રાજ્યના અંતઃપુરમાં વ્યભિચારનો ગુન્હો કર્યો, તેથી રાજાએ એ નમુચીને મારી નાખવા આપણા પિતા ચાંડાલને હુકમ કર્યો, અને તે હુકમ અનુસાર આપણા પિતા નમુચીને વધભૂમિએ લઇ ગયા. નમુચીએ જીવિતદાન દેવાની યાચના કરી, તે વખતે આપણ

એ ભાઈને ભણાવવાની શરતે રાજાના એ ગુન્હેગાર નમુચી મંત્રીને આપણા પિતાએ બચાવ્યો, અને આપણને ભોંયરામાં રાખીને તેણે ભણાવ્યા. ત્યાં પણ નમુચી અનાચારી થવાથી પિતા કોપ્યા અને આપણે એને બચાવ્યો. તે નાસી હસ્તીનાપુરમાં આવી પોતાના બુદ્ધિબળથી સનત્કુમાર ચક્રવર્તીના સેંકડો મંત્રીઓનો ઉપરી મહામંત્રી બન્યો. આપણે બંને ભાઇઓ લોકોના અનાદરથી દુઃખિત થઇ, મરવાનો નિશ્ચય કરી, ઝંપાપાત ખાવા ગયા, ત્યાં જૈન મુનિએ અટકાવ્યા, ધર્મ સમજાવ્યો અને પરિણામે દીક્ષા લીધી. તપશ્ચર્યા કરતાં માસખમણને પારણે હસ્તીનાપુરમાં આવ્યા. ત્યાં નમુચીએ આપણને જોયા, પોતાનાં પાપાચરણને આ સાધુવેશમાં આવેલા ચાંડાલ પુત્રો ખુલ્લા કરશે તો પોતાની પ્રતિષ્ઠાને હાનિ પહોંચશે એવી બીકથી રાજ્યના ચોકીઆતો પાસે આપણને બહુ જ અપમાનિત કરી પારણા માટે ભિક્ષા પણ કરવા દીધા વિના શહેરબહાર કાઢ્યા. તે વખતે મેં તો સમતા રાખી પણ તમારાથી સમતા ન રહી. તપશ્ચર્યાના પ્રભાવથી ઉત્પન્ન થએલ લબ્ધિ જીરવાઇ નહિ. ક્રોધનો અતિરેક થયો, તેજુ લેશ્યા પ્રકટી, મ્હોડામાંથી ધુમાડાના ગોટા નીકળવા લાગ્યા. મેં તમને ઘણું સમજાવ્યા છતાં તમે ન સમજ્યા. ચક્રવર્તી સનત્કુમારને એ વાતની જાણ થઇ. મુનિઓનો ક્રોધ કરોડો મનુષ્યોનો નાશ કરી શકે છે, એવા ભયથી ચક્રવર્તી દોડ્યો. સ્ત્રીરત્ન વગેરે રાણીઓ પણ આવી તેઓ આપણને વંદન કરી, તમને વારંવાર ખમાવવા લાગ્યાં. ચક્રવર્તીની ઋદ્ધિ, રાણીઓ વગેરેને જોઈ ને તમારા અંતરમાં ભારેલા અગ્નિની પેઠે દબાઈ રહેલી ભોગવિલાસની લાલસા બહાર નીકળી અને છેવટે અનંત જન્મ-મરણની બેડીઓને

તોડી નાખનાર તપસંયમના ફળને ભોગવિલાસ–સ્થૂલ ઇંદ્રિય-જન્ય સુખમાં વેચી નાખ્યું ! તમે હારી ગયા અને ચક્રવર્તીની ઋદ્ધિ મેળવવાનું નિદાન કર્યું. આપણે બંનેએ અનશન કરી, ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી, પાંચમે ભવે દેવપણે સાથે ઉત્પન્ન થયા. આ છઠા ભવને વિષે હું પુરિમતાલમાં સર્વ સુખસમૃદ્ધિ-વાળા સ્થળે ઉત્પન્ન થયો અને જે કાંઈ થોડાક કર્મના અવશેષો આત્માને વળગી રહ્યા છે, તે સર્વને દૂર કરવા અને આત્માને પોતાના મૂળ સ્વરૂપમાં જોડી દેવા મેં આ સંયમમાર્ગ ગ્રહણ કરેલ છે, અને આસક્તિને બંધને બંધાએલા તમે ચક્રવર્તી-પણાને પામ્યા છો."

આ પ્રમાણે મુનિવરે છ ભવનું વર્ણન કરી બ્રહ્મદત્તને સંસાર, વિષયો, વગેરેથી વિરક્ત થવાને ઘણો ઉપદેશ આપ્યો, પણ તેની કાંઈ અસર થઈ નહિ. (એ ઉપદેશ શ્રીઉત્તરાધ્યયન સૂત્રના ૧૩ મા અધ્યયનમાં છે.)

ચિત્ત મુનિ તપશ્ચર્યાદિ દુષ્કર ક્રિયા કરી, આત્માને સર્વ કર્મથી રહિત કરી, આયુષ્ય પૂર્ણ કરી, પરમ પદને પામ્યા–સિદ્ધ થયા.

ઇષુકારાદિ છ ભવ્યાત્માઓ

ઇષુકાર નગરના ઇષુકાર નામે રાજાને ઘેર કમળાવતી નામે રાણી હતી. એ રાજાને ભૃગુ નામે બ્રાહ્મણ પુરોહિત (મંત્રી) હતો અને તેને ઘેર યશોદા નામે સ્ત્રી હતી. ભૃગુ પુરોહિતની મોટી ઉંમર થવા આવી છતાં ઘેર સંતાન ન હોવાના કારણે બંને માણુસો નિરંતર ખેદ કર્યાં કરતાં હતાં. એક વખતે દેવે

આવીને ભૃગુ પુરોહિતને કહ્યું કે “ તમારે ઘેર બે પુત્ર ઉત્પન્ન થશે, તમે ચિંતા ન કરો; પણ એ પુત્રો નાની વયમાં જ દીક્ષિત બની આત્મકલ્યાણ કરશે. ” પુત્ર થવાની વધામણીથી પુરોહિત રાજી થયો.

સમય વીતતાં જે દેવોએ પુરોહિતને ઘેર પુત્રો થવાની વધાઈ દીધી હતી તે જ બે દેવો દેવનું આયુષ્ય પૂર્ણ કરી યશોદાની કુખે આવી ઉત્પન્ન થયા અને યથાસમયે યશોદાએ બે પુત્રોને જન્મ આપ્યો. પુરોહિત પ્રસન્ન થયો. જ્યારે પુત્રો યોગ્ય ઉંમરના એટલે સમજણા થયા ત્યારે તેમના મનમાં તેમના પિતાએ એક ભય ઘુસાડી દીધો કે “ જૈન સાધુઓનો પરિચય કરશો નહિ. તેઓ નાની ઉંમરના છોકરાઓને ભોળવી લઇ જઇ, મારી નાખે છે.” એથી મરણના ભયથી તે બંને બાળકો હમેશાં ભયભીત રહેવા લાગ્યા.

એકદા કોઇ તપસ્વી મુનિઓ ભૃગુ પુરોહિતના જ લત્તામાં આવી ચડ્યા. બંને પુત્રો બહાર ફરવા ગયા હતા, એટલે ભૃગુ પુરોહિતે મુનિઓને ભક્તિભાવથી આહાર વહોરાવી પછી મુનિઓને વિનંતિ રૂપે (પ્રપંચથી) કહ્યું કે, “મહારાજ! આપ જલદીથી આ ગામ છોડી વિહાર કરી જાઓ. આહારપાણી ગામ બહાર જઇને જ કરજો, કારણકે મારા બે પુત્રો બહુ જ ઉદ્ધત છે, એટલે તેઓ કદાચ આપને અશાન્તિ ઉપજાવશે. ”

મુનિઓ પુરોહિતની વાત સાચી માની, ગામમાંથી આહારાદિ લઈ પોતાના નિમિત્તે બીજા કોઈને કલેશ થવાનું કારણ ન બને એવા શુભ હેતુથી ગામમાંથી વિહાર કરી ગયા. ગામ બહાર નીકળ્યા પછી પુરોહિતના બે પુત્રો સામા મળ્યા. પુત્રો મુનિને જોઈને બ્હીના. તેઓ પાછા નાઠા અને

રસ્તામાં એક જબરદસ્ત વડવૃક્ષ આવતાં તેની પર ચડી ગયા તથા પાંદડાંની ઘટામાં સંતાઈ ગયા. મુનિઓ પણ એ જ વડ નીચે આવી અનુકૂળ જગ્યો જાણી ત્યાં જ આહાર કરવા બેઠા.

પ્રથમ તો વડમાં છુપાએલા બંને ભાઇઓ ભય પામ્યા પણ જ્યારે મુનિઓને નિર્દોષ આહાર કરતા દીઠા, ત્યારે પોતે વિચાર કરવા લાગ્યા કે "આવું આપણે આગળ ક્યાંક જોએલ છે." એવું વિચારતાં જાતિસ્મરણ જ્ઞાન થયું, અને પોતે આગળના જન્મમાં સાધુપણું પાળેલું અને તેના પ્રભાવે પોતે દેવ થયેલા અને હજુ થોડો કર્મમેલ બાકી રહી ગએલો તે ધોઈ નાખવા માટે જ આ જન્મ ધારણ કરેલો છે, તે સર્વ તેમના જોવા-જાણવામાં આવ્યું.

તુર્ત જ વડથી નીચે ઊતરી તેમણે મુનિઓને વંદન કર્યું, પોતે કરેલ અશુભ કલ્પના માટે ક્ષમાયાચના કરી, અને પછી ચારિત્ર લેવા અભિલાષા બતાવી. મુનિએ માતા-પિતાની અનુજ્ઞા વિના ચારિત્ર ગ્રહણ ન કરી શકવાનું કહ્યું. બંને ભાઈઓ માતાપિતા પાસે આવી ચારિત્ર અંગીકારવાની અનુજ્ઞા આપવા કહ્યું. માતાપિતાએ ઇન્દ્રિયજન્ય સુખોની અનેક લાલસાઓ–અનેક પ્રલોભનો બતાવ્યાં. ચારિત્ર ધર્મની મુશ્કેલીઓ કહીને ભય બતાવ્યો. એ સર્વનો યોગ્ય જવાબ બંને ભાઈઓએ આપ્યો તથા સંસારની–જીવનની અસ્થિરતા-ક્ષણભંગુરતા માતાપિતાને સમજાવી અને તેમને પણ આ સળગતા ઘર જેવા સંસારની પ્રવૃત્તિનો ત્યાગ કરવા કહ્યું, સાચા વૈરાગ્યનું સ્વરૂપ સમજાવ્યું. પરિણામે ભૃગુ પુરોહિત અને યશોદા બંને વૈરાગ્યવાસિત થઈ, ચારે જણ મુનિવર પાસે જઇ ચારિત્ર લેવા માટે ઉદ્યુક્ત થયાં. ધનલોભી રાજાએ, ધન

માલથી ભરેલા ઘરને ત્યજી ભૃગુપુરોહિત, તેની સ્ત્રી અને બંને પુત્રો ચાલી નીકળ્યાના ખબર જાણી, તુર્ત જ પોતાના સેવકોને મોકલી, તે ધન માલ બધુંએ રાજદરબારમાં મંગાવી લેવા હુકમ કર્યો, અને હુકમનો અમલ પણ તુર્ત જ થયો. ધનથી ભરેલાં ગાડાં એક પછી એક ભૃગુ પુરોહિતના ઘેરથી ચાલી આવવા લાગ્યાં, તેથી ધૂળ બહુ ઊડી. એ ઊડેલી ધૂળથી વ્યાકુળ બની રાણી કમળાવતીએ એટલી બધી ધૂળ ઊડવાનું કારણ પૂછ્યું. નોકરોએ તેમને સર્વ હકીકત જણાવી. રાણીએ પુરોહિત, તેની સ્ત્રી અને તેના બે પુત્રોના વૈરાગ્યની વાત સાંભળી, અને ક્ષણભર તે આશ્ચર્યથી દિગ્મૂઢ બન્યાં, અને તુર્ત જ આત્મદશા જાગૃત થઈ તથા મોહવાસના તૂટી ગઈ. રાણી મહેલથી નીચે ઊતરી રાજા પાસે આવી. પુરોહિતે છાંડી દીધેલું ધન ન સંગ્રહવા, ન લઈ આવવા અને ધન, રાજ્ય-વૈભવ, સંસાર, બધુંએ અસ્થિર, અશાશ્વત અને જન્મ જરા મરણને વધારનારાં છે, તે સ્પષ્ટપણે રાજાને સમજાવ્યું.

પ્રથમ તો રાજાને રાણીનાં વચનો બહુ અપ્રિય અને દુઃખદ જણાયાં, પણ છેવટે તે પણ સત્ય સ્વરૂપને સમજ્યા, અને એ જ વખતે પૂર્ણ વૈરાગ્યથી વાસિત થઈ રાજા-રાણી ચારિત્ર લેવા ચાલી નીકળ્યાં.

છએ જીવાત્માઓ મુનિ પાસે પૂર્ણ વૈરાગ્યથી ચારિત્ર લઈ, ઉત્કૃષ્ટ ભાવથી સંયમ પાળી, દુષ્કર તપ કરી, સર્વ કર્મનો ક્ષય કરી, પરમ પદ પામ્યા. તેઓ સર્વ કર્મનો અંત કરી શાશ્વત સુખના ભોક્તા બન્યા.

આ છ જીવોના વૈરાગ્યનું તથા ઉપદેશનું સંપૂર્ણ વર્ણન શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનમાં છે.

સંયતિ રાજર્ષિ

કાંપીલ્યનગરના સંયતિ રાજા જીભના સ્વાદને કારણે માંસાદિમાં આસક્ત થઇને અનેક શિકારીઓ સાથે જંગલમાં મૃગયા માટે નીકળી પડ્યા હતા. પોતે અને સાથેના શિકારીઓ નિર્દય ભાવે અનેક નિર્દોષ પશુઓના દેહને પોતાનાં શસ્ત્રોવડે વિંધી આનંદ માનતા હતા જ્યારે વિંધાયેલા પશુઓ વેદનાથી તરફડતા હતા. એક હૃષ્ટપુષ્ટ મૃગલા પાછળ રાજા પોતે પડ્યા અને એ મૃગલાને બાણથી વીંધ્યો. બાણ સહિત મૃગલો ભાગતો ભાગતો કાંપીલ્યકેસર ઉદ્યાનમાં ધ્યાનસ્થ રહેલા સંયમી તપસ્વી ગર્દભાલ મહાત્મા પાસે આવીને તેમના પગ પાસે. પડ્યો. પૂરપાટ ઘોડો દોડાવતા રાજા સંયતિ એ મૃગને પકડવા માટે મુનિ પાસે આવી ચડ્યા. મુનિવર અત્રે ઊભા છે એની એને ખબર ન હતી. અકસ્માત્ પોતે ત્યાં આવી ચડ્યો એથી રાજાના મનમાં ક્ષોભ થયો. રાજાએ માન્યું કે આ મૃગ મુનિનો પાળેલો છે અને મુનિના મૃગને મેં માર્યો છે, એટલે મુનિ મારા પર ગુસ્સો કરશે અને તેના પરિણામે મારો અને મારા આખા રાજ્યનો નાશ કરી નાખશે.

પોતાના જિહ્વારસના શોખને ખાતર કરેલ નિર્દોષ પશુની હિંસાથી રાજાને મનમાં ખૂબ ભય ઉત્પન્ન થયો. ઘોડા પરથી હેઠે ઊતરી મુનિના ચરણમાં મસ્તક નમાવી દીન ભાવે તેણે મુનિ સામે હાથ જોડ્યા, અને જાણે પોતાના અપરાધની ક્ષમાયાચના કરતો હોય તેમ દીન વદને રાજા હાથ જોડી ઊભો. મુનિવર ધ્યાનસ્થ હતા, તેમને હજુ આ પ્રસંગની કાંઈ પણ ખબર ન હતી, એટલે તે કાંઇ પણ બોલ્યા નહિ. પણ જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ રાજાના અંતરમાં મુનિ તર-

ફનો ભય વધતો ગયો. વખત થયે મુનિએ ધ્યાન પૂરું કર્યું. રાજાએ પોતાની ઓળખાણ આપી અને અપરાધની ક્ષમા યાચી, પોતાને ભયમુક્ત કરવા વિનવ્યા. જવાબમાં મુનિએ કહ્યું:

अभिओ पत्थिवा तुब्भं अभयदाया भवाहि य,
अणिच्चे जीवलोयंमि, किं हिंसाए पसज्जसि.

અર્થાત્—હે રાજન્! મારા તરફથી તને અભય છે, અને જેવી રીતે મારા તરફથી તને અભય મળે છે તેવી રીતે તું પણ બીજા સર્વને અભય આપનારો થા! આ લોકના અનિત્ય જીવનમાં બીજાની હિંસા કરવાથી લાભ શું?

એમ કહી મુનિએ દયા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનું સ્વરૂપ સમજાવી રાજાને ધર્મ ઓળખાવ્યો અને મનુષ્યજીવનનું કર્તવ્ય પણ સમજાવ્યું. ઉપદેશ શ્રવણ કરી, વૈરાગ્યવાન બની, પોતાના માણસો જે પાછળથી ત્યાં આવી પહોંચ્યા હતા તેમને રાજમુકુટ વગેરે સોંપી દઇ, પોતે તપોનિધિ મુનિવર્ય શ્રી ગર્દભાલ આચાર્યના શિષ્ય થયા, અને ત્યાં જ દીક્ષા લઈ મુનિની ચરણોપાસના કરવા લાગ્યા.

ગુરૂની સેવામાં કેટલોક વખત રહી જ્ઞાનાભ્યાસ કરી ગુરૂની અનુજ્ઞા મેળવી સંયતિ રાજર્ષિ એકલા જનપદ દેશમાં વિહરવા લાગ્યા. એક વખતે વિહાર કરતાં કોઇ સ્થળે ક્ષત્રિય રાજર્ષિ જ્ઞાની તપસ્વી મુનિવર મળ્યા, અને એક બીજાનાં નામ, ગુરૂ આદિકનાં નામ, વગેરે પૂછી જ્ઞાન ચર્ચા કરવા લાગ્યા. ક્રિયાવાદી, અક્રિયાવાદી, વિનયવાદી અને અજ્ઞાનવાદી વગેરે મતોનું વર્ણન, તેના ભેદોપભેદો વગેરેની ચર્ચા કરવા લાગ્યા.*

---

* ક્રિયાવાદી વગેરેનું વિશેષ વર્ણન જાણવાની જિજ્ઞાસાવાળાએ શ્રી સૂયગડાંગ સૂત્રમાં આર્દ્ર કુમારનો અધિકાર જોવો.

કેવા કેવા મહાપુરૂષોએ સંસારપ્રવૃત્તિનો ત્યાગ કરી આત્મ-કલ્યાણ કર્યાં છે, તેનાં નામ વગેરેનું વર્ણન કરવા લાગ્યા.

દસ ચક્રવર્તીઓ

વળી દસે ચક્રવર્તી, રાજ્ય રમણી ઋદ્ધિ છોડ,
દસે મુગતે પહોંત્યા, કુલ ને શોભા ચોડ. ૧૯

*　　*　　*

(૧) ચક્રવર્તી ભરત

અયોધ્યા (વિનીતા) નગરીના શ્રી ઋષભદેવ (આદિનાથ) ના પુત્ર ભરત મહારાજા ચક્રવર્તી પદવીને પામ્યા. ભરતક્ષેત્ર (છ ખંડ) આખાના સ્વામી, જેમની સેવામાં ૧૪ રત્ન, ૯ નિધાન, ૬૪ હજાર સ્રી, ૧૬ હજાર દેવો નિરંતર રહે, ૩૨ હજાર મુકુટબંધ રાજા જેમના તાબામાં રહે, ૮૪ લાખ હાથી, ૮૪ લાખ ઘોડા, ૮૪ લાખ રથ, ૯૬ ક્રોડ પાયદળ, ૭૨ હજાર પાટણ (મોટાં નગર), ૯૬ ક્રોડ ગામ, એવી અપૂર્વ સંપદા જેની છે તે ભરત રાજા અરિસાભુવનમાં એક વાર આભૂષણ પહેરતા હતા. હાથમાં મુદ્રિકા ન હોવાથી હાથ અડવો લાગ્યો, અને તે ઉપરથી વિચાર થયો કે મારું આ શરીર તો પર વસ્તુથી જ સુંદર દેખાય છે, તો પછી એમાં મારી મહત્તા શી ? બસ, એ વિચારથી રાજા અનિત્ય ભાવનાએ ચડ્યા. પરિણામે એ જ અરિસાભુવનમાં કૈવલ્ય જ્ઞાન-કૈવલ્ય દર્શન પ્રાપ્ત કરી ૧૦ હજાર મનુષ્યો સાથે દીક્ષા લઈ અનેક ભવ્યાત્માને માર્ગ-દર્શક બની શરીરના આયુષ્યની પૂર્ણતાએ પરમ પદ પામ્યા.

---

(૨) સગર ચક્રવર્તી

અયોધ્યાના નગરીના ઇક્ષ્વાકુ વંશના જિતશત્રુ અને સુમિત્ર બે ભાઈ હતા. જિતશત્રુ રાજાને ત્યાં વિજયાદેવી રાણી અને સુમિત્ર યુવરાજના ઘેર યશોમતી નામે રાણી હતાં. વિજયારાણીને ૧૪ મહાસ્વપ્ન આવ્યાં અને શ્રી અજિતનાથ (બીજા તીર્થંકર) પ્રભુ જન્મ્યા, અને યશોમતીને ૧૪ મહાસ્વપ્ન આવ્યાં અને સગર નામે ચક્રવર્તી જન્મ્યા. (અજિતનાથ પ્રભુના જીવનની હકીકત તીર્થંકરોનાં ચરિત્રોમાંથી જોઈ લેવી.)

સગરકુમાર મોટા થયા. બંનેના વડીલોએ અજિતકુમારને રાજાપદવી અને સગરકુમારને યુવરાજ પદવી આપી, અને પોતે દીક્ષા લઈ આત્મકલ્યાણ કર્યું. સમય વીત્યે અજિતનાથ પ્રભુએ પણ સગરકુમારને રાજ્ય સોંપી પોતે આત્મકલ્યાણ કર્યું. સગર રાજા ચક્રવર્તી થયા. ભરત ચક્રવર્તી જેટલી જ સંપદા તે પામ્યા. સગર ચક્રવર્તીને ત્યાં ૬૦ હજાર કુમાર થયા. મોટા જન્હુકુમાર હતા. બધા ભાઈઓ સાથે મળી ગંગા નદીનો પ્રવાહ વાળવા ગયા. વ્યંતર દેવે વાર્યા છતાં તે ન વળ્યા, પરિણામે દેવ કોપ્યો અને એક જ ઝપાટે ૬૦ હજાર ભાઈઓનો તેણે નાશ કર્યો. ૬૦ હજાર પુત્રોના નાશના ખબરથી સગર ચક્રવર્તીને ભારે દુઃખ થયું. પછી દેવ અને શ્રી અજિતનાથ પ્રભુના ઉપદેશથી વૈરાગ્ય પામી દીક્ષા લઈ આત્મકલ્યાણ કર્યું.

---

(૩) મઘવ ચક્રવર્તી

સાવત્થી નગરીના સમુદ્રવિજય રાજાના પુત્ર મઘવ નામે ત્રીજા ચક્રવર્તી થયા. સર્વ સંપદા ભરત મહારાજા જેવી

પામ્યા. છેવટે પુત્રને રાજ્ય ભળાવી દીક્ષા લઈ કેવળ જ્ઞાન પામી ચરમ પદ પામ્યા.

---

(૪) સનત્ કુમાર ચક્રવર્તી

હસ્તિનાપુર નગરના અશ્વસેન રાજાના પુત્ર શ્રી સનતકુમાર મોટી ઉંમરે ચક્રવર્તી થયા. ભરત મહારાજા જેવી સંપદા પામ્યા. સંપદામાં તે બીજા ચક્રવર્તીઓ જેવા જ હતા, પણ રૂપમાં સર્વથી અધિક હતા. એક વાર સૌધર્મ દેવલોકમાં ઇન્દ્ર મહારાજે કચેરી વચ્ચે સનતકુમાર ચક્રવર્તીના રૂપનાં ખૂબ વખાણ કર્યાં. તે સભામાં બેઠેલા સંખ્યાબંધ દેવો માંહેના બે દેવોને ઇન્દ્રના કથનમાં શંકા ઉત્પન્ન થઈ, એટલે તેઓ બ્રાહ્મણના રૂપે સનત્ કુમારનું રૂપ જોવા હસ્તિનાપુર આવ્યા. એ વખતે સનત્ કુમાર નહાવા અગાઉ પીઠી વગેરેનું મર્દન કરાવતા હતા. દેવોએ આવી જોયું તો ઇન્દ્રે કરેલ વખાણ કરતાંએ અધિક રૂપ દીઠું. તેઓ પોતાના મનમાં રાજી થયા. એ વખતે ચક્રવર્તીએ બ્રાહ્મણ રૂપધારી દેવને પૂછ્યું: "ક્યાંથી આવો છો? શું પ્રયોજને આવ્યા છો?" જવાબમાં "પરદેશી બ્રાહ્મણો છીએ, આપના રૂપનાં વખાણ સાંભળી જોવા આવ્યા છીએ" એમ તેમણે કહ્યું. ચક્રવર્તીના મનમાં રૂપનો ગર્વ થયો અને એ ગર્વથી બોલ્યાઃ "મારૂં રૂપ જોવું હોય તો અત્યારે પીઠી–ભરેલા શરીરે મને જોવાથી તમને નહિ સમજાય. પણ જ્યારે સ્નાન વગેરે કરી, વસ્ત્રાલંકાર પહેરી, રાજસભામાં બેસું ત્યારે મારા શરીરનું રૂપ જોવા આવજો. ખરૂં રૂપ તો તે વખતે જણાશે."

બ્રાહ્મણરૂપી દેવોએ તે કબુલ કર્યું. થોડા વખત પછી ચક્રવર્તી સ્નાન વગેરે કરી, વસ્ત્રાલંકારથી વિભૂષિત થઇ, રાજસ-

ભામાં આવીને બેઠા અને "પરદેશી બ્રાહ્મણોને હવે રૂપ જોવા બોલાવો" એમ આજ્ઞા કરી. બ્રાહ્મણો (દેવો) આવ્યા, અને રૂપ જોયું તો તે વિરૂપ થયેલું દીઠું! તેમણે માથું ધુણાવ્યું. રાજાએ પૂછયું: "કેમ માથું ધુણાવ્યું?" જવાબમાં બ્રાહ્મણોએ કહ્યું: "મહારાજા! પહેલાં જોએલા રૂપમાં અને અત્યારના રૂપમાં અનંતાનંત ફેર છે!" એ સાંભળી ચક્રવર્તી ચમકયા, અને અત્યારે રૂપ વિરૂપ થયું છે તેની ખાત્રી શું, એમ જ્યારે પૂછયું, ત્યારે દેવોએ કહ્યું કે: "પાનની પીચકારી એક રકાબીમાં નાખો અને પછી જુઓ." ચક્રવર્તીએ તેમ કર્યું, અને જોયું તો એ પીચકારીમાં અસંખ્ય નાના કીડાઓ ખદબદતા દીઠા. એ જોઈને રાજાની શરીર પરની આસક્તિ છૂટી ગઈ. જે શરીરને પાળ્યું, પોષ્યું, અને સુખના માટે અનેક પાપો કર્યાં, તે જ શરીર અન્તે તો દગો દેનાર નીવડયું, તો એ શરીર અને શરીરના બાહ્ય આભ્યંતર સંબંધીઓથી પર એવો જે સિદ્ધસ્વરૂપી આત્મા તેના હિત માટે કાંઈક પ્રયત્ન કરૂં, અને આવા વિશ્વાસઘાતી શરીરનો સંબંધ હવે પૂરો કરૂં, એવો વિચાર આવતાં એ જ વખતે પુત્રને રાજ્ય સોંપી પોતે ચારિત્ર લઈ ચાલી નીકળ્યા. તે ઉપરાંત શરીરની શુશ્રૂષા તથા રોગાદિ વખતે ઔષધોપચાર ન કરવાની પ્રતિજ્ઞા લીધી.

ઘણાં વર્ષો સુધી દુષ્કર તપશ્ચર્યાદિ કરવા વડે તેમને અનેક લબ્ધિઓ ઉત્પન્ન થઈ, પણ તે સર્વ લબ્ધિઓને એ સંતે જીરવી જાણી હતી. પોતાનાં ઐહિક સુખ અર્થે એક પણ શક્તિનો એમણે ઉપયોગ કરવાનો, કે ઔષધોપચારથી તો નહિ જ પણ

પોતાની શક્તિઓથી પણ પોતે ભોગવતા મહાવ્યાધિને મટાડવાનો સંકલ્પ સરખોએ કદિ કર્યો નહિ. એક વખતે ઈન્દ્ર મહારાજે પોતાની સભામાં સનત્ કુમાર મહાત્માના ધૈર્યનાં અતિ વખાણ કર્યાં. તે સાંભળી બે દેવો વૈદનું રૂપ લઈ જ્યાં મુનિ તપશ્ચર્યા કરતા હતા ત્યાં જંગલમાં આવ્યા. મુનિને વંદન કરી હાથ જોડી તેમણે વિનંતી કરી કે "મહારાજ! અમે વૈદ છીએ, અને આપને રોગ હોવાનું અમારા જાણવામાં આવ્યું છે, તેથી આપને ઔષધથી રોગરહિત બનાવવાને સેવા કરવાની અમારી ઇચ્છા છે. આપ એ સેવા સ્વીકારો." જવાબમાં મુનિએ કહ્યું: "હા, મારે ઔષધની ખાસ જરૂર છે, કારણકે હું મહારોગથી ઘેરાએલો છું. એ રોગ મટાડવાના ઔષધની હું શોધમાં જ છું. મને બે રોગ છે. એક રોગ જડ ને મળમૂત્રથી ભરેલા ચામડાના કોથળાનો છે, અને બીજો રોગ જન્મ જરા અને મરણનો આત્માને વળગ્યો છે. કહો, તમે કયો રોગ મટાડશો?" વૈદરૂપે દેવોએ કહ્યું: "અમે શરીરનો રોગ મટાડવા શકિતમાન છીએ. આત્માનો રોગ મટાડવાની અમારામાં તાકાત નથી."

મુનિએ કહ્યું: "ચામડાના કોથળાના રોગને મટાડવાથી લાભ શું? એ તો મારાથી પણ થઈ શકે છે, જુઓ!" એમ કહી મોઢામાંથી અમી (થૂંક) લઈ મુનિએ પોતાના હાથની ટચલી આંગળી પર ઘસ્યું, પરિણામે ક્ષણમાત્રમાં એ આંગળી સુવર્ણ જેવી બની ગઈ. આંગળીમાંથી રોગ ચાલ્યો ગયો.

દેવોએ કહ્યું: "મહારાજ! અમે તો પામર છીએ. આપ અનંત શક્તિશાળી છો." એમ સ્તુતિ કરી દેવો સ્વસ્થાનકે ગયા.

૭૦૦ વરસ સુધી સનત્‌કુમાર સંત રોગ સહિત શરીરે જ્ઞાન, ધ્યાન, તપશ્ચર્યાદિ કરી, કર્મ ક્ષય કરી, પરમ પદના અધિકારી બન્યા.

---

(૫) શાન્તિનાથ ચક્રવર્તી

શાન્તિનાથ ચક્રવર્તી તે ૧૬ મા તીર્થંકર હતા. તેમનું ચરિત્ર અગાઉ તીર્થંકરોનાં ચરિત્રોમાં આપેલું છે.

---

(૬) કુંથુનાથ ચક્રવર્તી

કુંથુનાથ ચક્રવર્તી તે સત્તરમા તીર્થંકર ભગવાન હતા. તેમનું ચરિત્ર પૂર્વે તીર્થંકરોનાં ચરિત્રોમાં આપેલું છે.

---

(૭) અરનાથ ચક્રવર્તી

અરનાથ ચક્રવર્તી તે અઢારમા તીર્થંકર ભગવાન હતા. તેમનું ચરિત્ર પૂર્વ તીર્થંકરોનાં ચરિત્રોમાં આપેલું છે.*

---

(૮) મહાપદ્મ ચક્રવર્તી

ગજપુર નગરના પદ્મોત્તર રાજાનાં જાલા રાણીને ૧૪ સ્વપ્ન આવ્યાં અને પુત્રજન્મ થયો. મહાપદ્મ નામ આપ્યું. યોગ્ય વયે તેમને રાજ્ય સોંપી તેમના પિતાએ તથા મોટા ભાઈ ×વિષ્ણુ-

* વચ્ચે થયેલો એક સુભૂમ ચક્રવર્તી મરીને નરકે ગએલો છે એટલે તેનું વર્ણન આ પવિત્ર પુરુષોનાં જીવનો સાથે લખવાનું ઉચિત માન્યું નથી.

× અવંતીનગરના ધર્મસિંહ રાજાનો નમુચી નામે પ્રધાન જૈન ધર્મનો દ્વેષી હતો. એક વખતે તે નગરમાં પધારેલા સ્વસ્તિક સૂરિ સાથે વાદવિવાદ કરવા લાગ્યો. આચાર્યના શિષ્યે જવાબ આપી તેને મહાત

કુમારે દીક્ષા લીધી. મહાપદ્મ ચક્રવર્તી થયા, છ ખંડ સાધ્યા, અને ભરત મહારાજા જેટલી સંપદા પામ્યા. ઉત્તરાવસ્થામાં પુત્રને રાજ્ય સોંપી, પોતે દીક્ષા લઇ, સર્વ કર્મ ક્ષય કરી, પરમ પદે પહોંચ્યા.

કર્યો. લોકોમાં નમુચીનો અપયશ થયો, તેથી તે ખીજાયો. રાત્રે કાળાં વસ્ત્ર પહેરી તે આચાર્યને મારવા આવ્યો. આચાર્યના તપના પ્રભાવથી તે સ્થંભી ગયો. સવારમાં ગામના લોકોએ તેને દીઠો અને નિર્ભંચ્છયો. ત્યાંથી નાસીને ગજપુરમાં આવી તેણે અમાત્યની પદવી મેળવી. એક વખતે એક ભીલ રાજાને પકડી લાવવા રાજાએ તેને મોકલ્યો અને તે તેને પકડી લાવ્યો. રાજાએ તેને માગે તે આપવાનું વચન આપ્યું. થોડો વખત જવા દઈ નમુચીએ સાત દિવસનું રાજ્ય માગ્યું. ચક્રવર્તીએ તે આપ્યું. નમુચીએ રાજ્ય મેળવી, વિષ્ણુકુમાર મુનિના ગુરૂ વગેરે સર્વ જૈન સાધુઓને સાત દિવસમાં છ ખંડની બહાર ચાલ્યા જવા હુકમ કર્યો. મુનિએ તેને બહુ સમજાવ્યો પણ તેણે ન માન્યું. છેવટે વિષ્ણુકુમાર મુનિને મેરૂપર્વત પરથી બોલાવ્યા. તેમણે આવી, ગુરૂની આજ્ઞા લઇ, નમુચી પાસે જઇ, તેને ઘણો સમજાવ્યો, પણ ન માન્યો. છેવટે ચક્રવર્તીના ભાઇ તરીકે સાધુઓને રહેવા માટે સાડા ત્રણ પગલાં ભૂમિ આપી. વિષ્ણુકુમારે વધુ માગી, પણ ન આપી. એથી વિષ્ણુ-કુમારને ક્રોધ ચડયો, અને એક લાખ યોજન પ્રમાણે શરીરનું રૂપ વિકુર્વી, એક પગ મેરૂ ઉપર મૂકયો, બીજો જમ્બૂદ્વીપના કીલ્લા ઉપર મૂકયો, તે દેખી નમુચી બ્હીનો. વિષ્ણુકુમારે હવે બાકીનું દોઢ પગલું જમીન માગી, તે નમુચી આપી શકયો નહિ. વિષ્ણુકુમારે પોતાનો પગ ઉપાડી નમુચીને માથે મૂકયો. નમુચી જમીનમાં પેસી ગયો અને મરણ પામ્યો. ગાંધર્વ દેવો વગેરેના પ્રયાસથી વિષ્ણુકુમારનો ક્રોધ શમ્યો. ગુરૂ આગળ આવી તેમણે ક્રોધની આલોયણા લીધી. દુષ્કર તપ કરી અંતે કેવળ જ્ઞાન પામી તે મોક્ષે ગયા, અને એ રીતે ધર્મનું રક્ષણ કર્યું.

(૯) હરિષેણુ ચક્રવર્તી

કંપીલપુર નગરમાં મહાહરિ નામે રાજાને ઘેર મેરા ના
રાણીને ૧૪ સ્વપ્ન આવ્યાં. કુંવર જન્મ્યા તેનું હરિષેણુ ના
પાડયું. યુવાન વયે પિતાએ રાજ્ય સોંપ્યું એટલે હરિષેણુ ચ
વર્તી થયા. ભરત મહારાજા જેટલી સંપદા પામી, છેવટે ચિ
વૈરાગ્યવાસિત થતાં દીક્ષિત થયા અને તપશ્ચર્યા કરી કેવ
જ્ઞાન પામી મોક્ષે પહોંચ્યા.

---

(૧૦) જય ચક્રવર્તી

રાજગૃહનગરે સમુદ્રવિજય રાજા અને અભયા રાણી હત
રાણીને ૧૪ સ્વપ્ન આવ્યાં. જય નામે કુમારનો જન્મ થયે
યુવાન વયે પિતાએ તેમને રાજ્ય સોંપ્યું અને તે ચક્રવર્તી થય
ભરત રાજા જેવી સંપદા પામ્યા. ઉત્તરાવસ્થામાં ચારિત્ર લઇ
કર્મ ક્ષય કરી, કૈવલ્ય પામી, પરમ પદ પામ્યા.

આઠ બળદેવ

ઇણુ અવસર્પિણીમાં, આઠ રામ ગયા મોક્ષ,
બળભદ્ર મુનીશ્વર, ગયા પંચમ દેવલોક. ૨૦

* * *

(૧) અચળદેવ

જમ્બૂદ્વીપના દક્ષિણાર્ધ ભરતક્ષેત્રમાં પોતનપુર નામે નગ
હતું. તેમાં રિપુપ્રતિશત્રુ નામે રાજા રાજ્ય કરતા હત
તે ન્યાયી, નીતિમાન અને રાજાના સર્વ ગુણોથી યુક્ત હત

તેમને ભદ્રા નામે પટરાણી સ્ત્રીઓના ગુણોથી યુક્ત હતાં. એક વખતે અર્ધરાત્રિએ ભદ્રા રાણીએ ૧૪ મહાસ્વપ્ન માંહેનાં ચાર મહાસ્વપ્ન જોયાં. રાણી સ્વપ્ન દેખીને જાગ્યાં અને બીજા ખંડમાં જ્યાં રાજા સૂતા હતા ત્યાં જઇને રાજાને સ્વપ્નની વાત કહી. રાજાએ શુભ સ્વપ્ન કહી તેનાથી બળદેવ પદવીવાળા પુત્રના જન્મની આગાહી કહી. સવારે સ્વપ્નપાઠકને બોલાવી પૂછતાં તેણે પણ રાજાએ કહેલ જવાબ આપ્યો. યથાસમયે રાણીને પુત્ર જન્મ્યો. બારમે દિવસે તે કુંવરનું નામ 'અચળ' પાડ્યું. પંચ ધાવથી વૃદ્ધિ પામતા તે યોગ્ય ઉંમરે પહોંચ્યા એટલે તેમને નિશાળે ભણવા મૂક્યા. થોડા સમયમાં શસ્ત્રવિદ્યા અને શાસ્ત્રવિદ્યાનો અભ્યાસ પૂર્ણ કર્યો.

પોતાના પતિનાં દુરાચરણથી ત્રાસી પટરાણી ભદ્રા પુત્રને લઇને દક્ષિણ દેશમાં ચાલ્યાં ગયાં. ત્યાં જઈ અચળકુમારે માહેશ્વરી નામે નગરી વસાવી અને પોતાના બાહુબળથી તથા સેવામાં રહેલા દેવોની સહાયથી તે નગરને ધનધાન્યથી સમૃદ્ધ બનાવ્યું. ન્યાયનીતિમાં કુશળ એવા મંત્રીઓ અને સેવકોને પોતાની માતાની સેવામાં રાખી અચળકુમાર પિતાની સેવામાં હાજર થયા.*

અચળકુમારના ઓરમાન નાના ભાઇ રાજા થયા, અને તે અર્ધ ભરતક્ષેત્રના-ત્રણ ખંડના સ્વામી થયા. અચળ બળદેવ અને વાસુદેવ ત્રિપૃષ્ટની પ્રીતિ ઘણી સારી હતી. બંને ભાઈઓએ

* અચળની માતાને સ્થળાંતર કરવું પડ્યું, અને ત્રિપૃષ્ટ વાસુદેવની ઉત્પત્તિ થઈ એ વિશે ગ્રંથકાર સાથે મૂળ સિદ્ધાન્ત મળતા થતા નથી. મૂળ જાણવાની ઇચ્છા હોય તેણે "ત્રિષષ્ટિ શાલાકા પુરૂષ ચરિત્ર" જોઈ લેવું.

સાથે રહી ઘણાં વરસ રાજ્ય કર્યું. દરેકે દરેક પ્રવૃત્તિમાં બંને ભાઈઓ સાથે જ રહેતા. અચળ બળદેવ ઉમરમાં મોટા હતા, છતાં રાજા તરીકે નાના ભાઈ ત્રિપૃષ્ટ વાસુદેવ હોવાથી, પોતે મંત્રી તરીકે કામ કરી, નાના ભાઈનું સન્માન સારી પેઠે સાચવતા.

ત્રિપૃષ્ટ વાસુદેવ પોતાના જીવનમાં અનેક લડાઈઓ, અનેક પાપો, આરંભ-વિષય-કષાયાદિનું સેવન કરી, ચોરાશી લાખ વર્ષનું આયુષ્ય ભોગવી, આયુષ્ય પૂર્ણ કરી, સાતમી નરકમાં નારકીપણે ઉત્પન્ન થયા. પોતાના ભાઈના મૃત્યુથી બળદેવ અચળને અતિ શોક થયો, અને છ મહીના સુધી ભાઈના મૃત શરીરને પોતે સાચવી રાખ્યું. ભાઈ મરી નથી ગયો, પણ રીસાયો છે, એમ માની તેને મનાવી બોલાવવાના વિધ-વિધ ઉપાયો કર્યા. છ મહીનાને અંતે દેવોએ સમજાવવાથી ભાઈના શરીરનો ત્યાગ કર્યો, અને પોતે વૈરાગ્ય પામી, દીક્ષા લઈ, અનેક પ્રકારે તપશ્ચર્યાદિ કરી, પંચાશી લાખ વર્ષનું આયુષ્ય ભોગવી, સર્વ કર્મનો ક્ષય કરી, પરમ પદ પામ્યા.

---

(૨) વિજય બળદેવ

જમ્બૂદ્વીપના ભરતાર્ધ ક્ષેત્રમાં સૌરાષ્ટ્ર દેશમાં દ્વારિકા નામે નગરીમાં બ્રહ્મ નામે રાજા હતા. તેમને સુભદ્રા અને ઉમા નામે બે રાણીઓ હતી. સુભદ્રા રાણીને એક રાત્રે સુખશય્યામાં સૂતાં ૪ મહાસ્વપ્ન આવ્યાં અને ગર્ભ રહ્યો. યથાસમયે બાળકનો જન્મ થયો. વિજયકુમાર નામ દીધું. શરીરે, જ્ઞાને, શક્તિએ, દરેક રીતે તે શોભનિક અને પૂર્ણ હતા. યોગ્ય ઉંમરે તે બળદેવની પદવી પામ્યા. તેમના નાના ભાઈ ઉમા

રાણીથી ઉત્પન્ન થએલા દ્વિપૃષ્ટ નામે વાસુદેવ હતા. બંને ભાઈઓનો સ્નેહ પાણી અને દૂધ જેવો હતો. તે દ્વિપૃષ્ટ વાસુદેવની પદવી ભોગવી, અનેક પાપકર્મ કરી, છઠી નરકે ગયા. વિજય બળદેવ ભાઇના મૃત્યુના શોકથી વૈરાગ્ય પામ્યા. વળી તે બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્ય ભગવાનની વાણી સાંભળી વૈરાગ્યમાં દૃઢ થયા. સંસારને અનિત્ય જાણી, દીક્ષા લઈ, તપશ્ચર્યાદિથી સર્વ કર્મનો ક્ષય કરી, પંચોતેર લાખ વર્ષનું સંપૂર્ણ આયુષ્ય ભોગવી અન્તે તે પરમ પદ પામ્યા.

---

(૩) ભદ્ર બળદેવ

તેરમા શ્રી વિમળનાથ તીર્થંકરદેવના શાસનમાં દ્વારકા નગરીમાં રૂદ્ર નામે રાજા રાજ્ય કરતા હતા. તેમને સુપ્રભા અને પૃથિવી નામે બે રાણીઓ હતી. સુપ્રભાને ૪ મહાસ્વપ્ન આવ્યાં, ગર્ભ રહ્યો, કુંવર જન્મ્યા, તેનું નામ ભદ્ર દીધું. પૃથિવી રાણીને ૭ સ્વપ્ન આવ્યાં અને કુંવર જન્મ્યા પછી તેનું નામ સ્વયંભૂ આપ્યું. બંને ભાઈઓએ સાથે રહી રાજ્યસંપદા ભોગવી. ભદ્ર બળદેવની પદવી પામ્યા. સ્વયંભૂ વાસુદેવની પદવી પામ્યા. વાસુદેવ અનેક યુદ્ધો કરી, અનેક પ્રકારનાં કર્મો કરી, છેવટ સુધી વિષયકષાયનું સેવન કરી, મરીને છઠી નરકે ગયા; અને ભદ્ર બળદેવ ભાઈના મૃત્યુના શોકથી ઉદાસ બન્યા હતા, તેમાં શ્રી વિમળનાથ પ્રભુની અમૃતવાણીનું શ્રવણ કરવાનો યોગ મળ્યો, એટલે વૈરાગ્ય પામી, ચારિત્ર લઇ, દુષ્કર તપ કરી, પાંસઠ લાખ વર્ષનું સંપૂર્ણ આયુષ્ય ભોગવી, સર્વ કર્મનો ક્ષય કરી, મોક્ષે પધાર્યા.

---

(૪) સુપ્રભ બળદેવ

ચૌદમા અનંતનાથ પ્રભુના સમયમાં દ્વારકા નગરીના સોમ નામે રાજાને સુદર્શના અને સીતા નામે બે મુખ્ય રાણીઓ હતી. સુદર્શના રાણીને ૪ સ્વપ્ન આવ્યાં. યથાસમયે કુંવરનો જન્મ થયો. યોગ્ય સમયે કુંવરનું સુપ્રભ નામ દીધું. સીતા રાણીને ૭ સ્વપ્ન આવ્યાં. યથાસમયે કુંવર જન્મ્યા. યોગ્ય સમયે પુરૂષોત્તમ નામ આપ્યું. બંને ભાઈઓએ અપ્રતિમ સ્નેહથી સાથે રહી જીવનનાં સઘળાં કાર્યો કર્યાં. ત્રણ ખંડની રાજ સંપદા ભોગવી, વાસુદેવ પુરુષોત્તમ વિષય કષાયમાં રત રહી, યુદ્ધાદિ મહાપાપો કરી, કર્મનાં પોટલા બાંધી, મરી છઠી નરકે ઉત્પન્ન થયા. સુપ્રભ બળદેવ ભાઈના મૃત્યુથી શોકમય બન્યા અને વૈભવ વિલાસ પ્રત્યે અરૂચિ ઉત્પન્ન થઈ. તેમાં વીતરાગ દેવની વાણી શ્રવણ કરવાનો સુયોગ મળતાં સુપ્રભ બળદેવ વૈરાગ્ય પામી, દીક્ષા લઈ, મહા તપશ્ચર્યાદિ કરી, સર્વ કર્મનો ક્ષય કરી, પંચાવન લાખ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી, જન્મ જરા મરણનાં દુઃખોથી છૂટા થઈ, શાશ્વત સુખને પામ્યા.

---

(૫) સુદર્શન બળદેવ

જમ્બૂદ્વીપના દક્ષિણાર્ધ ભરતક્ષેત્રમાં અશ્વપુર નામે નગરમાં શિવ નામે રાજા રાજ્ય કરતા હતા. તેમને વિજયા અને અંમકા નામે બે રાણીઓ હતી. એક વખતે વિજયા રાણીને બળદેવ જન્મસૂચક ચાર મહાસ્વપ્ન આવ્યાં અને યથાસમયે કુંવરનો જન્મ થયો. યોગ્ય સમયે તે કુંવરનું નામ સુદર્શન પાડ્યું. સુદર્શનના જન્મ પછી કેટલાંક વર્ષો

પછી અંમકા રાણીને સાત સ્વપ્ન આવ્યાં અને યથાસમયે કુંવરનો જન્મ થયો, તેમનું નામ પુરૂષસિંહ દીધું. બંને યોગ્ય ઉંમરે પહોંચ્યા. પુરૂષસિંહ પ્રતિવાસુદેવ નિશુંભને મારી વાસુદેવ પદવી પામ્યા.

પુરૂષસિંહ પોતાના જીવનમાં અનેક અશુભ કર્મો કરી, ઘણાં યુદ્ધો કરી, કર્મનાં પોટલાં બાંધી, મરીને છઠી નરકે ગયા. સુદર્શન બન્ધુવિયોગથી ઉદાસ બની થોડો વખત ગૃહસ્થાશ્રમમાં રહ્યા પણ મનની શાન્તિ ન થઈ. પરિણામે કીર્તિધર નામના મુનિપુંગવ પાસે વૈરાગ્યથી ચારિત્ર ગ્રહણ કરી, દુષ્કર તપ કરી, સર્વ કર્મનો ક્ષય કરી, ૧૭ લાખ વર્ષનું આયુષ્ય ભોગવી, પરમ પદ પામ્યા.

---

(૬) આનંદ બળદેવ

અઢારમા શ્રી અરનાથ પ્રભુના શાસનકાળમાં દક્ષિણાર્ધ ભરતક્ષેત્રમાં ચક્રપુર નામે નગર હતું, તેમાં મહાશિર નામે રાજા રાજ્ય કરતા હતા. તેમને વૈજયંતી અને લક્ષ્મીવતી નામે બે મુખ્ય રાણીઓ હતી. એક વખતે વૈજયંતી રાણીને ૪ મહાસ્વપ્ન જોવામાં આવ્યાં, ગર્ભ રહ્યો, યથાસમયે કુંવરનો જન્મ થયો, અને તે કુંવરનું નામ આનંદકુમાર આપ્યું. સમયાન્તરે લક્ષ્મીવતી રાણીને ૭ મહાસ્વપ્ન આવ્યાં, યથાસમયે કુંવરનો જન્મ થયો, તેનું નામ પુરૂષપુંડરિક આપ્યું. બંને બંધુઓ સર્વ જીવનવ્યવહાર સાથે જ કરવા લાગ્યા.

યુવાન વયે પુરુષપુંડરિક વાસુદેવે બલિ નામના પ્રતિવાસુદેવને હણી, વાસુદેવની પદવી મેળવી. તે ત્રણ ખંડના ભોકતા થયા. ઘણાં વર્ષો સુધી વાસુદેવ અનેક યુદ્ધો, મહારંભ, મહાપરિગ્રહને

જ કૃતાર્થપણું માની, ઘણાં કર્મોનો બોજો એકઠો કરી, પાંસઠ હજાર વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી, મરીને છઠી નરકે ગયા. નાના ભાઈના મૃત્યુથી આનંદ બળદેવે ઉદાસીન બની, કેટલોક વખત ગૃહસ્થાશ્રમમાં રહી, સુમિત્ર મુનિવરની દેશના સાંભળી, સંપૂર્ણ વૈરાગ્યવાન બની, ચારિત્ર લીધું. કર્મનાં સર્વ બીજોને બાળનાર તપરૂપી અગ્નિએ કરીને સર્વ કર્મથી રહિત થઈ, પંચાસી હજાર વર્ષનું આયુષ્ય ભોગવી, દેહથી છૂટા થઇ, તે શાશ્વત સુખને પામ્યા.

---

(૭) નંદન બળદેવ

જમ્બૂદ્વીપના દક્ષિણાર્ધ ભરતમાં ગંગાકીનારે વાણારસી નામે સુંદર નગરી હતી, તેમાં અગ્નિસિંહ નામે રાજા ન્યાયથી રાજ્ય કરતા હતા. તે રાજાને જયંતી અને શેષવતી નામે બે મુખ્ય રાણીઓ હતી. જયંતી રાણીને એક રાત્રે ૪ મહાસ્વપ્ન આવ્યાં, ગર્ભ રહ્યો, યથાસમયે કુંવરનો જન્મ થયો અને નંદન નામ દીધું. સમયાન્તરે શેષવતીને ૭ મહાસ્વપ્ન આવ્યાં, કુંવરનો જન્મ થયો અને દત્તકુમાર નામ દીધું. યુવાન વયે બંને ભાઈઓ સાથે રહીને જ જીવનકાર્ય કરવા લાગ્યા. પ્રહ્લાદ નામે પ્રતિવાસુદેવને હણવાથી દેવો મનુષ્યો વગેરેએ મળી દત્તને વાસુદેવની પદવી અને નંદનને બળદેવની પદવીથી વિભૂષિત કર્યા.

ઘણાં વર્ષો સુધી રાજ્યસંપદા ભોગવી, ઘણાં અશુભ કર્મો એકઠાં કરી, દત્ત વાસુદેવ ૫૬ હજાર વર્ષનું આયુષ્ય ભોગવી, મરણ પામી, પાંચમી નરકે નારકીપણે ઉત્પન્ન થયા. લઘુ બાંધવના મૃત્યુથી દુઃખિત થએલ નંદન બળદેવ થોડા

વખત ગૃહસ્થાવાસમાં રહ્યા, પણ તેમના દિલને શાન્તિ ન મળી, એટલે ચારિત્ર એ શાન્તિનું પરમ સાધન જાણી, પૂર્ણ વૈરાગ્યથી ચારિત્ર લઈ, નિરતિચાર વ્રત પાળી, સર્વ કર્મ ક્ષય કરી, પાંસઠ હજાર વર્ષનું આયુષ્ય ભોગવી પરમ પદ પામ્યા.

---

(૮) શ્રી પદ્મ-રામ બળદેવ

અયોધ્યાના રાજા દશરથને ચાર રાણીઓ (૧) અપરાજિતા, (૨) સુમિત્રા, (૩) કૈકેયી અને (૪) સુપ્રભા હતી. એ ચાર રાણીઓમાં મુખ્ય અપરાજિતાને એક સમયે રાત્રિએ સુખ-નિદ્રામાં સૂતાં ચાર મહાસ્વપ્ન આવ્યાં, જેના પ્રભાવે સમયના પરિપાકે તેણે પુત્રરત્નને જન્મ આપ્યો. યોગ્ય સમયે તેનું નામ પદ્મ આપ્યું, પણ લોકોમાં તો તે રામ નામથી પ્રસિદ્ધ થયા. અત્યારે પણ સહુ કોઈ રામ નામથી તેમને ઓળખે છે.

થોડા સમય પછી સુમિત્રા રાણીએ વાસુદેવના જન્મને સૂચવનાર સાત મહાસ્વપ્ન જોયાં, અને તેને ગર્ભ રહ્યો. યોગ્ય સમયે કુંવરનો જન્મ થયો, અને તે કુંવરનું નામ નારાયણ પાડ્યું, પણ જગતમાં લક્ષ્મણ નામથી તે પ્રસિદ્ધિને પામ્યા. ત્યારપછી અનુક્રમે કૈકેયીએ ભરતને અને સુપ્રભાએ શત્રુઘ્નને જન્મ આપ્યો. ચારે ભાઈઓ સુખ-સમૃદ્ધિની વચ્ચે વૃદ્ધિ પામવા લાગ્યા. રામ અને લક્ષ્મણના સ્નેહનો જોડો દુનિયામાં ક્યાંય નહોતો. યોગ્ય ઉંમરે બંને ભાઈઓ શાસ્ત્ર અને શસ્ત્રકળા શીખીને તેમાં નિષ્ણાત થયા.

મિથિલા નગરીના જનક રાજાની વિદેહા નામે પટરાણીની કુક્ષીએ સીતાજી અને ભામંડળ એ બંને બહેન-ભાઈ તરીકે જોડલે જન્મ્યા. પૂર્વના વૈરી દેવે ભામંડળનો જન્મ થતાં જ

તેને ઉપાડીને વૈતાઢ્ય પર્વતની વિદ્યાધરની દક્ષિણ શ્રેણીમાં રથનૂપુર નગરની બહાર નંદન નામે ઉદ્યાનમાં મૂકયો. તેને ત્યાંના રાજા વિદ્યાધર ચંદ્રગતિએ પોતાને ઘેર લઈ જઈ પોતાની સ્ત્રીને આપ્યો, અને પોતાને કાંઈ પણ સંતાન ન હોવાથી એને જ પુત્ર કરી સ્થાપ્યો. જન્મમહોત્સવ કરી, તેને ભામંડળ નામ આપ્યું. તે ત્યાં જ વૃદ્ધિ પામવા લાગ્યો.

એક વખતે સીતાના રૂપની મહત્તા નારદ મુનિ પાસેથી સાંભળી ભામંડળ સીતાજી સાથે લગ્ન કરવા તૈયાર થયો. કોઈ પણ જાણતું નથી કે ભામંડળ અને સીતાજી સગાં ભાઈબહેન છે. એક સમયે જનક રાજાને અર્ધબર્બર દેશના કેટલાક અનાર્ય રાજાઓ વારંવાર કનડતા હતા, તેમને વશ કરવા માટે રાજા જનકે પોતાના આંતર મિત્ર રાજા દશરથની સહાય માગી. દશરથ રાજા મિત્રની સહાય અર્થે તૈયાર થયા. તેમને યુદ્ધ કરવા જતાં અટકાવી રામ અને લક્ષ્મણ ગયા, અને અનાર્યોને જીતી જનકરાજાની આણ મનાવી. પછી જનકરાજાએ સીતાજીનું સગપણ રામ સાથે કર્યું.

ભામંડળના પાલક પિતાએ એ વાત જાણી, એટલે તે ક્રોધે ભરાયો. છેવટે વજ્રાવર્ત અને અર્ણવાવર્ત નામના બે ધનુષ્યનો, અથવા બેમાંથી એક ધનુષ્યનો પણ જે ટંકાર કરે તે સીતાજીને પરણે એવી તેણે શરત કરી. જનક રાજાએ તે શરત કબૂલ કરી અને સ્વયંવરમંડપ રચ્યો. દેશ દેશાન્તરથી રાજાઓને તેડાવ્યા. સ્વયંવરમંડપમાં તે ધનુષ્યો લાવી મૂકવામાં આવ્યાં. હજાર હજાર દેવોથી સુરક્ષિત ધનુષ્યોનો કોઇ પણ રાજાઓ ટંકાર તો શું પણ સ્પર્શ પણ ન કરી શકયા.

છેવટે રામે વજ્રાવર્ત ધનુષ્યનો ટંકાર કર્યો અને સીતાએ રામને વરમાળા આરોપી. લક્ષ્મણજીએ અર્ણવાવર્તનો ટંકાર કર્યો અને તે વખતે વિદ્યાધરોએ પોતાની અઢાર કન્યાઓ લક્ષ્મણજીને આપી.

રાજા દશરથ ઉત્તરાવસ્થામાં નિવૃત્તિ લેવા ઈચ્છતા હોવાથી શ્રી રામને રાજ્ય ભળાવી પોતે આત્મસાધના કરવા તૈયાર થયા. બધી તૈયારી કરી. બીજે દિવસે પ્રભાતે રામનો રાજ્યાભિષેક કરવો હતો, તે વાત કૈકેયીએ જાણી, અને પોતાના પુત્રને રાજા જોવાની લાલસા તેના હૃદયમાં જાગૃત થઈ.

પૂર્વે દશરથ રાજાએ આપેલું વચન કૈકેયીએ એ વખતે માગી લીધું અને ભરતને રાજ્ય આપવાનું કહ્યું. દશરથ રાજા મુંઝાયા. રાજ્યના અધિકારી રામ છે અને રાજા થવાને તે સંપૂર્ણ યોગ્ય છે, એટલે બીજાને રાજ્ય આપવું એ અન્યાય છે; પણ પોતે આપેલ વચન જાય એ પણ અન્યાય છે. 'વાઘ–તટી' ન્યાયે રાજા મુંઝાયા. રામને આ વાતની જાણ થઈ. પિતાના વચનનો ભંગ થાય તો પોતાને રાજ્ય મળે એ યોગ્ય ન લાગવાથી અને પોતાની હાજરી હોય તો પિતાથી બીજાને રાજ્ય અપાય નહિ, માટે પિતાના વચનપાલનને અંતરાય ન નડે તે કારણે પોતે સ્વેચ્છાએ દેશવટો લેવો એ વધારે કલ્યાણકારક છે એવો નિશ્ચય કરી, પરાણે પણ માતાપિતાની અનુજ્ઞા મેળવી પોતે વનવાસે ચાલી નીકળ્યા. પાછળથી લક્ષ્મણજી અને સીતાજી વડીલોની રજા મેળવીને રામની સાથે વનવાસે ચાલ્યા. દશરથ રાજાએ ભરતને રાજ્ય ભળાવી પોતે દીક્ષા લઈ આત્મકલ્યાણ કર્યું.

રામ, લક્ષ્મણ અને સીતાજી વનવાસમાં ફરતાં હતાં, અનેક મનુષ્યોનું હિત કરતાં હતાં, ઘણા દુઃખીયાનાં દુઃખ કાપતાં હતાં. કેટલેક કાળે દંડકારણ્યમાં તેઓ આવ્યાં. ત્યાં જે વખતે લક્ષ્મણજી પાતાળ લંકાના રાજા ખર દુઃખર વગેરે સાથે યુદ્ધ કરવા ગએલા ત્યારે રાવણે છળ-કપટ કરી સીતાજી પાસેથી રામને દૂર કર્યો, અને પોતે સીતાજીને પોતાના વિમાનમાં બેસાડી લંકાએ લઈ આવ્યો.

શ્રી રામ અને લક્ષ્મણજીની સેવા અર્થે ઘણા વિદ્યાધરો અને રાજાઓ એકઠા થયા હતા, તે સર્વેએ સીતાજીની શોધ કરવા માંડી. છેવટે સીતાજીને રાવણ ઉપાડી ગયો હોવાના ખબર મળવાથી હનુમાનજીને લંકાએ મોકલ્યા. લંકામાં દેવ-રમણ ઉદ્યાનમાં સીતાજીને રામનું જ ધ્યાન ધરતાં હનુમાનજીએ જોયાં; હનુમાનજીએ સીતાજીને રામના કુશળ વર્તમાન કહ્યા, અને સીતાજીના કુશળ વર્તમાન લઈ, રાવણને પોતાની શક્તિનો પરિચય બતાવી, રામને બધા ખબર પહોંચાડયા. સીતાજીના ખબર સાંભળી રામ-લક્ષ્મણ નિરાંત અનુભવવા લાગ્યા અને પછી સીતાજીને મેળવવા લંકા પ્રતિ પ્રયાણ કર્યું.

રાવણને તેની ભૂલનું ભાન કરાવવા અને તે ભૂલને સુધા-રવા, સીતાજીને પાછી આપવા, રાવણના ભાઇ વિભીષણે, રામ-લક્ષ્મણે ઘણું સમજાવ્યો, પણ રાવણ સમજ્યો નહિ; એટલું જ નહિ પણ તેણે વિભીષણનો તિરસ્કાર કર્યો. છેવટે વિભીષણ પોતાના લશ્કર સહિત રામને જઈ મળ્યો.

રામચંદ્રજી મોટા લશ્કર સહિત રાવણ સામે આવ્યા. રાવણ પણ રણમેદાને આવ્યો. ફરી વિભીષણે રાવણને સમ-

જાવ્યો. રામે પણ રાવણને કહ્યું: "તારે ને મારે કાંઈ વૈર નથી. તારા અપરાધો માફ કરું. માત્ર સીતાજીને પાછી આપી દે. અમે અમારે રસ્તે ચાલ્યા જઈએ. તું સુખેથી રાજ્યસંપદા ભોગવ." રામનાં એ નીતિવાક્ય રાવણને ન રૂચ્યાં પણ રામની નબળાઇ માની તેણે રામનો ઉપહાસ કર્યો.

છેવટે રામ-રાવણ યુદ્ધ થયું. રાવણ પ્રતિવાસુદેવ હતો, અને પ્રતિવાસુદેવ વાસુદેવના હાથે જ મરાય એ અનંત કાળના નિયમાનુસાર લક્ષ્મણજીએ રાવણને માર્યો. વિભીષણને રાજ્ય આપી, સીતાજીને લઈ, રામ-લક્ષ્મણ, સીતાજી તથા અનેક વિદ્યાધરો તથા અન્ય રાજાઓના પરિવારે પાછા પરિવર્યા. ૧૪ વર્ષે રામ અયોધ્યા આવ્યા. ભરત તથા શત્રુઘ્ને અને દેશના તથા પુરના જનોએ રામ-લક્ષ્મણ વગેરેનો ભવ્ય સત્કાર કર્યો, વિજયનો ઉત્સવ કર્યો.

થોડો સમય વીત્યે તુર્ત જ ભરતે કહ્યું: "આ રાજ્ય તમારા વતી મેં સાચવ્યું છે, રાજ્યના અધિકારી તો આપ જ છો, માટે હે રામ! આપનું રાજ્ય આપ સંભાળો. હું મારા આત્માનું કાર્ય સાધું." રામ વગેરેએ ઘણું સમજાવ્યા છતાં ભરતે તે વાત ન માની, એટલે લક્ષ્મણજીને મનુષ્યોએ અને દેવોએ મળી વાસુદેવની પદવી આપી, અને રામને બળદેવની પદવીએ સ્થાપ્યા. ભરતે દીક્ષા લીધી. ઉત્કૃષ્ટ ચારિત્ર પાળી તે આત્મસાધના કરી ગયા.

જેનું ન્યાયીપણું અને પ્રજાપાલકપણું આજે હજારો વર્ષ થવા છતાં 'રામરાજ્ય'ને નામે વખણાય છે, તેવા રામ-લક્ષ્મણજી સુખેથી રાજ્ય ભોગવવા લાગ્યા. પ્રજાનાં દુઃખનાં સ્વપ્નાં પણ દૂર થયાં.

કેટલોક સમય વીત્યા પછી નગરરક્ષકોને રામે નગરજનોનાં સુખદુઃખના ખબર પૂછ્યા. નગરરક્ષકોએ પ્રજાના સુખના ખબર આપ્યા, પણ વધુમાં કહ્યું કે "પ્રજાનાં માણસો સીતાજીના ચારિત્ર માટે શંકા કરે છે." રામે પૂછ્યું: "શું શંકા કરે છે?" નગરરક્ષકોએ કહ્યું: "રાવણને ત્યાં સીતાજી જેટલો વખત રહ્યાં એટલા વખતમાં ઈચ્છાથી કે અનિચ્છાથી સીતાજીએ રાવણ સાથે દુરાચરણ કર્યું હોય એવું લોકો બોલે છે." આ સાંભળી રામને ખેદ થયો. એક રાતે વેશપરિવર્તન કરી રામ પોતે નગરચર્ચા સાંભળવા નીકળ્યા, ત્યારે પણ સીતાના શીલને માટે લોકોને શંકા કરતા તેમણે સાંભળ્યા. આથી રામને બહુ દુઃખ થયું અને રાજકર્મચારીઓ તથા લક્ષ્મણજી વગેરેના સખ્ત વિરોધ છતાં સગર્ભાવસ્થાવાળાં સીતાજીને રામે વનમાં એકલાં રખડતાં મુકાવી દીધાં.

વનવાસથી સીતાજીને બહુ જ દુઃખ થયું, પણ પુણ્યયોગે પુંડરીકપુરના વજ્રજંઘ રાજા વનમાં હાથીઓ લેવા આવેલા તેમણે સીતાજીને જોયાં. પોતાની ઓળખાણ આપી, ધર્મની બહેન કહી, રાજા તેમને પોતાને ત્યાં લઈ ગયા. સીતાજીને સંપૂર્ણ શાન્તિ રહે તેવા સ્થાનમાં તેમને રાખ્યાં. ત્યાં રહ્યા પછી સીતાજીએ જોડલે કુંવરને જન્મ આપ્યો. જન્મ થયા પછી બારમે દિવસે લવણ અને મદનાંકુશ એવાં એ કુંવરોનાં નામ પાડ્યાં. વજ્રજંઘ રાજાએ કુંવરનો જન્મમહોત્સવ કર્યો. બંને ભાઈઓએ નાની ઉંમરમાં પણ શસ્ત્રકળા અને શાસ્ત્રજ્ઞાનમાં પ્રવિણતા મેળવી.

રામચંદ્રજીએ સીતાને વનવાસ મોકલ્યા પછી અયોધ્યાના નગરજનો રામના અપવાદ બોલવા લાગ્યા અને સીતાજીના

સતીત્વનાં વખાણ કરવા લાગ્યા. રામે તે વખાણ સાંભળ્યાં અને દોમુખી દુનિયા માટે રામને દુઃખ થયું, તે કરતાં પોતાની મૂર્ખાઇ તથા સાહસ પર વધુ ખેદ થયો.

રામ સીતાજીની શોધ માટે નીકળ્યા, અને બહુ તપાસને અંતે પુંડરીકપુરમાં તે હોવાનો પત્તો મળ્યો. રામે ત્યાં જઈ સીતાજીને સમજાવી, પોતાની ભૂલની ક્ષમા માગી, અયોધ્યા આવવા કહ્યું. શુદ્ધિ કર્યા વિના અયોધ્યામાં ન આવવાની પોતાને પ્રતિજ્ઞા છે, એમ જ્યારે સીતાજીએ જણાવ્યું ત્યારે તે રામે કબૂલ કર્યું.

રામે અયોધ્યાનગરી બહાર ખુલ્લા મેદાનમાં ત્રણસો હાથ લાંબો-પહોળો અને બે પુરૂષ પ્રમાણમાં ઊંડો ખાડો કરાવ્યો, અને તેને ચંદનનાં કાષ્ટથી પુરાવી તે કાષ્ટ અગ્નિથી જલાવ્યાં. જ્યારે અગ્નિએ પોતાનું ખરૂં સ્વરૂપ પ્રકટ કર્યું અને જાજ્વલ્યમાનપણે અગ્નિ જલવા લાગ્યો ત્યારે સીતાજી તે બળતા ખાડા પાસે આવ્યાં. પંચપરમેષ્ઠી નવકાર મંત્રનું સ્મરણ કરી, સર્વ લોકોના સાંભળતાં તે બોલ્યાંઃ " હે લોકો ! તમે સાંભળો ! જો મેં રામ વિના બીજા કોઇ પુરૂષની અભિલાષા કરી હોય તો આ અગ્નિ મને બાળી નાખો, નહિતો જલની માફક શીતલ બની જાઓ !" એ પ્રમાણે કહી શુદ્ધ ભાવનાથી ફરી નવકાર મંત્રનું સ્મરણ કરી તેમણે એ બળતા અગ્નિમાં ઝંપલાવ્યું. તે જ વખતે સીતાના શીલના પ્રભાવે અગ્નિ બુઝાઈ ગયો. એ ખાડો પાણીભરેલી વાવ સમો બની ગયો. લક્ષ્મીદેવી જેમ પાણીના કમળ ઉપર બિરાજે તેમ પાણી પરના સિંહાસન ઉપર સીતાજીને બિરાજેલાં જનસમૂહે જોયાં.

સતીના સતીત્વનો લોકોએ જયનાદ પોકાર્યો અને મનુષ્યો તેમજ દેવો સર્વેએ મળી આનંદોત્સવ કર્યો.

વાવમાંથી પાણી ઊછળી બહાર આવવા લાગ્યું અને ચારે બાજુએ પ્રેક્ષકો સુધી પહોંચ્યું. સમુદ્રની માફક ઘૂઘવતા જળ-પ્રવાહમાં લોકો બૂડવા લાગ્યા એટલે વિદ્યાધરો તો વિદ્યાના પ્રભાવથી આકાશે ચડી ગયા પણ ભૂચરોએ સીતાજીને પોતાને બચાવવા પ્રાર્થના કરતાં, સીતાજીએ જળપ્રવાહને પોતાના બે હાથ વડે પાછો ઠેલો માર્યો જેથી પાણી તે ખાડા રૂપી વાવની અંદર સમાઇ ગયું. દેવોએ તે વાવને મણિરત્નના આરા બાંધીને સુશોભિત બનાવી. સીતાજીના બંને પુત્રો આવી માતાને પગે લાગ્યા. લક્ષ્મણ, શત્રુઘ્ન વગેરે આવી સીતાજીને પગે લાગી તેમનો મહિમા ગાવા લાગ્યા.

રામચંદ્રજી પણ સીતાજી પાસે આવીને હાથ જોડી કહેવા લાગ્યા: “હે દેવી! જૂઠા જગતજનોની વાત માની, જેની હમેશાં દોષ જોવાની ટેવ છે એવા લોકોની વાત પર વિશ્વાસ રાખી મેં જે તમોને કષ્ટ આપ્યું છે, તે માટે ક્ષમા આપી તમે મારી સાથે શહેરમાં આવી પ્રથમની માફક આનંદથી રહો.” જવાબમાં સીતાજીએ કહ્યું: “હે સ્વામિન્! મારા પર જે દોષારોપણ થયું હતું, તેમાં તમારો કે પુરજનોનો દોષ નથી પણ મારા પૂર્વ કર્મનો જ એ સર્વ દોષ છે. આવા દુ:ખને વારંવાર ઉત્પન્ન કરનારા એ વિષયભોગોથી હવે સર્યું. હવે તો કર્મનો જેનાથી નાશ થાય તેવો માર્ગ ગ્રહણ કરીશ–ચારિત્ર લઇ આત્મસાધના કરીશ.” એમ કહી તુર્ત જ સીતાજીએ પોતાના મસ્તકના કેશનો પોતાના હાથે જ લોચ કર્યો.

સીતાજીને લોચ કરતાં જોઈ રામચંદ્રજીને મૂર્છા આવી. રામચંદ્રજીને મૂર્છાવશ સ્થિતિમાં જ રહેવા દઈ સીતાજી ત્યાંથી ચાલી નીકળ્યાં, અને જયભૂષણ નામના કેવળી મહારાજ પાસે જઇ ચારિત્ર લીધું. સુપ્રભા નામે મુખ્ય સાધ્વીનાં તે શિષ્યા થયાં.

રામચંદ્રજીની મૂર્છા વળ્યા પછી સીતાજીને શોધી લાવવા લક્ષ્મણજીને અને સેવકોને તેમણે આજ્ઞા કરી. છેવટે લક્ષ્મણજીએ શાન્તિથી રામચંદ્રજીને સીતાએ લીધેલા ચારિત્રની વાત સમજાવી એટલે રામચંદ્રજી શાન્ત થયા. જયભૂષણ કેવળી પાસે આવી, તેમને વંદન કરી, ઉપદેશ સાંભળી, સીતાજીને માટે મોક્ષની અભિલાષા કરી, રામચંદ્રજી અયોધ્યામાં આવી શાન્તિથી રહેવા લાગ્યા. લક્ષ્મણજી જેવા ભાઈ વાસુદેવ અને લવણ તથા મદનાંકુશ જેવા મહાપરાક્રમી વીર પુત્રો તથા હનુમાનજી જેવા સાચા સેવકની સાથે રામચંદ્રજી શાન્તિથી દિવસો વ્યતીત કરવા લાગ્યા.

ઘણાં વર્ષ બળદેવ પદવીની રાજ્યસંપદા ભોગવતાં વીત્યાં. એક દિવસે રામે સમાચાર સાંભળ્યા કે હનુમાનજી અસ્ત થતા સૂર્યને જોઇ સંસારની અસ્થિરતા જાણી વૈરાગ્ય પામી દીક્ષા લઇને ચાલી નીકળ્યા છે. તે સાંભળી રામચંદ્રજી બોલ્યા કે: "આ સંસારના ભોગવવાલાયક પ્રાપ્ત વૈભવો મૂકીને હનુમાનજીએ શામાટે દીક્ષા લીધી હશે ?"

ઈન્દ્રસભામાં બેઠેલા ઈન્દ્રે દેવસભામાં કહ્યું કે "રામચંદ્રજી આ જન્મમાં જ મોક્ષે જવાના છે, છતાં લક્ષ્મણજી પ્રત્યેના સ્નેહબંધનથી હમણાં દીક્ષા લઈ શકતા નથી." સભામાં બેઠેલા અનેક દેવોમાંથી બે દેવને રામલક્ષ્મણના સ્નેહની પરીક્ષા

કરવાની ઇચ્છા થઇ. એ દેવો અયોધ્યામાં આવી, લક્ષ્મણના મહેલમાં જઈ, બીજા કોઇ ન જાણે પણ માત્ર લક્ષ્મણજી સાંભળી શકે તેવી રીતે જાણે અંતઃપુરની રાણીઓ માતાઓ અને રાજ્યનાં સર્વ માણસો રૂદન કરતાં હોય, તેવી રીતે બોલ્યા : "હા પદ્મ ! હા પદ્મનયન ! હા રામ ! સકળ જગતને ભયાનક લાગે એવું તમારૂં અકાળ મૃત્યુ કેમ થયું ?" એ શબ્દો લક્ષ્મણજીને કાને પડ્યા અને લક્ષ્મણજી આશ્ચર્ય પામીને બોલ્યા કે "હા ! મારા જીવિતનું પણ જે જીવિત એવા મારા બંધુ રામનું મૃત્યુ થયું ? શું યમરાજાએ મારાથી દગો કરીને મારા ભાઇને હરી લીધા ?" એમ વિલાપ કરતાં મૂર્છા ખાઇને લક્ષ્મણજી પડ્યા અને પડતાંની સાથે જ પ્રાણ ચાલ્યા ગયા. સાચે જ લક્ષ્મણજીનું મૃત્યુ થયું. આ બનાવથી દેવોને ઘણો જ પશ્ચાત્તાપ થયો, પણ હવે તો બગડેલી બાજી સુધારવાની શક્તિ દેવોમાં કે ઇન્દ્રમાંએ ન હતી. રાજ્યમાં સૌને અને રામને લક્ષ્મણજીના મૃત્યુની ખબર પડી, પણ અતિ સ્નેહને વશ એવા રામે તે વાત ન માની. પોતાનો ભાઇ પોતાને મૂકીને જાય જ નહિ એવો વિશ્વાસ ધરાવનારા રામચંદ્રજીએ છ મહીના સુધી લક્ષ્મણજીના મૃત શરીરને સાચવ્યું. કોઈ વખતે તેને નવરાવે, કોઇ વખતે ભોજનના થાળ ધરી જમવા માટે આગ્રહ કરે, કોઇ વખતે ભાઈને રીસાઈ ગએલો માની તેને મનાવવા–બોલાવવા મથન કરે; એમ છ મહીના વીત્યા ત્યારે દેવોએ આવી અનેક યુક્તિઓ કરી રામને સમજાવી, છેવટે લક્ષ્મણજીના મૃત શરીરનો અગ્નિ સંસ્કાર કર્યો.

સીતાજીનો વિયોગ અને ભાઈનું મૃત્યુ એ કારણોથી રામને

સંસાર પ્રતિ વૈરાગ્ય ઉત્પન્ન થયો. લવણકુમારને રાજ્ય આપી પોતે મુનિસુવ્રત મહાત્માની પાસે શત્રુઘ્ન, વિભીષણ વગેરે ૧૬ હજાર રાજાઓ સાથે દીક્ષા લીધી. ચારિત્ર લઈ રામચંદ્રજી મહાત્માએ પૂર્વાંગનો અભ્યાસ કરી, સાઠ વર્ષ સુધી અનેક અભિગ્રહો સહિત નાનાવિધ તપશ્ચર્યા કરી, કર્મને પાતળાં પાડ્યાં. ગુરૂની આજ્ઞા લેઈ તેઓ એકલવિહારી થયા અને જંગલમાં કોઈ પર્વતની ગુફામાં જઈ આત્મસાધના કરવા લાગ્યા. થોડો વખત ત્યાં રહી, રામચંદ્રજી મુનિ વિહાર કરતા કોટિશિલા પર આવી ધ્યાનસ્થ રહ્યા. તે વખતે સીતાજી કે જે દીક્ષા લઈ શુદ્ધ ચારિત્ર પાળી આયુષ્ય પૂર્ણ કરી બારમા દેવલોકના ઈન્દ્ર થયાં હતાં, તેમણે સીતાજીનું રૂપ લઈ શ્રી રામચંદ્રજી પાસે આવી અનેક પ્રકારના હાવભાવ કરી મુનિને ધ્યાનભંગ કરવા પ્રયત્ન કર્યો, પણ મેરૂ સરીખા અચળ એવા રામચંદ્રજી મુનિવર જરાએ ચલાયમાન થયા નહિ. છેવટે સીતેન્દ્ર થાક્યા, અને મુનિપુંગવ શ્રી રામચંદ્રજી શુકલ ધ્યાને થઈ તે જ વખતે કેવળ જ્ઞાન-કેવળ દર્શનને પામ્યા. દેવોએ કેવળ મહોત્સવ કર્યો અને શ્રી રામચંદ્રજી કેવળીએ ધર્મોપદેશ દીધો. દેશના પૂર્ણ થયા પછી તેમણે સીતેન્દ્રને કહ્યું: "લક્ષ્મણજી સામે શંબુક અને રાવણ જે બધા એક જ નરકમાં છે તેઓ લડી રહ્યા છે, પણ પરિણામે ભવાંતરોમાં તે સર્વે મોક્ષે જશે." એ સાંભળી સીતેન્દ્ર વગેરે દેવો સ્વસ્થાનકે ગયા. ભગવાન રામચંદ્રજી કેવળીપણે પચીસ વર્ષ મહીમંડળમાં વિચરી, પંદર હજાર વર્ષનું આયુષ્ય ભોગવી આયુષ્ય પૂર્ણ થયે કર્મનો ક્ષય કરી, પરમ પદ પામ્યા.

બળભદ્રજી

મથુરાનગરીમાં વસુદેવજી મહારાજને ૭૨ હજાર રાણીઓ હતી, તેમાં રોહિણી અને દેવકી નામે મુખ્ય રાણીઓ હતી. બળદેવ સૂચક ચાર સ્વપ્ન રાણી રોહિણીએ એક રાત્રે જોયાં, અને સવા નવ મહીને કુંવરનો જન્મ થયો. બારમે દિવસે તેનું રામ નામ આપ્યું, પણ જગપ્રસિદ્ધ નામ બળભદ્રજી થયું. બળભદ્રજીના જન્મ પછી ૧૦૦ વર્ષે શ્રી દેવકીજીને વાસુદેવ પદવીસૂચક સાત મહાસ્વપ્ન જોવામાં આવ્યાં અને યોગ્ય સમયે કુંવર જન્મ્યા, તેમનું નામ શ્રીકૃષ્ણ પાડયું. શ્રીકૃષ્ણ ગોકુળમાં વૃદ્ધિ પામ્યા. તેમને ભણાવવાના બહાનાથી બળભદ્રજી પણ શ્રીકૃષ્ણને સાચવવા ગોકુળમાં રહ્યા. યોગ્ય ઉંમરે પહોંચતાં શ્રીકૃષ્ણ અને બળદેવજીએ મથુરામાં આવી કંસને માર્યો. તે કંસ પ્રતિવાસુદેવ જરાસંધનો જમાઈ થાય, તેથી જરાસંઘે રામ અને કૃષ્ણને પોતા પાસે તેડાવી શિક્ષા કરવા ધાર્યું. એ વાતની સમુદ્રવિજય, વસુદેવજી વગેરેને ખબર પડવાથી અને હજુ જરાસંધ સામે થવાને સમયની અનુકૂળતા ન હોવાથી સર્વ યાદવ કુટુંબ મથુરાનો ત્યાગ કરી પશ્ચિમ દિશાએ ચાલ્યું. પાછળ જરાસંધના કુંવર કાળકુંવર વગેરે યાદવોને મારવા માટે ચાલ્યા, પણ જેની સેવામાં દેવો હોય અને જેનાં પુણ્ય પ્રબળ હોય તેમને કોઇ મારી શકે નહિ. તે કાળકુંવર વગેરેનો જ નાશ થયો.

મથુરાથી નીકળતી વખતે નિમિત્તિયાએ કહેલું કે "પશ્ચિમ દિશાએ જતાં જે સ્થાને સત્યભામા બે કુંવરોને જન્મ આપે ત્યાં જ નગરી વસાવી રહેવાથી સર્વ પ્રકારે તમારો ઉદય થશે."

એ વચનને આધારે મથુરાથી રવાના થઈ પશ્ચિમ બાજુએ ઠેઠ સમુદ્રકીનારા નજીક સૌરાષ્ટ્રમાં તેઓ પહોંચ્યા.

ગીરનાર પર્વતથી વાયવ્ય કોણમાં અઢાર કુળકોટી યાદવો છાવણી નાખીને રહ્યા હતા ત્યારે શ્રીકૃષ્ણની રાણી સત્યભામાએ ત્યાં બે કુંવરને જન્મ આપ્યો; એટલે શ્રીકૃષ્ણ મહારાજે અઠમ તપ કરી લવણસુસ્થિત દેવનું આરાધન કર્યું. ત્રીજે દિવસે મંત્રારાધનથી દેવ હાજર થયો અને શામાટે પોતાને સ્મર્યો છે તે પૂછ્યું. જવાબમાં શ્રીકૃષ્ણ મહારાજે પૂર્વે જે સ્થળે દ્વારકા હતી અને પાછળથી દરિયામાં ડુબી ગઇ હતી તે જ જગ્યોએ ફરી નગર વસાવી આપવા કહ્યું. દેવે જઈ ઇન્દ્રને તે વાત કરી, અને ઇન્દ્રની આજ્ઞાથી કુબેરભંડારીએ અડતાલીશ ગાઉની લાંબી અને છત્રીસ ગાઉની પહોળી ધનધાન્યથી ભરપૂર અને ગઢ, કીલ્લા, કાંગરા, ખાઇ, નવાણો, ઉદ્યાન, આરામ, બગીચા, અને મોટીમોટી મહેલાતોથી યુક્ત દ્વારકાનગરી તૈયાર કરી આપી. શુભ મુહૂર્તે નગરમાં બળદેવ વાસુદેવ વગેરેએ પ્રવેશ કર્યો અને તેઓ સુખશાન્તિથી રહેવા લાગ્યા.

સમય વીત્યે પ્રતિવાસુદેવ જરાસંધ સાથે યુદ્ધ કરી શ્રીકૃષ્ણ મહારાજાએ જરાસંધને મારી પોતે વાસુદેવની પદવી મેળવી, અને બળભદ્રજી બળદેવ થયા. ઘણાં વર્ષ રાજ્ય કરી શ્રી નેમનાથ પ્રભુના ભાખેલા આગમ અનુસાર દ્વીપાયન ઋષિથી દ્વારકાનગરી બળી ગઈ; માત્ર શ્રીકૃષ્ણ મહારાજ અને બળભદ્રજી બે જ જીવતા બહાર નીકળ્યા. બંને ભાઇઓ બળતી દ્વારકા દેખી અત્યંત દુઃખ પામ્યા. હવે કયાં જવું ? છેવટે કુંતા ફોઇ પાસે જવાનો નિશ્ચય કરી ત્યાંથી બેઉ ચાલી નીકળ્યા. ચાલતાં ચાલતાં કૌશાંબી વનમાં તેઓ આવી પહોંચ્યા. એવામાં શ્રીકૃષ્ણ મહારાજને

પાણીની તૃષા લાગી. પોતે એક ઝાડ નીચે સૂતા અને બળભદ્રજી પાણી લેવા ગયા. પાછળ શ્રીકૃષ્ણ મહારાજ પીતામ્બર ઓઢી પગ પર પગ ચડાવીને તૃષાથી વ્યાકુળ થઈ એક વૃક્ષ નીચે સૂતા હતા, તેવામાં તેમના જ ભાઈ જરાકુંવર જે ઘણા વખતથી જંગલમાં રહી પોતાનું જીવન વીતાવતા હતા, તે ત્યાં આવી પહોંચ્યા. દૂરથી પીતામ્બર ઓઢીને સૂતેલા શ્રીકૃષ્ણ મૃગ હોવાની ભ્રાન્તિથી દૂરથી જ તેમણે બાણ ફેંક્યું. તે બાણ શ્રીકૃષ્ણ મહારાજના પગના તળીઆને વિંધી કપાળ પર હાથ રાખી સૂતેલા તે હાથને વિંધી આરપાર નીકળી ગયું. તે વખતે જરાકુંવરે પાસે આવીને જોયું તો પોતાના ભાઈ શ્રીકૃષ્ણ કે જેનો પોતાના હાથે વધ ન થાય એ હેતુથી બાર બાર વર્ષથી પોતે વનપશુની જેમ જંગલમાં રહી જીવન વિતાવતા હતા, તે જ શ્રીકૃષ્ણનો વધ પોતાને હાથે આ પ્રકારે થએલો જોઈ અત્યંત ખેદ પામ્યા. તેમણે પોતાના ભાઈ પાસે ક્ષમા યાચી. શ્રીકૃષ્ણ મહારાજે કહ્યું: " ભાઇ! અનંતજ્ઞાની શ્રી નેમિનાથ પ્રભુનું ભવિષ્યકથન કદાપિ અસત્ય થાય જ નહિ.* માટે તમે અહીં ન રોકાતાં આ કૌસ્તુભમણિ લઈને જલદી ચાલ્યા જાવ, કારણકે આપણા યાદવ વંશમાં હવે તમે એકલા જ રહ્યા છો. પાંડવો પાસે જઇ સર્વ વાત કહી આ કૌસ્તુભમણિ તેમને આપજો. "+

---

* તીર્થંકર નેમિનાથ પ્રભુનું જીવન પૂર્વે આપેલું છે, તે જોવું.

\+ એક વાર શ્રી નેમ પ્રભુને શ્રીકૃષ્ણ મહારાજે પોતાનું મૃત્યુ કેવી રીતે થશે એ પ્રશ્ન પૂછેલો, તેના જવાબમાં શ્રી નેમ પ્રભુએ જરાકુંવરના હાથથી મૃત્યુ થવાનું જણાવેલું. તે પરથી જરાકુંવર દ્વારકા ત્યજી જંગલમાં જ રહેતા હતા કે જેથી પોતાના હાથે પોતાના ભાઈનું મરણ ન થાય. પરન્તુ પ્રભુ નેમિનાથનું કહેવું અન્તે સત્ય થયું.

જરાકુંવરે પ્રથમ તો ત્યાંથી ચાલ્યા જવાની ના કહી, પણ શ્રીકૃષ્ણ મહારાજની આજ્ઞાથી તે ચાલ્યા ગયા. પાછળ બાણની પીડાથી પીડિત થતા શ્રીકૃષ્ણ મહારાજ અંતકાળે કષાયને વશ થઈ, તૃષાથી વ્યાકુળ બની, રૌદ્ર ધ્યાન ધ્યાતા બળભદ્રજી પાણી લઈને આવે તે પહેલાં જ એક હજાર વર્ષનું આયુષ્ય ભોગવી મૃત્યુ પામી ત્રીજી નરકમાં નારકી તરીકે ઉત્પન્ન થયા. હવે પછી ત્યાંથી નીકળી, આવતી ચોવીસીમાં ૧૨ મા અમમ નામે તીર્થંકરદેવ થઈ મોક્ષે જશે.

જરાકુંવર ચાલ્યા ગયા પછી અને શ્રીકૃષ્ણના મૃત્યુ પછી તુર્ત જ બળભદ્રજી પાણી લઇને આવ્યા. તેમણે શ્રીકૃષ્ણને પાણી પીવા આગ્રહ કર્યો અને જ્યારે તે ન બોલ્યા ત્યારે મોઢા પરનુ લુગડું દૂર કરીને જોયું તો ભાઈ મૃત્યુ પામેલા! તે જોઇને બળભદ્રજી મૂર્ચ્છિત થયા. થોડી વારે મૂર્ચ્છા વળી એટલે તે આક્રંદ કરવા લાગ્યા. બંધુસ્નેહથી વિકળ બની ભાઈ રીસાયા છે એમ માની તેમને મનાવવા અનેક પ્રયત્નો કર્યા. છ માસ સુધી મૃત શરીરને પોતાની ખાંધે ઉપાડી બળભદ્રજી વનમાં ફર્યા. છ માસને અંતે દેવે બતાવેલાં જુદાં જુદાં દશ્યોથી બળ-

---

દ્રૌપદીનું પદ્મોત્તર રાજાએ અપહરણ કરાવ્યું, તેને પાછી લેવા માટે પાંચ પાંડવો અને શ્રીકૃષ્ણ મહારાજ ધાતકી ખંડ દ્વીપમાં ગયા. દ્રૌપદીને લઇને પાછા વળતાં ગંગા નદી ઊતરવા માટેના હોડીયાને પાંડવોએ સંતાડયું. શ્રીકૃષ્ણ મહારાજ મુશ્કેલીથી ગંગા ઊતર્યા, અને પાંડવોના કપટની ખબર પડી, તેથી ગુસ્સે થઇ પાંડવોને પોતાની રાજ્યહદમાં-થી જાકારો આપ્યો. પાંડવો દરિયાકીનારે જ્યાં શ્રીકૃષ્ણની આણ ન હતી ત્યાં મથુરા વસાવીને રહ્યા. આ વર્ણન પાંડવચરિત્રમાં અથવા હરિ-વંશમાં આપેલું છે.

ભદ્રજી સમજ્યા અને શ્રીકૃષ્ણના શરીરને અગ્નિસંસ્કાર કરી પોતે વૈરાગ્ય પામી દીક્ષા લઈ ચાલી નીકળ્યા.

દીક્ષા લઈ બળભદ્રજી માસ માસખમણની તપશ્ચર્યા કરવા લાગ્યા. એક વખતે માસખમણ તપના પારણા માટે પોતે તુંગીયા નગરીમાં આવ્યા. તેમના રૂપથી આકર્ષાઈ અનેક સ્ત્રીઓ તેમથી પાછળ ભમવા લાગી. નિર્વિકાર મુનિ પારણું વ્હોરી ગામ બહાર નીકળ્યા. કૂવાકાંઠે પાણી ભરવા એકઠી થએલી સ્ત્રીઓ દૂર રસ્તે શાન્ત મુદ્રાએ ચાલ્યા જતા મુનિવરનાં રૂપ જોવા માટે થંભી ગઇ. એક સ્ત્રીએ ભાન ભૂલી દોરડાનો ગાળો ઘડામાં નાખવાને બદલે સાથે લાવેલા પોતાના નાના બાળકના ગળામાં નાખી ગાંઠ બેસાડી ઘડાની ભ્રમણાથી કૂવામાં સીંચ્યો. બાળકે ચીસ નાખી અને ચીસની સાથે જ તેના પ્રાણ ચાલ્યા ગયા. આ દ્દશ્ય મુનિએ જોયું, અને પોતાને કલ્પના પણ ન હોવા છતાં પોતે આવા અનર્થનું નિમિત્ત બને છે, એવું જાણી હવે પછી પારણા માટે પણ નગરમાં ન આવવું, વનમાં મળે તો પારણું કરવું, એવી પ્રતિજ્ઞા કરી મુનિ જંગલમાં ચાલ્યા ગયા. તેમનાં તપ, દયા, શાન્તિના અપ્રતિમ પ્રભાવથી આકર્ષાઈ અનેક વનચર પશુ પક્ષીઓ મુનિની અહોનિશ સેવા કરવા લાગ્યાં. સિંહ, વાઘ, હરણાં, સસલાં, વગેરે નાનાં મોટાં પ્રાણીઓ જાતિવૈર ભૂલી બળભદ્ર મુનિના ચરણમાં રહેવા લાગ્યાં. એક મૃગ તો મુનિની સેવા કરતાં જાતિસ્મરણ જ્ઞાન પામ્યો, અને તે જ્ઞાનથી મુનિવરના તપના પારણા વખતે જંગલમાં કોઈ મુસાફર કે જંગલમાં કામ કરવા આવેલની પાસેથી પારણાની અનુકૂળતા થઈ શકશે તે જાણીને મુનિને ત્યાં લઈ જતો અને મુસાફરો વગેરે જંગલમાં મુનિને દાન આપવાનો અપૂર્વ અવ-

સર મળ્યો જાણી આનંદથી મુનિને આહારાદિ આપી કૃત-કૃત્ય થતા.

પુણ્યવાન મનુષ્યને જંગલમાં પણ મંગળ જ બને છે. એક વખતે જંગલમાં લાકડાં કાપવાને કોઈ સુતાર આવેલો. બપો-રના વખતે તે અને તેના માણસોને જમવા માટે ભાત આવેલું અને વૃક્ષને અર્ધું કાપેલું તેને તે જ સ્થિતિમાં રહેવા દઈ સુતાર જમવાની તૈયારી કરવા લાગ્યો. એ જ વખતે મૃગલાના ખેંચ-વાથી મુનિ એક માસના ઉપવાસના તપના પારણા માટે ત્યાં પધાર્યા. સુતારે મુનિને જોઈ ને અપૂર્વ આનંદ અનુભવ્યો અને પૂર્ણ ભક્તિપૂર્વક મુનિને આહારાદિ વહોરાવવા માંડ્યો. સુતાર વહોરાવતો હતો, મુનિ વહોરતા હતા, અને તે વખતે મૃગલો આંખે આંસુ સારતો વિચાર કરતો હતો કે “હું કેવો હીનભાગી છું કે આવા સંતને કાંઈ પણ ભોજનાદિ આપી સેવા કરી શકતો નથી. આ સુતારને ધન્ય છે કે જે દાનનો લ્હાવો લે છે. હું પણ જો માણસ હોત તો આવી રીતે વહોરાવી લ્હાવો લેત.” આ વિચારથી દાનની ભાવના અને અનુમોદનામાં એટલો તો મૃગ એકાગ્ર થઈ ગયો કે આસપાસના વાતાવરણનુંએ તેને ભાન રહ્યું નહિ. અકસ્માત્ એ જ વખતે સખ્ત વંટોળીયો આવ્યો, અને પવનના આંચકાથી અર્ધકપાએલું વૃક્ષ તૂટી પડ્યું. તે વૃક્ષની નીચે મુનિ, સુતાર અને મૃગલો દટાઇ મૃત્યુ પામ્યાં. અપૂર્વ ચારિત્ર તપ વગેરેના બળથી મુનિ, દાનના અપૂર્વ પ્રભાવથી સુતાર, અને શુદ્ધ ભાવનાના બળથી મૃગલો, એ ત્રણે જીવો આયુષ્ય પૂર્ણ કરી પાંચમે દેવલોકે–બ્રહ્મદેવલોકે મહર્ષિદેવપણે ઉત્પન્ન થયા. એ ત્રણે આત્માઓ માત્ર એક જ જન્મ ધારણ કરી મોક્ષે જશે.

દશાર્ણભદ્ર રાજા, વીર વાંદ્યા ધરી માન,
પછી ઇંદ્રે હઠાયો, દીયો છકાય અભેદાન. ૨૧

* * *

દશાર્ણભદ્ર

દશાર્ણપુર નગરમાં દશાર્ણભદ્ર નામે રાજા હતા. તે એક વાર બહાર વનક્રીડા કરવા ગયા હતા. ત્યાં કોઈ એક ખેડુતને પસાર થતો જોઈ રાજાએ તેને પૂછયું: "કોણ છે?" પોતે કણબી હોવાનું અને શિવભક્તિ માટે દ્રવ્યોપાર્જન કરવા ગયો હોવાનું તેણે જણાવ્યું. (તે ખેડૂતની વ્યભિચારિણી સ્ત્રીએ તેને પ્રપંચથી દેવને સંતુષ્ટ કરવાના બહાને પરદેશ મોકલેલો.) તે ખેડૂતની પ્રભુભકિત જોઈ દશાર્ણભદ્ર રાજાને વિચાર થયો કે "જેટલો પ્રેમ પોતાના પ્રભુ પ્રત્યે આ ખેડૂતને છે તેટલો પ્રેમ મને કેમ નથી આવ્યો? ધિક્કાર છે મને! હવે જો પ્રભુ વીર અહીં પધારે તો બીજા કોઈએ આજસુધીમાં ન વાંદ્યા હોય તેવી ધામધૂમથી હું પ્રભુને વાંદવા જઉં."

ભકતના સંકલ્પબળ અને ભાવનાબળથી આકર્ષાઈ પ્રભુ મહાવીર દશાર્ણપુર નગરે પધાર્યા. રાજાએ તે ખબર જાણી ખબર આપનારને મોટી રકમનું ઈનામ આપ્યું, અને શહેરને સંપૂર્ણ શણગારી શહેરનાં રહેનાર સર્વ પ્રજાજનોને પ્રભુના દર્શનાર્થે આવવાની આજ્ઞા કરી. રાજા પોતે પણ જેટલી બની શકે તેટલી શોભા કરીને મોટી સવારીએ દર્શન કરવા નીકળ્યો. શહેર બહાર સવારી આવી. પટહસ્તી પર બેઠાં બેઠાં પોતાની સવારી જોઈ રાજાના મનમાં ગર્વ થયો કે "આવી ધામધૂમથી પ્રભુને બીજા કોઈએ વાંદ્યા નહિ હોય."

એ જ વખતે સૌધર્મ દેવલોકના ઇન્દ્ર મહારાજે દશાર્ણભદ્ર રાજાના ગર્વની વાત જાણી. તેનો ગર્વ ઉતારવા પોતે અંતરીક્ષમાં હાથીઓ વિકુર્વ્યા-બનાવ્યા. તેમાંથી એક જ હાથી દશાર્ણભદ્ર રાજાની સવારી નજીક ઊતર્યો. તે હાથીને પાંચસો મોઢાં, એકેક મોઢામાં આઠ આઠ દંતૂશલ, એકેક દંતૂશલ ઉપર ૧૦૮ વાવો, એકેક વાવમાં ૧૦૮ કમળો, એકેક કમળને ૧૦૮ પાંખડી, એકેક પાંખડી પર બત્રીસવિધ નાટક થતાં હતાં. આવા હાથીને જોઈ દશાર્ણભદ્ર રાજાનો ગર્વ ગળી ગયો, પણ તે સાથે પોતાનું અપમાન થયું હોય એમ તેને લાગ્યું. પોતાનું માન જાળવવા અને ઇન્દ્રને પાછો પાડવા પોતે શું કરવું, તે વિચારતાં સમજાયું કે ઇન્દ્રને બીજી કોઈ રીતે પાછો પાડી શકાય તેમ નથી; માત્ર તેનાથી ચારિત્ર લઈ શકાશે નહિ અને હું તે લઈ શકીશ. એમ વિચારી પોતાને હાથે જ પંચમુષ્ઠિ લોચ કરી સાધુવેશ પહેરી પ્રભુ પાસે આવી શુદ્ધ ભાવથી દીક્ષા લીધી, તથા મનથી ઇન્દ્રનો ઉપકાર માન્યો.

ઇન્દ્રે આવીને દશાર્ણભદ્ર મુનિને વંદન કરી, ક્ષમાયાચના કરી કહ્યું: "આપ શક્તિમાન છો, હું પામર છું. આપની બરાબરી મારાથી થઈ શકે તેમ નથી." એમ કહી ક્ષમા માગી પ્રભુની દેશના સાંભળી ઇન્દ્ર સ્વસ્થાનકે ગયો. દશાર્ણભદ્ર મુનિ શુદ્ધ ચારિત્ર પાળી; સર્વ કર્મનો ક્ષય કરી, અન્તે પરમ પદે પહોંચ્યા.

ચાર પ્રત્યેક બુદ્ધ

કરકંડુ પ્રમુખ ચારે પ્રત્યેક બુદ્ધ,
મુનિ મુગતે પહોંત્યા, જીત્યા કર્મ મહાયુદ્ધ. ૨૨

કોઈના પણ પ્રતિબોધ વિના માત્ર કાંઈ પ્રસંગ અથવા પદાર્થ દેખી જેઓ વૈરાગ્ય પામ્યા, જેમને આત્મભાન થયું, તેવા ચાર મહાસંત, તે ચાર પ્રત્યેક બુદ્ધ.

(૧) નમિરાજ, (૨) કરકંડુ, (૩) દુમુહ (દુમુખ) અને (૪) નિગ્ગઈ રાજા.

* * *

(૧) નમિ રાજર્ષિ

નમિ રાજર્ષિનું ચરિત્ર આ પૂર્વે આપવામાં આવેલું છે.

(૨) કરકંડુ

કલિંગ દેશની ચંપાનગરીના દધીવાહન રાજાને ઘેર પદ્માવતી નામે રાણી હતાં. તે સગર્ભા બન્યાં અને ત્રીજે મહીને તેમને દોહદ ઉત્પન્ન થયો કે "પુરૂષનો વેશ પહેરી, પટહસ્તી પર બેસું, રાજા પાછળ બેસી છત્ર ધરે અને સવારી સહિત વનક્રીડા કરવા જઈએ." પોતાને થએલા દોહદની વાત શરમને લીધે રાણીથી રાજાને કહી શકાઈ નહિ, અને મનમાં ખેદ થવા લાગ્યો. તેની અસર શરીર પર થઈ. એકદા રાજાએ ઉદાસીનતાનું કારણ પૂછ્યું. રાણીએ સંકોચાતાં સર્વ વાત કહી. રાજાએ હસીને જવાબ આપ્યો કે "એમાં કંઈ મોટી

વાત છે? એ દોહદ તો સહેલાઈથી પૂરો થઈ શકે તેમ છે." બીજે દિવસે જ રાજાએ સર્વ તૈયારી કરી. રાણીની ઈચ્છાનુસાર પટહસ્તી પર પુરૂષવેશ પહેરાવીને રાણીને બેસાડ્યાં અને પોતે છત્ર ધર્યું.

ગામ બહાર વનક્રીડા કરતાં હાથી ઉન્મત્ત થઈ નાઠો. રાજા-રાણી હાથી પર જ રહ્યાં અને બહુ દૂર જંગલમાં નીકળી ગયાં. રસ્તામાં એક વડ આવ્યો, તે વડની ડાળ રાજાએ પકડી લીધી અને રાણીને ડાળ પકડવાનું કહ્યું, પણ રાણી ડાળ પકડે તે પહેલાં તો હાથી ઘણે દૂર નીકળી ગયો! રાજા વડથી નીચે ઉતરી ધીમે ધીમે પોતાને નગરે પહોંચ્યો. ત્રીજે દિવસે હાથી જંગલના એક તળાવમાં પાણી પીવા પેઠો ત્યારે રાણી પાછળથી હાથીથી હેઠે ઉતરી ગયાં. હાથી ચાલ્યો ગયો.

રાણી જંગલમાં ભમતાં, એક તાપસના આશ્રમે પહોંચ્યાં. તાપસે પૂછ્યું: "કોણ છો?" રાણીએ પોતાની સર્વ હકીકત કહી, તે સાંભળી તાપસોના આશ્રમના અધિષ્ઠાતાએ કહ્યું: "પુત્રી! તું તો મારા ભાઈ ચેડા રાજાની પુત્રી એટલે મારી પુત્રી છો. નિર્ભયતાથી અહીં રહે." રાણી એ આશ્રમમાં રહ્યાં. તાપસને રાણીના ગર્ભની ખબર પડી, પછી વિચાર્યું: "પ્રસૂતિનો પ્રસંગ અહીં જંગલમાં નહીં જળવાય, માટે કોઇ શહેરમાં મૂકી આવું." તાપસે રાણીને પોતાની ઈચ્છા જણાવી અને રાણીએ હા કહી, તેથી તાપસ રાણીને લેઇને દંતપુર નગરની બહાર મૂકી ગયો. રાણી શહેરમાં સાધ્વીજી પાસે ઉપાશ્રયે આવ્યાં. સાધ્વીના ઉપદેશથી વૈરાગ્ય પામી દીક્ષા લેવાની ઇચ્છા જણાવી. સાધ્વીજીએ દીક્ષા આપી પણ રાણીએ ગર્ભની વાત છુપાવીને દીક્ષા લીધી હતી. સમય વીતતાં સાધ્વીને ગર્ભની જાણ થઇ. પદ્માવતીને સાધ્વીએ

પૂછ્યું: "આ શું ?" પદ્માવતીએ કહ્યું: "જો ગર્ભની વાત કરીશ તો દીક્ષા નહિ આપો, એમ ધારી મેં વાત ન કરી." એમ કહી રાણીએ પોતાની પૂર્વની બધી વાત કરી. ઉદાર દિલનાં સાધ્વીએ તે વાત જીરવી જાણી. સમયના પરિપાકે પદ્માવતીને પુત્રજન્મ થયો. તેને રત્નકાંબળમાં વીંટી, રાજાના નામની વીંટી જે પોતે સંગ્રહી રાખેલ તે વીંટી તેને પહેરાવી. સાધ્વીજી રાતના વખતે બાળકને સ્મશાનમાં મૂકી આવ્યાં. સ્મશાન-રક્ષકે સ્મશાનમાં બાળક રડતો સાંભળીને જોયું તો બાળક દેવકુમાર જેવો દીઠો. તેણે તેને લઈ પોતાની સ્ત્રીને સાચવવા આપ્યો. સ્ત્રી પણ રાજી થઈ.

પદ્માવતી અનુકૂળ સમય મેળવી સ્મશાનમાં રક્ષકની ઝુંપડી પર આવી બાળકને સ્તનપાન વગેરે કરાવી જતાં, બાકી નિર-તિચારપણે સંયમ પાળતાં. બાળકનું નામ તેના શરીરે થએલ ખુજલીના કારણથી કરકંડુ એવું આપ્યું. સમય જતાં તે યુવાન થયો.

એક દિવસે કોઈ ગુરૂશિષ્ય એ સ્મશાનભૂમિ તરફ મળ-શુદ્ધિ અર્થે આવેલાં, તેમાં ગુરૂએ એક વાંસને જોઈને શિષ્યને કહ્યું કે "જે કોઈ આ વાંસને ચાર આંગળ જમીનમાંથી ખોદીને લે તો તે સાત દિવસમાં રાજ્ય પામે એ શંકારહિત છે." આ શબ્દો પેલા કરકંડુએ અને એ વનમાં એક ઝાડ નીચે સૂતેલા બ્રાહ્મણે સાંભળ્યા. કરકંડુ પહોંચે તે પહેલાં બ્રાહ્મણે તે વાંસ ખોદી લઈ લીધો. કરકંડુએ તકરાર કરી કે આ સ્મશાનનો રક્ષક હું છું, તો એ વાંસ પર મારો હક છે. છેવટે બીજા પંચાતીયાના કહેવાથી કરકંડુને રાજ્ય મળે તો બ્રાહ્મણને એક

ગામ આપવાનું કબૂલ કરાવી, તે વાંસ કરકંડુને આપ્યો. વાંસ લઇ કરકંડુ તેના માતાપિતા સાથે સાતમે દિવસે કંચનપુર આવ્યો. તે દિવસે ત્યાંનો પુત્રહીન રાજા મરણ પામ્યો. લોકોએ હાથી શણગાર્યો અને ગામ બહાર ઓસીકા નીચે વાંસને રાખી સૂતેલા કરકંડુ ઉપર આવી હાથીએ કળશ ઢોળ્યો. કરકંડુ રાજા થયો. પ્રજાએ પણ તેને માન્ય કર્યો.

કરકંડુ ન્યાયથી રાજ્યપાલન કરતો હતો. પ્રજાને તેના તરફથી ખૂબ સંતોષ હતો.* કરકંડુ રાજાને એક ગાયના ધોળા સુંદર વાછડાને જોઈ તેના પર રાગ થયો. તેને પાળવાનો, સાચવવાનો, સારી રીતે ખવરાવવાનો અને તેનાથી કાંઈ પણ કામ ન લેવાનો રાજાએ હુકમ કર્યો. તે વાછડો યુવાન થયો. રાજા હંમેશાં તે બળદ પર હાથ ફેરવતો અને તેને જોઈને રાજી થતો. અતિ વ્યવસાયને અંગે લાંબા વખત સુધી કરકંડુથી પોતાના વહાલા બળદની સંભાળ ન લેવાઇ. એક વખતે અચાનક રાજા બળદ જોવા આવ્યા અને જોયું, તો બળદને જરા અવસ્થા આવી પહોંચેલી જણાઈ. શરીર બેડોળ અને વિરૂપ બન્યું હતું. તે જોઇને તેણે બળદરક્ષકને બળદની આ સ્થિતિ થવાનું કારણ પૂછયું. રક્ષકે જરા અવસ્થા કારણભૂત જણાવી અને વધુમાં કહ્યું કે "મહારાજા! આ જરા સર્વ કોઇને નડે, આપને પણ નડશે!" આ સાંભળી કરકંડુને વૈરાગ્ય થયો અને પુત્રને રાજ્યગાદી ભળાવી પોતે દીક્ષા લઇ આત્મકલ્યાણ કર્યું.

---

* પાછળથી પહેલાં આપેલા વચન મુજબ કરકંડુએ પેલા બ્રાહ્મણને એક ગામ બક્ષીસ આપેલું.

(૩) દુર્મુખ રાજા

પંચાળ દેશના કાંપિલ્યપુર નગરના જય નામે રાજાએ એક ચિત્રસભા કરાવવા જમીનનો પાયો ખોદાવ્યો, તેમાંથી રત્નજડિત મુકુટ નીકળ્યો. તે પહેરી રાજા કચેરીમાં બેઠા હતા, ત્યારે રત્નના પ્રભાવથી રાજાના બે મોઢાં દેખાવા લાગ્યાં તેથી લોકોએ તેનું દુર્મુખ નામ આપ્યું. તે દુર્મુખ રાજા વર્ષોવર્ષ ઈન્દ્રમહોત્સવ કરતો. તે મુજબ એક વખતે ઈન્દ્રમહોત્સવ કર્યો, તેમાં ઈન્દ્રસ્થંભ અપૂર્વ શોભાથી શણગાર્યો. લોકોએ તેનું પૂજન કર્યું. મહોત્સવ પૂર્ણ થયે ઈન્દ્રસ્થંભ પરની સર્વ શોભા ઉતારી લીધી. સ્થંભ એકલો રહ્યો. થોડા દિવસ પછી તે સ્થંભ પડી ગયો અને ગામના માણસો તથા બાળકો એ જ સ્થંભ પર બેસી મળમૂત્ર કરવા લાગ્યા. રાજાએ તે જોયું અને વિચાર થયો: "અહો ! જગતમાં સર્વ શોભા પુદ્ગલની છે. જેમ આ ઇન્દ્રસ્થંભ તેમ જ આ શરીરની સ્થિતિ છે. શરીરની શોભા, મહત્તા વગેરે સર્વ પર પુદ્ગલના લીધે જ છે; અને તે શરીર પણ અન્તે તો નાશવન્ત જ ને !" એવા વિચારથી રાજાને વૈરાગ્ય ઉત્પન્ન થયો. પુત્રને રાજ્ય આપી, પોતે ચારિત્ર લેઈ, તપશ્ચર્યાદિ કરી, સર્વ કર્મ ક્ષય કરી, પરિપૂર્ણ દશાને–સિદ્ધ દશાને વર્યા.

---

(૪) નિગ્ગઈ રાજા

ગંધાર દેશમમાં પુંડવર્ધન શહેરનો સિંહરથ રાજા એક વાર ખબર વિના વક્રગતિ–અવળી લગામના ઘોડા પર બેસી વનક્રીડા કરવા ગએલો. તે ઘોડાથી અપહરાએલ સ્થિતિમાં તે ૪૮ ગાઉ દૂર નીકળી ગયો. પોતે થાકવાથી ઘોડાની લગામ મૂકી દીધી.

ઘોડો ઊભો રહ્યો. રાજા હેઠો ઊતરી વિશ્રાન્તિ લઈ પાસેના ડુંગર પર ચડ્યો. ત્યાં એક મહેલમાં એક વિદ્યાધરની કુંવરી એકલી જ રહેતી હતી. રાજાએ જંગલમાં એકલાં રહેવાનું કારણ પૂછ્યું. કુંવરીએ પોતાના પૂર્વ ભવની ચિતારાની પુત્રીના ભવની વાત કરી. પછી રાજા તેને ગાંધર્વ લગ્ને પરણ્યો. ત્યાં બહુ વખત રહ્યો. કુંવરીના ભાઈ બાપ વગેરે આવ્યા. કુંવરીએ તો ત્યાં જ રહેવાનું નક્કી કર્યું. રાજાને કુંવરીએ આકાશગામિની વિદ્યા શીખવી. રાજા પોતાના નગરમાં આવ્યો. પછી હમેશાં રાજા આકાશગામિની વિદ્યાના બળથી કનકમંજરી કુંવરી પાસે આવજા કરવા લાગ્યો અને પોતાનું રાજ્ય ચલાવવા લાગ્યો. એક વખતે મોટી સવારી સહિત રાજા કે જેનું મૂળ નામ સિંહ-રથ હતું અને પાછળથી આકાશગામિની વિદ્યાથી જાઆવ કરવાથી લોકોએ નિગ્ગઇ નામ દીધું હતું તે વનક્રીડા કરવા જતો હતો. રસ્તામાં એક પત્ર–પુષ્પ–ફળથી ભરપુર સુંદર આંબો આવ્યો. તે આંબાના વૃક્ષ નીચેથી પસાર થતી વખતે રાજા કુતૂહલવૃત્તિથી આંબાની એક લુંબ તોડી આગળ ચાલ્યો. પાછ-ળથી સવારીના બધા માણુસોએ આંબાની એક ડાંખળી, ફળ, ફૂલ, પાંદડાં, તોડતા ચાલ્યા. થોડી વારમાં આખો આંબો લૂંટાઈ ગયો; માત્ર એક થડ ઊભું રહ્યું. વનક્રીડા કરી રાજાએ પાછા વળતાં એ આંબા પાસે આવી વિરૂપ બનેલા થડને જોઇને લોકોને પૂછ્યું. લોકોએ સર્વ હકીકત કહી. એ સાંભળી આંબાનું સુરૂપ વિરૂપ થએલ જોઇ, એ સર્વ પરપુદ્ગલની શોભા છે અને તે પણુ ક્ષણિક–અનિત્ય છે એમ વિચારી, વૈરાગ્ય પામી, તુર્ત જ પુત્રને રાજ્ય સોંપી, પોતે ચારિત્ર લઇ, સર્વ કર્મનો ક્ષય કરી પરમ પદ પામ્યા.

ચારે પ્રત્યેક બુદ્ધે-(૧) નમિરાજ, (૨) કરકંડુ, (૩) દુમુખ અને (૪) નિગ્ગઈ, એ બધાએ વખતે જુદા જુદા સ્થળે પણ એક જ સમયે ચારિત્ર લીધેલું; તેઓ એક વખતે એકી સાથે જંગલમાં એક દેવાલયમાં એકઠા થયા; એક જ વખતે ચારે કૈવલ્ય જ્ઞાન પામ્યા; અને એક જ સમયે ચારે જણુ આયુષ્ય પૂર્ણ કરી પરમ પદ પામ્યા.

ધન્ય મોટા મુનિવર, મૃગાપુત્ર જગીશ,
મુનિવર અનાથી, જીત્યા રાગ ને રીસ. ૨૩

* * *

મૃગાપુત્ર

અતિ સુંદર એવા સુગ્રીવ નામે નગરના બળવાન બળભદ્ર રાજાને ત્યાં મૃગાવતી નામે પરમ પવિત્ર રાણી હતાં. તેમને બળશ્રી નામે સર્વગુણસંપન્ન પુત્ર હતો. તેનું પ્રસિદ્ધ નામ મૃગાપુત્ર હતું. મૃગાપુત્ર યુવરાજ હતા. તે યુવાન વયે અનેક મનોહર રમણીઓ સાથે દેવ જેવા વિલાસ-વૈભવ નંદન નામે મહેલમાં ભોગવતા હતા. આનંદ ક્રીડા કરતાં સંપૂર્ણ સુખમાં દિવસો વ્યતીત થતા હતા.

એકદા મણિરત્નથી જેનું ભોંયતળીયું જડેલું છે તેવા મહેલના ગોખમાં બેસી સુગ્રીવ નગરનાં બજારો તે જોતા હતા, એવામાં મધ્યાહ્ન સમયે સંયમ, તપ અને નિયમોને ધારણ કરનાર એવા તેજસ્વી મુનિવર ભિક્ષા અર્થે બજારમાંથી પસાર થતા તેમની નજરે પડયા. મૃગાપુત્રની દૃષ્ટિ અનિમેષપણે તેમના તરફ સ્થિર થઈ. વિચાર અને દૃષ્ટિની સ્થિરતાના યોગે મનમાં

થયું: “આવો જ વેશ, આવી સ્થિતિ મેં ક્યારેક ક્યાંય જોએલ છે.” વિચારમાં તે દેહનું ભાન ભૂલ્યા અને મનની એકાગ્રતા થઈ, તે વખતે મતિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થતાં જેનાથી સંજ્ઞી પંચેન્દ્રિયના ૯૦૦ ભવ જોઇ–જાણી શકાય તેવું જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તે જ્ઞાનના યોગથી પોતે જોઇ શક્યા કે “આના પહેલાંના ત્રીજા ભવે મેં જ સાધુપણું લીધું હતું, પાળ્યું હતું, પણ કર્મનું પૂરું દેવું ચૂકવાયું નહિ, જેથી ત્યાંથી મરીને દેવપણે ઉત્પન્ન થયો; અને દેવનો ભવ પૂરો કરી અહીંયા ઉત્પન્ન થયો છું. ગત જન્મમાં અધૂરૂં મૂકેલું કાર્ય હવે પૂરૂં કરવું જોઈએ અને એ પૂરૂં કરવાનો સમય અત્યારે જ અનુકૂળ છે. શરીર શક્ત હોય, સુખ દુ:ખને સહી શકે તેમ હોય, ત્યારે જ શુભ કાર્યો કરી લેવાં જોઈએ.”

એમ વિચારી ચારિત્ર લઈ અધૂરૂં મૂકેલું કામ પૂર્ણ કરવાને મૃગાપુત્ર તૈયાર થયા. માતાપિતાની અનુજ્ઞા મેળવીને પછી દીક્ષા લેવી જોઈએ. તુરત તે ગોખમાંથી ઊઠી માતાપિતા પાસે જઇ વિનયપૂર્વક વંદન કરીને કહેવા લાગ્યા: “હે માતાપિતા! પૂર્વ કાળમાં મેં પંચમહાવ્રતાદિ સંયમધર્મ પાળેલો, તે હમણાં મને યાદ આવેલો છે. તેથી મનુષ્ય, તીર્યંચ અને નરક ઈત્યાદિ ગતિ–આગતિનાં જન્મ, જરા, મરણનાં અનેક દુ:ખોથી ભરેલ આ સંસારસમુદ્રથી પાર ઊતરવાના પવિત્ર સાધન રૂપ સંયમ ગ્રહણ કરવાની મારી ઇચ્છા થઈ છે. જે ભોગવતાં મીઠા લાગે પણ પરિણામે એકાન્ત દુ:ખદાયક એવા ભોગો મેં પૂર્વ કાળમાં અને આ જન્મમાં ભોગવવામાં પાછું વાળી જોયું નથી. વળી જેનાથી ભોગ ભોગવાય

છે, તે શરીર મળમૂત્રથી ભરેલું, રોગ-જરાનું સ્થાન અને એકાન્ત અપવિત્ર તથા કલેશનું ભાજન છે. પાણીના પરપોટા જેવા શરીરમાં હવે આસક્તિ શામાટે ? માથે જ્યાં મરણનો ભય ઝઝૂમે છે ત્યાં શરીરસુખમાં હવે હું એક ઘડી પણ રતિ પામવાનો નથી. ધન, ધાન્ય, જમીન, સ્ત્રી, પુત્ર, વગેરે સર્વ સ્થૂળ પદાર્થો જરા, મરણ, રોગથી મુકાવવાને શક્તિમાન નથી. લાંબી મુસાફરી કરનાર પોતાની મુસાફરીમાં ખોરાક-પાણી લીધા વિના મુસાફરી કરે તો પરિણામે દુઃખી થાય છે અને ભૂખતૃષાના દુઃખથી પીડિત થઈ અકાળે મરણ-શરણ થાય છે; જ્યારે ખોરાક-પાણીના પૂરતા જથાવાળા સંપૂર્ણ સુખી થઈ ઇષ્ટ સ્થળે પહોંચી શકે છે. તેમજ સંસાર-અટવીમાં ભ્રમણ કરનારાઓ ધર્મરૂપી ભાતું સાથે લે તો તે અટવી ઉલ્લંઘી, શાશ્વત સુખને પ્રાપ્ત કરે છે. તે ધર્મસંયમ રૂપ ભાતું મેળવવાની મારી ઇચ્છા છે, અને તે માટે હું તમારી અનુજ્ઞા માગું છું."

સંસારની અસ્થિરતા, જીવનની અશાશ્વતતા, જન્મ, જરા, મરણની ભયાનકતા, અને સર્વથી વિશેષ ચાર ગતિમાં રખડવાનું ભયાનક દુઃખ, તેના જ્ઞાનથી મૃગાપુત્રને થએલો અપૂર્વ વૈરાગ્ય અને તેના પરિણામે ગૃહસ્થાશ્રમ ત્યાગવા માટે જોઇતી અનુજ્ઞાની વાત સાંભળી તેમનાં માતાપિતાને પ્રથમ તો બહુ જ દુઃખ થયું અને તે દુઃખથી છૂટવા માટે પુત્રને ગૃહસ્થાશ્રમમાં રાખવા માટે તેઓએ કહ્યું: "હે પુત્ર ! સાધુપણું એ પવિત્ર અને ઉત્તમ માર્ગ છે, પણ તે માર્ગ અતિ દુર્ઘટ અને કઠણ છે. સાધુપુરૂષોએ અનેકાનેક ગુણો ધારણ કરવા પડે છે. કોઈ પણ જાતના પક્ષપાત વિના સર્વ પ્રાણી પર, શત્રુ-મિત્ર સર્વ

પર સમભાવ રાખવો પડે છે. સ્થૂલ કે સૂક્ષ્મ હિંસાથી, સર્વથા અસત્યથી, દાંત ખોતરવાની સળીથી માંડીને સર્વ પદાર્થો વગર આજ્ઞાએ લેવાથી અર્થાત્ અદત્તાદાનથી, સર્વથા અબ્રહ્મચર્યથી, સર્વથા સચેત–અચેતના પરિગ્રહોથી, સર્વ પ્રકારનાં રાત્રિભોજનથી, જીવનપર્યંત સાધુને વિરમવું પડે છે. ક્ષુધા–તૃષા આદિ બાવીસ પરિષહ સમભાવે સહન કરવા પડે છે. દુષ્કર એવું બ્રહ્મચર્ય ધારણ કરવું પડે છે. દાઢી–મૂછ–મસ્તક વગેરેના કેશનું હાથવડે લુંચન કરવું પડે છે. પુત્ર! તું સુકોમળ છે, તેથી સાધુપણું પાળવું તારા માટે દુષ્કર છે. સંયમ પાળવો એ તો ગંગા નદીના વેગવાન પ્રવાહમાં સામે પૂરે જવા બરાબર છે. માત્ર બે ભુજાથી સમુદ્ર તરવો જેમ કઠિન છે, તેમ સંયમ પાળવો પણ કઠિન છે. વળી મેરૂ પર્વતને તોળવો, પ્રબળ અગ્નિની જ્વાળાને પી જવી, તલવારની ધાર પર ચાલવું, વાયુનો કોથળો ભરવો, એ જેમ અશકય અને દુષ્કર છે, તેમ સંયમીપણે સંપૂર્ણ જીવન વીતાવવું એ પણ દુષ્કર છે. વેળુના કોળીયા જેવો ચારિત્રધર્મ નીરસ અને વિકટ છે. માટે તું એ તારા વિચારને બદલાવી, આ સંસારના શબ્દ–રૂપ–રસ–ગંધ–સ્પર્શ જેવા પાંચે ઇન્દ્રિયના વિષયભોગને ભોગવી મનુષ્ય જન્મનો લ્હાવો લે, અને જીવનની પાછલી અવસ્થાએ ભુક્તભોગી થઈ ચારિત્રધર્મને અંગીકારજે.”

માતાપિતાના એવા કથનને સાંભળી મૃગાપુત્રે વિનયપૂર્વક કહ્યું: “આપે સંયમમાર્ગની જે જે કઠીનતા બતાવી તે સંપૂર્ણ સત્ય છે, પણ તે સર્વ કઠીનતા કાયરને–વિષયાસક્તને લાગે છે. વીરને કે સંસારસુખોથી અનાસક્તને જરાએ કઠીનતા લાગતી નથી. વળી જ્યારે શારીરિક અને માનસિક વેદનાનો તથા

જન્મ જરા અને મરણુની અનન્ત વેદનાનો વિચાર કરૂં છું, ત્યારે સંયમધર્મની કઠીનતા પેલી વેદનાઓ પાસે સામાન્યમાં સામાન્ય જણાય છે. વિશેષે કરીને જ્યારે નરકનાં દુઃખો સંભારું છું ત્યારે તો આ સંસાર જ કલેશમય જણાય છે. એ દુઃખો કેવાં છે? મૃત્યુલોકના અગ્નિ કરતાં અનંતગણી નરકની ઉષ્ણુતા છે. અનંતગણી ઠંડી છે. કુંભીઓમાં ઉંધા મસ્તકે અનંત વેદનાથી આક્રંદ કરવું પડે છે. કરવત જેવાં શસ્ત્રોથી બરાડા પાડતા છેદાવું પડે છે. તીક્ષ્ણુ કાંટાથી ભોંકાવું પડે છે. સિંબલી વૃક્ષ સાથે બંધાઈ મહાવેદના ભોગવવી પડે છે. શેરડી માફક યંત્રમાં પીલાવાની, પરમાધર્મીઓનાં ભૂંડ, સિંહ, વાઘ અને હિંસક પ્રાણીઓનાં બનેલાં રૂપોથી છેદાવા–ભેદાવા–ચીરાવાની–કકડા થવાની વેદના વેઠવી પડે છે. અગ્નિમાં બળવાની, ગીધ–ઢંક વગેરે પક્ષીઓનાં રૂપથી શરીરનું માંસ ચુંટાવાની, મુદ્દગરો, ત્રિશૂળ, સાંબેલાં, છૂરી વગેરેની તીક્ષ્ણુ ધારા–અણીઓથી ભેદાવાની, અને એવી અનેક પ્રકારની અનંત વેદના સ્થળજન્ય અને પરમાધર્મીએ ઉત્પન્ન કરેલી હોય છે, તે બધી મેં અનેક વાર ભોગવી છે. તે વેદના પાસે આ સંયમધર્મની કઠીનતાઓ કે જે પરિણામે એકાન્ત આત્મકલ્યાણુકારક છે, તે તો મેરૂની પાસે સરસવના દાણા જેટલી છે. વળી રોગ–શોક–મળ–મૂત્રથી ભરેલા આ ઉદારિક શરીરમાં રોગાદિક ઉત્પન્ન થશે તો હું શું કરીશ? એ આપની ચિંતાના જવાબમાં હું આપને એટલું જ વિનવું કે જંગલમાં રહેતા મૃગાદિ પશુઓને જ્યારે રોગાદિ ઉત્પન્ન થાય છે, ત્યારે તેઓ શાન્ત પડયા રહે છે. તેઓની સેવાચાકરી કોણુ કરે છે? તેઓ વ્યાધિગ્રસ્ત હોય ત્યાં-સુધી પડ્યા રહે અને આરામ થાય ત્યારે પોતાના જીવન-

નિર્વાહ માટે પોતે જ ઉદ્યમ કરી લે છે; તેમ હું પણ કરીશ અને મૃગની માફક સંયમમાર્ગમાં અપ્રમાદીપણે વિહરીશ. મનુષ્ય કે કોઈ પણ પ્રાણીને કોઈ પણ પ્રકારનાં શારીરિક, માનસિક અથવા આધ્યાત્મિક સુખ-દુઃખ એ એના મનની આસક્તિ-અનાસક્તિ ઉપર આધાર રાખે છે. જ્યાં મારાપણું ત્યાં દુઃખ, મારાપણું ગયું એટલે દુઃખ પણ ગયું. માટે હે માતાપિતા ! મારા આત્મકલ્યાણમાં સહાયક થવા માટે આપ મને ચારિત્ર લેવાની અનુજ્ઞા આપો."

પુત્રનો સંપૂર્ણ અને શુદ્ધ વૈરાગ્ય જોઇ માતાપિતાએ સહર્ષ સંયમની અનુજ્ઞા આપી, અને તેમણે જ ધામધૂમપૂર્વક મહોત્સવ કરીને પુત્રને દીક્ષા અપાવી. દીક્ષા લેતી વખતે માતાએ કહ્યું: "હે પુત્ર ! ચારિત્રને એવું દીપાવજે કે જેથી તારે હવે બીજી માતા કરવી ન પડે, અર્થાત્ જન્મ જરા મરણનાં સર્વ ભયથી મુક્ત થઇ શાશ્વત સુખને પામજે."

મૃગાપુત્ર દીક્ષા લઈ, માતાની છેલ્લી શિખામણ મુજબ સંયમીપણામાં અપ્રમાદીપણે રહી, ઐહિક સર્વ સુખોથી વિરક્ત થઇને છેવટે એક માસનો અણસણ-સંથારો કરી, સર્વ કર્મથી મુક્ત થઈ, સિદ્ધ પદને પામ્યા.

મુનિવર અનાથી

મગધ દેશાધિપતિ શ્રેણિક મહારાજા એકદા વનક્રીડા કરવા માટે નીકળતાં મંડિતકુક્ષી ઉદ્યાન તરફ ચાલ્યા. દરેક ઋતુનાં ઉત્તમ પ્રકારનાં ફળ, ફૂલ, વૃક્ષોથી-સર્વ પ્રકારની લક્ષ્મીથી ભરપુર એવા મંડિતકુક્ષી ઉદ્યાનમાં શ્રેણિક રાજા આવ્યા, ત્યારે

એક ફળફૂલથી ભરપુર અને શીતલ છાયા પ્રસારતા વૃક્ષ નીચે અપૂર્વ તેજ, અપૂર્વ સૌંદર્ય, અપૂર્વ પ્રભાથી યુક્ત એવા એક યુવાન ત્યાગી જે સંસારવૈભવ ભોગવવાને સર્વથા લાયક દેખાતા હતા તેમને દુષ્કર સંયમ ધારણ કરીને સમાધિસ્થ સ્થિતિમાં જોયા. રાજાને એ મુનિવરને જોઇ અતિ આશ્ચર્ય થયું: "અહો! આવી કાન્તિ, આવું રૂપ, અપૂર્વ સૌમ્યતા, ક્ષમા, નિર્લોભતા અને ભોગ પ્રત્યેની આવી અનાસક્તિ!" શ્રેણિક રાજાએ મુનિના ચરણારવિંદમાં મસ્તક નમાવી તેમને પ્રદક્ષિણા કરી યોગ્ય સ્થાને સન્મુખ ઊભા રહી વિનયપૂર્વક પૂછયું: "મહારાજ! ભોગો ભોગવવાને લાયક એવી આ તરૂણાવસ્થામાં આપે આ પ્રવ્રજ્યા કેમ લીધી? ઉગ્ર ચારિત્રધર્મને આપે કઈ પ્રેરણાથી અંગીકૃત કર્યું?" જવાબમાં મુનિએ કહ્યું: "રાજન્! હું અનાથ છું. મારો રક્ષક-નાથ કોઇ નથી. તેમજ મારો નાથ થઈ શકે તેવા કોઈ મિત્રને હું મેળવી શકયો નથી."

આવા પ્રભાવશાલી યોગીનું કોઈ રક્ષક ન હોય એ જાણી રાજાને વધુ આશ્ચર્ય થયું, અને તુર્ત જ કહ્યું કે: "હે મહાત્મન્! જો આપનો કોઈ નાથ-સહાયક ન હોય તો હું આપનો નાથ થવા તૈયાર છું. આપ અને મિત્રો અનેક ઇન્દ્રિયજન્ય સુખો ભોગવવાનાં સંપૂર્ણ સાધનોથી વિંટાએલા મારી સાથે રહો અને આ દુર્લભ મનુષ્યજન્મનાં ભોગો ભોગવો." મુનિવરે કહ્યું: "રાજન્! તમે પોતે જ અનાથ છો, અને જે પોતે અનાથ હોય તે બીજાનો નાથ કેવી રીતે થઈ શકે?"

પૂર્વે કદિ નહિ સાંભળેલું એવું વચન મુનિવરના મુખેથી સાંભળીને રાજા દિગ્મૂઢ થયો અને વિચાર્યું કે આ મહાત્મા મારી ઋદ્ધિ વગેરે જાણતા નથી તેથી જ આમ બોલે છે, માટે

મારી સ્થિતિ મારે સ્પષ્ટ કરવી જોઈએ. એમ વિચારી રાજાએ કહ્યું: "મહારાજ! હાથી, ઘોડા, નગરો, મગધ અને અંગદેશ, તથા કરોડો મનુષ્યોનો હું સ્વામી છું. સુંદર રમણીવાળા અંતઃપુરમાં હું મનુષ્ય સંબંધી ઉત્તમ કામભોગ ભોગવું છું. મારું ઐશ્વર્ય અજોડ છે. આવી સંપત્તિવાળો હું અનાથ શી રીતે હોઈ શકું? કદાચ આપનાથી જૂઠું તો નથી કહેવાતુંને?" મુનિ બોલ્યા: "રાજન્! અનાથ અને સનાથ કોને કહેવાય, એ પરમાર્થ તમારા જાણવામાં જ નથી, એટલે તમે આમ બોલો છો. સાચો અનાથ કોને કહેવાય અને મને સનાથ–અનાથનું જ્ઞાન કેવી રીતે થયું તથા મેં આ ચારિત્ર કેવી રીતે લીધું તે ઘટના તમે શાન્ત ચિત્તથી સાંભળો."

મુનિ બોલ્યા: "ઐતિહાસિક નગરોમાં ઉત્તમ કૌશાંબી નગરી હતી, એમાં કુબેર જેવા ધનવાન પ્રભૂતધનસંચય નામે મારા પિતા હતા. એકદા, રાજન્! મારી યુવાવસ્થામાં મને અકસ્માત્ આંખની વેદના થઇ આવી અને એ પીડાને લીધે મને આખા શરીરે દાહજ્વર ઉત્પન્ન થયો. કોઈ દુશ્મને શરીરના મર્મસ્થાનમાં તીક્ષ્ણ હથીયાર ભોંકયાં હોય તેથીએ અધિક આંખની વેદના અને તેની સાથે કેડ, મસ્તક અને હૃદયમાં દાહજ્વરની અતિ પીડા થવા લાગી. મારી વેદના મટાડવા માટે વૈદકશાસ્ત્રમાં નિપુણ અને મંત્ર, જડી બુટી, વગેરેના જ્ઞાનમાં પારંગત, ઔષધ કરવામાં પ્રવીણ, રોગને ઓળખવામાં કુશળ એવા અનેક વૈદ્યાચાર્યો મારી પાસે આવવા લાગ્યા. સંપૂર્ણ ચિકીત્સક વૈદ, અતિ ઉત્તમ ઔષધ, ઔષધ કરાવવાની ઇચ્છાવાળો દર્દી અને માવજત કરનાર પવિત્ર ભાવનાવાળા પરિચારકો, એ ચારે વાતની અનુકૂળતા મને હતી. ઔષધોમાં

પણ (૧) વમન, (૨) વિરેચન, (૩) મર્દન અને (૪) સ્વેદન, એ ચાર, અથવાતો (૧) અંજન, (૨) બંધન, (૩) લેપન અને (૪) મર્દન, એ ચાર, એમ વિવિધ ઉપચારોથી અનેક ઉપાયો કર્યા. વાત્સલ્યના ભંડારરૂપ માતા, મારી શાન્તિ માટે વિનાસંકોચે પોતાની સર્વ સંપત્તિને ખર્ચી નાખવાને તત્પર એવા પિતાશ્રી, તેમજ મારા સહોદર નાના મોટા ભાઇઓ તથા બહેનો, અને સાક્ષાત્ પ્રેમમૂર્તિસમી પતિવ્રતા પત્ની એ સર્વની સંપૂર્ણ સુશ્રૂષા છતાં મને જરાય શાન્તિ ન થઈ. મારી અતિ વેદનામાંથી અંશમાત્ર કોઇ ઓછી ન કરી શકયા અને તેથી જ હું ખરી રીતે અનાથ છું.

"એક રાતે વેદનાથી તરફડતાં મને મારી અસહાયતાનું સાચું ભાન થયું. મેં વિચાર કર્યો કે જો મારી આ વેદના શમી જાય, મને શાન્તિ મળે, તો ક્ષાન્ત, દાન્ત અને નિરારંભી એવા શુદ્ધ સંયમમાર્ગને સ્વીકારીશ. આવો દૃઢ સંકલ્પ કરીને હું સૂતો, તે રાત્રે નિદ્રા આવી અને પ્રભાત થતાં વેદનાની નીશાની પણ ન રહી. એટલે સર્વ સંબંધીઓની અનુજ્ઞા મેળવી હું ક્ષાન્ત, દાન્ત અને નિરારંભી થઇ સંયમી બન્યો છું. સંયમ ગ્રહણ કર્યા પછી હું મારો પોતાનો અને સર્વ ત્રસ જીવો, હાલતા ચાલતા અને સ્થાવર જીવો, એ બધાનો નાથ–રક્ષક થયો છું.

"રાજન્ ! આત્મા પોતે જ પોતાને માટે વૈતરણીનદી કે કુટશાલ્મલી વૃક્ષ જેવો દુઃખદાયક અથવા કામદુગ્ધા ગાય કે નંદનવન જેવો સુખદાયક છે. વળી આત્મા પોતે પોતાનાં સુખ–દુઃખનો કર્તા, હર્તા અને ભોક્તા છે, તેમજ પોતાનો મિત્ર અને શત્રુ પણ આત્મા જ છે. વળી હે રાજન્ ! ઘણા

નબળા મનના મનુષ્યો નિર્ગ્રંથ ધર્મને અંગીકાર કરી પછી તેનું બરાબર પાલન કરતા નથી તેઓ બીજા પ્રકારના અનાથ છે. તે અનાથતાનું સ્વરૂપ બરાબર સાંભળો.

"જેઓ પંચમહાવ્રતને ધારણ કરી પ્રમાદથી બરાબર પાળતા નથી અને પોતાના આત્માને અસંયમી બનાવી રસાસ્વાદ આદિ વિષયોમાં લુબ્ધ થઇ જે ભિક્ષુ રાગદ્વેષાદિ બંધનોથી પોતાના આત્માને મુકત કરી શકતો નથી, ઈર્યા, ભાષા, એષણા આદિ પાંચ સમિતિનું યથાર્થ પાલન કરી શકતો નથી, તેના પાલનમાં જે ઉપયોગ રાખતો નથી, તે વીતરાગના માર્ગને પામી શકતો નથી. વળી જે સાધુ બાહ્ય ક્રિયાનાં કષ્ટ ભોગવવા છતાં પોતાનાં વ્રત-નિયમમાં સ્થિર રહેતો નથી અને શુદ્ધ તપશ્ચર્યાદિ અનુષ્ઠાનથી ભ્રષ્ટ થાય છે, તે ભિક્ષુ બહુ લાંબા કાળ સુધી બાહ્ય કષ્ટ ભોગવવા છતાં સંસારના પારને પામી શકતો નથી. પોતામાં સાધુત્વ ન હોવા છતાં, સાધુના વેશમાત્રથી આજીવિકા ખાતર ત્યાગી ન હોવા છતાં ત્યાગી કહેવડાવનાર બહુ લાંબા કાળ સુધી નરકાદિ ગતિનાં દુઃખો ભોગવે છે. તાલપુટ ખાવું, અવળું હથિયાર ઝાલવું, અવિધિએ મંત્રજાપ કરવો, એ જેમ મારનાર થાય છે, તેમજ વિષયભોગની આસક્તિ સહિત ચારિત્રગ્રહણ પણ આત્માનું અહિત કરનાર જ નીવડે છે. સામુદ્રિક, સ્વપ્ન, જ્યોતિષ આદિ અનેક વિદ્યાઓમાં આસક્તિ રાખી તેનાથી પેટ ભરનાર કુસાધુને દુઃખ આવ્યે કર્મના વિપાક ભોગવતી વખતે એકેય વિદ્યા શરણ આપનારી ન થાય. વેશધારી સાધુ અજ્ઞાનથી હમેશાં દુઃખી હોય છે. અગ્નિ માફક સર્વભક્ષી બની, સદોષ નિર્દોષનો ભેદ રાખ્યા વિના આહારાદિ ગ્રહણ કરનાર દુર્ગતિમાં જ જાય

છે. મસ્તક છેદનાર કટ્ટર વૈરી જે અનર્થ નથી કરતો, તે અનર્થ આત્મા કુમાર્ગે ગતિ કરવાથી કરે છે. એવા કુસાધુઓનો તપ-સંયમ નિષ્ફળ જાય છે, એટલું જ નહિ પણ તે આ લોકે કે પરલોકમાં કયાંય શાન્તિ પામી શકતો નથી. માટે જ્ઞાનીની હિતશિક્ષા સાંભળી આત્માએ સુમાર્ગે ગતિ કરવી એ જ હિતાવહ છે.”

મહાન તપસ્વી, ઈંદ્રિયજિત અને દૃઢ વ્રતવાળા એવા અનાથી મુનિએ એવો સાધુધર્મ શ્રેણિક રાજાને કહી સંભળાવ્યો.

સનાથ-અનાથના યથાર્થ સ્વરૂપને સાંભળી સંતુષ્ટ થએલા શ્રેણિક રાજાએ બે હાથ જોડી વંદન કરી કહ્યું: “ હે ભગવન્ ! આપે મને અનાથપણાનું સત્ય સ્વરૂપ સમજાવ્યું, અને એથી હવે હું માનું છું કે આપને માનવજન્મ ભલે મળ્યો, તમે આવી કાન્તિ અને સૌમ્યતા ભલે પામ્યા, શ્રી જિનેશ્વરના સત્ય માર્ગમાં સાચા સનાથ અને સબાંધવ આપ જ છો; એટલું જ નહિ પણ અનાથના નાથ તથા સર્વ પ્રાણીઓના રક્ષક પણ આપ જ છો. હું આપની ક્ષમા યાચના કરૂં છું, કારણ કે પૂર્વાશ્રમની હકીકત જાણવા માટે વારંવાર મેં આપને પૂછ્યું અને એથી મેં આપના ધ્યાનમાં ભંગ પાડ્યો. વળી મેં આપને ભોગ ભોગવવાનું આમંત્રણ કર્યું તે બદલ આપ મને ક્ષમા કરો.”

આ પ્રમાણે મુનિ પાસે સત્ય વસ્તુ સમજી રાજા અંતઃપુર સહિત-સ્વજનો સહિત જૈન ધર્મના પરમ ભક્ત બન્યા. પછી ગુરૂને વંદન કરી રાજા યથાસ્થાને પોતાના મંદિરે ગયા. અનાથી મુનિવરે ત્રણ ગુપ્તિ સહિત અને મન-વચન-કાયા

એ ત્રણ દંડથી રહિતપણે સંસારથી સંપૂર્ણ રીતે વિરક્ત રહી આત્મકલ્યાણને સાધ્યું.

વળી સમુદ્રપાલ મુનિ, રાજિમતી રહનેમ,
કેશી ને ગૌતમ, પામ્યા શિવપુર ક્ષેમ. ૨૪
ધન્ય વિજયઘોષ મુનિ, જયઘોષ વળી જાણ,
શ્રી ગર્ગાચાર્ય પહોંત્યા છે નિર્વાણ. ૨૫
શ્રી ઉત્તરાધ્યયનમાં, જિનવરે કર્યાં વખાણ,
શુદ્ધ મનથી ધ્યાવો, મનમાં ધીરજ આણ. ૨૬

* * *

સમુદ્રપાલ મુનિ

ચંપા નામે નગરીમાં પાલિત નામે એક સાર્થવાહ રહેતા હતા. તે વણિક જ્ઞાતિના અને પ્રભુ મહાવીરના પરમ ભક્ત હતા. તે વ્યાપાર અર્થે વહાણ ભરીને પિહુંડ નગરે આવી વ્યાપાર કરવા લાગ્યા. વ્યાપાર કરતાં બહુ વર્ષ વીત્યાં ત્યારે પિહુંડ નગરના કોઈ ગૃહસ્થ વણિકે પોતાની યુવાન પુત્રી પાલિતને પરણાવી. લગ્ન કર્યા પછી પણ કેટલોક વખત ત્યાં રહી, વ્યાપારનું કામ સંકેલી, પોતે સગર્ભા સ્ત્રી સમેત પોતાના દેશમાં ચંપાનગરી ભણી આવવાને રવાના થયા. મુસાફરી સમુદ્રમાર્ગે હતી. સમુદ્રમાં મુસાફરી કરતાં વહાણમાં જ સ્ત્રીએ બાળકને જન્મ આપ્યો. શેઠ શેઠાણી રાજી થયાં અને યોગ્ય અવસરે સમુદ્રમાં જન્મેલા એ પુત્રનું નામ સમુદ્રપાલ આપ્યું. ચંપાનગરીમાં આવી સુખપૂર્વક જીવન વિતાવતાં તેઓ પુત્રને મોટો

કરવા લાગ્યાં. અભ્યાસની વયે પુત્રને વિદ્યાભ્યાસ કરાવ્યો અને યુવાન વયે સ્વરૂપવતી રમણી સાથે પરણાવ્યો. સમુદ્રપાલ પાંચે ઈંદ્રિયનાં સુખો પોતાના મહેલમાં રહી ભોગવવા લાગ્યા.

એક વખતે સમુદ્રપાલ શેઠ પોતાના મહાલયના ગોખમાં બેસી નગરચર્યા જોતા હતા ત્યારે રાજ્યનાં માણસો એક ચોરને ફાંસીએ ચડાવવા લઈ જતા હતા. ચોરને ગધેડે બેસાડેલો હતો, આગળ ફૂટેલો ઢોલ વાગતો હતો; તેવા સ્વરૂપમાં ચોરને લઇ જવાતો જોઇને સમુદ્રપાલને અશુભ કર્મોના વિપાક વિષે વિચારો થયા, અને એ વિચારમાં તાદાત્મ્ય થઈ જવાને પરિણામે તેમને જાતિસ્મરણ જ્ઞાન થયું. એ જ્ઞાનના યોગથી તેમને શુદ્ધ સ્વરૂપમાં આત્મતત્ત્વ સમજાયું, અને પરિણામે શુદ્ધ વૈરાગ્ય ઉત્પન્ન થયો. પછી માતાપિતાની અનુજ્ઞા મેળવી પોતે ચારિત્ર અંગીકાર કર્યું. પંચ મહાવ્રત પાળતા અને અનેક પરિષહોને સહન કરતા સમુદ્રપાલ મુનિ ઉત્કૃષ્ટ સંયમ પાળતા હતા; મનુષ્ય, દેવ, તીર્યંચાદિના ઉપસર્ગને સહન કરતા હતા; આત્મરક્ષણ અને પરરક્ષણ કરતાં અને નિર્દોષ આહારાદિ લેતાં, અતિ દુષ્કર તપ કરી, સર્વ કર્મથી રહિત થઈ અંતે સિદ્ધ સ્વરૂપને પામ્યા.

રાજિમતી અને રથનેમી

બાવીસમા તીર્થંકર શ્રી નેમનાથ (અરિષ્ટનેમિ) ગૃહસ્થાશ્રમમાં હતા ત્યારે વાસુદેવ શ્રી કૃષ્ણ મહારાજની પ્રેરણાથી અને શ્રી કૃષ્ણ મહારાજે પોતે જ ઉગ્રસેન રાજાની સુરૂપા સુગુણા કુંવરી રાજિમતી સાથે નેમનાથના કરેલા સગપણથી સર્વ

યાદવકુળ અને અન્ય રાજાઓ, મનુષ્યો અને દેવોના સમૂહ સમેત શ્રી નેમનાથ પરણવા માટે શ્વસુરગૃહે લગ્નમંડપ પ્રતિ જતા હતા. રસ્તામાં જાનમાં આવેલાઓને ભોજન આપવાને સંગ્રહેલાં પશુપક્ષીઓનો મૃત્યુના ભયથી ઉદ્ભવતો કોલાહલ સાંભળી નેમનાથે સારથીને પૂછ્યું: "આ નિર્દોષ પશુ–પક્ષીઓને શામાટે ગોંધી રાખવામાં આવ્યાં છે?" જવાબમાં સારથીએ કહ્યુઃ "આપના લગ્નપ્રસંગે જાનૈયાઓને ભોજન આપવા માટે આ પશુપક્ષીઓને એકઠાં કરવામાં આવ્યાં છે." આ સાંભળી કરૂણામૂર્તિ શ્રી નેમ પ્રભુ તુર્ત ત્યાંથી લગ્ન કર્યા વિના જ સર્વ પશુપક્ષીઓને છૂટાં કરાવી પોતાને આવાસે આવ્યા. પછી વરસી દાન દઈ પોતે ચારિત્ર લઈ ચાલી નીકળ્યા. (જુઓ તીર્થંકરોના ચરિત્રોમાં શ્રી નેમનાથનું ચરિત્ર).

રાજિમતીને નેમ પ્રભુએ સંસારત્યાગ કર્યાની જાણ થતાં તે મૂર્છિત બન્યાં, અને માતાપિતા તથા સખીઓના સમજાવવા છતાં પોતે પોતાના હાથે જ કેશલુંચન કરી સખીઓ સાથે સંયમી બન્યાં. કેટલોક વખત વીત્યા પછી પોતે ગીરનાર પર જવા લાગ્યાં. જતાં રસ્તામાં સખત વરસાદ પડવાથી સર્વ કપડાં ભીંજાઈ ગયાં. તેથી એકાન્તમાં પોતાનાં વસ્ત્ર સૂકવવાનું વિચારીને તે એક ગુફા નજીક આવ્યાં. બહારથી અંધારી અને નિર્જન જણાતી ગુફામાં પોતે ગયાં આને અંધારામાં કોઈ મનુષ્ય દેખાયું નહિ, એટલે પોતાનાં સર્વ વસ્ત્રો ઉતારી તે સૂકવ્યાં, અને નગ્નાવસ્થામાં સ્વસ્થ ઊભાં રહ્યાં. ત્યાં એજ ગુફામાં શ્રી નેમનાથ પ્રભુના પિત્રાઈ ભાઈ સમુદ્રવિજયના પુત્ર યુવરાજ શ્રી રથનેમી જે સંયમી થઈ આત્મમેલ દૂર કરવા ત્યાં એકાન્તધ્યાન તપશ્ચર્યાદિ કરતા હતા, તેમણે રાજિમતીને જોયાં

અને રાજિમતીએ રથનેમીને જોયા. તુર્ત જ ભયભીત થઈ, શીલ તથા લજ્જાના રક્ષણ અર્થે રાજિમતી નીચે બેસી ગયાં અને પોતાના હાથપગથી ગુહ્યાંગોને ગોપવી લીધાં.

બહુ વર્ષના ત્યાગને પણ ઉંડાઉંડા આસક્તિના બીજે દૂર ખસેડી મેલ્યો. કામાગ્નિએ રથનેમીના મન અને શરીરને ઉન્મત્ત બનાવ્યાં. રથનેમી ભાન ભૂલી રાજિમતીને કહેવા લાગ્યા: “ હે રૂપવતી ! હું રથનેમી છું. હે રમણી ! મારાથી તમારે લેશ માત્ર ભય પામવાનો નથી. તમને મારાથી જરાએ દુઃખ નહિ થાય. માટે મારો સ્નેહ સ્વીકારો, કારણકે આમ મનુષ્યભવ વારંવાર મળવો દુર્લભ છે. ચાલો આપણે મનુષ્યભવના ભોગ ભોગવીએ. યુવાવસ્થા પૂર્ણ થયે, ભોગની તૃપ્તિ થયે, આપણે બંને સંયમ ગ્રહણ કરીશું.”

ગુફામાં રહેલા રથનેમીને ઓળખવાથી રાજિમતીનો ભય કાંઈક ઓછો થયો. પોતે ઊઠીને પોતાનાં વસ્ત્રો પહેરી લીધાં, પછી પોતે સંયમમાં કાયર અને કામથી પરાજિત એવા રથનેમીને કહ્યું: “તમે કામદેવથી અધિક સ્વરૂપવાન હો, અથવા નળકુબેર સરખા હો કે એથીએ અધિક હો, પણ હું તમને ન જ ઈચ્છું, કારણકે અગંધન કુળમાં ઉત્પન્ન થએલ નાગ જેમ જાજ્વલ્યમાન અગ્નિમાં બળી મરવાનું પસંદ કરે પણ પોતે વમેલા પોતાના વિષને પાછું લેવાને ઇચ્છે નહિ, તેમ જ હું પણ ભોગને ફરી ન ઈચ્છું. તમારા વાસનામય અને એથી અપયશવાળા જીવનને ધિક્કાર છે કે વમેલા ભોગની ફરી ઈચ્છા કરો છો. આપણે ઉચ્ચ કુળમાં ઉત્પન્ન થવા છતાં તમે ગંધન કુળના સર્પ થવાને ઈચ્છો છો ? અને મનની પામર અસ્થિ-

તાથી જ્યારે જ્યારે સ્ત્રીઓને જોશો ત્યારે ત્યારે તેની સાથે વિષયભોગની ઇચ્છા કરશો તો સમુદ્રના કિનારે રહેલા હડ નામે વૃક્ષની પેઠે તમારો આત્મા જરૂર અધઃપતનને પામશે. માટે હે રથનેમી! ક્રોધ, માન, માયા, લોભને દબાવી, પાંચે ઇન્દ્રિયોના વિષયને વશ રાખી પવિત્ર આત્માને કામભોગથી વિરમાવો!"

પવિત્ર સાધ્વીનો આત્મસ્પર્શી ઉપદેશ સાંભળી, ઉન્મત્ત બનેલો હાથી જેમ અંકુશના સ્પર્શ માત્રથી શાન્ત થઈ જાય તેમ રથનેમી સંયમધર્મમાં પુનઃ સ્થિર થઈ ગયા અને એ જ વખતથી મનવચનકાયાથી સુસંયમી અને જિતેન્દ્રિય બન્યા. જીવનપર્યંત પોતાના વ્રતમાં અખંડિત રહી તેમણે ચારિત્રને છેવટ સુધી નભાવી રાખ્યું. રાજિમતી અને રથનેમી બંને અંતે કેવળી થઈ, સર્વકર્મ બંધનથી મુક્ત થઈ, પરમ પદને પામ્યાં.

કેશી મુનિ

કેશી મુનિ એ ભગવાન મહાવીરના અનુયાયી નહોતા, પૂર્વે થયેલા ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથ ભગવાનના અનુયાયી હતા. પણ પાર્શ્વનાથ ભગવાનના શાસનમાં અને મહાવીર ભગવાનના શાસનમાં કેટલીક ભિન્નતાઓ હતી, જોકે તાત્ત્વિકતાઓ સમાન પ્રકારની જ હતી. એક વાર કેશી મુનિ પોતાના શિષ્ય પરિવાર સાથે વિહાર કરતા શ્રાવસ્તી નગરીમાં પધારેલા તે જ વખતે ભગવાન મહાવીરના ગણધર ગૌતમ પણ સપરિવાર ત્યાં પધાર્યા. કેશી મુનિના પરિવારને ગૌતમ ગણધરના શિષ્યોના વેશ, ક્રિયાઓ વગેરે જોઈને આશ્ચર્ય થયું. બેઉ સંપ્રદાયોનો ધર્મ એક

હતો અને આચારમાં ભિન્નતા હતી. એટલે કેશી મુનિએ ગૌતમને મળવાની અને વિચારવિનિમય કરવાની ઇચ્છા પ્રદર્શિત કરી. ગૌતમે તે આનંદપૂર્વક સ્વીકારી.

શ્રાવસ્તી નગરીની બહાર આવેલા તિન્દુક નામના ઉદ્યાનમાં કેશી મુનિ ઊતર્યા હતા, ત્યાં ગૌતમ સ્વામી પોતે જ પોતાના શિષ્યો સાથે ગયા અને કેશી મુનિ તેમને પોતાની સમીપે આવેલ જાણીને ખૂબ આનંદ પામ્યા. ગૌતમસ્વામી તથા તેમના શિષ્યોનું સ્વાગત કરી તેમને પ્રાશુક આસનો આપી બેસાડચા. બેઉ મુનિવરો વચ્ચેનો વિવાદ સાંભળવાને બેઉના શિષ્યો જેવા આતુર હતા તેવા જ આતુર દેવો અને મનુષ્યો પણ ત્યાં આવ્યા. પછી કેશી મુનિ અને ગૌતમસ્વામી વચ્ચે પ્રશ્નોત્તરી થઈ. કેશી મુનિના પ્રશ્નોમાં રહેલી શંકાઓનું ગૌતમ મુનિના ઉત્તરોએ સમાધાન કર્યું. એ પ્રશ્નોત્તરી સંક્ષેપમાં નીચે પ્રમાણે હતી.

કેશી—હે ગૌતમ મુનિ! ભગવાન પાર્શ્વનાથે ચાર મહાવ્રતરૂપ ધર્મ કહ્યો છે, ત્યારે મહાવીર સ્વામી પાંચ મહાવ્રત રૂપ ધર્મ કહે છે, એ પ્રકારનો ભેદ જાણીને મને આશ્ચર્ય થાય છે.

ગૌતમ—હે મુનિવર! પહેલા તીર્થંકર ઋષભદેવ સ્વામીના સમયના મનુષ્યો બુદ્ધિમાં જડ છતાં પ્રકૃતિએ કરીને સરળ હતા; આજના સમયના મનુષ્યો બુદ્ધિમાન છતાં બુદ્ધિનો દુરુપયોગ કરનારા અને પ્રકૃતિના વાંકા છે, તેથી જ સમય જોઈને ભગવાન મહાવીરે આજના યુગને માટે કડક વિધિવિધાનો કહેલાં છે. ઋષભદેવ ભગવાનના સમયમાં લોકોને ધર્મ સમજવો કઠણ લાગતો પણ સમજ્યા પછી આચરવામાં તેઓ

સમર્થ હતા. આજે લોકોને ધર્મ સમજવો સરળ છે પણ પાળવામાં તેઓ કઠીનતા જુએ છે. તેથી બન્નેના કાળમાં પાંચ મહાવ્રત રૂપ યતિધર્મ સમજાવેલો છે. વચ્ચેના બાવીસ તીર્થંકરોના સમયમાં લોકો સરલ બુદ્ધિવાળા અને પ્રાજ્ઞ હતા, તેથી તેમના સમયમાં ચાર મહાવ્રતરૂપ ધર્મ સમજાવ્યો છે.

કેશી—સાધુઓએ સફેદ વસ્ત્રો વાપરવાં એવો ધર્મ ભગવાન મહાવીરે કહ્યો છે, જ્યારે પાર્શ્વનાથે વિવિધ રંગવાળાં વસ્ત્રો વાપરવાની છૂટ આપી છે. તો એક જ ધર્મમાં વેશ અંગે આવું અંતર કેમ રાખ્યું હશે?

ગૌતમ—વસ્ત્રો ગમે તેવાં સાદાં કે રંગીન હોય પણ તે શરીરને ઢાંકવા માટે છે–વિભૂષા માટે નથી એવું પાર્શ્વનાથના સમયના સરળ તથા બુદ્ધિમાન સાધુઓ સમજતા હતા અને આસક્તિથી દૂર રહેતા હતા; પણ ભગવાન મહાવીરે જોયું કે નિમિત્ત મળતાં આસક્તિ ન થવી એ મુશ્કેલ વાત છે, માટે સાદો સફેદ વેશ જ રાખવો, જેથી લોકો સમજે કે આ જૈન સાધુ છે, સાધુને વેશ પરથી ધ્યાનમાં રહે કે પોતે સાધુ છે અને સફેદ વસ્ત્રોથી સંયમનો નિર્વાહ થાય છે તો રંગીન વસ્ત્રોની જરૂર નથી. વળી સાધુનો વેશ તો સતત જાગૃતિ માટેનું વ્યવહારનયે કરીને એક સાધન માત્ર છે; નિશ્ચયનયે જ્ઞાન દર્શન અને ચારિત્ર એ જ મોક્ષનાં સાધન છે. એ અંગે પાર્શ્વનાથ અને મહાવીર સરખા મતના છે.

કેશી—હજારો વૈરીઓ તમારી સામે ઝઝૂમી રહ્યા છે, છતાં તમે તે બધાને શી રીતે જીતી શકો છો?

ગૌતમ—હું માત્ર એકને–મનને જીતવા જ સતત યત્ન

કરું છું. એકને જીતવાથી પાંચ, પાંચને જીતવાથી દશ અને દશને જીતવાથી સર્વ શત્રુઓ જીતાય છે. એક મન જો ન જીતાય તો શત્રુ છે, એ શત્રુને કારણે ચાર કષાયો શત્રુ છે, પાંચ ઇંદ્રિયો પણ શત્રુ છે, એમ આખી શત્રુપરંપરાને જીતવાની શક્તિ મનને જીતવા દ્વારા જ પ્રાપ્ત થાય છે.

કેશી—કર્મરૂપી બંધનથી મુક્ત થઈને તમે વાયુની પેઠે હળવા થઈ શી રીતે અપ્રતિબંધપણે વિહરી શકો છો?

ગૌતમ—રાગ, દ્વેષ, મોહ, પરિગ્રહ અને સ્ત્રી આદિ સ્વજનો પરની આસક્તિરૂપી ભયંકર બંધનો છે. તે બંધનોને છેદવાથી હું એટલો હળવો બની જઉં છું કે વાયુવત્ અપ્રતિબંધપણે વિહરવા શક્તિમાન બનું છું.

કેશી—હૃદયરૂપ જમીનના ઉંડાણમાં ઝેરી ફળો આપનારી એક વિષવેલ છે તેને તમે શી રીતે ઉખાડી નાખી?

ગૌતમ—સંસારને વધારનારી તૃષ્ણા જ વિષવેલ છે. તે વેલ એવાં ઝેરી ફળો આપે છે કે તેથી જન્મમરણ વધ્યાં કરે છે. તે વેલને બરાબર પિછાણીને મેં તેને મૂળમાંથી ઉખાડી નાખી છે કે જેથી ઝેરી ફળ ચાખવાં પડે જ નહિ.

કેશી—હૃદયમાં એક જળતો ભયંકર અગ્નિ છે, જે શરીરમાં રહીને શરીરને જ બાળે છે, તેને તમે કેવી રીતે બૂઝવ્યો?

ગૌતમ—કષાયો એ જ અગ્નિ છે અને તે શરીર-મન--આત્માને સતત બાળ્યાં કરે છે. જ્ઞાન, આચાર અને તપશ્ચર્યારૂપ મેઘની ધારાઓથી એ અગ્નિને મેં બૂઝવી નાખ્યો છે એટલે મને હવે તેનો દાહ વેઠવો પડતો નથી.

કેશી—તમે સાહસિક, ભયંકર અને દુષ્ટ ઘોડા પર બેઠેલા

છો, છતાં તમે સીધે માર્ગે કેવી રીતે જઇ શકો છો? તમે કેમ ઉન્માર્ગે ચડી જતા નથી?

ગૌતમ—મન એ જ તોફાની ઘોડો છે, તેને ધર્મશિક્ષા-રૂપી-જ્ઞાનરૂપી લગામ વડે બાંધીને હું તેનો બરાબર નિગ્રહ કરું છું એટલે તે મને આડે માર્ગે ખેંચી જતો નથી.

કેશી—સંસારમાં ખોટા રસ્તાઓ ઘણા છે અને તેથી જીવો સાચા માર્ગને ઓળખી નહિ શકવાથી ખોટે માર્ગે દોરાઇ જાય છે. તમે સન્માર્ગે કેવી રીતે રહી શકો છો?

ગૌતમ—સન્માર્ગ-કુમાર્ગને મેં બરાબર ઓળખી લીધા છે. સ્વકલ્પિત મતોમાં જે સ્વચ્છંદે વર્તે છે તે પાખંડી અને ઉન્માર્ગી મતો છે; સંસારના બંધનથી સર્વથા મુક્ત જિનેશ્વરોએ સત્યનો ઉત્તમ માર્ગ બતાવ્યો છે. આવું સમજ્યા પછી હું સન્માર્ગે સરળતાથી રહી શકું છું.

કેશી—જળના મોટા પ્રવાહમાં તણાતાં પ્રાણીઓને તે દુ:ખમાંથી બચાવનાર કયું શરણ, કયું સ્થાન, કઇ ગતિ અને કયો આધારરૂપ દ્વીપ તમે માનો છો?

ગૌતમ—તે જળના વેગમાં પણ એક મોટો દ્વીપ છે કે જેમાં પાણીનો મહાવેગ પણ જતો નથી. જરા અને મરણરૂપી દુ:ખના વેગથી પ્રાણીઓ સંસારજળમાં તણાઈ રહ્યાં છે, તેનું શરણ, ગતિ અને આધારરૂપી દ્વીપ એક માત્ર ધર્મ છે.

કેશી—એક મહાપ્રવાહવાળા સમુદ્રમાં એક નાવ ચોતરફ ઘૂમી રહી છે, તે ઉપર તમે ચડેલા છો, તો તમે શી રીતે તે પાર ઊતરશો?

ગૌતમ—છિદ્રવાળી નાવ પાર ન પહોંચાડતાં વચમાં જ

ડૂબી જાય છે અને ડુબાડે છે, માટે નાવ છિદ્ર વિનાની જોઈએ. સંસારરૂપ સમુદ્રમાં શરીર જ એક નાવ છે, જીવ તેનો નાવિક છે. એ સંસારસમુદ્રને છિદ્રહીન દેહવાળા મહર્ષિઓ જ તરી જાય છે.

કેશી—સમગ્ર લોકમાં ઘોર અંધકારની અંદર રુંધાઈ રહેલાં પ્રાણીઓને પ્રકાશ કોણ આપશે?

ગૌતમ—આખા લોકને અજવાળનાર સર્વજ્ઞરૂપી સૂર્ય આખા લોકના પ્રાણીઓને પ્રકાશ આપશે.

કેશી—સંસારના જીવો સાંસારિક-માનસિક દુઃખથી પીડાય છે, તેમને માટે કલ્યાણકારી, નિર્ભય, ઉપદ્રવરહિત અને પીડા-રહિત એવું કયું સ્થાન છે?

ગૌતમ—એક સ્થાન લોકના અગ્રભાગ પર આવેલું સુંદર અને નિશ્ચલ સિદ્ધિસ્થાન કે નિર્વાણસ્થાન છે, જેમાં જરા, મૃત્યુ, વ્યાધિ, વેદના ઈત્યાદિ કશું જ નથી. ત્યાં દુઃખથી પહોંચી શકાય છે અને સંસારરૂપી સમુદ્રનો અંત કરનાર શક્તિશાળી પુરુષો ત્યાં પહોંચી શકે છે. ત્યાં ગયા પછી પુનઃ જન્મવું-મરવું પડતું નથી.

કેશી—હે સંશયાતીત! હે સર્વ સિદ્ધાંતના પારગામી ગૌતમ! તમને નમસ્કાર છે.

એ રીતે કેશી સ્વામીના બધા સંશયોનું ગૌતમે નિવારણ કર્યું, તેથી પ્રસન્ન થઈને કેશી સ્વામી તથા તેમના અનુયાયી મુનિમંડલે મહાવીર ભગવાનનો પાંચ મહાવ્રત રૂપ ધર્મ ભાવ-પૂર્વક સ્વીકાર્યો. એ રીતે પછી પણ કેશી-ગૌતમનો સમાગમ થતો રહ્યો અને બીજાં વ્રતો અંગે પણ શાસ્ત્રદૃષ્ટિએ સમન્વય થવા પામ્યો. આ જોઈને માનવો અને દેવો સંતોષ પામ્યા, અને

કેશી સ્વામી મહાવીર ભગવાનના શાસનાનુસાર મહીમંડળમાં જીવનપર્યંત વિચર્યા.*

જયઘોષ અને વિજયઘોષ મુનિ

પૂર્વ કાળમાં વાણારસી નામે નગરીમાં બ્રાહ્મણ કુળમાં ઉત્પન્ન થએલા જયઘોષ અને વિજયઘોષ નામે બે ભાઈઓ હતા. બંને ભાઈઓ વેદોક્ત કર્મોને અને બ્રાહ્મણ ધર્મને માનનારા હતા.

જયઘોષને યજ્ઞ વગેરે પર ખૂબ શ્રદ્ધા–ભક્તિ હતાં, તેથી તે નિત્ય યજ્ઞ કરતો હતો. એ યજ્ઞાદિ કર્મ કરતાં તેના મનને સાચી તૃપ્તિ થતી ન હતી, ઉંડી ઉંડી અતૃપ્તિ–અસંતોષ રહેતો હતો, અને આત્મિક શાન્તિ માટે કાંઈક બીજું હોવું જોઈએ એમ મનમાં થયા કરતું હતું. એવામાં એક દિવસે તે જળાશયે નહાવા ગએલો ત્યાં નાના મચ્છોને મોટા મચ્છો મારતા હતા તે તેના જોવામાં આવ્યું અને એવું જ બીજું નિમિત્ત મળતાં જેમ પવનના યોગથી ભારેલો અગ્નિ એકાએક પ્રગટી નીકળે તેમ સાચો વૈરાગ્ય અને આત્મભાન પ્રકટ્યા. એ જ વખતે જયઘોષ ચારિત્ર લઈ ચાલી નીકળ્યા.

મોક્ષમાર્ગમાં ઉતાવળી ગતિ કરતા અને પાંચે ઈંદ્રિયોને વશ રાખતા એ મુનિ માસ–માસખમણ તપ કરતા હતા. એક વખતે પોતાની જ જન્મભૂમિ વાણારસીમાં આવી તે ગામ બહાર મનોરમ નામે ઉદ્યાનમાં બિરાજ્યા. એક દિવસે માસ-ખમણના પારણાના દિવસે મુનિપુંગવ જયઘોષ મુનિ તેમના

---

* ગૌતમનું તેમજ ભગવાન મહાવીરના બધા ગણધરોનાં જીવન-ચરિત્રો આગળ જુદાં આપેલાં છે.

ભાઈ વિજયઘોષ કુળપરંપરા અનુસાર જયાં યજ્ઞ કરી રહ્યા હતા, તે જ સ્થાને ભિક્ષા અર્થે આવી ચડયા. યજ્ઞવાડામાં ભિક્ષા માટે જૈન મુનિને આવતા જોઈને વિજયઘોષે અને બીજા પંડિતો તથા વેદોના જાણનારા બ્રાહ્મણોએ તેમને યજ્ઞવાડામાં આવવાની ના પાડી, એટલું જ નહિ પણ વધુમાં કહ્યું કે "હે મુનિ! ખટરસ સહિતનું આ ભોજન તો તેમને જ અપાય છે કે જેઓ બ્રાહ્મણો હોય, ચાર વેદો અને જ્યોતિષાદિ છ અંગના જ્ઞાતા હોય, યજ્ઞાર્થિ હોય, જિતેન્દ્રિય હોય, અને સ્વ પર આત્માનો ઉદ્ધાર કરવામાં સમર્થ હોય; તમને તે નહિ અપાય."

સન્માન અને અપમાનમાં સમભાવ ધરનાર અને અન્ન-વસ્ત્રાદિની લેશ માત્ર આસકિત વિનાના જયઘોષ મુનિએ વિજયઘોષના કલ્યાણ અર્થે અને તેના અજ્ઞાનનો અંધકાર દૂર કરવા અર્થે કહ્યું: "હે વિપ્ર! વેદ, યજ્ઞ, જ્યોતિષાદિને અને ધર્મના મુખ-પરમાર્થને તથા સ્વ પર આત્માનો ઉદ્ધાર કરનારને તમે ઓળખતા જ નથી. જો યથાર્થ સ્વરૂપે જાણતા હો તો મને સમજાવો."

વિજયઘોષાદિ પંડિત બ્રાહ્મણો મુનિના પ્રશ્નોનો ઉત્તર ન આપી શકવાને લીધે તેઓએ મુનિવરને એ જ પ્રશ્ન પૂછીને ઉત્તર આપવાને વિનંતિ કરી. નમ્રતાપૂર્વક બ્રાહ્મણોના પૂછેલા પ્રશ્નોના જવાબમાં મુનિ બોલ્યા: "અગ્નિહોત્ર એ વેદનું મુખ છે, યજ્ઞાર્થિ એ યજ્ઞોનું મુખ છે, ચંદ્ર એ નક્ષત્રનું મુખ છે; સર્વ ધર્મપ્રરૂપકોમાં શ્રીઋષભદેવ વીતરાગ હોવાથી તે જ સર્વ ધર્મમાં શ્રેષ્ઠ છે. તપરૂપ વેદિકાવાળા જીવરૂપ કુંડમાં કર્મરૂપ

ઈંધન બાળવાથી ઉત્પન્ન થએલા શુભ ધ્યાનરૂપ અગ્નિ અને શુભ યોગ રૂપ ચાટવાથી શરીરરૂપ યાજક શુદ્ધ ભાવના રૂપી આહુતિથી યજ્ઞ કરે. બ્રાહ્મણત્વ અને બ્રાહ્મણની પ્રતિજ્ઞાથી અજાણ એવા અજ્ઞાનીઓ ખાલી યજ્ઞ કરે છે, અને શુષ્ક તપશ્ચર્યાદિ કરનાર તથા રહસ્યને જાણ્યા વિના વેદોનું અધ્યયન કરનાર બ્રાહ્મણ નથી, પણ રાખથી ઢાંકેલા અગ્નિ જેવા છે. જે પાપથી રહિત હોય, સ્વજનાદિથી અનાસક્ત હોય, દુઃખમાં પણ આનંદ માનનાર હોય, રાગદ્વેષ–ભયથો રહિત હોય, સદાચારી, તપસ્વી, દમનેન્દ્રિય, શુદ્ધ તપશ્ચર્યાદિથી જેણે શરીરને કૃષ બનાવ્યું હોય, કષાય રહિત થઈ શાન્તિને પામેલ હોય, જેઓ મન, વચન, કાયાથી ત્રસ અને સ્થાવર જીવના અહિંસક હોય, જે સર્વદા સર્વ પ્રકારે સત્ય જ બોલતા હોય, જેને સર્વથા અદત્તના પ્રત્યાખ્યાન હોય, જે દેવ, મનુષ્ય અને તીર્યંચ સંબંધી સર્વ પ્રકારના વિષયોથી વિમુક્ત થઈ, ત્રિકરણ યોગે બ્રહ્મચર્યના પાલક હોય, જળમાં રહેલા કમળની માફક જે કામભોગથી અલિપ્ત હોય, જે જીહ્વા ઈંદ્રિય–રસલોલુપતાને સર્વથા વશ કરી માત્ર ધર્મરક્ષણ અર્થે ભિક્ષા લઈ જીવનનિર્વાહ કરતા હોય, અને જે પૂર્વાશ્રમના સંબંધીઓના રાગથી મુક્ત હોય, અકિંચન હોય, તેવા ગુણોવાળાને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

"હે વિજયઘોષ! પશુઓના વધાદિકને જે પ્રરૂપે છે તેવા વેદો કે પાપાદિથી અપાયેલી આહુતિઓ કાંઈ યજ્ઞ કરનારા દુરાચારીઓને શરણભૂત થતાં નથી, કારણકે કર્મો ફળ આપવામાં બળવાન જ હોય છે. વળી હે વિજયઘોષ! માત્ર મસ્તક મુંડાવવાથી સાધુ થવાતું નથી, ૐકારના ઉચ્ચારમાત્રથી બ્રાહ્મણ થવાતું નથી, અરણ્યમાં રહેવા માત્રથી મુનિપણું આવતું

નથી કે માત્ર ભગવાં વસ્ત્ર પહેરવાથી તાપસપણું પ્રાપ્ત થતું નથી; પરન્તુ સમભાવથી સાધુ, ત્રિકરણ યોગે બ્રહ્મચર્ય પાળનાર બ્રાહ્મણ, સમ્યક્જ્ઞાન હોય તો મુનિ અને શુદ્ધ ભાવથી તપશ્ચર્યા કરનાર જ તપસ્વી કહેવાય છે. અને તે જ સાચા સાધુ, બ્રાહ્મણ, મુનિ અને તપસ્વી છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર એ કાંઈ જન્મ કે કુળથી હોઇ શકતા નથી. વર્ણવ્યવસ્થા એ જન્મથી નહિ પણ કર્મથી હોઇ શકે છે અને કર્મથી જ ક્ષત્રિય, બ્રાહ્મણ, વૈશ્ય અને શુદ્ર ગણાય છે. અનંત જ્ઞાનીએ આ સ્વરૂપને ખુલ્લી રીતે કહી બતાવેલું છે અને તેથી જ સર્વ કર્મોથી રહિત હોય તેને જ બ્રાહ્મણ કહી શકાય છે.”

જયઘોષ મુનિના કથનને સાંભળી વિજયઘોષ, બ્રાહ્મણ અને તેનાં ધર્મ–કર્મોને યથાર્થ રીતે સમજ્યો અને હાથ જોડી વંદન કરી આ જ્ઞાન આપવા માટે મુનિનો ઉપકાર માની, આહાર વિહોરવાનો આગ્રહ કર્યો. જવાબમાં મુનિએ કહ્યું: “હે વિપ્ર! મારે આહારાદિની ખાસ લાલસા નથી, માત્ર તમે સંયમ સ્વીકારી આત્મકલ્યાણ કરો. કામભોગ એ કર્મનાં બંધનો વધારનાર છે, તેનાથી આત્મા મલિન થાય છે; મલિનતા દૂર કરી આત્માને કર્મરહિત કરો.”

વિજયઘોષ બ્રાહ્મણ જયઘોષ મુનિના ઉપદેશને ગ્રહણ કરી, વૈરાગ્ય પામી, સંયમી થયા. શુદ્ધ સંયમ તપશ્ચર્યાદિ કરી, સર્વ કર્મનાં બંધનો તોડી, સર્વ કર્મનો ક્ષય કરી, જયઘોષ મુનિ અને વિજયઘોષ મુનિ બન્ને પરમ પવિત્ર પદને પામ્યા.

ગર્ગાચાર્ય

શ્રી ગર્ગાચાર્ય એક પવિત્ર, તપસ્વી અને સમર્થ આચાર્ય હતા. તેમને સેંકડો શિષ્યોનો પરિવાર હતો. આચાર્ય પોતે આત્માર્થી અને સંયમના અર્થી હતા. તેમના શિષ્યો સ્વચ્છંદી, શિથિલાચારી અને સંયમ પાળવામાં કાયર હતા. પવિત્ર આચાર્યે જાણ્યું કે મારા શિષ્યો ગળીયા બળદની માફક સંયમધુરાને વહવાને અશક્ત છે, અને જેમ બળદને મારવામાં આવે કે કોઈ બીજી રીતે હાંકવામાં આવે છતાં ગળીયા બળદો ખેડુને કે ગાડાને ઇષ્ટ સ્થાને સહીસલામત પહોંચાડે નહિ પણ અધવચે જ રખડાવી મારે, તેમ મારા શિષ્યો સંયમધુરાને વહન કરી યથાસ્થાને પહોંચાડે તેવા નથી. જેમ ગળીયા બળદો ચાલતાં રસ્તામાં પડી જાય, રાસડી તોડી નાખે, ગાડી ભાંગી નાખી ધણીને હેરાન કરે, જવાના રસ્તે ન જતાં બીજે રસ્તે જાય, એમ કરીને ગાડું હાંકનારને હેરાન કરે તેવી રીતે મારા કુશિષ્યો આળસુ–પ્રમાદી બની વિદ્યાવૃદ્ધિના ગર્વથી મદમાતા અને અહંકારી થયા છે. કેટલાક રસના લોલુપી થયા છે, કેટલાક શાતાશીળીયા થયા છે, અને પોતે સંયમ પાળતા નથી. જેમ ગળીયા બળદ તેમ જ ગળીયા ગધેડા પોતાના માલીકને દુઃખ દે છે, તેવી જ રીતે મારા કુશિષ્યો સંયમના વિરાધક બને છે અને મને પણ વિરાધક બનાવે તેવા છે, તો તેવા કુશિષ્યોથી સર્યું.”

એ રીતે વિચારી એકાન્ત આત્મકલ્યાણના અર્થી શ્રી ગર્ગાચાર્યે શિષ્યાદિ સર્વનો મમત્વ મૂકી એકલા વિહરીને આત્મકલ્યાણ કર્યું.

શ્રી મહાવીરના ૧૧ ગણધરો

(૧) ઈન્દ્રભુતિ (ગૌતમ) (૨) અગ્નિભૂતિ, (૩) વાયુભૂતિ, (૪) વ્યક્ત, (૫) સુધર્મા, (૬) મંડિતપુત્ર, (૭) મૌર્યપુત્ર, (૮) અકંપિત, (૯) અચળ ભ્રાતા, (૧૦) મેતાર્ય, (૧૧) પ્રભાસ.

* * *

ઈન્દ્રભૂતિ

સર્વ પ્રકારના ભયથી રહિત અને સુખ સમૃદ્ધિથી ભરપૂર એવા મગધ દેશમાં ધનધાન્યથી ભરપુર ગોબર ગામમાં વસુભૂતિ નામે વેદ પુરાણાદિનો જ્ઞાતા બ્રાહ્મણ રહેતો હતો. તેને પૃથ્વી નામે સ્ત્રી હતી. તે ગૌતમગોત્રી હતા. તેમને ઈન્દ્રભૂતિ નામે મોટા પુત્ર હતા.

ઈન્દ્રભૂતિ વેદાદિ જ્ઞાનના જાણકાર પંડિત હતા અને તેમને પોતાના જ્ઞાનનું એટલે સુધી મમત્વ હતું કે પોતા સરીખો જગતભરમાં કોઈ વિદ્વાન છે જ નહિ એવું તે માનતા; એટલું જ નહિ પણ પોતાનું જ્ઞાન બહાર ન નીકળી જાય માટે પેટે પાટો બાંધી રાખતા, અને પાતાળમાં કોઈ પંડિત નામધારી જાણવામાં આવે તો તેને પરાજિત કરવા માટે પોતાના શિષ્યો પાસે જમીન ખોદાવીને પંડિત સાથે ચર્ચા કરવા માટે કોદાળી-પાવડા ઊપડાવતા ! એવી જ રીતે આકાશમાંથી કોઈ પંડિત નીકળે તો તેને પરાજિત કરવા માટે પોતાની સાથે તે નીસરણી પણ રાખતા.

આ ઇન્દ્રભૂતિ અને તેમના બીજા બે ભાઇઓ એમ ત્રણે ભાઈઓ અને બીજા વિદ્વાન બ્રાહ્મણો એક દિવસે યજ્ઞમંડપમાં બેઠેલા હતા. તે વખતે પ્રભુ મહાવીર જે ગામ બહાર બિરા-

જતા હતા, તેમના સમવસરણમાં દેવોને જતા જોઈને ઈન્દ્ર-ભૂતિને વિચાર થયો કે દેવો અહીં આવવાને બદલે આમ ક્યાં જતા હશે ? પૂછગાછ કરતાં તેમને માલુમ પડ્યું કે કોઈ સર્વજ્ઞ નામધારી ધૂર્ત અત્રે આવેલ છે, અને દેવો ત્યાં જાય છે; પણ દેવોને એ ખબર નથી કે સર્વજ્ઞ તો હું છું, તો હું એ ધૂર્તની પાસે જઈ તેની સાથે વાદ કરીને પરાજિત કરી આવું. એવો સંકલ્પ કરી ઈન્દ્રભૂતિ પોતાના પાંચ સો શિષ્યો સહિત પ્રભુ મહાવીર પાસે સમવસરણમાં આવ્યા. પ્રભુની ભવ્યતા ભાળી મનથી તેમણે પોતાનો પરાજય સ્વીકાર્યો. અનંત જ્ઞાન તથા દયાના સાગર શ્રી વીર પ્રભુએ ઈન્દ્રભૂતિનું નામ લેઈ તેમને બોલાવ્યા, અને કહ્યું: "હે ગૌતમ ઇન્દ્રભૂતિ ! તમને આત્માના અસ્તિત્વ સંબંધી વેદનાં પરસ્પર વિરૂદ્ધ વાક્યોથી ઘણા વખત થયા શંકા છે. તે શંકાનું મૂળ **विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवाऽनुविनश्यति न प्रेत्यसंज्ञास्ति** એ વેદવાક્યના અર્થને યથાર્થ રૂપમાં ન સમજવામાં રહેલું છે. તમે એ વાક્યનો અર્થ આવી રીતે કરો છો : **विज्ञानघन एव** એટલે વિજ્ઞાનોનો સમુદાય જ **एतेभ्यो भूतेभ्यः समुत्थाय** એટલે આ ભૂતોમાંથી ઉત્પન્ન થઈને **तान्येवाऽनुविनश्यति** એટલે પાછો ભૂતોમાં જ લય પામે છે. **न प्रेत्यसंज्ञास्ति** તેથી પરલોકપણાની સંભાવના નથી. અર્થાત્ પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ, એ પાંચ ભૂતો શરીરરૂપે પરિણમ્યા હોય ત્યારે શરીર રૂપે પરિણમેલા એ પાંચ ભૂતોમાંથી "આ ઘડો છે," "આ ઘર છે," "આ મનુષ્ય છે," ઈત્યાદિ વિવિધ પ્રકારના જ્ઞાનનો સમુદાય જ ઉત્પન્ન થાય છે; પણ આત્માને માનવાવાળા જ્ઞાનનો આધાર જે આત્મા નામનો પદાર્થ માને છે તે પદાર્થ નથી; કેમકે પાંચ ભૂતોમાંથી જ્ઞાન

ઉત્પન્ન થાય છે, તેથી જ્ઞાનનો આધાર પાંચ ભૂતો માનવા જોઈએ: જેમ મદીરાના અંગોમાંથી મદશક્તિ ઉત્પન્ન થાય છે તેમ. અને જ્યારે આત્મા નામનો પદાર્થ જ નથી તો પરલોક પણ નથી, ઈત્યાદિ.

"વળી હે ઇન્દ્રભૂતિ! પ્રત્યક્ષ પ્રમાણથી આત્મા દેખાતો નથી કે સ્પર્શાદિ અનુભવથી પણ જણાતો નથી તો આત્મા છે તેની શું સાબીતી?

"અનુમાન પ્રમાણથી પણ આત્મા સિદ્ધ થતો નથી, જેમકે જ્યાં જ્યાં ધુમાડો હોય ત્યાં ત્યાં અગ્નિ હોય જ એમ અનુમાન પ્રમાણ પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધરૂપ છે, તેથી પણ આત્મા સાબિત થઇ શકતો નથી.

"આગમ પ્રમાણથી પણ એમ જ, કારણકે કેટલાંક શાસ્ત્રો આત્મા હોવાનું માને છે જ્યારે કેટલાંક શાસ્ત્રો આત્માને નિષેધ કરે છે; તો તેમાં સાચું કયું માનવું તે પણ સિદ્ધ થતું નથી.

"ઉપમા પ્રમાણથી પણ આત્મા છે એમ સિદ્ધ થતું નથી, કારણ કે આત્મા નથી એટલે તેને ઉપમા પણ કયાંથી હોય? એમ એકેય રીતે આત્માનું અસ્તિત્વ સિદ્ધ થતું નથી. વળી વેદોમાં કેટલેક ઠેકાણે આત્માની વાતો કરી છે એથી આત્માના અસ્તિત્વ સંબંધી તમને શંકા છે.

"પણ હે ઇન્દ્રભૂતિ! તમારો તે સંશય ખોટો છે. **વિજ્ઞાન** ઇત્યાદિનો મૂળ અર્થ આ પ્રમાણે થાય છે. જે વિશિષ્ટ જ્ઞાન એટલે જ્ઞાન દર્શનનો ઉપયોગ તે **વિજ્ઞાન** અને તે વિજ્ઞાનના સમુદાય રૂપ જ આત્મા. જાણવાયોગ્યપણે પ્રાપ્ત થયેલા આ પૃથ્વી વગેરે ભૂતો થકી અથવા ઘટ–પટ વગેરે ભૂતોના વિકારોર્થ

'આ પૃથ્વી છે' 'આ ઘટ છે' ઈત્યાદિ પ્રકારે તે ભૂતોના ઉપયોગ રૂપે ઉત્પન્ન થઈને તે ઘટ વગેરે ભૂતોનો જ્ઞેયપણે અભાવ થયા પછી જ આત્મા પણ તેઓના ઉપયોગ રૂપે વિનાશ પામે છે, અને બીજા પદાર્થના ઉપયોગ રૂપે ઉત્પન્ન થાય છે, અથવા સામાન્ય સ્વરૂપે રહે છે. આવી રીતે પૂર્વના ઉપયોગ રૂપે આત્મા ન રહેલો હોવાથી તે પૂર્વના ઉપયોગ રૂપ સંજ્ઞા રહેતી નથી. પણ તેથી આત્મા નાશ પામતો નથી. વળી ઘટ પટાદિનું જ્ઞાન થવું-જાણવું, તેનું સ્ફુરવું, તે જ્ઞાન જ આત્મા છે, તે જ પ્રત્યક્ષ પ્રમાણ. જ્ઞાન અને જ્ઞાની આત્મા શાશ્વત રૂપે અભિન્ન છે. જો શરીર જ આત્મા હોત તો મુડદાને પણ જ્ઞાન થવું જોઈએ. જેમ દૂધમાં ઘી, તલમાં તેલ, લાકડામાં અગ્નિ, ફુલમાં સુગંધ, ચંદ્રકાન્ત મણિમાં પાણી રહેલું હોય છે તેમ શરીરથી જુદો પણ શરીરમાં જ આત્મા રહેલો હોય છે."

એ પ્રમાણે પ્રભુની દેશના સાંભળી ઈન્દ્રભૂતિના સંશયનો નાશ થયો અને પાંચ સો શિષ્ય સહિત એ જ વખતે તેમણે પ્રભુ પાસે દીક્ષા લીધી.

(૨) અગ્નિભૂતિ

પોતાના મોટા ભાઈને પ્રભુના શિષ્ય થયા સાંભળી અગ્નિભૂતિ પ્રભુને વાદમાં હરાવી પોતાના ભાઈને પાછા લઈ આવવાને પોતાના પાંચ સો શિષ્યો સહિત પ્રભુના સમવસરણમાં આવ્યા. પ્રથમની માફક પ્રભુએ પોતાના અપ્રતિમ જ્ઞાનથી તેમનો સંશય કહ્યો:

"હે અગ્નિભૂતિ! તમને એ સંશય છે કે આ જગતમાં માત્ર આત્મા સિવાય કર્મ, ઇશ્વર, વગેરે કાંઈ છે જ નહિ. મનુષ્ય, દેવ, તીર્યંચ, પર્વત, પૃથ્વી, વગેરે જે કાંઈ દેખાય છે તે સર્વ આત્મા જ છે. તે સિવાય કર્મ જેવું કાંઈ છે જ નહિ. અમૂર્ત એવા આત્માને મૂર્ત એવાં કર્મ વળગી કેમ શકે? મૂર્ત એવાં કર્મ અમૂર્ત એવા આત્માને લાભ હાનિ કરી જ કેમ શકે? જેમ અમૂર્ત આકાશને મૂર્ત ચંદનનો લેપ થઈ શકે નહિ, તેવી જ રીતે આત્મા અને કર્મનું પણ સમજવું. આવી સમજ તમને વેદના પાઠથી થઇ છે. પણ તે સમજ બરાબર નથી, જે પદનો અર્થ તમે જે પ્રમાણે કરો છો તે પ્રમાણે તેનો અર્થ થતો નથી. તે પદનો અર્થ આત્માની સર્વ-વ્યાપકતા બતાવવા પૂરતો છે. એથી કર્મનો નિષેધ થતો નથી. જેમ "जले विष्णुः स्थले विष्णुः" ઇત્યાદિમાં આખું જગત વિષ્ણુમય બતાવ્યું, પણ તેથી વિષ્ણુ વિના જગતમાં બીજા પદાર્થો નથી એમ સમજવાનું નથી. અને કર્મ એ વસ્તુ જ ન હોય તો કોઇ સુખી, કોઈ દુઃખી, કોઇ ઉંચ, કોઇ નીચ, કોઇ રાજા, કોઈ રંક, એવા જે નાનાવિધ ભેદો દેખાય છે, પ્રત્યક્ષ અનુભવાય છે, તે હોઈ જ ન શકે; માટે કર્મ છે એ સિદ્ધ થાય છે."

આ રીતના પ્રભુના ઉપદેશથી અગ્નિભૂતિનો સંશય દૂર થયો અને પોતાના પાંચ સો શિષ્યો સહિત તે પ્રભુ પાસે એ જ વખતે દીક્ષા લઈ યોગ્ય સમયે ગણધર પદવીને પામ્યા.

---

(૩) વાયુભૂતિ

પોતાના બન્ને ભાઈઓને પ્રભુ પાસે દીક્ષિત થયેલા સાંભળી વાયુભૂતિને પ્રભુ પ્રત્યે પૂજ્ય ભાવ ઉત્પન્ન થયો. તે પણ પોતાના પાંચ સો શિષ્યો સહિત પ્રભુના સમવસરણમાં પ્રભુ પાસે આવ્યા.

પ્રભુએ તેમનો સંશય કહ્યોઃ "હે વાયુભૂતિ! તમને સંશય છે કે શરીર છે એ જ આત્મા છે, શરીરથી આત્મા જુદો નથી. વળી વેદનાં કેટલાંક વાકયોથી શરીર અને આત્મા જુદાં જુદાં હોય તેમ પણ સમજાય છે; તો સત્ય શું હશે? તે સંશય તમને છે." વાયુભૂતિએ હા કહી. પછી શરીર એ આત્મા નથી પણ શરીરથી આત્મા જુદો છે, વગેરે ખુલાસો ઈન્દ્રભૂતિના સંશયના જવાબમાં ભગવાને કરેલો તે પ્રમાણે તેમણે વાયુભૂતિ સમક્ષ પણ ખુલાસો કર્યો, એટલે સંશયછેદ થવાથી વાયુભૂતિએ પણ પોતાના પાંચ સો શિષ્યો સહિત પ્રભુ પાસે એ જ વખતે દીક્ષા લીધી, અને સમય જતાં તે પણ ગણધર પદવી પામ્યા.

---

(૪) વ્યક્ત

ઈન્દ્રભૂતિ આદિ ત્રણે ભાઈઓને પ્રભુ મહાવીરની પાસે દીક્ષિત થયેલા સાંભળી વ્યક્ત નામના પંડિત પણ પોતાના પાંચ સો શિષ્યોના સમુદાય સહિત પ્રભુ પાસે પોતાના સંશયના નિવારણ અર્થે આવ્યા.

પ્રભુએ તેમને નામ લઇ બોલાવ્યા અને તેમનો સંશય કહ્યો કે, "હે વ્યક્ત! તમને પંચભૂતના અસ્તિત્વ સંબંધી શંકા છે; શંકાનું મૂળ વેદવાક્ય स्वप्नोपमं वै सकलम् इत्येष ब्रह्म

विधिपिरञ्जला विज्ञेयः એ જ છે. એનો અર્થ સંસારની અસારતા સમજાવી, સંસારમાં અનાસક્તપણે રહેવા પુરતો કરવો જોઈએ. તેને બદલે તમે તેનો અર્થ આ પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, એ પાંચ ભૂતો સ્વપ્નસદૃશ છે, પણ તે વસ્તુ વસ્તુરૂપે છે જ નહિ એમ કરો છો. બીજી બાજુ પંચભૂતો પ્રત્યક્ષ દેખાતા હોવાથી તેને વસ્તુરૂપે નથી એમ પણ કેમ કહેવાય? આમ પરસ્પર વિરૂદ્ધતાથી તમને શંકા ઉત્પન્ન થઈ છે. પણ તે શંકા અસ્થાને છે. પંચભૂતો વસ્તુરૂપે છે. માત્ર આત્મકલ્યાણ અર્થે તેમાં આસક્તિભાવ ન રાખવો જોઇએ અને આત્મહિત અર્થે તો તે અસ્થિર અને સ્વપ્ન જેવા જ છે, એમ માનવું જોઈએ. જન્મ જન્માન્તરમાં તે પદાર્થો કોઈની પણ સાથે જતા નથી, માટે તે અસ્થિર છે."

આ પ્રમાણે સર્વજ્ઞ વીતરાગ દેવશ્રી વીરપ્રભુનું કથન સાંભળી વ્યક્ત પંડિતે સંશયરહિત થઇ પોતાના પાંચ સો શિષ્યોના સમુદાય સહિત એ જ વખતે પ્રભુ પાસે દીક્ષિત થઇને ગણધર પદવીને પ્રાપ્ત કરી.

---

(૫) સુધર્મા

પ્રથમના ૪ પંડિતો પ્રભુના શિષ્ય થયા છે એવું સાંભળી સુધર્મા નામે પંડિત પોતાના પાંચ સો શિષ્યો સહિત પ્રભુ પાસે આવ્યા. પ્રભુએ તેમને નામ લઈને બોલાવ્યા અને તેમનો સંશય કહ્યો કે पुरुषो वै पुरुषत्वमश्नुते, पशवः पशुत्वम्। અર્થાત્ મનુષ્ય મરીને મનુષ્ય જ થાય, પુરૂષ મરીને પુરૂષ જ થાય, પશુ મરીને પશુ જ થાય, મનુષ્ય મરીને દેવ, તીર્યંચ વગેરે

ન થાય, તેમજ પશુ મરીને મનુષ્ય પણ ન થાય, કારણકે ઘઉંમાંથી ઘઉં જ પાકે, ડાંગરમાંથી કદિ પણ ઘઉં ન જ થાય; એ જ રીતે મનુષ્ય-પશુ આદિ માટે પણ સમજવું. વળી વિષ્ટા સહિત કોઇ મનુષ્ય મરે તો શિયાલ (જંબૂક) પણે ઉત્પન્ન થાય: આમ પરસ્પર વિરૂદ્ધ કથન સાંભળી તમને સંશય થયો છે કે આ ખરૂં કે તે ખરૂં? પરન્તુ તમારો એ સંશય વેદવાકય-ના અર્થને યથાર્થ રૂપે સમજ્યા વિનાનો છે. એનો ખરો અર્થ એ છે કે મનુષ્ય મરીને મનુષ્ય થાય છે તે પણ સત્ય છે. સરલ પ્રકૃતિ, સરલ સ્વભાવ, અમાનીપણું વગેરે ગુણવાળા હોય તે મનુષ્ય મરીને મનુષ્ય થાય, પણ દરેક મનુષ્ય મરીને મનુ-ષ્ય જ થાય તેવો એકાન્ત નિયમ ન જ હોય. તેમજ પશુ મરીને પશુ જ થાય તેવો એકાન્ત નિયમ પણ ન હોય. છાણમાંથી વીંછી પેદા થાય છે, જુવારના સાંઠામાંથી શેલડી ઉત્પન્ન થાય છે, ભેંસના શીંગડામાંથી કેળાં (કદલીફળ) ઉત્પન્ન થાય છે, મરી ગયેલાં નાનાં બાળકો દાટયાં હોય તેના મગજ સાથે માટી મળવાથી કેરડા ઉત્પન્ન થાય છે, માખીની હગારમાંથી કુદીનો ઉત્પન્નથાય છે, એમ અનેક રીતે દેહાન્તરો થયા જ કરે છે."

આ પ્રમાણે ઉપદેશ સાંભળી સંશયરહિત થઈ સુધર્મા પંડિતે પોતાના પાંચ સો શિષ્યો સહિત દીક્ષિત થઈ ગણધર પદવીને પ્રાપ્ત કરી.

---

(૬) મંડિત

પ્રથમના પાંચે પંડિતો પ્રભુ મહાવીરના શિષ્ય થયાનું સાંભળી પંડિત મંડિત પણ પોતાના ૩૫૦ શિષ્યો સહિત

પ્રભુના સમવસરણમાં આવ્યા. પ્રભુએ તેમને નામ લઇ બોલાવ્યા, અને કહ્યું: "હે મંડિત! તમને સંશય છે કે આત્માને કર્મનું બંધન અને મોક્ષ છે કે નહિ? કેટલાંએક વેદવાકયથી આત્માને કર્મનાં બંધન કે મોક્ષ હોવાનું સંભવતું નથી, અને કોઇ કોઇ વેદવાકયથી આત્માને બંધન અને મોક્ષ સંભવિત પણ જણાય છે, તો સત્ય શું હશે? એવો તમારો સંશય છે; અને તે એ રીતે કે આત્મા અમૂર્ત છે, સત્વ રજસ અને તમો ગુણથી પર છે, તો તેને કર્મનાં બંધનો હોઈ શકે જ નહિ; અને જ્યારે બંધન નથી તો મોક્ષ પણ ન જ હોઈ શકે. બંધન વિના છૂટવાનું કોનાથી? કર્મનાં બંધનથી રહિત આત્માને સંસારમાં રખડવાનું કે શુભ કર્મનાં પરિણામો પણ ભોગવવાનું હોય જ નહિ: આ પ્રમાણે સંશય છે. તેનો જવાબ એ છે કે જે આત્મા છદ્મસ્થપણાથી રહિત છે, અર્થાત્ સર્વજ્ઞ છે, સિદ્ધ છે, તે મુક્ત આત્માને શુભાશુભ કર્મ હોતાં નથી, એટલે ભોગવવાપણું કે સંસારમાં રખડવાપણું હોતું નથી, તેમજ તે આત્માને ઉપદેશાદિ દેવાપણું પણ નથી હોતું, કારણકે એ સર્વ ક્રિયા કર્મના સ્વભાવથી થાય છે. જ્યાં કર્મ જ ન હોય ત્યાં તેના સ્વભાવ અને તેનાથી થતી ક્રિયા પણ ન જ હોય, કારણકે સાધનના અભાવે કાર્યનો અભાવ જ હોય. પણ જે આત્મા કર્મથી સહિત છે, કર્મથી છૂટો થયો નથી, પણ મુક્તાત્મા કરતાં અનેકગણાં કર્મો સહિત જે આત્મા છે, તેને શુભાશુભ કર્મનાં પરિણામો ભોગવવાનાં છે અને સંસારમાં રખડવાનું રહે છે. જો કર્મ સહિત આત્મા સંસારમાં પરિભ્રમણ કરતો ન હોય તો આ સંસાર કે સંસારની પરિસ્થિતિ જ ન હોય."

એ પ્રમાણે પ્રભુ મહાવીરનો ઉપદેશ સાંભળી સંશયનિવા-

રણ થવાથી પોતાના સાડાત્રણ સો શિષ્યો સહિત શ્રી મંડિતે પ્રભુ પાસે સંયમ લઈ ગણધર પદવી પ્રાપ્ત કરી.

---

(૭) મૌર્યપુત્ર

છ પંડિતોને પ્રભુ મહાવીરની પાસે દીક્ષિત થયેલા જાણી મૌર્યપુત્ર પણ પોતાના સાડાત્રણ સો શિષ્યોના પરિવાર સાથે પ્રભુ પાસે આવ્યા. પ્રભુએ તેમને નામ લઈ બોલાવ્યા અને તેમનો સંશય કહ્યો કે: "હે મૌર્યપુત્ર! તમને સંશય છે કે દેવો છે કે નહિ? વેદનાં પરસ્પર વિરૂદ્ધ વાકયોથી તમને દેવો સંબંધી સંશય થયો છે. **को जानाति मायोपमान् गीर्वाणान् इन्द्रयमवरुणकुबेरादीन्**, અર્થાત્ યમ, ઈન્દ્ર, વરૂણ, કુબેર, વગેરે સર્વ માયાજાળ–ઈન્દ્રજાળ જેવા છે. જેમ ઈન્દ્રજાળમાં દેખાય ઘણું પણ વસ્તુ સ્વરૂપે કાંઈ હોય નહિ, તેમ ઇંદ્રાદિ માટે પણ સમજવું; વળી નારકીઓ તો પરતંત્ર છે, પણ દેવો તો સ્વતંત્ર છે, તો તે કેમ આવતા કે દેખાતા નથી? અને જો દેખાતા નથી તો તેનું અસ્તિત્વ પણ નથી. વળી કોઈ ઠેકાણે એવું પણ જોવામાં આવે છે કે **स एष यज्ञायुधी यजमानोऽञ्जसा स्वर्गलोकं गच्छति**, અર્થાત યજ્ઞરૂપી હથીયાર ધારણ કરનાર યજમાન જલદીથી સ્વર્ગમાં જાય છે. આવાં પરસ્પર વિરૂદ્ધ કથન વાંચી દેવોના અસ્તિત્વ સંબંધી સંશય થયો છે, પણ તે સંશય અયુક્ત છે, કેમકે આ સમવસરણમાં બેઠેલા દેવોને પ્રત્યક્ષપણે તમે અને હું જોઈ શકીએ છીએ. વળી ચંદ્ર, સૂર્ય, વગેરે જોવાય છે, તે દેવોનાં વિમાન છે. જો દેવો ન હોય તો દેવોનાં વિમાન પણ ન જ હોય. એથી પણ દેવનું અસ્તિત્વ

સમજાય છે. દેવો સ્વતંત્ર છે, એ વાત ખરી પણ પૃથ્વીથી અતિ ઉંચે ઊડતી દુર્ગંધને લીધે અહીં આવવાના પ્રબળ આકર્ષણના અભાવે દેવો દુર્ગંધમાં ન જ આવે.”

આ પ્રકારનો ઉપદેશ શ્રવણ કરીને મૌર્યપુત્રના સંશયનું નિવારણ થતાં એ જ વખતે પોતાના સાડાત્રણ સો શિષ્યો સહિત પ્રભુ મહાવીર પાસે દીક્ષિત થઈ છેવટે તેમણે ગણધર પદવી પ્રાપ્ત કરી.

---

(૮) અકંપિત

પ્રથમના સાત પંડિતોની માફક અકંપિત પંડિત પણ પોતાના ત્રણ સો શિષ્યો સહિત પ્રભુના સમવસરણમાં આવ્યા અને પ્રભુએ તેમને બોલાવ્યા તથા તેમનો સંશય કહ્યો: “ હે અકંપિત ! તમને નારકી છે કે નહિ એ સંશય છે, અને न ह वै प्रेत्य नरके नारकाः सन्ति એ વેદવાક્યથી શંકા થઈ છે કે આ જગતમાં નરક કે નારકી કાંઈ છે જ નહિ. દેવાદિકનું અસ્તિત્વ તો ચંદ્ર સૂર્યથી તેમજ દેવાદિની માનતાઓ ફળવાથી સિદ્ધ થાય છે, પણ નારકીના અસ્તિત્વનું એકેય પ્રમાણ મળતું નથી. વળી શૂદ્રનુ અન્ન ખાનાર બ્રાહ્મણ નરકમાં જા છે, એવાં પણ કથનો જોવામાં આવે છે. એથી તમને સંશ થયો છે કે નારકી છે કે નહિ ? એના ખુલાસામાં નારકીએ નરકમાં હમેશના માટે રહેવાના નથી એવો અર્થ કરવાનો છે, પણ નરકમાં નારકી છે અને નારકી છે તો નરક પણ છે અશુભ કર્મનો બદલો ભોગવવાનું સ્થાન એ જ નરક. જેમ કોઈ અતિ ભયંકર ગુન્હો કરનારને બંધીવાસ મળે છે, તેમ

અશુભ કર્મ કરનારને નરક મળે છે. અશુભ કર્મનાં પુદ્‌ગલો ખૂબ ભારે હોય છે, અને ભારે પરમાણુઓ કર્મ સહિત આત્માને વળગે ત્યારે આત્મા પણ ભારે થાય છે. તે ભાર વધવાથી ગુરૂત્વાકર્ષણના નિયમ મુજબ તે આત્મા નીચે-નરકમાં અશુભ કર્મના પરિણામે શિક્ષા ભોગવવા જાય છે.”

એ પ્રમાણે અનંત દયાળુ પ્રભુના મુખેથી ખુલાસો સાંભળી વૈરાગ્ય પામી પોતાના ત્રણ સો શિષ્યો સહિત અકંપિત પંડિતે પ્રભુ પાસે સંયમ ગ્રહણ કર્યો. પછી તે ગણધર પદવી પામ્યા.

(૯) અચળ ભ્રાતા

પોતાના સંગાથી આઠ પંડિતોને પ્રભુની પાસે દીક્ષિત થએલા જાણી અચળ ભ્રાતા પોતાના ત્રણ સો શિષ્યો સાથે પ્રભુના સમવસરણમાં આવ્યા. પ્રભુએ તેમને બોલાવ્યા અને કહ્યું: “હે અચળ ભ્રાતા! પુણ્ય પાપ છે કે નહિ, તે સંબંધી તમને સંશય છે. વેદ-સૂત્રોનાં પરસ્પર વિરૂદ્ધ વચનોથી એ સંશય તમને ઉત્પન્ન થયો છે. આ જગતમાં માત્ર આત્મા સિવાય બીજું કાંઈ છે જ નહિ, અને તેથી પુણ્ય પાપ પણ હોઈ શકે જ નહિ અર્થાત્ પુણ્ય-પાપ જેવું કાંઈ છે જ નહિ; પણ તમારો સંશય અયુક્ત છે. કારણ કે વેદનાં પદોમાં આત્માની મહત્તા ગાઇ છે પણ એથી પુણ્ય પાપનો નિષેધ થતો નથી.” વગેરે બીજા ગણધરની માફક ભગવાને સર્વ ખુલાસો કર્યો.

અચળ ભ્રાતાનો સંશય દૂર થયો એટલે ત્રણ સો શિષ્યો સહિત તેમણે શ્રી વીર પ્રભુ પાસે દીક્ષિત થઇ ગણધર પદવી પ્રાપ્ત કરી.

(૧૦) મેતાર્ય

નવ પંડિતોને દીક્ષિત થએલા જાણી મેતાર્ય પંડિત પણ પોતાના ત્રણ સો શિષ્યો સહિત પ્રભુ પાસે આવ્યા. પ્રભુએ તેમને બોલાવ્યા અને કહ્યું: "હે મેતાર્ય! પરલોક છે કે નહિ તે સંબંધી તમને શંકા છે, પણ તે અયુક્ત છે. પંચભૂતો-માંથી આત્મા ઉત્પન્ન થાય છે અને છેવટે પંચભુતોમાં જ લય પામે છે, એમ જે માનવું છે તે ખોટું છે. પંચભૂતોમાંથી તો શરીર ઉત્પન્ન થાય છે, પણ આત્મા નહિ. આત્મા તો શુભાશુભ કર્મબંધનના યોગે સ્વર્ગ, નરક, મનુષ્ય, તીર્યંચમાં ઉત્પન્ન થાય છે" વગેરે પ્રથમ અને ત્રીજા ગણધરદેવને આપેલો જવાબ પ્રભુએ મેતાર્યને આપ્યો.

પ્રભુએ કરેલા સંશયનિવારણથી મેતાર્ય પોતાના ત્રણ સો શિષ્યો સહિત એજ વખતે પ્રભુ પાસે દીક્ષિત થઇ ગણ-ધર પદવી પામ્યા.

---

(૧૧) પ્રભાસ

પ્રથમના દસ પંડિતોને પ્રભુ પાસે દીક્ષિત થએલા જાણી પ્રભાસ પંડિત પણ પ્રભુ મહાવીર પાસે આવ્યા. પ્રભુએ તેમને બોલાવ્યા અને કહ્યું: "હે પ્રભાસ! મોક્ષ છે કે નહિ તેવો તમારો સંશય છે. "जरामर्य वा यदग्निहोत्रम्" અર્થાત્ યાવત્ જીવન અગ્નિહોત્ર ક્રિયા કરનારને સ્વર્ગ મળે છે, એટલે આખી જીંદગી સુધી સ્વર્ગને માટે ક્રિયા કરવાની છે, તેમાં મોક્ષને માટે અવકાશ જ નથી રહેતો, અને તેનું કારણ એટલું જ કે

મોક્ષ જ નથી, અને જ્યારે મોક્ષ જ નથી ત્યારે મોક્ષને માટે ક્રિયા કરવાની પણ ન જ હોય; વળી તેના વિરૂદ્ધ પક્ષે બે બ્રહ્મ જાણવા, એક પર અને બીજું અપર, તેમાં પર એટલે સત્ય જ્ઞાન છે અને અનંતર બ્રહ્મ એટલે મોક્ષ છે. આમ પરસ્પર વિરૂદ્ધ કથનથી મોક્ષ છે કે નહિ તેના માટે તમને શંકા ઉત્પન્ન થએલ છે. પણ તે શંકા અસ્થાને છે. તમે जरामर्य આદિનો જે અર્થ કરો છો તે અર્થ જ બરાબર નથી. એનો અર્થ એવો છે કે જેને સ્વર્ગની ઇચ્છા હોય તેણે અગ્નિહોત્ર વગેરે કરવાં, પણ જે મોક્ષનો અર્થી હોય તેણે અગ્નિહોત્ર ન કરવાં, પણ મોક્ષસાધક ક્રિયા કરવી. સ્વર્ગની ઇચ્છા એ દ્રવ્યસુખમાં આસક્તિ છે, પણ સર્વ પ્રકારની આસક્તિથી રહિત થનારને જ મોક્ષ મળે છે. આસક્તિવાળા માટે જેમ સ્વર્ગ વગેરે સ્થાનો છે, તેમ અનાસક્તિવાળા માટે પણ કોઇ સ્થાન હોવું જ જોઇએ, અને તે સ્થાન એ જ મોક્ષ."

આ પ્રકારનો ખુલાસો સાંભળી પ્રભાસ પંડિત પોતાના ત્રણ સો શિષ્યો સહિત એ જ વખતે દીક્ષિત થયા, અને ગણધર પદવી પામી, અન્તે સર્વ કર્મનો ક્ષય કરી પરમ પદે પહોંચ્યા.

આ રીતે એક જ દિવસે ૧૧ ગણધરોએ પોતાના સર્વ મળી ૪૪૦૦ શિષ્યો સહિત પ્રભુ પાસે દીક્ષા લીધી અને એ જ દિવસે પ્રભુએ એ પંડિત શિષ્યોને उपनेवा, विगमेवा, અને धुवेवा એ ત્રિપદીનું જ્ઞાન દઈ ગણધર બનાવ્યા.

વળી ખંધક સંન્યાસી, રાખ્યો ગૌતમ સ્નેહ,
મહાવીર સમીપે પંચ મહાવ્રત લેહ. ૨૭
તપ કઠિણુ કરીને ઝોંસી આપણી દેહ,
ગયા અચ્યુત દેવલોકે, ચવી લેશે ભવ છેહ. ૨૮

* * *

ખંધક સંન્યાસી

જે વખતે પ્રભુ મહાવીર કયંગલા નગરીની બહાર છત્ર-પલાશ નામે ઉદ્યાનમાં બિરાજ્યા હતા, તે વખતે એ કયંગલા નગરીની નજીકમાં, બીજી સાવત્થી (શ્રાવસ્તી) નગરીમાં વેદ, પુરાણ, ઇતિહાસ, નિઘંટુ, કોશ, છંદ, જ્યોતિષ વગેરે શાસ્ત્રમાં વિશારદ શ્રી સ્કંદક નામે પરિવ્રાજક–સંન્યાસી રહેતા હતા. તેમને બહુજન માનતા પૂજતા હતા. એ જ સાવત્થી નગરીમાં પિંગળ નિયંઠો નામે શ્રી મહાવીર પ્રભુનો જૈન શાસ્ત્રનો અભ્યાસી જીવ અજીવ આદિ તત્ત્વોનો જાણનાર શ્રાવક રહેતો હતો.

એક દિવસ પિંગળ નિયંઠાએ સ્કંદક સંન્યાસી પાસે આવી, જિજ્ઞાસાવૃત્તિથી તેમને (૧) લોક શાશ્વત છે કે અશાશ્વત? (૨) જીવ શાશ્વત છે કે અશાશ્વત? (૩) સિદ્ધિશિલા શાશ્વત છે કે અશાશ્વત? (૪) સિદ્ધિ શાશ્વત કે અશાશ્વત? અને (૫) કેવા મરણે મરવાથી સંસારની વૃદ્ધિ થાય અને કયા પ્રકારના મરણે મરવાથી સંસારથી છૂટા થવાય? એટલા પ્રશ્નો પૂછ્યા. પ્રશ્ન પૂછનારનો હેતુ પોતાની પંડિતાઇ કે જ્ઞાન બતાવવાનો ન હતો, કારણકે તે પ્રભુ મહાવીરનો સાચો શ્રાવક હતો. તેનો હેતુ સ્કંદકને સમાજમાં અપમાનિત કરવાનો કે ભોંઠા

પાડવાનો ન હતો. સાચો સમજુ માણસ બીજાને અપમાનિત ન કરે, સમાજમાં કોઈની પ્રતિષ્ઠાને હાનિ થાય તેવું તો ન જ કરે. પ્રશ્નકારનો હેતુ પોતે જે સમજેલ છે તેનાથી કાંઈ વિશેષ નવું તે કાંઇ કહે છે કે કેમ, અથવા પૂછેલ બાબતમાં એનું શું મંતવ્ય છે, તે જાણવાનો જ હતો.

શ્રી સ્કંદક એ પ્રશ્ન સાંભળી રહ્યા પણ એ વિષયને પોતે વિચારેલ નહિ હોય એવા જ કોઇ કારણથી તે પિંગળ નિયંઠાને જવાબ દઈ શકયા નહિ અને મૌનપણે તેના પ્રશ્નો સાંભળી રહ્યા. સંન્યાસીને કદાચ પોતાની અપૂર્ણતાનું ભાન પણ થયું હશે.

એકના એક જ પ્રશ્નો ત્રણ વાર પિંગળ નિયંઠાએ સ્કંદકને પૂછ્યા, છતાં જ્યારે કાંઈ પણ પ્રત્યુત્તર ન મળ્યો, ત્યારે પોતાની અહંતા કે સ્કંદકની અવહેલના કર્યા વિના પિંગળ સ્વસ્થાનકે ગયો. શ્રી સ્કંદક પોતાને પૂછાએલા પ્રશ્નોના જવાબ ન આવડવાથી વિચારમગ્ન હતા. તેવામાં સંખ્યાબંધ મનુષ્યોને શ્રી કયંગલા નગરીની બહાર છત્રપલાશ ઉદ્યાનમાં બિરાજતા વીર પ્રભુના દર્શનાર્થે અને વાણી શ્રવણ કરવા અર્થે જતા જોઈ સ્કંદકને પણ પ્રભુ મહાવીર પાસે જઈ પોતાને પૂછાએલા પ્રશ્નોના ઉત્તરનું જ્ઞાન મેળવાની અભિલાષા થઇ. વૈદિક સમાજમાં પોતે સન્માનિત અને વિશિષ્ટ વ્યકિત હોવા છતાં કોઈ પ્રકારના અભિમાનમાં તણાયા વિના તુર્ત જ તે પ્રભુ પાસે જવાને તૈયાર થયા અને સંન્યાસીનાં ૧૪ ઉપકરણો એટલે પોતાના જીવન વ્યવહારનાં ૧૪ સાધનો* સાથે લઈને તુર્ત જ

* સંન્યાસીનાં ૧૪ ઉપકરણનાં નામઃ (૧) ત્રિદંડ, (૨) કમંડલ,

તે ચાલી નીકળ્યા. જાહેર રસ્તે થઈને સાવત્થી નગરીની બહાર તે નીકળ્યા. કયંગલા નગરીથી ઈશાન કોણમાં રહેલ છત્રપલાશ ઉદ્યાન ભણી તે જતા હતા. તે વખતે અનંતજ્ઞાની સર્વજ્ઞ શ્રી મહાવીર પ્રભુ ગણધર શ્રી ગૌતમ સ્વામીને કહેવા લાગ્યાઃ "હે ગૌતમ! આજે તમે તમારા પૂર્વસંગાથી મિત્રને દેખશો તથા મળશો."

ગૌતમ સ્વામીએ પૂછ્યુંઃ "પ્રભુ! કયા મારા પૂર્વસંગાથી મિત્રને જોઇશ?"

અનંતજ્ઞાની પ્રભુએ સ્કંદકને જોવાનું, મળવાનું અને એમને પોતા પાસે આવવાનું કારણ વગેરે કહી સંભળાવ્યાં. ગૌતમ સ્વામીએ એ સાંભળીને પ્રશ્ન કર્યોઃ "એ સ્કંદક આપની પાસે ચારિત્ર ગ્રહણ કરી આપના શિષ્ય થશે?" પ્રભુએ હા કહી. એ વાતચીત ચાલતી હતી તેટલા વખતમાં સ્કંદક છત્રપલાશ બગીચાના દ્વારની લગભગ આવી પહોંચ્યા.

પ્રભુના જ્ઞાનની મહત્તા વધારવાના હેતુથી, તેમજ સ્કંદક ભાવિ સાધુ છે એમ સમજીને અને બીજાં કેટલાંક કારણોથી ગૌતમ સ્વામી સ્કંદકની સામે ગયા અને તેમને અહીં આવવાનું નિમિત્ત વગેરે કહી સંભળાવ્યું. એ સાંભળીને સ્કંદકને આશ્ચર્ય થયું. પણ ગૌતમસ્વામીએ પોતે જે કહ્યું તે સર્વ પ્રભુના કહેવાથી કહેલ છે, એમ કહી પ્રભુના જ્ઞાનની મહત્તા વધારી. સ્કંદકને પ્રભુના જ્ઞાન પ્રત્યે શ્રદ્ધા વધે, એ પણ વિશિષ્ટ હેતુ હતો.

---

(૩) રુદ્રાક્ષની માળા, (૪) માટીનું પાત્ર, (૫) આસન, (૬) લૂછણીયું, (૭) ત્રિગડી, (૮) અંકુશ, (૯) વીંટી, (૧૦) કલાઈનું ઘરેણું, (૧૧) છત્ર, (૧૨) પગરખાં (૧૩) પાઘડી, અને (૧૪) ગેરૂવાં વસ્ત્ર.

ગૌતમ સ્વામીની સાથે આવી સ્કંદકે પ્રભુને વંદન કર્યું. પછી પોતે પ્રશ્ન પૂછવાની તૈયારી કરે છે એ જ વખતે પ્રભુ મહાવીરે પોતેજ તેમના પ્રશ્નો. અને અહીં પોતા પાસે આવવાનું નિમિત્ત વગેરે યથાતથ્ય કહી બતાવ્યું અને સ્કંદકે તે બરાબર સત્ય છે એમ કહ્યું. પછી પ્રભુએ તેમના પ્રશ્નોનો જવાબ આપ્યો.

(૧) લોક અંતવાળો પણ છે અને અંત વિનાનો પણ છે. દ્રવ્યથી અને ક્ષેત્રથી અંતસહિત છે, કાલથી તથા ભાવથી અંતરહિત છે.

(૨) જીવ પણ દ્રવ્યથી અને ક્ષેત્રથી અંતસહિત છે, અને કાળથી તથા ભાવથી અંતરહિત છે.

(૩) સિદ્ધિશિલા પણ એમ જ છે.

(૪) સિદ્ધ પરમાત્મા પણ એમ જ છે.

(૫) મરણ બે પ્રકારનાં: (૧) બાલ (અજ્ઞાન) મરણ અને (૨) પંડિત (જ્ઞાન સહિત) મરણ.

બાલમરણના બાર પ્રકાર છે: (૧) ધર્મભ્રષ્ટ થઈને મરે. (૨) પાંચ ઇન્દ્રિયોના વિષયોને વશ વર્તી મરે. (૩) જીવનના છેડા સુધી ધર્મ પ્રત્યે અશ્રદ્ધા અવિશ્વાસ અને અંતે શલ્ય સહિત મરે. (૪) વાસનાસહિત મરે એટલે મરીને પાછો ત્યાં જ ઉત્પન્ન થાય; અથવા જે ગતિમાં મરણ થયું હોય તે જ ગતિમાં ફરી ઉત્પન્ન થવું. (૫) પર્વત પરથી પડી ઝંપાપાત ખાઈને મરે. (૬) વૃક્ષ ઉપરથી પડી મરે. (૭) પાણીમાં બૂડીને મરે. (૮) અગ્નિમાં બળીને મરે. (૯) ઝેર ખાઈને મરે. (૧૦) શસ્ત્રથી મરે. (૧૧) ફાંસો ખાઇને મરે, અને (૧૨) ગીધ વગેરે

પક્ષીઓથી ચુંટાઇને મરે. એ બાર માંહેના કોઈ પણ બાળ-મરણે મરવાથી સંસાર વધે, સંસારમાં રખડવું પડે.

પંડિત મરણ બે પ્રકારે છેઃ (૧) પાદોપગમન એટલે સર્વથા આહાર પાણીનો ત્યાગ કરી, કપાએલા ઝાડની ડાળી માફક જીવનના છેડા સુધી એક જ સ્થિતિએ રહીને આયુષ્ય પુરૂં કરવું તે. (૨) ભત્તપચ્ચકખાણ, એટલે માત્ર ચાર પ્રકારના આહારનો સર્વથા ત્યાગ, પણ શરીર હલન ચલન વગેરે કરી શકે તે.

(૧) પાદોપગમ બે પ્રકારનાંઃ (૧) એવી જગ્યોએ પાદોપગમન સંથારો કરે કે આયુષ્ય પૂર્ણ થયા પછી શરીરની અંતિમ ક્રિયા થઈ શકે, (૨) એવી જગ્યોએ સંથારો કરે કે આયુષ્ય પૂર્ણ થયા પછી શરીરની અંતિમ ક્રિયા કે કાંઈ ન થાય.

(૨) ભત્તપચ્ચકખાણ પણ એવી જ રીતે બે પ્રકારનાં.

પંડિત મરણે મરતાં થકાં સંસાર ઘટે, સંસારમાં રખડવાનું ઓછું થાય.

આ પ્રમાણે પ્રભુ મહાવીર પાસેથી પ્રશ્નનો ખુલાસો સાંભળીને, વધુમાં પ્રભુનો બોધ સાંભળીને સ્કંદક સંન્યાસી વૈરાગ્ય પામ્યા અને પ્રભુ પાસે એ જ વખતે તેમણે દીક્ષા લીધી. ચારિત્ર ગ્રહણ કરી સ્કંદક મુનિએ અગીયાર અંગાદિનો અભ્યાસ કરી તપશ્ચર્યા શરૂ કરી. તપશ્ચર્યા કરવા જેટલી એ શરીરમાં શક્તિ ન રહી અને શરીર કૃષ બન્યું ત્યારે પ્રભુ મહાવીરની આજ્ઞા લેઇ, સર્વ જીવો સાથે ખમતખામણાં કરી, અજાણતાં પણ લાગેલ દોષોને પ્રભુસાક્ષીએ આલોવી, સેવા કરવામાં નિપુણ એવા સાધુઓ સાથે વિપુલ પર્વત (રાજગૃહ નગરની

બહાર) પર જઇ, એક માસનો પાદોપગમન સંથારો કર્યો. એકંદરે બાર વર્ષ ચારિત્ર પાળી, આયુષ્ય પૂર્ણ કરી, બારમે દેવલોકે ૨૨ સાગરના આયુષ્યે દેવપણે તે ઉત્પન્ન થયા. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી, મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યપણે ઉત્પન્ન થઈ, ત્યાં દીક્ષા લઈ, કર્મ ક્ષય કરી, પરમ પદ પામશે.

વળી ઋષભદત્ત મુનિ, શેઠ સુદર્શન સાર,
શિવરાજ ઋષીશ્વર, ધન્ય ગાંગેય અણગાર. ૨૯
શુદ્ધ સંયમ પાળી, પામ્યા કેવળ સાર,
એ ચારે મુનિવર, પહોંત્યા મોક્ષ મોઝાર. ૩૦

* * *

શ્રી ઋષભદત્ત અને દેવાનંદા

બ્રાહ્મણકુંડ નામના નગર બહાર ઈશાન કોણમાં બહુશાલ નામનો ઉદ્યાન હતો. નગર અને ઉદ્યાન બહુ જ સુંદર અને ઋદ્ધિથી યુક્ત હતાં. બ્રાહ્મણકુંડ નગરમાં ઋષભદત્ત નામના બ્રાહ્મણ હતા. તે ઋદ્ધિવંત પ્રતાપવાન અને કોઇથી પરાભવ ન પામે તેવા હતા. ચાર વેદ, ઇતિહાસ, પુરાણ વગેરેના જાણકાર હોવાની સાથે, જીવાજીવ વગેરે નવ તત્ત્વાદિને જાણનાર પરમ શ્રમણોપાસક શ્રાવક હતા. શ્રાવકધર્મ પાળીને તે સુખ શાન્તિથી રહેતા. તેમને ઘેર દેવાનંદા નામે સ્વરૂપવાન અને સુગુણવિભૂષિત સ્ત્રી હતાં, અને તે પણ નવ તત્ત્વાદિનાં જાણકાર પરમ શ્રમણોપાસિકા શ્રાવિકા હતાં.

એક વખતે મહાવીર પ્રભુ તે ગામની બહાર બહુશાલ ઉદ્યાનમાં પધાર્યા, અને પરિષદ વાંદવા તથા દેશના શ્રવણ કરવા

આવી. ઋષભદત્ત બ્રાહ્મણને તે વિષે ખબર પડી એટલે આનંદ પામીને પત્નીને કહ્યું: "જેના નામના શ્રવણથી મહાલાભ થાય તેવા શ્રી વીરપ્રભુ બહુશાલ ઉદ્યાનમાં પધાર્યા છે. એમના દર્શનથી અને એમની વાણીના શ્રવણથી મહાલાભ થાય તેમાં આશ્ચર્ય શું? માટે આપણે દર્શન કરીને વાણીશ્રવણનો લાભ લઈએ." એમ બન્ને જણે નક્કી કરી, સ્નાન વગેરેથી શરીરશુદ્ધિ કરી, વસ્ત્રાલંકાર પહેરી, તીલક વગેરે માંગલિક કાર્ય કરી, રથમાં બેસી, પ્રભુના સમવસરણ નજીક આવ્યાં. રથથી હેઠાં ઊતરી, પ્રભુ પાસે જઈ, પ્રભુને યથાવિધિ વંદન કરી, ઋષભદત્ત યથાસ્થાને બેઠા અને દેવાનંદા યથાસ્થાને ઊભાં રહ્યાં. (તીર્થંકરના સમવસરણમાં દેશના વખતે સ્ત્રીજાતિ ઊભાં ઊભાં વ્યાખ્યાન શ્રવણ કરે, અને પુરૂષ જાતિ બેઠાં બેઠાં શ્રવણ કરે. પ્રભુની વાણીમાં અતિ રસ આવવાથી ઊભાં રહેનારને જરાએ થાક ન લાગે.) દેવાનંદા પ્રભુ સામે ઊભાં હતાં, તે વખતે પ્રભુને જોઈને તેમને માતૃસ્નેહ પ્રકટ થયો અને શરીર વિકાસમાન થયું. પહેરેલાં વસ્ત્રો ટુંકાં થયાં અને સ્તનમાંથી દૂધની ધારા છૂટી. પ્રભુ સામે અનિમેષપણે તે જોઈ રહ્યાં. શ્રી દેવાનંદાની આ સ્થિતિ જોઈને શ્રી ગૌતમ સ્વામીએ પ્રભુને પૂછ્યું કે: "પ્રભુ! દેવાનંદાની આ સ્થિતિ કેમ થઇ?" જવાબમાં પ્રભુએ કહ્યું: "હે ગૌતમ! એ દેવાનંદા મારાં સગાં માતાં છે, એથી મને જોઇને એમને માતૃસ્નેહ ઉત્પન્ન થયો છે અને તેથી જ આ સ્થિતિ થઈ છે." એમ કહી પ્રભુએ ગૌતમ સ્વામીને પોતાની પૂર્વકથા ટુંકામાં કહી સંભળાવી.

પરિષદ સમક્ષ પ્રભુએ ધર્મદેશના દીધી. પ્રભુની દેશના સાંભળી ઋષભદત્ત બ્રાહ્મણને વૈરાગ્યભાવના જાગૃત થઇ, અને

એ જ વખતે ઉદ્યાનના ઇશાન કોણમાં જઈ, પોતાને હાથે જ સર્વ વસ્ત્રાલંકાર ઉતારી, સાધુનો વેશ પહેરી, પ્રભુ પાસે આવી સંયમની યાચના કરી. પ્રભુએ યોગ્ય જાણી તેમને દીક્ષા આપી. દીક્ષા લઈ ઋષભદત્ત મુનિ સ્થવીરની પાસે અગીયાર અંગ વગેરેનો અભ્યાસ કરી, પછીથી એક બે ત્રણ ચાર વગેરે ઉપવાસાદિ ખૂબ તપશ્ચર્યા કરી, ઘણાં વર્ષની સાધુની પ્રવર્જ્યા પાળી અને એક મહીનાનો સંથારો કરી, આલોવી પડિક્કમી, સર્વ કર્મનો ક્ષય કરી, તેઓ જે સિદ્ધિ માટે ઉદ્યુક્ત થયા હતા તે સિદ્ધિ પ્રાપ્ત કરી, અર્થાત્ સિદ્ધ થયા, સર્વ કર્મથી રહિત થઇ શાશ્વત સુખને પામ્યા.

દેવાનંદાએ પણ એ જ પ્રમાણે કર્યું. તેમણે શ્રી ચંદનબાળા પાસે દીક્ષા લઈ, અગીયાર અંગનો અભ્યાસ કરી, તપશ્ચર્યાદિ કરી, અન્તે સર્વ દુઃખ અને સર્વ કર્મનો અંત કરી તે સિદ્ધિપદને પામ્યાં.

સુદર્શન શેઠ અને મહાબલ

વાણિજ્ય નામના અતિ સુંદર નગરની બહાર ઈશાન કોણમાં દ્યુતિપલાશ નામે ઉદ્યાન હતું. નગરમાં સુદર્શન નામે શેઠ રહેતા હતા. તે ઋદ્ધિવંત અને કોઈથીએ પરાભવ ન પામે તેવા હતા. તે જીવાજીવ, પુણ્ય–પાપ આદિ નવ તત્ત્વોએ કરીને ધર્મસ્વરૂપને જાણનાર પરમ શ્રમણોપાસક હતા.

એક સમયે પ્રભુ મહાવીર વાણિજ્ય ગામની બહાર દ્યુતિપલાશ ઉદ્યાનમાં પધાર્યા. ગામમાં ખબર પડી. મોટો જનસમૂહ પ્રભુનાં દર્શન કરવા અને પ્રભુની દેશના સાંભળવાને થોક-

બંધ જવા લાગ્યો. એ વખતે સુદર્શન શેઠ પણ પ્રભુ પધાર્યાની ખબર જાણી, અતિ હર્ષિત થઇ, સ્નાનાદિ કરી, શુદ્ધ વસ્ત્રો અને અલંકારાદિ પહેરી, મનુષ્યોના સમૂહસહિત પગે ચાલતા વાણિજ્યના મધ્ય ભાગમાં થઇને દ્યુતિપલાશ ઉદ્યાનમાં પંચ અભિગમન સાચવી, પ્રભુ પાસે આવી, વંદન નમસ્કાર કરી, યથાસ્થાને બેઠા.

પરિષદ આવેલી જાણી પ્રભુએ ધર્મદેશના દીધી. દેશના શ્રવણ કરી પરિષદના મનુષ્યો પોતપોતાનાં ઘર તરફ રવાના થયા. સુદર્શન શ્રાવકે દેશના સાંભળીને અતિ આનંદિત બની, ઊભા થઇ, પ્રભુને વંદન નમસ્કાર કરી, પ્રશ્ન કર્યો કે "હે ભગવાન! કાળ કેટલા પ્રકારના? કાળના કેટલા ભેદ?" જવાબમાં પ્રભુએ કહ્યું: "હે સુદર્શન! કાળના ચાર ભેદ છે. (૧) પ્રમાણકાળ, (૨) યથાયુષ્યકાળ, (૩) મરણકાળ, અને (૪) અદ્ધાસમય કાળ. પ્રમાણકાળના બે ભેદ: (૧) દિવસનો પ્રમાણકાળ અને (૨) રાત્રિનો પ્રમાણકાળ. દિવસનો પ્રમાણકાળ ચાર પ્રહરથી થાય છે અને રાત્રિનો પ્રમાણકાળ પણ ચાર પ્રહરથી થાય છે. જઘન્ય ત્રણ મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સાડાચાર મુહૂર્તની પોરશી-એક પ્રહર થાય છે."

પ્રશ્ન–જ્યારે સાડાચાર મુહૂર્તની પોરશી થાય ત્યારે તેમાંથી કેટલો કેટલો ભાગ ઘટાડવાથી જઘન્ય ત્રણ મુહૂર્તની દિવસ અથવા રાત્રિની પોરશી થાય?

ઉત્તર–સાડાચાર મુહૂર્તમાંથી દોઢ મુહૂર્તની વધઘટ ૧૮૩ દિવસમાં થાય છે.*

---

* આ સંબંધી વિશેષ હકીકત મૂળ ભગવતી સૂત્રના શતક ૬ ઉ૦ ૭ માં જોઈ લેવી.

પ્રશ્ન-યથાયુષ્યકાળ કોને કહેવો ?

ઉત્તર-હે સુદર્શન! નારક, તીર્યંચ, મનુષ્ય અને દેવમાં જે આયુષ્યનો બંધ પડેલ હોય તે આયુષ્યને ભોગવવું તે યથાયુષ્યનિવૃત્ત કાળ.

પ્રશ્ન—હે પ્રભુ ! મરણકાળ એટલે શું ?

ઉત્તર—હે સુદર્શન ! નારકી, તીર્યંચ, મનુષ્ય અને દેવગતિવાળા એ શરીરને ત્યાગીને બીજા શરીરમાં જાય એને મરણકાળ કહે છે.

પ્રશ્ન—પ્રભુ ! અદ્ધાસમયકાળ એટલે શું ?

ઉત્તર—હે સુદર્શન ! અદ્ધાસમયકાળ બહુવિધ છે. સમય, આવલિકા, શ્વાસોચ્છ્વાસ, થોવ, લવ, મુહૂર્ત, અહોરાત્રિ, પક્ષ, માસ, વર્ષ, એમ છેવટે ઉત્સર્પિણી-અવસર્પિણી જાણવાં. જેને છેદી ન શકાય-જેના બે ભાગ ન થઈ શકે તે સમય. સંખ્યાતા સમયની આવલિકા. એમ વધતાં વધતાં યાવત્ ઉત્સર્પિણી-અવસર્પિણી જાણવાં.

પ્રશ્ન—હે ભગવાન ! શું પલ્યોપમ અથવા સાગરોપમની સ્થિતિનો પણ અંત આવે છે ?

ઉત્તર—હા સુદર્શન ! પલ્યોપમ કે સાગરોપમની સ્થિતિનો પણ અંત આવે છે.

*હસ્તિનાપુર નામે નગર હતું. તે નગરમાં બલ નામે રાજા હતો. તેને પ્રભાવતી નામે રાણી હતી. તે સુકુમાર અને સુરૂપ હતી. એક રાત્રિએ સુખશય્યામાં સૂતેલી પ્રભાવતી રાણીને મહા સ્વપ્ન આવ્યું. સ્વપ્ન જોઇને રાણી જાગી. રાણીએ રાજાને વાત

* આ પ્રશ્નને અંગે ભગવાન મહાબલની વાત કહે છે.

કરી. રાજાએ તે સ્વપ્ન શુભ છે તેમ કહ્યું. સવારમાં સભા ભરી, સ્વપ્નપાઠકને બોલાવી, યથાવિધિ સ્વપ્નનો અર્થ પૂછ્યો. સ્વપ્નપાઠકોએ એક મતે તે સ્વપ્નને કલ્યાણકારી જણાવ્યું, અને પરમ ભાગ્યવાન–પુણ્યવાન તથા પવિત્રાત્મા એવો પુત્ર અવતરવાની એ સ્વપ્ન આગાહી છે તેમ જણાવી સ્વપ્ન વખાણ્યું. રાજા રાણી તે સાંભળી આનંદિત થયાં, અને સ્વપ્નપાઠકોને જીવનપર્યન્ત બીજા પાસે ભિક્ષા માટે હાથ લાંબો કરવો ન પડે તેટલું દ્રવ્ય આપ્યું.

રાણીએ ગર્ભનું યથારીતિએ પાલન કર્યું અને યથાસમયે પુત્રને જન્મ આપ્યો. રાજાએ જન્મમહોત્સવ કર્યો અને બારમે દિવસે મોટા ઉત્સવપૂર્વક તેનું મહાબલ એવું નામ પાડ્યું. મહાબલ પાંચ ધાવે કરી ગુફા માંહેના ચંપકવૃક્ષની માફક વૃદ્ધિ પામવા લાગ્યો.

મહાબલ આઠ વર્ષનો થયો ત્યારે તેને વિદ્યાભ્યાસ કરવા બેસાડ્યો. મહાબલ વિદ્યાભ્યાસ કરી યૌવનવય પામ્યો ત્યારે તેનાં માતાપિતાએ આસપાસ આઠ મહેલ અને મધ્યમાં એક મહેલ એમ સુંદર મહેલો તૈયાર કરાવ્યા. એક જ દિવસે રાજાઓની આઠ કુંવરીઓને તેને પરણાવી અને આઠ ક્રોડ સોનામહોરો ખર્ચી જીવનવ્યવહારની સર્વ ઉપયોગી વસ્તુઓ વસાવી આપી. મહાબલે તે લઈને આઠ રાણીઓને દરેકને એકેક વહેંચી આપી, અર્થાત્ બધી રાણીઓને સમાન સુખસાધનો ઈત્યાદિ મળવા પામ્યાં. મહાબલ આઠ રાણીઓ સાથે મનુષ્ય લોકમાં દેવ સમાન સુખ ભોગવવા લાગ્યો.

એક વખતે સર્વગુણસંપન્ન શ્રી ધર્મઘોષ નામે મહા-

પુરુષ, પાંચસો શિષ્યો સહિત વિચરતા હસ્તિનાપુર નગરની બહાર સહસ્રામ્રવન ઉદ્યાનમાં પધાર્યા. ગામમાં ખબર મળતાં જનસમૂહનાં ટોળેટોળાં દર્શનાર્થે આવ્યાં. એ વખતે મહાબલ કુમારે પણ જાણ્યું કે શ્રી વિમળનાથ અરિહંત દેવના પ્રશિષ્ય શ્રી ધર્મઘોષ નામે જ્ઞાની સંત પધાર્યા છે. તુરત મહાબલ ધર્મઘોષ અણગારનાં દર્શન કરવા ગયો. તેણે દેશના સાંભળી, ઘેર આવી, માતાપિતાની અનુજ્ઞા લઈ, ચારિત્ર ગ્રહણ કર્યું. મહાબલકુમાર દીક્ષા લઈ, સામાયિકથી લઇ ચૌદ પૂર્વનો અભ્યાસ કરી, અનેક પ્રકારની તપશ્ચર્યા કરી, બાર વર્ષનું ચારિત્ર પાળી, એક મહીનાનો સંથારો કરી, પાંચમા બ્રહ્મલોક નામે દેવલોકમાં દસ સાગરની સ્થિતિએ દેવપણે ઉત્પન્ન થયા.

ભગવાન મહાવીર એ પ્રમાણે મહાબલકુમારનું દૃષ્ટાંત આપીને કહે છે: "હે સુદર્શન! એ દસ સાગરની સ્થિતિ પૂર્ણ કરી તું અહીં વાણિજ્ય ગ્રામમાં શ્રેષ્ઠિકુળમાં જન્મ પામ્યો છે, અને અત્યારે આ સ્થિતિ અનુભવી રહ્યો છે. તે ઉપરથી જાણવું કે પલ્યોપમ–સાગરોપમની સ્થિતિ પણ પૂર્ણ થાય છે અને તેનો પણ અંત આવે છે."

પ્રભુ મહાવીરની પાસેથી એ હકીકત સાંભળી સુદર્શન શેઠ ઉંડા વિચારમાં પડ્યા, અને શુભ અધ્યવસાયના યોગથી જાતિ-સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પ્રભુએ કહેલ મહાબલના જીવનની બધી સ્થિતિ પોતે જોઈ, જાણી અને પ્રભુને વંદન કરી કહ્યું કે "પ્રભુ! આપે જે ફરમાવ્યું તે યથાતથ્ય છે." એમ કહી સુદર્શન શેઠે ઉદ્યાનના ઈશાન કોણમાં જઈ, ઋષભદત્ત બ્રાહ્મણ-ની પેઠે સર્વ વિધિ કરી, પ્રભુ પાસે દીક્ષા લીધી. દીક્ષા લઈ,

અભ્યાસ કરી, તપશ્ચર્યા કરી, કર્મક્ષય કરી, બાર વર્ષ દીક્ષા પાળી, તે પરમ પદે પહોંચ્યા.

શિવરાજ ઋષિ

જે વખતે શ્રી વીર પ્રભુ અનેક ભવ્ય જીવોને પ્રતિબોધી આર્ય દેશમાં વિચરી રહ્યા હતા, તે વખતે હસ્તિનાપુર નામનું સુંદર નગર હતું. તે નગરની બહાર ઈશાન કોણમાં સહસ્રામ્ર નામે ઉદ્યાન હતો. તે બહુ જ સુખદાયી અને સુંદર હતો. નગરમાં શિવ નામે રાજા રાજ્ય કરતા હતા. તે રાજાને સુરૂપ અને સુકુમાર એવાં ધારિણી રાણી હતાં, અને તેમને શિવભદ્ર નામે કુમાર હતા. શિવભદ્રકુમાર યુવાન વયે લગ્ન કરી સુખ વૈભવ ભોગવતા હતા. એક રાત્રે શિવરાજાને રાજ્ય અને રાજ્યવ્યવહાર સંબંધી વિચાર કરતાં પોતાને માટે વિચાર થયો કે "મારા કોઇ પૂર્વકૃત દાન પુણ્ય કર્મના યોગે મને આ રાજ્યવૈભવ મળ્યો. હાલ જે હું ઋદ્ધિ રાજ્ય વગેરેમાં અનેક રીતે વધી રહ્યો છું, તે મારાં પૂર્વનાં કરેલાં દાન, તપ, વગેરેનાં ફળ છે. જ્યાંસુધી આ બધું મારે વશ વર્તે છે ત્યાંસુધીમાં કુંવરને રાજ્ય સોંપી તાપસને યોગ્ય એવાં સાધનો કરાવીને તાપસની દીક્ષા લઉં, અને તે પણ કાલે સવારમાં જ. દિશાપોષી *તાપસની દીક્ષા લેવામાં હવે વિલંબ કરવો નહિ. તે

---

* તાપસોના પ્રકારઃ (૧) અગ્નિહોત્ર કરવાવાળા, (૨) વસ્ત્ર રાખવાવાળા, (૩) ભૂમિશયન કરવાવાળા, (૪) યજ્ઞ કરનારા, (૫) શ્રદ્ધાવંત, (૬) પોતાનાં ઉપકરણો હમેશાં સાથે જ રાખનારા, (૭) કમંડળધારી, (૮) ફલાહારી, (૯) એક વાર પાણીમાં પ્રવેશ કરી તુર્ત જ બહાર નીક-

દીક્ષા લઇને પ્રતિજ્ઞા કરવી કે યાવતજીવન છઠ છઠનાં પારણાં કરવાં, અને પારણાને દિવસે પ્રથમ દિશાને પોષી અથાત્

ળી જનારા, (૧૦) વારંવાર પાણીમાં પ્રવેશ કરનારા, (૧૧) શરીરે માટીનો લેપ કરી પાણીમાં પ્રવેશનારા, (૧૨) નાભી (ડુંટી) ની ઉપર શરીરે ખરજ (ચળ) ન કરનારા, (૧૩) નાભીની નીચેના ભાગે ખુજલી ન કરનારા, (૧૪) ગંગાની દક્ષિણ બાજુએ રહેનારા, (૧૫) ગંગા નદીની ઉત્તર બાજુએ રહેનારા, (૧૬) શંખ વગાડી ભોજન કરનારા, (૧૭) નદીના કાંઠે રહી શંખ વગાડી ખોરાક લેનારા, (૧૮) મૃગનું માંસ ખાનારા, (૧૯) એક હાથીની હિંસા કરી ઘણા દિવસ સુધી તેના પર જ નિર્વાહ કરનારા, (૨૦) પાણીના સ્નાનથી શરીરને દઢ બનાવનારા, (૨૧) હમેશાં પાણીમાં જ રહેનારા, (૨૨) વાયુમાં જ રહેનારા, (૨૩) પાણીમાં ડુબકી મારીને રહેનારા, (૨૪) પાણીના પ્રવાહમાં ચાલનારા અથવા તંબુમાં રહેનારા, (૨૫) પાણી સિવાય બીજી વસ્તુનો ખાવાપીવામાં ઉપયોગ નહિ કરનારા, (૨૬) વાયુભક્ષણ કરનારા, (૨૭) સેવાળનું ભક્ષણ કરનારા, (૨૮) વનસ્પતિનાં મૂળીયાં પર જીવનનિર્વાહ કરનારા, (૨૯) કંદ ખાઇ જીવનારા, (૩૧) ઝાડની છાલ ખાઇ જીવનારા, (૩૨) ફુલ ખાઇ જીવનારા, (૩૩) ફળ ખાનારા, (૩૪) બીજ ખાનારા, (૩૫) બીજાએ નાખી દીધેલ અથવા સડી ગએલ ફલફલાદિ ખાનારા, (૩૬) હાથ હમેશાં ઉંચા રાખી રહેનારા, (૩૭) હમેશાં ઝાડની નીચે જ રહી જીવન ગાળનારા, (૩૮) મર્યાદા બાંધીને રહેનારા, (૩૯) બીલમાં નિવાસ કરનારા, (૪૦) વલ્કલ–ઝાડની છાલ પહેરનારા, (૪૧) ચારે દિશાને પોષીને જમનારા, (૪૨) સૂર્ય અથવા અગ્નિની આતાપના લેનારા, (૪૩) પંચાગ્નિનો તાપ લેનારા, (૪૪) અગ્નિના તાપથી શરીરને તપાવી કોલસા જેવું શરીર બનાવનારા, (૪૫) હાંડી–તોલડી માફક શરીરને અગ્નિથી પચાવનારા–સેકનારા, (૪૬) તપશ્ચર્યાથી શરીરને લાકડા જેવું–કાષ્ટવત્ બનાવનારા વગેરે.

દિશાને આહારાદિ ધરીને પારણું કરવું.” રાતે કરેલા એવા નિશ્ચય મુજબ સવારમાં જ શિવરાજાએ કાવડ, લોઢાની કડછી, તવા વગેરે તૈયાર કરાવ્યાં. પછી શિવભદ્રકુમારનો રાજ્યાભિષેક કરી પોતે સગાં, સંબંધી, સ્વજન, મિત્રો સર્વની સાથે પ્રીતિ-ભોજન કરી કડાઈ, કડછી, વગેરે સાધનો લઈ, ગંગા નદીના કીનારે જઈ, દિશાપોષી તાપસની પાસે દીક્ષા લીધી. દીક્ષા લઈ એવો અભિગ્રહ–પ્રતિજ્ઞા કરી કે યાવત્ જીવન છઠ છઠનાં પારણાં કરવાં, અને છઠને પારણે દિશા પોષીને પારણું કરવું. એવી પ્રતિજ્ઞા કરીને છઠ કર્યાં પહેલાં છઠના પારણા વખતે ખુલ્લા મેદાનમાં જે આતાપના લેતા હતા, ત્યાંથી નીકળી પોતાની ઝુંપડીમાં આવી, વલ્કલ પહેરી, કાવડ વગેરે સાધનો લઈ, પૂર્વ દિશામાં પાણી છાંટી, સોમ દેવનું પૂજન–અર્ચન કરી, પોતાને જોઇતાં ફળફુલ લેવામાં વિઘ્ન ન નડે તેવી પ્રાર્થના કરી, અને મનથી સોમદેવની આજ્ઞા માગી. પછી પૂર્વ દિશામાં જઇ, કંદ–મૂળ–ફળ–ફુલ વગેરે લઈને કાવડ ભરી, દાભડો લઈ, પાછા પોતાની પર્ણકુટીમાં આવી, કાવડને રાખી, માટી–રેતીની બનાવેલી યજ્ઞની વેદિકામાં અને ઝુંપડીમાં લીંપણ વગેરે કરી, ગંગા નદીમાં સ્નાન કરી, પોતે લાવેલ ફળ–ફળાદિથી પૂર્વ દિશાનું પૂજન કરી, તેને નિવેદ ધરી, પોતે પારણું કર્યું. પછી તેમણે બીજો છઠ શરૂ કર્યો. બીજા પારણે પ્રથમની માફક દક્ષિણ દિશામાં યમરાજાનું પોષણ કર્યું. ત્રીજે છઠને પારણે પશ્ચિમ દિશામાં વરૂણનું અને ચોથા છઠને પારણે ઉત્તર દિશામાં વૈશ્રમણનું પૂજન કર્યું. એમ એક પછી એક છઠના પારણે વારા-ફરતી દિશાઓનું પોષણ કરી પારણું કરવા લાગ્યા. આવી તપ-શ્ચર્યા કરતાં શિવ તાપસને કેટલોક સમય વીત્યો.

તપશ્ચર્યાના યોગથી અને અંતઃકરણની પવિત્રતાને લીધે શિવ તાપસને (અ)જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમને લીધે વિભંગ (અ)જ્ઞાન ઉત્પન્ન થયું. એનાથી એમને સાત દ્વીપ અને સાત સમુદ્ર જોવામાં આવ્યા. એથી વધારે તેમના જોવામાં ન આવ્યું. એથી એમણે નિશ્ચય કર્યો કે આ જગત સાત દ્વીપ અને સાત સમુદ્રથી જ સ્થિત છે, વધુ દ્વીપ કે સમુદ્ર છે જ નહિ. એમ માની પોતે પોતાને સર્વજ્ઞ માનવા લાગ્યા. એ રીતે પોતાને પૂર્ણ જ્ઞાની માની, તપશ્ચર્યાની ભૂમિમાંથી રવાના થઈ, પોતાની પર્ણકુટીએ આવી, પોતાનાં વસ્ત્રોપકરણો લઈ, હસ્તિનાપુરમાં આવી, પોતાને પૂર્ણ જ્ઞાન થયું છે અને આ લોકમાં સાત દ્વીપ અને સાત સમુદ્રથી અધિક કાંઇ છે જ નહિ, એવી પ્રરૂપણા તેમણે જનસમાજમાં કરવા માંડી. એવા સમયે પ્રભુ મહાવીર હસ્તિનાપુરની બહાર સહસ્રામ્રવનમાં પધાર્યા. ગામમાં ખબર થઈ અને પરિષદ દર્શન કરવા અને દેશના સાંભળવા એકઠી થઇ. દેશના સાંભળી સહુ પોતપોતાને સ્થાને ગયા.

શ્રી ગૌતમસ્વામી ગૌચરી અર્થે હસ્તિનાપુરમાં પધાર્યા. તેમણે જનસમાજના મુખેથી શિવરાજ ઋષિના જ્ઞાનની પ્રરૂપણાની વાત સાંભળી. પ્રભુ પાસે આવી, તેમણે પ્રભુને બધી વાત કરી અને પૂછ્યુંઃ “પ્રભુ! આ શું હકીકત છે? શું તે સત્ય છે?” જવાબમાં પ્રભુએ કહ્યુંઃ “શિવરાજ ઋષિનું જ્ઞાન એ અજ્ઞાન છે અને સાત દ્વીપ ને સાત સમુદ્રનો જ આ લોક છે એમ નહિ પણ આ લોકમાં અસંખ્યાત (જેની સંખ્યા થઇ શકે નહિ તેટલા) દ્વીપ અને સમુદ્રો છે. તે સર્વમાં જંબૂદ્વીપ, તેને ફરતો લવણ સમુદ્ર, એમ વર્તુળમાં બમણા બમણા થતા અસંખ્યાત દ્વીપ-સમુદ્ર છે. એમાં સહુથી છેલ્લે સ્વયંભૂ રમણ

સમુદ્ર છે.” એવો જવાબ શ્રી પ્રભુ પાસેથી શ્રી ગૌતમસ્વામીએ અને ઘણા નગરજનોએ સાંભળ્યો. નગરજનો પ્રભુને વંદન નમસ્કાર કરી હસ્તિનાપુરમાં આવ્યા અને શિવરાજ ઋષિના અપૂર્ણ જ્ઞાનની અર્થાત્ અજ્ઞાનની તથા પ્રભુએ કહેલા વર્ણનની વાત કરી. કર્ણોપકર્ણ એ વાત શિવરાજ ઋષિ સુધી પહોંચી. એ અસંખ્ય દ્વીપ સમુદ્રની વાત સાંભળી શિવરાજ ઋષિને મનમાં પોતાના જ્ઞાન માટે શંકા ઉત્પન્ન થઈ. એ શંકાકાંક્ષાદિને લીધે જે વિભંગ (અ)જ્ઞાન ઉત્પન્ન થયું હતું તે પણ નાશ પામ્યું. પછી શિવરાજ ઋષિને પ્રભુ મહાવીર પાસે આવી મનમાં સંશય દૂર કરવાની ભાવના થઈ અને સ્કંદક ઋષિની માફક તે પ્રભુ પાસે આવ્યા. પ્રભુ પાસે શંકા સમાધાન કરી, પ્રભુની ધર્મ-દેશના સાંભળી, વૈરાગ્યથી વાસિત થઈ, બગીચાના ઈશાન કોણમાં જઈ, સંન્યસ્તપણાનાં વસ્ત્ર–પાત્રાદિ ઉપકરણો મૂકી, સાધુવેશ પહેરી, પંચમુષ્ટિ લોચ કરી, તેમણે પ્રભુ પાસે દીક્ષા અંગીકાર કરી. સંયમ લઇ, અગીયાર અંગાદિનો અભ્યાસ કરી, ખૂબ તપશ્ચર્યાદિ કરી, સંથારો કરી, સર્વ કર્મનો ક્ષય કરી, શિવરાજ ઋષિ મોક્ષે પધાર્યા.

ગાંગેય અણગાર

જે વખતે મહાવીર પ્રભુ વિદ્યમાન હતા, તે વખતે વાણિજ્ય નામે સુંદર નગરની બહાર ઈશાન કોણમાં દ્યુતિપલાશ નામે ઉદ્યાન હતો. વિહાર કરતા પ્રભુ મહાવીર ત્યાં પધાર્યા. ગામમાં ખબર પડી એટલે પરિષદ દેશના સાંભળવા આવી. પ્રભુની દેશના સાંભળી શ્રોતાઓ યથાસ્થાને ગયા. ત્રેવીસમા તીર્થંકર-

દેવ શ્રી પાર્શ્વનાથ પ્રભુના પ્રશિષ્ય શ્રી ગાંગેય નામે અણગારે પ્રભુ મહાવીર પાસે આવી યોગ્ય સ્થાને વિવેકથી ઊભા રહી પ્રશ્ન પૂછ્યો કેઃ "પ્રભુ! નારકી સમયાદિ આંતરે ઉત્પન્ન થાય કે આંતરારહિત ઉત્પન્ન થાય?" જવાબમાં પ્રભુએ કહ્યું: "આંતરાસહિત ઉત્પન્ન થાય અને આંતરારહિત પણ ઉત્પન્ન થાય છે." ગાંગેય અણગારે નરકથી શરૂઆત કરી, ચારે ગતિના જીવો માટે અનેક ભેદ-ભાંગા વડે કરીને પ્રશ્નો પૂછ્યા, અને શ્રી વીર પ્રભુએ જવાબો આપ્યા. (શ્રી ભગવતી સૂત્રના બત્રીસમા ઉદ્દેશમાં શ્રી ગંગીયા અણુગારના ભાંગા વિશેષ જાણવાની ઈચ્છા વાળાએ જોઈ લેવા.) પ્રશ્નોત્તર થઈ રહ્યા પછી શ્રી ગાંગેય અણગારે પાર્શ્વનાથ પ્રભુના શાસનનો વ્યવહાર જે ચાર મહાવ્રતરૂપ ધર્મનો હતો તેને બદલે મહાવીર પ્રભુના શાસનમાં ભળી પંચ મહાવ્રતરૂપ ધર્મને અંગીકાર્યો. પછી તપશ્ચર્યાદિ કરી, અંતે કર્મનો ક્ષય કરી, તે પરમ પદને પામ્યા.

ભગવંતની માતા ધન્ય સતી દેવાનંદા,*
વળી સતી જયંતી, છોડી દીધા ઘરફંદા. ૩૧
સતી મુગતે પહોંત્યાં, વળી તે વીરની નંદા,
મહાસતી સુદર્શના, ઘણી સતીઓના વૃંદા. ૩૨

* * *

જયંતી શ્રાવિકા

જે વખતે અનંતજ્ઞાની શ્રી વીર પ્રભુ વિચરતા હતા તે વખતે કૌશામ્બી નામે સુંદર નગરી હતી. તેની બહાર ઈશાન

* સતી દેવાનંદાનું ચરિત્ર પૂર્વે ઋષભદત્ત મુનિના ચરિત્ર સાથે આપ્યું છે.

કોણમાં ચંદ્રોત્તરાયણ નામે ઉદ્યાન હતો. કૌશામ્બી નગરીમાં સહસ્રાનિક રાજાના પૌત્ર અને શતાનિક રાજાના પુત્ર ચેડા રાજાના દૌહિત્ર (પુત્રીના પુત્ર), મૃગાવતી રાણીથી ઉત્પન્ન થએલા અને જયંતી શ્રાવિકાના ભત્રીજા, ઉદાયન નામે રાજા રાજ્ય કરતા હતા. કૌશામ્બી નગરીમાં સહસ્રાનિક રાજાની પુત્રવધૂ, શતાનિક રાજાની રાણી, ચેડા રાજાની પુત્રી, ઉદાયનની માતા, જયંતી શ્રાવિકાની ભોજાઈ મૃગાવતી નામે રાણી હતાં.

એ જ કૌશામ્બીમાં સહસ્રાનિક રાજાની પુત્રી, શતાનિકની બહેન, ઉદાયન રાજાની ફોઈ, મૃગાવતી રાણીની નણંદ, શ્રી મહાવીર પ્રભુની શ્રાવિકા જયંતી નામે રહેતાં હતાં. એ જયંતી શ્રાવિકા કોઈ પણ સાધુ–અણગાર પધારે ત્યારે જગ્યા અથવા પાટ, સૂવાનાં સાધનો વગેરે સહુથી પહેલાં આપતાં. તે સુરૂપ અને સુકુમાર હતાં, અને જીવ અજીવ આદિ નવ તત્ત્વાદિ શ્રાવકધર્મને યથાર્થ સ્વરૂપે જાણનાર હતાં. વિહાર કરતા શ્રી મહાવીર પ્રભુ ચંદ્રોત્તરાયણ ઉદ્યાનમાં પધાર્યા. પ્રજા તથા ઉદાયન રાજા, મૃગાવતી રાણીને સાથે લઈ જયંતી શ્રાવિકા પ્રભુના દર્શનાર્થે આવ્યાં. પ્રભુએ ધર્મદેશના આપી. જયંતી શ્રાવિકા સિવાય દેશના સાંભળી સર્વ પોતપોતાના ઘર તરફ ગયાં. જયંતી શ્રાવિકાએ દેશના સાંભળ્યા પછી પ્રભુને વંદન વગેરે કરી પ્રશ્ન પૂછ્યો કે: " હે પ્રભુ! આત્મા ભારે શાથી થાય છે?"

ઉત્તર—હે જયંતી ! પ્રાણાતિપાતાદિ અઢાર પાપસ્થાનકના સેવનથી આત્મા ભારે થાય છે.

પ્રશ્ન—પ્રભુ! જે આત્મા સિદ્ધ થાય છે તે તેમના સ્વભાવથી થાય છે કે પરિણામથી?

ઉત્તર—હે જયંતી! જીવ સિદ્ધ સ્વભાવથી થાય છે, પરિણામથી નહિ.

પ્રશ્ન—હે પ્રભુ! શું સર્વ ભવ્ય જીવો સિદ્ધ થશે?

ઉત્તર—હા, જે સિદ્ધ થાય છે તે સર્વ ભવ્ય જીવો જ હોય છે.

પ્રશ્ન—જો બધાએ ભવ્ય જીવો સિદ્ધ થશે તો એક સમય એવો પણ આવે કે આ જગતમાં સર્વ ભવ્ય જીવો સિદ્ધ થઈ જાય અને પાછળ એકલા અભવ્ય જ રહેશે?

ઉત્તર—ના, તેમ નહિ બને. જેટલો કાળ ગયો, તેના કરતાં હજુ વધુ કાળ બાકી છે, અર્થાત્ જેમ કાળનો અંત-છેડો નથી તેમ ભવ્ય જીવોનો અંત આ લોકમાંથી કદિ થવાનો નથી.

પ્રશ્ન—હે પ્રભુ! જીવો ઊંઘતા સારા કે જાગતા સારા?

ઉત્તર—જેઓ અધર્મી છે, પાપી છે, જેનાથી બીજા પ્રાણી, ભૂત, સત્વ આદિને ત્રાસ-દુઃખ વગેરે થાય છે, અને જેનો સર્વ વ્યવહાર એકાન્ત અધર્મમય જ છે તેવા જીવો સૂતા સારા, ઊંઘતા સારા; અને જેનો સર્વ જીવનવ્યવહાર બીજાને સુખકારક છે, જેનાથી કોઈપણ જીવને દુઃખ-ત્રાસ નથી, પણ શાતા થાય છે, તેવા જીવો જાગતા સારા.

પ્રશ્ન—હે પ્રભુ! જીવ બળવાન સારો કે નિર્બળ સારો?

ઉત્તર—અધર્મી નિર્બળ સારો, ધર્મી બળવાન સારો.

પ્રશ્ન—હે પ્રભુ! ઉદ્યમીપણું સારૂં કે પ્રમાદીપણું સારૂં?

ઉત્તર—ધર્મમાં ઉદ્યમ સારો, અધર્મમાં પ્રમાદ સારો.

પ્રશ્ન—હે પ્રભુ! શ્રોત્રેન્દ્રિયને વશ વર્તનારને કેવાં કર્મ બંધાય?

ઉત્તર—હે જયંતી ! ક્રોધનાં ફળ જેવાં હોય છે તેવાં ફળ શ્રોત્રેન્દ્રિયને વશ રહેવાથી પણ મળતાં સમજવાં. એટલું જ નહિ પણ પાંચે ઈન્દ્રિયને વશ વર્તવાનાં ફળ એ પ્રમાણે જાણવાં.

એ પ્રશ્નોના ઉત્તરથી અને પ્રભુની ધર્મદેશનાથી જયંતી શ્રાવિકા આનંદિત થયાં અને દેવાનંદાની પેઠે દીક્ષા લઈ, સર્વ કર્મનો ક્ષય કરી, તે પરમ પદે પહોંચ્યાં.

સતી સુદર્શના

ક્ષત્રિયકુંડ ગામના સિદ્ધાર્થ રાજાને ત્રીશલા રાણી હતાં. તેમની પુત્રી સુદર્શના હતી. તે શ્રી મહાવીર પ્રભુનાં બહેન થાય. ક્ષત્રીયકુંડમાં તેમને પરણાવેલાં હતાં. તે સુદર્શનાને જમાલી* નામે કુંવર હતા. તે સતીએ પ્રભુના માર્ગનું આરાધન કરી આત્મકલ્યાણ કર્યું.

પ્રિયદર્શના

મહાવીર પ્રભુનાં પુત્રીનું નામ પ્રિયદર્શના હતું. તેમને પ્રભુના ભાણેજ જમાલી નામના રાજકુમાર સાથે પરણાવેલાં હતાં. જમાલીએ પ્રભુ પાસે દીક્ષા લીધી ત્યારે પ્રિયદર્શનાએ પણ એક હજાર સ્ત્રીઓ સાથે દીક્ષા લીધી હતી અને ચંદનબાળાનાં શિષ્યા થયાં હતાં. જમાલી પ્રભુથી જુદા વિચરતા હતા ત્યારે એક વખતે માંદગી થઈ આવી. તેમણે શિષ્યોને સંથારો પાથરવાનું—બીછાનું બિછાવવાનું કહ્યું. બીછાનું થતું હ

* એ જમાલીનું ચરિત્ર પૂર્વે આપેલું છે.

તે વખતે જમાલીએ બેત્રણ વખત શિષ્યોને પૂછ્યું: "સંથારો પાથર્યો?" શિષ્યોએ જવાબમાં "કરીએ છીયે" એમ કહ્યું. આ ઉપરથી જમાલીની શ્રદ્ધા ફરી કે પ્રભુ મહાવીર જે "કરવા માંડયું તેને કર્યું કહીએ" (એ સાપેક્ષ વચન) કહે છે તે અસત્ય છે; પણ જ્યારે સંપૂર્ણપણે થાય ત્યારે જ તેને થયું કહીએ. એમ શ્રદ્ધા ફરવાથી પોતાને સત્યજ્ઞાન થયાનું પોતે માન્યું, અને શિષ્યોને મનાવ્યું. પ્રભુ પાસે જ્યારે તેઓ આવ્યા ત્યારે પ્રભુએ તેમને સમજાવ્યા, પણ જમાલીએ પોતાનો હઠાગ્રહ ન મૂકયો. પોતે સત્યજ્ઞાન પામ્યા છે એમ માની પ્રભુથી સ્વતંત્રપણે તે વિચરવા લાગ્યા. જમાલી પાસેથી ઘણા શિષ્યો જમાલીને મૂકીને પ્રભુ પાસે આવ્યા, થોડાક તેમની પાસે રહ્યા. સાધ્વી પ્રિયદર્શના પણ પોતાની હજાર શિષ્યા સહિત જમાલીની શ્રદ્ધાથી તેમની સાથે વિચરવા લાગ્યાં.

એક વાર તે સાધ્વી શ્રાવસ્તી નગરીએ આવી ઢંકકુલક નામનો કુંભાર કે જે પ્રભુ મહાવીરનો પરમ શ્રાવક હતો તેને ત્યાં ઊતર્યાં. એક વખતે ઢંક શ્રાવકે શુભ ઈરાદાપૂર્વક નિભાડામાંથી અગ્નિ ઉડાડયો અને તે અગ્નિના તણખા સાધ્વીજીએ પોતાની પછેડી ઓઢી હતી તે ઉપર પડયા, જેથી પછેડી બળવા લાગી. તે જોઈને એકદમ પ્રિયદર્શના બોલી ઊઠયાં કે "પછેડી સળગી! પછેડી સળગી!" આ શબ્દ સાંભળી ઢંકકુલકે કહ્યું કે "સાધ્વીજી! આપ જુઠું બોલ્યાં. તમારા મતે તો પછેડી જ્યારે સંપૂર્ણ બળી જાય, એક પણ તાંતણો બાકી ન રહે ત્યારે જ પછેડી સળગી કહેવાય."

આ કથનનું તત્ત્વ સાધ્વીજીના સમજવામાં તુરત આવી ગયું. તેઓ પોતાની શિષ્યાઓ સમેત જમાલીનો ત્યાગ કરી

પ્રભુ મહાવીર પાસે આવ્યાં અને પ્રાયશ્ચિત્ત લઈ, તપશ્ચર્યાદિ કરી, આત્મકલ્યાણ કર્યું.

વળી કાર્તિક શેઠે પડિમા વહી શૂરવીર,
જમ્યો મહોરા ઉપર, તાપસ બળતી ખીર. ૩૩
પછી ચારિત્ર લીધું, મિત્ર એકસહસ્ર આઠ ધીર,
મરી હુવા શક્રેંદ્ર, ચવી લેશે ભવ તીર. ૩૪

* * *

કાર્તિક શેઠ

જે વખતે પ્રભુ મહાવીર વિશાખા નગરીએ બિરાજતા હતા અને પરિષદ દેશના સાંભળવા આવી હતી, તે વખતે જેના હાથમાં વજ્ર રહેલું છે, તેવા પહેલા દેવલોકના દેવેન્દ્ર શક્રેન્દ્ર પ્રભુના સમવસરણમાં આવી, વંદન કરી, યથાસ્થાને બેઠા. પ્રભુની દેશના સાંભળી નાટારંગ કરી તેઓ પોતાને સ્થાને ગયા. પછી ગૌતમે શક્રેન્દ્રના પૂર્વ ભવની ભગવાનને પૃચ્છા કરી. પ્રભુએ ઉત્તરમાં કહ્યું:

શ્રી હસ્તિનાપુર નગર હતું અને તેના ઇશાન કોણમાં સહસ્રવન નામે ઉદ્યાન હતો. એ હસ્તિનાપુરમાં કાર્તિક નામે શેઠ હતા, જે કોઈથી ગાંજ્યા ન જાય તેવા ઋદ્ધિવંત અને સર્વ વણિકોમાં અગ્રસ્થાને હતા. શહેરમાં તે સૌના વિશ્વસનીય હતા. તેમને એક હજાર ને આઠ ગુમાસ્તા હતા. તે સર્વને અને કુટુંબ જ્ઞાતિ વગેરે સર્વને શેઠ સારી પેઠે સાચવતા તથા સુખ શાન્તિથી રહેતા હતા.

એક વખતે વીસમા અરિહંતદેવ શ્રી મુનિસુવ્રત પ્રભુ સહસ્રવનમાં પધાર્યા. ગામમાં ખબર મળી. સર્વ જન દેશના સાંભળવા આવ્યા. કાર્તિક શેઠ પણ દેશના સાંભળવા આવ્યા.

મુનિસુવ્રત સ્વામીએ દેશના દીધી, તે સાંભળી સર્વ પોતાને નિવાસસ્થાને પાછા ગયા. કાર્તિક શેઠે દેશના સાંભળી પ્રભુને વંદન કરી કહ્યું: "પ્રભુ! મોટા પુત્રને કુટુંબનો ભાર સોંપી, ૧૦૦૮ ગુમાસ્તાને પૂછીને હું દીક્ષા લેવા આવીશ." પ્રભુએ કહ્યું: "જેમ સુખ ઊપજે તેમ કરો; ધર્મના કાર્યમાં વિલંબ ન કરવો ઘટે."

પછી કાર્તિક શેઠે પ્રભુને વંદન કરી ઘરે આવી, ગુમાસ્તાઓને બોલાવી કહ્યું: "મેં પ્રભુ મુનિસુવ્રત પાસે ધર્મ-દેશના સાંભળી તેથી સંસાર પ્રત્યેથી મારૂં મન ઉદાસીન થયું છે. મેં ચારિત્ર લેવાનો નિશ્ચય કર્યો છે. હવે તમારો શું વિચાર છે? તમે શું કરવા ધારો છો?" જવાબમાં ગુમાસ્તાઓએ એકમતે જવાબ આપ્યો કે: "શેઠશ્રી! આપ જ્યારે સંસારના વ્યવહારથી છૂટા થવા ઇચ્છો છો તો પછી અમારે પાછળ ગૃહસ્થાશ્રમમાં રહીને શું કરવું છે? અમે પણ આપની સાથે જ ચારિત્ર અંગીકારીશું." આ જવાબ સાંભળી કાર્તિક શેઠ ખુશી થયા અને કહ્યું કે "જ્યારે તમારી ઇચ્છા ચારિત્ર લેવાની જ છે, તો પછી સહુ પોતપોતાને ઘેર જઈ, પોતપોતાના મોટા પુત્રને કુટુંબ વગેરેને પૂછીને અહીંયાં આવો." એક હજાર ને આઠ ગુમાસ્તાઓએ શેઠની આજ્ઞા પ્રમાણે કર્યું અને ચારિત્ર લેવાને ઉત્સુક એવા સર્વે શેઠ પાસે હાજર થયા. કાર્તિક શેઠે પણ પોતાના મોટા પુત્રને કુટુંબના વડીલ તરીકે

સ્થાપી, જ્ઞાતિ વગેરેને જમાડી, પોતે એક હજાર ને આઠ જણ સહિત પ્રભુ મુનિસુવ્રત સ્વામી પાસે આવી ચારિત્ર અંગીકાર કર્યું.

કાર્તિક અણગારે ૧૦૦૮ મુનિવરો સહિત ચારિત્ર પાળતાં ચૌદ પૂર્વનો અભ્યાસ કર્યો, અને એક ઉપવાસથી માંડીને અનેક પ્રકારનાં તપ કરી બાર વર્ષ સુધી ચારિત્ર પાળ્યું. એક મહીનાના સંથારાના અંતે આલોચના સહિત કાળ કરી તે સૌધર્મ દેવલોકમાં દેવોના ઈન્દ્રપણે ઉત્પન્ન થયા. બે સાગરનું આયુષ્ય દેવપણે ભોગવી, ત્યાંથી ચવી, મહાવિદેહમાં મનુષ્યપણું પામી, સંયમ લઈ, સર્વ કર્મ ક્ષય કરી પરમ પદે પહોંચશે.*

---

* શ્રી ભગવતી સૂત્રમાં અને ત્રિષષ્ટીશલાકાપુરૂષ ચરિત્રમાં કાર્તિક-શેઠના જીવનનો જે અધિકાર છે તેમાં સંન્યાસી કાર્તિક શેઠના વાંસા પર ખીરનો થાળ રાખી જમ્યો હોવાની વાત જોવામાં આવતી નથી. માત્ર કલ્પસૂત્રમાં એ હકીકત છે. સાધુવંદનાના કર્તા શ્રી જેમલજી મહારાજે પણ સાધુવંદનામાં એ હકીકત લીધી છે. એ કથાનક એમ છે કે હસ્તિનાપુરમાં કાર્તિક શેઠ જૈન ધર્મમાં દૃઢ શ્રદ્ધાવાન અને પોતાના દેવગુરૂ સિવાય અન્યને નમસ્કાર ન કરવાની પ્રતિજ્ઞાવાળા હતા. હસ્તિનાપુરમાં કોઈ એક સંન્યાસી આવ્યો. શહેરનાં ઘણાં મનુષ્યો તેની પાસે ગયાં અને તેમણે સંન્યાસીનું સન્માન. પૂજન, ઉપદેશશ્રવણ વગેરે કર્યાં; પણ કાર્તિક શેઠ તેની પાસે ગયા નહિ; છતાં તાપસ પ્રત્યે તેમના દિલમાં દ્વેષભાવ નહોતો. તાપસની મહત્તા સાંભળી રાજાએ પણ તેનો સત્કાર કર્યો. એક વખતે રાજાએ તે સંન્યાસીને પોતાને ત્યાં જમવાનું આમંત્રણ આપ્યું. સંન્યાસીના મનમાં કાર્તિક શેઠ પ્રત્યે દ્વેષ હતો, તેમને નમાવવાની ઇચ્છા હતી, એટલે રાજાએ આમંત્રણ આપ્યું ત્યારે તેણે શરત કરી કે જો કાર્તિક શેઠ મને જમવાનું પીરસે અથવા હું કહું તે રીતે મને જમાડે તો તમારૂં આમંત્રણ મને કબુલ છે, નહિતર નહિ.

વળી રાજા ઉદાયન, દિયો ભાણેજને રાજ,
પછી ચારિત્ર લેઈને, સાર્યાં આતમ કાજ. ૩૫

* * *

ઉદાયન રાજા

જે વખતે શ્રી મહાવીર પ્રભુ વિચરતા હતા, તે વખતે સિન્ધુ નદીના કિનારે સૌવીર નામે દેશ હતો, અને તેમાં વીતિભય નામે રાજધાનીનું શહેર હતું. નગર દરેક રીતે વખણુવાલાયક હતું. નગરની બહાર ઈશાન ખૂણામાં મૃગવન ઉદ્યાન હતો. જ્યાં કોઈ જાતનો ભય નથી તેવા વીતિભય નગરના ઉદાયન નામે રાજા હતા. તેમની આજ્ઞામાં સિન્ધુ સૌવીર પ્રમુખ મોટા સોળ દેશ હતા, અને વીતિભય પ્રમુખ ત્રણુસો ત્રેસઠ મોટાં નગર હતાં. મહાસેન પ્રમુખ દસ મોટા

રાજાને સંન્યાસી પ્રત્યે ભક્તિભાવ હતો એટલે તેણે એ શરત કબૂલ કરી. બીજે દિવસે સંન્યાસી જમવા આવ્યો. રાજાએ કાર્તિક શેઠને તેને જમાડવાની આજ્ઞા કરી. કાર્તિક શેઠે આજ્ઞા માની. સંન્યાસીએ ઉની ઉની ખીરનો થાળ કાર્તિક શેઠના વાંસા (પીઠ) પર મૂકીને જમાડવાનું કહ્યું. રાજાની આજ્ઞાથી કાર્તિક શેઠને તેમ કરવું પડયું. સંન્યાસીએ શેઠને નમાવ્યાનો સંતોષ માન્યો. પણ શેઠે પોતાના હાથમાં રાખેલ વીંટીમાં "શ્રી અરિહંતદેવને નમસ્કાર" લખેલું તેની સામે દૃષ્ટિ રાખી અને મનથી પણ અરિહંતદેવને નમસ્કાર કર્યો. સંન્યાસી જમીને ચાલ્યો ગયો, અને કાર્તિક શેઠના મનમાં આ પ્રસંગથી ખેદ થયો કે જો હું ગૃહસ્થાશ્રમમાં મુંઝાઇ રહ્યો તો મારી આ સ્થિતિ થઇ, માટે હવે તુર્ત જ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરવો. એ વિચાર આવતાં જ પોતાના ૧૦૦૮ મુનિમોને પૂછીને તેમને સાથે લઈને દીક્ષા લીધી અને આત્મસાધના કરી.

મુકુટબંધી રાજા તેમની આજ્ઞા ઉઠાવતા હતા. ઉદાયન રા
પ્રજા અને ઘણી સંપદા હતી. તેમને પદ્માવતી અને પ્રભા
વગેરે રાણીઓ હતી.

રાજાને રાણી પ્રભાવતીથી ઉત્પન્ન થયેલો અભિચ ન
રૂપ–ગુણથી યુક્ત કુમાર હતો, અને કેશી કુમાર નામે ભાણે
હતો. રાજા પોતે નવ તત્ત્વાદિના જાણવાવાળા અને પ
શ્રદ્ધાવાન શ્રાવક હતા. રાણીઓ, કુમાર, ભાણેજ વગેરે
જૈન ધર્મમાં અનુરક્ત હતાં.

એકદા ઉદાયન રાજા પૌષધશાળામાં પૌષધ કરી
હતા; તે રાત્રે ધર્મજાગરિકા જાગતાં થકાં મનમાં
સંકલ્પ થયો કે ધન્ય તે ભૂમિને કે જ્યાં પ્રભુનાં પુનિત પ
પડતાં હશે. ધન્ય છે તે મનુષ્યોને કે જેઓ પ્રભુનાં દર્શ
નેત્રને પવિત્ર કરતાં હશે, તથા વાણી શ્રવણ કરી કાન પ
કરતા હશે. આમ વિચારણા કરતા મનમાં થયું કે પ્રભુ
કરી જો વીતિભય નગરે પધારે તો તેમનાં દર્શન, વાણીશ્ર
ઇત્યાદિ સેવાભક્તિનો લાભ લઉં ને કૃતાર્થ થઉં.

એ વખતે ચંપાનગરીના પૂર્ણભદ્ર ઉદ્યાનમાં બિરા
પ્રભુ મહાવીર પોતાના જ્ઞાનબળથી ઉદાયન રાજાની ભાવના જા
તેના કલ્યાણ અર્થે પ્રભુએ ચંપાનગરીથી વિહાર કરી, ક્ર
ક્રમે વીતિભય નગરે પધારી, મૃગવન ઉદ્યાનમાં સમવસ
રાજા અને નગરજનો આ ખબર સાંભળી અતિ હર્ષિત થ
અને શહેરને શુદ્ધ કરાવી, શણગારી, દરેક જણ ન્હાઈ–ધે
શુદ્ધ વસ્ત્રાલંકાર પહેરી, પ્રભુના દર્શનાર્થે તથા વાણી શ્ર
અર્થે પ્રભુ પાસે આવ્યા. રાજા ઉદાયન, રાણી વગેરે
સંપૂર્ણ ધામધૂમથી દર્શનાર્થે આવ્યાં. પરિષદ સમક્ષ પ્ર

ધર્મદેશના દીધી. દેશના શ્રવણુ કરી યથાશક્તિ વ્રત પચ્ચક્ખાણુ કરી સહુ સ્વસ્થાને ગયાં.

રાજા ઉદાયન પ્રભુની દેશના સાંભળી વૈરાગ્યવાન બન્યા. ગૃહસ્થાશ્રમ ત્યાગવાની તેમને ઇચ્છા થઈ, તેથી તેમણે પ્રભુને કહ્યું કે "અભિચકુમારને રાજગાદી સોંપી હું દીક્ષા લેવા આપની પાસે આવવા ઇચ્છું છું." જવાબમાં પ્રભુએ કહ્યું: "જેમ સુખ ઊપજે તેમ કરો." આ જવાબથી સંતુષ્ટ થઈ, પ્રભુને વંદન કરી, મૃગવનની બહાર આવી, હાથી પર બેસી રાજા વીતિભય નગરમાં આવ્યા.

રસ્તામાં ઉદાયન રાજાને વિચાર થયો કે "અભિચકુમાર મારો એક જ કુમાર છે, મને અતિપ્રિય છે, તે ઘણી વાતે ભલો અને સદ્ગુણી છે, પણ તે યુવાન અને અજ્ઞાન છે; એટલે જો હું રાજસત્તા તેને સોંપીશ તો તે રાજ્યસત્તાના મદમાં મનુષ્યકર્તવ્યનું ભાન ભૂલી વિષય-વિલાસમાં આસક્ત બની આત્માને અધોગતિમાં નાખશે. એ રાજ્યસત્તા પચાવી-જીરવી નહિ જાણે, માટે રાજસત્તા ભાણેજ કેશીકુમારને આપુ કારણકે તે રાજસત્તા પચાવી જાણે તેવો છે, અને એની સાથે અભિચકુમાર આનંદથી રહી શકશે.

આ પ્રમાણે વિચાર કરી, રાજમહેલમાં આવી, રાજ્યાધિકારીઓને અને પ્રજાજનોને બોલાવી, રાજાએ સર્વની સમક્ષ કેશીકુમારને રાજગાદી સોંપી તથા રાજ્યાભિષેક કર્યો. ઉદાયન રાજાએ અભિચકુમારને રાજસત્તા કેમ ન આપી એનો ખુલાસો કુમાર પાસે ન કર્યો અને કુમારે પણ પોતાને બદલે ભાણેજને રાજસત્તા આપવાનું કારણ શું તે પૂછ્યું નહિ. બંને પોતપોતાના મનમાં સમજી રહ્યા.

કેશી રાજા થયા એટલે રાજાની અનુજ્ઞા મેળવી ઉદાયન રાજાએ મોટી ધામધૂમપૂર્વક મહાવીર પ્રભુ પાસે આવી તેમને હાથે સંયમ લીધો.* ઉદાયન ઋષિએ સંયમ લઈ, અભ્યાસ કરી, અનેક પ્રકારની તપશ્ચર્યાઓ કરી, કર્મ ક્ષય કરી, અન્તે પરમ પદની પ્રાપ્તિ કરી.

---

* ઉદાયન રાજાએ દીક્ષા લીધી, અને એ તો આત્માનું કાર્ય સાધી ગયા. પાછળથી અભિચકુમારને એક રાત્રે વિચાર થયો કે રાજ્યનો હકદાર હું છું, છતાં મારા પિતાએ મારો હક ડુબાવી ભાણેજને રાજ્ય આપ્યું, અને તે વળી મારી કોઇ જાતની કસુર કે દોષ વિના તેમણે ભાણેજને રાજ્ય આપ્યું, તો હવે મારા હકવાળા રાજ્યમાં મારે બીજાના આશ્રિત થઇ રહેવું તેના કરતાં સારી વાત એ જ છે કે આ રાજ્ય મૂકી દઇ બીજા રાજ્યમાં જઇ ત્યાં શાન્તિથી રહેવું. આ પ્રમાણે નિશ્ચય કરી, કોઇને જાણ થવા દીધા સિવાય, પોતાની રાણીઓ અને પોતાનું જે કાંઇ હતું તે લઈ કુમારે રાત્રે વીતિભય નગરથી નીકળી, ચંપાનગરીએ કુણિક રાજા પાસે આવી તેને સર્વ વાત કરી. કુણિકે પોતાને ત્યાં સુખે રહેવા માટે તેમને કહ્યું, અને તેમનું સારૂં સ્વાગત કર્યું. અભિચકુમાર કુણિકને ત્યાં રહ્યા. ત્યાં રહી શ્રાવકધર્મ પાળવા લાગ્યા; માત્ર ઉદાયન નામ પ્રત્યેના વૈરને લીધે ખમતખામણા કરતી વખતે ઉદાયનને વર્જી સર્વ જીવોને ખમાવતા. છેવટે જીવનના અંતે સંથારો કર્યો, પણ ઉદાયન નામ પ્રત્યેના વૈરભાવને લીધે અભિચકુમાર મરીને રત્નપ્રભા નામે પ્રથમ નરકના પાથડામાં કે જ્યાં અસુરકુમાર દેવોનો વાસ છે ત્યાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં તેમને પોતાની ભૂલ સમજાઇ, પશ્ચાત્તાપ થયો, અને અન્તે એકાવતારી થઈ તે પણ પરમ પદે પહોંચશે.

ગંગદત્ત મુનિ આણંદ, તરણતારણ જહાજ,
મુનિ કોશલ રોહો, દિયો ઘણાને સહાજ. ૩૬
ધન્ય સુનક્ષત્ર મુનિવર, સર્વાનુભૂતિ અણગાર,
આરાધિક હુઈને, ગયા દેવલોક મોઝાર. ૩૭
ચવી મુગતે જાશે, સિંહ મુનીશ્વર સાર,
બીજા પણ મુનિવર, ભગવતીમાં અધિકાર. ૩૮

* * *

ગંગદત્ત

પ્રભુ મહાવીર જે વખતે ઉલ્લુકતીર નામે નગરની બહાર ઈશાન કોણમાં જમ્બૂકવન નામે ઉદ્યાનમાં બિરાજતા હતા, ત્યારે એક વખતે જેના હાથમાં વજ્ર રહેલ છે તેવા મહા ઋદ્ધિવંત પહેલા દેવલોકના ઈન્દ્ર શ્રી શક્રેન્દ્ર મહારાજે પ્રભુ પાસે આવી વંદન વગેરે કરી, પ્રભુને પ્રશ્ન કર્યો કે "હે પ્રભુ! કોઈ પણ મોટી ઋદ્ધિવાળો દેવ બહારનાં પુદ્ગલો લીધા વિના આવી શકે?" જવાબમાં પ્રભુએ કહ્યું: "ના, તેમ ન બની શકે, બહારનાં પુદ્ગલો લઈને આવી શકે." એ પ્રમાણે એકંદરે આઠ પ્રશ્નો પૂછી પ્રભુને વંદન કરી, ઉતાવળા ઉતાવળા શક્રેન્દ્ર પોતાના વિમાનમાં બેસી, જે તરફથી આવ્યા હતા તે તરફ ચાલ્યા ગયા.

શ્રી ગૌતમ પ્રભુએ શ્રી શક્રેન્દ્રને સંભ્રાત મનવાળા આવ્યા-ગયા જોઈને પ્રભુ મહાવીરને વંદન કરી પ્રશ્ન કર્યો કે "પ્રભુ! શક્રેન્દ્ર ઉતાવળા ઉતાવળા આવી ટુંકામાં આપને આઠ પ્રશ્નો પૂછી એકદમ ચાલ્યા ગયા તેનું કારણ શું?" જવાબમાં પ્રભુએ

કહ્યું: "સાતમા મહાશુક્ર નામે દેવલોકમાં બે દેવો ઉત્પન્ન થયા છે, તેમાં એક મિથ્યાદૃષ્ટિ છે અને એક સમ્યક્‌દૃષ્ટિ છે. બંને દેવોને પરસ્પર પુદ્‌ગલના પરિણમવા સંબંધી ચર્ચા થઈ, તેમાં પરિણામે મિથ્યાદૃષ્ટિ નિરૂત્તર બન્યો, અને સમ્યક્‌દૃષ્ટિવાળો દેવ પોતાના જ્ઞાનથી આપણને અહીં જોઈને અત્રે મોટી ઋદ્ધિ સંપદા સહિત દર્શન કરવા આવે છે. તે ઋદ્ધિ સંપદા જોઈને શક્રેન્દ્રને મનમાં કાંઈક અસૂયા ઉત્પન્ન થઈ તેથી તે અત્રે આવી પ્રશ્ન પૂછી ઉતાવળા ચાલ્યા ગયા છે."

આ વાત ચાલતી હતી તે જ વખતે સાતમા દેવલોકના મહર્દ્ધિક ગંગદત્ત દેવ પ્રભુ પાસે આવી વંદન વગેરે કરી યથાસ્થાને બેઠા અને મિથ્યાદૃષ્ટિ દેવ સાથે થયેલી ચર્ચા કહી સંભળાવી. પ્રભુએ કહ્યું: "હે ગંગદત્ત! તમે જે જવાબ આપ્યા તે યથાર્થ છે, અને તે જવાબ જ સાચા છે."

એ પ્રમાણે કહ્યા પછી પ્રભુએ ધર્મદેશના દીધી તે સાંભળી ગંગદત્ત દેવે પ્રભુને વંદન નમસ્કાર કરી પૂછ્યું કે "હે પ્રભુ! હું ગંગદત્ત ભવ્યસિદ્ધિક (મોક્ષ જવાને લાયક) છું કે અભવ-સિદ્ધિક (મોક્ષે જવાને નાલાયક–કદિ પણ મોક્ષે ન જઈ શકે તેવો) છું?" શ્રી રાયપસેણીય સૂત્રમાં જેવા સૂર્યાભ દેવે પ્રશ્નો પૂછ્યા હતા તેવા પ્રશ્નો તેણે પૂછ્યા. પ્રભુએ જવાબ આપ્યો કે "તમે ભવ્યસિદ્ધિક છો." જવાબ સાંભળી ગંગદત્ત સંતુષ્ટ થયા. પછી બત્રીસ નાટક કરી પ્રભુને વંદન કરી દેવ યથાસ્થાને ગયા.

તુર્ત જ ગૌતમે પ્રભુ મહાવીરને વંદન નમસ્કાર કરી પૂછ્યું કે "પ્રભુ! ગંગદત્ત દેવે નાટકમાં જે ઋદ્ધિસંપદા બતાવી તે

પાછી ક્યાં સમાઈ ગઈ?" પ્રભુએ કહ્યું: "જેમ કોઈ ભોંયરામાંથી કે ગુફામાંથી મનુષ્યો બહાર આવે અને પાછા તેમાં જ સમાઈ જાય, તેમ ગંગદત્ત દેવે પોતાના શરીરમાંથી વિકુર્વણા કરી અને તે પાછી તે શરીરમાં જ સમાવી દીધી." ફરી શ્રી ગૌતમે પ્રભુને ગંગદત્ત દેવ આ ઋદ્ધિસંપદા શાથી પામ્યા, કયા પ્રકારનાં દાન વગેરે સત્કાર્યથી આ વસ્તુ પામ્યા તે પૂછ્યું. પ્રભુએ કહ્યું: "જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં હસ્તિનાપુર નામે નગર હતું, તેની બહાર ઈશાન કોણમાં સહસ્રવન નામે ઉદ્યાન હતો. હસ્તિનાપુર નગરમાં ગંગદત્ત નામે ગાથાપતિ રહેતા હતા. તે ઋદ્ધિ અને સમૃદ્ધિથી સહિત હતા. તે વખતે શ્રી મુનિસુવ્રત નામે અરિહંત દેવ વિચરતા હતા, તે હસ્તિનાપુર નગરની બહાર આવી સહસ્ર વનમાં બિરાજ્યા. ગામમાં ખબર મળવાથી રાજા અને નગરજનો પ્રભુનાં દર્શન કરવા ગયા. ગંગદત્ત ગાથાપતિ પણ પ્રભુ પાસે આવ્યા. પ્રભુએ પરિષદ સમક્ષ દેશના દીધી, તે શ્રવણ કરી સર્વ પરિષદ યથાસ્થાને ગઈ. ગંગદત્ત ગાથાપતિએ ધર્મદેશના સાંભળી પ્રભુને કહ્યું: "પ્રભુ! આપે જે ધર્મ કથ્યો તે જ આત્મકલ્યાણકારક છે, હું ઘેર જઈ મોટા પુત્રને ઘરનો કારભાર સોંપી આપની પાસે ચારિત્ર લેવા આવું છું." પ્રભુએ કહ્યું: "જેમ સુખ ઊપજે તેમ કરો." ગંગદત્ત ગાથાપતિ પ્રભુ મુનિસુવ્રતને વંદન કરી પોતાને ઘેર આવ્યા, અને કુટુંબ, જ્ઞાતિ, સગાં-સંબંધી, સ્વજનોને એકઠાં કરી, સર્વની સાથે પ્રીતિભોજન કરી, પોતાના પુત્રને ઘર અને કુટુંબનો ભાર સોંપી, સર્વની રજા લઈ, મોટી ધામધૂમપૂર્વક મુનિસુવ્રતસ્વામી પાસે જઈ, પોતાનાં વસ્ત્રાલંકાર ઉતારી, તેમણે પ્રભુ પાસે દીક્ષા લીધી. એ રીતે સંયમ ગ્રહણ

કરી, અગીયાર અંગનો અભ્યાસ કરી, તપશ્ચર્યાદિ કરી, છેવટે એક માસનો સંથારો કરી, આલોચી પ્રતિક્રમી, સમાધિ પરિણામે કાળ કરી, ગંગદત્ત મુનિ સાતમા દેવલોકમાં મહર્દ્ધિક દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં સાત સાગરની સ્થિતિ ભોગવી, ત્યાંથી ચવી, મહાવિદેહમાં ઉત્પન્ન થઈ, સંયમી થઈ, દુષ્કર ચારિત્ર પાળી, સર્વ કર્મનો ક્ષય કરી, સિદ્ધ થશે.

આણંદ મુનિ, સુનક્ષત્ર મુનિ, સર્વાનુભૂતિ મુનિ, અને સિંહા અણગાર

શ્રી મહાવીર પ્રભુ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી, સંયમી થઈ, પ્રથમ ચોમાસું અસ્થીગામે રહ્યા અને એ વર્ષે પંદર-પંદર દિવસના ઉપવાસ કરવાનો તેમણે નિશ્ચય કરેલો. બીજે વર્ષે માસ-માસખમણનાં પારણાં કરતા વિચરીને બીજું ચોમાસું રાજગૃહી નગરીએ નાલંદા પાડામાં વણાટશાળામાં આવીને તે રહ્યા. એ વખતે મંખલીપુત્ર ગોશાળો પણ એ જ વણાટશાળના એક ખૂણામાં આવીને રહ્યો, અને ચિત્રોની પેટી બતાવતો ભીખ માગતો પોતાની આજીવિકા ચલાવવા લાગ્યો. ચોમાસું રહ્યા પછી પહેલા માસખમણને પારણે પ્રભુ વહોરવા અર્થે રાજગૃહી નગરીમાં ફરતા વિજય નામે ગાથાપતિને ઘેર પધાર્યા. વિજય ગાથાપતિએ ઉત્કૃષ્ટ ભાવથી પ્રભુનો સત્કાર કરી આહારાદિ વહોરાવ્યાં. દેવે પંચદિવ્ય પ્રકટ કર્યાં. (સોનામહોર, ફૂલ, વસ્ત્રની વૃષ્ટિ, દુંદુભિનાદ અને દાનની મહત્તાનું બોલવું, એ પંચદિવ્ય). શહેરમાં પણ વિજય ગાથાપતિનો મહિમા ગવાવા લાગ્યો. ભીખ માગવા અર્થે નીકળેલા ગોશાળાએ આ

સાંભળ્યું અને વિજય ગાથાપતિને ઘેર નજરે જોયું. એથી એને પ્રભુના શિષ્ય થવાનું મન થયું. પ્રભુ પાસે આવી વંદન નમસ્કાર કરી તેણે કહ્યું કે: “ હે પ્રભુ ! તમે મારા ધર્મગુરૂ અને હું તમારો શિષ્ય.” પણ પ્રભુએ તે વચન સ્વીકાર્યું નહિ.

બીજા માસખમણના પારણે પ્રભુએ રાજગૃહી નગરીમાં આનંદ નામે ગાથાપતિને ઘેરથી પારણું વહોર્યું. ત્યાં પણ વિજય ગાથાપતિની પેઠે સર્વ થયું. ગોશાળાએ તે જોઈને ફરી વાર પ્રભુને વંદન નમસ્કાર કરીને “ હું તમારો શિષ્ય, તમે મારા ધર્મગુરૂ ” એમ કહ્યું; તે વખતે પણ પ્રભુએ તેનો સ્વીકાર ન કર્યો.

ત્રીજા માસખમણને પારણે સુદર્શન ગાથાપતિને ઘેર પ્રભુએ પારણું વહોર્યું અને ત્યાં પણ એ જ રીતે થયું. ચોથા માસખમણને પારણે રાજગૃહીના નાલંદાપાડેથી વિહાર કરી કોલ્લાક સન્નિવેશ ગામે પ્રભુ ગયા, ત્યાં ગોશાળો પણ પોતાનાં સર્વ સાધનો વણાટશાળામાં મૂકી પ્રભુની સાથે ગયો, અને કોલ્લાક સન્નિવેશમાં બહુલ નામે બ્રાહ્મણના ઘેરથી પ્રભુએ પારણું વહોર્યું. ગોશાળાએ અહીં પણ પંચદિવ્ય વગેરે જોયાં તથા પોતાને શિષ્ય તરીકે સ્વીકારવા પ્રભુને વિનંતિ કરી અને પ્રભુએ એ વિનંતિ સ્વીકારી.

પ્રભુની સાથે છ વર્ષ રહી તેજોલેશ્યાની વિધિ શીખી ગોશાળો પ્રભુથી જુદો પડ્યો. પ્રભુ સંયમી થયા પછી ૧૨।। વર્ષ ને પંદર દિવસે ઘનઘાતી કર્મ ક્ષય કરી કેવળ જ્ઞાન–કેવળ દર્શનને પામ્યા. ગોશાળાએ તેજોલેશ્યા સિદ્ધ કરી, અને તેની પાસે પાર્શ્વનાથ પ્રભુના શિષ્યાનુશિષ્યો જે સાધુધર્મથી પાછળ

હઠયા હતા, તેઓ આવી મળ્યા. તે છ જણુની સહાયતાથી ગોશાળો લોકોને જીવન–મરણુ, લાભ–હાનિ અને સુખ–દુઃખ એ છ બાબતનું ભવિષ્ય કહેતો, એથી એના ભક્તોની સંખ્યા ૧૧ લાખની થઈ. એ ભક્તોમાં તે સર્વજ્ઞ, કેવળી, અરિહંત અને તીર્થંકરદેવ તરીકે પુજાવા લાગ્યો.

શ્રી મહાવીર પ્રભુની પાસે શ્રી ગૌતમ સ્વામી વગેરે અગીચાર ગણુધર અને ૧૪ હજાર સાધુ થયા. એકદા શ્રી મહાવીર પ્રભુ શિષ્યસમુદાય સહિત સાવત્થી નગરીની બહાર કોષ્ટક ઉદ્યાનમાં આવી સમવસર્યા. પરિષદ વાંદી દેશના શ્રવણુ કરી સ્વસ્થાને ગઈ. એ વખતે ગોશાળો પણુ એ જ નગરીમાં હાલાહલા નામે કુંભારણુ કે જે ગોશાળાની શ્રાવિકા હતી તેની કુંભાર શાળામાં ઊતરેલો હતો. તેણે સાંભળ્યું કે હું અને મારા ભક્તો મને જિન–સર્વજ્ઞ વગેરે માનીએ–મનાવીએ છીએ, તેને માટે શ્રી મહાવીરે નિષેધ કર્યો છે અને ગોશાળો તો મંખલીપુત્ર છે, છદ્મસ્થ છે, વગેરે તે કહે છે. તે સાંભળી ગોશાળાને અત્યંત ક્રોધ ચડયો.

એવા વખતે શ્રી મહાવીર પ્રભુના શિષ્ય શ્રી આનંદ નામે અણુગારને ગૌચરી અર્થે સાવત્થી નગરીમાં જતા જોઈને ગોશાળાએ બોલાવ્યા અને કહ્યું: “ આણુંદ અણુગાર ! એક દૃષ્ટાંત સાંભળો. કેટલાક ધનાર્થી વણિકો ધન કમાવા માટે સાથે મળી પરદેશ જતા હતા. તેમને રસ્તામાં તૃષા લાગી. જંગલમાં પાણીના સ્થળની તપાસ કરતાં ઘણા સમયે એક નાના ડુંગરા જેવું દેખાયું જેને ચાર શિખરો હતાં. આસપાસના વાતાવરણુથી તે વણિકોએ અમુક શિખરમાં પાણી હશે એવું અનુમાન કરી એ શિખરને તોડયું; તો તેમાંથી

મીઠું શીતલ પાણી નીકળ્યું તે સર્વેએ પીધું, અને તૃષા શાન્ત કરી. બીજું શિખર તોડ્યું, તેમાંથી સોનું નીકળ્યું તે લીધું. પછી ત્રીજું શિખર તોડ્યું, તેમાંથી રત્ન વગેરે નીકળ્યાં તે લીધાં. પછી જ્યારે તેઓ ચોથું શિખર તોડવા તૈયાર થયા, ત્યારે એક વણિકે ના પાડી કે હવે સંતોષ રાખો, પણ બીજાએ તે ન માન્યું એટલે ના પાડનાર દૂર ખસી ગયો, અને બીજાઓએ મળી ચોથું શિખર તોડ્યું. તેમાંથી દૃષ્ટિવિષ સર્પ નીકળ્યો અને એ સર્પે સર્વને મારી નાખ્યા. જેણે શિખર તોડવાની ના પાડી હતી તેને જ સર્પે જીવતો રાખ્યો, એટલું જ નહિ પણ તે દૈવી સર્પે તે વણિકને ધનસહિત તેને ઘેર પહોંચતો કર્યો. એ જ રીતે, હે આનંદ અણગાર ! તારા ધર્મગુરૂ બીજા મતના માટે ગમે તેમ બોલે તેમાં તેને વાંધો નહિ આવે, પણ મારા માટે બોલશે તો ચોથું શિખર તોડનારના જેવી તેની દશા હું કરીશ; માટે તારા ધર્મગુરૂને ચેતાવજે, અને તું ચેતાવીશ એના બદલામાં તને જીવતો રાખીશ, બાકી બધાનો નાશ કરીશ."

આ પ્રમાણે ગોશાળાના મોઢેથી સાંભળી આનંદ અણગારને મનમાં ભય લાગ્યો. તેમણે પ્રભુ પાસે આવી સર્વ વાત કરી. એ સાંભળીને શ્રી ગૌતમ સ્વામીએ પ્રભુને પૂછ્યુંઃ "પ્રભુ ! ગોશાળામાં એ કહે છે તેવી શક્તિ છે ?" જવાબમાં પ્રભુએ કહ્યુંઃ "હા ! માત્ર અરિહંત સિવાયનાને તે કહે છે તે પ્રમાણે પરાભવ પમાડી શકે. માટે આપણા સર્વ સાધુઓને કહી દો કે ગોશાળો હમણાં આવવાનો છે, તે આવીને ક્રોધથી ભાનભૂલો બની, પોતાનું પોકળ ખુલ્લું થવાથી ક્રોધના આવેશમાં આવી, મને જેમ તેમ બોલે ત્યારે તમે સહુ શાન્તિ

જાળવજો. કોઇ કાંઈ પણ બોલશો નહિ." આ પ્રમાણે પ્રભુના કહેવાથી આણંદ અણગાર સહુ સાધુને પ્રભુનો સંદેશો આપવા ગયા. તે જ વખતે ગોશાળો પ્રભુની પાસે આવ્યો અને પોતાની મહત્તા, આજીવક મતના સિદ્ધાન્તો તથા પ્રભુની અવહેલનાનાં વચનો કહેવા લાગ્યો, તેમજ અમર્યાદ રીતે બોલવા લાગ્યો. કોઈ પણ સાધુને ગોશાળા સામે ન બોલવાની પ્રભુની આજ્ઞા હતી. પ્રભુને અમર્યાદિત ભાષામાં ગોશાળો જેમ તેમ બોલવા લાગ્યો ત્યારે ગુરૂભક્ત સુનક્ષત્ર મુનિથી તે સહન થયું નહિ, અને ગુરૂભક્તિની ધૂનમાં પ્રભુઆજ્ઞાને ભૂલી જઈને તે ગોશાળાને ઠપકો આપવા લાગ્યા: "હે ગોશાળા! કોઈ પણ સામાન્ય મનુષ્ય કોઇને પણ જ્ઞાનનો એકાદ અક્ષર, ગાથા કે પદ શીખવે છે અથવા થોડો પણ ઉપકાર કરે છે, તો તે શીખનાર મનુષ્ય એ ઉપકારીના ઉપકારને જીવનભર ભૂલતો નથી અને હમેશાં ઉપકારનું સ્મરણ કરે છે. તો આ અનંત દયાળુ પ્રભુનો તારા પર અનંત ઉપકાર છે, અત્યારે તું જે મહત્તા ભોગવી રહ્યો છે તે સર્વ આ પ્રભુની કૃપાનું ફળ છે, તેની સામે તારે આમ ન બોલવું ઘટે." આ ઠપકાનાં વેણ સાંભળવાથી ગોશાળાના ક્રોધમાં ઘી હોમાવા જેવું થયું. એથી ક્રોધમાં પાગલ બની તેણે સુનક્ષત્ર મુનિ પર તેજોલેશ્યા મૂકી, અને એના તાપથી એ જ વખતે સુનક્ષત્ર મુનિ બળી ભસ્મ થઈ ગયા અર્થાત્ અવસાનને પામ્યા.

સુનક્ષત્ર મુનિને અવસાન પામેલા જોઇ ગોશાળો વધારે ઉગ્ર બન્યો અને પ્રભુ પ્રત્યે વધુ યદ્વાતદ્વા બોલવા લાગ્યો. તે સાંભળીને સર્વાનુભૂતિ મુનિ ગોશાળાને શિખામણ દેવા ઊભા થયા અને શિખામણ આપવા લાગ્યા. ગોશાળાએ એમના પર

પણ તેજોલેશ્યા મૂકી. તેજોલેશ્યાથી બળતા મુનિ પ્રભુ પાસે જઈ, સર્વ વ્રતોને આલોવી, સર્વ જીવોને ખમાવીને અણસણ કરી મૃત્યુને શરણ થયા.

ત્યારપછી પ્રભુએ ગોશાળાને શિખામણ આપી એટલે ગોશાળાએ પ્રભુ પર પણ તેજોલેશ્યા છોડી, પણ પ્રભુને બાળ્યા સિવાય તેજોલેશ્યા પાછી ફરી અને ગોશાળાના શરીરમાં જ પેઠી. બીજા સાધુઓએ પ્રભુની આજ્ઞા થયેથી ગોશાળાને અનેક પ્રકારના પ્રશ્નાદિ પૂછી મહાત કર્યો અને ગોશાળો પ્રભુને છ મહીનામાં મરી જવાનું કહી પોતે હાલાહલા કુંભારણની કોડમાં આવી રહ્યો. તેજોલેશ્યા પોતાના શરીરમાં પાછી ફરેલી હોઇ દાહજ્વર જેવો અતિભયંકર વ્યાધિ ભોગવી, સાતમે દિવસે પોતાની ભૂલ પોતે કબૂલ કરી, ગોશાળો અતિ દુઃખથી મૃત્યુ પામ્યો.

ગોશાળાએ મૂકેલી તેજોલેશ્યાથી પ્રભુના શરીરની ઘાત ન થઈ પણ ગરમી લાગી, એથી લોહીખંડવાડો થયો, એટલે લોહી પડવા લાગ્યું. પ્રભુ વિહાર કરતા મિંઢિક ગામની બહાર શાલકોષ્ટક ઉદ્યાનમાં સમવસર્યા. પ્રભુની સાથે સિંહા નામે અણગાર હતા, તેઓ છઠ તપના દિવસે ઉદ્યાનની બહાર ખુલ્લા મેદાનમાં સૂર્યની આતાપના લેતા હતા. ત્યાંથી પસાર થતા લોકોને મોઢેથી એવું બોલેલું તેમણે સાંભળ્યું કે "આ મહાવીર પ્રભુને લોહીખંડવાડાની અત્યંત વ્યાધિ છે, એટલે ગોશાળાના કહેવા મુજબ છ મહીને તે આયુષ્ય પૂર્ણ કરશે." આ સાંભળી સિંહા અણગારને મનમાં દુઃખ થયું, અને શાલકોષ્ટક ઉદ્યાનની જોડે માલુયા કચ્છ નામે ગીચ ઝાડીવાળા વનમાં જઈ

તે ખુલ્લા કંઠથી રોવા લાગ્યા. પ્રભુએ તે બીના જ્ઞાનથી જાણી અને સાધુઓને મોકલી સિંહા અણગારને બોલાવી લીધા. એમનું રડવાનું કારણ પોતે જ કહ્યું. પછી પ્રભુએ કહ્યું: " હું હજુ સોળ વર્ષ સુધી વિહરવાનો છું, માટે તમે દુઃખ ન ધરો. આ ગામમાં રેવતી નામે ગાથાપતિણી શ્રાવિકા છે, તેના ઘેર જઈને મારા માટે બનાવેલ બીજોરા પાક છે તે ન લાવતાં બીજાને માટે બનાવેલ છે તે કોળાપાક લઇ આવો, તે ખાવાથી વ્યાધિ મટી જશે."

સિંહા અણગાર તે સાંભળી રાજી થયા અને પ્રભુની આજ્ઞા મુજબ તે રેવતી ગાથાપતિણીના ઘેર જઈ કોળાપાક લઈ આવ્યા. પ્રભુએ તેનો ઉપયોગ કર્યો અને થોડા સમયમાં જ તે દર્દ મટી ગયું. એથી સર્વ સાધુ સાધ્વી મનુષ્યો દેવો રાજી થયા. રેવતી ગાથાપતિણીનાં પણ કર્મબંધન તૂટ્યાં.

શ્રી ગૌતમ સ્વામીએ સુનક્ષત્ર અને સર્વાનુભૂતિ અણગાર માટે પૂછ્યું કે " તેઓ કાળ કરી કયાં ગયા ? અને ત્યાંથી કયાં જશે ?"

જવાબમાં પ્રભુએ કહ્યું: " સુનક્ષત્ર મુનિ આઠમા સહસ્સાર દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા છે, ત્યાં અઢાર સાગરનું આયુષ્ય ભોગવી, મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ, સર્વ કર્મનો ક્ષય કરી, પરમ પદે પહોંચશે; સર્વાનુભૂતિ અણગાર બારમા અચ્યુત દેવ-લોકમાં દેવપણે ઉત્પન્ન થયા છે, ત્યાં બાવીસ સાગરોપમનું આયુષ્ય ભોગવી, તેઓ પણ મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ, સર્વ કર્મનો ક્ષય કરી, સિદ્ધ થશે. આણંદ અણગાર અને સિંહા અણગાર પણ સર્વ કર્મનો ક્ષય કરી પરમ પદે પહોંચશે."

રોહા અણગાર

એક વખતે મહાવીર પ્રભુના શિષ્ય, પ્રકૃતિના સરલ અને વિનયવંત એવા શ્રી રોહા અણગારે પ્રભુ પાસે આવી વંદન નમસ્કાર કરી પ્રશ્નો પૂછ્યા:

પ્રશ્ન—પ્રભુ! લોક પહેલો કે અલોક?

ઉત્તર—બંને સાથે, અનાદિ અનંત.

લોક અલોકના પ્રશ્નની પેઠે અણગારે જીવ અજીવ, ભવસિદ્ધિયા–અભવસિદ્ધિયા, વગેરે સંબંધી પૂછ્યું અને પ્રભુએ એ જ પ્રમાણે ઉત્તર આપ્યા.

પ્રશ્ન—હે પ્રભુ! પહેલાં ઇંડું કે પહેલાં કુકડી?

ઉત્તર—કુકડી શામાંથી થઈ? ઇંડામાંથી; ઇંડું શામાંથી થયું? કુકડીમાંથી; બંને શાશ્વત.

એવી જ રીતે લોકનો અંત, સાત નરક, આદિ સર્વ પદાર્થો માટે અણગારે પૂછ્યું, અને પ્રભુએ સર્વને શાશ્વત કહ્યાં.

એ પછી રોહા અણગારે જ્ઞાન, ધ્યાન, તપશ્ચર્યાદિથી આત્મકલ્યાણ કર્યું.

શ્રેણિકનો બેટો મોટો મુનિવર મેઘ,
તજી આઠ આઠ અંતેઉરી આણ્યો મન સંવેગ. ૩૯
વીરપેં વ્રત લેઈને બાંધી તપની તેગ,
ગયા વિજય વિમાને, ચવી લેશે શિવ વેગ. ૪૦

* * *

મેઘકુમાર

ચોથા આરામાં જે વખતે કુણિક રાજા રાજ્ય કરતા હતા તે વખતે ચંપા નામે સુંદર અને સુશોભિત નગરી હતી. તેની બહાર ઈશાન કોણમાં પૂર્ણભદ્ર નામે યક્ષનું દહેરૂં અને એના નામથી જ ઓળખાતો ઉદ્યાન હતો. તે વખતે પ્રભુ મહાવીરના પાંચમા ગણધર શ્રી સુધર્મ સ્વામી જે સર્વ ઉત્તમ ગુણોથી અલંકૃત હતા, ચૌદ પૂર્વધારી અને ચાર જ્ઞાનના ધરનારા હતા, તે પોતાના પાંચ સો શિષ્યોના સમુદાય સાથે સુખે જનપદ દેશમાં વિચરતા હતા. ચંપાનગરીએ પધારી, પૂર્ણભદ્ર ઉદ્યાનમાં સાધુએ માગવા યોગ્ય અનુજ્ઞા માગીને તે સમવસર્યા. સંયમ તપથી આત્માને ભાવતા તે ત્યાં રહ્યા.

ચંપાનગરીમાં આ વાતની જાણ થતાં સંખ્યાબંધ મનુષ્યો સુધર્મસ્વામી પાસે આવ્યા. કુણિક રાજા પણ આવ્યા. પરિષદ એકઠી થયે ગણધરદેવે ધર્મદેશના દીધી. દેશના શ્રવણ કરી યથાશક્તિ વ્રત પચ્ચકખાણ કરી સૌ પોતપોતાને સ્થાને ગયાં. તે વખતે શ્રી જમ્બૂસ્વામી કે જે પવિત્ર ગુણના ધારક હતા, તેઓએ શ્રી સુધર્મસ્વામી પાસે આવી, વિનયથી વંદનાદિ કરી, જ્ઞાતાસૂત્રનો અધિકાર સાંભળવાની પોતાની ઈચ્છા વ્યક્ત કરી. તે સાંભળી શ્રી સુધર્મસ્વામીએ આ પ્રમાણે કહ્યું:

હે જમ્બૂ! શ્રી જ્ઞાતાસૂત્રના બે શ્રુતસ્કંધ કહ્યા, તેમાં પ્રથમ વિભાગમાં ૧૧ અધ્યયન કહ્યાં. તેમાં પ્રથમ અધ્યયનનો અધિકાર આ પ્રમાણે છે: હે જમ્બૂ! તે કાળ ને તે સમયને વિષે આ જમ્બૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં, દક્ષિણ બાજુમાં, રાજગૃહ નામે સુંદર નગર હતું. તે નગરની બહાર ઈશાન કોણમાં

ગુણશીલ નામે ઉદ્યાન હતો. સર્વ ઋતુઓ માટે તે સુખ રૂપ હતો. રાજગૃહ નગરમાં શ્રેણિક નામે અતિ મહાન રાજા રાજ્ય કરતા હતા. તે રાજાને સુકુમાર અને સુંદર એવી નંદા નામે રાણી હતાં. તે નંદા રાણીથી ઉત્પન્ન થયેલ, ચારે બુદ્ધિમાં પરિપૂર્ણ, બુદ્ધિનિધાન, શ્રી અભય નામે કુમાર હતા. અભયકુમારે રાજ્યનો સર્વ કારભાર પોતે જ ઉઠાવી લીધો હતો. પિતા શ્રેણિક રાજાને રાજ્ય સંબંધી ચિંતાના બોજામાંથી ઘણે અંશે તેમણે મુક્ત કર્યા હતા. વળી તે સર્વ પ્રજાને આધારભૂત તથા વિશ્વાસપાત્ર અને માનનીય હતા.

શ્રેણિક રાજાને બીજાં ધારિણી નામે રાણી હતાં તે પણ રાજાને પ્રિય હતાં. રાજા સાથે સંસારસુખ ભોગવતાં તે રહેતાં હતાં.

એક વાર પોતાના સુશોભિત શયનખંડમાં શરીરને સુખકારક એવી શય્યામાં ધારિણી રાણી સૂતાં હતાં અને અર્ધ રાત્રિ વીતવા આવી હતી, એ વખતે કાંઇક જાગતાં, કાંઈક ઊંઘતાં, એવી અર્ધનિદ્રિત અવસ્થામાં સાત હાથના પ્રમાણવાળો, રૂપાના પર્વત જેવો ઉજળો, શાન્ત અને ક્રીડા કરતો એક સુરમ્ય હાથી આકાશમાંથી ઊતરી પોતાના મોઢામાં પ્રવેશ કરતો રાણીએ દીઠો. એ સ્વપ્ન જોઈ ધારિણી રાણી જાગ્યાં. પોતાને આવેલ સ્વપ્ન યાદ કરી, શય્યામાંથી ઊતરી, બીજા ખંડમાં જ્યાં રાજા શ્રેણિક સૂતા હતા ત્યાં જઈ, રાણીએ રાજાને જગાડ્યા. રાજા જાગ્યા અને તેમણે રાણીને જોયાં. પછી રાજાએ રાણીને બેસવા માટે આસન આપી આવે વખતે આવવાનું કારણ પૂછ્યું. જવાબમાં રાણીએ પોતાને આવેલા સ્વપ્નની વાત કહી અને વધુમાં ‘મને તેનું કલ્યાણકારી સુખકારી ફળ મળશે એમ હું માનું છું, એમ રાજા શ્રેણિકને કહ્યું.

સ્વપ્નની હકીકત બરાબર ધ્યાનમાં રાખી, તે વિચારીને પછી રાજાએ કહ્યું: "હે દેવાનુપ્રિયા! તમે સ્વપ્ન ઘણું જ ઉત્તમ અને અતિ લાભદાયક જોયું છે. એ સ્વપ્ન તો તમને પુત્રરત્ન પ્રાપ્ત થવાની આગાહી છે. તે પુત્ર આયુષ્યમાન, ધર્મિષ્ઠ, શાન્ત, દાન્ત, ઉદાર, વીર, વગેરે શુભ ગુણવાળો થશે. તેનાથી રાજ્ય-સંપદા પણ વધશે. જ્યારે તે પુત્ર યુવાવસ્થાને પામશે ત્યારે પરાક્રમી અને મહાન થશે." સ્વપ્નનો શુભ અર્થ સાંભળી રાણી આનંદિત થતાં 'તથાસ્તુ' કહી ધીમે ધીમે ઊઠીને પોતાના શયનખંડમાં પાછાં આવ્યાં. ફરી ઊંઘવાથી બીજું અશુભ સ્વપ્ન આવે તો પહેલાં આવેલા શુભ સ્વપ્નનું ફળ દૂષિત બને એમ સમજી રાણીજી એ રાત્રે સૂતાં નહિ, પણ પ્રભુ-સ્તુતિમાં વખત પસાર કરવા લાગ્યાં. સવારમાં રાજાએ સ્વપ્નપાઠકને સભામાં આવવાનું આમંત્રણ મોકલ્યું. પોતે વ્યાયામશાળામાં ગયા. ત્યાં વ્યાયામ કરી, પછી મર્દનીયા પાસે શતપાકાદિ તેલથી શરીરનું મર્દન કરાવી, સ્નાનગૃહમાં સ્નાન કરી, વસ્ત્રાભૂષણથી અલંકૃત થઇ, પોતે કચેરીમાં આવ્યા. યથાસમયે આઠ સ્વપ્નપાઠકો કચેરીમાં આવ્યા. તેમણે સ્વપ્નના અર્થને વિચાર્યો. એક બીજાએ અંદરોઅંદર વિચાર-વિનિમય કરીને સૌની વતી એકે રાજાને જવાબ આપ્યો કે: "મહારાજા! સ્વપ્ન આવવાના નવ પ્રકાર છે. સ્વપ્ન ૭૨ પ્રકારનાં છે, તેમાં ૩૦ મહાસ્વપ્ન છે અને તેમાં પણ ચૌદ વિશેષ મોટાં સ્વપ્ન છે. તે ૧૪ સ્વપ્ન તીર્થંકર અથવા ચક્રવર્તીની માતા જ્યારે તીર્થંકર કે ચક્રવર્તી ગર્ભાવાસમાં આવે ત્યારે દેખે. વાસુદેવ જ્યારે ગર્ભમાં ઉત્પન્ન થાય ત્યારે તેમનાં માતા એ ૧૪ સ્વપ્ન માંહેનાં ૭ સ્વપ્ન દેખે. બળદેવ જ્યારે ગર્ભમાં

આવે ત્યારે તેમની માતા ચૌદ માંહેનાં ૪ સ્વપ્ન દેખે. મંડ-લિક રાજા જ્યારે ઉત્પન્ન થાય ત્યારે તેમની માતા એ ચૌદ માંહેનું એક મહાસ્વપ્ન દેખે. ધારિણીએ જે હાથીનું મહા-સ્વપ્ન જોયું છે તે ચૌદ માંહેનું ૧ મહાસ્વપ્ન છે, તેથી તેનું ફળ ઘણું ઉત્તમ છે. આ સ્વપ્નથી તમને અર્થનો લાભ, સુખનો લાભ, ભોગનો લાભ, રાજનો લાભ અને પુત્રનો લાભ થશે. તે ઉપરાંત બીજા ઘણા લાભ થશે."

સ્વપ્ન લાભકારક સાંભળી રાજા હર્ષિત થયા. સ્વપ્નપાઠકોને પ્રીતિપૂર્વક ઘણું ધન વગેરે દાન આપીને વિદાય કર્યા. રાણીએ સ્વપ્નપાઠકના મોઢે અર્થ સાંભળ્યા હતા છતાં રાજાએ ફરી વાર સંભળાવ્યા. રાણી ગર્ભનું સુખે સુખે પાલન કરવા લાગ્યાં. બે મહીના વીત્યા અને ત્રીજે માસે રાણીને દોહદ–ડોહળો ઉત્પન્ન થયો. ઋતુ વિના અકાળે મેઘક્રીડા કરવાનો તેમને અભિલાષ થયો. ગર્જનાઓ થતી હોય, વીજળીઓ ચમકતી હોય, પાણીનાં ઝરણાં વહી રહ્યાં હોય, એવા વખતે પોતાનાં દાસદાસી સ્વજનો સાથે પોતે ક્રીડા કરે તો ઠીક એવી ઈચ્છા થઈ, પણ ઋતુ વિના વર્ષાદ કેવી રીતે આવે? પોતાની ઇચ્છા પૂર્ણ ન થવાથી રાણી ઉદાસ રહેવા લાગ્યાં અને તેની અસર તેમના શરીર પર થઈ. તેના ખબર દાસ માર્ફત રાજાએ જાણ્યા. રાજાના અતિ આગ્રહથી રાણીએ ઉદાસીનતાનું કારણ જણાવ્યું. રાજાએ તેમની અભિલાષા પૂર્ણ કરવાનું વચન આપી આશ્વાસન આપ્યું.

રાજા પોતાના વિચારભુવનમાં આવી રાણીનો ડોહળો કેમ પૂરો કરવો તે વિષે વિચાર કરવા લાગ્યા. અભયકુમાર ત્યાં આવી પહોંચ્યા. તેમણે પિતાને વંદન કરી વિચારનું કારણ

પૂછ્યું. રાજાએ અભયકુમારની ઓરમાન માતાની ઇચ્છાની વાત કરી અને અભયકુમારે તે અભિલાષા પૂર્ણ કરવાનું વચન આપ્યું. અભયકુમારે પૌષધશાળામાં આવી અઠમ પોષો કરી મેઘમાલી દેવનું સ્મરણ કર્યું. ચોથે દિવસે દેવ આવ્યો અને અભયકુમારના કહેવાથી દેવે ધારિણી રાણીની ઇચ્છા પૂર્ણ કરવાનું કબૂલ કર્યું. તે જ વખતે પોતાની દૈવી શક્તિથી તેણે વર્ષાદ વર્ષાવ્યો અને ધારિણી રાણીનો જલક્રીડાનો મનોરથ પૂર્ણ કર્યો. રાણી ઇચ્છા પૂર્ણ થવાથી આનંદિત થયાં. દેવ કાર્ય કરી અભયકુમારની રજા લઈ સ્વસ્થાનકે ગયો.

યથાસમયે રાણીએ કુંવરને જન્મ આપ્યો. દાસીએ જઇને રાજાને વધામણી આપી. રાજા શ્રેણિકે તેને ખૂબ દ્રવ્ય આપી દાસી મટાડી રાણીની સખી બનાવી. સવારથી રાજાએ જન્મમહોત્સવ શરૂ કર્યો. ૧૦ દિવસ જન્મમહોત્સવ ચાલ્યો. તે મહોત્સવમાં જેની પાસે દ્રવ્ય હોય તે પોતે વાપરી આનંદ કરે, પણ જેની પાસે ન હોય તે રાજાના ભંડારમાંથી લઇ જઇને આનંદોત્સવ કરે, અને તે માટે રાજાએ ભંડાર ખુલ્લા મૂકી દીધા. જન્મ પછીના બારમા દિવસે મેઘના દોહદને અનુલક્ષીને કુંવરનું ગુણનિષ્પન્ન નામ મેઘકુમાર પાડ્યું.

મેઘકુમાર પંચ ધાવે સેવાતા વૃદ્ધિ પામવા લાગ્યા. તે યોગ્ય ઉંમરના થયા ત્યારે માતાપિતાએ ધામધૂમપૂર્વક તેમને પાઠશાળામાં અધ્યાપકની પાસે ભણવા મૂકયા. ખંતપૂર્વક અભ્યાસ કરતાં મેઘકુમારે અધ્યાપકની પાસે બોંતેર કળાનો અભ્યાસ કર્યો.* અભ્યાસ પૂરો થતાં અધ્યાપકે મેઘકુ-

---

* (૧) લખવાની કળા, (૨) ગણવાની, (૩) રૂપપરાવર્તનની, (૪) નાટકની, (૫) ગાયનની, (૬) વાજિંત્ર વગાડવાની, (૭) સ્વર ગણ-

મારને શ્રેણિક રાજાને સોંપ્યા. રાજા વગેરેએ કુમારના અભ્યા-

વાની, (૮) વાજિંત્ર સમારવાની, (૯) સમાન તાલ જાણવાની, (૧૦) દ્યુત–જુગટું રમવાની, (૧૧) લોક સાથે વાદવિવાદ કરવાની, (૧૨) પાસા રમવાની, (૧૩) અષ્ટાપદ–ચોપાટ રમવાની, (૧૪) નગરનું રક્ષણ કરવાની, (૧૫) પાણી અને માટીના મેલવણથી નવીન વસ્તુ બનાવવાની, (૧૬) ધાન્ય નિપજાવવાની, (૧૭) નવું પાણી ઉત્પન્ન કરવાની–સંસ્કારથી શુદ્ધ કરવાની, ઉનું કરવાની, (૧૮) નવાં વસ્ત્ર બનાવવાની, વસ્ત્ર રંગવાની, વસ્ત્ર સીવવા તથા પહેરવાની, (૧૯) વિલેપનની વસ્તુ જાણી તૈયાર કરી ચોળવાની, (૨૦) શયનવિધિ એટલે શય્યા બનાવવાની–સૂવાની રીતિ જાણવાની, (૨૧) સંસ્કૃત તથા પ્રાકૃત ભાષાની અર્થાત્ આર્યા વગેરે છંદોનાં લક્ષણો જાણવા અને બનાવવાની, (૨૨) પ્રહેલિકા બાંધવાની, (૨૩) માગધિકા એટલે મગધ દેશની ભાષામાં ગાથા વગેરે બનાવવાની, (૨૪) પ્રાકૃત ભાષામાં ગાથા વગેરે બનાવવાની, (૨૫) ગીત બનાવવાની, (૨૬) અનુષ્ટુપ શ્લોક બનાવવાની, (૨૭) નવું સોનું બનાવવાની અને તેના અલંકારો વગેરે બનાવવાની તથા પહેરવાની, (૨૮) રૂપું નવું બનાવવાની અને તેના અલંકારો વગેરે બનાવવા તથા પહેરવાની, (૨૯) ગુલાલ અબિલ વગેરે ચૂર્ણ બનાવવાની તથા તેનો ઉપયોગ કરવાની, (૩૦) આભૂષણ ઘડવાં પહેરવાં વગેરેની, (૩૧) તરુણીની સેવા કરવાની, (૩૨) સ્ત્રીનાં લક્ષણો, (૩૩) પુરૂષનાં લક્ષણો, (૩૪) અશ્વ–ઘોડાનાં લક્ષણો, (૩૫) હાથીનાં લક્ષણો, (૩૬) ગાય–વૃષભનાં લક્ષણો, (૩૬) કુકડાનાં લક્ષણો, (૩૮) છત્રનાં લક્ષણો, (૩૯) દંડનાં લક્ષણો, (૪૦) ખડ્ગનાં લક્ષણો, (૪૧) મણિનાં લક્ષણો, (૪૨) કાંગણી રત્નનાં લક્ષણો જાણવાની, (૪૩) ઘર દુકાન વગેરેના વાસ્તુશાસ્ત્રની, (૪૪) સૈન્યના પડાવનું પ્રમાણ વગેરેની, (૪૫) નવું નગર વસાવવાના પ્રમાણ વગેરેની, (૪૬) વ્યૂહરચના, (૪૭) પ્રતિવ્યૂહ–સામાવાળાના સૈન્ય સન્મુખ પોતાનું સૈન્ય રાખવાની, (૪૮) ચાર સૈન્ય ચલાવવાની, (૪૯) પ્રતિચાર ચલાવવાની, (૫૦) ચક્રને આકારે વ્યૂહ રચવાની, (૫૧)

સની પરીક્ષા કરી અને પ્રસન્ન થઈને અધ્યાપકને પ્રીતિદાન દીધું અર્થાત્ જીવનસુધી ચાલે તેટલું દ્રવ્ય આપ્યું.

મેઘકુમાર જ્યારે યુવાવસ્થાને પામ્યા ત્યારે રાજાએ તેમના માટે એક રાજમહેલ બનાવ્યો અને તેની ફરતા આઠ મહેલ બનાવ્યા, તે એવી રીતે કે એક બીજામાં જઈ આવી શકાય એવા સંબંધવાળા. ત્યારપછી ઉંમર, રૂપ, રંગ, ઉંચાઇ, વગેરે સર્વ જેનાં સરખાં છે તેવી ઉત્તમ કુળના રાજાઓની આઠ કન્યાઓ સાથે એક જ દિવસે મેઘકુમારનાં લગ્ન કરવામાં આવ્યાં. મેઘકુમારનાં માતાપિતાએ મેઘકુમારને આઠ ક્રોડ સુવર્ણ વગેરે આઠ આઠ વસ્તુઓ આપી, તે લઇને મેઘકુમારે પોતાની રાણીઓને પ્રત્યેકને એક એક વસ્તુ આપી દીધી. મેઘકુમાર આઠ રાણીઓ સાથે પોતાના મહેલમાં પ્રત્યક્ષ દેવલોકના જેવાં-પંચેંદ્રિયનાં વિષયસુખ મનુષ્યભવમાં ભોગવવા

ગરૂડને આકારે, (૫૨) શકટ-ગાડાને આકારે વ્યૂહ રચવાની, (૫૩) સામાન્ય યુદ્ધ કરવાની, (૫૪) વિશેષ યુદ્ધ કરવાની, (૫૫) અત્યન્ત વિશેષ યુદ્ધ કરવાની, (૫૬) અસ્થી (યષ્ટી) વડે યુદ્ધ કરવાની, (૫૭) મુષ્ટિ વડે, (૫૮) બાહુ વડે, (૫૯) (લત્તા) લાત વડે યુદ્ધ કરવાની, (૬૦) થોડાને ઘણું અને ઘણાને થોડું દેખાડવાની, (૬૧) ખડ્ગની મૂઠ વગેરે બનાવવાની, (૬૨) ધનુષ બાણની, (૬૩) રૂપાનો પાક બનાવવાની, (૬૪) સુવર્ણપાક બનાવવવાની, (૬૫) સૂતર છેદવાની, (૬૬) ખેતર ખેડવાની, (૬૭) કમળનાળ છેદવાની, (૬૮) પત્ર છેદવાની, (૬૯) કડા, ચુડી, કુંડળ વગેરે છેદવાની, (૭૦) મરેલા મૂર્છા પામેલાને મંત્રાદિ વડે જીવતો કરવાની, (૭૧) જીવતાને મંત્રાદિ વડે મરેલા જેવો કરવાની, અને (૭૨) કામડા ઘુવડ વગેરે પક્ષીઓના શબ્દ જાણવાની, એ પ્રમાણે બહોંતેર કળાઓ જાણવી.

લાગ્યા. તે સમયે ભગવંત શ્રી મહાવીરદેવ રાજગૃહનગરે પધારી ગુણશૈલ ઉદ્યાનમાં બિરાજ્યા. ગામમાં ખબર મળ્યા, એટલે હજારો મનુષ્યો, શાહુકારો, રાજા-રાજકુમારો વગેરે પ્રભુનાં દર્શન અને વાણીશ્રવણના અભિલાષથી પ્રભુ પાસે જવા લાગ્યાં. તે જોઇને મેઘકુમારે પ્રથમ પૂછા કરાવી કે આ બધા લોકો ઉત્સાહભેર નવાં વસ્ત્રાલંકાર પહેરીને ક્યાં જાય છે? જવાબમાં મહાવીર પ્રભુ પધાર્યાના ખબર જાણ્યા, અને તેથી પોતે પણ દર્શન કરવા ઉત્સુક થયા.

સ્નાન વગેરે કરી, વસ્ત્રાલંકાર પહેરી, અશ્વરથમાં બેસી, સુભટો વગેરેના પરિવાર સાથે મેઘકુમાર દર્શન માટે ગુણશૈલ ઉદ્યાનની નજીક આવ્યા. ત્યાં પ્રભુની ઉપર રહેલા છત્રાતિછત્ર વગેરે જોઈને રથથી હેઠા ઊતરી, સમવસરણની નજીક આવી, પાંચ અભિગમન સાચવી, પ્રભુ પાસે આવી, યથાવિધિ વંદન વગેરે કરી યથાસ્થાને બેઠા. શ્રેણિક રાજા, રાણીઓ વગેરે પણ આવ્યાં. પ્રભુએ વર્ષદા પાસે ધર્મદેશના દીધી. એ દેશના શ્રવણ કરી, સૌ પોતપોતાની શક્તિ અનુસાર વ્રત પચ્ચકખાણ કરી, પોતપોતાના સ્થાને ગયા. મેઘકુમારને તે દેશના સાંભળી વૈરાગ્ય થયો, અને પ્રભુને વંદન કરી કહ્યું કે "માતાપિતાની અનુજ્ઞા મેળવી હું આપની પાસે દીક્ષા લેવા આવીશ." જવાબમાં પ્રભુએ કહ્યું: "જેમ સુખ ઊપજે તેમ કરો, સત્કાર્યમાં પ્રમાદ ન કરવો."

મેઘકુમારે પ્રભુને નમસ્કાર કરી, રથમાં બેસી પોતાના મહેલમાં આવી, તુર્ત જ માતાપિતાની પાસે જઈ, વંદન કરી, વિનયથી કહ્યું: "હે માતાપિતા! મેં આજે પ્રભુની દેશના સાંભળી તેથી મને ઘણો જ હર્ષ થયો છે."

માતાએ કહ્યું: "હે પુત્ર! તું ભાગ્યવાન છે કે તને પ્રભુની વાણી ગમી."

કુમારે કહ્યું: "એ વાણીમાં કહેલ સાધુધર્મ આચરવાને દીક્ષા લેવા મેં વિચાર કર્યો છે, તો તે માટે મને અનુજ્ઞા આપો."

આ શબ્દ સાંભળીને ધારિણી રાણીને ઘણો જ ખેદ થયો. પુત્રને ગૃહસ્થાશ્રમમાં રાખવાને માટે માતાજીએ કહ્યું: "હે પુત્ર! મારે એક જ પુત્ર છે. તું મને ઘણો જ વહાલો અને ઈષ્ટ છે. તારો વિયોગ મારાથી સહન નહિ થાય. માટે મારૂં આયુષ્ય પૂર્ણ થયું હોય, અર્થાત્ મારા મરણ પછી અને તને પુત્ર-પૌત્રાદિનો સુખાનુભવ થયો હોય ત્યારપછી વૃદ્ધાવસ્થામાં તું દીક્ષા લેજે, હમણાં યુવાવસ્થામાં નહિ."

જવાબમાં કુમારે કહ્યું: "હે માતા! બેમાંથી પહેલાં આયુષ્ય કોનું પૂર્ણ થશે અને પછી કોણ મૃત્યુ પામશે, એ નક્કી કર્યું છે? આ જગતનાં દ્રવ્યસુખો જે આત્માને એકાન્ત કર્મબંધનના હેતુ રૂપ છે, તે સુખો જીંદગી સુધી અવિચ્છિન્નપણે કાયમ રહેશે, તેની કોઈ ખાત્રી આપી શકે તેમ છે? જ્યારે તે આપી શકે તેમ નથી, તો પછી જે સ્થાયી અને શાશ્વત સુખો છે તે મેળવવા માટે દીક્ષા લેવામાં પ્રમાદ શામાટે કરવો? માટે મને અનુજ્ઞા આપો."

પછી માતાએ રાજ્યવૈભવ ભોગવવાને, વિપુલ ધન વૈભવ ભોગવવાને, યુવાન સ્ત્રીઓથી વૈભવ ભોગવવાને, વગેરે ઘણી રીતે કુમારને સમજાવ્યા. તેના જવાબમાં મેઘકુમારે જીવનની અસ્થિરતા, વૈભવ-વિલાસની ક્ષણિકતા અને નાશવંતપણું જણાવી પોતાને દીક્ષા લેવાની રજા આપવાને માતાપિતાને

વધારે વિનવણી કરી. માતાપિતાએ સાધુધર્મની મુશ્કેલીઓ અને ચારિત્રધર્મ પાળતાં વેઠવાં પડતાં કષ્ટોમાં પણ મનની સમભાવના રાખવા માટે જોઇતી શક્તિ માટે કહીને કુમારને બ્હીવરાવ્યા. તેના જવાબમાં મેઘકુમારે કહ્યું: "મુશ્કેલી, સંકટ, એ બધું કાયરને માટે છે. વીર પુરૂષોને માટે વિપત્તિ નજીક જ આવતી નથી." વગેરે કહી માતાપિતાને તેમણે સમજાવ્યાં. છેવટે માતાપિતાના મનના આનંદ અર્થે માત્ર એક દિવસનું રાજ્ય કરી, મોટી ધામધૂમથી મેઘકુમારે પ્રભુ મહાવીર પાસે આવીને દીક્ષા લીધી. તે વખતે માતાએ આશીર્વાદ આપ્યો કેઃ "હે પુત્ર! તેં અમને તો રોવરાવ્યાં, પણ હવે બીજાં કોઈને રોવરાવીશ નહિ. હવે તું બીજી કોઈ મા કરીશ જ નહિ, અર્થાત્ તું જન્મ જ લઈશ નહિ અને તું હવે બારોબાર મોક્ષમાં જજે."

મેઘકુમારમાંથી મેઘ અણગાર થયા પછી, પ્રભુએ દીક્ષા આપતી વખતે કહેલ સાધુધર્મને યથાવિધિ ધ્યાનમાં રાખી મેઘ અણગાર તે પ્રમાણે ચાલવું, બેસવું, સૂવું, વગેરે યત્નાપૂર્વકની ક્રિયા કરવા લાગ્યા.

આવી રીતે દીક્ષા લીધી તે દિવસ પસાર થયા પછી જ્યારે રાત્રિ પડી ત્યારે વિનયધર્માનુસાર મેઘ અણગારની પથારી સૌથી છેલ્લી આવી, અને તે બારણા નજીક આવી કે જ્યાંથી દરેક સાધુને જવા આવવાનું બને. મેઘ અણગાર સર્વથી દીક્ષામાં નાના હોવાથી વિનયધર્માનુસાર તેમની પથારી છેલ્લી એટલે મકાનના બારણા પાસે આવી. અંદર રહેલ સાધુઓ શરીરાદિના કારણે અથવા સ્વાધ્યાયાદિના નિમિત્તે એ બારણેથી

જતા આવતા. મેઘ અણુગારને કોઈના પગ અડી જાય, કોઈનો રજોહરણ અડી જાય, કોઈના પગની ધૂળ શરીર કે બીછાના પર પડે, વગેરે કારણોથી તેમને લગભગ આખી રાત નિદ્રા ન આવી. નિદ્રા ન આવવાને કારણે અને પોતાને આવા સંયોગોમાં મુકાવું પડયું તે માટે મનમાં વિચાર થયો અને ખેદ થયો કે જ્યારે હું ગૃહસ્થાશ્રમમાં હતો ત્યારે સાધુઓ મને બોલાવતા, પાસે બેસાડતા, અને આજે જ્યારે મેં દીક્ષા લીધી ત્યારે મને સર્વથી છેલ્લો કાઢયો અને આખી રાત્રિ મને હેરાન કર્યો છે, તો મેં કયાં હજુ કોઈનું કાંઈ લઈ ખાધું છે ? સવારના પ્રહરમાં આ સાધુનો વેશ, પાત્રાં, રજોહરણ વગેરે બધુંએ મહાવીર પ્રભુને સોંપીને ઘર ભેગો થઈ જઈશ. મારા પિતા ના પાડતા હતા કે તું દીક્ષા ન લે, છતાં તેમનું માન્યું નહિ, તો હવે આવા અપમાનવાળા સ્થળે રહેવા કરતાં ઘેર જ જવું, જેથી મને દુઃખ નહિ અને માતાપિતા પણ રાજી થાય.

આવા વિચાર કરી તેમણે રાત્રિ પસાર કરી. ઘેર જવાના વિચારથી સવારનું જે પ્રતિક્રમણ સાધુએ અવશ્ય કરવું જોઈએ, તે પણ ન કર્યું. સૂર્યોદય થતાંની સાથે જ વસ્ત્ર પાત્ર આદિ સાધુનાં સર્વ ઉપકરણો લઈને પ્રભુ પાસે તે આવ્યા. પ્રભુને વંદન કરી પોતે બોલવાની તૈયારી કરે છે, ત્યાં તો અનંત જ્ઞાની શ્રી મહાવીરદેવે પોતે જ મેઘ અણુગારના મનોભાવ જાણી તેમને રાત્રિમાં થયેલા વિચારો, કરેલો નિશ્ચય અને પાસે આવવા સુધીની સર્વ વાત કહીને પૂછયું કે “હે મેઘ! મારી આ વાત સાચી છે ?” મેઘ અણુગારે જવાબ આપ્યો: “હા પ્રભુ! એમ જ છે!” પ્રભુએ કહ્યું: “હે મેઘ! માત્ર

રાત્રિએ સાધુઓના જવા આવવાના કારણે પગ કે રજોહરણાદિ અડવાથી ઊંઘ ન આવી અને એવા નજીવા તથા મનથી માનેલા દુઃખથી કંટાળી ઉત્તમ ચારિત્ર મૂકવા તૈયાર થાઓ છો, પણ તે પહેલાં છેલ્લા ભવમાં વેઠેલાં અસહ્ય દુઃખોને યાદ તો કરો! ત્યાં તમને કેવાં દુઃખ પડયાં હતાં! સાંભળો હું તે તમને કહી બતાવું. હે મેઘ! આ ભવની પહેલાંના એક ભવના આગલા ભવમાં એટલે કે ત્રીજા ભવે તું વૈતાઢય પર્વતના મૂળમાં સુમેરૂપ્રભ નામે શ્વેત હાથી હતો. નવ હાથ લાંબો અને સાત હાથ ઉંચો, સૌમ્ય આકારનો, નીરોગી, સુંદર રૂપવાળો, દેખતાં ગમે તેવો તું હાથી હતો. તારે છ દંતુશળ હતા. નાનાં મોટાં બચ્ચાં સાથે એ સુમેરૂપ્રભ હજાર હાથણીનો સ્વામી હતો. એ હાથી હાથણીઓના જૂથ સહિત ક્રીડા કરતો થકો વૈતાઢય પર્વતના મૂળમાં, વનમાં, ગુફાઓમાં અને અનેક સ્થળે વિચરતો હતો. એક વખતે ગ્રીષ્મ ઋતુનો સમય આવ્યો ત્યારે વાંસ વગેરે વૃક્ષોના ઘર્ષણથી વન સળગ્યું, દાવાનળ લાગ્યો, ત્યારે તે ભયંકર અગ્નિથી વનનો મધ્ય ભાગ સળગવા લાગ્યો, અને અનેક વૃક્ષો વગેરે બળવા લાગ્યાં. વનમાં રહેતાં પશુ પક્ષીઓ ભયથી આક્રંદ કરવા લાગ્યાં, તેમજ પોતાના પ્રાણ બચાવવા માટે અહીંતહીં દોડવા ભાગવા લાગ્યાં. તે વખતે સુમેરૂપ્રભ હાથી પણ અગ્નિથી ભય પામી વ્યાકુળ થયો અને ભયાનક શબ્દ કરતો ભાગવા લાગ્યો. જેને વૃદ્ધાવસ્થા પહોંચી છે અને જેનું શરીર પણ જીર્ણ થયું છે, તેવો સુમેરૂપ્રભ તૃષાથી વ્યાકુળ થયેલો, પાણી શોધતો એક કાંઠા વિનાના તળાવ પાસે આવ્યો. તળાવમાં પાણી થોડું અને કાદવ ઘણો હતો. પાણી પીવા જતાં પાણીથી થોડેક જ દૂર તે કાદવમાં

ખૂંચી ગયો. ઘણી મહેનત કરવા છતાં તે કાદવની બહાર નીકળી શકયો નહિ. તેથી ન તો પાણી પી શકયો કે ન બહાર નીકળી શકયો. ભૂખ અને તૃષાથી વ્યાકુળ બનેલો સુમેરૂપ્રભ ખૂબ પીડાવા લાગ્યો. એ વખતે એક યુવાન હાથી કે જેને થોડા વખત પહેલાં મારીને સુમેરૂપ્રભ હાથીએ જૂથમાંથી કાઢી મૂકેલો હતો તે હાથી પાણી પીવા માટે પણ એ જ તળાવમાં આવ્યો અને સુમેરૂપ્રભને જોયો. તેને મનમાં વૈર ઉલસ્યું અને સુમેરૂપ્રભ ઉપર ચડી ઊભા રહીને તેણે તે તળાવમાંથી પાણી પીધું. વધારામાં તે યુવાન હાથી સુમેરૂ-પ્રભને અનેક પ્રકારનાં દુઃખ આપી પાણી પીને ચાલ્યો ગયો. પાછળથી સુમેરૂપ્રભને સખત વેદના થઇ અને તે વેદના સાત રાત્રિ દિવસ ભોગવી એકંદરે એક સો ને વીસ વર્ષનું આયુષ્ય ભોગવી, આર્તધ્યાનથી આયુષ્ય પૂર્ણ કરી, આ જ જમ્બૂદ્વીપમાં, ભરત ક્ષેત્રમાં, ગંગા મહાનદીના દક્ષિણ તરફના કાંઠે વિંધ્યાચળ પર્વતના મૂળમાં ફરી હાથીપણે, હે મેઘ! તું ઉત્પન્ન થયો.

"હાથીપણે પુનઃ જન્મ્યા પછી તું મોટી ઉંમરે પહોંચ્યો અને જે વૃદ્ધ હાથી હાથણીના જૂથનો અધિપતિ હતો તે મરણ પામ્યો ત્યારે તું તે જૂથનો અધિપતિ થયો. વનમાં રહેનારા ભીલ્લ વગેરેએ તારૂં નામ મેરૂપ્રભ પાડયું. તે મેરૂ-પ્રભને ચાર દંતુશળ હતા. સાત સો હાથણીઓનો તે સ્વામી હતો. એક વખતે ઉનાળામાં એ વનમાં દાવાનળ લાગ્યો. તે જોઈને સાત સો હાથણીઓના જૂથ સહિત મેરૂપ્રભ ત્યાંથી નાસવા લાગ્યો, અને દૂર નીકળી ગયો. એ દાવાનળ જોઈને તને વિચાર થયો કે "આવો દાવાનળ મેં પૂર્વે ક્યાંય જોએલ છે." એ પ્રમાણે વિચાર કરતાં છેવટે તને જાતિસ્મરણ જ્ઞાન

જ્ઞાન ઉત્પન્ન થયું, અને સુમેરૂપ્રભના ભવમાં દાવાનળથી વેઠેલાં દુઃખ પ્રત્યક્ષ દેખાવા લાગ્યાં. જાતિસ્મરણ જ્ઞાનથી તે યથા સ્વરૂપે સમજાયાં. ત્યારપછી તેને પૂર્વનો ભવ જોવાથી વિચાર થયો કે આ ગંગા મહાનદીને કાંઠે એક યોજન પ્રમાણમાં ઘાસ કે કાંઈ વનસ્પતિ વિનાનું એક મંડળ બનાવવું કે જેથી આવા દાવાનળ વખતે મુશ્કેલી ન પડે. એવો વિચાર કરી ચોમાસાની ઋતુમાં જ્યારે ઘણો વર્ષાદ પડ્યો ત્યારે નદીને કાંઠે એક યોજન જેવડું માંડલું-ચોક બનાવ્યો, અને એમાં સાત સો હાથણીઓ અને બીજા નાના હાથીઓ સહિત તે ચોકની નક્કર જમીન પર ફરવા લાગ્યો. તે જમીનમાં પછી વનસ્પતિ ઊગતી નહિ. એમ તે સુખે રહેવા લાગ્યો.

"ફરી ઉનાળામાં જ્યારે દાવાનળ લાગ્યો ત્યારે મેરૂપ્રભ હાથી પોતાની ૭૦૦ હાથણીઓ અને તેના પરિવાર સહિત ગંગા નદીને કાંઠે કરેલ મંડલમાં આવી ઊભો રહ્યો. દાવાનળથી બચવાને માટે અન્ય અનેક વનવાસી પશુપક્ષીઓ પણ આવીને તે મંડલમાં ભરાયાં. એ વખતે પરસ્પરનાં જાતિવૈરને તેઓ ભૂલી ગયાં. એવી રીતે જાનવરોથી તથા પક્ષીઓથી આખું મંડલ ખીચોખીચ ભરાઈ ગયું. થોડી પણ જગ્યા ખાલી ન રહી. એ પ્રસંગે એક સસલું દાવાનળથી બચવા માટે એ મંડલમાં આવ્યું, પણ તેને બેસવા જેટલી ક્યાંય જગ્યો ન હતી એટલે એ ગરીબ પ્રાણી નિરાશ થતું હતું. તેવામાં મેરૂપ્રભ હાથીએ પોતાનો આગલો પગ શરીરની ખરજ કરવાને ઊંચો કર્યો, તે પગની જગ્યા ખાલી જોઈ સસલો ત્યાં બેસી ગયો. શરીરે ખરજ કરીને હાથી જ્યાં પગ મૂકવા જાય છે ત્યાં સસલાને તે પગ અડ્યો. પગને સુંવાળો સ્પર્શ લાગવાથી

હાથીએ નીચે જોયું તો પગ રાખવાની જગ્યાએ સસલાને બેઠેલો દીઠો. એ વખતે હાથીને વિચાર થયો કે સસલો દાવાનળથી પોતાના પ્રાણ બચાવવા અહીં આવી ભરાઈ બેઠો છે, તેમાં જો હું તેના પર પગ મૂકીશ તો એને તો અહીં જ દાવાનળ થઇ રહેશે, માટે મારે એને બચાવવો. એમ વિચારી માત્ર એકાન્ત અનુકંપાને અર્થે જ पाणाणुकंपयाए, भूयाणुकंपयाए, जीवाणुकंपयाए, सत्ताणुकंपयाए–પ્રાણી–ભૂત–જીવ–સત્વની અનુકંપાને અર્થે પગને અદ્ધર જ તોળી રાખ્યો, નીચે ન મૂક્યો. એ દાવાનળ અઢી રાત્રી દિવસ સુધી બળીને પોતાની મેળે જ શાન્ત થયો.

"દાવાનળ શાન્ત થતાં, સર્વ પ્રાણીઓ વીખરાઇ ગયાં. સસલો પણ ચાલ્યો ગયો. બીજા હાથી–હાથણીઓ પણ ચાલ્યાં ગયાં. માત્ર તું એક મેરૂપ્રભ જ ત્યાં રહ્યો. એ વખતે તું પણ ત્યાંથી જવા માટે તૈયાર થઈ જેવો પગ નીચે મૂકવા જાય છે તેવો જ તું મેરૂપ્રભ હાથી રગ બંધાઈ જવાને કારણે અને વૃદ્ધાવસ્થા પણ પહોંચેલ હોવાથી પગ માંડી શક્યો નહિ અને જમીન પર તૂટી પડ્યો. ત્યારપછી શરીરમાં મહાવેદના ઉત્પન્ન થઈ. ભૂખ, તૃષા અને વેદના સર્વ ભેગાં થયાં. એવી મહાવેદના ત્રણ દિવસ રાત્રિ ભોગવીને એક સો વર્ષનું પૂર્ણ આયુષ્ય ભોગવી, મૃત્યુ પામી, તું રાજગૃહી નગરીના શ્રેણિક રાજાને ઘેર ધારિણી રાણીની કુખે પુત્રપણે ઉત્પન્ન થયો અને છેવટ તેં મારી પાસે દીક્ષા લીધી. હવે તેં તીર્યંચના ભવમાં–હાથીના બન્ને ભવમાં જે દુઃખો ભોગવ્યાં છે તે દુઃખોની સરખામણીમાં ગઈ રાત્રિમાં તેં માનેલું દુઃખ કેટલે અંશે છે તેનો તો તું વિચાર કર!"

પ્રભુના કથનને સાંભળી મેઘ અણુગાર વિચારવા લાગ્યા કે "અહો ! મેં પૂર્વ ભવમાં આવાં દુઃખ ભોગવ્યાં !" એ શુભ વિચારને અંતે એમને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું, અને તે જ્ઞાનથી પ્રભુએ કહ્યા મુજબ જ પોતાના પાછલા બંને હાથીના ભવ જોયા તથા દુઃખદ સ્થિતિ પણ જોઈ. આ સત્ય હકીકત જોવાથી મેઘ અણુગારને પોતાના અત્યારના વર્તન માટે ખેદ થયો અને ચારિત્ર પાળવામાં તે સ્થિર થયા.

એ જ વખતે મેઘ અણુગારે પ્રભુને નમસ્કાર કરીને કહ્યું કેઃ "હે પ્રભુ ! આજથી માત્ર બે આંખોની સંભાળ કરવાની છૂટ રાખી આ શરીર સાધુઓની સેવામાં અર્પણ કરૂં છું. હવે એ શરીર સંત પુરૂષોનું છે." એમ કહી, પ્રતિજ્ઞા કરી, ફરી પ્રભુને વંદન નમસ્કાર કરી, પ્રભુને પોતાને ફરી વાર દીક્ષા આપવાની તેમણે વિનંતિ કરી. પ્રભુએ તે પ્રમાણે કર્યું.

પ્રભુના કહેવા પ્રમાણે મેઘ અણુગારે સાધુપણું પાળતાં થકાં પ્રભુની સાથે રહેતા સ્થવિરની પાસે સામાયિક આદિ અગીયાર અંગનો અભ્યાસ કર્યો. પછી પ્રભુની અનુજ્ઞા મેળવી મેઘ અણુગારે સાધુની બાર પડિમાનો તપ કર્યો. ત્યારપછી પ્રભુની આજ્ઞા મેળવી સૂત્રાદિમાં કરેલ સંપૂર્ણ વિધિ સહિત ગુણરત્ન સંવત્સર તપ કર્યો. એક, બે, ત્રણ, ચાર, એમ ઉપવાસાદિની છૂટક તપશ્ચર્યા પણ તે કરવા લાગ્યા. અતિ તપશ્ચર્યા-કરતાં કર્મ તો પાતળાં પડયાં, પણ શરીર ઘણું જ કૃશ બન્યું. માત્ર મનોબળથી જ ઊઠવું, બેસવું, ચાલવું વગેરે થતું. શરીરમાં ખાસ શક્તિ ન હતી. એ વખતે પ્રભુ મહાવીર ગામોગામ વિચરતા અને ભવ્ય જીવોને પ્રતિબોધતા રાજગૃહ નગરે પધારી

ગુણશેલ ઉદ્યાનમાં સમવસર્યા. એક રાત્રિએ મેઘ અણગારને પોતાની શારીરિક સ્થિતિ વિચારતાં પ્રભુની રજા લઈને સંથારો કરવાનો વિચાર થયો. સૂર્યોદય થયે તે પ્રભુ પાસે આવ્યા અને વંદન વગેરે કરી પ્રભુ સન્મુખ બેઠા. તે વખતે અનંતજ્ઞાની પ્રભુએ પોતે જ મેઘ અણગારને તેમના મનોભાવની વાત કરીને પૂછ્યું કે "કેમ આ વાત ખરી છે?" મેઘ અણગારે કહ્યું: "પ્રભુ! તેમજ છે." પ્રભુએ મેઘ અણગારના આયુષ્યની અલ્પતા જાણી અને કહ્યું: "જેમ તમને સુખ ઊપજે તેમ કરો, પ્રમાદ ન કરો." એ પ્રમાણે પ્રભુની અનુજ્ઞા મળતાં તુર્ત જ મેઘ અણગારે પ્રભુને વંદન કરી, પ્રભુ સમક્ષ પોતાની મેળે પંચ મહાવ્રતાદિની આલોચના કરી, સર્વ સાધુ–સાધ્વીને વિનમ્ર ભાવે ખમાવી, પ્રભુના શિષ્ય પરિવારના સ્થવીર, કડાઈયા, સંપૂર્ણ સેવાભાવી મુનિઓ સાથે મેઘ અણગારે વિપુલ પર્વત પર જઈ, કાળા પત્થરની મોટી શિલાને પુંજી, તેના પર દાભડાનું આસન પાથરી, તે પર બેસી, ફરી વાર મહાવ્રતાદિને આલોવી, પાદોપગમન સંથારો પચ્ચકખી દીધો. સેવા કરવા આવેલા અણગારો પૂર્ણ ઉત્સાહથી મેઘ અણગારની સેવા કરવા લાગ્યા.* એક માસનો સંથારો કરી, એકંદરે બાર વર્ષનું ચારિત્ર પાળી, મેઘ અણગાર આયુષ્ય પૂર્ણ કરી ગયા. સાથેના અણગારો મેઘ અણગારે કાળ કર્યો જાણીને પોતે નિહરણનો કાયોત્સર્ગ કરી, મેઘ અણગારનાં વસ્ત્રપાત્રાદિ હતાં તે સર્વ લઈ પ્રભુ પાસે આવ્યા, અને સર્વ ઉપકરણો પ્રભુને સોંપી પ્રભુને સર્વ વાત કહી. તે વખતે શ્રી ગૌતમ સ્વામીએ મેઘ અણગાર

* જ્યાંસુધી સંથારો કરનારનો સંથારો ચાલે ત્યાંસુધી સાથે આવેલા મુનિવરોને પણ અન્નપાણીનો ત્યાગ જ હોય છે.

કાળધર્મ પામી ક્યાં ગયા? ક્યાં ઉત્પન્ન થયા? એવો પ્રશ્ન કરતાં જવાબમાં પ્રભુએ કહ્યું: "હે ગૌતમ! પ્રકૃતિના ભદ્રિક એવા મેઘ અણગાર બાર વર્ષનો સંયમ પાળી, એક મહીનાનો સંથારો કરી, આયુષ્ય પૂર્ણ કરી, વિજય નામે અનુત્તર વિમાનમાં ઉત્તમ દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં તેત્રીસ સાગરોપમની સ્થિતિ છે." ફરી ગૌતમ સ્વામીએ પૂછ્યું કે "ત્યાંથી ચવી ક્યાં જશે?" જવાબમાં પ્રભુએ કહ્યું: "વિજય વિમાનમાંથી ચવી, આયુષ્ય પૂર્ણ કરી, મહાવિદેહ નામે ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ, મનુષ્યભવનાં સુખ ભોગવી, યોગ્ય ઉંમરે દીક્ષા લઈ, તપશ્ચર્યાદિ કરી, એ જ ભવમાં મોક્ષે જશે."

ધન્ય થાવચ્ચા પુત્ર, તજી બત્રીશે નાર,
તેની સાથે નીકળ્યા, પુરૂષ એક હજાર. ૪૧

શુકદેવ સંન્યાસી, એક સહસ્ર શિષ્ય લાર,
પંચશયશું શેલક, લીધો સંયમભાર. ૪૨

સર્વ સહસ્ર અઢાઈ, ઘણા જીવોને તાર,
પુંડરગિરિ ઉપર કીયો, પાદોપગમન સંથાર. ૪૩

આરાધિક હુઈને, કીધો ખેવો પાર,
હુવા મોટા મુનિવર, નામ લીયા નિસ્તાર. ૪૪

* * *

થાવચ્ચાપુત્ર, શુકદેવ સંન્યાસી અને શેલક રાજર્ષિ

અતિ સુંદર દ્વારકા નગરીના ઈશાન કોણમાં રૈવતક–ગિરનાર પર્વત ઊંચો અને દેવને પણ ક્રીડા કરવાનું મન થાય તેવો રળીયામણો હતો. તે પર્વતથી અતિ દૂર નહિ અને તદ્દન નજીક નહિ એવે સ્થળે દરેક ઋતુમાં સુખકર એવો નંદનવન નામે ઉદ્યાન હતો. દ્વારકા નગરીમાં શ્રીકૃષ્ણ વાસુદેવ રાજ્ય કરતા હતા. તે નગરીમાં થાવચ્ચા નામે ગાથાપતિની* રહેતાં હતાં. તે ધનાઢ્ય અને કોઈથીએ પરાભવ ન પામે તેવાં હતાં. તે થાવચ્ચા ગાથાપતિનીને થાવચ્ચા નામે કુમાર હતા. તે અત્યંત સુકોમળ અને સુરૂપ હતા. તે જ્યારે આઠ વર્ષના થયા ત્યારે તેમનો વિદ્યાભ્યાસ કરાવવા પાઠશાળામાં મૂક્યા. ભણીને તૈયાર થયા. અને યુવાન વયે પહોંચ્યા ત્યારે તેમનું ઉત્તમ કુળની બત્રીસ કન્યાઓ સાથે એક જ દિવસે લગ્ન કર્યું, અને બત્રીસ વસ્તુઓનો દાયજો આપ્યો. પોતાના મહેલમાં થાવચ્ચાપુત્ર બત્રીસ સ્ત્રીઓ સાથે પંચ ઈન્દ્રિયોના વિષયો ભોગવતા મનુષ્ય ભવમાં દેવના જેવું સુખ ભોગવતા આનંદથી રહેતા હતા.

એકદા પરમ કલ્યાણકારક શ્રી નેમનાથ પ્રભુ દ્વારકાએ પધાર્યા અને નંદનવનમાં બિરાજ્યા. ગામમાં ખબર પડી. વર્ષદા વાંદવા ગઈ. શ્રીકૃષ્ણ મહારાજ પણ પ્રભુના દર્શન અર્થે આવ્યા. જેમ મેઘકુમાર શ્રી મહાવીર પ્રભુના દર્શન કરવા આવ્યા હતા તેમ થાવચ્ચાપુત્ર શ્રી નેમનાથ પ્રભુના દર્શન કરવા નીકળ્યા, અને મેઘકુમાર પ્રમાણે પ્રભુની દેશના સાંભળી થાવ-

---

* ગાથા એટલે સમૂહ, તેનો જે ઉપરી તે ગાથાપતિ. થાવચ્ચા ગાથાપતિની એના મોટા કુટુંબમાં એ વખતે અગ્રેસર હતાં.

ચ્ચાપુત્ર વૈરાગ્ય પામ્યા. ઘેર આવી માતાને પગે લાગી તેમણે દીક્ષાની અનુજ્ઞા માગી. દીક્ષા લેતાં અટકાવવા માટે માતાએ વિષયને અનુકૂળ અને પ્રતિકૂળ એવા ઘણા પ્રસંગો સંભળાવ્યા, ધનાદિકનો વૈભવ ભોગવવાની લાલચ બતાવી, સંયમનાં કષ્ટો બતાવ્યાં, એ બધુંએ કરવા છતાં જ્યારે થાવચ્ચાપુત્રનું મન વૈરાગ્યથી જરાએ ચલિત ન થયું ત્યારે માતાએ છેવટે માંગણી કરી કે "હું તારો દીક્ષામહોત્સવ કરી રાજી થઉં એટલું કરવા દે." જવાબમાં થાવચ્ચાપુત્રે મૌન સેવ્યું. એટલે પુત્રની સમ્મતિ માની, માતાએ દીક્ષામહોત્સવની તૈયારી કરવા માંડી. પોતાને ત્યાં ધન ઘણું હતું, પણ મુકુટ છત્ર અને ચામર જેવાં રાજચિહ્નો નહોતાં, તે લેવા માટે પોતે બહુમૂલું ભેટણું લઈ શ્રીકૃષ્ણ મહારાજા પાસે આવ્યાં. ભેટણું મૂકી થાવચ્ચા ગાથાપતિનીએ શ્રીકૃષ્ણ મહરાજને વિનંતિ કરી કહ્યું કે "મારો એકનો એક પુત્ર જે મને અતિ વ્હાલો છે તે પ્રભુ નેમનાથનો ઉપદેશ સાંભળી વૈરાગ્ય પામેલો છે, અને તે દીક્ષા લેવાને તૈયાર થયેલો છે. તેને ગૃહસ્થાશ્રમમાં રાખવા માટે મેં ઘણું સમજાવ્યો પણ તે તેના વૈરાગ્યમાં અતિ દૃઢ છે, એટલે તેનો દીક્ષામહોત્સવ કરવો છે, તો આપ એ મહોત્સવ માથે મુકુટ છત્ર અને ચામર એ ત્રણ વાનાં આપવાની કૃપા કરો." જવાબમાં શ્રીકૃષ્ણ મહારાજે કહ્યું: "માતુશ્રી! તમે તેની ચિંતા ન કરો. હું તમારે ઘેર હમણાં જ આવું છું અને થાવચ્ચાપુત્રને ગૃહસ્થાશ્રમમાં રહેવા સમજાવીશ, છતાં નહિ સમજે તો તેનો દીક્ષામહોત્સવ હું જ કરીશ. આપ ઘેર પહોંચો અને હું આવું છું." એમ કહી તેમણે થાવચ્ચા ગાથાપતિનીને વિદાય કર્યાં.

શ્રીકૃષ્ણ મહારાજ ચતુરંગી સેના સહિત થાવચ્ચા ગાથા-

પતિનીને ઘેર આવ્યા. થાવચ્ચા ગાથાપતિનીએ તેમનો સત્કાર કર્યો અને બેસવા આસન આપ્યું. આસન પર બેસી સ્વસ્થ થઇને પછી જેમ મોટો ભાઈ નાના ભાઈને વહાલભર્યા ભાવે કહે તેવા ભાવથી થાવચ્ચાપુત્રને શ્રીકૃષ્ણ મહારાજે કહ્યું: “ હે દેવાનુપ્રિય થાવચ્ચાપુત્ર! તમે ચારિત્ર ગ્રહણ શામાટે કરો છો? ચારિત્ર ગ્રહણ કરવાની કાંઈ જરૂર નથી, મારા હાથ નીચે રહી સર્વ પ્રકારના આનંદ વૈભવ ભોગવો. માત્ર તમારા શરીર પર થઇને જતા પવનને હું અટકાવી નહિ શકું, તે સિવાય તમને થોડી કે ઝાઝી કોઇ પણ ઉપાધિ કરશે કે થશે તે સર્વને હું દૂર કરીશ, સર્વને અટકાવીશ. માટે તમે નિર્ભય થઇને મારા રાજ્યમાં ગૃહસ્થાશ્રમમાં રહી આનંદ કરો.”

શ્રીકૃષ્ણ મહારાજના આ પ્રકારના કથનના જવાબમાં થાવચ્ચાપુત્રે કહ્યું: “ હે મહારાજા! જો આપ આ શરીરને શિથિલ અને અશક્ત બનાવનાર વૃદ્ધાવસ્થાને અને છેવટે આવતા મૃત્યુને અટકાવો તો મારે ચારિત્ર ગ્રહણ કરવાની કાંઈ જરૂર નથી. એ બે સ્થિતિ અટકાવો તો હું આપની છત્રછાયા નીચે રહી ગૃહસ્થાશ્રમ આનંદથી ભોગવું. મને એ બેની બહુ બીક લાગે છે. તે ભયથી મુક્ત થવાને માટે જ ચારિત્ર ગ્રહણ કરૂં છું.”

શ્રીકૃષ્ણ મહારાજે કહ્યું: “ હે થાવચ્ચાપુત્ર! જરા અને મરણ એ બે એવાં છે કે તેને કોઇથી અટકાવી શકાય તેમ નથી. દેવ હોય કે દાનવ કોઇ પણ જરા મરણને રોકી શકે તેમ છે જ નહિ. માત્ર કર્મક્ષય થયે જ તે અટકી શકે. તે સિવાય બીજો કોઈ પણ ઉપાય એને માટે તો છે જ નહિ.”

ત્યારે થાવચ્ચાપુત્રે કહ્યું: “ જે માર્ગે જરા મરણ અટકી

શકે તેમ છે તે માર્ગને જ હું અનુસરૂં છું, તેમાં તમે મને અટકાવો નહિ."

આ જવાબથી શ્રીકૃષ્ણ મહારાજ થાવચ્ચાપુત્રના વૈરાગ્યને જાણી શકયા અને પોતે જ દીક્ષામહોત્સવ કરવાને તૈયાર થયા. તે વખતે તેમને વિચાર થયો કે આવો પુરૂષ એકલો દીક્ષા લે તે બરાબર નહિ, એમની સાથે જરૂર સારી સંખ્યામાં દીક્ષા લેનાર હોવા જોઈએ. એમ વિચારી પોતે પોતાના નોકર માણસને હુકમ કર્યો કે "જાઓ, દ્વારકાનગરીમાં દરેક ઠેકાણે સાદ પાડો કે થાવચ્ચાપુત્ર દીક્ષા લેવા તૈયાર થયા છે, કોઈ પણ રાજા, યુવરાજ, રાણી, કુમાર, ઇશ્વર, તલવર, કૌટુંબિક, માંડલિક, ઇભ્ય, શેઠ, સેનાપતિ કે સાર્થવાહ, જે કોઇ થાવચ્ચાપુત્રની સાથે દીક્ષા લેશે તે સર્વને શ્રીકૃષ્ણ વાસુદેવ અનુજ્ઞા આપે છે અને દીક્ષા લેનારની પાછળ રહેલાં તેનાં માતા-પિતા, મિત્ર, જ્ઞાતિ, નિકટનાં સગાં-સંબંધી કે પરિવારમાંથી કોઈ પણ દુઃખી હશે તો તેના વર્તમાન કાળ સંબંધી *યોગ ક્ષેમનો પણ શ્રી કૃષ્ણમહારાજ નિર્વાહ કરશે."

શ્રીકૃષ્ણ મહારાજના આદેશાનુસાર ગામમાં સાદ પડચો અને તેના પરિણામે એક હજાર પુરૂષો દીક્ષા લેવા તૈયાર થયા. પછી શ્રીકૃષ્ણ મહારાજે મોટી ધામધૂમથી દીક્ષામહોત્સવ કર્યો. થાવચ્ચાપુત્રને તેમનાં માતાએ આવી શ્રી નેમનાથ પ્રભુને સોંપ્યા, અને કહ્યું કે "હે પ્રભુ! હું આપને પુત્રરૂપી ભિક્ષા આપું છું તે સ્વીકારો!" પછી પુત્રને કહ્યું કે "હે પુત્ર!

---

* યોગ=અપ્રાપ્ત વસ્તુને પ્રાપ્ત કરી આપવા તે, ક્ષેમ=પ્રાપ્ત વસ્તુનું રક્ષણ કરવું તે.

તું જે જરા-મરણના ભયથી મુક્ત થવાને ચારિત્ર ગ્રહણ કરે છે, તે કાર્ય સફળ કરજે; હવે ફરી વાર જન્મ-જરા-મરણના ફેરામાં ન આવીશ." એમ આશીર્વાદ આપી તેઓ ઘરે ગયાં, અને થાવચ્ચાપુત્રે એક હજાર પુરૂષ સંઘાતે શ્રી નેમનાથ પ્રભુ પાસે તેમના જ હાથથી દીક્ષા લીધી. દીક્ષા લીધા પછી પ્રભુ નેમનાથના તથાપ્રકારના સ્થવિર સાધુ પાસે સામાયિકથી શરૂ કરી ચૌદ પૂર્વ સુધીનો અભ્યાસ કર્યો. અભ્યાસ કરી થાવચ્ચાપુત્ર અણગારે છઠ, અઠમ વગેરે તપશ્ચર્યા કરવા માંડી. શ્રી નેમપ્રભુએ ત્યારપછી થાવચ્ચાપુત્રની સાથે જે હજાર પુરૂષોએ દીક્ષા લીધી હતી તે સર્વને તેમના શિષ્ય તરીકે સોંપ્યા. એક વખતે શ્રી થાવચ્ચાપુત્ર અણગારે પ્રભુ નેમનાથને વંદન વિધિ કરી વિનયથી પૂછ્યું: "પ્રભુ! જો આપની આજ્ઞા હોય તો હું હજાર સાધુઓ સાથે દેશાવરમાં વિચરૂં." પ્રભુએ તેમની યોગ્યતા જાણી રજા આપી. અનુજ્ઞા મેળવી થાવચ્ચાપુત્ર અણગાર હજાર સાધુ સાથે પ્રભુથી જુદા પણ પ્રભુની આજ્ઞામાં રહીને વિચરવા લાગ્યા.

* * *

એ વખતે શેલકપુર નામે એક નગર હતું. તે નગરની બહાર સુભૂમિભાગ નામે ઉદ્યાન હતો. નગરમાં શેલક નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને મંડુક નામે યુવરાજ હતો, અને પંથક વગેરે પાંચ સો મંત્રીઓ હતા, જે ચારે બુદ્ધિના નિધાન હતા અને રાજ્યની ધુરાના ચિંતક હતા.

થાવચ્ચાપુત્ર અણગાર ૧૨ હજાર સાધુના પરિવારે પરિવર્યા. જનપદદેશમાં વિચરતાં શેલકપુર નગરે તે પધાર્યા અને

સુભૂમિભાગ ઉદ્યાનમાં બિરાજ્યા. ગામમાંથી લોકો અને શેલક રાજા પણ વાંદવા આવ્યા. પર્ષદાની સમક્ષ થાવચ્ચાપુત્ર અણગારે ધર્મદેશના દીધી. દેશના શ્રવણ કરી શેલક રાજાએ વંદન કરી કહ્યું: "મહારાજ! આપની પાસે ઘણા ઉગ્ર કુળના ભોગ કુળના લોકો પોતાનાં ધન-ધાન્ય-વૈભવ-સંપદાનો ત્યાગ કરી ચારિત્ર ગ્રહણ કરે છે, પણ હું તેમ કરી શકું તેમ નથી, તેથી હું તો આપની પાસે શ્રાવકનાં વ્રતો લઈને શ્રાવક થઈશ." એ પ્રમાણે કહી શેલક રાજા થાવચ્ચાપુત્ર અણગાર પાસેથી શ્રાવકનાં વ્રત આદરી શ્રમણોપાસક થયા અને તેમણે જીવ-અજીવ વગેરે તત્ત્વનું-ધર્મનું જાણપણું કર્યું. પંથક વગેરે પાંચ સો મંત્રીઓ પણ શ્રમણોપાસક થયા. થાવચ્ચાપુત્ર અણગાર કેટલોક વખત ત્યાં રહી, ત્યાંથી વિહાર કરી, જનપદ-આર્યદેશમાં વિચરવા લાગ્યા.

તે વખતે સૌગંધિકા નામે એક રમણીય નગર હતું. તે નગરની બહાર નીલાશોક નામે ઉદ્યાન હતો. સૌગંધિકા નગરમાં સુદર્શન નામે નગરશેઠ રહેતા હતા. તે ઋદ્ધિયુક્ત અને કોઈથી પરાભવ્યા ન જાય તેવા હતા.

શુક નામે એક પરિવ્રાજક હતા, તે ચાર વેદ અને કપિલ મતના શાસ્ત્ર, તેના અર્થ, વગેરેના જ્ઞાતા હતા. તે પાંચ યમ[1] પાંચ નિયમ,[2] દાનધર્મ, શૌચધર્મ, વગેરે તીર્થ સ્નાનાદિનો ઉપદેશ દેતા હતા. સંન્યાસીનાં સર્વ ઉપકરણો સાથે તે શુકદેવ સંન્યાસી સૌગંધિકા નગરે આવી સંન્યાસીને ઊતરવાના

---

૧. પાંચ યમ: અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ.
૨. પાંચ નિયમ: શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઇશ્વરનું ધ્યાન.

આશ્રમમાં આવીને ઊતર્યો. ગામમાં ખબર પડ્યા એટલે ઘણા મનુષ્યોની પર્ષદા શુકદેવ સંન્યાસીની પાસે આવી. સુદર્શન શેઠ પણ આવ્યા. શુકદેવે શૌચમૂળ ધર્મ પ્રરૂપ્યો. દ્રવ્યશૌચ અને ભાવશૌચ. દ્રવ્યશૌચ માટી અને પાણીથી થાય છે અને ભાવશૌચ દર્ભ અને મંત્ર વડે થાય છે. એ બેઉ પ્રકારના શૌચ ધર્મને આચરતાં આત્મા સ્વર્ગે જાય છે. સુદર્શને તે દેશના સાંભળી શૌચમૂળ ધર્મ સ્વીકાર્યો અને સંન્યાસીને અન્ન–વસ્ત્રાદિ દાન આપ્યાં.

એવે વખતે શ્રી થાવચ્ચાપુત્ર અણગાર વિહાર કરતા સૌગંધિકા નગરે પધારી નીલાશોક ઉદ્યાનમાં વિરાજ્યા. ગામમાં ખબર મળ્યા. એમને વાંદવા અને દેશના શ્રવણ કરવા જનસમૂહ આવ્યો. સુદર્શન શેઠ પણ આવ્યા. થાવચ્ચાપુત્ર અણગારે દેશના આપી. દેશના સાંભળીને સુદર્શન શેઠે વિનયપૂર્વક પ્રશ્ન કર્યો કે "હે મહારાજ! આપના ધર્મનું મૂળ શું?" જવાબમાં થાવચ્ચાપુત્ર અણગારે કહ્યું: "હે સુદર્શન! અમારા ધર્મનું મૂળ વિનય છે. એ વિનય મૂળ ધર્મના બે વિભાગ છે. એક સાગાર–ગૃહસ્થધર્મ અને બીજો અણગાર–શ્રમણધર્મ." પછી થાવચ્ચાપુત્રે એ ધર્મનું સ્વરૂપ સમજાવીને સુદર્શનને પૂછ્યું કે "તમારા ધર્મનું મૂળ શું?" જવાબમાં સુદર્શન શેઠે શૌચમૂળ ધર્મ કહી તેનું સ્વરૂપ, ભેદ વગેરે કહી સંભળાવ્યા. તે સાંભળી થાવચ્ચાપુત્ર અણગારે કહ્યું કે: "કોઈ મનુષ્ય લોહીથી ખરડાએલા કપડાને લોહીથી ધૂએ તો તે શુદ્ધ થાય ખરું? જેમ તે ન બને, તેમ પ્રાણાતિપાતાદિ પાંચ આસ્રવનાં પાપને એ જ છકાયાદિની

હિંસાથી ધોઈને મુક્ત થવાની ઈચ્છા કરવાનું તમે કરો છો. આસવ સેવવાથી આત્મા નિર્મળ થતો નથી. પરન્તુ જેમ લોહીથી ખરડાએલ વસ્ત્રને ખાર વગેરેથી પલાળી શુદ્ધ પાણીથી ધૂએ તો જ તે શુદ્ધ થાય છે, તેમ પ્રાણાતિપાતાદિથી લાગેલ કર્મ–થયેલ આત્માની અશુદ્ધિ પ્રાણાતિપાતાદિની વિરતિથી–ત્યાગથી આત્મારૂપી વસ્ત્ર શુદ્ધ થાય છે અને એ જ સમ્યક્ માર્ગ છે.”

એ ઉપદેશ સાંભળી સુદર્શને પ્રતિબોધ પામી શ્રાવકપણું સ્વીકાર્યું, શ્રમણોપાસક થયા, જીવ–અજીવ વગેરે નવ તત્ત્વનું જાણપણું કર્યું, અને સાધુ–સાધ્વીને નિર્દોષ આહારાદિ આપતાં સુખે વિહરવા લાગ્યા.

અન્ય સ્થળે ફરતા શુકદેવ સંન્યાસીએ ખબર સાંભળી કે સુદર્શને શૌચમૂળ ધર્મનો ત્યાગ કરી શ્રમણોપાસકપણું સ્વીકાર્યું છે. શેઠને ફરી પોતાના સંપ્રદાયમાં લેવા માટે શુકદેવ એક હજાર શિષ્ય સાથે ફરી સૌગંધિકા નગરીએ આવી સંન્યાસીના મઠમાં ઉતારો કરી પોતે સુદર્શનના ઘેર આવ્યા. સુદર્શન શેઠે શુકદેવ સંન્યાસીને આવતા જોઈ, ધર્મગુરૂ તરીકે તેમનો આદરસત્કાર ન કર્યો; તે જોઈને શુકદેવ સંન્યાસીને વિચાર થયો કે પ્રથમ જ્યારે હું આવતો ત્યારે સુદર્શન મારો સત્કાર કરતા અને આજે તો સત્કાર તો શું પણ સામુંએ જોતા નથી. આ વિચારથી તેણે પોતે જ સુદર્શન શેઠને બોલાવ્યા કે “હે સુદર્શન! આજ પહેલાં જ્યારે હું અત્રે આવતો ત્યારે મને આવતો જોઈને તું ઊભો થતો, આદરસત્કાર કરતો, વંદન વગેરે કરતો, અને આજે ઊભો નથી થતો, વંદન વગેરે કોઈ

પણ જાતનો આદરસત્કાર કરતો નથી, તો તેં આવા પ્રકારનો વિનયમૂળ ધર્મ કોની પાસેથી અંગીકાર્યો છે?" આ સાંભળી સુદર્શન શેઠ ઊભા થયા, અને બે હાથ જોડીને શુકદેવ સંન્યાશીને તેમણે કહ્યું કે: "હે દેવાનુપ્રિય! શ્રી અરિહંતદેવ શ્રી અરિષ્ટનેમિના શિષ્ય શ્રી થાવચ્ચાપુત્ર અણગાર અહીં પધાર્યા છે, અને નીલાશોક ઉદ્યાનમાં બિરાજે છે, તેમની પાસેથી મેં આ વિનયમૂળ ધર્મ અંગીકાર્યો છે." તે સાંભળીને શુકદેવે કહ્યું: "તો ચાલો તમારા ગુરૂ પાસે, હું તેમને પ્રશ્ન પૂછું તેનો જો સંતોષકારક તેઓ ખુલાસા કરશે તો હું તેમને વાંદીશ, નમસ્કાર કરીશ, અને જો તે મારા પ્રશ્નનો જવાબ નહિ આપે તો હું તેમને નિરૂત્તર કરીશ." એમ કહી શુકદેવ પોતાના હજાર શિષ્યોના પરિવાર અને સુદર્શન શેઠ સહિત થાવચ્ચાપુત્ર અણગાર પાસે આવ્યા. શુકદેવે તેમને પ્રશ્નો કર્યા.

"હે ભગવાન! તમારે યાત્રા છે? તમારે વશકરવાપણું-દમવાપણું છે? તમારે અવ્યાબાધ (કોઈ પણ જાતની વ્યાધિ રહિતપણું) વર્તે છે? અને ફાશુક-નિર્દોષ વિહાર છે?" જવાબમાં શ્રી થાવચ્ચાપુત્ર અણગારે કહ્યું: "હે શુકદેવ! અમારે તમે પૂછ્યું તે બધુંએ છે." પ્રશ્ન—"યાત્રા કઈ?" ઉત્તર—"હે શુક! અમારે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને સંયમ વગેરે યોગે કરી છકાયને વિષે યત્ના કરવી–રક્ષણ કરવું તે જ યાત્રા છે." પ્રશ્ન:—"હે ભગવાન! તમારે યાપનીય-દમન-રોકવાપણું શું છે?" ઉત્તર:—"હે શુક! દમન બે પ્રકારનાં છે: (૧) બાહ્ય અને (૨) આભ્યંતર. બાહ્ય દમન એટલે પાંચે ઇન્દ્રિયોને ઉપદ્રવરહિત બનાવવી, શાન્ત બનાવવી, પોતાને વશ વર્તાવવી તે. અને આભ્યંતર અથવા નોઇન્દ્રિય-દમન એટલે

ક્રોધ, માન, માયા અને લોભ ક્ષીણ થયા હોય–ઉપશાન્ત થયા હોય, બહાર પ્રકટ થતા ન હોય તે નોઇન્દ્રિય દમન (યાપનીય) છે." પ્રશ્ન—"અવ્યાબાધપણું શું?" ઉત્તર—"હે શુક! જે વાત, પિત્ત, કફ અને સન્નિપાત વગેરે રોગાતંકો[1] ઉદય ન આવે તે અમારે અવ્યાબાધપણું." પ્રશ્નઃ—"હે ભગવાન! તમારો પ્રાશુક વિહાર કયો?" ઉત્તરઃ—"હે શુક! આરામ,[2] ઉદ્યાન,[3] દેવમંદિર, સભા, પાણીની પરબને વિષે અથવા સ્ત્રી, પશુ અને નપુંસકરહિત એવા સ્થાન–ઉપાશ્રયને વિષે પાછા આપવાની શરતે માગી લાવેલા પાટ–પાટલા વગેરે ગ્રહણ કરી રહીએ–વિચરીએ તે અમારે પ્રાશુક વિહાર."

પછી શુકદેવ સંન્યાસીએ શ્રી થાવચ્ચાપુત્ર અણગારને સરસવ, કુળત્થી, અડદ વગેરે ખાવાલાયક છે કે નહિ તે પ્રશ્ન પૂછ્યા, અને તેનો જવાબ ભેદાનુભેદથી અણગારે સમજાવ્યો. ત્યારપછી શુકદેવે ફરી પૂછ્યું કે "હે ભગવાન! તમે એક છો? બે છો? અનેક છો? અક્ષય છો? અવ્યય છો?" તેનો યથાર્થ જવાબ પણ શ્રી થાવચ્ચાપુત્ર અણગારે આપ્યો.

પ્રશ્નોત્તરીથી શુકદેવને સંતોષ થયો. પછી તેણે ધર્મદેશના સંભળાવવાની વિનંતિ કરી અને શ્રી થાવચ્ચાપુત્ર અણગારે તે સંભળાવી. ધર્મદેશના સાંભળી તેને વૈરાગ્ય થયો અને પોતાના હજાર શિષ્યો સહિત શુકદેવે સંન્યાસીપણું મૂકી શ્રી થાવચ્ચાપુત્ર અણગાર પાસે ચારિત્ર લીધું. તેણે સામાયિકથી માંડી ચૌદ પૂર્વનો અભ્યાસ કર્યો, એટલે શ્રી થાવચ્ચાપુત્ર અણગારે શુક-

૧. ઉપાય કરવાથી દૂર થાય તે રોગ, તત્કાળ પ્રાણીનો નાશ કરે તે રોગાતંક કહેવાય છે. ૨. આરામ, જેમાં ઘણા માણસો ન આવે તે. ૩. ઉદ્યાન જેમાં ઘણાં માણસો આવે તે.

દેવની સાથે જે એક હજાર સંન્યાસીઓએ દીક્ષા લીધી હતી, તે હજારને તેમના શિષ્ય તરીકે સોંપ્યા, અને નીલાશોક ઉદ્યાનમાંથી વિહાર કરી દેશદેશાન્તર વિચરવા લાગ્યા. શ્રી થાવચ્ચાપુત્ર અણગારે જુદા જુદા દેશમાં વિચરતાં પોતાના આયુષ્યનો છેડો નજીક જાણી, હજાર સાધુ સહિત પુંડરગિરિ-શત્રુંજય પર્વત પર જઈ, સંથારો કર્યો. એક માસ સંથારો ચાલ્યો, અન્તે કેવળ જ્ઞાન કેવળ દર્શનને પામી, ઘણાં વર્ષનું ચારિત્ર પાળી મોક્ષે પધાર્યા.

શુક અણગાર વિચરતા વિચરતા એક વખતે શેલકપુર નગરે પધાર્યા અને સુભૂમિભાગ નામે ઉદ્યાનમાં બિરાજ્યા. ગામમાંથી પર્ષદા અને શેલક રાજા વગેરે દર્શનાર્થે આવ્યા. ધર્મદેશના સાંભળી શેલક રાજાએ પંથકજી આદિ પાંચ સો મંત્રીઓ સહિત, મંડુકકુમારને રાજ્ય ગાદી સોંપીને, દીક્ષા લીધી. શેલક રાજર્ષિ વગેરે સામાયિકથી માંડી અગીયાર અંગ ભણ્યા, અને પછી નાનાવિધ તપશ્ચર્યા કરવા લાગ્યા. શુક અણગારે શેલક અણગારને પંથકજી વગેરે પાંચ સોને શિષ્ય તરીકે સોંપ્યા. શુક અણગાર શેલકપુર નગરથી વિહાર કરી જુદા જુદા દેશમાં વિચરતા પોતાનો અંતિમ સમય નજીક જાણી, શત્રુંજય પર્વત પર આવી, એક માસનો સંથારો કરી, અન્તે કેવળ જ્ઞાન કેવળ દર્શનને પામ્યા.

* * *

શેલક રાજર્ષિ તપસ્યા કરતા હતા અને અરસ-નીરસ આહારાદિક કરવાથી તેમના શરીરમાં રોગ ઉત્પન્ન થયો. શરીરમાં બળતરા ઉત્પન્ન થાય તેવો પિત્તજ્વર તેમને લાગુ પડ્યો.

એવા વ્યાધિસહિત વિચરતા તે શરીરે શુષ્ક બન્યા. તેવી સ્થિતિમાં પોતે શેલકપુર નગરે આવ્યા, અને સુભૂમિભાગ ઉદ્યાનમાં ઊતર્યા. ગામમાંથી પર્ષદા અને મંડુક રાજા વગેરે સર્વ આવ્યા અને વંદનાદિ કરી સહુ યથાસ્થાને ગોઠવાયા.

મંડુક રાજાએ શેલકપુર રાજર્ષિનું શરીર વ્યાધિગ્રસ્ત અને દુર્બળ બનેલું જોઈ વિનંતિ કરી કે " હે ભગવાન ! આપ મારી યાન(રથ)શાળામાં પધારો, તો આપના સાધુધર્મને જરાય બાધ ન આવે એવી રીતે આપના શરીરની વૈદ વગેરે પાસે ચિકિત્સા કરાવીએ અને યોગ્ય ઔષધોપચાર પણ કરાવી શકાય. "

આ વિનંતિનો સ્વીકાર કરી શ્રી શેલક રાજર્ષિ ૫૦૦ શિષ્યો સહિત યાનશાળામાં આવી સાધુએ માગવાયોગ્ય આજ્ઞા માગી તેમાં ઊતર્યા. સાધુને કલ્પે તેવાં પાટ, પાટલા, શય્યા, કાંબળ, વગેરે પાઢીયારા (ઉપયોગ થઈ રહ્યે પાછાં આપવાની શરતે) લઈ આવ્યા. પછી રાજાની સૂચના–આજ્ઞાથી વૈદ્યોએ આવી શેલક રાજર્ષિના દર્દની ચિકિત્સા કરી. તેમણે દર્દને પીછાણી નિર્દોષ ઔષધોપચાર શરૂ કર્યો. યોગ્ય ઉપચાર અને પથ્ય આહારાદિથી થોડા વખતમાં શેલક રાજર્ષિનો વ્યાધિ મટી ગયો. રોગ દૂર થયો તોપણ શેલક રાજર્ષિ માંદગીના વખતમાં લેવામાં આવતા પથ્ય અને સરસ આહારાદિમાં લુબ્ધ થયા, એટલે પછી પણ સાધુને ન કલ્પે એવા આહારાદિ કરવા લાગ્યા, અને ત્યાંથી વિહાર કરવાનો વિચાર પણ કર્યો નહિ. એટલું જ નહિ પણ સરસ, બલિષ્ઠ અને સ્વાદિષ્ઠ આહારમાં અતિ લુબ્ધ થવાથી પોતાની નિત્યની

ધાર્મિક ક્રિયામાં પણ તે શિથિલ બન્યા. ક્રિયા પણ મૂકી દેવાથી જ્ઞાન, દર્શન અને ચારિત્રના યથાતથ્ય આરાધક તે ન રહ્યા. શેલક રાજર્ષિએ સશક્ત થયા છતાં વિહારનો વિચાર ન કર્યો, ત્યારે પંથકજી સિવાયના ૪૯૯ શિષ્યો એકઠા થઈ પરસ્પર કહેવા લાગ્યા કે "ગુરૂજી હવે શિથિલાચારી થયા. વિહાર કરી શકે તેવી સંપૂર્ણ શક્તિ હોવા છતાં વિહારનો વિચાર કરતા નથી, તો હવે આપણે બધાએ અહીં બેસી રહેવું એ યોગ્ય નથી. વળી ચાતુર્માસ નજીક આવે છે, તો ગુરૂની રજા લઈ ગુરૂજીની ઈચ્છા અનુસાર એ કહે તેમને તેમની સેવામાં રાખીને બીજાએ વિહાર કરી જવો એ જ શ્રેયસ્કર છે." આ વાત સર્વને અનુકૂળ લાગી. બીજે દિવસે ગુરૂજીને વિનયથી પૂછી, ગુરૂની ઈચ્છા અનુસાર પંથકજીને સેવામાં રાખી, ૪૯૯ શિષ્યો વિહાર કરી ગયા.

ગુરૂજીની સેવામાં રહેલા પંથકજી મનમાં જરા પણ કચવાયા સિવાય ઉત્સાહથી પોતાને સેવાનો યોગ મળ્યો છે એમ જાણી પોતાને સુભાગી માનવા લાગ્યા. ગુરૂનાં લઘુનીતાદિ પરઠવવાં, યોગ્ય આહારાદિ લાવી દેવા અને એ સિવાય શરીરની સેવા કરવી વગેરે કામ તે પૂર્ણ હોંશથી કરવા લાગ્યા. એવી રીતે ચતુર્માસ પૂર્ણ થયું. કાર્તિકી પૂર્ણિમાના દિવસે સાંઝે પ્રતિક્રમણ વખતે પણ શેલક રાજર્ષિ બલિષ્ઠ અને માદક પદાર્થોનો આહાર કરીને સૂઈ ગયા હતા. નિરાંતે ઊંઘતા હતા. પ્રતિક્રમણ કરવા જેટલી ઈચ્છા થઈ નહોતી. પંથકજીએ દિવસ સંબંધી પ્રતિક્રમણ કરી, ચૌમાસી પ્રતિક્રમણ કરવાની શરૂઆતમાં ગુરૂને વંદન કરી પોતાનું મસ્તક ગુરૂના ચરણકમળને અડાડી પવિત્ર થવાની ભાવનાથી ધીમે રહી ગુરૂના ચરણોને

પોતાનું મસ્તક અડાડયું. એ સ્પર્શથી ગુરૂની ઊંઘ ઊડી ગઇ, અને અધુરી નિદ્રાથી તે જાગ્યા એટલે ખૂબ ક્રોધ ઉત્પન્ન થયો. તે અતિ કઠોર વચનોથી પંથકજીને ઠપકો આપવા લાગ્યા, અને પોતાને શામાટે જગાડયો તે પૂછ્યું. આટલું છતાં સેવા-મૂર્તિ વિનયવીર શ્રી પંથકજીને ગુરૂ પ્રત્યે સ્હેજ પણ ક્રોધ કે અભાવ ન આવ્યો. ગુરૂના પૂછવાથી પંથકજીએ આજની હકીકત જણાવતાં કહ્યું કેઃ "આજે કાર્તિકી પૂર્ણિમા છે, ચાતુર્માસ પૂર્ણ થાય છે, દિવસી પ્રતિક્રમણ કરી ચૌમાસી પ્રતિક્રમણ કરવા વખતે આપના ચરણકમળની રજ લઈ પવિત્ર થવાની ભાવનાથી મેં મસ્તક અડાડયું, પણ મારી મંદતાને કારણે આપને ધક્કો લાગ્યો અને નિદ્રા ઊડી ગઈ; તો હે ગુરૂ! મારા એ અપરાધને ક્ષમા કરો. ફરી આ પ્રમાણે નહિ કરૂં."

પંથકજીના કથનને સાંભળી ગુરૂનો ક્રોધ શાન્ત થયો અને પોતાની ભૂલ સમજાઈ. પોતાની શિથિલતા, સાધુપણાથી પતન, વગેરેનું ભાન થયું, અને તુર્ત જ પંથકજીને ખમાવ્યા પછી કહ્યુંઃ "જે પાઢીયારાં પાટ પાટલાં વગેરે લાવ્યા છો તે સવારમાં પાછાં આપીને, મંડુક રાજાને કહીને, આપણે વિહાર કરવો છે." બીજે દિવસે તે પ્રમાણે વિહાર કર્યો, અને પછી ચોમાસા પહેલાં ૪૯૯ શિષ્યો અન્ય સ્થળે ગયા હતા તે પણ ગુરૂ પાસે આવી પહોંચી સેવામાં હાજર થયા.

ત્યારપછી શેલક રાજર્ષિ વગેરે પાંચ સો મુનિઓ ઘણાં વર્ષોસુધી ચારિત્ર પાળી, શત્રુંજય પર્વત પર જઈ, થાવચ્ચાપુત્ર અણગારની માફક સંથારો કરી સિદ્ધ થયા.

ધન્ય જિનપાલ મુનિવર, દોય ધનાવા સાધ,
ગયા પ્રથમ દેવલોકે, મોક્ષ જાશે આરાધ. ૪૫
મલ્લીનાથના છ મિત્ર, *મહાબળ પ્રમુખ મુનિરાય,
સર્વે મુગતે સધાવ્યા, મોટી પદવી પાય. ૪૬

* * *

શ્રી જિનપાલિત મુનિ

અંગદેશમાં ચંપા નામે રમ્ય નગરી હતી. ત્યાં કોણિક નામે રાજા રાજ્ય કરતા હતા. તે નગરીમાં માકંદી નામે સાર્થવાહ રહેતા હતા. ધનાઢ્ય અને કોઈથી પરાભવ ન પામે તેવા તે હતા. તેમને ભદ્રા નામે સ્ત્રી હતી અને જિનપાલિત અને જિનરક્ષિત નામે બે પુત્રો હતા. એ બન્ને ભાઈઓએ એક-વાર એકઠા મળી વિચાર કર્યો કે આપણે અગીયાર વખત તો સમુદ્રની મુસાફરી કરી ઘણું ધન મેળવ્યું છે; હવે બારમી વાર જઈ આવીએ. એમ નિશ્ચય કરી તેમણે માતાપિતાની રજા માગી. માતાપિતાએ બારમી વાર જવાની ના પાડી અને પોતાને ત્યાં ઘણું દ્રવ્ય છે, તે ખાઓ, ખર્ચો અને વાપરો તોપણ ખૂટે તેમ નથી એમ કહ્યું. માતાપિતાએ ના પાડચા છતાં બન્ને ભાઇઓએ પોતાના નિશ્ચયને વળગી રહી વહાણ તૈયાર કર્યું. વ્યાપાર માટે અનેક પ્રકારનાં કરીયાણાં ભરી ઘણા માણસોના સમૂહ સહિત સમુદ્રની મુસાફરી તેમણે શરૂ કરી. વહાણમાં બેસી તેઓ મધ્ય દરિયે પહોંચ્યા ત્યાં દરિયામાં તોફાન જાગ્યું, અને બચવાને

---

* મહાબળ વગેરે છ મિત્રોનું ચરિત્ર તીર્થંકર શ્રી મલ્લીનાથના ચરિત્ર-ની સાથે આપ્યું હોઇ અહીં તે આપ્યું નથી.

માટે ઘણા પ્રયત્ન કરવા છતાં અન્તે વહાણ ભાગ્યું અને માણસો તથા વસ્તુઓ દરિયાના તળિયે જઈને બેઠાં. જિનપાલિત અને જિનરક્ષિતને ભાંગેલા વહાણનું એક પાટીઉં હાથમાં આવી જવાથી એ પાટીઆને આધારે તરતા તરતા તેઓ રત્નદ્વીપના કાંઠા પાસે આવ્યા.

તે રત્નદ્વીપ ઘણો મોટો અને વૃક્ષાદિથી રમણીય દેખાતો હતો. બંને ભાઈઓએ ત્યાં આવી, ફળફૂલ ખાઈ ભૂખ મટાડી, નાળિયેરનાં પાણી પીધાં, નાળિયેરનું તેલ શરીર પર મર્દન કર્યું, જેથી દરિયાના પાણીની અસર દૂર થાય. પછી બંને ભાઈઓ મીઠા પાણીથી સ્નાન કરી કોઈ સારી જગ્યાએ બેસી વિસામો ખાતાં પોતાની પૂર્વ સ્થિતિ સંભારવા લાગ્યા.

એવે વખતે રત્નદ્વીપમાં રહેનારી રયણાદેવી કે જે પાપિષ્ઠ, તુચ્છ સ્વભાવની, નિર્દય અને સાહસિક વૃત્તિવાળી હતી, તે આ બંને ભાઈને પોતાના દ્વીપમાં આવેલા જાણી ઢાલ-તરવાર વગેરે લઈ તેમની પાસે આવી. તે ક્રોધથી કહેવા લાગી કે જો તમે બન્ને ભાઈઓ મારી આજ્ઞામાં રહેશો અને મારૂં કહ્યું કરશો તો સુખ પામશો, અને જો આનાકાની કરશો તો આ તલવારથી માથાં ઉડાવી દઈશ. બંને ભાઈઓએ મૃત્યુના ભયથી રયણાદેવીની વાત સ્વીકારીને કહ્યું કે "તમે જેમ કહો તેમ કરવાને અમે તૈયાર છીયે." પછી રયણાદેવી બંને ભાઈઓને પોતાના સુંદર મહેલમાં લઈ ગઈ અને તેમની સાથે તે વિષયભોગ ભોગવવા લાગી. બંનેને ખાવા માટે તે મીઠાં ફળો વગેરે લાવી આપતી. એવી રીતે બંને ભાઇઓ ત્યાં રહેવા લાગ્યા.

એકદા રયણાદેવીને લવણ સમુદ્રના અધિપતિ દેવનો હુકમ

મળ્યો કે લવણ સમુદ્રને એકવીસ વાર સાફ કરી આવવો અને તેમાં રહેલો કચરો વગેરે સર્વ કાઢતાં જવું અને તે કામે તુર્ત જ જવું. એ હુકમ આવવાથી રયણાદેવીએ જિનપાલિત અને જિનરક્ષિતને કહ્યું કે: "મને ૨૧ વખત દરિયો સાફ કરવાનો હુકમ આવ્યો છે, એટલે હું તે કામ માટે જઉં છું; તે કામ પતાવીને હું જલદીથી આવીશ. પણ મારા આવતાં સુધીમાં તમે આ મહેલમાં રહીને આનંદ કરજો. કદાચ તમને આ મહેલમાં આનંદ ન આવે તો મહેલની પૂર્વ બાજુએ જે ઉદ્યાન છે ત્યાં જજો. તે ઉદ્યાનમાં હમેશને માટે અષાઢ અને શ્રાવણ તેમજ ભાદ્રપદ અને આસો એમ બે માસની ઋતુ રહ્યા કરે છે, તેથી તમને ત્યાં આનંદ આવશે. કદાચ પૂર્વના વનખંડમાં તમને આનંદ ન મળે તો તમે ઉત્તર તરફના વનખંડમાં જજો. ત્યાં હમેશાં કાર્તક અને માગશર તથા પોષ અને માહ એ બે ઋતુની સ્થિતિ વર્તે છે. કદાચ તમને ત્યાં પણ આનંદ ન આવે તો છેવટે પશ્ચિમ તરફના વનખંડમાં જજો, ત્યાં ફાગણ અને ચૈત્ર તથા વૈશાખ અને જેઠ એ બે ઋતુની સ્થિતિ હમેશાં હોય છે. તમને કદાચ પશ્ચિમ તરફના વનખંડમાં પણ આનંદ ન આવે તો આ મહેલમાં પાછા આવીને મારી રાહ જોજો, પણ ભૂલ્યે ચૂકયે દક્ષિણ તરફના વનખંડમાં જશો નહિ, કારણકે ત્યાં ભયંકર દૃષ્ટિવિષ સર્પ રહે છે; એની દૃષ્ટિ પડતાં જ અનેકનાં મૃત્યુ થાય છે; માટે ત્યાં જશો નહિ."

આ રીતની ભલામણ કરીને રયણાદેવી સમુદ્ર સાફ કરવા ગઈ. પાછળથી બંને ભાઈઓને મહેલમાં ન ગોઠવાથી તેઓ પ્રથમ પૂર્વના વનખંડમાં ગયા. ત્યાં ઠીક ન પડ્યું એટલે ઉત્તર-ના વનખંડમાં ગયા, અને ત્યાં પણ તેમને આનંદ ન આવવાથી

તેઓ પશ્ચિમના વનખંડમાં ગયા. જ્યારે ત્યાં પણ એમને શાન્તિ ન મળી ત્યારે બંને ભાઈઓ દક્ષિણ તરફના વનખંડને જોવાનો નિશ્ચય કરી ત્યાં આવ્યા. એ વનખંડની પાસે આવ્યા ત્યાં તેમને ન સહી શકાય તેવી દુર્ગંધ આવી, એટલે મોઢા નાક આડું વસ્ત્ર દઇને તેઓ વનખંડમાં પેઠા. ત્યાં તેમણે ડુંગરની ટૂંક જેવો મોટો હાડકાંનો ઢગ જોયો અને એક માણસને શૂળી પર પરોવેલો નિહાળ્યો. ધ્યાનપૂર્વક જોતાં જણાયું કે તે માણસ જીવતો હતો એટલે બે ભાઈઓએ તેની પાસે જઇને પૂછયું કે "તમે કોણ છો? અને તમને શૂળી પર કેમ ચડાવ્યા છે?" જવાબમાં શૂળી પર રહેલા માણસે જવાબ આપ્યો કે: "હું કાકંદી નગરીનો રહીશ ઘોડાનો વેપારી છું. વ્યાપાર અર્થે હું વહાણ ભરીને જતો હતો, ત્યાં વહાણ ભાંગ્યું અને અહીં આવી ચડ્યો, એટલે રયણાદેવીએ મને પોતાની સાથે વિષયસુખ ભોગવવા રાખ્યો. આજે મારા કાંઈ પણ અપરાધ વિના મને શૂળી પર ચડાવી દીધો. હવે તમારી સાથે તે સુખ ભોગવે છે, પણ પરિણામે તમારી પણ કદાચ આ જ દશા થાય, કારણકે રયણાદેવી એક પછી એકની આ જ સ્થિતિ કરે છે."

આ હકીકત સાંભળી બંને ભાઈઓ બ્હીના, અને બચવાનો માર્ગ પેલાને પૂછ્યો. જવાબમાં તે માણસે કહ્યું: "પૂર્વના વનખંડમાં 'શૈલક' નામે યક્ષ છે. તે અશ્વના રૂપે રહે છે, અને તે પ્રત્યક્ષ દેવ છે. તે આઠમ, ચૌદશ, પુનમ, અમાવાસ્યાએ પ્રકટ થઈ હમેશાં એમ બોલે છે કે: "હું કોને તારૂં? કોને પાળું?" આજે પણ એવી જ તિથિ છે, એટલે આજે તે યક્ષ એમ કહેશે, ત્યારે તમો કહેજો કે "અમને તારો, અમને પાળો."

એટલે તે દેવ તમને સહીસલામત યથાસ્થાને પહોંચાડશે. માટે તમે ત્યાં જાવ; મારા માટે હવે તેનો અવકાશ નથી."

આ પ્રમાણે શૂળીએ ચડેલ માણસની વાત સાંભળી, તેનો ઉપકાર માની, બંને ભાઈઓ પૂર્વના વનખંડમાં ગયા. વાવમાં સ્નાન કરી, સુગંધી પુષ્પો લઈ, શેલક યક્ષના મંદિરે આવી, તેની પૂજા અર્ચા કરીને વિનયથી હાથ જોડી તેઓ સામે બેઠા. થોડી વારે નિયમ મુજબ અશ્વના રૂપે રહેલા યક્ષે કહ્યું કે "કોને તારૂં ? કોને પાળું ?" તુર્ત જ બંને ભાઈઓએ વિનયથી પોતાને તારવા-પાર ઉતારવાની વિનંતિ કરી; ત્યારે યક્ષે કહ્યું કે " હું તમને લઈ જઉં, પણ પાછળથી રયણાદેવી આવી તમને ભય બતાવશે; અથવા અનેક પ્રકારના પ્રલોભનથી તમને લલચાવશે; તે વખતે જે તેની સામે જોશે તેને હું દરિયામાં ફેંકી દઈશ, અને રયણાદેવી તેને મારી નાખશે. માટે જો મન દૃઢ હોય તો જ હું લઈ જઉં." બંને ભાઈએ યક્ષની વાત કબૂલ કરી, એટલે યક્ષે ઘોડાનું રૂપ બનાવી તેના પર બંને ભાઈઓને બેસાડ્યા અને તેમને ચંપાનગરી ભણી લઈ ચાલ્યો.

પાછળથી રયણાદેવી પોતાના મહેલમાં આવી અને બંને ભાઈઓને ન દેખવાથી પૂર્વ, ઉત્તર, પશ્ચિમ વનખંડમાં તપાસ કરી તો ત્યાં પણ તેમને ન જોયા. છેવટે અવધિજ્ઞાનથી શેલક યક્ષ તે બંને ભાઈઓને લઈ જાય છે તે તેણે જોયું. તુર્ત જ દેવી તેની પાછળ આવી. પ્રથમ કેટલોક ભય બતાવ્યો. પણ જ્યારે તેમાં તેને સફળતા ન મળી ત્યારે તેમને મોહ ઉત્પન્ન થાય તેવા પ્રયત્ન તે કરવા લાગી. પરિણામે જિનરક્ષિતનું મન લલચાયું અને મોહાન્ધપણે તેણે રયણાદેવી સામે જોયું. તત્ક્ષણ શેલક યક્ષે જિનરક્ષિતને પોતાની પરથી ઉછાળી નાખ્યો.

જેવો જિનરક્ષિત અશ્વની પીઠ પરથી ઊછળ્યો કે તુર્ત જ રયણાદેવીએ તેને ઝીલી લઈ આકાશમાં ઉછાળ્યો, અને પછી જ્યારે તે નીચે આવવા લાગ્યો ત્યારે તેને તીક્ષ્ણ તલવારની અણીએ પરોવી લીધો અને તેના અનેક ટુકડા કરી દરીયામાં ફેંકી દીધો.

પછી તે જિનપાલિતને ડગાવવા આવી, પણ જિનપાલિત કોઇ રીતે ન જ ડગ્યો ત્યારે થાકીને રયણાદેવી પાછી ગઈ. શૈલક યક્ષ જિનપાલિતને ચંપાનગરીની નજીકમાં લાવી મૂકી પોતે પોતાને સ્થાને ગયો. જિનપાલિતે ઘરે આવી માતાપિતાને મળી સર્વ વાત કહી. જિનરક્ષિતના મૃત્યુની વાત પણ કરી. માતાપિતા તે સાંભળી દુઃખી થયાં.

કેટલોક સમય વીત્યા પછી એકદા શ્રી વીર પ્રભુ ચંપાનગરીએ પધાર્યા. ત્યાં જિનપાલિત વગેરે દેશના સાંભળવા ગયા. દેશના સાંભળી વૈરાગ્ય પામી પ્રભુ પાસે તેમણે ચારિત્ર અંગીકાર કર્યું. ચારિત્ર લઈ, અગીયાર અંગાદિનો અભ્યાસ કરી, ખૂબ તપશ્ચર્યા કરી, અન્તે એક માસનો સંથારો કરી, સમાધિ પરિણામે કાળ કરી, સૌધર્મ નામે પહેલા દેવલોકમાં દેવપણે તે ઉત્પન્ન થયા. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી, મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યપણે ઉત્પન્ન થઇ, ચારિત્ર લઈ, સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષપદ પામશે.

ધન્ના શેઠ

રાજગૃહ નામે વખાણવાલાયક નગર હતું, તેમાં શ્રેણિક નામે રાજા રાજ્ય કરતા હતા. ગામ બહાર ગુણશૈલ નામે

ઉદ્યાન હતો. ત્યાંથી બહુ દૂર નહિ તેમજ તદ્દન નજીક નહિ એવે સ્થળે, એક જીર્ણ ઉદ્યાન વિંખાઈ ગયેલી સ્થિતિમાં આવી રહેલો હતો. તેમાંનાં દેવાલયો પણ લગભગ ખંડીયેર જેવાં બન્યાં હતાં. જાળાં, ઝાંખરાં અને ગીચ ઝાડીને લીધે તે ઉદ્યાન ભયના સ્થાનક જેવો હતો. તે ઉદ્યાનમાં એક પડી ગયેલો કુવો હતો. તે કુવાથી થોડેક દૂર એક માલુયા કચ્છ નામે વૃક્ષનું ઝુંડ હતું, અને તે દૂરથી જોનારને કાળા વાદળાની ઘટા જેવું–અંધકાર જેવું લાગતું હતું.

નગરમાં ધન્ના નામે ધનવાન સાર્થવાહ રહેતા હતા. તેમને ભદ્રા નામે સુરૂપ સ્ત્રી હતી. તેના પતિને તે પ્રિય હતી, પણ તે વંધ્યા હતી. તે ધન્ના સાર્થવાહને પંથક નામે એક નોકર હતો, જે સર્વાંગે સુંદર, બળવાળો અને બાળકોને રમાડવામાં કુશળ હતો.

રાજગૃહ નગરમાં વિજય નામે એક ચોર હતો, તે પાપી, ક્રોધી અને ચાંડાલ જેવા ભયંકર રૂપવાળો હતો. તે ચોરી કરવામાં દૃઢનિશ્ચયી હતો. જ્યાં તે ચોરી કરે ત્યાંથી તે બધુંય ઉપાડી જાય. રાજગૃહ નગરના જાહેર રસ્તા અને ગુપ્ત રસ્તા સર્વનો તે જાણકાર હતો. હમેશાં ધન હરવાના માર્ગનો જ વિચાર કરનાર તે ચોર એ જ ઉદ્યમ કર્યા કરતો હતો. એક રાત્રે ધન્ના સાર્થવાહની સ્ત્રીની ઊંઘ ઊડી જતાં તેને સંતાન ન હોવાના કારણથી દુઃખ થયું. સવારમાં ગામની બહાર નાગદેવ વૈશ્રમણ દેવો વગેરે હતા તેમની પૂજા કરી, સંતાન માટે તેમની માનતા કરવાનો તેણે વિચાર કર્યો. રાત્રિએ કરેલ વિચાર સવારમાં ધન્ના સાર્થવાહને જણાવી તેમની રજા લઇ ઘણી

સ્ત્રીઓના સમૂહ સાથે દેવોની પૂજા અર્થે તે ગઇ. ત્યાં પૂજા અર્ચના કરી, ઉજાણી કરી, જમી-જમાડી, પુત્ર અથવા પુત્રી માટે તેણે દેવની માનતા કરી. માનતા પૂરી થયે તેમની પૂજા, દાન, વગેરે કરવાનો તેણે નિશ્ચય કર્યો. ત્યારપછી પણ ભદ્રા આઠમ, ચૌદસ, અમાવાસ્યાદિ તિથિઓએ પુષ્કળ ખોરાક તૈયાર કરી, નાગદેવ, વૈશ્રમણદેવ વગેરે દેવના મંદિરે દર્શનાર્થે જઈ, ત્યાં ભોગ-થાળ ધરાવી, સંતાન માટે પ્રાર્થના કરતી. એમ કેટલોક કાળ વીત્યા પછી ભદ્રાને ગર્ભ રહ્યો અને ખાનપાનાદિ ખવરાવવાના દોહદ ઉત્પન્ન થયા. તે સર્વ પૂરા થયા એટલે યોગ્ય સમયે તેણે પુત્રને જન્મ આપ્યો. બારમે દિવસે જ્ઞાતિ વગેરેને જમાડી તેણે પુત્રનું 'દેવદત્ત' નામ પાડયું. દેવદત્તનાં માતાપિતાએ દેવની માનેલ માનતાઓ પૂરી કરી.

પંથક નામે નોકર તે દેવદત્તને રમાડતો-ખેલાવતો હતો. દેવદત્ત પોતાની મેળે બેસી શકે, ચાલી શકે, તેવી અવસ્થાએ પહોંચ્યો ત્યારે એક દિવસે ભદ્રાએ પોતાના પુત્રને નવરાવી, સારાં વસ્ત્રાલંકાર પહેરાવીને પંથકને સોંપ્યો. પંથકે ચોકમાં આવીને દેવદત્તના સરખી ઉમરનાં છોકરા-છોકરીઓને એકઠાં કરી તેની સાથે તેને રમવા મૂકયો. બીજાં બાળકો સાથે દેવદત્ત રમતો હતો, અને પંથક જરા ગફલતમાં હતો તે વખતે વિજય ચોર ત્યાં આવી લાગ જોઈને દેવદત્તને ઉપાડી ચાલ્યો. રાજગૃહ નગરની બહાર એક જીર્ણ ઉદ્યાનમાં આવી, તેણે દેવદત્તને મારી નાખી, ઘરેણાં વગેરે સર્વ ઉતારી લઇ, તેના મુડદાને ભાંગેલા કુવામાં ફેંકી દીધું, અને પોતે માલુયા કચ્છના ઝુંડમાં સંતાઇ રહ્યો.

આ બાજુએ થોડી વાર પછી પંથકે દેવદત્તની સંભાળ કરી

તો તેનો પત્તો ન લાગ્યો, એટલે તે બહુ જ દુઃખથી રોવા લાગ્યો. છેવટે ઘરે ધન્ના સાર્થવાહ પાસે આવી, તેમના પગમાં પડી રડતાં રડતાં તે કહેવા લાગ્યો કે "દેવદત્ત કુમારને હું રમાડવા લઈ ગયો અને બીજાં બાળકો સાથે તે રમતો હતો, હું જરા આળસમાં હતો, તેવામાં દેવદત્ત ગુમ થયેલ છે. પછી કોઇ મિત્રને ઘરે ગયેલ હોય, કે ચોર ઉપાડી ગયેલ હોય ગમે તેમ પણ દેવદત્તનો પત્તો નથી." આ સાંભળી ધન્ના સાર્થવાહ પુત્રવિયોગથી મૂર્છા ખાઇ પડયા. ઉપચારથી મૂર્છા વળી ત્યારે પતિપત્ની બંને પુત્રશોકથી ઘણું જ આક્રંદ કરવા લાગ્યાં. ત્યારપછી જયાં દેવદત્તને પંથક લઇ ગયેલો ત્યાં પોતે જઈને ખૂબ તપાસ કરી, છતાં કાંઈ પણ પત્તો ન મળ્યો, ત્યારે તેણે ત્યાંના કોટવાળની પાસે જઈ ભેટણું મૂકી દેવદત્તના ખોવાયાની વાત કરી, અને તેને શોધી આપવા માટે વિનંતિ કરી. નગરરક્ષકો તૈયાર થઇને દેવદત્તની શોધમાં નીકળ્યા. રાજગૃહનગરનાં ગુપ્ત અને જાહેર સ્થળો જોતાં છેવટે તેઓ ભાંગેલા કુવા પાસે આવ્યા, અને તે કુવામાં તપાસ કરતાં દેવદત્તના મુડદાને તેમણે જોયું, એટલે તેને બહાર કાઢયું અને ધન્ના સાર્થવાહને સોંપ્યું. કુવા આગળ ચોરનાં પગલાં પડેલાં હતાં તેને આધારે તેમણે માલુયા કચ્છમાં જઇને વિજય ચોરને જીવતો પકડયો. તેને અવળા હાથથી બાંધીને રાજગૃહ નગરમાં લાવવામાં આવ્યો. રાજમાર્ગ પર આવતાં તે ચોરને તેઓ અનેક પ્રકારનો માર મારવા લાગ્યા, અને તે ચોરની દુષ્ટતાનું જાહેર વર્ણન કરવા લાગ્યા. "આ ચોર જે માર ખાય છે, તેમાં અમારો જરાયે દોષ નથી, પણ તે તેનાં દુષ્ટ કર્મનાં ફળ ભોગવે છે." એમ કરતાં છેવટે તેને તુરંગમાં લાવી હેડમાં પૂર્યો.

તેનાં ખોરાકપાણી બંધ કર્યાં અને સવાર બપોર અને સાંજે તેને ચાબુકનો માર મારવા લાગ્યા.

કેટલાક વખતે ધન્ના સાર્થવાહે દાણચોરીનો ગુન્હો કર્યો, એટલે તેમને પણ પકડીને વિજય ચોરની સાથે એ જ તુરંગમાં હેડમાં પૂર્યા. બીજે દિવસે ધન્ના સાર્થવાહની સ્ત્રીએ ભોજન તૈયાર કરી પંથકની સાથે કેદખાનામાં શેઠને જમાડવા માટે મોકલ્યું. અધિકારીની રજા લઇને પંથકે શેઠ પાસે આવી ભોજનનો થાળ મૂક્યો. તે વખતે વિજય ચોરે એ ભોજનમાંથી પોતાને થોડો ભાગ આપવાને વિનંતિ કરી. પોતાના પુત્રના ઘાતકને શેઠે ખોરાક ન આપતાં પોતે ખાઈને બાકી વધ્યું તે અને ઠામ વાસણ સર્વ પંથકને આપી તેને ઘેર વિદાય કર્યો.

ધન્ના સાર્થવાહને અમુક સમયે ઝાડા–પેશાબની હાજત થઈ, અને વિજય ચોરની સાથે પોતે એક જ હેડમાં પૂરાયેલો હોવાથી તેની મદદ વિના હેડ ઊપડે નહિ ને હાજતે જવાય નહિ, એટલે શેઠે વિજય ચોરને કહ્યું કે "મારે હાજતે જવું છે માટે મારી સાથે ચાલ." વિજય ચોરે કહ્યું કે "મેં ખોરાક ખાધો નથી એટલે મારે હાજતે જવાની જરૂર નથી; તેં મને ખોરાક આપ્યો નહિ તો હું તારા કામમાં શામાટે મદદ કરૂં?" છેવટે શેઠને વધુ પડતી હાજત થઈ ત્યારે તેમણે પોતાને ખાવા માટે જે ખોરાક આવશે તેમાંથી ભાગ આપવાની કબુલાત કરી અને વિજય ચોરે તેમને હાજતે જવામાં મદદ કરી. શેઠે પોતાના વચન મુજબ જ્યારેજ્યારે પોતાને માટે ખોરાક આવે ત્યારેત્યારે તેમાંથી વિજય ચોરને ભાગ આપવા માંડ્યો. થોડા વખતમાં શેઠનાં સગાં સંબંધીઓએ રાજા પાસે જઈ શેઠની

વતી દંડ વગેરે જે કાંઈ આપવાનું હતું તે આપી શેઠને છૂટા કરાવ્યા. વિજય ચોરને ખોરાક આપ્યાની વાત પંથકે ધન્ના શેઠની સ્ત્રી ભદ્રાને કરેલી. તેથી ભદ્રા શેઠ ઉપર રોષે ભરાયેલી. પોતાના પુત્રના ઘાતકને ભોજન આપીને શેઠે પોષ્યો તે તેને ન ગમ્યું. શેઠ જ્યારે ઘેર આવ્યા ત્યારે સર્વ સગાં સંબંધીઓએ શેઠનો સત્કાર કર્યો પણ ભદ્રાએ રોષમાં રહીને શેઠની સામુંએ ન જોયું. શેઠે સ્ત્રીને પૂછ્યું: "હું તુરંગમાંથી છૂટી આવ્યો તે તને ન ગમ્યું?" જવાબમાં સ્ત્રીએ કહ્યું: "હું કઈ રીતે આનંદ માનું? મારા પુત્રના ઘાતકને તમે અહીંથી મોકલેલ ઉત્તમ પ્રકારના ભોજનમાં ભાગ આપ્યો, એ જાણી મને દુઃખ થયું છે." શેઠે કહ્યું: "મેં તેને ભોજન હોંશથી, દયાથી કે બીજા કોઈ પણ કારણથી નથી આપ્યું, પણ હું અને તે બંને એક જ હેડમાં હોવાથી તેની મદદ વિના હાજતે જવાય તેમ હતું જ નહિ; અને હાજત ટાળ્યા સિવાય છૂટકો પણ ન થાય, એટલે જો હું એને ભોજન ન આપું તો તે મને મદદ ન કરે; કામ પુરતું શરીર સાચવવા માટે જ અંતઃકરણના રાજીપા વિના મેં તેને ભોજનનો ભાગ આપ્યો છે." શેઠે કરેલા ખુલાસાથી ભદ્રા ખરી હકીકત સમજી, એટલે શેઠનો વાંક નથી એમ તેણે માન્યું અને શેઠનો સત્કાર કર્યો. ત્યારપછી ધન્ના સાર્થવાહ અને ભદ્રા સંસારનાં સુખ ભોગવતાં રહેવા લાગ્યાં.

વિજય ચોર તુરંગમાં ભૂખ, તરસ અને મારથી અત્યંત દુઃખી થઈ અશુભ પરિણામે મરીને નરકમાં ઉત્પન્ન થયો અને ત્યારપછી પણ ઘણો કાળ સંસારમાં રખડશે.

સમય વીત્યે ધર્મઘોષ નામે આચાર્ય રાજગૃહ નગરે પધારી ગુણશીલ ઉદ્યાનમાં ઊતર્યા. શહેરમાંથી પર્ષદા ગઈ અને

આચાર્ય મહારાજે ધર્મદેશના દીધી. ધન્ના સાર્થવાહ પણ આચાર્ય મહારાજના આગમનની ખબર સાંભળી હર્ષિત થયા, નાહી નવાં વસ્ત્રાલંકાર પહેરી તે આચાર્ય મહારાજ પાસે આવ્યા, અને આચાર્ય મહારાજે ધર્મદેશના આપી. ધર્મદેશના શ્રવણ કરી, વૈરાગ્ય પામી, ધન્ના શેઠે ચારિત્ર લીધું. જ્ઞાન, ધ્યાન, તપશ્ચર્યામાં ઘણાં વર્ષ સુધી ચારિત્ર પાળી, એક મહીનાના સંથારાને અંતે કાળધર્મ પામી, સૌધર્મ નામે પહેલા દેવલોકમાં તે દેવપણે ઉત્પન્ન થયા, જ્યાં તેમની ચાર પલ્યની સ્થિતિ છે. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી, મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્તમ કુળમાં ઉત્પન્ન થઈ, અન્તે દીક્ષા લઈ, સર્વ કર્મનો ક્ષય કરી, સિદ્ધિપદને પામશે.

ધન્ના સાર્થવાહ

રાજગૃહી નામે નગરીમાં ધન્ના નામે સાર્થવાહ રહેતા હતા. તેમને ભદ્રા નામે ભાર્યા હતી. તે ધન્ના સાર્થવાહને પાંચ પુત્રો હતાઃ (૧) ધન, (૨) ધનપાળ, (૩) ધનદેવ, (૪) ધનગોપ, અને (૫) ધનરક્ષિત. એ પાંચ પુત્રો ઉપરાંત એક સુસુમા નામે પુત્રી હતી જે અત્યંત સ્વરૂપવાન અને સુકોમળ હતી.

શેઠને ઘેર ચિલાત નામે એક નોકર હતો તે શરીરે સશક્ત અને સર્વાંગપૂર્ણ હતો. બાળકોને રમાડવામાં તે કુશળ હતો. ચિલાત સુસુમાને તેડીને બીજાં બાળકો સાથે રમાડવા લઈ જતો, પણ બીજાં બાળકો પાસે કાંઈ ખાવાની ચીજ હોય તો તે અથવા ઘરેણું વગેરે જે હોય તે તે ચોરી લેતો. જેની વસ્તુ ચોરાય તે બાળકો પોતપોતાનાં માતાપિતા પાસે

રોતાં રોતાં જઈને ફરિયાદ કરે, પછી તે માબાપો એકઠાં મળીને ધન્ના સાર્થવાહની પાસે તેના નોકર સામે ફરિયાદ કરે, અને શેઠને પણ આવો નોકર રાખવા માટે ઠપકો આપે. પછી શેઠ ચિલાતને ઠપકો આપે, એના પર ગુસ્સે થઈને ફરી વાર એવાં કામ ન કરવાને સખત ચેતવણી આપે. બે પાંચ દિવસ વીત્યે ફરી પાછો ચિલાતનો એ જ ધંધો. એક વાર તે વધુ પડતી ચોરી કરી આવ્યો, એટલે બાળકોનાં માવીત્રોએ એકઠાં થઈને ફરી શેઠને ખૂબ ઠપકો આપ્યો. આથી શેઠે ચિલાતને ઠપકો આપી, તેનું અપમાન કરી ઘરમાંથી કાઢી મૂકયો. ચિલાત હવે રખડતો થયો. તેની ઉપર કોઈનો પણ અંકુશ ન રહ્યો, એથી તે વિશેષ સ્વચ્છંદી, દુરાચારી અને અધર્માચરણી બન્યો. જુગારીઓ સાથે, વેશ્યાને ત્યાં, દારૂખાને, એવાં સ્થળે તે રહેવા લાગ્યો, અને પાપમય જીવન વિતાડવા લાગ્યો.

રાજગૃહી નગરીથી થોડે દૂર ડુંગરાની અને ગીચ ઝાડીની વચમાં સિંહગુહા નામે એક ચોરપલ્લી હતી. ચોરપલ્લી ઘણી જ વિષમ જગ્યોએ આવેલી હતી. જાણભેદુ સિવાય કોઈએ ચોરપલ્લીમાં જઈ શકતું નહિ. ચોરપલ્લીમાં ૫૦૦ ચોરો કુટુંબ સહિત વસતા હતા. તે સર્વનો ઉપરી વિજય નામે ચોરનો એક સેનાપતિ હતો અને તે ઉપરી તરીકેની સર્વ સત્તા ભોગવતો હતો. તે વિજય ચોર ઘણા ચોરનો, વ્યભિચારીઓનો, ગઠીઆઓનો, ધાડપાડુઓનો, રાજદ્રોહીઓનો, દેણું નહિ ચૂકવવાની દાનતવાળાઓનો, બાળહત્યા કરનારાનો, વિશ્વાસઘાત કરનારાનો, જુગારીઓનો, ખૂનીઓનો અને અધર્માચરણ કરનારાઓનો આધારભૂત હતો. તેવા લોકોને વિજય ચોરનું શરણ મળતું. વિજય ચોર પોતાના ચોર સાથીઓ સાથે

આસપાસનાં ઘણાં ગામોને લૂંટી, ભાંગી, લોકોને પાયમાલ કર્યા કરતો. ચિલાત નોકર જે ધન્ના શેઠને ત્યાંથી કાઢી મુકાયેલો હતો તે પણ કેટલાક વખત પછી એ વિજય ચોરની પાસે આવી તેની સેવામાં રહ્યો.

ચિલાતે ધીમે ધીમે વિજય ચોરનો વિશ્વાસ સંપાદન કર્યો, અને છેવટે તે વિજય ચોરની આગળ છડીદારની માફક તલવાર વગેરે હથીયાર લઈને આગળ ચાલતો થયો. જ્યારે વિજય ચોર ચોરી કરવા જાય, ત્યારે કોઈ મનુષ્યો ચોરની સામે થાય તો ચિલાત તે સામે થનારને હરાવી દેતો અને ચોરીનો માલ વગેરે ચોરપલ્લીમાં સહીસલામત પહોંચાડી દેતો. એનાં આવાં કાર્યોથી વિજય ચોરે ચિલાત ઉપર તુષ્યમાન થઈને ચિલાતને ચોરવિદ્યાઓ, ચોરમંત્રો, ચોરની યુક્તિઓ, વગેરે શીખવ્યું.

સમય વીત્યે વિજય ચોર મૃત્યુ પામ્યો, ત્યારે ચોરપલ્લીના સર્વ ચોરોએ મળી ચિલાતને વિજય ચોરની પદવી આપી, અર્થાત્ એને પોતાનો ઉપરી બનાવ્યો. હવે ચિલાત ચોરનો સેનાપતિ થયો. એ પણ વિજય ચોરની માફક ઘણાં ગામો લૂંટીને ચોરપલ્લીમાં ધન સંગ્રહ કરવા લાગ્યો. એક દિવસે ચિલાતે સર્વ ચોરસેનાને એકઠી કરી સર્વને જમાડીને પછી કહ્યું કેઃ "રાજગૃહી નગરીમાં જે ધન્ના શેઠ છે, ત્યાં આજે આપણે ચોરી કરવા-લૂંટવા જવું છે. તેમાં જે ધન, માલ, ઘરેણાં વગેરે લૂંટો તે સર્વ તમે વહેંચી લેજો અને તેની સુસુમા નામે પુત્રી છે તેને હું મારી સ્ત્રી તરીકે રાખીશ." સર્વ ચોરોએ તે કબૂલ કર્યું. સર્વ તૈયાર થઈ ચિલાતની સાથે ચોરપલ્લીથી નીકળી રાજગૃહી નગરીની બહાર સંતાવાની જગ્યોએ દિવસના વખતે

સંતાઈ રહ્યા. રાત્રિ પડયા પછી લોકો નિદ્રાધીન થયા બાદ પોતાની મંત્રશક્તિવડે કરીને રાજગૃહી નગરીના દરવાજાનાં તાળાં ઉઘાડી સર્વ ચોર ધન્ના શેઠને ઘેર ગયા. એ વખતે ધન્ના શેઠ જાગ્યા, પણ ચોરને ઘર તોડતા જોઈને ભય પામી, પોતાના પાંચ પુત્રો સહિત કોઇ એકાન્ત સ્થળે છૂપાઇ રહ્યા. ચિલાત વગેરે ચોરોએ ઘરમાંથી જે હાથ આવ્યું તે ધન લૂંટી લીધું અને સુસુમાને ઉપાડીને તેઓ ચાલ્યા ગયા. પછી ધન્ના શેઠે ઘરમાં આવીને જોયું તો ધન તો ગયું પણ સાથે સુસુમાને તેઓ ઉપાડી ગયાનું જોઈ તેમને ખૂબ ખેદ થયો. ઘરમાં બાકી રહેલા ધનમાંથી મૂલ્યવાન વસ્તુનું ભેટણું લઈને ધન્ના શેઠે શહેરના રક્ષક પાસે આવી ભેટણું મૂકીને સર્વ વાત કરી અને પછી કહ્યું કે એ ચિલાત ચોરને પકડવા માટે હમણાં જ ચાલો, અને તે ચોર પકડાય એટલે તે જે ધન ચોરી ગયા છે તે તેની પાસેથી મેળવીને તે સર્વ તમે રાખજો અને મારી પુત્રી સુસુમાને હું રાખીશ.

રક્ષક પોતાના સાથીઓને લઈને ચોરને પકડવા ઊપડ્યો. સાથે ધન્ના શેઠ પણ પોતાના પાંચ પુત્રો સહિત બખ્તર હથી-યાર વગેરે ધારણ કરીને ચાલ્યા. રાજગૃહી નગરીની બહાર નીકળી ચોરનાં પગલાં જોઈને ચાલતાં થોડી વારમાં જ તેમને ચોરનો ભેટો થઈ ગયો. ચોર અને રક્ષકનાં માણસો વચ્ચે યુદ્ધ થયું, અને પરિણામે ચોરો હાર્યો તથા ધન માલ મૂકીને નાઠા; પણ ચિલાત સુસુમાને ઉપાડીને નાઠો, અને જંગલના રસ્તે થઈને ચોરપલ્લીમાં પહોંચી જવા ઈચ્છતો હોવાથી ભાગવા લાગ્યો. આ જોઇને ધન્ના શેઠ અને તેના પાંચે પુત્રો તે ચિલાતની પાછળ પડ્યા. મધ્યાન્હ થયે ઘણે દૂર જંગલમાં

તેઓ નીકળી ગયા. ચિલાત ચોરને સુસુમાને ઉપાડીને ભાગવું હવે ભારે થયું કારણકે પાછળ શેઠ પાંચે પુત્રો સહિત નજીક આવી પહોંચ્યા હતા. છેવટે, પોતાના પ્રાણ બચાવવા માટે અને સુસુમાને તેના પિતાના હાથમાં જીવતી ન જવા દેવા માટે સુસુમાનું માથું કાપી નાખી ધડને ત્યાં જ પડતું મૂકી સુસુમાનું મસ્તક લઈને ચિલાત જંગલમાં ઘણે દૂર નીકળી ગયો. ધન્ના શેઠ વગેરે તેની પાછળ ખૂબ દોડયા પણ ચિલાત હાથ ન આવ્યો. તેઓ જ્યાં સુસુમાનું ધડ મુડદું પડયું હતું ત્યાં પાછા આવ્યા.

ચિલાત જંગલમાં ભાગતાં ભૂખતૃષાથી પીડા પામી રસ્તામાં જ અકાળે મરણ પામ્યો.*

રક્ષક અને તેના માણસો તો પ્રથમથી જ ચોર પાસેથી પાછું મેળવેલું ધન લઇને પાછા વળીને સહુ સહુને સ્થાને પહોંચી ગયા હતા. ધન્ના શેઠ પાંચે પુત્રો સહિત ચિલાત ન પકડાવાથી પાછા વળી સુસુમાના મુડદા પાસે આવ્યા, અને ઘણું કલ્પાંત કરવા લાગ્યા. છેવટે રડીને થાકયા, અને ઘેર પહોંચવા વિચાર્યું, ત્યારે છએ જણને ભુખ અને તૃષા એટલાં બધાં લાગ્યાં હતાં કે ખાધા-પીધા વિના ઘરે પહોંચાય તેમ

---

* જ્ઞાતાસૂત્રમાં તો ચિલાતનો એટલો જ અધિકાર છે, પણ આવશ્યકાદિ અન્ય ગ્રન્થોમાં વધુ લખ્યું છે કે ચિલાત ભાગતો હતો ત્યાં રસ્તામાં તેને સાધુનાં દર્શન થયાં, સાધુએ તેને ધર્મદેશના દીધી, તેમાં ઉપશમ, વિવેક અને સંવર એ ત્રણ પદ સાંભળી, બોધ પામી, તે જ ઠેકાણે કાયોત્સર્ગ કરીને રહ્યો; અને ત્રણ પદના ધ્યાનમાં એકાગ્રતા કરી છેવટે તેનું આખું શરીર કીડીયોએ ફોલી ખાધું છતાં ત્રણ પદના ધ્યાનથી ચલિત ન થયો, અને સમાધિપરિણામે કાળ કરીને દેવલોકમાં ગયો.

ન લાગ્યું. તૃષાની પીડા તો અપાર હતી. પાણી માટે જંગલમાં ખૂબ તપાસ કરી પણ ક્યાંય મળ્યું નહિ. કંઠ પ્રાણની અવસ્થાએ તેઓ આવી પહોંચ્યા. હવે જીવતા ઘર ભેગા થવાની આશા ન રહી ત્યારે શેઠે પુત્રોને કહ્યું કેઃ "આપણે બધા તૃષાથી પીડાઇએ છીએ, અને ખાધા-પીધા વિના હવે ઘેર પહોંચી શકીએ તેમ નથી; તો આપણા બધાયનો અહીં જંગલમાં નાશ થાય તેને બદલે તમે મને મારીને મારા લોહી અને માંસથી તમારી ભૂખ તૃષાને સંતોષીને ઘેર પહોંચી જાઓ." પિતાનાં આવા આગ્રહયુક્ત વચન સાંભળી મોટા પુત્રે કહ્યું કેઃ "પિતાજી, તમે અમારા પૂજ્ય જનક છો, દેવરૂપ છો, અમારા પર આપનો અનંત ઉપકાર છે; તો તમારી સેવા કરવી તો દૂર રહી, પણ આપના ઘાતની કલ્પના કરવી તે તો અમારા માટે ભયંકર છે; માટે આપ અને આ મારા નાના ચાર ભાઇઓ મારા શરીરનો નાશ કરી મારા લોહી માંસથી ક્ષુધા તૃષા મટાડીને સર્વે ઘેર પહોંચી જાવ; અને એ સેવાનો લાભ મને આપો." આ સાંભળી બીજા પુત્રે કહ્યુંઃ "તમે બંને મારા વડીલ છો, પૂજ્ય છો, તો મારા શરીરનો એ ઉપયોગ કરો." એમ એક પછી એક પાંચે પુત્રોએ સેવાનો લાભ આપવાને વિનંતિ કરી. છેવટે ધન્ના શેઠે કહ્યું કે "આપણા છમાંથી કોઈનો ઘાત કરીને ભૂખ-તૃષા મટાડવી એના કરતાં આ સુસુમા કે જેનું મૃત્યુ થઈ ચૂકયું છે તેના લોહીમાંસથી આપણાં ભૂખ-તૃષાને શમાવીને ઘરભેગા થવું તે શું ખોટું છે?" આ વાત સર્વને અનુકૂળ લાગી. પછી જંગલમાંથી અરણીનાં લાકડા એકઠાં કરી, તેનાથી અગ્નિ ઉત્પન્ન કરી, સુસુમાના શરીરમાંથી માંસ કાઢી તેને સેકીને તેમણે ખાધું

અને લોહી પીધું. એ રીતે અંતરના દુઃખ સાથે પણ ઘરભેગા થવાની ઈચ્છા માત્રથી દુઃખિત હૃદયે પુત્રી–બહેનનાં લોહીમાંસનો ઉપયોગ કરી શેઠ પુત્રો સહિત રાજગૃહી નગરીએ પહોંચ્યા.

વખત વીત્યે તેઓ પુત્રીના શોકથી મુક્ત થયા. એક વખતે જ્યારે અનંતકલ્યાણી શ્રી વીરપ્રભુ રાજગૃહી નગરીએ પધારી ગુણશીલ ઉદ્યાનમાં બિરાજ્યા, ત્યારે બીજી પરિષદની સાથે ધન્ના સાર્થવાહ પણ પ્રભુની દેશના સાંભળવા ગયા. દેશના સાંભળી વૈરાગ્ય પામી તેમણે દીક્ષા લીધી. પ્રવ્રજ્યા લઈ અગીયાર અંગનો અભ્યાસ કરી, ઘણાં વર્ષ સુધી તપશ્ચર્યાદિ કરી, અન્તે એક માસનો સંથારો કરી, આયુષ્ય પૂર્ણ કરી તે પહેલા દેવલોકે દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી ચવી મહાવિદેહમાં જન્મ લઈ અન્તે મોક્ષપદને પામશે.

વળી જિતશત્રુ રાજા, સુબુદ્ધિ નામે પ્રધાન,
પોતે ચારિત્ર લઇને, પામ્યા મોક્ષનિધાન. ૪૭

* * *

જિતશત્રુ રાજા અને સુબુદ્ધિ પ્રધાન

ચંપા નામે નગરી હતી. ગામ બહાર પૂર્ણભદ્ર યક્ષનું દેહરૂં અને ઉદ્યાન હતાં. ગામને ફરતી ખાઈ હતી. તે ચંપા નગરીમાં જિતશત્રુ નામે રાજા હતા. તેમને ધારિણી નામે રાણી અને અદીનશત્રુ નામે યુવરાજ કુમાર હતા. તેઓ વીત-રાગ ધર્મનાં પરમ આરાધક હતા. સુબુદ્ધિ નામે પ્રધાન હતા. ગામને ફરતી ખાઈમાં ઈશાન કોણમાં થોડું પાણી હતું તે

પાણીમાં મુડદાં વગેરે અનેક અનિષ્ટ વસ્તુઓ પડેલી હોવાથી પાણી બહુ ગંધાતું હતું.

એક વખતે જિતશત્રુ રાજા સ્નાનમંજન કરી, વસ્ત્રાલંકાર પહેરી, બીજા રાજાઓ અને અમાત્યો વગેરે સાથે એક પંક્તિએ અનેક પ્રકારનાં રસોવાળું જમણ જમી, મુખવાસ ચાવતા, ભોજનનાં ખૂબ વખાણ કરતા હતા. સુબુદ્ધિ પ્રધાન સિવાય બીજા સર્વેએ રાજાના વખાણને અનુમોદન આપ્યું. સુબુદ્ધિ તરફથી જ્યારે અનુમોદન ન મળ્યું, ત્યારે તેમને એકાન્ત મૌન રહેલા જોઈને રાજાએ સુબુદ્ધિને સંબોધીને ફરી જમણ વગેરેનાં ખૂબ વખાણ કર્યાં અને તેમનો અભિપ્રાય પૂછ્યો. ત્યારે સુબુદ્ધિ પ્રધાને વિનયપૂર્વક કહ્યું કે "મહારાજા! એમાં વખાણવા જેવું કાંઈ હોય એમ હું માનતો નથી. પુદ્ગલનો સ્વભાવ છે કે સારા હોય તે ખરાબ રૂપમાં પરિણમે અને ખરાબ પુદ્ગલો સારા રૂપમાં પરિણમે. એમ પરિવર્તન થયા જ કરે છે, એટલે આવા ખોરાકના પદાર્થમાં આશ્ચર્ય પામવા જેવું શું છે?" આ વાત રાજાને ન રૂચી પણ વાદ ન કરવાના હેતુથી રાજાએ તે વાત પડતી મૂકી.

એક વખતે રાજા ઘોડા પર બેસી ઘણા માણસોના પરિવારે પરિવર્યા, અને સુબુદ્ધિ પ્રધાન સહિત ગામ બહાર ઇશાન કોણ તરફ ગયા. ત્યાં ખાઈમાં ગંધાતા પાણીની દુર્ગંધથી રાજાને ખૂબ કંટાળો આવ્યો અને રાજા દુર્ગંધથી આવતા કંટાળાની વાત કરવા લાગ્યા. સુબુદ્ધિ પ્રધાન સિવાય સર્વેએ રાજાની વાતને અનુમોદના આપી, પણ સુબુદ્ધિ પ્રધાન કાંઇ ન બોલ્યા.

પ્રથમની માફક રાજાએ ખાસ પૂછવાથી પ્રધાને કહ્યું: "સારાના

માઠા અને માઠાના સારા થવાનો પુદ્ગલનો સ્વભાવ છે, એમાં વખાણવું શું કે નિંદવું શું?" એ વાત પણ રાજાને ન રૂચી, એટલે પ્રધાને રાજાને પોતાની વાતનો પ્રત્યક્ષ અનુભવ કરાવવાનો નિશ્ચય કર્યો.

એક રાતના સમયે પ્રધાને પોતાના ખાસ વિશ્વાસુ નોકરો પાસે કુંભારને ત્યાંથી માટીનાં નવાં મોટાં માટલાં મંગાવ્યાં, અને તેમાં ખાઇનું ગંધાતું પાણી ભરી મંગાવ્યું. એ પાણીમાં રાખ નાખીને માટલાંનાં મોઢાં બંધ કરી રાખી મૂકયાં. એમ સાત દિવસ રાખીને પછી બીજા નવા ઘડામાં એ જ પાણી નાખ્યું અને રાખ નાખી ફરીને ઘડાને બંધ કરી રાખી મૂકયા. એવી રીતે સાત દિવસ સુધી સાત વાર વિધિ કરી, જેથી પાણી મીઠું રોચક અને હળવું તથા શરીરને ગુણકારી એવું થયું.

એક દિવસે પ્રધાને પોતાના વિશ્વાસુ માણસો સાથે તે શુદ્ધ કરેલું પાણી જમણ વખતે રાજાને પીવા માટે મોકલ્યું. જમતી વખતે રાજાએ પાણી પીધું, અને તેથી તેને આશ્ચર્ય થયું. સહભોજન કરનારની પાસે રાજાએ ખૂબ વખાણ કર્યાં, અને પાણી લાવનારને આવું મીઠું પાણી કયાંથી લાવ્યો તે પૂછ્યું. જવાબમાં સુબુદ્ધિ પ્રધાને તે મોકલ્યું હોવાનું તેણે કહ્યું. રાજાએ પ્રધાનને બોલાવીને કહ્યું: "હે પ્રધાન! તમને મારા પ્રત્યે કયા કારણે અભાવ છે કે આવું મીઠું પાણી તમે હમેશાં પીઓ છો, જ્યારે મને કોઇ દિવસ મોકલતા નથી? આ પાણી કયાંથી મંગાવો છો?" પ્રધાને કહ્યું: "મહારાજ! એ પાણી ફરસોદય ખાઇનું છે; જે ગંધાતું હતું તે જ એ પાણી છે." રાજાએ એ વાત ન માની, પ્રધાને કહ્યું: "જો આપના માનવામાં ન આવે તો આપ પણ એ પ્રમાણે કરીને ખાત્રી કરી શકો છો." રાજાએ

ખાત્રી કરવા માટે પોતે પણ એ પ્રયોગ કરી જોયો અને સુબુદ્ધિ પ્રધાનની વાત સાચી માની.

રાજાએ પ્રધાનને પૂછ્યું: "પુદ્ગલના પરિવર્તનનું તમને આ જ્ઞાન શાથી થયું?" પ્રધાને કહ્યું: "મહારાજ! એ જ્ઞાન મને શ્રી જિનેશ્વર દેવના કહેલા જ્ઞાનને આધારે થયેલું છે." પછી રાજાએ સુબુદ્ધિ પ્રધાન પાસેથી ધર્મસ્વરૂપ જાણીને તેની પાસે જ શ્રાવકધર્મ સ્વીકાર્યો.

રાજા, પ્રધાન, વગેરે સર્વ શ્રમણોપાસકપણે સુખે રહેતા હતા. એક વખતે ત્યાં કોઈ સ્થવિર પધાર્યા, તેમની દેશના સાંભળવા રાજા, પ્રધાન અને નગરજનો ગયા. દેશના સાંભળી પ્રધાનને વૈરાગ્ય ઉત્પન્ન થયો. દીક્ષા લેવા માટે તેમણે રાજાની અનુજ્ઞા માગી. રાજાએ થોડાં વર્ષ ખંમી જવા કહ્યું અને બંને જણા સાથે દીક્ષા લેવાનું કહી પ્રધાનને રોકી રાખ્યા.

બાર વર્ષ વીત્યા પછી ફરી સ્થવિર મહારાજ પધાર્યા. તેમનો ઉપદેશ સાંભળી, રાજાએ યુવરાજને રાજ્ય સોંપી, પ્રધાન સહિત સ્થવિર પાસે ચરિત્ર ગ્રહણ કર્યું. ચારિત્ર લઇ, રાજા અગીયાર અંગાદિનો અભ્યાસ કરી, તપશ્ચર્યાદિ કરી, અંતે એક મહીનાનો સંથારો કરી, સર્વકર્મનો ક્ષય કરી, પરમપદને પામ્યા. સુબુદ્ધિ પ્રધાન પણ ચારિત્ર લઇ, અગીયાર અંગાદિનો અભ્યાસ કરી, તપશ્ચર્યાદિ કરી, એક માસનો સંથારો કરી, સર્વ કર્મનો ક્ષય કરી, સિદ્ધપદને પામ્યા.

ધન્ય તેતલિ મુનિવર, દીયો છકાય અભેદાન,
પોટ્ટિલા પ્રતિબોધ્યા, પામ્યા કેવળ જ્ઞાન. ૪૮

* * *

તેતલિપુત્ર

તેતલિપુર નામનું રમ્ય નગર હતું. ઈશાન કોણમાં પ્રમદવન નામે ઉદ્યાન હતો. તેતલિનગરમાં કનકરથ નામે રાજા હતો, તેને પદ્માવતી નામે મુખ્ય રાણી હતી. તે કનકરથ રાજાને તેતલિપુત્ર નામે અમાત્ય હતો જે રાજનીતિમાં નિપુણ હતો. નગરમાં મૂષિકાર દારક નામે એક સોની રહેતો હતો તે ધનવાન અને બીજાથી પરાભવ્યો ન જાય તેવો હતો. તેને ભદ્રા નામે સ્ત્રીથી ઉત્પન્ન થયેલ સુરૂપવાન પોટ્ટિલા નામની પુત્રી હતી અને તે યૌવનાવસ્થાએ પહોંચી હતી.

એક દિવસ પોટ્ટિલા સર્વાલંકાર પહેરી, સોનાના તારથી ગુંથેલા દડાથી પોતાના ઘરની અગાશીમાં સમવયી સખીઓ સાથે રમતી હતી. એ વખતે તેતલિપુત્ર અમાત્યે ત્યાંથી પસાર થતાં પોટ્ટિલાને જોઇ. તેના રૂપથી તે મોહ પામ્યો અને તે કોણ છે તેની તપાસ કરી. છેવટે તેણે પોતા માટે પોટ્ટિલાની માગણી કરાવી, અને મૂષિકાર દારકે તે વાત માન્ય કરી પોટ્ટિલાને તેતલિપુત્ર અમાત્યને પરણાવી. પોટ્ટિલા સાથે સંસારિક સુખ ભોગવતો થકો તેતલિપુત્ર આનંદથી રહેવા લાગ્યો.

કનકરથ રાજા રાજવૈભવ ભોગવવામાં બહુ આસક્ત બન્યો. ભવિષ્યમાં પોતાના કુંવરો મોટા થઈને તેઓ રાજ્યવૈભવ ભોગવી શકે નહિ, તે માટે કુંવરોને રાજ્યને લાયક ન રહેવા દેવાની ઈચ્છાથી કોઇ પણ રાણી કુંવરને જન્મ આપે, એટલે

રાજા પોતે તે કુંવરને રાજ્ય કરવાને અયોગ્ય બનાવી દે! કોઈનું નાક કાપે, કોઈના કાન કાપે, કોઇના હાથપગની આંગળી–અંગૂઠો વગેરે કાપી નાખે, એમ રાજા કરે. જેના શરીરમાં કાંઈપણ ખોટ–ખામી હોય તે રાજગાદી પર આવી ન શકે, એ હેતુથી કનકરથ રાજા રાજ્યાસક્તિથી અંધ બની અનર્થ કરવા લાગ્યો.

પટરાણીને રાજાના આ અપકૃત્યથી ખેદ થયો, અને છતે કુંવરે રાજાની હયાતી પછી રાજ્ય અન્યના હાથમાં જશે એવા ભયથી એક દિવસે ખાનગીમાં તેતલિપુત્રને બોલાવી રાજાના અપકૃત્યની વાત કરી અને ભવિષ્યને માટે વિચારણા કરી. છેવટે બંનેએ મળી નિશ્ચય કર્યો કે હવે જો કુંવર જન્મે તો પોતાને ઘેર ગુપ્તપણે લઈ જઈને ત્યાં તેને ઉછેરવો.

કુદરતના કોઈ અગમ્ય યોગથી પદ્માવતી રાણી અને પોટ્ટિલા એ બંને સાથે સગર્ભા બન્યાં, અને યથાસમયે બંનેએ એક જ વખતે રાત્રે બાળકને જન્મ આપ્યો. રાણીને કુંવર જન્મ્યો જ્યારે પોટ્ટિલાએ મૃત પુત્રીને જન્મ આપ્યો. રાણીએ અમાત્યને છાની રીતે ખબર આપી. અમાત્યે આવી કુંવર અને મૃત પુત્રીનો અદલોબદલો કરી નાંખ્યો, ત્યારપછી રાજાને મૃત પુત્રીના જન્મની ખબર આપવામાં આવી.

કુંવર અમાત્યને ત્યાં રહી વૃદ્ધિ પામવા લાગ્યો. યોગ્ય ઉમરે પહોંચતાં અમાત્યે તેને અધ્યાપકને ત્યાં ભણવા મૂક્યો. કુંવરનું નામ કનકધ્વજ પાડેલું હતું. વિદ્યાભ્યાસ કરી તે યુવાવસ્થાએ પહોંચ્યો. સમય વીત્યે તેતલિપુત્ર અમાત્યને પોટ્ટિલા પ્રત્યે અભાવ થયો. તેને તે બોલાવતો નહિ. તેનું નામ પણ

સાંભળવું તેને ગમતું નહિ. આથી પોટ્ટિલાને ખેદ થવા લાગ્યો અને તે હમેશાં ઉદાસ અને ચિંતાતુર રહેવા લાગી. એક વખતે તેતલિપુત્રે પોટ્ટિલાને કહ્યું કે "તું ઉદાસ ન રહે, પણ દાનશાળા માંડીને દાન દે, જેથી તારા આત્માનું હિત થાય." પોટ્ટિલાએ તે પ્રમાણે દાનશાળા શરૂ કરી. અનેક યાચકો ત્યાં દાન લેવા આવવા લાગ્યા. એક વખતે સુવ્રતા નામે સાધ્વીજી ઘણી શિષ્યાઓના પરિવાર સાથે તે નગરે પધાર્યાં. તેમનાં બે શિષ્યા સાધ્વીઓ ગૌચરી અર્થે ફરતાં ફરતાં પોટ્ટિલાને ત્યાં આવ્યાં. શુદ્ધ આહારાદિ આપીને પોટ્ટિલા સાધ્વીજીને પોતાના પતિની પોતા પર થયેલી અવકૃપા દૂર કરવાનું સાધન, મંત્ર–યંત્ર–તંત્રના પ્રયોગનું પૂછયું. જવાબમાં સાધ્વીજીએ કહ્યું કે "એ કાર્ય કરવું તો અમારે ન કલ્પે, પણ એવી વાત સાંભળવી પણ ન કલ્પે. અમે તો ધર્મદેશના દઈએ." પોટ્ટિલાએ ધર્મદેશના સાંભળવાની ઇચ્છા કરી, એટલે સાધ્વીજીએ ધર્મસ્વરૂપ સમજાવ્યું. તે સાંભળી પોટ્ટિલાને વૈરાગ્ય થયો અને શ્રાવિકાપણું સ્વીકાર્યું. શ્રાવિકાપણું પાળતાં એકદા તેને ચારિત્ર લેવાનો વિચાર થયો, અને તેતલિપુત્ર અમાત્યની દીક્ષા માટે આજ્ઞા માગી. અમાત્યે કહ્યું કે "તું ચારિત્ર પાળી આયુષ્ય પૂર્ણ કરીને દેવ થાય અને મને પ્રતિબોધવા આવવાનું વચન આપે તો દીક્ષાની રજા આપુ." પોટ્ટિલાએ એ વાત કબૂલ કરીને વચન આપ્યું. પછી મોટી ધામધૂમથી પોટ્ટિલાએ દીક્ષા લીધી.

ચારિત્ર લેઇ, અગીયાર અંગનો અભ્યાસ કરી, તપશ્ચર્યાદિ કરી, ઘણાં વર્ષનું ચારિત્ર પાળી, એક મહીનાનો સંથારો કરી, આયુષ્ય પૂર્ણ કરી, પોટ્ટિલા સાધ્વી દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયાં.

આ બાજુએ કનકરથ રાજા આયુષ્ય પૂર્ણ કરી ગયા, ત્યાર-પછી રાજકર્મચારીઓ અને પ્રજાના આગેવાનો વગેરે એકઠા થઈને રાજા કોને સ્થાપવો એ સંબંધે તેતલિપુત્ર અમાત્યને પૂછ્યું. અમાત્યે કનકધ્વજનું નામ આપી તે રાજાના રાજકુમાર હોવાનું જણાવ્યું. સૌને અમાત્ય પ્રત્યે વિશ્વાસ હોવાથી કનક-ધ્વજને રાજા તરીકે કબૂલ કરવામાં આવ્યો અને મહોત્સવ-પૂર્વક કનકધ્વજને રાજગાદીએ બેસાડવામાં આવ્યો. માતાએ કહેવાથી કનકધ્વજ રાજાએ તેતલિપુત્ર અમાત્યનો દરજ્જો ઘણો વધારી આપ્યો કારણકે એને જે રાજ્ય સંપદા વગેરે મળ્યાં હતાં તે તેતલિપુત્ર અમાત્યના પ્રતાપે જ મળ્યાં હતાં.

હવે પોટ્ટિલદેવ અમાત્યને ધર્મ પમાડવાને ઘણી વખત જુદી જુદી રીતે ઉપદેશ–પ્રતિબોધ કરતો પણ તેતલિપુત્ર ધર્મનો પ્રતિ-બોધ પામતો નહિ. પછી દેવે પોતાની દૈવી શક્તિથી રાજા કનકધ્વ-જનો મનોભાવ બદલાવી નાખ્યો. આમાત્ય ઘેરથી નીકળી રાજ-સભામાં આવે ત્યારે રસ્તામાં અનેક રાજકર્મચારીઓ વગેરે ઊભા થઇ અમાત્યને માન આપે અને તેમની સાથે રાજસભામાં આવે. હમેશાં અમાત્યને આવતા જોઈને કનકધ્વજ રાજા આવકાર આપતા, અને બેસવા માટે અર્ધું આસન આપતા; પણ દેવે વિચાર બદલાવી નાખ્યાથી એક દિવસે રાજાએ અમાત્યનો આદરસત્કાર ન કર્યો, એટલું જ નહિ પણ તેની સામું પણ ન જોયું. બોલાવવા છતાં રાજા બોલ્યા પણ નહિ, પરન્તુ અવળે મોઢે બેસી રહ્યા. આથી અમાત્ય ભય પામીને પોતાના ઘર ભણી પાછા રવાના થયા. પાછા ફરતાં નગરજનોએ પણ તેમને માન ન આપ્યું કે સામું પણ ન જોયું. અમાત્ય ઘેર પહોંચ્યા ત્યારે ઘરના નોકર–ચાકરો અને સ્ત્રી, પુત્ર, માતાપિતા

વગેરે કોઈએ તેમનો સત્કાર ન કર્યો. આથી અમાત્યને બહુ દુઃખ લાગ્યું અને સર્વ સ્થળેથી અપમાનિત થવાથી મનમાં ખેદ કરતા શયનભુવનમાં આવી, શય્યા પર બેસી તે વિચાર કરવા લાગ્યા: "આજ પહેલાં મારું જે સન્માન હતું તે આજે એકાએક નાશ પામ્યું તો હવે આવું અપમાનિત જીવન જીવવા કરતાં મરવું શું ખોટું?" આમ વિચારીને આપઘાત કરવા માટે તાલપુટ ઝેર ખાધું, પણ દેવપ્રભાવે તે ઝેરની અસર કાંઈ પણ ન થઈ. ત્યારપછી ગળે ફાંસો ખાધો, તો ફાંસાની દોરી તૂટી ગઈ. પછી ગળામાં પથ્થર બાંધી ઉંડા પાણીમાં પડતું મૂક્યું, તો પાણી છીંછરૂં બની ગયું. ત્યારપછી ઘાસ વગેરે એકઠું કરી અગ્નિથી સળગાવી તેમાં બળી મરવાનો પ્રયત્ન કર્યો તો અગ્નિ પણ ઠરી ગયો. પોટ્ટિલદેવે અદૃશ્ય રહીને તેતલિપુત્ર અમાત્યના ઘાતના સર્વ પ્રયત્નો નિષ્ફળ બનાવ્યા.

હવે તેતલિપુત્રને વિચાર થયો કે "જે સંત-મહાત્મા પાપ-પુણ્ય-સ્વર્ગ-નરકની વાત કરે છે તે સત્ય છે. માત્ર મારી માન્યતા જ જૂઠી છે. મેં આપઘાત માટે કરેલા પ્રયાસની હું કોઈને વાત કહું તો તે વાત પણ કોઈ નહિ માને." એમ વિચાર કરતા તેઓ બેઠા હતા, ત્યારે પોટ્ટિલદેવે પોટ્ટિલાનું સુંદર રૂપ ધરીને તેતલિપુત્ર અમાત્ય સમક્ષ આવીને કહ્યું: "હે તેતલિપુત્ર અમાત્ય! કોઈએક મનુષ્ય એવી સ્થિતિમાં મુકાયો છે કે તેની આગળ મોટો ખાડો છે. પાછળ હાથી માર માર કરતો આવે છે. બંને બાજુએ ગાઢ અંધકાર છે. જ્યાં પોતે ઊભો છે ત્યાં બાણોની વૃષ્ટિ થાય છે. એથી ચારે તરફ ભય વર્તે છે. વળી ગામમાં અગ્નિ લાગ્યો છે, તેથી ગામ બળે છે, અને

ગામ બહાર વનમાં દાવાનળ સળગ્યો છે. આવા સંયોગોમાં એ મનુષ્યે અથવા આપણે ક્યાં જવું, તે કહો."

આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં તેતલિપુત્ર પ્રધાને કહ્યું કે–"એવા ભયવાળા પ્રસંગમાં માત્ર સંયમ–ચારિત્ર જ રક્ષણનું સ્થાન છે; તે સિવાય કોઈ નથી." દેવે કહ્યું: "તમે તે વાત બરાબર કહી, કારણકે સંયમીને શરીર પરની આસક્તિ છૂટી ગયેલી હોવાથી કોઈ પણ જાતનો ભય હોતો નથી. હે અમાત્ય! તમે પણ ભય પામેલા છો તો તમે ચારિત્ર ગ્રહણ કરો." એમ કહી દેવ સ્વસ્થાનકે ગયો.

તેતલિપુત્રને બહુ વિચારણા કરતાં જાતિસ્મરણ જ્ઞાન થયું, અને પોતાનો પાછળનો ભવ તેમણે જોયો કે "હું આ જમ્બૂદ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કરાવતી વિજયમાં પુંડરકિણી નામની રાજધાનીમાં મહપદ નામે રાજા હતો, અને પાછલી અવસ્થામાં મેં દીક્ષા લઈ ચૌદ પૂર્વનો અભ્યાસ કરી ઘણાં વર્ષનું ચારિત્ર પાળી અન્તે એક માસની સંલેખણા કરી આયુષ્ય પૂર્ણ કરી મહાશુક્ર દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો હતો, અને ત્યારપછી અહીં તેતલિપુત્રપણે ઉત્પન્ન થયો છું. હવે ફરી પણ પંચ મહાવ્રત સ્વીકારવાં જ જોઈએ." એમ વિચારી પંચ મહાવ્રત સ્વીકારી દીક્ષા લઈ તે પ્રમદ વનમાં રહ્યા. ત્યાં જાતિસ્મરણ જ્ઞાનથી પૂર્વે કરેલ ચૌદ પૂર્વના અભ્યાસને જાણી લીધો. ત્યારપછી શુભ અધ્યવસાયથી જ્ઞાનાવરણીય આદિ કર્મ ક્ષય કરી કેવળ જ્ઞાન કેવળ દર્શનને પ્રાપ્ત કર્યાં. દેવોએ કેવળ મહોત્સવ કર્યો.

કનકધ્વજ રાજાને આ વાતની જાણ થતાં પોતે તેતલિપુત્ર

અણગાર પાસે આવી, વંદન-નમસ્કાર કરી, પોતાના અપરાધની વારંવાર ક્ષમા માગવા લાગ્યા. ત્યારપછી તેતલિપુત્ર અણગારે ધર્મદેશના દીધી. કનકધ્વજ રાજા તે સાંભળી શ્રાવકનાં વ્રતો આદરી સ્વસ્થાનકે ગયા.

તેતલિપુત્ર કેવળી ઘણાં વર્ષની કેવળ પ્રવ્રજ્યા પાળી, આયુષ્ય પૂર્ણ કરી, સિદ્ધ થયા.

ધન્ય પાંચે પાંડવ, તજી દ્રૌપદી નાર,
સ્થિવરની પાસે, લીધો સંયમ ભાર. ૪૯
શ્રી નેમિ વંદનનો, એવો અભિગ્રહ કીધ,
માસ માસખમણ તપ, શત્રુંજય જઈ સિદ્ધ. ૫૦
ધર્મઘોષ તણા શિષ્ય, ધર્મરુચિ અણગાર,
કીડીઓની કરુણા, આણી દયા અપાર. ૫૧
કડવા તુંબાનો, કીધો સઘળો આહાર,
સર્વાર્થસિદ્ધ પહોંત્યા, ચવી ગયા ભવપાર. ૫૨

* * *

પાંડવ-દ્રૌપદી અને ધર્મઘોષ-ધર્મરુચિ

જમ્બૂ સ્વામીના પૂછવાથી સુધર્મ સ્વામી કહે છે કે-ચંપા નામે નગરી હતી, તેની બહાર ઈશાન કોણમાં સુભૂમિભાગ નામે ઉદ્યાન હતો. તે નગરીમાં સોમ, સોમદત્ત અને સોમભૂતિ, નામે ત્રણ બ્રાહ્મણ ભાઈઓ ઘણા ધનાઢ્ય અને ચાર વેદાદિ શાસ્ત્રમાં પારંગત હતા તે રહેતા હતા. તે ત્રણ

ભાઈઓને અનુક્રમે નાગશ્રી, ભૂતશ્રી અને યક્ષશ્રી એ ત્રણ સ્ત્રીઓ હતી.

એક વખતે ત્રણે ભાઈઓએ ભેગા થઈને ઠરાવ કર્યો કે આપણે ત્રણે જુદા જુદા રહીએ છીએ, તેમ જ રસોઈપાણી પણ જુદાં જુદાં થાય છે, તેના કરતાં ત્રણે ઘરની વારા પ્રમાણે રસોઈ એક જ ઠેકાણે થાય અને બધા એક જ ઘરે વારા પ્રમાણે જમવાનું રાખીએ તો ઠીક. સર્વને તે વાત યોગ્ય લાગી અને તે પ્રમાણે વારા પ્રમાણે એક જ ઘરે સર્વ જમવા લાગ્યા.

એકદા નાગશ્રીને ત્યાં જમવાનો વારો આવ્યો એટલે નાગશ્રીએ અનેક પ્રકારની રસવતી બનાવી, તથા અનેક પ્રકારનાં મસાલા-વઘાર નાખીને એક મોટા તુંબડાનું શાક બનાવ્યું. શાક તૈયાર થયે તે બરાબર થયું છે કે નહિ તે જોવા માટે તે શાકમાંથી એક કકડો લઈને તેણે ચાખી જોયો તો તે કડવું ઝેર જેવું જણાયું, એટલે તુર્ત જ એ શાકને તેણે સંતાડી દીધું અને બીજું શાક બનાવીને કામ ચલાવી લીધું. સર્વ ભાઈઓ ભોજન કરી ગયા, દેરાણીઓ પણ જમી ગઈ અને જમવાનું કામ પતી ગયા પછી સહુ સહુના કામમાં જોડાઈ ગયાં.

સ્થવિર અને શ્રુતજ્ઞાની ધર્મઘોષ મુનિ પાંચ સો શિષ્યો સહિત સુભૂમિભાગ ઉદ્યાનમાં બિરાજેલા હતા. તેમના શિષ્ય અને માસ માસખમણનાં તપ કરનાર તપસ્વી જેમને તેજુ લેશ્યાદિ શક્તિ ઉત્પન્ન થઈ હતી તે માસખમણના પારણા માટે ગુરૂની આજ્ઞા લઈ, દિવસના ત્રીજે પહોરે ચંપાનગરીમાં ગૌચરી અર્થે ફરતા હતા, તે નાગશ્રી બ્રાહ્મણીના ઘેર આવી ચડયા. નાગશ્રીએ ધાર્યું કે ચાલી ચલાવીને આ ઠીક ઊકરડો ઘેર

આવેલો છે, માટે કડવા તુંબડાનું શાક તેમને આપી દઉં! તે કોઈની પાસે કાંઈ કહેશે નહિ અને મારૂં પોકળ ખુલ્લું નહિ થાય. એમ ધારીને કડવા તુંબડાનું બધુંય ઝેરી શાક તેણે ધર્મરુચિ મુનિને વહોરાવી દીધું.

મુનિ પોતાના પારણા પૂરતો આહાર આવી ગયેલો માની બીજે ક્યાંય ન જતાં બારોબાર ગુરૂ મહારાજ પાસે આવ્યા. ગુરૂ પાસે આવીને આહાર જે માત્ર એકલું શાક જ હતું તે બતાવ્યું. ગુરૂને એ શાક જોવાથી શંકા પડી. તેમણે એક સળી શાકમાં બોળી પોતાની જીભને અડાડી, તો તે ઝેર સમાન જણાયું, એટલે શિષ્યને આજ્ઞા કરી કે "આ આહાર તમે ખાશો નહિ, પણ કોઈ નિર્જીવ-નિરવદ્ય જગ્યોએ જઈને તે પરઠવી-નાખી આવો." ગુરૂની આજ્ઞા થતાં મુનિએ તે શાકથી ભરેલું પાત્ર ઉપાડી, બહુ દૂર જઇ, કુંભારના નીંભાડા પાસે પ્રથમ પરીક્ષા કરવા ખાતર માત્ર એક બિંદુ જમીન પર નાખ્યું, તો ત્યાં અસંખ્ય કીડીઓ આવીને બિંદુની ગંધમાત્રથી પ્રાણરહિત થવા લાગી. આથી મુનિએ વિચાર કર્યો કે આ બધું શાક જો જમીન પર નાખી દઇશ તો ઘણા જીવોનો સંહાર થશે; માટે નિરવદ્ય સ્થાન તો મારો કોઠો-હું પોતે જ છું. એમ મનમાં નક્કી કરી, મહાવ્રતાદિથી આલોચણા કરી, પોતે શાક આરોગી ગયા! પછી તુર્ત જ તેમણે સંથારો પચખી દીધો. શાકના ભોજનને યોગે તેમના શરીરમાં મહાવેદના ઉત્પન્ન થઈ, પણ શાન્ત ભાવે તેને સહન કરી તે કાળધર્મને પામ્યા. આયુષ્ય પૂર્ણ કરી શ્રી ધર્મરૂચિ અણગાર ત્યાંથી સર્વાર્થસિદ્ધ અનુત્તર વિમાનમાં તેત્રીશ સાગરોપમના આયુષ્યે દેવપણે ઉત્પન્ન થયા.

ઘણો વખત જવા છતાં ધર્મરૂચિ અણગાર પાછા ન આવવાથી ગુરુદેવ શ્રી ધર્મઘોષ સ્થવિરે પોતાના બીજા શિષ્યને ધર્મરૂચિ અણગારની શોધ કરવા મોકલ્યા. શિષ્યો ફરતા ફરતા જ્યાં ધર્મરૂચિ અણગારનું શરીર પડયું હતું ત્યાં આવ્યા. તપાસ કરતાં ધર્મરૂચિ અણગાર આયુષ્ય પૂર્ણ કરી ગયેલા જણાયા. ત્યાં કાયોત્સર્ગ કરી શિષ્યોએ ગુરૂમહારાજ પાસે આવી ધર્મ-રૂચિ અણગાર કાળ કરી ગયાની ખબર આપી. આ ખબર જાણી ધર્મઘોષ સ્થવિરે પૂર્વ જ્ઞાનમાં ઉપયોગ મૂકી નાગશ્રીએ શાક વહોરાવ્યું અને છેવટે આ પરિણામ આવ્યું તે સર્વ હકી-કત જાણી. છેવટે તે કાળ કરીને સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં તેત્રીશ સાગરના આયુષ્યે દેવપણે ઉત્પન્ન થયાનું જાણ્યું. વધુમાં ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ ત્યાંથી મોક્ષે જશે તે સર્વ હકીકત ગુરુએ જાણી અને શિષ્યોને સમજાવી.

ગુરૂદેવની આજ્ઞાથી શિષ્યોએ ગામમાં આવી નાગશ્રીના કાળા કૃત્યને જાહેર કર્યું. ધર્મરૂચિ નામના મહાન તપસ્વી, માસખમણનાં તપ કરનાર મુનિનો ઘાત કરનાર નાગશ્રીને ધિક્કાર છે એમ લોકો કહેવા લાગ્યા. ચંપાનગરમાં નાગશ્રીની અવહેલણા–નિંદા થવા લાગી. છેવટે તેના પતિ સોમ બ્રાહ્મણે તેની નિર્ભ્રચ્છના કરી તેને ઘર બહાર કાઢી મૂકી. ઘરમાંથી હડધૂત થયેલી નાગશ્રી શહેરમાં જ્યાં જ્યાં જતી ત્યાં ત્યાં હડેહડે થવા લાગી. આવી સ્થિતિમાં નાગશ્રી ભિખારણ બની. હાથમાં સરાવલું અને ફાટેલાં વસ્ત્રો પહેરીને તે રહેવા લાગી અને ભીખ માગીને જેમ તેમ પેટ ભરવા લાગી. સમય જતાં તે નાગશ્રીને સોળ મહારોગ ઉત્પન્ન થયા અને મહાવેદના

ભોગવી અન્તે આયુષ્ય પૂર્ણ કરી છઠ્ઠી નરકે ઉત્પન્ન થઈ. ત્યાં બાવીસ સાગરનું આયુષ્ય ભોગવી નરકમાં મહાદુઃખ વેઠી ત્યાંથી મરી મત્સ્યપણે ઉત્પન્ન થઈ. ત્યાંથી મરીને તે સાતમી નરકે ગઇ.

એમ રખડતાં દરેક ગતિમાં દરેક ઠેકાણે બબે વાર ઉત્પન્ન થઇ, મહાદુઃખ ભોગવીને, નરક, તીર્યંચ, પૃથિવી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ વગેરે દરેક સ્થળે અનેક વાર ઉત્પન્ન થઈ ઘણો કાળ સંસારમાં રખડી નાગશ્રીનો જીવ જમ્બૂદ્વીપના ભરત ક્ષેત્રમાં ચંપા નામે નગરીમાં સાગરદત્ત નામે સાર્થવાહને ઘરે ભદ્રા સ્ત્રીની કુખે પુત્રીપણે ઉત્પન્ન થયો. તેનું નામ સુકુમાલિકા પાડયું. જ્યારે તે પરણાવવાને યોગ્ય થઇ ત્યારે તે જ ચંપા-નગરીના જિનદત્ત નામે સાર્થવાહના સાગર નામે પુત્ર સાથે ઘરજમાઈ થઈને રહેવાની શરતે સુકુમાલિકાને પરણાવી. રાતના વખતે સાગરે જ્યારે સુકુમાલિકાના શરીરનો સ્પર્શ કર્યો ત્યારે તે સ્પર્શ એને એટલો બધો દુઃખદાયક લાગ્યો કે એક પલવાર પણ એના સહવાસમાં રહેવું એના કરતાં આપ-ઘાત કરીને મરવું તેને વધારે ઠીક લાગ્યું; એટલે કોઇને કહ્યા વિના જ છાની રીતે તે પોતાને ઘેર પિતા પાસે જતો રહ્યો. સવારમાં સુકુમાલિકાએ સાગર નાસી ગયાની વાત પોતાનાં માતાપિતાને કહી. સુકુમાલિકાના પિતાએ સાગરના પિતાની પાસે જઇને સાગરને પોતાને ત્યાં મોકલવા કહ્યું. જવાબમાં સાગરે પિતાને કહ્યું કે "જો આજ્ઞા કરો તો હું ગળે ફાંસો ખાઉં, ઝેર ખાઇ મરૂં, શસ્ત્રથી મરૂં અથવા તમે કહો તેવી રીતે મરણ કબૂલ કરું, પણ એ સુકુમાલિકાના શરીરનો સ્પર્શ તો નહિ જ કરૂં." સુકુમાલિકાના પિતા સર્વ પ્રકારે સાગરને સમજાવવામાં નિષ્ફળ થયા ત્યારે નિરાશ થઈને તે પાછા ઘેર આવ્યા.

પછી એક દિવસે એક ભિખારી જે સાગરદત્તને ઘેર ભીખ માગવા આવેલો તેને નવરાવી, સારાં વસ્ત્રાલંકાર પહેરાવી, સુકુમાલિકાના પતિ તરીકે રાખવામાં આવ્યો. વખત થયે જ્યારે તે ભિખારીએ સુકુમાલિકા પાસે જઈ તેના શરીરનો સ્પર્શ કર્યો ત્યારે તેને પણ સાગરની માફક જ શરીરમાં મહાવેદના ઉત્પન્ન થઈ અને ત્યાં રહીને વૈભવ ભોગવવા કરતાં ભીખ માગી ખાવી એ વધારે સારૂં છે, પણ સુકુમાલિકાના સહવાસમાં રહેવું સુખકર નથી, એમ ધારી સુકુમાલિકાને ઊંઘતી મૂકી દઈ પોતાનાં ભીખ માગવાનાં સાધનો લઈને તે પલાયન કરી ગયો. પાછળથી સુકુમાલિકા જ્યારે જાગી ત્યારે તેને ખબર પડી કે મારો બીજો પતિ પણ ચાલ્યો ગયો, અને તેથી તેના મનમાં ઘણો જ ખેદ થયો. તે આર્તધ્યાન કરવા લાગી. સવારમાં તે વાત તેનાં માતાપિતાએ જાણી, ત્યારે સુકુમાલિકાના પિતાએ કહ્યું કે, "પુત્રી! તારા કોઇ પૂર્વકૃત કર્મ જ એવા પ્રકારનાં છે કે કોઈ પણ તારો સહવાસ ચાહતા નથી. તો હવે તું આર્તધ્યાન મૂકી દાનશાળા માંડ અને કોઈ પણ દાનનો અર્થી આવે તેને તું દાન આપ. ખાસ કરીને અન્નક્ષેત્ર ચલાવી સર્વને ખોરાક આપવાનું કામ કર." પિતાની આજ્ઞા માની સુકુમાલિકા હમેશાં ભોજન તૈયાર કરાવીને અન્ન, પાણી, મીઠાઈ વગેરેનું દાન દેવા લાગી.

એક વખતે ગોપાલિકા નામે બહુશ્રુત આર્યા-સાધ્વીજી ઘણી શિષ્યાઓના સમૂહ સાથે ત્યાં પધાર્યાં અને તેમની શિષ્યાઓ ભિક્ષા અર્થે ફરતી ફરતી સુકુમાલિકાને ત્યાં આવી ચડી. સુકુમાલિકાએ અશનાદિ વહોરાવી પોતાના પતિ સાગરને વશ કરવાનો કોઇ મંત્ર યંત્રાદિ ઉપાય સાધ્વીજીને પૂછ્યો અને

આર્યાજીએ એ બાબત સાંભળવા પણ પોતે ઇચ્છે નહિ એમ કહી ધર્મદેશના દીધી. તે દેશના સાંભળી સુકુમાલિકા વૈરાગ્ય પામી. માતાપિતાની રજા લેઇ, ગોપાલિકા સાધ્વીજી પાસે તેણે દીક્ષા ગ્રહણ કરી. છઠ અઠમ આદિ તપશ્ચર્યા કરતાં સુકુમાલિકા સાધ્વીજીએ એક દિવસે પોતાનાં ગુરૂણી પાસે રજા માગી કે, "હું નગર બહાર એકાંત પણ ખુલ્લા મેદાનમાં સૂર્યની આતાપના લેતી અને ઉપવાસાદિ કરતી થકી રહું." ગુરૂણીએ કહ્યું કે "સાધ્વીને એ રીતે રહેવું કલ્પે નહિ. એવી આતાપના ભૂમિમાં તો સાધુ જ રહી શકે. માટે અહીંયા સ્થાન પર રહીને તપશ્ચર્યા કરો." ગુરૂણીની એ વાત સુકુમાલિકાને રૂચી નહિ, અને ગામની બહાર સુભૂમિભાગ ઉદ્યાનની નજીકમાં આવી, તેમણે ખુલ્લા પ્રદેશમાં તપસ્યા કરવા માંડી.

ચંપાનગરીમાં એક લલિતા નામે ટોળી હતી. રાજાએ પણ તેને કેટલીક છૂટ આપેલી, તેથી તે એક ઉદ્ધત્ત બનેલી ટોળી હતી. તેમાંના જુવાનો સ્વેચ્છાચારી અને અનાચારી હતા તથા કોઈની શિખામણ માનતા નહિ. વળી તેઓ ધનાઢ્ય હતા અને રાજાની તેની પ્રત્યે કૃપા હતી, એટલે તે ટોળીને કોઈ કહી શકતું નહીં. ચંપાનગરીમાં દેવદત્તા નામે એક વેશ્યા હતી તે વેશ્યા અને લલિતા ટોળીના પાંચ જણા એ સુભૂમિભાગમાં એકવાર ક્રીડા કરવા ગએલા તે પાંચેય ગોષ્ઠિક પુરૂષો દેવદત્તા વેશ્યા પ્રત્યે ઘણો આદરભાવ દાખવતા હતા અને તેની સાથે ક્રીડા કરતા હતા. સુકુમાલિકા સાધ્વીજીએ તેમને જોયા, અને તેમના મનની અસ્થિરતા થઈ. પરિણામે સંયમી વૃત્તિ ભુલાઈ ગઈ, અને ત્યાં જ નિયાણું કર્યું કે "જો મારા તપ સંયમનું ફળ હોય તો મને આવતા ભવમાં પાંચ પતિ મળે."

આવો સંકલ્પ કરી, તે આતાપના ભૂમિથી પાછાં ગુરૂણી પાસે આવી ગયાં. તે દિવસથી તેમણે શરીરની ખૂબ સશ્રૂષા કરવા માંડી. વારંવાર હાથપગ ધોવા, મસ્તક–મોઢું વગેરે વારંવાર ધોવાં, એવી શરીર સુશ્રૂષાથી તેમનું ચારિત્ર મલિન થવા લાગ્યું. ગુરૂણીએ તેમને તેમ કરવાની મના કરી અને લાગેલ દોષનું પ્રાયશ્ચિત્ત કરવાનું કહ્યું, પણ તે વાત તેમણે માની નહિ. તેથી બીજી સાધ્વીઓ સુકુમાલિકાનો અનાદર તથા અપમાન કરવા લાગી. એથી સુકુમાલિકાને દુઃખ લાગ્યું અને વિચાર થયો કે જ્યારે હું ગૃહસ્થાશ્રમમાં હતી ત્યારે સ્વતંત્ર હતી, અને આ દીક્ષા લઈને તો ઉલટી પરતંત્ર બની, માટે જ્યાં અનાદર થાય ત્યાં રહેવા કરતાં એકલા સ્વતંત્ર રહેવું એ વધારે ઠીક છે. બીજે દિવસે પોતાની ઈચ્છાનુસાર સુકુમાલિકા જુદા મકાનમાં એકલાં રહેવા લાગ્યાં. કોઈ પણ કહેનાર માથે ન હોવાથી સુકુ-માલિકા સાધ્વીજી સ્વેચ્છાચારો બની ગયાં, ખાવાપીવામાં ગૃદ્ધ બન્યાં અને અનેક પ્રકારના દોષો તેમના ચારિત્રમાં લાગી રહ્યાં. એવું દોષિત ચારિત્ર ઘણાં વર્ષ પાળી, અન્તે પોતાના દોષ–પાપની આલોચણા કર્યા વિના, પંદર દિવસનો સંથારો કરી, આયુષ્ય પૂર્ણ કરી, બીજા દેવલોકમાં દેવોની ગણિકા એવી દેવીપણે તે ઉત્પન્ન થયાં, જ્યાં નવ પલ્યની આયુષ્યની સ્થિતિ હતી.

જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રના પાંચાલ દેશમાં કાંપીલ્યપુર નામે નગર હતું, ત્યાં દ્રુપદ નામે રાજા હતા. તેમને ચુલણી નામે પટરાણી હતાં, અને ધૃષ્ટદ્યુમ્ન નામે યુવરાજ હતો. સુકુમાલિકા જે દેવી થયેલી હતી તે ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી એ દ્રુપદ રાજાને ઘરે ચુલણી રાણીની કુક્ષીએ પુત્રીપણે ઉત્પન્ન થઈ. જન્મ થયા પછી તેનું દ્રૌપદી નામ પાડ્યું. જ્યારે તે

યૌવનાવસ્થાને પામી અને વરાવવા લાયક થઈ ત્યારે દ્રુપદ રાજાએ તેનો સ્વયંવર રચ્યો. તે સ્વયંવરમાં આવવાને દ્વારિકાના શ્રીકૃષ્ણ મહારાજ, પાંડવો, યાદવના કુંવરો તથા અનેક રાજાઓને આમંત્રણ આપ્યું. આમંત્રણને માન આપી, દ્રૌપદીનાં રૂપગુણની ખ્યાતિ સાંભળી, ઘણા રાજાઓ સ્વયંવરના પ્રસંગે આવ્યા. શ્રીકૃષ્ણ મહારાજ, પાંડવો, યાદવકુમારો વગેરે આવ્યા. કાંપીલ્યપુર ગામની બહાર રાજાએ મોટો સ્વયંવર મંડપ રચાવ્યો. ત્યાં સર્વ રાજાઓ આવ્યા અને જેના પર દરેકનાં નામ લખ્યાં હતાં તેવાં આસનો પર પોતપોતાનાં નામ વાંચીને બેઠા.

દ્રૌપદી સ્નાન મંજન કરી, દેવની પૂજા અર્ચના કરી,* વસ્ત્રાલંકાર પહેરી, દાસીઓના પરિવાર સાથે રથ પર બેસી સ્વયંવર મંડપમાં આવી. તેણે રાજાઓ તથા રાજકુમારો વગેરેને જોયા અને તેમની ઓળખાણ લીધી. છેવટે સુકુમાલિકાના ભવમાં કરેલા નિયાણા–સંકલ્પના યોગે તેને પાંચ પાંડવો પ્રત્યે અનુરાગ થયો, પાંચે ભાઈ જે સાથે બેઠા હતા તે પાંચેના ગળામાં તેણે વરમાળા આરોપી, અને બોલી કે " આ પાંચે પાંડવો મારા પતિ. "

સ્વયંવર મંડપમાંથી રાજાઓ પોતપોતાને ઉતારે ચાલ્યા ગયા. દ્રૌપદી તથા પાંડવો પણ પોતપોતાને આવાસે ગયા.

* અહીં–મૂર્તિપૂજક ભાઈઓ તીર્થંકર દેવની મૂર્તિની પૂજા કર્યાનું કહે છે, જ્યારે અમૂર્તિપૂજક જૈનો કામદેવની પૂજા કર્યાનું કહે છે. જ્ઞાતા સૂત્રની જૂની પ્રતોમાં આ પ્રસંગે 'નમોત્થુણ'નો પાઠ નથી હોતો, જ્યારે પાછળથી લખાયેલી અને છપાયેલી પ્રતોમાં નમોત્થુણંનો પાઠ દાખલ થયેલો દેખાય છે. 'જિન' શબ્દનો અર્થ જ્યાં કામદેવ થાય ત્યાં તીર્થંકર સમજવાથી ભૂલ થઇ છે.

મોટી ધામધૂમથી દ્રુપદ રાજાએ પાંચ પાંડવો સાથે દ્રૌપદીનાં લગ્ન કર્યાં. લગ્ન થયા પછી પાંડવો, દ્રૌપદી, વગેરે હસ્તિનાપુર આવ્યાં. બીજા રાજાઓ દ્રુપદ રાજાનો સત્કાર વગેરે પામીને પોતપોતાના રાજ્યમાં પહોંચી ગયા.

પાંચે પાંડવો દ્રૌપદી સાથે રહી સંસારસુખ ભોગવવા લાગ્યા. એક દિવસે પાંડુ રાજા, કુંતા માતા, પાંચ પાંડવો અને દ્રૌપદી અંતઃપુરમાં સાથે બેઠાં હતાં. આનંદવિનોદ ચાલતો હતો. એવામાં નારદ ઋષિ ત્યાં આવ્યા. નારદનો સ્વભાવ કલેશપ્રિય હતો, છતાં તે બ્રહ્મચારી અને અનેક વિદ્યાના–શક્તિના ધારક હતા. આકાશમાર્ગેથી પાંડુ રાજાના મહેલમાં તે ઊતર્યા. નારદ મુનિને આવેલા જોઇને પાંડુરાજા, કુંતા માતા અને પાંડવો વગેરેએ પોતપોતાને આસનેથી ઊઠી તેમનો સત્કાર કર્યો. વંદન–નમસ્કાર કરી તેમને આસન પર બેસવા કહ્યું. નારદઋષિ આસન પર પાણી છાંટીને તે પર પોતાનું આસન પાથરીને બેઠા, અને પાંડુરાજા વગેરેને કુશળ સમાચાર પૂછ્યા. દ્રૌપદીએ નારદ ઋષિ વિધર્મી હોવાના કારણે સત્કાર ન કર્યો, અને વંદન–નમસ્કાર પણ કર્યા નહિ. આથી નારદ ઋષિ દ્રૌપદી પર રોષે ભરાયા, અને કોઇ પણ રીતે તેને દુઃખી કરવાનો દૃઢ સંકલ્પ કરીને થોડી વાર બેસી, વાતચીત કરીને ત્યાંથી ઊપડ્યા. જમ્બૂદ્વીપ લવણસમુદ્ર એ સર્વ મૂકીને ધાતકી ખંડ દ્વીપના દક્ષિણાર્ધ ભરતમાં અમરકંકા નામે નગરીમાં તે પહોંચ્યા. અમરકંકામાં પદ્મનાભ નામે મોટો રાજા હતો. તેને સાત સો રાણીઓ હતી, અને સુંનાભ નામે યુવરાજ હતો. તે રાજા સાત સો રાણીઓની વચમાં અંતઃપુરમાં બેઠેલો હતો. પદ્મનાભ રાજા વગેરેએ ઋષિનું સન્માન કર્યું, આસન પર બેસવા આમં-

ત્રણ આપ્યું, અને તેઓ બેઠા. રાજાએ બીજી કેટલીક વાતો કર્યા પછી નારદ ઋષિને પૂછ્યું કે "જેવું મારું અંતઃપુર શોભે છે એવું બીજે કયાંય તમે શોભતું જોયું છે?" નારદ ઋષિએ હસીને જવાબ આપ્યો કે "જમ્બૂદ્વીપમાં પાંચ પાંડવોને ત્યાં દ્રૌપદી રાણી છે, તેના ડાબા પગના આંગળાના નખમાં જે કાન્તિ છે, તેના સોમા અંશે પણ આ બધી રાણીઓનાં રૂપ આવી શકે નહિ." એમ કહીને ઋષિએ પદ્મનાભને ઉશ્કેર્યો અને પછી પોતે ચાલ્યા ગયા.

પદ્મનાભે મિત્રદેવનું આરાધન કરી, દેવને દ્રૌપદીનું અપહરણ કરી લાવવાનું કહ્યું. દેવે કહ્યું: "દ્રૌપદી સતી છે. તે તેના પતિ સિવાય અન્ય પુરૂષની સામે દૃષ્ટિ પણ ન કરે કે મનનો સંકલ્પ પણ ન કરે. તેનું અપહરણ કરાવવાથી પરિણામે તને લાભ નથી, પણ હાનિ જ છે, માટે એ વાત રહેવા દે." છતાં પદ્મનાભે કહ્યું: "એક વાર દ્રૌપદીને મારે ત્યાં લઈ આવો, પછી હું સમજી લઈશ." મિત્રધર્મના વચનથી બંધાએલા દેવે દ્રૌપદી રાત્રિના વખતે ઊંઘતાં હતાં ત્યારે તેમનું અપહરણ કરી અમરકંકા નગરીની બહાર અશોક વાડીમાં મૂકીને પદ્મનાભને તેની ખબર આપી અને પછી પોતે પોતાના સ્થાનકે ચાલ્યો ગયો. પાછળથી દ્રૌપદી જયારે જાગ્યાં ત્યારે તેમને જણાયું કે આ મારો મહેલ નથી; મને કોઈ અપહરીને અહીં લઈ આવેલ છે.

સવારમાં પદ્મનાભ રાજા સ્નાન કરી, વસ્ત્રાલંકાર પહેરી, દ્રૌપદીની પાસે ગયો અને દ્રૌપદીને ખેદ કરતાં જોઇને પ્રિય વચને કહેવા લાગ્યો કે "મેં મારા પૂર્વસંગતિ મિત્રદેવની માર્ફત તમને અહીં અપહરાવ્યાં છે. તમે ખેદ ન કરો અને

મારી સાથે સુખવૈભવ ભોગવી આનંદ કરો.” દ્રૌપદી સર્વ પરિસ્થિતિ સમજી ગયાં, અને અત્યારે આ રાજા સામે બળ કરવું નકામું છે તેમ વિચારીને વખત પસાર કરવા માટે કહ્યું કે “જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં દ્વારિકાનગરીમાં શ્રીકૃષ્ણ વાસુદેવ જે મારા પતિના ભાઈ થાય છે તે મારી વહારે જરૂર આવશે, એટલે છ માસ સુધી તેની રાહ જોઈશ. જો તે છ માસ પૂરા થતાં સુધીમાં નહિ આવે તો પછી તમે કહેશો તેમ કરવાનું વિચારીશ.”

પદ્મનાભના મનમાં નિશ્ચય હતો કે માત્ર દેવ સિવાય કોઈ પણ મનુષ્ય અહીં જમ્બૂદ્વીપથી આવી શકે નહિ તેથી છ મહીના ખમી ખાવું એ ઠીક છે, અત્યારે દ્રૌપદીનું મન કચવાવવું તે ઠીક નથી, અને ત્યાંથી કોઈ આવવાનું નથી. આ વિચારથી પદ્મનાભે દ્રૌપદીને કન્યાના અંતઃપુરમાં રાખ્યાં. દ્રૌપદી ત્યાં રહી છઠ–છઠનાં પારણાં અને પારણાના દિવસે આયંબિલ તપ કરવા લાગ્યાં.

હસ્તિનાપુરમાં યુધિષ્ઠિર રાજા જ્યારે જાગ્યા ત્યારે તેમણે દ્રૌપદીને જોયાં નહિ. તેમણે આસપાસ તપાસ કરાવી, પણ પત્તો ન મળ્યો, એટલે તેમણે માન્યું કે કોઈ દેવે એમનું અપહરણ કર્યું હોવું જોઈએ. પછી તેમણે પોતાના પિતા પાંડુ રાજાને એ વાત કરી. પાંડુ રાજાએ ગામમાં સાદ પડાવ્યો અને દ્રૌપદીના સાચા ખબર આપનારને ઈનામ આપવાનું જાહેર કર્યું. બીજી બાજુએ કુંતા માતાની માર્ફત દ્વારકાએ શ્રીકૃષ્ણ મહારાજને ખબર આપવામાં આવી, એથી શ્રીકૃષ્ણ મહારાજાએ પણ દ્રૌપદીની ઘણી તપાસ કરી, પણ કોઈ રીતે પત્તો ન લાગ્યો.

કેટલોક સમય વીત્યા પછી એક વખતે નારદ ઋષિ શ્રી કૃષ્ણ મહારાજ પાસે આવ્યા. શ્રી કૃષ્ણ મહારાજે તેમનો સત્કાર કર્યો. એકબીજાના કુશળ સમાચાર પૂછ્યા પછી વાતચિતમાં શ્રીકૃષ્ણ મહારાજે દ્રૌપદીના અપહરણની વાત કરી, ત્યારે નારદ ઋષિએ કહ્યું કે "હા! એક વખતે હું ધાતકીખંડ દ્વીપના ભરતક્ષેત્રની અમરકંકાએ ગયો હતો, ત્યાં પદ્મનાભ રાજાના અંતઃપુરમાં મેં દ્રૌપદીને જોયાં હતાં ખરાં." આ સાંભળીને તુર્ત જ શ્રીકૃષ્ણ વાસુદેવે કહ્યું કે "તો તે તમારૂં જ કામ. તમે જ અપહરણ કરાવ્યું!" આ સાંભળી નારદ ઋષિ ચેતી ગયા અને તુર્ત જ આકાશમાર્ગે પલાયન કરી ગયા.

શ્રીકૃષ્ણ મહારાજે હસ્તિનાપુરમાં ફોઈના પુત્ર પાંચ પાંડવોને ખબર આપ્યા કે દ્રૌપદી ધાતકીખંડ દ્વીપમાં અમરકંકાએ છે, તો તમો લશ્કર સહિત તૈયાર થઈને લવણસમુદ્રને કાંઠે મારી રાહ જોતા રહો, હું પણ ત્યાં આવું છું. એ પ્રમાણે ખબર મળવાથી પાંચે પાંડવો લશ્કર સહિત હસ્તિનાપુરથી રવાના થઈ લવણસમુદ્રના કાંઠે આવીને શ્રીકૃષ્ણ મહારાજની રાહ જોતા રહ્યા. શ્રી કૃષ્ણ મહારાજ પોતે તૈયાર થઇને સેના સહિત લવણસમુદ્રને કાંઠે આવી પાંડવોને મળ્યા, અને છાવણી નાંખી ત્યાં રહ્યા. શ્રીકૃષ્ણ મહારાજે અઠમ તપ કરી લવણસમુદ્રના અધિષ્ઠાતા દેવનું આરાધન કર્યું. અઠમ પૂરો થયે દેવ આવ્યો, અને પોતાને કેમ બોલાવ્યો તે પૂછ્યું. શ્રીકૃષ્ણ મહારાજે કહ્યું: "દ્રૌપદીને પદ્મનાભ રાજાએ કોઈ દેવ પાસે અપહરણ કરાવીને પોતાને ત્યાં રાખેલ છે, તેની વહારે અમારે જવું છે તો પાંચ પાંડવ અને છઠો હું, એમ છના રથ જવાને માટે લવણસમુદ્રમાં અમને માર્ગ આપો."

જવાબમાં દેવે કહ્યું: "જો આપને ત્યાં જવાની તસ્દી ન લેવી હોય તો જેવી રીતે પદ્મનાભના મિત્રદેવે દ્રૌપદીનું અપહરણ કરી તેની પાસે મૂકયાં, તેવી રીતે હું દ્રૌપદીજીને લઇને હસ્તિનાપુરમાં પાંડુ રાજાના મહેલમાં મૂકી દઉં અને વધુમાં પદ્મનાભ રાજાને તેનું અંતઃપુર, લશ્કર, ભંડાર અને આખી અમરકંકા નગરીને ઉપાડી આ લવણુસમુદ્રમાં ડૂબાડી દઉં." શ્રીકૃષ્ણ મહારાજે કહ્યું કે "એવું કાંઈ કરવું નથી. માત્ર અમને દરિયામાં માર્ગ આપો, જેથી અમે ત્યાં જઇને પોતે જ દ્રૌપદીને લઈ આવીશું."

લવણુસુષ્ઠિ દેવે લવણુસમુદ્રના પાણીમાં છ રથ જઈ શકે તેવો માર્ગ કરી આપ્યો. પોતાની સેનાને પાછી વાળી શ્રીકૃષ્ણ મહારાજ પાંચ પાંડવ સહિત ધાતકીખંડ દ્વીપમાં અમરકંકા નગરીની બહાર ઉદ્યાનમાં આવી રહ્યા. પછી શ્રી કૃષ્ણ મહારાજે પોતાના દારૂક નામે સારથીને તૈયાર કરી પદ્મનાભ રાજા પાસે મોકલ્યો અને કહેવરાવ્યું કે "હે પદ્મનાભ! મૃત્યુને ઇચ્છવાવાળા! લજ્જાથી રહિત! પુણ્યહીણા રાજા! તારા મૃત્યુએ જ અમને અહીં બોલાવ્યા હોય એમ જણાય છે. શ્રીકૃષ્ણ વાસુદેવનાં બહેન દ્રૌપદીનું અપહરણ કરાવીને તારા મૃત્યુને તેં આમંત્રણ આપ્યું છે, છતાં હજુ વખત છે. દ્રૌપદીને પાછી આપી ક્ષમા માગી જા, એટલે અમે ચાલ્યા જઈએ. અને તેમ કરવાની ઇચ્છા ન હોય તો લડાઇ કરવા તૈયાર થઇ બહાર આવ." કૃષ્ણ મહારાજે દારૂકને કહ્યું: "ડાબા પગની લાત પદ્મનાભના સિંહાસનને મારી, ભાલાની અણીએ આ લેખ એને આપજે અને તને મેં કહ્યા પ્રમાણે કહેજે."

દારૂક સારથીએ પદ્મનાભની કચેરીમાં જઈને પોતાની તરફનો વિનય કરી, પછી શ્રીકૃષ્ણ મહારાજનો આપેલ લેખ અને કહેલ સંદેશો તેમના કહેવા પ્રમાણે જ આપ્યો. તે સાંભળી પદ્મનાભ રોષે ભરાયો, અને દ્રૌપદીને પાછી નહિ આપવાનું કહી દૂત અવધ્ય છે એમ ધારીને દારૂકનું માત્ર અપમાન કરીને કાઢી મૂકયો. દારૂકે આવીને શ્રીકૃષ્ણ મહારાજને સર્વ વાતથી માહિતગાર કર્યા. પાછળથી પદ્મનાભ લશ્કર લઈને લડાઈ કરવા બહાર નીકળ્યો.

પ્રથમ પાંચ પાંડવો લડાઈ કરવા તૈયાર થયા, પણ રથમાં બેસતી વખતે વચન બોલવામાં ભૂલ્યા. તેઓ બોલ્યા કે, "આજે પદ્મનાભ રાજા અથવા અમે જીતશું અને બેમાંથી એક જીવતા રહીશું." પ્રથમ પોતાની જીત કહેવી જોઈતી હતી અને પદ્મનાભની હાર કહેવી જોઈતી હતી, તેને બદલે વિપરીત વાણી ઉચ્ચારવાથી અતિ બળવાન એવા પાંચ પાંડવો વચનથી હારેલા હોઇને પદ્મનાભના હલ્લાથી હારીને પાછા ભાગ્યા.

શ્રીકૃષ્ણ મહારાજે પાછા ભાગતા પાંડવોને ઊભા રાખ્યા. પાંડવો શરમાયા. વાસુદેવે ખુલાસો કર્યો કે "તમારૂં બળ અમંગળ વચન બોલવાથી હણાઈ ગયું છે. બીજું કાંઈ કારણ નથી. હવે જુઓ, હું પદ્મનાભને હરાવી દઉં છું." એમ કહી શ્રી કૃષ્ણ વાસુદેવે રથ તૈયાર કરાવી, રથમાં બેસતી વખતે 'હું, રાજા પદ્મનાભ નહિ' (અર્થાત્ હું જીતીશ, પદ્મનાભ નહિ) એમ કહી માત્ર એક જ વાર પંચજન્ય શંખનો નાદ કર્યો, એટલે પદ્મનાભના લશ્કરનો ત્રીજો ભાગ તો ખલાસ થયો! ત્યારપછી ધનુષ્યનો ટંકાર કર્યો, એટલે પદ્મનાભનું બાકીનું

જે લશ્કર હતું તેનો અર્ધો ભાગ નાશ પામ્યો. એ રીતે માત્ર એક ભાગનું લશ્કર રહ્યું અને બે ભાગનું નાશ પામ્યું.

આથી પદ્મનાભ રાજા હારી નિરાશ થઈને જીવવાની આશાએ પાછો નગરમાં જઇ ભરાઈ બેઠો અને નગરના દરવાજા બંધ કરી દીધા. તે વખતે શ્રીકૃષ્ણ મહારાજ રથમાં બેસી, શહેરના કિલ્લા પાસે આવી, રથથી હેઠા ઊતરી, નૃસિંહરૂપ ધારણ કરી, કિલ્લા નજીક પોતાના પંજાને સિંહનાદ સહિત પછાડયો. એ શબ્દના આઘાતથી અમરકંકા નગરીનો કિલ્લો અને દરવાજા તથા ઘણાં મકાનો જમીનદોસ્ત બની ગયાં. પદ્મનાભ ભય પામ્યો અને બચવાનો કોઇ ઉપાય છે કે નહિ, તે જાણવા માટે દ્રૌપદીના શરણે ગયો અને બચવાનો માર્ગ પૂછ્યો. દ્રૌપદીએ કહ્યું: " મેં તો પ્રથમથી જ તને કહ્યું હતું કે મને અહીં લાવવામાં તેં મોટી ભૂલ કરી છે પણ હવે એક જ માર્ગ છે. ઉત્તમ પુરૂષો શરણે આવેલાને મારતા નથી, તો તું સ્નાન કરી, ભીની સાડી ઓઢી, રાણીઓના પરિવાર સાથે મને આગળ રાખીને શ્રીકૃષ્ણ મહારાજ પાસે જઇ મને તેમને સોંપીને તેમને ચરણે પડ. એ બચવાનો ઉપાય છે. તે સિવાય કોઈ ઉપાય નથી. પદ્મનાભે તે પ્રમાણે કરી દ્રૌપદીને કૃષ્ણને સોંપ્યાં. શ્રીકૃષ્ણ મહારાજે શરણે આવેલાની ઘાત ન થાય એમ માની તેની નિર્ભ્રચ્છના કરી તેને રજા આપી, દ્રૌપદીને પાંડવોને સોંપ્યાં.

કાર્ય પતાવી છએ રથ પાછા વળ્યા, તે વખતે ધાતકીખંડ દ્વીપના પૂર્વ ભરતના દક્ષિણાર્ધ ભરતમાં ચંપા નગરી હતી, ત્યાં મુનિસુવ્રત નામે તીર્થંકરદેવ બિરાજતા હતા.

તેમની પાસે કપિલ નામે વાસુદેવ વ્યાખ્યાન સાંભળતા હતા. તે વખતે અમરકંકામાં શ્રીકૃષ્ણ મહારાજે કરેલા શંખનાદ સાંભળી કપિલ વાસુદેવ ચમકયા, અને તેમને વિચાર થયો કે એકી સાથે બે વાસુદેવ થાય જ નહિ અને આવો શંખનાદ વાસુદેવ સિવાય બીજો કોઈ કરી શકે નહિ, તો આ શું બન્યું ? એનો ખુલાસો શ્રી મુનિસુવ્રત અરિહંતદેવે તુર્ત જ કર્યો. પદ્મનાભે દ્રૌપદીનું અપહરણ કરાવ્યું અને છેવટે દ્રૌપદીને લઇને છએ રથ પાછા વળ્યા સુધીની સર્વ વાત તેમણે કહી. કપિલ વાસુદેવે કહ્યું કે "મહારાજ ! હું શ્રીકૃષ્ણ વાસુદેવને મારા મહેમાન તરીકે લઈ આવું." પ્રભુએ કહ્યું કે "એ કોઈ પણ કાળે બન્યું નથી, બનતું નથી અને બનશે પણ નહિ. બે વાસુદેવ કોઈ પણ વખતે એકઠા મળે નહિ, માટે તમે ભેગા નહિ થાવ. માત્ર બંને શંખનાદથી વાતચીત કરી શકશો અને તે પણ આશ્ચર્યભૂત ગણાશે."

કપિલ વાસુદેવ શ્રીકૃષ્ણ મહારાજ વગેરેને પાછા વાળવા ઉતાવળથી આવ્યા, પણ શ્રીકૃષ્ણ મહારાજ વગેરે લવણ-સમુદ્રમાં ઘણે દૂર નીકળી ગયા હતા, તેથી શંખદ્વારા એક બીજાએ વાતચીત કરી. પછી કપિલ વાસુદેવે અમરકંકાએ આવી પદ્મનાભને હકીકત પૂછી કે "આ નગરીના ગઢ વગેરે કેમ પડી ગયા છે ?" જવાબમાં પદ્મનાભ જૂઠું બોલ્યો કે "જમ્બૂદ્વીપમાંથી શ્રીકૃષ્ણ વાસુદેવ તમારૂં રાજ્ય લેવા આવેલા તેમને લડાઈ કરી પાછા વાળતાં આ નગરીની આ દશા થયેલ છે." કપિલ વાસુદેવ સત્ય બીના જાણતા હોવાથી પદ્મનાભની હકીકત જૂઠી જાણી, તેના પર ક્રોધ કરી, તેને દેશનિકાલ કર્યો અને પદ્મનાભના કુંવરને રાજગાદીએ બેસાડયો.

શ્રીકૃષ્ણ વાસુદેવ વગેરે ગંગા મહાનદીની પાસે આવ્યા ત્યારે પાંચ પાંડવોને આગળ જવાનું કહી પોતે લવણસુસ્થી દેવના અતિ આગ્રહને માન આપી તેને ત્યાં થોડી વાર જઈ આવવાનું કહ્યું. પાંચ પાંડવો હોડીમાં રથ સહિત બેસી ગંગા નદી ઊતરી આવી કાંઠે વાસુદેવની રાહ જોતા ઊભા, પણ શ્રીકૃષ્ણ વાસુદેવના બળની પરીક્ષા કરવા અને હાંસી કરવા માટે હોડીને પાછી ન મૂકતાં ત્યાં જ છુપાવી રાખી. પાછળથી શ્રી-કૃષ્ણ મહારાજે દેવને ત્યાં જઇને ગંગાને કાંઠે આવી હોડીની તપાસ કરી તો દીઠી નહિ, તેથી ધાર્યું કે અહીં હોડી નહિ હોય એટલે પાંચ પાંડવો પણ નદી તરીને ગયા જણાય છે, તો મારે પણ તેમ કરવું. એમ ધારી એક હાથથી ઘોડા રથ વગેરેને લીધા, અને બીજા હાથથી તે નદી તરવા લાગ્યા. નદીનો સાડી બાસઠ યોજનનો પહોળો પટ તરવાનો હતો. અર્ધી નદીએ આવતાં વાસુદેવને પરિશ્રમ જણાયો, એટલે ગંગા નદીનાં અધિષ્ઠાત્રી ગંગાદેવીએ આવી એક ઓટલો બનાવી દીધો, જેના પર વિશ્રાન્તિ થઈ અર્ધી નદી તરીને કાંઠે પહોંચ્યા અને પાંડવોને મળ્યા. શ્રીકૃષ્ણ મહારાજે પાંડવોને ધન્યવાદ આપ્યો કે “તમે તો સાડી બાસઠ યોજનની નદી એકદમ તરી આવ્યા, ત્યારે મને તો પરિશ્રમ પડયો અને વચમાં વિસામો લેવો પડયો.” પાંડવોએ સત્ય વાત જાહેર કરી કે, “અમે તો તમારી પરીક્ષા કરવા માટે હોડીને સંતાડી રાખી હતી, બાકી અમે તો હોડીમાં બેસીને આવ્યા છીએ, તરીને આવ્યા નથી.” આ સાંભળી શ્રીકૃષ્ણ વાસુદેવને ક્રોધ ચડયો અને પાંડવોને મારવા તે તૈયાર થયા. છેવટે દ્રૌપદીની પ્રાર્થનાથી તેમને માર્યા તો નહિ પણ પોતાની હદમાંથી જાકારો દીધો.

પછી શ્રીકૃષ્ણ મહારાજ પોતાનું લશ્કર સાથે લઈ દ્વારકા આવ્યા, પાંડવો હસ્તિનાપુર આવ્યા, અને પોતાના પિતા પાંડુ રાજાને પોતાને મળેલા દેશવટાની વાત કરી. દેશનિકાલ કરવાના કારણની વાત જાણી પાંડુરાજાએ પાંચે પુત્રોને તેઓએ કરેલી ભૂલને માટે ખૂબ ઠપકો આપ્યો. પાંડુરાજાએ કુંતાજીને દ્વારકા શ્રીકૃષ્ણ પાસે મોકલીને પૂછાવ્યું કે "તમે પાંચે ભાઈને દેશનિકાલ કર્યા છે, તે ભાઇઓ ક્યાં જઈને રહે? અર્ધા ભરતની બહાર જઈ શકાય તેમ નથી, અને અર્ધા ભરતમાં આપની આણ વર્તે છે, તો તેમણે જવું ક્યાં?" કુંતાજી દ્વારકા આવ્યાં. શ્રીકૃષ્ણ મહારાજે ફોઇનું સ્વાગત કર્યું, પછી આવવાનું કારણ પૂછ્યું. કુંતાજી પાંડવોને ક્યાં જઈને રહેવાનું પૂછ્યું, જવાબમાં શ્રીકૃષ્ણ મહારાજે કહ્યું કે "અમારું વચન અન્યથા ન થાય માટે દક્ષિણ દિશાએ સમુદ્રના કાંઠે જ્યાં પ્રથમ પાણી હતું ને હાલ નથી ત્યાં પાંડુ મથુરાનગરી વસાવીને રહે, પણ કોઈ દિવસે મારી નજરે ન પડે તેની સંભાળ રાખે." કુંતાજીએ હસ્તિનાપુર આવી એ પ્રમાણે કહ્યું, અને પાંચે પાંડવો પાંડુ મથુરાનગરી વસાવીને ત્યાં રાજ-સંપદા ભોગવતા સુખે રહેવા લાગ્યા.

સમય વીત્યે દ્રૌપદીને પુત્ર જન્મ્યો અને એનું પાંડુસેન નામ આપ્યું. તે યુવાવસ્થાએ પહોંચ્યો ત્યારે તેને યુવરાજ પદવી આપી. મહીમંડળમાં વિચરતા ધર્મઘોષ નામે સ્થવિર પાંડુ મથુરાએ પધાર્યા, પર્ષદા વાંદવા ગઈ, પાંડવો પણ ગયા. ધર્મદેશના સાંભળી પાંચે ભાઈઓ વૈરાગ્ય પામ્યા અને ઘેર આવી દ્રૌપદીને પોતાનો ચારિત્ર લેવાનો વિચાર જણાવ્યો. દ્રૌપદીએ પણ ચારિત્ર લેવા ઇચ્છા જણાવી. પાંડુસેન કુમારને રાજ્ય

સોંપી પાંચે પાંડવો અને દ્રૌપદીજી વગેરેએ ચારિત્ર અંગીકાર કર્યું. પાંડવોએ ચારિત્ર લઈ ચૌદ પૂર્વનો અભ્યાસ કરી ઘણાં વર્ષો સુધી છઠ અઠમ ચાર પાંચ ઉપવાસ વગેરેની તપશ્ચર્યા કરી. દ્રૌપદીજી પણ સુવ્રતા સાધ્વીજીનાં શિષ્યા બની અગીયાર અંગનો અભ્યાસ કરી ઘણાં વર્ષો સુધી વિવિધ તપશ્ચર્યા કરવા લાગ્યાં.

શ્રી નેમીનાથ પ્રભુ એ વખતે સૌરાષ્ટ્ર દેશમાં વિચરતા હતા. ધર્મઘોષ સ્થવિર અને પાંચ અણગાર પાંડવો વગેરે સૌરાષ્ટ્રમાં આવ્યા, અને નેમનાથ પ્રભુ સૌરાષ્ટ્રમાં વિચરતા હોવાના ખબર જાણ્યા. પાંચે અણગારોએ નિશ્ચય કર્યો કે સ્થવિર ગુરૂને પૂછી આજ્ઞા લઇને શ્રી નેમનાથ પ્રભુના દર્શન અર્થે આપણે જવું. ગુરૂએ અનુજ્ઞા આપી. પછી પાંચે પાંડવ અણગારોએ પ્રભુનાં દર્શન માટે વિહાર કર્યો. માસ માસખમણનાં તપ કરતા પાંચે અણગારો પ્રભુના દર્શન માટે જવા લાગ્યા. વિચરતાં વિચરતાં હસ્તિકલ્પ* નામે નગર હતું ત્યાં આવી ગામ બહાર સહસ્રામ્રવન નામના ઉદ્યાનમાં તેઓ ઊતર્યા.

એકદા માસખમણના પારણાના દિવસે સજ્ઝાય ધ્યાન કરીને ત્રીજે પહોરે યુધિષ્ઠિર અણગારની અનુજ્ઞા મેળવી બીજા મુનિઓ શહેરમાં પારણા માટે ગૌચરીએ ગયા. ગામમાં ફરતાં તેમણે ઘણાં માણસોને મોઢેથી સાંભળ્યું કે શ્રી નેમીનાથ પ્રભુ ગિરનાર પર્વત પર એક માસના સંથારાથી પાંચ સો છત્રીસ સાધુ સહિત મોક્ષે પધાર્યા. આ ખબર સાંભળી ચારે અણગારોએ ભિક્ષા પૂરી કર્યા વિના જ ઉદ્યાનમાં આવી યુધિષ્ઠિર

* હાલનું પાલીતાણા.

અણુગારને સર્વ વાત કહી. જે કાંઈ ભિક્ષા લાવ્યા હતા તે પરઠવી, પાંચે અણુગારો શત્રુંજય પર્વત પર જઈ, સંથારો કરીને આત્મવૃત્તિમાં રહ્યા. બે માસના સંથારાને અંતે પાંચે અણુગારો કેવળ જ્ઞાન કેવળ દર્શન પ્રાપ્ત કરી મોક્ષે પધાર્યા.

દ્રૌપદીજી સાધ્વી ઘણાં વર્ષનું ચારિત્ર પાળી અંતે એક માસનો સંથારો કરી સમાધિ પરિણામે આયુષ્ય પૂર્ણ કરી બ્રહ્મલોક નામે પાંચમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયાં, જ્યાં દસ સાગરોપમની સ્થિતિ રહેલી છે. દેવપણામાં રહી દસ સાગરનું આયુષ્ય ભોગવી, ત્યાંથી ચવીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્તમ કુળમાં ઉત્પન્ન થઈ, યોગ્ય ઉંમરે ચારિત્ર લઈ, સર્વ કર્મનો ક્ષય કરી તે સિદ્ધ પદને પામશે.

વળી પુંડરિક રાજા કુંડરિક ડગિયો જાણ,
પોતે ચારિત્ર લઈને ન ઘાલી ધર્મમાં હાણ. ૫૩
સર્વાર્થસિદ્ધ પહોંત્યા, ચવી લેશે નિર્વાણ,
ધી જ્ઞાતા સૂત્રમાં જિનવરે કર્યાં વખાણ. ૫૪

* * *

પુંડરિક–કુંડરિક

જમ્બૂદ્વીપના પૂર્વમહાવિદેહમાં પુષ્કરાવતી વિજય નામે ખંડ હતો તેમાં પુંડરકિણી નામે સુરમ્ય નગરી હતી. તે નવ યોજન-૩૬ ગાઉની પહોળી અને ૧૨ યોજન-૪૮ ગાઉની લાંબી હતી. તે નગરીની બહાર ઈશાન કોણમાં નલિનીવન નામે ઉદ્યાન હતો. તે નગરીમાં મહાપદ્મ નામે રાજા હતો, અને તેને

પદ્માવતી નામે રાણી હતી, તેમજ પુંડરિક અને કુંડરિક નામે બે કુંવરો હતા, તેમાં પુંડરિક યુવરાજ પદવીવાળો હતો. એક વખતે ધર્મઘોષ નામે સ્થવિર પાંચ સો શિષ્યના પરિવારે ત્યાં પધાર્યા, અને નલિનીવન ઉદ્યાનમાં ઊતર્યા. ગુરૂને વાંદવા માટે પર્ષદા અને મહાપદ્મ રાજા વગેરે આવ્યા. દેશના સાંભળી વૈરાગ્ય પામી મહાપદ્મ રાજાએ યુવરાજ પુંડરિકને રાજ્યસંપદા આપી પોતે ચારિત્ર લઈ, ચૌદ પૂર્વનો અભ્યાસ કરી, ઘણાં વર્ષનું ચારિત્ર પાળી, સર્વ કર્મનો ક્ષય કરી, તે સિદ્ધિપદને પામ્યા.

પુંડરિક રાજા થયો અને કુંડરિક યુવરાજ થયો. કેટલોક સમય વીત્યા પછી ફરી તે સ્થવિર મહારાજ પુંડરકિણી નગરીએ પધારી નલિનીવન ઉદ્યાનમાં ઊતર્યા. રાજા યુવરાજ વગેરે ધર્મદેશના સાંભળવા ગયા. ધર્મદેશના સાંભળી પુંડરિકે શ્રાવકધર્મ સ્વીકાર્યો અને કુંડરિકે વૈરાગ્ય પામી મોટા ભાઈની અનુજ્ઞા મેળવી સ્થવિરની પાસે ચારિત્ર અંગીકાર કર્યું. ચારિત્ર લઇ અગીયાર અંગનો અભ્યાસ કરી ગુરૂની સાથે તે દેશાંતરમાં વિચરવા લાગ્યા. વિહારમાં કુંડરિકને અરસ–નીરસ આહારાદિ કરતાં શરીરે દાહ-જ્વરનો વ્યાધિ ઉત્પન્ન થયો. વળી ફરતા ફરતા ગુરૂની સાથે કુંડરિક અણગાર પુંડરકિણી નગરીએ પધાર્યા. પુંડરિક રાજાએ કુંડરિક અણગારનું શરીર વ્યાધિગ્રસ્ત જોઈ ગુરૂને વિનંતી કરી કે "આપ શહેરમાં મારી યાન(રથ)શાળામાં પધારો તો કુંડરિક અણગારને ઔષધોપચાર થઈ શકે." ગુરૂ વિનંતી સ્વીકારી ગામમાં પધાર્યા અને કુંડરિકને ઉપચાર કરાવ્યા. પરિણામે વ્યાધિ મટી ગયો.

પછી ગુરૂએ ત્યાંથી વિહાર કર્યો. કુંડરિક અણગારે ખાન-

પાનમાં લુબ્ધ થઈને વિહાર કરવામાં પ્રમાદ કર્યો અર્થાત્ વિહાર ન કર્યો. એથી પુંડરિક રાજાએ અંતઃપુર સહિત કુંડરિક અણુ-ગાર પાસે આવી વંદન વિધિ કરીને કહ્યું કે, "અહો! આપને ધન્ય છે, આપ કૃતાર્થ છો, પુણ્યવંત છો, આપે ચારિત્ર લઈને જીવ્યું સફળ કર્યું છે, કારણકે આપે રાજ્ય અંતઃપુર સર્વ પરથી મોહ ઉતારી દીધો અને પરમ કલ્યાણકારક પ્રવ્રજ્યા અંગીકાર કરેલ છે. મહારાજ! હું અધન્ય છું, પુણ્યરહિત છું, મોહથી ભરેલ છું કે જેથી રાજ્યમાં લુબ્ધ થયો છું, કામભોગ-માં લપટાયો પડ્યો છું." એમ ફરી ફરી ત્રણ વખત કહેવાથી કુંડરિક મુનિ લજ્જા પામ્યા, વિહાર કરવાની ઈચ્છા ન હોવા છતાં ત્યાંથી વિહાર કરી ગુરૂ સાથે ભળી ગયા. કેટલોક વખત ગુરૂની સાથે કુંડરિક વિચર્યા, પણ સાધુપણાથી તેમનું મન કંટાળ્યું, એટલે શિથિલાચારી થઈ, ગુરૂથી જુદા પડી, પુંડરકિણી નગરીએ આવી રાજમહેલ પાસે અશોકવાડી હતી ત્યાં આવીને વૃક્ષની નીચે બેસી આર્તધ્યાન કરવા લાગ્યા. તે વખતે પુંડરિક રાજાનાં ધાવમાતા કાર્યપ્રસંગે અશોકવાડીમાં આવ્યાં, ત્યાં તો કુંડરિકને આર્તધ્યાન કરતા જોયા. તુર્ત જ તેમણે રાજાને તે ખબર આપી. પુંડરિક રાજાએ દોડતા આવી, વંદન કરી, પ્રથમની માફક જ તમે ધન્ય છો વગેરે કહ્યું, પણ આ વખતે તે કથનની કાંઇ અસર ન થઈ ત્યારે પુંડરિકે પૂછ્યું: "શું તમારે રાજ્ય વૈભવ ભોગવવાની ઇચ્છા છે? સંસારના કામભોગ ભોગવવાની ઇચ્છા છે?" કુંડરિકે હા પાડી. એ જ વખતે પુંડરિક રાજાએ રાજના કર્મચારીઓને બોલાવી ધામધૂમપૂર્વક કુંડરિકને રાજા પદવી આપી, અને કુંડરિકનો જે સાધુનો વેશ વસ્ત્ર પાત્ર હતાં, તે પોતે લઇ ચારિત્ર ગ્રહણ કર્યું. એ જ વખતે પોતે અભિગ્રહ

કર્યો-પ્રતિજ્ઞા કરી કે "મારે સ્થવિર ગુરૂમહારાજનાં દર્શન કરી, તેમના શ્રીમુખેથી ચારિત્રધર્મ લીધા પછી આહાર કરવો, ત્યાં-સુધી આહાર કરવો કલ્પે નહિ." તુર્ત જ પુંડરકિણીથી વિહાર કરી ગ્રામાનુગ્રામ ફરતા જ્યાં સ્થવિર ગુરૂમહારાજ હતા ત્યાં પુંડરિક મુનિ પહોંચ્યા, અને પોતે પોતાની મેળે તો ચારિત્ર લીધું હતું છતાં ફરી ગુરૂ મહારાજ પાસે ચારિત્ર લીધું. પછી છઠના પારણે અરસ નીરસ અને ટાઢો ખોરાક મળ્યો. કોઇ પણ જાતના રાગદ્વેષ વિના તે આહાર કર્યો. પણ તેવો ખોરાક ખાવાને નહિ ટેવાયલા જઠરને ખોરાક અનુકૂળ ન થયો-પચ્યો નહિ. તેથી શરીરમાં મહાવેદના ઉત્પન્ન થઇ. તેમણે વિચાર્યું કે હવે આ વેદનાના પરિણામે મારૂં જીવન ટકશે નહિ, એટલે તુર્ત જ એમણે અરિહંત સિદ્ધ અને ગુરૂ વગેરેને નમસ્કાર કરી વ્રતો અને અઢાર પાપસ્થાનક વગેરેની આલોયણા કરી, સમાધિ પરિણામે દેહાધ્યાસથી મુક્ત થઇ, આયુષ્ય પૂર્ણ કરી, સર્વાર્થસિદ્ધ નામે પાંચમા અનુત્તર મહાવિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા, જ્યાં તેત્રીસ સાગરોપમનું આયુષ્ય છે. ત્યાંથી ચવી મહાવિદેહ ક્ષેત્રમાં ઉચ્ચ કુળમાં ઉત્પન્ન થઈ, વ્યવહારનાં સંપૂર્ણ સુખ પામી, યોગ્ય ઉંમરે ચારિત્ર લઇ, તપશ્ચર્યાદિ કરી, સર્વ કર્મને ક્ષય કરી, અન્તે તે પરમ પદને પામશે.

કુંડરિક જે હજાર વર્ષ સુધીનું સાધુપણું મૂકીને રાજા થયો હતો તે જેમ કોઈ ભિક્ષુકને કોઇ દિવસ ન મળતો હોય તેવો ભારે ખોરાક મળતાં અકરાંતિયો થઈને ખાય અને પચા-વવાની શક્તિ ન હોય તેથી પછી રોગનો ભોગ બને, તેમ રાજ્યનો ભારે ખોરાક પણ વધુ પડતો ખાવા લાગ્યો અને પચા-

વવાની શક્તિ ન રહેલી હોવાથી તેને દાહજ્વર પેદા થયો. માત્ર અઢી દિવસની રાજસંપદા અને તે પણ વ્યાધિવાળી સ્થિતિમાં ભોગવી આર્ત ધ્યાનથી હાય વોય કરીને તે દુષ્ટ અધ્યવસાયથી, મલિન વિચારથી, રાજ્ય–સ્ત્રી વગેરેમાં અતિ આસક્તપણાની ભાવનામાં જ મરીને સાતમી નરકે નારકીપણે ઉત્પન્ન થયો. ત્યાં પણ તેત્રીસ સાગરનું આયુષ્ય છે.

બંને ભાઈઓ તેત્રીસ–તેત્રીશ સાગરના આયુષ્યે ઉત્પન્ન થયા, પણ એક પૂર્ણ સુખમાં, બીજો પૂર્ણ દુઃખમાં.

ગૌતમાદિક કુંવર, સગા અઢારે ભ્રાત,
સર્વ અંધક વિણ્ણુસુત, ધારિણી જ્યારી માત. ૫૫
તજી આઠ અંતેઉરી, કાઢી દીક્ષાની વાત,
ચારિત્ર લેઈને, કીધો મુક્તિનો સાથ. ૫૬

* * *

શ્રી ગૌતમકુમાર આદિ

હરેક રીતે સુંદર દ્વારિકા નામે નગરી હતી. તેના ઈશાન ખૂણા બાજુ રેવતગિરિ (ગિરનાર) પર્વત હતો. તેની બાજુમાં નન્દનવન નામે બગીચો હતો. એ દ્વારિકા નગરીમાં અર્ધ ભરતનું આધિપત્ય ભોગવતા શ્રીકૃષ્ણ નામે વાસુદેવ રાજ્ય કરતા હતા. એ જ દ્વારિકામાં તે સમયે અન્ધકવિષ્ણુ નામે રાજા હતો, જેને ધારિણી નામે રાણી હતી, તે રાણીને દસ કુંવર હતા, તેમનાં નામઃ (૧) ગૌતમ કુમાર, (૨) સમુદ્ર કુમાર, (૩) સાગર કુમાર, (૪) ગંભીર, (૫) સ્થિતિમિત, (૬) અચળ, (૭) કપીલ, (૮) અક્ષોભ, (૯) પ્રસેનજીત અને (૧૦) વિષ્ણુ.

ગૌતમ કુમાર યુવાવસ્થાએ પહોંચ્યા ત્યારે આઠ ઉત્તમ રાજાઓની આઠ કન્યાઓ સાથે એક જ દિવસે અને એક જ સાથે તેમનાં લગ્ન કર્યાં. માતાપિતાએ આઠ-આઠ દાતિ આપી. મનુષ્ય લોકમાં પણ ગૌતમ કુમાર દેવ જેવાં સુખ ભોગવવા લાગ્યા. એ વખતે શ્રી નેમનાથ પ્રભુ દ્વારિકા નગરીએ પધારી નન્દન વનમાં બિરાજ્યા. તેમની દેશના સાંભળવા શ્રીકૃષ્ણ મહારાજ અને બીજા રાજાઓ તથા રાજપુરૂષો ઉલ્લાસપૂર્વક ગયા. શ્રી ગૌતમ કુમાર પણ પ્રભુની દેશના સાંભળવા આવ્યા. દેશના સાંભળી ગૌતમ કુમારને વૈરાગ્ય ઉત્પન્ન થયો. ઘેર આવી દીક્ષા માટે માતાપિતાની અનુજ્ઞા માગી. માતાપિતાએ તેમને ગૃહસ્થાશ્રમમાં રાખવા માટે અનેક પ્રકારનાં સંસારનાં પ્રલોભનો અને સંયમનાં કષ્ટો બતાવ્યાં. ગૌતમ કુમારે તેના શાન્ત પણ સચોટ જવાબ આપ્યા અને પરિણામે માતાપિતાની અનુજ્ઞા મેળવી મોટી ધામધૂમથી શ્રી નેમનાથ પ્રભુ પાસે તેમણે દીક્ષા ગ્રહણ કરી.

ચારિત્ર ગ્રહણ કરી પ્રભુ નેમનાથના શિષ્યો તથા સ્થવિર અણગાર પાસે અગીયાર અંગાદિનો તેમણે અભ્યાસ કર્યો અને પછી શ્રી સ્કંદક મુનિ માફક દુષ્કર તપશ્ચર્યા કરી. તપશ્ચર્યાથી શરીર ક્ષીણ થતાં પ્રભુની અનુજ્ઞા મેળવી શ્રી શત્રુંજય પર્વત પર સ્થવિરોની સાથે જઇ, પોતે પાદોપગમન સંથારો પાળી, આયુષ્ય પૂર્ણ કરી, એકંદરે ૧૨ વર્ષનું ચારિત્ર પાળી, સર્વ કર્મનો ક્ષય કરી, પરમ પદને પામ્યા.

શ્રી ગૌતમ કુમારની પેઠે જ બીજા નવે ભાઇઓનો સંસારત્યાગનો અને પરમ પદપ્રાપ્તિનો વૃત્તાંત સમજી લેવો.

શ્રી અન્ધક વિષ્ણુ રાજા અને ધારિણી રાણીના બીજા આઠ પુત્ર હતા, તેમનાં નામઃ (૧) અક્ષોભ, (૨) સાગર, (૩) સમુદ્ર-વિજય, (૪) હિમવંત, (૫) અચલ, (૬) ધરણ, (૭) પુરણ, અને (૮) અભિચંદ્ર. એ આઠેનો જીવનવૃત્તાંત પણ ગૌતમ કુમાર માફક જ સમજવો. બીજા ભાઈઓએ બાર વર્ષ ચારિત્ર પાળ્યું હતું, ત્યારે આ આઠ ભાઈઓએ સોળ વર્ષ ચારિત્ર પાળ્યું હતું. તેઓ શત્રુંજય પર્વત પર સંથારો કરી એક મહીનાનો સંથારો પાળી છેવટે સર્વ કર્મનો ક્ષય કરી પરમ પદને પામ્યા.

શ્રી અનિકસેનાદિક છએ સહોદર ભાય,
વસુદેવના નંદન, દેવકી જયારી માય. ૫૭
ભદ્દિલપુર નગરી, નાગ ગાહાવઈ જાણ,
સુલસા ઘેર વધિયા, સાંભળી નેમની વાણ. ૫૮
તજી બત્રીસ અંતેઉરી, નીકળીયા છડકાય,
નળ કુબેર સમાણા, ભેટયા શ્રી નેમના પાય. ૫૯
કરી છઠ છઠ પારણાં, મનમેં વૈરાગ્ય લાય,
એક માસ સંથારે, મુગતિ બિરાજ્યા જાય. ૬૦

* * *

અનિકસેન–આદિ

જે વખતે પ્રભુ નેમનાથ વિચરતા હતા તે વખતે ભદ્દિલ-પુર નામે નગર હતું. તે નગરના ઈશાન કોણમાં શ્રીવન નામે ઉદ્યાન હતો. તે નગરમાં જિતશત્રુ રાજા રાજ્ય કરતા હતા. તે ભદ્દિલપુર નગરમાં નાગ નામે ગાથાપતિ (મોટા કુટુંબનો

ધણી) રહેતો હતો, તેને સુલસા નામે સ્ત્રી હતી. સુલસાથી ઉત્પન્ન થએલા નાગ ગાથાપતિને અનિકસેન નામે કુમાર હતા.

અનિકસેન કુમાર જ્યારે યુવાવસ્થાએ પહોંચ્યા ત્યારે તેમનાં માતાપિતાએ તે કુમારને સરખાં વય રૂપવાળી મોટા શેઠોની બત્રીસ કન્યાઓ એક દિવસે પરણાવી અને એકસો આઠ–એકસો આઠ વસ્તુઓ દાયજામાં આપી. અનિકસેન કુમાર મનુષ્ય-ભવમાં દેવલોકનાં જેવા સુખો ભોગવી રહ્યા. એવા સમયે તે નગરીની બહાર શ્રીવન ઉદ્યાનમાં શ્રી નેમનાથ પ્રભુ પધાર્યા. રાજા વગેરે નગરજનો પ્રભુની દેશના સાંભળવા ગયા. અનિકસેન કુમાર પણ દેશના સાંભળવા ગયા અને પરિણામે ચારિત્ર ગ્રહણ કરી, ચૌદ પૂર્વનો અભ્યાસ કરી, વીસ વર્ષની દીક્ષા પાળી, છેવટે સિદ્ધપદને પામ્યા. એવી જ રીતે બીજા તેમના પાંચ ભાઈ (૧) અનંતસેન, (૨) અજિતસેન, (૩) અનિહતરિપુ, (૪) દેવસેન અને (૫) શત્રુસેન હતા, તેમણે પણ ચારિત્ર અંગીકાર કરીને પરમ પદની પ્રાપ્તિ કરી.

વળી દારુક સારણ સુમુખ દુમુખ મુનિરાય,
વળી કુમર અનાદૃષ્ટિ, ગયા મુક્તિગઢ માંય. ૬૧

* * *

સારણ કુમાર–આદિ

દ્વારિકા નગરીમાં વસુદેવ રાજા હતા અને ધારિણીદેવી નામે રાણી હતાં. તેમને સારણ કુમાર નામનો પુત્ર હતો. યુવાવસ્થાએ પહોંચતાં તેને પાંચ સો કન્યાઓ એક દિવસે પરણાવવામાં આવી અને તેને પાંચ સો–પાંચ સો દાત આપી.

પછી સારણ કુમારે વૈરાગ્યવાસિત મન થતાં નેમનાથ પ્રભુ પાસે દીક્ષા લીધી અને શત્રુંજય પર એક માસના સંથારે સિદ્ધ થયા.

એ જ રીતે વસુદેવ અને ધારિણી રાણીના બીજા કુમારો સુમુખ કુમાર, દુર્મુખ કુમાર, કુબેર કુમાર, દારૂક કુમાર અને અનાદૃષ્ટિ કુમાર હતા. તેમણે સંસારસુખ ભોગવી, મન વૈરાગ્ય વાસિત થતાં નેમનાથ પ્રભુ પાસે દીક્ષા લીધી, ચૌદ પૂર્વનો અભ્યાસ કર્યો અને એક માસને સંથારે શત્રુંજય પર સિદ્ધ થયા.

વસુદેવના નંદન, ધન્ય ધન્ય ગજસુકુમાલ,
રૂપે અતિ સુંદર, કલાવંત વય બાલ. ૬૨
શ્રી નેમિ સમીપે, છોડયો મોહજંજાળ,
ભિક્ષુની પડિમા, ગયા મસાણ મહાકાળ. ૬૩
દેખી સોમિલ કોપ્યો, મસ્તકે બાંધી પાળ,
ખેર તણા ખીરા, શિર ઠવિયા અસરાળ. ૬૪
મુનિ નજર ન ખંડી, મેટી મનની જાળ,
પરિષહ સહીને, મુગતિ ગયા તત્કાળ. ૬૫

* * *

શ્રી ગજસુકુમાલ

જે વખતે દ્વારિકા નગરીમાં શ્રીકૃષ્ણ મહારાજ રાજ્ય કરતા હતા, ત્રણ ખંડના ભોક્તા હતા, શ્રી નેમનાથ પ્રભુ વિદ્યમાન વિચરતા હતા, તે વખતે એક વાર પ્રભુ વિચરતા વિચરતા શ્રી દ્વારિકા નગરીએ પધાર્યા અને નન્દવનમાં સમવસર્યા.

પ્રભુની સાથે છ મુનિઓ હતા કે જેઓ છએ સગા ભાઈ હતા. આકૃતિએ, અવસ્થાએ અને શરીરના સર્વ દેખાવે તેઓ એકસરખા જ હતા. જ્યારે તે ભાઈઓએ એકી સાથે દીક્ષા લીધી ત્યારે તેમણે એવો નિશ્ચય કર્યો કે જીવન પર્યન્ત છએ જણે છઠ-છઠનાં પારણાં કરવાં, એ પ્રતિજ્ઞા પ્રમાણે તેઓ વર્તવા લાગ્યા. એક વખતે છઠના પારણાના દિવસે ગૌચરીના સમયે પ્રભુ નેમનાથની અનુજ્ઞા માગી દ્વારિકામાં સાધુઓને કલ્પતા કુળમાં બબ્બે સાધુઓ સાથે ત્રણ વિભાગમાં વહેંચાઈ જુદા જુદા ગૌચરી-ભિક્ષાર્થે ફરતા હતા. તેમાંના બે સાધુઓ શ્રીકૃષ્ણ મહારાજનાં માતુશ્રી દેવકીરાણીના મહેલે ભિક્ષા અર્થે પધાર્યા. મુનિવરોને દેખીને દેવકીરાણી અતિ હર્ષિત થયાં અને મુનિઓનું સ્વાગત કરી સિંહ કેસરીયા મોદક થાળ ભરીને ઉત્કૃષ્ટ ભાવથી વહોરાવ્યા.

તે મુનિવરો ગયા પછી બીજા બે મુનિવરો પણ અકસ્માત રીતે એ જ દેવકીજીને ત્યાં વહોરવા પધાર્યા. દેવકીજીએ એમનો પણ ઉત્કૃષ્ટ ભાવથી સત્કાર કરી એમને પણ એ જ લાડુ વહોરાવ્યા. તેઓ ગયા પછી ત્રીજા બે સાધુઓ પણ ફરતા ફરતા અજાણતાં દેવકીજીને ત્યાં પધાર્યા. એ મુનિઓને જોઈને દેવકીજીને વિચાર થયો કે "એના એ જ બે મુનિઓ આ ત્રીજી વાર મારે ત્યાં વહોરવા અર્થે પધાર્યા છે. જોકે મારે તો આજે ધન્ય ભાગ્ય કે વારંવાર મારે ઘેર મુનિનાં પગલાં થયાં અને મને તેઓને પ્રતિલાભવાનો લાભ મળ્યો, પણ એના એ મુનિઓ ત્રણ ત્રણ વખત વહોરવા આવે તે મુનિવરો માટે આશ્ચર્ય જેવું છે, તેમ જ ન બનવા જેવું છે." એમ વિચારતાં પ્રથમની માફક જ ઉત્કૃષ્ટ ભાવથી પ્રથમ આપેલ લાડુમાંથી

જે વધ્યા હતા તેમાંથી મુનિને ખપ પૂરતા તેમણે મુનિઓને વહોરાવ્યા. પછી વિનયપૂર્વક ભક્તિભાવથી શ્રી દેવકીજીએ મુનિને વંદન કરી પૂછ્યું કે "મુનિવરો! આપ મારે ત્યાં ત્રણ ત્રણ વખત વહોરવા પધાર્યા એથી મને તો મહાલાભ મળ્યો છે, પણ આપના સાધુધર્મ માટે મને આશ્ચર્ય થાય છે, તો તેનું કારણ સમજાશો?" જવાબમાં મુનિઓએ કહ્યું: "માજી! દ્વારિકા નગરી એવી વિશાળ છે કે ગમે તેટલી સંખ્યામાં સાધુ સાધ્વીને નિર્દોષ આહાર પાણી મળી રહે છે, એટલે બીજી વાર એકના એક ઘરે જવાની જરૂર પડતી નથી; પરન્તુ તમને જે અમને જોઈને શંકા ઉત્પન્ન થઈ છે તે શંકા થવી સ્વાભાવિક છે. હકીકત એ છે કે ભદ્દિલપુર નગરના નાગ નામે ગાથાપતિને ઘેર સુલસા સ્ત્રીથી ઉત્પન્ન થએલા અમો છ ભાઇઓ એક જ સરખા છીએ. અમારાં શરીર રૂપ રંગ આકૃતિ સર્વ સરખાં છે. અમે છએ પ્રભુ નેમનાથ પાસે દીક્ષા લીધા પછી જીવન પર્યન્ત છઠ છઠનાં પારણાં કરવાની પ્રતિજ્ઞા કરી છે. આજે છઠનું પારણું હોવાથી અમે બબેના જોડે ત્રણ સંઘાડે ગૌચરી અર્થે નીકળ્યા છીએ, અને એક બીજાને ખબર વિના અમે અકસ્માત રીતે જુદા જુદા તમારે ત્યાં ભિક્ષા માટે આવી ચડ્યા હોઇશું માટે એકના એક ફરી વાર આવ્યાની શંકા મનમાં ન રાખશો." આ પ્રમાણે ખુલાસો કરવાથી દેવકીજીને એ બાબતનો સંતોષ થયો, અને મુનિ પાસે ક્ષમાયાચના કરી. મુનિવરો પોતાને સ્થાને પધાર્યા.

પાછળથી શ્રી દેવકીજીને એવો સંકલ્પ ઉત્પન્ન થયો કે બહુ વખત પહેલાં પોલાસપુર નગરમાં શ્રી અઇમુત્તા અણગારે મને કહ્યું હતું કે "હે દેવકીજી! આ ભરતક્ષેત્રમાં તમે

એક જ એવાં માતા છો કે જેને આઠ પુત્ર થશે અને તે આઠે પુત્ર નળ કુબેર સમાન અને એકસરખા જ. એક જોયા પછી બીજાને જુવે તો તે ભૂલી જાય; એવા પુત્રોને જન્મ આપનાર બીજી કોઈ માતા નહિ હોય." આ પ્રમાણે તેમણે કહેલું તે શું તેમનું કહેલું અસત્ય થયું? આજે મેં જોએલા છ મુનિવરો છ ભાઈ જેવા, અઈમુત્તા અણગારે કહ્યા હતા તેવા જ છે, અને તે તો સુલસાના પુત્રો છે, એટલે એવી બીજી માતા પણ છે ખરી કે જેણે એક સરખા પુત્રોને જન્મ આપેલ છે? સત્ય શું હશે? મુનિનું કહેલું તો જૂઠું ન હોય, જ્યારે મેં નજરે જોયા તે પણ સત્ય છે."

એ પ્રમાણે વિચાર કરતાં દેવકીજીને સર્વજ્ઞ પ્રભુ નેમનાથ પાસે જઈ આ સંશયનું નિવારણ કરવાનો વિચાર થયો, અને તુર્ત જ રથમાં બેસી તે પ્રભુ પાસે આવ્યાં. યથાવિધિ વંદન કરીને પ્રભુને પોતાના મનનો સંશય પૂછવા જતાં હતાં ત્યાં પ્રભુએ પોતે જે ઇચ્છાથી દેવકીજી આવેલાં હતાં તે સર્વ હકીકત કહી, અને પછી તેની શંકાનું સમાધાન કરતાં કહ્યું કે: "ભદ્દિલપુર નગરમાં નાગ નામે ગાથાપતિ રહેતા હતા તેમને સુલસા નામે સ્ત્રી હતી. તે સુલસાને કોઈ નિમિત્તીઆએ કહેલું કે તને સંતાનો થશે પણ મરેલાં બાળકો જન્મશે." આ ઉપરથી પુત્રસુખની વાંચ્છનાવાળાં સુલસા બાલ્ય કાળથી હરિણગમેષી દેવનું પૂજનભક્તિ કરતાં હતાં. હરિણગમેષી દેવે સુલસાની ભક્તિથી પ્રસન્ન થઈ તેમને પુત્રસુખવાળાં બનાવવા માટે વિચાર કર્યો, પણ મૃત પુત્રને જન્મ આપવાના સુલસાના દોષને તે દૂર કરી શકે તેમ ન હોવાથી, તેણે બીજાના બાળકને લઈ આવવાનો વિચાર કર્યો. યોગાનુયોગે

હે દેવકીજી! તમે અને એ સુલસા સાથે જ ગર્ભ ધારણ કરતાં અને બાળકજન્મ પણ સાથે જ થવા લાગ્યો. એ વખતે સુલસાની ભક્તિથી પ્રસન્ન થએલ હરિણગમેષી તમારા બાળકને સુલસા પાસે મૂકે અને સુલસાના મૃત બાળકને તમારી પાસે મુકે. એથી તમને એમ સમજાયું કે મને મૃત બાળક આવેલ છે અને સુલસાને એમ થયું કે મને બાળક જીવતું અવતર્યું છે. આવી રીતે તમારા છ કુંવરોની જન્મતી વખતે જ અદલાબદલી થઈ. એ છએ કુંવરોએ સુલસાને ઘેર વૃદ્ધિ પામી અન્તે દીક્ષા લીધી. એ તે જ છ મુનિઓ કે જે આજે તમારે ઘેર અજાણતાં ગૌચરી માટે આવ્યા હતા. તે તમારા જ કુંવરો છે, અને અઇમુત્તા મુનિએ જે કહેલું તે સંપૂર્ણ સત્ય થયું છે.”

પ્રભુ પાસેથી પુત્રકથા સાંભળી, પ્રભુને વંદન કરી, દેવકીજી એ છએ મુનિઓને વંદન કરવા ગયાં. તે વખતે પુત્રોને જોઇને દેવકીજીમાં માતૃત્વની પ્રબળ ભાવના જાગૃત થવાથી શરીર પ્રફુલ્લિત બન્યું. ફરી પ્રભુને વંદન કરી દેવકીજી પોતાને આવાસે આવ્યાં. દેવકીજી પોતાના શયનભુવનમાં જઇ શય્યા ઉપર બેસી ખેદ કરવા લાગ્યાં કે ધન્ય છે તે સ્ત્રીને કે જે પોતાના બાળકને રમાડે, નવરાવે, સ્તનપાન કરાવે, કાલી કાલી ભાષામાં વાતો કરે. હું પુણ્યહીણી છું કે મને બાળક રમાડવાનો લ્હાવો જ મળ્યો નહિ. આ પ્રમાણે ખેદ કરતી વખતે શ્રીકૃષ્ણ વાસુદેવ મહારાજ માતા દેવકીજીને પાયવંદન કરવા આવ્યા. માતાને ખેદ કરતાં જોઈ તેમણે ખેદનું કારણ પૂછ્યું અને દેવકીજીએ ખેદનું કારણ તથા તે ઉત્પન્ન થવાનું નિમિત્ત વગેરે કહી સંભળાવ્યું. શ્રીકૃષ્ણ મહારાજે માતાને આશ્વાસન સાથે વચન

આપ્યું કે: "માતા ! આપ એ ખેદ ન કરો. હું આપની એ હોંશ પૂરી થાય તેમ કરીશ." શ્રીકૃષ્ણ મહારાજ પોતાના વિચારભુવનમાં આવી કયા રસ્તે માતાની હોંશ પૂરી કરવી તેનો વિચાર કરવા લાગ્યા. વિચારને અંતે નિશ્ચય કર્યો કે આ કાર્ય મનુષ્યશક્તિની બહારની વાત છે, દેવથી તે સ્હેજે બની શકે તેમ છે, માટે દેવનું આરાધન કરવું જોઈએ. એવો નિશ્ચય કરી પોષધશાળામાં આવી અઠમ પોષધ કરી હરિણૈગમેષી દેવનું તેમણે આરાધન કર્યું. અઠમના અંતે દેવ પ્રત્યક્ષ થયો, અને શામાટે પોતાનું સ્મરણ કર્યું એમ પૂછ્યું. જવાબમાં શ્રીકૃષ્ણ મહારાજાએ પોતાને નાના ભાઈ હોવાની ઈચ્છા જણાવી અને તે પૂરી કરવા કહ્યું. દેવે પોતાના અવધિજ્ઞાનથી જોયું તો હજુ દેવકીને એક પુત્રનો યોગ છે એમ જાણીને શ્રીકૃષ્ણ મહારાજને કહ્યું કે: "આપને એક નાના ભાઈનો લાભ મળશે પણ તે યુવાન ઉંમરે પહોંચતાં જ દીક્ષા લઈ આત્મકલ્યાણ કરશે." એ પ્રમાણે કહી દેવ સ્વસ્થાનકે ગયો અને શ્રીકૃષ્ણ મહારાજે પૌષધ પાળી દેવકીજી પાસે આવી સર્વ હકીકત કહી. દેવકીજી એ વાત સાંભળી સંતોષ પામ્યાં.

સમય વીત્યે એક રાત્રે દેવકીજીને સિંહનું સ્વપ્ન આવ્યું અને પુણ્યવંત જીવ તેમના ગર્ભમાં આવીને ઉત્પન્ન થયો. યથાસમયે દેવકીજીએ જેના શરીરનો રંગ લાલ છે તેવા સુકોમળ કુંવરને જન્મ આપ્યો. શ્રી વસુદેવજી (શ્રીકૃષ્ણના પિતા) અને શ્રીકૃષ્ણ મહારાજે મળી તે કુંવરનો જન્મ મહોત્સવ કર્યો, અને બારમે દિવસે કુંવરનું નામ ગજસુકુમાલ પાડ્યું. સંપૂર્ણ સુખસાધનોમાં ગજસુકુમાલની વૃદ્ધિ થવા લાગી. અનુક્રમે તે યૌવન વયને પામ્યા. એ જ દ્વારિકા નગરીમાં

વેદ આદિનો જાણુ, ઋદ્ધિવંત અને બ્રાહ્મણશાસ્ત્રનો જાણકાર એવો સોમીલ નામે બ્રાહ્મણ રહેતો હતો. તેને સોમશ્રી નામે સ્ત્રી હતી અને સોમા નામે પુત્રી હતી. સોમા રૂપ ગુણથી યુક્ત હતી, અને યૌવનની નજીક પહોંચી હતી. એક દિવસે સોમા સ્નાન વગેરે કરી, વસ્ત્રાલંકાર પહેરી, દાસીઓને સાથે લઇ, સોનાના તારથી ગુંથેલા દડાથી રમતી હતી. એ વખતે દ્વારિકા નગરીની બહાર નન્દનવનમાં બિરાજતા શ્રી નેમનાથ પ્રભુને વંદન કરવા શ્રીકૃષ્ણ મહારાજ ગજસુકુમાલ વગેરે સહિત જતા હતા. રસ્તામાં ક્રીડા કરતી સોમાકુમારીને જોઈ શ્રી કૃષ્ણ મહારાજે પોતાના નાના ભાઇ ગજસુકુમાલ માટે સોમીલ પાસે તેની માગણી કરી. સોમીલે તે માગણી હર્ષથી સ્વીકારી, એટલે તુર્ત જ સોમાકુમારીને કુંવારાપણામાં અંતેઉરમાં મોકલી દીધી.

શ્રીકૃષ્ણ મહારાજ ગજસુકુમાલ આદિ પ્રભુની દેશના સાંભળી સ્વસ્થાનકે ગયા. ગજસુકુમાલે પ્રભુની દેશના સાંભળી, વૈરાગ્ય પામી, માતાપિતાની પાસે દીક્ષા માટે અનુજ્ઞા માગી. માતાપિતાએ તેમજ શ્રીકૃષ્ણ મહારાજે ચારિત્રની મુશ્કેલી અને ગૃહસ્થપણાના વૈભવો વગેરે બતાવ્યું, પણ ગજસુકુમાલ વૈરાગ્યથી ચલિત ન થયા. છેવટે માતાપિતાના સંતોષ અર્થે એક દિવસનું રાજ્ય કરી ગજસુકુમાલે પ્રભુ નેમનાથ પાસે મોટી ધામધુમથી ચારિત્ર લીધું.

જે દિવસે શ્રીગજસુકુમાલે દીક્ષા લીધી, તે જ દિવસે મધ્યાહ્ન સમય પછી શ્રી નેમનાથ પ્રભુ પાસે જઈ યથાવિધિ વંદન નમસ્કાર કરી શ્રી ગજસુકુમાલે વિનંતિ કરી કહ્યું કે

"હે પ્રભુ! જો આપની અનુજ્ઞા હોય તો એક રાતની બારમી પડિમા આદરી મહાકાળ સ્મશાનમાં રહું." અનંતજ્ઞાની પ્રભુએ ગજસુકુમાલનું આયુષ્ય પૂરૂં થવાનું નિમિત્ત અને સિદ્ધપદે પહોંચવાનો સમય વગેરે જાણીને ગજસુકુમાલને તેમની ઇચ્છા પ્રમાણે વિહરવાને અનુજ્ઞા આપી કે: "જેમ સુખ ઊપજે તેમ કરો." પ્રભુની અનુજ્ઞા મેળવી ગજસુકુમાલ મુનિએ પ્રભુ પાસેથી નીકળી મહાકાળ સ્મશાનમાં આવી સાધુની બારમી પડિમા આદરી. એક પદાર્થ પર દૃષ્ટિ સ્થિર કરી તે ધ્યાનસ્થપણે ઊભા રહ્યા.

ગજસુકુમાલે દીક્ષા લીધા પહેલાં એ જ દિવસે લગ્નપ્રસંગે યજ્ઞ કરવા માટે સામગ્રી લેવા સોમીલ બ્રાહ્મણ નીકળેલો તે સંધ્યાસમયે પાછો ફર્યો. મહાકાળ સ્મશાનની નજીકના રસ્તે થઈને જતાં તેણે ગજસુકુમાલને સ્મશાનમાં મુનિ થઈ ધ્યાન ધરી ઊભેલા જોયા, અને* પૂર્વ ભવના વૈરને કારણે પોતાની કુંવારી પુત્રીનો ભવ બાળ્યો એમ માની તેને ગજ-

* આ પૂર્વ ભવના વૈરની વાત એમ છે કે પૂર્વ ભવે ગજસુકુમાલ એક ગૃહસ્થ હતો અને તેને બે સ્ત્રીઓ હતી. તેમાંની એક સ્ત્રીને પુત્ર હતો અને બીજી પુત્રહીન હતી. એક વાર પુત્રના માથામાં અત્યંત દર્દ થતું હતું, તેથી ગજસુકુમાલે કોઇ વૈદ્યને પૂછીને પોતાની બીજી પત્ની કે જે પુત્રની ઓરમાન માતા હતી તેને સૂચના કરી કે છોકરાને ગરમગરમ માંડો માથે બાંધજો એટલે દર્દ મટી જશે. ઓરમાન માતાએ ઇર્ષાને વશ બની રોટલાના ગરમ માંડાને બદલે રોટલાનો ગરમગરમ પિંડ છોકરાને માથે બાંધ્યો તેથી છોકરો મૃત્યુ પામ્યો. બીજે ભવે એ છોકરાનો જીવ કે જે સોમીલ બ્રાહ્મણ થયો હતો તેણે ગજસુકુમાલને માથે અંગારા ભરીને વેર વાળ્યું.

સુકુમાલ પર અત્યંત રોષ ઉત્પન્ન થયો. તેણે નજીકના પાણીવાળા સ્થળેથી લીલી માટી લાવી ગજસુકુમાલના માથા પર ફરતી પાળ કરીને સ્મશાનમાં જલતા ખેરના અંગારા લાવી મુનિને માથે ભરી દીધા, અને પોતાના કૃત્યથી પોતે ભય-ત્રાસ પામીને ઘર તરફ તુર્ત જ પલાયન કરી ગયો. મુનિને અસહ્ય વેદના થવા લાગી, છતાં मनसापि अपउस्समाणे-મનથી પણ રોષ ન કર્યો. તેમને આત્મા અને શરીરની ભિન્નતાનું પૂરેપૂરૂં ભાન હતું. એમણે વિચાર્યું કે—

ગીતિ

બળવાનું તે બળે છે, નાશવંતનો નાશ જરૂર થાયે,
હું તો અજર અમર છું, વિચારતાં એમ કેવળ પદ પાયે.

અતિ વેદના સમભાવે સહન કરી ગજસુકુમાલ મુનિ અંતે કેવળ જ્ઞાન-કેવળ દર્શન પામી એ જ વખતે સિદ્ધ પદને પામ્યા.

બીજે દિવસે શ્રીકૃષ્ણ મહારાજ પ્રભુ નેમનાથને વંદન કરવા આવ્યા, ત્યારે ગજસુકુમાલ મુનિ ક્યાં છે તેની પૂછા કરી. પ્રભુએ કહ્યું કેઃ "તે તો પોતાનું કાર્ય કરી ગયા, અને તેના કાર્યમાં એક મનુષ્યે સહાય કરી છે." એમણે સોમીલનું નામ આપ્યા વિના ગજસુકુમાલ મુનિ પોતા પાસેથી રજા લઈને ગયા તે મોક્ષે પહોંચ્યા ત્યાંસુધીની બધી વાત કરી. એ સાંભળી કૃષ્ણ વાસુદેવને ક્રોધ ઉત્પન્ન થયો અને પોતાના ભાઈનો ઘાત કરનાર કોણ છે તે જાણવા માટે પ્રભુની પાસે નામ આપવાની વિનંતિ કરી. જવાબમાં પ્રભુએ કહ્યું કે "તમે દ્વારિકામાં પ્રવેશ કરી જે રસ્તેથી રાજમહેલમાં જતા હશો, તે રસ્તે આવનાર મનુષ્ય તમને જોઈ

ભયથી પછડાઈને મૃત્યુ પામે તે જ મનુષ્યે ગજસુકુમાલ મુનિને પોતાના આત્મકાર્યમાં સહાય કરેલી છે તે જાણજો."

પ્રભુની પાસેથી એ હકીકત સાંભળી, પ્રભુને વંદન કરી, શ્રીકૃષ્ણ વાસુદેવ દ્વારિકામાં આવ્યા. તે વખતે સોમીલને થયું કે શ્રીકૃષ્ણ વાસુદેવ પ્રભુ નેમનાથ પાસે ગએલા છે અને પ્રભુ જ્ઞાની છે તો સર્વ વાત કરશે, એટલે શ્રીકૃષ્ણ મહારાજ મને બહુ જ ત્રાસ દઈને મારશે; તો તેઓ ગામમાં આવે તે પહેલાં હું નાસી છૂટું. એમ ધારી ગામ બહાર નાસી જવા માટે તે રસ્તે જ નીકળ્યો. શ્રીકૃષ્ણ મહારાજને જોઈને તે ભય પામ્યો અને ભયના આવેગથી જમીન પર પછડાયો તથા મૃત્યુ પામ્યો. શ્રીકૃષ્ણ મહારાજે એને ઓળખ્યો, પણ તે તો મૃત્યુ પામ્યો હતો, એટલે પોતે વિશેષ કાંઈ કરી શકે તેમ ન હતું.

ધન્ય જાલી મયાલી, ઉવયાલાદિક સાધ,
સાંબ ને પ્રદ્યુમન, અનિરુદ્ધ સાધુ અગાધ. ૯૬
વળી સચ્ચનેમિ, દઢનેમિ, કરણી કીધી અબાધ,
દશે મુગતે પહોંત્યા, જિનવર વચન આરાધ. ૯૭

* * *

જાલીકુમાર આદિ

બાવીસમા તીર્થંકર શ્રી નેમનાથ પ્રભુ વિચરતા હતા, ત્યારે દ્વારિકા નગરીમાં વસુદેવ રાજા અને ધારિણી નામે રાણી હતાં. તેમને જાલીકુમાર નામે પુત્ર હતો. યૌવન વયે પરણી, સંસાર સુખો ભોગવી, નેમનાથ પ્રભુની દેશના સાંભળી તેમણે દીક્ષા

લીધી. સંયમ દશામાં વિહરતાં એક માસનો સંથારો કરી તે શત્રુંજય પર પરમ પદને પામ્યા.

દ્વારિકામાં શ્રીકૃષ્ણ અને રુક્મિણી રાણીના કુમારો મયાલી કુમાર, ઉવજાલી કુમાર, પુરિશસેન કુમાર, વારિસેન કુમાર અને પદ્મકુમાર હતા. તેમણે યૌવન વયે શ્રી નેમનાથ પ્રભુની દેશના સાંભળી સંયમ લીધો અને સંથારો કરી તેઓ શત્રુંજય પર પરમ પદને પામ્યા.

શ્રીકૃષ્ણ અને જમ્બૂવતીના પુત્ર સાંબ કુમાર તથા પ્રદ્યુમ્ન અને વૈદર્ભીના પુત્ર અનિરુદ્ધ કુમાર અને સમુદ્રવિજય તથા શિવાદેવીના પુત્રો સત્યનેમી કુમાર તથા દ્રઢનેમી કુમાર પણ નેમનાથ પ્રભુની દેશના સાંભળી વૈરાગ્ય પામ્યા અને યૌવન વયે દીક્ષા લઈ, સંથારો કરી શત્રુંજય પર પરમ પદને પામ્યા.

ધન્ય અર્જુન માળી, કીધો કદાગ્રહ દૂર,
વીરપેં વ્રત લેઇને, સત્યવાદી હુવા શૂર. ૬૮
કરી છઠછઠ પારણાં, ક્ષમા કરી ભરપૂર,
છ માસની માંહિ, કર્મ કર્યાં ચકચૂર. ૬૯
કુંવર અઇમુત્તે દીઠા ગૌતમ સ્વામ,
સુણી વીરની વાણી, કીધાં ઉત્તમ કામ. ૭૦
ચારિત્ર લેઈને પહોંત્યા શિવપુર ઠામ,
વળી આદિ મકાઈ, અન્ત અલખમુનિ નામ. ૭૧

* * *

મકાઈ ગાથાપતિ

સુંદર અને સુશોભિત રાજગૃહ નગરમાં શ્રેણિક નામે રાજા રાજ્ય કરતા હતા. તે નગરની બહાર ઈશાન કોણમાં ગુણશીલ નામે સુંદર ઉદ્યાન હતો. રાજગૃહ નગરમાં મકાઈ નામે ગાથાપતિ રહેતા હતા. તે ઋદ્ધિવંત અને કોઈથી પરાભવ ન પામે તેવા હતા. ગુણશીલ ઉદ્યાનમાં એક વખતે પ્રભુ મહાવીર મોટા શિષ્યસમુદાય સહિત પધાર્યા. ગામમાં ખબર થઈ. રાજા અને પ્રજા ઉત્સાહપૂર્વક પ્રભુનાં દર્શન કરવા અને તેમની અમૃતમય વાણીનું શ્રવણ કરવા આવ્યા. દેવો પણ આવ્યા. તે સર્વની સમક્ષ પ્રભુએ ધર્મદેશના દીધી. સહુ યથાશક્તિ ત્યાગ વૈરાગ્યને આચરી પોતપોતાને સ્થાને ગયા.

મકાઈ ગાથાપતિ પણ દેશના સાંભળવા આવેલા, તેમણે દેશના સાંભળી, વૈરાગ્ય પામી, ઘેર જઈ, પોતાના મોટા પુત્રને કુટુંબનો ભાર સોંપી, મોટી ધામધૂમપૂર્વક પ્રભુ પાસે આવી દીક્ષા લીધી. દીક્ષા લઈ, પ્રભુ મહાવીરના સ્થવિર પાસે અગીયાર અંગનો અભ્યાસ કરી, શ્રી સ્કંધકજીની પેઠે તપશ્ચર્યાદિથી શરીર શુષ્ક બનાવી, સોળ વર્ષનું ચારિત્ર પાળી, વિપુલ પર્વત પર સંથારો કરી, તે સિદ્ધ ગતિને પામ્યા.

વિક્રમ ગાથાપતિ

વિક્રમ ગાથાપતિનો સર્વ વૃત્તાંત ઉપર જણાવેલા મકાઈ ગાથાપતિની માફક જ જાણવો. તે પણ ચારિત્ર પાળી સિદ્ધ ગતિને પામ્યા.

અર્જુન માળી

રાજગૃહ નગર હતું, ગુણશીલ ઉદ્યાન હતો, શ્રેણિક નામે રાજા અને ચેલણા નામે રાણી હતાં; તેઓ સુખ સંપદા ભોગવી રહ્યાં હતાં. એ નગરમાં અર્જુન નામે માળી રહેતો હતો. તેને બન્ધુમતી નામે સ્વરૂપવતી સ્ત્રી હતી. અર્જુન માળીનો રાજગૃહ નગરની બહાર એક પુષ્પનો સુંદર અને વિશાળ બગીચો હતો. તે ફૂલઝાડથી એટલો બધો ઘેરો હતો કે દૂરથી કાળી ઘટા લાગે. હંમેશાં પાંચે રંગનાં ફૂલોથી પ્રફુલ્લિત અને આનંદિત કરનાર એવો એ બગીચો હતો. બગીચામાં મોગરપાણિ યક્ષનું મંદિર હતું. તેમાં મોગરપાણિ (જેના હાથમાં મોગર–મુદ્ગલ રહેલું છે તે) યક્ષની પ્રતિમા હતી. વંશપરંપરાથી અર્જુન-માળીના કુટુંબમાં યક્ષનું પૂજન અર્ચન ભક્તિભાવથી થતું હતું. અર્જુન માળી પણ બાલ્યાવસ્થાથી એ યક્ષની પૂજા–અર્ચના કરતો હતો. યક્ષના હાથમાં જે મોગર હતું તે એક હજાર* પલના વજનનું હતું. ફૂલની છાબ ભરી, યક્ષની મૂર્તિનું શુદ્ધોદકથી પ્રક્ષાલન કરી, અગર વગેરેના ધૂપ વડે તે તેનું પૂજન કરતો હતો. એ એનો નિત્ય ક્રમ હતો.

એ જ રાજગૃહ નગરમાં લલિતા નામે ટોળીના છ મિત્રો–ગોઠિલ પુરૂષો રહેતા હતા. તેઓ ઋદ્ધિવંત હતા અને અપરાભૂત હતા. તેઓ સ્વચ્છંદી અને સ્વેચ્છાચારી પણ હતા. તેમને શુભાશુભ કામ કરવામાં કોઈનો ડર ન હતો. તેઓ સ્વચ્છંદે

* પાંચ રતિનો એક માસો, સોલ માસાનો એક સોનૈયો (અર્થાત્ ત્રણ ટાંકનો એક સોનૈયો) અને ચાર સોનૈયાનો એક પલ એવા એક હજાર પલનું મુદ્ગલ.

હંમેશાં ક્રીડા અને મોજ કરતા હતા. એક વખતે રાજગૃહ નગરમાં કોઈ ઉત્સવનો પ્રસંગ હતો. એ દિવસે અર્જુન માળી સવારના પહોરમાં બન્ધુમતી સ્ત્રીને સાથે લઇ, પોતાના પુષ્પોદ્યાનમાં આવ્યો અને પુષ્પોદ્યાનમાંથી તે પતિપત્ની ફૂલો વીણવા લાગ્યાં. એ વખતે લલિતા ટોળીના છ મિત્રો પણ એ જ ઉદ્યાનમાં ક્રીડા કરવા આવેલા. તેમણે બન્ધુમતીને જોઈ અને તેના રૂપમાં આસકત બની નિશ્ચય કર્યો કે આ અર્જુન માળીને એ મંદિરમાં જાય કે તુર્ત જ બાંધી લઈ આપણે બન્ધુમતી સાથે વિષયભોગ કરીએ. છએ જણાએ એવો નિશ્ચય કરી અર્જુન માળીના પહેલાં યક્ષના મંદિરમાં દાખલ થઈ તેઓ છૂપાઈ રહ્યા. પાછળથી બન્ધુમતી સહિત અર્જુન માળી મંદિરમાં આવી યક્ષનું પુષ્પો વગેરેથી પૂજન કરી, નત મસ્તકે નમસ્કાર કરવા લાગ્યો. એ વખતે પેલા છએ મિત્રો જુદાજુદા સ્થળેથી એકી સાથે હલ્લો કરી, અર્જુન માળીને પકડી, તેને થાંભલા સાથે મજબૂત બંધને બાંધીને બંધુમતી સાથે વિષયભોગ ભોગવવા લાગ્યા.

આ દેખાવ જોઇ અર્જુન માળીને દુઃખ ઉત્પન્ન થયું અને પોતાના પૂજનીય યક્ષને તેણે મનથી ઠપકો આપ્યો કે “ જે યક્ષની હું બાલ્યાવસ્થાથી જ પૂજા-અર્ચના કરૂં છું તે જ યક્ષની સમક્ષ મારી આ સ્થિતિ થાય છે, તો જરૂર અહીં યક્ષ હાજર નથી, પણ માત્ર લાકડાની મૂર્તિ જ છે. જો પોતે શાશ્વત હોય તો જરૂર મને છોડાવે.” યક્ષે અર્જુન માળીના આ મનોગત ભાવને જાણી તુર્ત જ તેના શરીરમાં પ્રવેશ કર્યો અને અર્જુન માળીનાં બંધનો તૂટ્યાં. તે દેવપ્રતિષ્ઠિત અર્જુન માળીએ મુદ્દગર વડે પેલા છએ મિત્રોને અને બંધુમતીને એમ સાતે જણને ત્યાં જ મૃત્યુને શરણે પહોંચાડી દીધાં.

અર્જુન માળી કે જેના શરીરમાં મોગરપાણિ યક્ષનો વાસો હતો. તે હાથમાં મુદ્ગર લઈ રાજગૃહ નગરની આસપાસ ફરવા લાગ્યો અને હમેશાં છ પુરુષ અને એક સ્ત્રીનો ઘાત કરવા લાગ્યો. આથી નગરમાં ત્રાસ વર્તી ગયો. રાજા શ્રેણિકે નગરરક્ષકોને બોલાવી, ગામમાં સાદ ફેરવાવ્યો કે કોઈ પણ કામ પ્રસંગે નગરજનોએ નગર બહાર જવું નહિ.

એ રાજગૃહ નગરમાં સુદર્શન નામે ગાથાપતિ રહેતા હતા. તે ધનાઢ્ય અને બીજા કોઇથી પરાભૂત ન થાય તેવા હતા. સુદર્શન શ્રમણોપાસક-શ્રાવક હતા. તેમણે જીવાદિ નવ તત્ત્વનું જાણપણું કરેલું હતું અને પોતાને મળેલી સંપદા-માંથી ૧૪ પ્રકારનાં દાન દેતા થકા તે સુખે રહેતા હતા.

એક વખત રાજગૃહ નગરની બહાર ગુણશીલ બગીચામાં શ્રી મહાવીર દેવ પધાર્યા. રાજગૃહમાં એની જાણ થઇ, પણ અર્જુન માળીના ભયથી કોઇએ નગર બહાર નીકળી પ્રભુનાં સાક્ષાત્ દર્શન કરવા જવાની હિંમત ન કરી. એક વખતે સુદ-ર્શને પ્રભુનાં દર્શન કરવા જવાનો નિશ્ચય કરી, માતાપિતાની રજા માગી. માતાપિતાએ અર્જુન માળીનો ભય બતાવી જવાની ના પાડી, પણ તેમની પત્નીએ હા પાડી. પછી સુદર્શન માતા-પિતાને સમજાવી દર્શન કરવા જવાને તૈયાર થયા. સ્નાનાદિ કરી, શુદ્ધ વસ્ત્રાલંકાર પહેરી, પ્રભુનાં દર્શન અર્થે તે નિકળ્યા. નગરજનોએ પણ ના પાડી છતાં તે શહેર બહાર નીકળ્યા.

મોગરપાણિ યક્ષના મંદિરના ઓટલા પાસે થઈને ગુણશીલ બગીચામાં જવાનો રસ્તો હોવાથી સુદર્શન શેઠ એ યક્ષના મંદિર પાસે પહોંચ્યા કે તુર્ત જ અર્જુન માળી કે જેના શરીરમાં

યક્ષનો પ્રવેશ હતો તે સુદર્શનને જોતાં જ ધુત્કાર કરી હાથમાં મુદ્દગર લઈ સુદર્શનને મારવા તૈયાર થયો. તે વખતે સુદર્શને ત્યાં જ જગ્યાને વસ્ત્રથી સાફ કરી, વસ્ત્ર બિછાવી, પોતે સાગારી સંથારો–અનશન કરીને બેસી ગયા. મનમાં જરા પણ ભય વિના શાન્તિથી બેઠા. અર્જુન માળીએ સુદર્શનની નજીક આવી તેને મારવા માટે મુદ્દગર ઉપાડયું પણ સુદર્શનની સામે નજર કરી તો સુદર્શનના સમભાવનું–આત્મભાવનું તેજ અને અપૂર્વ શાન્તિની પ્રભા તેના ચહેરા પર ઝળહળી રહેલાં જોયાં. યક્ષથી એ પ્રતાપ ઝીલાયો નહિ, એટલે તે જ વખતે અર્જુન માળીના શરીરમાંથી નીકળી મુદ્દગર લઈ યક્ષ પોતાને સ્થાને ચાલ્યો ગયો.

અર્જુન માળી યક્ષની શક્તિથી રહિત થવાથી મૂર્ચ્છિત થઇ ભૂમિ પર પડયો. સુદર્શને જાણ્યું કે અર્જુન માળીના શરીરમાંથી યક્ષ ચાલ્યો ગયો છે, અને ભય હતો તે હવે દૂર થયો છે, એટલે પોતે કરેલ સાગારી અનશન વ્રત પારીને તે સ્વસ્થ થયા. થોડી વારે અર્જુન માળીની મૂર્છા વળી ત્યારે તેણે સુદર્શનને પૂછ્યું કે “તમે કોણ છો? કયાં જાવ છો?” જવાબમાં સુદર્શને પોતાનું નામ કહ્યું અને પ્રભુ મહાવીરના દર્શનાર્થે જવાનું જણાવ્યું. અર્જુન માળીએ પણ સાથે પ્રભુનાં દર્શન કરવા આવવાની ઇચ્છા જણાવી. સુદર્શને તેમાં સંમતિ આપી, અને તેને સાથે લઈ તે પ્રભુના સમવસરણમાં આવ્યા. પ્રભુને યથાવિધિ વંદન કરી તે યથાસ્થાને બેઠા.

સુદર્શનને મારવા આવેલા યક્ષવાળા અર્જુન માળીને અને યક્ષરહિત થયેલા અર્જુન માળીને સાથે લઈને પ્રભુ પાસે જતા અનેક નગરજનોએ ગઢ ઉપરથી જોયા અને ઉપસર્ગ દૂર થયો

જાણી નગરજનો પણ દર્શનાર્થે પ્રભુ પાસે આવ્યા. પ્રભુએ પરિષદ્ સમક્ષ ધર્મદેશના આપી. તે દેશના શ્રવણ કરી, યથાશક્તિ ત્યાગ વૈરાગ્ય લઇને જનસમૂહ યથાસ્થાને ગયો. અર્જુનમાળીએ ધર્મદેશના સાંભળી અને તેને તે રૂચી એટલે તેણે પ્રભુ પાસે દીક્ષા લેવાની ઇચ્છા જણાવી. પ્રભુએ "જેમ સુખ ઊપજે તેમ કરો" કહી સંમતિ આપી.

અર્જુન માળીએ બગીચામાં ઇશાન કોણમાં જઈ, ગૃહસ્થ વેશનો ત્યાગ કરી, સાધુવેશ ધારણ કરી, પોતાના હાથે જ પંચમુષ્ટિ લોચ કરી, પ્રભુ પાસે આવી દીક્ષા લીધી. એ જ વખતે પ્રભુ પાસે તેણે અભિગ્રહ–પ્રતિજ્ઞા કરી કે "આજથી યાવત્-જીવન છઠ-છઠનાં પારણાં કરવાં, અને તેમાં વચમાં અંતરાય ન પડે તેવી રીતે કરવાં." એવી પ્રતિજ્ઞા કરી પ્રભુ સાથે અર્જુન માળી અણગાર આત્મભાવમાં રમતા રહેવા લાગ્યા.

પ્રથમ છઠના પારણાના દિવસે પહેલે પહોરે તેમણે સ્વાધ્યાય કર્યો, બીજે ધ્યાન કર્યું, અને ત્રીજે પહોરે પ્રભુની આજ્ઞા માગી અર્જુન માળી અણગાર રાજગૃહમાં ગૌચરી માટે નીકળ્યા. સાધુઓ કલ્પે તેવા કુળમાં ભિક્ષા અર્થે ફરતા અર્જુનમાળી અણગારને જોઇ ઘણી સ્ત્રીઓ, ઘણા પુરૂષો, ઘણા બાળકો, ઘણા કુમારો, ઘણા યુવાનો, અને ઘણા વૃદ્ધો ક્રોધ કરી કહેવા લાગ્યા કે "આણે મારા પિતાને માર્યા, મારા ભાઇને, મારા પુત્રને, માતાને, મારી બહેનને, મારા પતિને, મારી સ્ત્રીને, સગાં સંબંધી, સ્વજન વગેરેને માર્યા છે, જીવિતવ્યથી રહિત કર્યા છે." એ રીતે તેઓ અર્જુન માળી અણગારની હેલના કરવા લાગ્યા, કોઇ આક્રોશ કરવા, તો કોઇ નિંદા કરવા,

તો કોઈ તર્જના કરવા લાગ્યા અને કોઈ કોઈ અર્જુન માળી અણગારને માર દેવા પણ લાગ્યા. એ સર્વ પરિષહને અર્જુન માળી અણગાર સંપૂર્ણ સમભાવે સહન કરતા હતા. કોઈની પર મનમાં પણ ક્રોધ ન કરતાં શાન્તિથી તે ગૌચરી અર્થે ફરતા હતા અને પોતાને જે કાંઈ મળ્યું તે લઈને પ્રભુ પાસે આવી, તે પ્રભુને બતાવી, અનાસક્તપણે આહાર કરી, તેમણે છઠનાં પચ્ચકખાણ કર્યાં. એમ છઠ છઠનાં પારણાં કરતા અને આવી પડે તે પરિષહ સમભાવે સહન કરીને આત્મસાધના કરતા અર્જુન માળી પ્રભુ સાથે વિચરવા લાગ્યા. સમય થયે પ્રભુ મહાવીર રાજગૃહ નગરથી વિહાર કરી આર્ય દેશમાં વિચરવા લાગ્યા.

દુષ્કર તપશ્ચર્યા કરતા અર્જુન માળી અણગાર શરીરે સાવ દુર્બળ બન્યા, અને હલનચલનની શકિત પણ ઘટી ગઈ ત્યારે પ્રભુની આજ્ઞા લઈ સંથારો કર્યો. સર્વ પાપને આલોવી, કર્મનો ક્ષય કરી, પંદર દિવસનો સંથારો પાળી, છ માસની દીક્ષા પાળી, અર્જુન માળી અણગાર આયુષ્ય પૂર્ણ કરી સિદ્ધ થયા.

કાસવ આદિ

રાજગૃહ નગરમાં શ્રેણિક રાજા રાજ્ય કરતા હતા. એ નગરમાં કાસવ નામે ગાથાપતિ હતા. તેમણે મહાવીર પ્રભુની દેશના સાંભળી દીક્ષા લીધી, સોળ વર્ષ દીક્ષા પાળી, વિપુલગિરિ પર્વત પર તે સિદ્ધ થયા.

એવી જ રીતે ક્ષેમ ગાથાપતિ કાકંદી નગરીમાં થયા અને સોલ વર્ષનો સંયમ પાળી સિદ્ધ થયા.

વૃત્તિધર ગાથાપતિનો અધિકાર પણ એ જ પ્રકારનો સમજવો.

કૈલાસ ગાથાપતિ સાકેતપુર નગરે થયા અને મહાવીર પ્રભુની પાસે દીક્ષા લઈ બાર વર્ષ સંયમ પાળીને સિદ્ધ થયા.

એ જ રીતે હરિશ્ચંદ્ર ગાથાપતિનો અધિકાર પણ જાણવો.

વિરક્ત ગાથાપતિ રાજગૃહ નગરમાં થયા અને દીક્ષા લઇ બાર વરસ સંયમ પાળી સિદ્ધ થયા.

સુદર્શન ગાથાપતિ વાણિજ્ય ગામમાં થયા. તે દીક્ષા લઈ પાંચ વર્ષ સંયમ પાળી સિદ્ધ થયા.

એ જ રીતે પૂરણભદ્ર ગાથાપતિનો અધિકાર જાણવો.

શ્રમણભદ્ર ગાથાપતિ શ્રાવસ્તી નગરીમાં થયા. દીક્ષા લઈ ઘણાં વર્ષ સંયમ પાળી તે સિદ્ધ થયા.

સુપ્રતિષ્ઠિત ગાથાપતિ સાવત્થી નગરીમાં થયા. દીક્ષા લઈ સત્યાવીસ વર્ષ સંયમ પાળી તે વિપુલ પર્વત પર સિદ્ધ થયા.

મેઘ ગાથાપતિ રાજગૃહ નગરમાં થયા અને દીક્ષા લઈ ઘણાં વર્ષ સંયમ પાળી વિપુલ પર્વત પર સિદ્ધ થયા.

અઇમુત્તા કુમાર

જે વખતે મહાવીર સ્વામી વિચરતા હતા, તે વખતે પોલાસપુર નામનું નગર હતું. તે નગરની બહાર ઇશાન કોણમાં શ્રીવન નામે ઉદ્યાન હતો. પોલાસપુર નગરમાં વિજય નામે રાજા રાજ્ય કરતા હતા. તે રાજાને શ્રીદેવી નામે રાણી હતાં. તે રાણીથી ઉત્પન્ન થએલો અઈમુત્તા નામે રાજકુમાર હતો. એ સમયે પ્રભુ મહાવીર વિહાર કરતા પોલાસપુર નગરે પધારી શ્રીવન ઉદ્યાનમાં બિરાજ્યા.

પ્રભુના મુખ્ય શિષ્ય ગણધર ગૌતમસ્વામી બે ઉપવાસના પારણા અર્થે પ્રભુની આજ્ઞા લઇ પોલાસપુર નગરમાં ગૌચરી અર્થે ફરતા હતા, એ વખતે અઈમુત્તા કુમાર સ્નાન કરી વસ્ત્રાલંકાર પહેરી પોતાની સરખી ઉંમરનાં બાલકો સાથે ઇન્દ્રક નામે રમવાના સ્થાને રમવા માટે આવ્યા અને બાળકો તથા બાળકીઓ સાથે રમત કરી આનંદ કરવા લાગ્યા. એ વખતે ગૌતમસ્વામીને ગૌચરી અર્થે ફરતા ફરતા એ રસ્તેથી પસાર થતા જોઈ અઈમુત્તા કુમારે તેમની પાસે આવી પૂછ્યું કે "તમે કોણ છો અને આમ શામાટે ફરો છો?" જવાબમાં ગૌતમસ્વામીએ કહ્યું: "હું સાધુ–નિર્ગ્રંથ છું અને ભિક્ષા અર્થે ફરૂં છું." અઈમુત્તા કુમારે પોતાને ત્યાં ભિક્ષા લેવા પધારવાનું કહી રાજમહેલ તરફ ગૌતમસ્વામીની આંગળી ઝાલીને લઈ ચાલ્યા. રાજમહેલમાં ભિક્ષા માટે આવેલા મુનિને શ્રીદેવીએ જોયા, એટલે રાણી બહુ જ રાજી થયાં. ગૌતમ સ્વામીની સામે જઈ, વિનયપૂર્વક સત્કાર કરી, તેમણે નિર્દોષ આહારાદિ વહોરાવ્યાં. પછી ગૌતમસ્વામી પાછા ફરતા હતા તે વખતે અઈમુત્તા કુમારે પૂછ્યું: "આપ કયાં રહો છો?" ગૌતમસ્વામીએ કહ્યું: "શ્રીવન ઉદ્યાનમાં સર્વજ્ઞ શ્રી મહાપ્રભુ બિરાજે છે તેમની પાસે રહું છું." અઈમુત્તા કુમારે પ્રભુ પાસે આવવાની ઈચ્છા જણાવી, માતાની રજા લઇ તે ગૌતમ સ્વામી સાથે પ્રભુની પાસે આવ્યા, અને વંદન નમસ્કાર કરી બેઠા. પ્રભુએ ધર્મદેશના દીધી. દેશના સાંભળી કુમારને વૈરાગ્ય થયો અને માતાપિતાની આજ્ઞા લઈ દીક્ષા લેવા આવવાનું કહી પ્રભુને વંદન કરી રાજમહેલે આવ્યા. તેમણે માતાપિતાને પગે લાગી વિનયપૂર્વક દીક્ષા લેવાની અનુજ્ઞા માગી.

માતાપિતાએ કહ્યું: "કુમાર! તું હજુ બાળક છે. ચારિત્રની બાબતમાં તું શું સમજે? તને શું જ્ઞાન છે? દીક્ષા લેવાના જ્ઞાન વિના દીક્ષા ન લઇ શકાય." જવાબમાં કુમારે કહ્યું: "હે માતાપિતા! હું જે જાણું છું તે નથી જાણુતો, અને નથી જાણુતો તે જાણું છું." વડીલોએ પુછ્યું કે "એ શું? જાણું છું તે નથી જાણુતો અને નથી જાણુતો તે જાણું છું, એને અર્થ શું?" કુમારે કહ્યું: "માતાપિતા! જેનો જન્મ થયો છે તેનું મરણુ અવશ્ય થવાનું છે તે હું જાણું છું; પણુ તે મરણુ ક્યારે, કેવા સંજોગોમાં, કયે સ્થળે થશે તે નથી જાણુતો. વળી કયા પ્રકારનાં કર્મો વડે કરી નરકમાં જવાય છે તે નથી જાણુતો પણુ કર્મનાં બંધનોથી બંધાએલ જીવ નરકાદિ ચારે ગતિમાં જાય છે, તે જાણું છુ. માટે જ હું કહું છું કે જાણું છું તે નથી જાણુતો અને નથી જાણુતો તે જાણું છુ."

આવી રીતે તેમણે માતાપિતા સાથે જ્ઞાનચર્ચા કરી. માતાપિતાએ સંયમની દુષ્કરતા અને સંસારના ભોગવિલાસ ઘણા પ્રકારે સમજાવ્યા, છતાં કુમાર વૈરાગ્યમાં સ્થિર રહ્યા. પછી એક દિવસનું રાજ્ય કરીને દીક્ષા લેવાની માતાપિતાએ રજા આપી. કુમારે તે આજ્ઞા મૌન રહી સ્વીકારી, અને એક દિવસનું રાજ્ય કરી મોટી ધામધૂમપૂર્વક અઇમુત્તા કુમારે સંયમ સ્વીકાર્યો.*

---

* અઇમુત્તા કુમારે દીક્ષા લીધા પછી એક વખતે વર્ષા ઋતુમાં ખૂબ વર્ષાદ વર્ષ્યા પછીથી બીજા સાધુઓ સાથે અઇમુત્તા અણુગાર સ્થંડીલે ગયા. બીજા સાધુઓને સ્થંડીલે જઇ આવતાં વાર લાગી એ વખતે પોતે સ્થંડીલનું કાર્ય પતાવી આગળ આવી ઊભા રહ્યા, ત્યારે એક ખાડામાં પાણી ભરાએલું જોઇ, પોતે બાળસ્વભાવથી એ ખાડા

સંયમ લઇ પ્રભુના સ્થવિર અણગારો પાસે અઈમુત્તા અણગારે સામાયિકથી માંડી અગીયાર અંગનો અભ્યાસ કર્યો. અભ્યાસ કર્યા પછી આકરી તપશ્ચર્યા કરી. ગુણરત્ન સંવત્સર જેવા તપ વડે કરી શરીર શુષ્ક થઈ ગયું ત્યારે પ્રભુની અનુજ્ઞા મેળવી, વિપુલગિરિ પર્વત પર જઈ, સંથારો કરી, ઘણાં વર્ષનું ચારિત્ર પાળી, અઈમુત્તા અણગાર સર્વ કર્મને ક્ષય કરી સિદ્ધ થયા.

અલખ મુનિ

વણારસી નામે નગરી હતી. નગરની બહાર કામવન નામે ઉદ્યાન હતો. તે નગરીમાં અલખ નામે રાજા રાજ્ય કરતા હતા.

આડે માટીની પાળ બાંધી અને પોતા પાસે રહેલી નાની પાતરીને પાણીમાં મૂકી, રજોહરણની દાંડીવતી આમથી તેમ ફેરવવા માંડી અને "મોરી નાવ તરે, મોરી નાવ તરે" એમ કહી રમતે ચડયા. બીજા મુનિવરો ચાલ્યા ગયા તેનો તેમને ખ્યાલ ન રહ્યો. બીજા સાધુઓએ પ્રભુ પાસે પહોંચી અઇમુત્તા અણગારની રમતની વાત કરી, અને એ અણગાર માટે સ્હેજ હલકો ભાવ બતાવ્યો. અનંતજ્ઞાની પ્રભુએ સર્વ મુનિઓને કહ્યું કે "તમે અઇમુત્તા અણગાર પ્રત્યે મનમાં હલકો ભાવ ન લાવો, કારણકે એ ચરમશરીરી એટલે આ ભવે જ મોક્ષે જનારો આત્મા છે. આ શરીર છેલ્લું જ છે. એવા પવિત્રાત્માની અવગણના ન થાય. તમે તેમને બોલાવી લાવો." પ્રભુનાં વચનને શ્રદ્ધાપૂર્વક માન્ય કરી બીજા મુનિઓ જઇ અઇમુત્તા અણગારને બોલાવી લાવ્યા. અઇમુત્તા અણગાર પ્રભુ પાસે આવી વંદન કરીને ઊભા. પ્રભુએ કહ્યું: "ત્યાગીથી સચેત–ઠંડા પાણીને કે કોઇ પણ સચેત પદાર્થને ન અડાય. તમે દોષ કર્યો છે માટે પ્રાયશ્ચિત્ત લ્યો." અઇમુત્તા અણગારે પોતે કરેલી ભૂલને માટે પશ્ચાત્તાપ કર્યો અને પ્રભુએ આપેલ પ્રાયશ્ચિત્ત લીધું.

એ વખતે પ્રભુ મહાવીરદેવ ત્યાં પધાર્યા. રાજા વગેરે દેશના સાંભળવા ગયા. દેશના સાંભળી વૈરાગ્યવાન બન્યા અને નગરીમાં આવી મોટા કુંવરને રાજગાદી આપી પોતે મોટી ધામધૂમપૂર્વક સંયમ ગ્રહણ કર્યો. સંયમ ગ્રહણ કરી, અગીઆર અંગાદિનો અભ્યાસ કરી, ઘણાં વર્ષ સુધી સંયમ પાળી, વિપુલ પર્વત પર જઈ, સંથારો કરી, અલખ અણગાર સિદ્ધ થયા.

વળી કૃષ્ણરાયની અગ્ર મહીષી આઠ,
પુત્રવહુ દોયે સંચ્યા પુણ્યના ઠાઠ. ૭૨
યાદવકુળ સતીઓ, ટાળ્યો દુઃખ ઉચાટ,
પહોંત્યા શિવપુરમાં, એ છે સૂત્રનો પાઠ. ૭૩

* * *

રાણી પદ્માવતી આદિ

બાવીસમા તીર્થંકર શ્રી નેમનાથ પ્રભુ વિચરતા હતા તે વખતે દ્વારિકા નગરીમાં શ્રીકૃષ્ણ નામે ત્રણ ખંડના અધિપતિ વાસુદેવ રાજા રાજ્ય કરતા હતા. તેમને પદ્માવતી નામે સુંદર રાણી હતાં. શ્રી નેમનાથ પ્રભુ દ્વારિકાએ પધાર્યા, પરિષદ મળી. શ્રીકૃષ્ણ મહારાજ, પદ્માવતી રાણી વગેરે દર્શન કરવા ગયાં. પ્રભુએ દેશના આપી તે સાંભળી પરિષદ યથાસ્થાને ગઈ. શ્રીકૃષ્ણ મહારાજે પ્રભુને વંદન કરી પૂછ્યું: "પ્રભુ! છવીસ ગાઉની પહોળી અને ૪૮ ગાઉની લાંબી દેવલોક સરખી આ દ્વારિકા નગરીનો નાશ કેવી રીતે થશે?" પ્રભુએ કહ્યું:

"દ્વીપાયન ઋષિ મરીને અગ્નિકુમાર જાતના દેવ થશે અને એ આ દ્વારિકાને બાળીને તેનો વિનાશ કરશે."

આ સાંભળી શ્રીકૃષ્ણ બોલ્યા: "ધન્ય છે જાલી મયાલી આદિ કુમારોને કે જેમણે ધન ધાન્ય તથા વિષયોનો મોહ ત્યજી પ્રભુ પાસે દીક્ષા લઈ આત્મકલ્યાણ કર્યું. હું અધન્ય છું કે ઈંદ્રિયોના વિષયોને ત્યજી શકતો નથી." આવા વિચારના જવાબરૂપે પ્રભુએ કહ્યું: "સર્વ વાસુદેવ નિયાણું કરીને–ગત જન્મમાં જે કાંઈ સત્કાર્ય કર્યું હોય તેના ફળની આસક્તિ સહિત મરતા હોવાથી વાસુદેવ થાય. આસક્તિથી મેળવેલ સ્થૂલ સુખને જીવનપર્યંત તે ત્યજી શકે નહિ, એટલે તમારાથી દીક્ષા લઈ શકાય જ નહિ." શ્રીકૃષ્ણ મહારાજે પૂછ્યું: "હે પ્રભુ! જ્યારે મારાથી ધર્મક્રિયા, ત્યાગ, વગેરે કાંઈ થાય જ નહિ તો પછી મારી ગતિ શું થાય? હું મરીને ક્યાં જઈશ?" જવાબમાં પ્રભુએ કહ્યું: "ભાઈ! આસક્તિથી મેળવેલ સ્થૂલ સુખમાં મુંઝાએલ મનુષ્યને દેહાધ્યાસ ન છૂટે, અને દેહાધ્યાસી જીવનના છેડા સુધી વિષયાસક્ત જ હોય. તેથી તેના મરણ પછી વિષયાદિથી બાંધેલાં ફળ ભોગવવા તેની ગતિ નરકની જ હોય. તમે પણ દ્વારિકા નગરીના દાહ પછી પાંડુ મથુરા જતા હશો, ત્યારે રસ્તામાં કૌશાંબી વનમાં તમારા ભાઈ જરાકુંવરના હાથે જ તીક્ષ્ણ બાણના પ્રહારથી મૃત્યુ પામી ત્રીજી નરકે જશો."

આ સાંભળી શ્રીકૃષ્ણ મહારાજને ખેદ થયો. ત્યારે પ્રભુએ કહ્યું કે: "ખેદ શામાટે કરવો પડે છે? અત્યારે અહીંથી છૂટી નરકમાં તો જવું પડશે તે સાચું છે, પણ નરકમાંથી છૂટી

મારી માફક આવતી ચોવીસીમાં અમમ નામે બારમા તીર્થંકરની પદવી પામશો."

તીર્થંકર પદવી પામવાનું સાંભળી શ્રીકૃષ્ણ મહારાજ પ્રસન્ન થયા. પ્રભુને વંદન કરી, દ્વારિકામાં આવી, નોકરને બોલાવી આજ્ઞા કરી કે દ્વારિકા નગરીના હરેક નાના મોટા રસ્તે, સર્વે ચોકમાં ઉદ્‌ઘોષણા કરો કે, "આ દ્વારિકાનગરી દ્વીપાયન નામના અગ્નિકુમાર દેવથી વિનાશ પામશે. આ નગરીનો અગ્નિથી નાશ થશે. માટે રાજકુટુંબથી માંડી કોઈ પણ નગરજનને, પછી તે બાળક હોય, યુવાન હોય, કે વૃદ્ધ હોય, સ્ત્રી હોય કે પુરૂષ હોય, જે કોઈને દીક્ષા લઈ આત્મસાધના કરવી હોય તે ખુશીથી કરી શકે છે. કોઈનાં સગાં સંબંધીને આર્થિક મુશ્કેલી હોય, કોઈના પરિપાલનની મુશ્કેલી હોય, તે સર્વ મુશ્કેલી શ્રીકૃષ્ણ વાસુદેવ દૂર કરી શકશે. માટે જેને દીક્ષા લેવી હોય તે વિનાસંકોચે લઈ શકે છે." સેવકોએ શ્રીકૃષ્ણ મહારાજની આજ્ઞા મુજબ આખી દ્વારિકામાં એવી જાહેરાત કરી.

પદ્માવતી રાણીએ પ્રભુની દેશના સાંભળી હર્ષિત થઈ પ્રભુને કહ્યું કે "શ્રીકૃષ્ણ વાસુદેવની રજા લઈ હું આપની પાસે ચારિત્ર અંગીકાર કરવા ઈચ્છું છું." પ્રભુએ કહ્યું: "જેમ સુખ ઊપજે તેમ કરો." પદ્માવતી રાણીએ પ્રભુને વંદન કરી, રથે બેસી, દ્વારિકામાં રાજમહેલે આવી, દીક્ષા માટે શ્રીકૃષ્ણ રાજાની અનુજ્ઞા માગી. શ્રીકૃષ્ણ મહારાજે "જેમ સુખ ઊપજે તેમ કરો" એમ કહી અનુજ્ઞા આપી, અને દીક્ષા માટે માટે મોટી ધામધૂમપૂર્વક ઉત્સવ કરી, પ્રભુ પાસે આવી, પદ્માવતી રાણીને દીક્ષા આપવા વિનંતી કરી. પદ્માવતી રાણીએ પણ વિનંતી કરી. પછી

પોતાની મેળે જ સર્વ વસ્ત્રાલંકાર ઉતારી પંચમુષ્ટિ લોચ કરીને સાધ્વીનો વેશ પહેરી રાણીએ કહ્યું: " પ્રભુ! દુઃખથી બળી રહેલ આ સંસારથી અપ્રતિહત શાન્તિ મેળવવા માટે હું આપના શરણે આવેલ છું. તો શરણે આવેલને જેનાથી શાશ્વત શાન્તિ મળે તે ચારિત્રદીક્ષા આપો." પ્રભુએ પદ્માવતીને દીક્ષા આપી, અને તે એક સાધ્વીનાં શિષ્યા થયાં.

દીક્ષા લઈ પદ્માવતી આર્યાજીએ અગીયાર અંગાદિનો અભ્યાસ કરી, ઘણાં વર્ષ સુધી તપશ્ચર્યાદિ કરી, કર્મનો ક્ષય કરી, વીસ વર્ષ પર્યન્ત સાધ્વીપણું પાળી, એક મહીનાનો સંથારો કરી પરમ-પદની પ્રાપ્તિ કરી.

એ જ રીતે (૨) ગોરી રાણી, (૩) ગાંધારી, (૪) લક્ષ્મણા, (૫) સુસુમા, (૬) જાંબુવતી, (૭) સત્યભામા, (૮) રૂક્મિણી, એ બીજી સાત જે કૃષ્ણ મહારાજની અગ્રમહિષીઓ–મુખ્ય રાણીઓ હતી, તેમનો પણ અધિકાર સમજવો. એકંદરે આઠેએ વૈરાગ્ય વાસિત થઈ આત્મકલ્યાણ કર્યું. (૯) મૂળશ્રી અને (૧૦) મૂળદત્તાનો અધિકાર પણ પદ્માવતી માફક જ સમજવો. એ બંને રાણીઓ શ્રીકૃષ્ણ મહારાજનાં જાંબુવતી રાણીથી ઉત્પન્ન થએલા સાંબકુમારની રાણીઓ હતી.

શ્રેણિકની રાણી કાલી આદિક દશ જાણ;
દશે પુત્રવિયોગે, સાંભળી વીરની વાણ. ૭૪
ચંદનબાળાપેં સંયમ લેઈ હુવા જાણ;
તપ કરી દેહ ઝોંસી, પહોંત્યાં છે નિર્વાણ. ૭૫

* * *

કાલી રાણી આદિ

(૧) કાલી રાણી, (૨) સુકાલી રાણી, (૩) મહાકાલી રાણી, (૪) કૃષ્ણા રાણી, (૫) સુકૃષ્ણા રાણી (૬) મહાકૃષ્ણા રાણી, (૭) વીરકૃષ્ણા રાણી, (૮) રામકૃષ્ણા રાણી, (૯) પ્રિયસેના કૃષ્ણા અને (૧૦) મહાસેના કૃષ્ણા એ દસે શ્રેણિક રાજાની રાણીઓ હતી.

જે વખતે શ્રી મહાવીર પ્રભુ વિચરતા હતા તે વખતે ચંપા નામે રમ્ય નગર હતું. તે નગરની બહાર પૂર્ણભદ્ર નામે ઉદ્યાન હતો. તે નગરમાં કુણિક નામે મોટા અને પ્રભાવિક રાજા હતા. કુણિકની અપર માતા–ઓરમાન મા કાલી નામે રાણી હતાં. કાલી રાણીએ પ્રભુની દેશના સાંભળી શ્રેણિક રાજાની અનુજ્ઞા મેળવી દીક્ષા લીધી. દીક્ષા લઈ અગીયાર અંગ ભણ્યાં. તે એક, બે, ત્રણ ઉપવાસ આદિ અનેક પ્રકારની તપશ્ચર્યા કરતાં હતાં. એક દિવસે શ્રી ચંદનબાળા આર્યાજીની આજ્ઞા માગી તેમણે રત્નાવળી તપ કર્યો. તે એવી રીતે કે એક ઉપવાસ કરી પારણું કરી છઠ કરે, છઠનું પારણું કરી અઠમ (ત્રણ ઉપવાસ) કરે, ત્રણ ઉપવાસ કરી બે કરે, બે કરી પછી એક કરે, એક કરી છઠ કરે, બે કરી ત્રણ કરે, ત્રણ કરી ચાર કરે, ચાર પછી પાંચ, પછી છ, એમ સોળ ઉપવાસ સુધી ચડે; અને સોળ ઉપવાસને પારણે ફરી સોળ ઉપવાસ કરી પછી એકેકો ઉપવાસ ઊતરતા જાય. એમ રત્નાવળી તપની એક પરિપાટીમાં ૩૪૮ દિવસ ઉપવાસના અને ૮૮ દિવસ પારણાના આવે. તેમાં ૧૫ મહીના અને ૨૨ દિવસ થાય. એવી રીતે ચાર પરિપાટીએ રત્નાવળી તપ પૂરો કરતાં ૫ વર્ષ ૨ મહીના અને ૨૮ દિવસ થાય. એવો તપ કાલી-રાણીએ યથાવિધિએ પૂર્ણ કર્યો.

અતિ તપના યોગે કાલી આર્યાનું શરીર ક્ષીણ થયું અને સંથારો કરવાનો વિચાર થયો. ચંદનબાળા આર્યાજીની આજ્ઞા મેળવી તેમણે સંથારો કર્યો. કાલી આર્યાજી આઠ વર્ષ સંયમ પાળી, તપશ્ચર્યાદિથી શરીર અને કર્મને ક્ષીણ કરી, એક માસના સંથારાને અંતે સર્વ કર્મનો અંત કરી પરમ પદે પહોંચ્યાં.

એવી જ રીતે સુકાલી રાણીનો અધિકાર પણ સમજવો. તેમણે કનકાવળી તપ કર્યો, અને નવ વર્ષની દીક્ષા પાળી પરમ પદની પ્રાપ્તિ કરી. મહાકાલી રાણીનો અધિકાર પણ એવો જ જાણવો. એમણે લઘુસિંહનીક્રીડા તપ કર્યો. તે તપની પરિપાટીમાં બે વર્ષ અને અઠ્યાવીસ દિવસ થાય. તપના યોગે કર્મનો ક્ષય કરી ૧૦ વર્ષ સંયમ પાળી તે પરમ પદે પહોંચ્યાં. એ જ રીતે કૃષ્ણા રાણીએ મહાસિંહનીક્રીડા તપ કર્યો. તે તપ છ વર્ષ બે મહીના અને બાર દિવસે પૂર્ણ થાય. તે ૧૧ વર્ષ સંયમ પાળી કર્મક્ષય કરી મોક્ષે પહોંચ્યાં.

સુકૃષ્ણા રાણીએ સાધુની બાર પડિમા માંહેની સાત દિવસની સાતમી પડિમા આદરી. પહેલા સપ્તાહમાં એક દાત આહારની અને એક દાત પાણીની, બીજા સપ્તાહમાં બે, ત્રીજા સપ્તાહમાં ત્રણ, એમ સાતમા સપ્તાહમાં સાત દાત પાણીની અને સાત દાત આહારની. એ પ્રમાણે સાત પડિમામાં ૪૯ દિવસ પડિમાના અને ૧૯૬ દાત થઈ. પછી આઠમી પડિમામાં આઠ આઠ દિવસ, તેના ૬૪ દિવસ થયા અને ૨૮૮ દાત થઈ. એમ નવમીમાં નવનવ દિવસ, દસમીમાં દસદસ દિવસની પડિમા આદરી. એમ સર્વ પડિમાઓ કરી અને બીજી પણ તપશ્ચર્યા કરી સુકૃષ્ણા સાધ્વી બાર વર્ષ સંયમ પાળી કર્મક્ષય કરી પરમ પદે પહોંચ્યાં.

મહાકૃષ્ણા રાણીએ દીક્ષા લીધી અને તે ભદ્રાપ્રતિમા તપ કરી ૧૩ વર્ષ દીક્ષા પાળી કર્મક્ષય કરી પરમ પદ પામ્યાં.

વીરકૃષ્ણા રાણી દીક્ષા લઇ સર્વતોભદ્ર તપ કરી ૧૪ વર્ષ સંયમ પાળી કર્મક્ષય કરી પરમ પદે પહોંચ્યાં.

રામકૃષ્ણા રાણી દીક્ષા લઈ, ભદ્રોત્તરપ્રતિમા તપ કરી ૧૫ વર્ષ સંયમ પાળી કર્મક્ષય કરી મોક્ષે પહોંચ્યાં.

પ્રિયસેનાકૃષ્ણા રાણી દીક્ષા લઈ મુક્તાવળી તપ કરી ૧૬ વર્ષ સંયમ પાળી કર્મક્ષય કરી પરમ પદે પહોંચ્યાં.

મહાસેનાકૃષ્ણા રાણી દીક્ષા લઇ, આયંબિલ વર્ધમાન તપ કરી, સર્વ કર્મનો ક્ષય કરી, સત્તર વર્ષનો સંયમ પાળી અન્તે પરમ પદે પહોંચ્યાં.

નંદાદિક તેરે શ્રેણિક નૃપની નાર;
સઘળી ચંદનબાળાપેં લીધો સંયમભાર. ૭૬
એક માસ સંથારે, પહોંચ્યાં મુક્તિ મોઝાર;
એ નેવુ જણાનો અંતગડમાં અધિકાર. ૭૭

* * *

નંદા રાણી આદિ

શ્રેણિક રાજાને તેર રાણીઓ હતી. તેમનાં નામઃ (૧) નંદા રાણી, (૨) નંદવતી, (૩) નંદુત્તરા, (૪) નંદસેના, (૫) મરુતા, (૬) સુમરુતા, (૭) મહામરુતા, (૮) મરુદેવી, (૯) ભદ્રા, (૧૦) સુભદ્રા, (૧૧) સુજાતા, (૧૨) સુમતિ, (૧૩) ભૂતદીના.

શ્રેણિક રાજા રાજગૃહ નગરના રાજા હતા. એક વાર પ્રભુ મહાવીર નગરની બહાર ગુણશીલ ઉદ્યાનમાં પધાર્યા. નગરમાં

ખબર પડી એટલે શ્રેણિક રાજા તથા રાણીઓ વગેરે અને નગરજનો પ્રભુની દેશના સાંભળવા ગયાં. પ્રભુએ દેશના દીધી. સૌ તે શ્રવણ કરી પોતપોતાને સ્થાનકે ગયાં.

એ દેશના સાંભળી નંદારાણીનું ચિત્ત વૈરાગ્ય પામ્યું. રાજમહેલમાં આવી રાણીએ શ્રેણિક રાજાની અનુજ્ઞા મેળવીને ચંદનબાળા સાધ્વીજી પાસે દીક્ષા લઈ સંયમ અંગીકાર કર્યો. પછી અગીયાર અંગનો અભ્યાસ કરી, તપશ્ચર્યાથી કર્મનો ક્ષય કરી, વીસ વર્ષ સંયમ પાળી, એક માસને સંથારે તે પરમ પદને પામ્યાં.

એ જ પ્રકારે શ્રેણિક રાજાની ઉપર જણાવેલી બીજી બાર રાણીઓનો અધિકાર પણ જાણવો. તેઓએ પણ સંયમ પાળી પરમ પદની પ્રાપ્તિ કરી.

એકંદરે આ નેવુ સાધુ-સાધ્વીઓની પરમપદપ્રાપ્તિનો અધિકાર અંતગડ સૂત્રમાં આપેલો છે. સૂત્રમાંના અનુક્રમથી 'સાધુવંદના'માંનો અનુક્રમ માત્ર થોડે અંશે જુદો પડે છે.

શ્રેણિકના બેટા જાલિયાદિક ત્રેવીશ;
વીરપેં વ્રત લેઈને, પાળ્યો વિશ્વાવીશ. ૭૮
તપ કઠણ કરીને, પૂરી મન જગીશ;
દેવલોકે પહોંત્યા, મોક્ષ જાશે તજી રીસ. ૭૯

* * *

શ્રેણિકપુત્ર જાલીકુમાર આદિ

રાજગૃહ નામે નગર હતું. ઈશાન કોણમાં ગુણશીલ ઉદ્યાન હતો અને નગરમાં શ્રેણિક નામે રાજા હતા, તેમને ધારિણી નામે રાણી હતાં. તે રાણીને એકદા સુખશય્યામાં

સૂતાં સિંહનું સ્વપ્ન થયું, અને છેવટે કુમારને તેમણે જન્મ આપ્યો. જાલીકુમાર નામ દીધું. યોગ્ય વયે તેમણે વિદ્યાભ્યાસ કરવા માંડયો. વિદ્યાભ્યાસ પૂર્ણ કર્યો અને યૌવનવય પ્રાપ્ત થતાં એક જ દિવસે આઠ રાજકન્યાઓ સાથે તેમણે પાણિગ્રહણ કર્યું, અને મેઘકુમારની માફક સુખ ભોગવતા રહેવા લાગ્યા.

એકદા પ્રભુ મહાવીર ત્યાં પધાર્યા અને જાલીકુમાર દર્શનાર્થે ગયા. તેમણે દેશના સાંભળી, વૈરાગ્ય પામી, મેઘકુમારની માફક માતાપિતાની અનુજ્ઞા મેળવી, ધામધૂમપૂર્વક દીક્ષા લીધી. સંયમી થઈ અગીયાર અંગનો અભ્યાસ કર્યો, પછી પ્રભુની અનુજ્ઞા મેળવી ગુણરત્નસંવત્સર તપ કર્યો, તે એવી રીતે કે પહેલે મહીને એકાન્તર કરે, બીજે મહીને છઠ છઠનાં પારણાં કરે, ત્રીજે મહીને અઠમ અઠમનાં પારણાં કરે, એમ સોળમે મહીને સોળ ઉપવાસે પારણાં કરે; ઉપવાસના દિવસે સૂર્યની આતાપના લે અને રાત્રિએ વીરાસન વગેરેથી તપશ્ચર્યા કરે. એ તપ પૂર્ણ થતાં સુધીમાં ઉપવાસના ૪૦૭ દિવસ અને પારણાંના ૭૩ દિવસ, બધા મળી ૪૮૦ દિવસ થાય. તે ૧૪ મહીને પૂર્ણ થાય. યથાવિધિ એ તપ પૂર્ણ કર્યા પછી અનેક પ્રકારની છૂટક તપશ્ચર્યા કરી, શરીરને શુષ્ક બનાવી, પ્રભુની આજ્ઞા લઈ, કડાઇયા (સેવા કરનાર સ્થવિર) સાધુને સાથે લઈ, વિપુલગિરિ પર્વત પર જઇ, તેમણે સંથારો કર્યો. સોળ વર્ષનું ચારિત્ર પાળી, આયુષ્ય પૂર્ણ કરી, પાંચ અનુત્તર વિમાન માંહેના વિજયવિમાનમાં તે ઉત્પન્ન થયા. ત્યાં બત્રીસ સાગરનું આયુષ્ય ભોગવી, ત્યાંથી ચવી, મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ, સર્વ કર્મનો ક્ષય કરી, સર્વ દુઃખનો અંત કરશે.

જેવી રીતનો જાલીકુમારનો અધિકાર છે તેવો જ શ્રેણિકના

બીજા નવ પુત્રોનો અધિકાર છે. તેમાં ૬ કુમારો ધારિણી રાણીના, બે કુમારો ચેલણા રાણીના અને છેલ્લા અભયકુમાર નન્દારાણીના પુત્ર હતા. એ ૧૦ માંહેના પહેલા પાંચ મુનિવરોએ સોળ સોળ વર્ષ સંયમ પાળ્યો, પછીના ત્રણ મુનિવરોએ બાર બાર વર્ષ સંયમ પાળ્યો અને છેલ્લા બે મુનિવરોએ પાંચ પાંચ વર્ષ સંયમ પાળ્યો. અનુક્રમે એ કુમારો આયુષ્ય પૂર્ણ કરી નીચે જણાવ્યા પ્રમાણે દેવો થયા. (૧) જાલીકુમાર વિજયવિમાનમાં, (૨) મયાલીકુમાર વિજયંત વિમાનમાં, (૩) ઉપજાલીય જયંતવિમાનમાં, (૪) પુરિસસેન અપરાજિત વિમાનમાં, (૫) વારિસેન સર્વાર્થસિદ્ધ વિમાનમાં, (૬) દીર્ઘદંત સર્વાર્થસિદ્ધ વિમાનમાં, (૭) લષ્ટદંત અપરાજિત વિમાનમાં, (૮) વિહલ્લ જયંત વિમાનમાં, (૯) વિહાસ વિજયંત વિમાનમાં અને (૧૦) અભયકુમાર વિજય વિમાનમાં ઉત્પન્ન થયા.

શ્રેણિકપુત્ર દીર્ઘસેનાદિ

શ્રેણિક રાજાને ધારિણી રાણીથી થએલા બીજા દીર્ઘસેનાદિ તેર કુમારો હતા તેમનાં નામ : (૧) દીર્ઘસેન કુમાર, (૨) મહાસેન કુમાર, (૩) લષ્ટદન્તકુમાર, (૪) ગુઢદન્ત કુમાર, (૫) શુદ્ધદન્ત કુમાર, (૬) હલ્લકુમાર, (૭) દ્રુમકુમાર, (૮) દ્રુમસેન કુમાર, (૯) મહાદ્રુમસેન કુમાર, (૧૦) સિંહ કુમાર, (૧૧) સિંહસેન કુમાર, (૧૨) મહાસિંહસેન કુમાર, અને (૧૩) પુણ્યસેન કુમાર.

જેવી રીતે જાલીકુમારે વૈરાગ્ય પામી દીક્ષા લીધી અને સંયમ પાળી અન્તે વિજય વિમાને ગયા, તેવી જ રીતે દીર્ઘસેન

વગેરે તેર ભાઇઓ સંબંધી હકીકત જાણવી. તેઓ બધાએ ૧૬ વર્ષ સંયમ પાળ્યો, એક માસનો સંથારો કર્યો અને વિજયાદિ વિમાનેથી આયુષ્ય પૂર્ણ કરી, મહાવિદેહમાં ઉત્પન્ન થઈ, સર્વ કર્મનો ક્ષય કરી એ દીર્ઘસેનાદિ મુનિઓ પરમ પદ પામશે. બે મુનિઓ વિજય વિમાનમાં, બે વિજયંતમાં, બે જયંતમાં, બે અપરાજિતમાં અને પાંચ સર્વાર્થસિદ્ધ વિમાનમાં આયુષ્ય પૂર્ણ કરી મહાવિદેહમાં ઉત્પન્ન થઈ મુક્ત થશે.

કાકંદીનો ધન્નો, તજી બત્રીસે નાર,
મહાવીર સમીપે, લીધો સંયમ ભાર. ૮૦
કરી છઠ છઠ પારણાં, આયંબિલ ઉચ્છિત આહાર,
શ્રીઃવીરે વખાણ્યા, ધન્ય ધન્નો અણગાર. ૮૧
એક માસ સંથારે, સર્વાર્થસિદ્ધ પહુંત,
મહાવિદેહ ક્ષેત્રમાં, કરશે ભવનો અંત. ૮૨
ધન્નાની રીતે, હુવા નવે સંત,
શ્રી અનુત્તરોવવાઈમાં, ભાખી ગયા ભગવંત. ૮૩

* * *

ધન્નો અણગાર

કાકંદી નામે સુંદર નગરી હતી. તેની બહાર ઈશાન કોણમાં સહસ્રાંબ નામનો ઉદ્યાન હતો. એ નગરીમાં જીતશત્રુ રાજા રાજ્ય કરતા હતા. નગરીમાં ભદ્રા નામે સાર્થવાહિની રહેતાં હતાં. તેમને ધન્ના નામે કુમાર હતા. તે યોગ્ય ઉંમરે પહોંચ્યા પછી માતાએ ધન્ના કુમારને બત્રીસ સ્ત્રીઓ પરણાવી અને બત્રીસ મહેલ તથા તેત્રીસમો મહેલ ધન્ના

કુમાર માટે એમ તેત્રીસ મહેલ બાંધી સર્વને વહેંચી આપ્યા. ધન્ના કુમાર મનુષ્યલોકમાં દેવ સરખાં સુખવિલાસ ભોગવતા હતા.

ભવ્ય જીવોનો ઉદ્ધાર કરનાર શ્રી મહાવીર પ્રભુ એક વખતે કાકંદી નગરીએ પધારી સહસ્રામ્ર ઉદ્યાનમાં બિરાજ્યા. રાજા અને નગરજનો પ્રભુના દર્શનાર્થે અને દેશના શ્રવણ કરવા અર્થે ગયા. ધન્ના કુમાર પણ દેશના સાંભળવા આવ્યા. પ્રભુની દેશના સાંભળી રાજા વગેરે સર્વ પોતપોતાને સ્થાને ગયા. ધન્ના કુમાર પ્રભુની દેશના સાંભળી, વૈરાગ્ય પામી, માતાની રજા લઈ સંયમી થવા માટે પ્રભુ પાસે આવવાનું નક્કી કરી ઘેર ગયા. તેમણે દીક્ષા લેવા માટે માતાની રજા માગી. માતાએ થાવચ્ચા પુત્રની માફક ધન્ના કુમારને સમજાવ્યા, છતાં ધન્ના કુમાર સંસારમાં આસક્ત ન થયા. છેવટે જિતશત્રુ રાજા પાસે ભદ્રા સાર્થવાહિનીએ દીક્ષા માટે જોઇતાં સાધનોની માગણી કરી.

રાજાએ કહ્યું: "હું તમારે ઘેર આવી કુમારને સંસારમાં રહેવા સમજાવીશ, અને જો તે નહિ સમજે તો દીક્ષામહોત્સવ હું કરીશ." પછી રાજા સ્વારી સહિત ભદ્રા સાર્થવાહિનીને ત્યાં આવ્યા, અને ધન્ના કુમારને અનેક પ્રકારનાં સંસારસુખની લાલચો આપી, સંયમનાં કષ્ટ બતાવ્યાં, પણ ધન્ના કુમાર વૈરાગ્યથી ચલિત થયા નહિ; એટલે રાજાએ પોતે જ ધન્નાકુમારનો દીક્ષામહોત્સવ કર્યો. પ્રભુ મહાવીર પાસે સંયમી થઈ ધન્ના અણગારે એ જ દિવસે પ્રભુ પાસે પ્રતિજ્ઞા કરી કે "હું યાવત્જીવન છઠ છઠનાં પારણાં કરીશ, અને છઠના પારણાના દિવસે આયંબિલ કરીશ. એ આયંબિલમાં લુકખું એક જ ધાન્ય

લેવું કલ્પે, અને તે પણ એઠા હાથે આપે, ઘરમાં ખાતાં વધ્યું હોય કે કોઈના કામમાં આવે તેમ ન હોય, સંગ્રહી રાખવા જેવું ન હોય, જેને બીજા ભિક્ષુક વગેરે પણ લેવાની ઈચ્છા ન ન કરે, એવું બળી ગયેલું, નક્કામું, ઊકરડે નાખી દેવા જેવું અને આયંબિલમાં કામ આવે તેવું અન્ન હોય તે જ મારે પારણામાં ખપે." આ પ્રકારની પ્રતિજ્ઞા પ્રભુ સમક્ષ પ્રભુની સમ્મતિથી ધન્ના અણગારે કરી.

પહેલા છઠ તપના પારણે પહેલા પહોરે સજ્ઝાય, બીજે પહોરે ધ્યાન કરી, ત્રીજે પહોરે તે પ્રભુની આજ્ઞા લઈ કાકંદી નગરીમાં પારણા માટે આહાર વહોરવા ગયા. જે પ્રકારનો આહાર લેવાની તેમણે પ્રતિજ્ઞા કરી હતી તે પ્રકારનો આહાર લઈ, પ્રભુ પાસે આવી, પ્રભુને બતાવી, પોતે જરા પણ આસક્તિરહિતપણે લાવેલા આહારનો ઉપયોગ કર્યો અને એ રીતે છઠનું પારણું કર્યું. એવી રીતે હંમેશાં દરેક પારણા વખતે તે કરવા લાગ્યા. જ્યારે છઠના પારણાના દિવસે ગામમાં તે ગૌચરીએ જાય ત્યારે કોઈ વખતે આહાર મળે તો પાણી ન મળે, કોઈ વખતે પાણી મળે તો આહાર ન મળે, એવી રીતે થવા છતાં ધન્ના અણગારના મનમાં જરા પણ ખેદ કે ગ્લાનિ ઉત્પન્ન થતાં નહિ.

પ્રભુ મહાવીર કેટલોક સમય કાકંદી નગરીમાં રહી ત્યાંથી વિહાર કરી આર્ય દેશમાં વિચર્યા. ધન્ના અણગાર પ્રભુ મહાવીર સાથે વિચરતા, સ્થવિર પાસે સામાયિકથી માંડી અગીયાર અંગનો અભ્યાસ કરતા, આત્માને ઉજ્જવળ બનાવતા.

દુષ્કર તપ કરવાથી તે શરીરે શુષ્ક થયા. શરીર તપતેજથી

તેજસ્વી બન્યું, પણ લોહી માંસ વિનાનું, માત્ર ચામડીએ વીંટચા હાડકાંના માળા જેવું રહ્યું. તેમના પગ ઝાડની છાલ અથવા લાકડાની પાવડી જેવા થયા. પગની આંગળીઓ તુવે-રની કે મગની સુકાયેલી સીંગો જેવી, પગની જંઘા કાગડાની જંઘા જેવી, પગના ઘુંટણ કાગડા–મોરના પગના ઘુંટણ જેવા, સાથળ બોરડીના ઝાડની સુકાયેલી ડાળ જેવા, કેડનો ભાગ ઊંટના પગ જેવો, પેટ સુકાયેલા ચામડાની મસક અથવા લાકડાની કથરોટ જેવું, પાંસળીઓ વાંસના કરંડીયા જેવી, પીઠનો ભાગ વાંસની કોઠી જેવો, છાતી પાથરવાની સાદડી જેવી, હાથ અગથીયાના ઝાડની સીંગ જેવા, હાથના પંજા સુકાયેલાં વડનાં પાંદડાં જેવા, હાથની આંગળીઓ મગ–અડદની સુકાયેલી સીંગો જેવી, ગ્રીવા–ગરદન કમંડળના કે કળશીયાના ગળા જેવી, દાઢી સુકાયેલા તુંબડા જેવી, જીભ ખાખરાના સુકાયેલા પાંદડા જેવી લુકખી, નાક આંબાની સુકાઈ ગયેલી કાતળી જેવું, આંખ વીણાના છિદ્ર–વાંસળીના છિદ્ર જેવી, કાન મૂળાની છાલ સુકાયેલી હોય તેના જેવા, મસ્તક તુંબાના સુકાયેલ ફળ જેવું બની ગયું. એમ દુષ્કર તપના યોગથી ધન્ના અણગારનું શરીર લોહી માંસ વિનાનું લુકખું બની ગયું. પોતે જે કાંઈ હલન–ચલન, ઊઠવું–બેસવું, બોલવું વગેરે ક્રિયા કરતા તે માત્ર મનોબળથી થતી હતી, શરીરશક્તિથી નહિ. હાલતાં–ચાલતાં સૂકાં તલસરાં કે સુકા ખાખરાનાં પાંદડાંથી ભરેલા ગાડાના જેવો અવાજ થતો.

જનપદ દેશમાં વિચરતાં પ્રભુ મહાવીર રાજગૃહી નગરીએ પધાર્યા અને ગુણશીલ ઉદ્યાનમાં બિરાજ્યા. રાજા શ્રેણિક અને નગરજનોને ખબર પડતાં તેઓ દર્શનાર્થે આવ્યા. દેશના

સાંભળી શ્રેણિક રાજાએ પ્રભુને વંદન-નમસ્કાર કરી વિનયથી પૂછ્યું: "હે ભગવન્ ! શ્રી ગૌતમસ્વામી પ્રમુખ ચૌદ હજાર સાધુસમુદાયમાં દુષ્કર તપ-મહાનિર્જરા કરનાર કોણ ?" જવાબમાં પ્રભુએ ધન્ના અણગારને વખાણ્યા, અને રાજાના પૂછવાથી ધન્ના અણગારના ગૃહસ્થ જીવનથી માંડી વર્તમાન સ્થિતિ સંબંધી સર્વ હકીકત કહી. તે સાંભળી શ્રેણિક રાજા હર્ષિત થઇ ધન્ના અણગારને વાંદવા લાગ્યા. તેમને વાંદી અતિહર્ષિત થયા અને તેમનાં ગુણગ્રામ-સ્તુતિ કર્યાં પછી ત્યાંથી પાછા ફરી પ્રભુને વંદન કરી તે પોતાના સ્થાન પર પાછા ફર્યા.

એક રાત્રે ધન્ના અણગારને ખંધક મુનિ જેવો વિચાર થયો, અને સવારમાં પ્રભુને પૂછી આજ્ઞા લઈ, સર્વ વ્રતને આલોવી-પડિક્કમી, સર્વની સાથે ખમતખામણા કરી, સ્થવિર મુનિવરો સાથે વિપુલ પર્વત પર જઈ, ફરી વાર વ્રતાદિને આલોવી, સંથારો કર્યો. તે એક મહીનાનો સંથારો પાળી, નવ મહીનાનો સંયમ પાળી, આયુષ્ય પૂર્ણ કરી, સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં તેત્રીસ સાગરનું આયુષ્ય છે. શ્રી ગૌતમ સ્વામીના પૂછવાથી પ્રભુએ કહ્યું કે: "તેત્રીસ સાગરનું આયુષ્ય પૂર્ણ કરી, મહા-વિદેહ ક્ષેત્રમાં ઉચ્ચ કુળમાં સર્વ સુખ સામગ્રીવાળા સ્થળે ઉત્પન્ન થઈ, મનુષ્ય ભવમાં દેવ જેવાં સુખ ભોગવી, અંતે ચારિત્ર લઈ, તપશ્ચર્યાદિ કરી, સર્વ કર્મનો ક્ષય કરી ધન્ના અણગાર ત્યાંથી બારોબાર મોક્ષમાં જશે."

ધન્ના અણગાર જેવા જ બીજા નવ સંતો થયા, તેમનાં નામ: (૧) સુનક્ષત્ર, (૨) ઋષિદાસ, (૩) પેલ્લકપુત્ર, (૪)

રામપુત્ર, (૫) ચંદ્રકુમાર, (૬) પોષ્ટિપુત્ર, (૭) પેઢાલકુમાર, (૮) પોટિલ સાધુ, (૯) વિહલ કુમાર.

એ નવ સંતોને ધન્ના અણગારની માફક દરેકને બત્રીસ સ્ત્રીઓ હતી, તેમનો ત્યાગ કરી તેમણે દીક્ષા લીધી, અને અભિગ્રહ ધારણ કરી, તપશ્ચર્યા શરૂ કરી. અગીઆર અંગ ભણ્યા, અને શરીર શુષ્ક થતાં એક માસનો સંથારો કરી, સમાધિ પરિણામે કાળ કરી, સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં ઉત્પન્ન થઇ, તેત્રીસ સાગરનું આયુષ્ય ભોગવી, મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થશે અને સર્વ કર્મનો ક્ષય કરી પરમ પદ પ્રાપ્ત કરશે.

એ નવ સંતોમાંના બે રાજગૃહીમાં, બે વાણિજ્ય ગ્રામમાં, બે શ્વેતામ્બિકામાં, બે હસ્તિનાપુરમાં અને છેલ્લા રાજગૃહી નગરીમાં ઉત્પન્ન થયા હતા. છેલ્લા વિહલકુમારનો દીક્ષા-મહોત્સવ તેમના પિતાએ કર્યો હતો, બાકીના બધાનો દીક્ષા-મહોત્સવ રાજાએ કર્યો હતો. ધન્ના અણગારે નવ માસ સંયમ પાળ્યો હતો, વિહલે છ માસ પાળ્યો હતો અને બાકીના બધાએ બહુ વર્ષ સંયમ પાળ્યો હતો. સર્વ એક માસને સંથારે દેવ થયા હતા.

સુબાહુ પ્રમુખ, પાંચસેં પાંચસેં નાર,
તજી વીરપેં લીધાં પંચ મહાવ્રત સાર. ૮૪
ચારિત્ર લેઈને પાળ્યાં નિરતિચાર,
દેવલોકે પહોંચ્યા, સુખવિપાકે અધિકાર. ૮૫

* * *

સુબાહુકુમાર આદિ

હસ્તિશીર્ષ નામે સુંદર નગર હતું. તે નગરની બહાર ઈશાન કોણમાં પુષ્પકરંડ નામે ઉદ્યાન હતો. તે ઉદ્યાનમાં "કૃત-માલવનપ્રિય" નામે યક્ષનું દેહરું હતું. તે યક્ષને ઘણા મનુષ્યો માનતા-પૂજતા હતા. નગરમાં અદીનશત્રુ નામે રાજા રાજ્ય કરતા હતા. રાજાને ધારિણી પ્રમુખ એક હજાર રાણીઓ હતી. એક વખત રાત્રિએ પુણ્યવંત જીવોને સૂવાલાયક સુખ-શય્યામાં ધારિણી રાણી સૂતાં હતાં ત્યારે અર્ધનિદ્રિત અવસ્થામાં તેમને સિંહનું સ્વપ્ન આવ્યું. સ્વપ્ન દેખી તે જાગ્યાં અને ગર્ભ રહ્યો. યથાસમયે કુંવરનો જન્મ થયો. સુબાહુકુમાર નામ આપ્યું. વિદ્યાભ્યાસ પૂર્ણ કરી સુબાહુકુમાર જ્યારે યૌવન વયને પામ્યા ત્યારે તેમના માતાપિતાએ એક સુંદર મહેલ બનાવ્યો, અને તેની ફરતા પાંચ સો બીજા મહેલો બનાવ્યા. તે એવી રીતે કે એકબીજા મહેલમાંથી એકબીજા મહેલમાં બારોબાર જઈ આવી શકાય. પછી પુષ્પચૂલા પ્રમુખ ૫૦૦ રાજકન્યાઓ સાથે એક જ દિવસે સુબાહુકુમારનાં લગ્ન કરવામાં આવ્યાં. માતાપિતાએ દરેક પુત્રવધૂને ૧૯૮ વસ્તુઓ દાયજામાં આપી. સુબાહુકુમાર પાંચ ઈંદ્રિયનાં સુખવિલાસ ભોગવતા હતા.

એવા વખતે પ્રભુ મહાવીર જનપદદેશમાં વિચરતા હસ્તિ-શીર્ષ નગરે પધાર્યા. રાજા કુણિક પ્રભુને વંદન કરવા આવ્યા અને નગરજનો પણ આવ્યા. સબાહુકુમાર પણ દર્શનાર્થે આવ્યા. પ્રભુએ સભા સમક્ષ ધર્મદેશના આપી. દેશના પૂર્ણ થયે સભાજનો યથાસ્થાને ગયા. સુબાહુકુમાર દેશના શ્રવણ કરવાથી બહુ હર્ષિત થયા, અને પ્રભુને વંદન કરી કહેવા

લાગ્યાઃ "પ્રભુ! ઘણા રાજકુમારો સંસારપ્રવૃત્તિ છોડી સંયમી થતા હશે, પણ હજુ હું સંયમ લેવામાં કાયર છું, એટલે પાંચ અણુવ્રત અને શિક્ષાવ્રત રૂપી ૧૨ વ્રતનો શ્રાવકધર્મ આચરવા ઇચ્છું છું. પ્રભુએ કહ્યું: "જેમ સુખ ઊપજે તેમ કરો, પ્રમાદ ન કરો." સુબાહુકુમારે પ્રભુ મહાવીર પાસે શ્રાવકધર્મરૂપ ૧૨ વ્રત આદર્યા.

ગણધર ગૌતમસ્વામીએ પ્રભુને વંદન કરીને પૂછ્યું: "હે પ્રભુ! આ સુબાહુકુમારને આવું અદ્ભુત રૂપ, કાન્તિ, લાવણ્ય પ્રાપ્ત થયાં છે, તો એમણે પૂર્વ ભવમાં એવાં દાન શું દીધાં? પુણ્ય શું કીધાં?" જવાબમાં પ્રભુએ કહ્યું: "હે ગૌતમ! પૂર્વે આ જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં હસ્તિનાપુર નામે નગર હતું. તે નગરની બહાર ઈશાન કોણમાં સહસ્રામ્રવન હતું. નગરમાં ઋદ્ધિસહિત અને કોઇથીએ પરાભવ્યા ન જાય તેવા સુમુખ નામે ગાથાપતિ રહેતા હતા. એક વખતે શ્રી ધર્મઘોષ નામના સ્થવિર જે સાધુત્વના સર્વ ગુણોથી યુક્ત હતા તે ૫૦૦ શિષ્ય સહિત ત્યાં પધાર્યા અને સહસ્રામ્રવનમાં ઊતર્યા. એ ધર્મઘોષ સ્થવિરના એક સુદત્ત નામે શિષ્ય હતા, કે જે મહાન તપને કરનારા હતા. તે સુદત્ત અણગાર માસ માસખમણનાં પારણાં કરતા હતા, અને તેમને તેજોલેશ્યાદિ અનેક લબ્ધિઓ—શક્તિઓ ઉત્પન્ન થયેલી હોવા છતાં તેમણે તે દબાવી રાખી હતી. તે સુદત્ત અણગાર માસખમણના પારણાને દિવસે પહેલે પહોરે સજ્ઝાય, બીજે પહોરે ધ્યાન કરી, ત્રીજે પહોરે ગુરૂની આજ્ઞા લેઇ પારણું વહોરવા અર્થે હસ્તિનાપુરમાં પધાર્યા. ભિક્ષાર્થે ફરતા ફરતા તેઓ સુમુખ ગાથાપતિને ઘેર પહોંચ્યા. મુનિને આવતા જોઈ સુમુખ ગાથાપતિ બહુ જ હર્ષિત

થયા અને મુનિની સામે જઈ, વંદન વિવેક સાચવી, પોતાનું આંગણું પાવન કર્યાના આંતરિક હર્ષથી મુનિને ઘરમાં લઈ આવી, અતિભક્તિપૂર્વક અશનાદિ ચારે આહાર વહોરાવ્યા. વહોરાવનારના ઉત્કૃષ્ટ ભાવ, વહોરાવવાની વસ્તુ તદ્દન શુદ્ધ-નિર્દોષ અને વહોરનાર સંત અતિ પવિત્ર, તપસ્વી અને ઉત્તમ આત્મા, એમ દત્ત, વિત્ત અને પાત્ર એ ત્રણેની એકતા થવાથી સુદત્ત મુનિને વહોરાવતાં સુમુખ ગાથાપતિના સંસારમાં પરિભ્રમણ કરવારૂપ કર્મના દળનો નાશ થયો. તેમણે ઘણો સંસાર કાપી નાખ્યો અને મનુષ્યભવનું આયુષ્ય બાંધ્યું. મુનિને શુદ્ધ આહારાદિ આપવાથી દેવો પણ પ્રસન્ન થયા, અને એ જ વખતે સુમુખ ગાથાપતિને ઘેર સાડાબાર કરોડ સોનામહોર, પંચ-વર્ણાં ફૂલ, ઉત્તમ પ્રકારનાં વસ્ત્રો વગેરેની વૃષ્ટિ થઈ. આકાશમાં દેવદુંદુભિ વાગવા માંડયાં અને અહોદાન, મહાદાન, ઈત્યાદિ શબ્દોની આકાશમાં દેવો તરફથી ઉદ્‌ઘોષણા થવા લાગી. એમ પાંચ દિવ્ય પ્રકટ થયાં. એ પછી સુમુખ ગાથાપતિ ઘણા વર્ષનું આયુષ્ય ભોગવી ત્યાંથી મરીને અહીં અદીનશત્રુ રાજાને ઘેર ધારિણી રાણીની કુખે પુત્રપણે ઉત્પન્ન થયા, અને અત્યારે મનુષ્ય લોકમાં પ્રત્યક્ષ દેવથીયે અધિક સુખ ભોગવે છે."

ગૌતમ સ્વામીએ પૂછયું: "હે ભગવાન! શ્રી સુબાહુ-કુમાર આપની પાસે દીક્ષિત થઈ આપના શિષ્ય બનશે?" પ્રભુએ જવાબ આપ્યો: "હા, ગૌતમ! તેમ થશે." થોડા વખત સુધી હસ્તિશીર્ષ નગરે રહીને પ્રભુ અન્ય ગ્રામો તરફ વિહાર કરી ગયા.

સુબાહુકુમાર જીવ અજીવાદિના જાણપણાવાળા અને સાધુ-સાધ્વી આદિ ચારે તીર્થની ભક્તિ કરવાવાળા શ્રમણોપાસક

થયા અને શ્રાવકપણું પાળતા, ચૌદ પ્રકારનાં દાનાદિ આપતા જીવન પસાર કરવા લાગ્યા. એક વખતે સુબાહુકુમાર અઠમ પૌષધ કરી પૌષધશાળામાં ધર્મધ્યાન ધ્યાતા થકા રહેલા હતા, એવામાં એક રાતને સમયે ધર્મજાગરિકા જાગતાં વિચાર થયો: "ધન્ય છે તે ભૂમિને કે જ્યાં પ્રભુ વિચરતા હશે! પ્રભુ અહીં પધારે તો હું તેમની પાસે ચારિત્ર અંગીકાર કરૂં." સર્વજ્ઞ પ્રભુએ સુબાહુકુમારના અધ્યવસાયને જાણ્યા, અને પ્રભુ તે તરફ વિહાર કરી હસ્તિશીર્ષ નગરે પધારી પુષ્પકરંડક ઉદ્યાનમાં આવી સમવસર્યા. ગામમાં ખબર મળ્યા. રાજા, નગરજનો વગેરે હજારોની જનસંખ્યા પ્રભુના દર્શનાર્થે આવી. પ્રભુએ ધર્મદેશના દીધી. દેશના શ્રવણ કરી પરિષદ્ યથાસ્થાને ગઈ. સુબાહુકુમાર દેશના શ્રવણ કરી, માતાપિતાની અનુજ્ઞા મેળવી, દીક્ષા લેવા આવવાનું પ્રભુને કહી ઘેર આવ્યા. મેઘકુમારની માફક માતાપિતા સાથે ચર્ચા કરી, અન્તે અનુજ્ઞા મેળવી, પ્રભુ પાસે સુબાહુકુમારે દીક્ષા લીધી. દીક્ષા લઈ સુબાહુ અણગારે સામાયિકાદિ અગીયાર અંગનો અભ્યાસ કર્યો. પછી એકાન્ત છઠ આદિ નાનાવિધ તપશ્ચર્યા કરી, ઘણાં વર્ષ સુધી ચારિત્ર પાળી, છેવટે એક મહીનાનો સંથારો કરી, આયુષ્ય પૂર્ણ કરી, સૌધર્મ દેવલોકમાં દેવપણે તે ઉત્પન્ન થયા. સુબાહુકુમારનો આત્મા પહેલા દેવલોકથી આયુષ્ય પૂર્ણ કરી, મનુષ્યપણું પ્રાપ્ત કરી, ધર્મ પામી, સંયમ પાળી, સમાધિ પરિણામે કાળ કરી, ત્રીજા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થશે. ત્યાંથી ચવી, આયુષ્ય પૂર્ણ કરી, મનુષ્યપણે ઉત્પન્ન થઈ, સંયમી થઈ, શુદ્ધ ચારિત્ર પાળી, પાંચમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થશે. ત્યાંથી ચવી, આયુષ્ય પૂર્ણ કરી, મનુષ્ય ભવમાં આવી, સંયમી થઇ, સાતમા

દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થશે. તેવી જ રીતે પછી મનુષ્ય થઈ ફરી નવમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થશે. તેવી જ રીતે મનુષ્ય ભવમાં આવી ત્યાંથી અગીયારમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થશે. ફરી મનુષ્યપણું પામી, સંયમી થઇ, આરાધના કરી, સર્વાર્થસિદ્ધિ મહાવિમાનમાં ઉત્પન્ન થશે, અને ત્યાંથી ચવી મહાવિદેહ ક્ષેત્રમાં ઉચ્ચ કુળમાં મનુષ્યપણે ઉત્પન્ન થઇ, પૂર્ણ પુણ્યયોગથી સંપૂર્ણ સુખવૈભવ ભોગવી, અંતે સંયમ આરાધી, સર્વ કર્મનો ક્ષય કરી, સિદ્ધ થશે.

વૃષભપુર નગર, સ્તુમકરંડક ઉદ્યાન, ધન્ના યક્ષનું દેહરૂં, ધન્નાવહ નામે રાજા, સરસ્વતી નામે મુખ્ય રાણી, સિંહનું સ્વપ્ન, પુત્ર જન્મ થયો અને પુત્રનું નામ ભદ્રનન્દી કુમાર પાડ્યું. સુબાહુકુમારની રીતે શ્રીદેવી પ્રમુખ ૫૦૦ કન્યાઓ સાથે તેમણે લગ્ન કર્યાં અને મનુષ્ય લોકનાં સુખવૈભવ ભોગવ્યાં. પ્રભુ મહાવીરદેવ પધાર્યા, તેમની ધર્મદેશના ભદ્રનન્દી કુમારે સાંભળી. શ્રી ગૌતમસ્વામીએ પૂર્વ ભવની પૃછા કરી. પ્રભુએ કહ્યું: “મહાવિદેહ ક્ષેત્રમાં પુંડરગીણી નગરીમાં વિજય નામે રાજપુત્ર હતા. શ્રી યુગબાહુ તીર્થંકરદેવને ઉત્કૃષ્ટ ભાવથી પ્રતિલાભ્યા-આહાર વહોરાવ્યો, તેથી તેમણે મનુષ્યજન્મનું આયુષ્ય બાંધ્યું, અને તે ભદ્રનન્દી કુમારપણે ઉત્પન્ન થયા. છેવટે તે મોક્ષે જશે.” સર્વ અધિકાર સુબાહુકુમારની રીતે જાણવો.

વીરપુર નગર, મનોરમ ઉદ્યાન, વીરકૃષ્ણમિત્ર રાજા, શ્રી-દેવી નામે રાણી, તેમને કુમાર જન્મ્યા, સુજાત કુમાર નામ દીધું. યોગ્ય વયે તે બલશ્રી પ્રમુખ ૫૦૦ કન્યાઓને પરણ્યા. પ્રભુ પધાર્યા. તેમની દેશના શ્રવણ કરી. સુજાત કુમારનો પૂર્વ

ભવ શ્રી ગૌતમસ્વામીએ પ્રભુને પૂછ્યો. પ્રભુએ કહ્યું: “ ઈખુકાર નગરમાં વૃષભદત્ત નામે ગાથાપતિ હતા, તેમણે પુષ્પદન્ત અણુગારને પ્રતિલાભ્યા. મનુષ્યજન્મ બાંધી અહીં સુજાતકુમારપણે ઉત્પન્ન થયા. ” તેમનો મોક્ષે પહોંચવા સુધીનો બધો અધિકાર સુબાહુકુમારની પેઠે સમજવો.

વિજયપુર નગર, નંદનવન ઉદ્યાન, અશોક યક્ષનું દહેરું, વાસવદત્ત રાજા, કૃષ્ણાદેવી રાણી, તેમને સુવાસવ કુમાર જન્મ્યા. તે ભદ્રા પ્રમુખ પાંચસો કન્યાને પરણ્યા. પ્રભુ પધાર્યા. દેશના સાંભળી. ગૌતમ સ્વામીએ પૂર્વભવપૃચ્છા કરતાં પ્રભુએ કહ્યું: “ કૌશાંબી નગરીમાં ધનપાળ રાજા હતા, તેમણે વૈશ્રમણભદ્ર નામે અણુગારને પ્રાતિલાભ્યા, અને તે સુવાસવ કુમાર નામે ઉત્પન્ન થયા. ” તેમનો મોક્ષે જવા સુધીનો બધો અધિકાર સુબાહુ કુમારની રીતે સમજવો.

સૌગન્ધિકા નગરી, નીલાશોક ઉદ્યાન, સુકાલ યક્ષનું દહેરું, અપ્રતિહત રાજા, સુકૃષ્ણાદેવી રાણી, તેમને મહાચંદ્ર કુમાર જન્મ્યા; તેમને અરહદત્તા સ્ત્રી હતી, તેમને જિનદાસ પુત્ર થયા. તીર્થંકરદેવ પધાર્યા. દેશના સાંભળી. ગૌતમસ્વામીએ પૂર્વ ભવની પૃચ્છા કરતાં પ્રભુએ કહ્યું: “ મજ્ઝીમિકા નગરીમાં મેઘરથ રાજા હતા, તેમણે સુધર્મ અણુગારને પ્રતિલાભ્યા તેથી જિનદાસપણે ઉત્પન્ન થયા. ” તેમનો મોક્ષે જવા સુધીનો સર્વ અધિકાર સુબાહુકુમારની રીતે જાણવો.

કનકપુર નગર, શ્વેતાશોક ઉદ્યાન, વીરભદ્ર યક્ષનું દહેરું, પ્રિયચંદ્ર રાજા, સુભદ્રાદેવી રાણી, તેમને વૈશ્રમણ નામે યુવરાજ જન્મ્યા. શ્રીદેવી પ્રમુખ ૫૦૦ રાણીઓ તે પરણ્યા. એ યુવરાજનાં

ધનપતિ નામે કુમાર થયા. તીર્થંકરદેવ પધાર્યા. દેશના સાંભળી. ગૌતમસ્વામીએ પૂર્વ ભવની પૂછા કરી. પ્રભુએ કહ્યું: "મણિવયા નગરીના મિત્ર રાજાએ સંભૂતિવિજય અણગારને પ્રતિલાભ્યા, અને મનુષ્યનું આયુષ્ય બાંધ્યું. તેથી ધનપતિ ઉત્પન્ન થયા. અન્તે સુબાહુકુમારની પેઠે મોક્ષે જશે."

મહાપુર નગર, રક્તાશોક ઉદ્યાન, રક્તપાલ યક્ષનું દહેરું, બલ નામે રાજા, સુભદ્રા નામે રાણી, તેમને મહાબલ નામે કુમાર થયા, તે રક્તાવતી આદિ ૫૦૦ કન્યાઓ સાથે પરણ્યા. તીર્થંકરદેવ પધાર્યા, દેશના સાંભળી, ગૌતમે પૂર્વભવની પૂછા કરી તો ભગવાને કહ્યું: "મણિપુર નગરમાં નાગદત્ત ગાથાપતિએ ઇન્દ્રદત્ત અણગારને પ્રતિલાભ્યા, તેથી મહાબળ થયા, અને સુબાહુકુમારની રીતે મોક્ષે જશે."

સુઘોષનગર, દેવરમણ ઉદ્યાન, વીરસેન યક્ષનું દહેરું, અર્જુન રાજા, તત્ત્વવતી રાણી, તેમને ભદ્રનન્દી કુમાર થયા, તેમણે શ્રીદેવી પ્રમુખ ૫૦૦ કન્યાઓ સાથે લગ્ન કર્યાં. પ્રભુ પધાર્યા. દેશના સાંભળી કુમાર દર્શનાર્થે ગયા. ગૌતમે પૂર્વ ભવની પૂછા કરી અને ભગવાને કહ્યું: "મહાઘોષ નગરમાં ધર્મઘોષ ગાથાપતિએ ધર્મસિંહ અણગારને પ્રતિલાભ્યા, તેથી ભદ્રનન્દી થયા, તે સુબાહુકુમારની રીતે મોક્ષે જશે."

ચમ્પાનગરી, પૂર્ણભદ્ર ઉદ્યાન, પૂર્ણભદ્ર યક્ષનું દહેરું, દત્ત નામે રાજા, રક્તાવતી રાણી, તેમને મહાચન્દ્ર નામે યુવરાજ કુમાર થયા, તે શ્રીકાન્તા પ્રમુખ ૫૦૦ રાણીઓને પરણ્યા. પ્રભુ પધાર્યા. દેશના સાંભળી. ગૌતમે તેમના પૂર્વ ભવની પૂછા કરતાં ભગવાને કહ્યું: "તિગિચ્છા નગરીમાં જિતશત્રુ રાજાએ

ધર્મવતી અણગારને નિર્દોષ આહારાદિ પ્રતિલાભ્યા તેથી મનુ-ષ્યભવ પામ્યા અને હવે તે સુબાહુકુમારની રીતે મોક્ષે જશે."

સાકેતપુર નામે નગર, ઉત્તરકુરૂ ઉદ્યાન, પાસામી યક્ષનું દહેરું, મિત્રાનંદી રાજા, શ્રીકંતા રાણી, તેમને વરદત્ત કુમાર થયા, તે વીરસેના પ્રમુખ ૫૦૦ રાણીઓ પરણ્યા. પ્રભુ પધાર્યા. દેશના સાંભળી. ગૌતમે પૂર્વ ભવની પૂછા કરી, તો પ્રભુએ કહ્યું: "શત-દ્વારા નગરીમાં વિમળવાહન રાજા હતા, તેમણે ધર્મરૂચિ અણ-ગારને પ્રતિલાભ્યા, તેથી તે મનુષ્યભવ પામ્યા. પ્રથમ શ્રાવકપણું પામ્યા. પૌષધમાં પ્રભુ પધારવાની ભાવના ભાવી અને પ્રભુ પધાર્યા, ધર્મદેશના સાંભળી, માતપિતાને પૂછી દીક્ષા લીધી. તપશ્ચર્યાદિ કરી, પ્રથમ દેવલોકે, પછી મનુષ્ય, પછી ત્રીજે દેવલોકે, પછી મનુષ્ય, પછી પાંચમે દેવલોકે, પછી મનુષ્ય, પછી સાતમે દેવલોકે, પછી મનુષ્ય, પછી નવમે દેવલોકે, પછી મનુષ્ય, પછી અગીયારમે દેવલોકે, પછી મનુષ્ય, પછી સર્વાર્થસિદ્ધ મહાવિમાને, પછી મહાવિદેહમાં મનુષ્ય ભવ પામી સિદ્ધ થશે."

શ્રેણિકના પૌત્રા પઉમાદિક હુવા દસ,
વીરપેં વ્રત લેઈને કાઢયો દેહનો કસ. ૮૬

સંયમ આરાધી દેવલોકમાં જઈ વસ,
મહાવિદેહ ક્ષેત્રમાં મોક્ષ જાશે લેઈ જસ. ૮૭

* * *

પદ્મકુમાર આદિ

ચોથા આરામાં જ્યારે શ્રી સર્વજ્ઞ મહાવીર પ્રભુ બિરાજતા હતા ત્યારે ચંપા નામે નગરી હતી. તે નગરીની બહાર ઇશાન કોણમાં પૂર્ણભદ્ર નામે યક્ષનું દહેરૂં હતું. નગરીમાં કુણિક નામે રાજા હતો અને તેને પદ્માવતી નામે રાણી હતી. શ્રી શ્રેણિક રાજાનાં રાણી તે કુણિકની ઓરમાન માતા કાલી નામે રાણી હતાં. તે રાણીને કાળ નામે કુમાર હતો અને તે સુરૂપ તેમજ સંપૂર્ણ અંગવાળો હતો. તેને પદ્માવતી નામે રાણી હતી. સુખ ભોગવતાં થકાં તે રહેતાં હતાં.

એક વખતે સુશોભિત શયનગૃહમાં રાતે પદ્માવતી રાણી સૂતાં હતાં, તે વખતે તેમને સિંહનું સ્વપ્ન આવ્યું. સ્વપ્ન જોઈને તે જાગ્યાં. સ્વપ્નના અર્થ મુજબ યથાસમયે રાણીએ પુત્રને જન્મ આપ્યો. જ્ઞાતિ જમણ વગેરે કરીને કુમારને પદ્મકુમાર નામ આપ્યું. બાલ્યાવસ્થા પસાર કરી તેમણે વિદ્યાર્થી અવસ્થામાં અધ્યયન કર્યું. યુવાવસ્થા થયે માતાપિતાએ આઠ રાજકન્યાઓ પરણાવી. આઠ આઠ દાત-દાયજામાં અપાતી વસ્તુ આપી. પદ્મકુમાર મહેલાતોમાં મનુષ્યભવમાં દેવનાં જેવા સુખવૈભવ ભોગવતા હતા. સમય વીત્યે વીરપ્રભુ ચંપાનગરીએ પધાર્યા અને પૂર્ણભદ્ર બગીચામાં સમવસર્યા. તેમને વાંદવા માટે નગરમાંથી ખૂબ પર્ષદા આવી. કુણિક રાજા અને પદ્મકુમાર પણ પ્રભુદર્શનાર્થે આવ્યા. દેશના સાંભળી. પદ્મકુમારને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને માતાપિતાની રજા મેળવી તેમણે દીક્ષા લીધી.

સંયમી બની પદ્મ અણગારે પ્રભુ સાથેના સ્થવિર પાસે સામાયિકાદિ અગીયાર અંગનો અભ્યાસ કર્યો. ત્યારપછી એક-બે-

–ત્રણ એમ ઉપવાસની તપશ્ચર્યા કરતાં તે વિચરવા લાગ્યા. અતિ તપશ્ચર્યાના યોગથી પદ્મ અણગાર શરીરે કૃશ થયા, અને ધર્મજાગરિકા જાગતાં તેમને સંથારાનો વિચાર થયો. પ્રભાતે પ્રભુ મહાવીરની આજ્ઞા મેળવી સેવાભાવી સંતોની સાથે વિપુલાચળ પર્વત પર જઈ તેમણે પાદોપગમન સંથારો કર્યો. એક માસ સંથારો ચાલ્યો અને એકંદરે પાંચ વર્ષ સંયમ પાળી, એક માસના સંથારે આયુષ્ય પૂર્ણ કરી સૌધર્મ નામે પહેલા દેવલોકમાં બે સાગરના આયુષ્યે તે દેવપણે ઉત્પન્ન થયા.

ગૌતમસ્વામીએ શ્રી મહાવીર પ્રભુને પૂછ્યું કે "હે મહારાજ! તે પદ્મદેવ દેવલોકથી આયુષ્ય પૂર્ણ કરી ક્યાં ઉત્પન્ન થશે?" જવાબમાં પ્રભુએ કહ્યું: "તે દેવલોકથી આયુષ્ય પૂર્ણ કરી મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થશે, અને દૃઢપ્રતિજ્ઞની માફક સંયમ લેઈ બારોબાર સિદ્ધ પદને પામશે.

એ જ નગરીમાં શ્રેણિક રાજાનાં સુકાલી નામે રાણી જે કુણિકનાં ઓરમાન માતા હતાં તે રહેતાં હતાં. તે રાણીને સુકાલ નામે કુમાર હતા. સુકાલ કુમારને મહાપદ્મા નામે રાણી હતાં. તે રાણીએ શુભ સ્વપ્ન જોયું અને યથાસમયે તેમને કુમાર જન્મ્યો. તેમનું મહાપદ્મ નામ પડ્યું. તે પણ પદ્મકુમારની માફક દીક્ષા લઈ, જ્ઞાનાભ્યાસ, તપશ્ચર્યા, સંથારો કરીને આયુષ્ય પૂર્ણ કરી, બીજા ઈશાન નામે દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાંથી ચવી આયુષ્ય પૂર્ણ કરી, મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ મોક્ષપદ પામશે.

શ્રેણિક રાજાને બીજા આઠ કુમારો હતા, તેમનાં નામઃ (૩) મહાકાલ, (૪) કૃષ્ણકુમાર, (૫) સુકૃષ્ણ, (૬) મહાકૃષ્ણ, (૭) વીરકૃષ્ણ, (૮) રામકૃષ્ણ, (૯) પિતૃસેન કૃષ્ણ, (૧૦) મહા-

સેન કૃષ્ણ. એ આઠે કુમારના એક એક કુમાર જેમણે પદ્મકુમાર અને મહાપદ્મ કુમારની પેઠે વૈરાગ્યવાસિત થઇ દીક્ષા લીધી તેમનાં નામઃ (૩) ભદ્ર, (૪) સુભદ્ર, (૫) પદ્મભદ્ર, (૬) પદ્મસેન, (૭) પદ્મગુલ્મ, (૮) નલિની ગુલ્મ, (૯) આનંદ, (૧૦) નંદન.

એ બધાએ દીક્ષા લઈ ૩–૪–૫ એમણે ચાર ચાર વર્ષનો, ૬–૭–૮ એમણે ત્રણ ત્રણ વર્ષનો અને ૯–૧૦ એમણે બબે વર્ષનો સંયમ પાળ્યો. પદ્મકુમાર અને મહાપદ્મકુમાર અનુક્રમે પહેલા–બીજા દેવલોકે ઉત્પન્ન થયા, તેમ ત્રીજા ભદ્ર ત્રીજા દેવલોકે, ચોથા ચોથા દેવલોકે, પાંચમા પાંચમા દેવલોકે, છઠ્ઠા છઠ્ઠા દેવલોકે, સાતમા સાતમા દેવલોકે, આઠમા આઠમા દેવલોકે, નવમા દસમા દેવલોકે અને દસમા બારમા દેવલોકે ઉત્પન્ન થયા. ત્યાથી ચવીને તેઓ મહાવિદેહમાં ઉત્પન્ન થઈ મોક્ષ પ્રાપ્ત કરશે.

બળભદ્રના નંદન નિષધાદિક હુવા બાર,
તજી પચાસ અંતેઉરી ત્યાગ દિયો સંસાર. ૮૮
સહુ નેમિ સમીપે ચાર મહાવ્રત લીધ,
સર્વાર્થસિદ્ધ પહોંત્યા હોશે વિદેહે સિદ્ધ. ૮૯

* * *

નિષધાદિ

ચોથા આરામાં દ્વારકા નામે સુંદર અને સર્વ ઋદ્ધિ-સંપદાએ કરી ભરપૂર નગરી હતી. તે નગરીની બહાર ઈશાન કોણામાં રૈવત (ગિરનાર) નામે પર્વત હતો. તેમાં અનેક ગુફાઓ

તથા પાણીનાં ઝરણાં હતાં. ત્યાં દેવદેવીઓ આવીને ક્રીડા કરતાં, તેમજ દશદસાર, વાસુદેવ, બળદેવ, વગેરેના ઉત્સવનું એ ઠેકાણું હતું.

એ રૈવત પર્વતથી અતિ દૂર નહિ–અતિ નજીક નહિ એવા સ્થળે નંદનવન નામનો ઉદ્યાન હતો. તે નંદનવનમાં સુરપ્રિય નામે યક્ષનું દહેરૂં હતું. તે ઘણું જુનું હતું અને ઘણા માણસો એની પૂજાભક્તિ કરતા.

દ્વારકા નગરીમાં શ્રીકૃષ્ણ નામે વાસુદેવ રાજા હતા. તે અર્ધા ભરતક્ષેત્ર–ત્રણ ખંડનું રાજ્ય કરતા હતા. દસદશાર, બળદેવ વગેરે પાંચ મહાવીરો, ઉગ્રસેન પ્રમુખ સોળ હજાર રાજાઓ, પ્રદ્યુમ્ન વગેરે સાડા ત્રણ કરોડ કુમારો, સાંબ વગેરે સાઠ હજાર દુર્દંત–કુમારો, વીરસેન વગેરે એકવીશ હજાર વીરો, રુકિમણી વગેરે સોળ હજાર રાણીઓ, તે ઉપરાંત હજારો ગણિકાઓ અને અનેક રાજા, શેઠ, શાહુકારોનું આધિપત્ય ભોગવતા શ્રીકૃષ્ણ વાસુદેવ ત્રણ ખંડનું રાજ્ય કરતા હતા.

દ્વારકામાં બળદેવ નામે (શ્રીકૃષ્ણના ભાઈ) મોટા પર્વત જેવા મહાન રાજા હતા. તે બળદેવને રેવતી નામે રાણી હતાં. તે રાણી એક રાત્રે સુખશય્યામાં સૂતાં હતાં ત્યારે તેમને સિંહનું સ્વપ્ન આવ્યું. સ્વપ્ન જોઈને તે જાગ્યાં અને રાજાને વાત કરી. યથાસમયે રાણીને કુંવર જન્મ્યો. બારમે દિવસે તે કુમારનું નિષધ નામ પાડયું. યોગ્ય ઉંમરે તેમને અભ્યાસ કરાવ્યો અને યુવાવસ્થાએ પહોંચતાં એક જ દિવસે એકી સાથે પચાસ રાજકન્યાઓ સાથે નિષધકુમારનાં લગ્ન કર્યાં. પચાસ–પચાસ વસ્તુઓ દાયજામાં આપી. નિષધ કુમાર પોતાની રાણીઓ સાથે સુખે વિહરતા હતા એવામાં એક સમયે શ્રી નેમનાથ

પ્રભુ પધાર્યા અને નંદનવનમાં સમવસર્યા. ગામમાં ખબર પડતાં હજારો મનુષ્યો પ્રભુનાં દર્શન કરવા અને વાણીનું પાન કરવા આવ્યા. શ્રીકૃષ્ણ વાસુદેવ સ્વારી સહિત દર્શન કરવા માટે આવ્યા. નિષધ કુમાર પણ પ્રભુના દર્શનાર્થે આવ્યા. પ્રભુની દેશના સાંભળીને દેશનાને અંતે શ્રાવકધર્મને અંગીકાર કરી તે પોતાને સ્થાને ગયા.

નિષધ કુમારની સુકુમારતા, તેમનું રૂપ, ઓજસ્વિતા, સૌમ્યતા, શરીરની પ્રભાવિકતા વગેરે જોઈને શ્રી નેમનાથ પ્રભુના શિષ્ય વરદત્ત નામે મુનિવરને આશ્ચર્ય થયું, એટલે પ્રભુ પાસે આવી યથાવિધિ વંદન કરી વિનયયુક્ત ભાવથી તેમણે શ્રી નેમનાથ પ્રભુને પૂછ્યું કે: "હે ભગવાન! નિષધ કુમારને જોતાં તૃપ્તિ ન થાય તેવું રૂપ વગેરે જે ઋદ્ધિ પ્રાપ્ત થઇ છે, તે શા થકી થયેલ છે? તેમણે ગયા જન્મમાં એવું શું શુભ કાર્ય કરેલું કે જેના ફળ રૂપે આ સમૃદ્ધિ તે પામેલા છે?" જવાબમાં નેમ પ્રભુએ વરદત્ત મુનિ અને અન્ય મુનિવરોના સાંભળતાં નિષધ કુમાર સંબંધી આ પ્રમાણે હકીકત કહી: "હે વરદત્ત! આ જમ્બૂદ્વીપમાં ભરત નામે ક્ષેત્રમાં રોહિડ નામે નગર હતું, તે ઋદ્ધિ-સમૃદ્ધિથી યુક્ત હતું. તે નગરની બહાર ઈશાન ખૂણામાં મેઘવર્ણ નામે ઉદ્યાન હતો, અને તેમાં મણિદત્ત નામે યક્ષનું દહેરૂં હતું. નગરના મહાબલ નામે રાજા હતા, તેમને પદ્માવતી નામે રાણી હતાં. તે રાણીને એક રાત્રે સિંહનું સ્વપ્ન આવ્યું. યથાસમયે કુમારનો જન્મ થયો. વીરંગદત્ત નામ આપ્યું. તે વીરંગદત્ત કુમાર યોગ્ય ઉંમરે ભણીગણી તૈયાર થયા અને યુવાવસ્થાએ પહોંચ્યા ત્યારે તેમનાં માતા-પિતાએ એક જ દિવસે ઉત્તમ ગુણવાળી બત્રીસ કન્યાઓ સાથે

લગ્ન કરાવ્યું, અને બત્રીસ-બત્રીસ વસ્તુઓ દાનમાં આપી. તે વીરંગદત્ત છએ ઋતુનાં સુખવૈભવ ભોગવતા, બત્રીસ સ્ત્રીઓ સાથે દેવનાં જેવાં સુખ ભોગવતા વખત પસાર કરતા હતા, તેવે સમયે પરમ પ્રભાવિક શ્રી સિદ્ધાર્થ નામે આચાર્ય મહારાજ ઘણા શિષ્યોના પરિવાર સહિત પધાર્યા અને મેઘવર્ણ ઉદ્યાનમાં જ્યાં મણિદત્ત યક્ષનું યક્ષાયતન હતું ત્યાં આવી સાધુને માગવાયોગ્ય અનુજ્ઞા વગેરે માગીને બિરાજ્યા. ગામમાં ખબર મળવાથી સંખ્યાબંધ મનુષ્યો આચાર્ય મહારાજના દર્શનાર્થે અને વાણી સાંભળવાને આવ્યા. વીરંગદત્ત પણ આ ખબર સાંભળી મનમાં હર્ષિત થઈ દર્શનાર્થે આવ્યા. દેશના સાંભળી, વૈરાગ્ય પામી, માતાપિતાની રજા લઈ, તેમણે ચારિત્ર અંગીકાર કર્યું. ત્યાર પછી વીરંગદત્ત અણગારે શ્રી સિદ્ધાર્થ આચાર્ય પાસે સામાયિકાદિ અગીયાર અંગનો અભ્યાસ કર્યો, તપશ્ચર્યા શરૂ કરી. એક ઉપવાસથી માંડીને ઘણા ઉપવાસ સુધીના તપથી શરીર શુષ્ક-કૃષ બન્યા પછી ગુરૂની આજ્ઞા લઇ, પોતે સંથારો કર્યો. બે માસ સંથારો ચાલ્યો. બે માસને અંતે સમાધિ પરિણામે આયુષ્ય પૂર્ણ કરી, બ્રહ્મલોક નામે પાંચમા દેવલોકમાં દસ સાગરોપમની સ્થિતિએ મહર્ધિક દેવપણે તે ઉત્પન્ન થયા. તે જ વીરંગદત્ત દેવનું આયુષ્ય પૂર્ણ કરી આ દ્વારાવતી નગરીમાં બળદેવના ઘેર રેવતી રાણીની કુખે પુત્રપણે ઉત્પન્ન થયા છે. ગત જન્મમાં કરેલાં તપ, ધ્યાન, શુભ ભાવના આદિનાં ફળ તે અહીં ભોગવે છે.”

શ્રી નેમનાથ પ્રભુને મુખે નિષધ કુમારનો પૂર્વ ભવ સાંભળી શ્રી વરદત્ત અણગારે પ્રભુને પૂછ્યું કે “પ્રભુ! એ નિષધ કુમાર

આપની પાસે અણુગારપણું આદરશે ? સાધુ થશે ?" પ્રભુએ કહ્યું કે "હા, તેમ થશે."

કેટલોક સમય પ્રભુ ત્યાં બિરાજીને પછી ત્યાંથી અન્ય પ્રદેશમાં વિહાર કરી ગયા. નિષધ કુમાર શ્રાવકપણું યથાવિધિ પાળવા લાગ્યા, અને જીવ-અજીવ આદિ નવ તત્ત્વનું જાણપણું કરી પોતાના આત્મકલ્યાણના કાર્યમાં પ્રવૃત્તિ કરવા લાગ્યા.

એક વખતે મધ્ય રાત્રિ વીત્યે નિષધ કુમારને ધર્મજાગરિકા જાગતાં એવો અધ્યવસાય થયો કે, પ્રભુ નેમનાથ જ્યાં બિરાજતા હશે તે ભૂમિને ધન્ય છે, જેઓ એમનાં દર્શન કરી, વાણી શ્રવણ કરી, અશનાદિ આહાર આપી, પોતે કૃતાર્થ થતા હશે તેમને પણ ધન્ય છે. જો એ પ્રભુ અહીં દ્વારાવતી-નંદનવનમાં સમવસરે તો હું પણ એમની સેવાનો લાભ લઉં, એમના સમાગમથી કૃતાર્થ થઉં.

અનંત જ્ઞાની શ્રી નેમનાથ પ્રભુ નિષધ કુમારનો મનોભાવ જાણી પોતે જ્યાં બિરાજતા હતા ત્યાંથી અઢાર હજાર સાધુ સંગાથે વિહાર કરતા દ્વારાવતીએ નંદનવનમાં આવી સમવસર્યા. ગામમાં ખબર મળ્યા. પર્ષદા આવી. નિષધ કુમારે પણ આ ખબર જાણ્યા. તે અતિ હર્ષિત થયા. તે પ્રભુ પાસે ધામધૂમ અને ઉત્સાહપૂર્વક આવ્યા. પ્રભુની દેશના સાંભળીને વૈરાગ્ય પામી, માત પિતાની રજા મેળવી, તેમણે દીક્ષા અંગીકાર કરી.

નિષધ અણુગારે શ્રી નેમ પ્રભુના સ્થવિરની પાસે સામાયિકથી માંડીને અગીયાર અંગનો અભ્યાસ કર્યો. એક ઉપવાસ, છઠ, અઠમ વગેરે બહુવિધ તપશ્ચર્યા કરી, શરીર શુષ્ક થયા

પછી પ્રભુની અનુજ્ઞા મેળવી, તેમણે સંથારો કર્યો. ૨૧ દિવસ સંથારો પાળી, એકંદરે નવ વર્ષનું ચારિત્ર પાળી, આયુષ્ય પૂર્ણ કરી, તે કાળધર્મને પામ્યા.

શ્રી વરદત્ત અણગારે શ્રી નેમ પ્રભુને પૂછ્યું કે "મહારાજ! પ્રકૃતિના ભદ્રિક નિષધ અણગાર કાળ કરીને કયાં ગયા? કયાં ઉત્પન્ન થયા?" જવાબમાં પ્રભુએ કહ્યું: "નિષધ અણગાર કાળધર્મ પામી પાંચ અનુત્તર વિમાન માંહેના પાંચમા સર્વાર્થસિદ્ધમાં ઉત્પન્ન થયા, જ્યાં તેત્રીસ સાગરનું આયુષ્ય છે." વરદત્ત અણગારે પૂછ્યું: "હે પ્રભુ! એ નિષધ દેવ સર્વાર્થસિદ્ધ મહાવિમાનથી આયુષ્ય પૂર્ણ કરી કયાં જશે?" જવાબમાં શ્રી નેમ પ્રભુએ કહ્યું: "હે વરદત્ત મુનિ! એ નિષધ દેવ ત્યાંથી ચવી, તેત્રીસ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી, જમ્બૂદ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં ઉન્નત નામના નગરમાં પવિત્ર માતાપિતાના વંશમાં રાજકુળમાં જન્મ લેશે. ત્યાં બાળપણાથી મુક્ત થઈ, યૌવન વયે સ્થવિર અણગારની પાસેથી ધર્મદેશના સાંભળીને વૈરાગ્ય પામી, ચારિત્ર લેઈ, અણગાર થશે. પછી એક ઉપવાસથી માંડી માસખમણ સુધીનાં બહુવિધ તપ કરી, અંતે એક માસનો સંથારો કરી, સર્વ કર્મનો ક્ષય કરી, કેવળ જ્ઞાન–કેવળ દર્શનને પ્રાપ્ત કરી, મોક્ષે જશે.

ધન્નો ને શાલિભદ્ર મુનીશ્વરોની જોડ,
નારીનાં બંધન તત્ક્ષણ નાંખ્યાં ત્રોડ. ૯૦
ઘર કુટુંબ કબીલો ધનસંચયની કોડ,
માસ માસખમણ કરી ટાળશે ભવની ખોડ. ૯૧

* * *

ધન્યકુમાર

પ્રતિષ્ઠાનપુર નગરમાં જિતશત્રુ રાજા રાજ્ય કરતા હતા. તે શહેરમાં એક નિર્ધન કુટુંબ બહારથી આજીવિકા અર્થે આવીને રહ્યું. તે કુટુંબના પુત્રોમાં એક પુત્ર ઉદાર સ્વભાવનો, દયાળુ અને વિનયી હતો. તેનું નામ ધન્યકુમાર અથવા ધન્નો હતું. ગામના ગૃહસ્થોના ઘરની ગાયોના વાછડા, નાનાં ઢોરને તે ચારવા લઈ જતો અને પોતાના કુટુંબને આજીવિકાના કાર્યમાં એ રીતે સહાય કરતો.

એક દિવસે તે પુત્ર ઢોર ચારવાને વનમાં ગયો હતો, ત્યાં તેણે પડખેના ઉદ્યાનમાં લોકો એકઠા મળી ખીરનું ભોજન કરતા હતા તેમને દીઠા. તેને પણ ખીર ખાવાનું મન થયું, એટલે તુર્ત જ ઘેર આવી મા પાસે તેણે ખીરની માગણી કરી. ઘરમાં જારનાં લૂખાં ઢેબરાંની પણ તાણ હતી, ત્યાં માતા ખીર ક્યાંથી લાવી આપે? બાળકે કજીયો કર્યો. માતાએ તેને જરા ઠપકો આપ્યો, એટલે બાળક વધુ રોવા લાગ્યો. તેને રડતો જોઇને માતા પણ રડવા લાગી. આસપાસના ગૃહસ્થ લોકોનાં ઘરનાં બૈરાંએ એકઠાં થઈને માતા પુત્રને રડવાનું કારણ પૂછ્યું. તેની માતાએ બાળકની માગણીની અને પોતાની સ્થિતિની વાત કરી. માતામાં વિનયાદિ ગુણો હોવાથી બીજી સ્ત્રીઓએ બાળકની હોંશ પૂરી કરવા વિચાર્યું. કોઈએ દૂધ, કોઇએ ચોખા, કોઈએ સાકર લાવી આપ્યાં, અને પછી તેની ખીર કરી બાળકને ખવરાવવાને તેમણે કહ્યું. માતાએ ખીર બનાવી થોડી રાખીને બાકીની ધન્યકુમારને ખાવા આપી, પોતે જરૂરી કામે બહાર ગઈ. ધન્યકુમાર ખીર ખાવા બેઠો એવામાં કોઈ

તપસ્વી મુનિ મહારાજ માસખમણુને પારણે ભિક્ષા અર્થે એ તરફ નીકળી આવ્યા. મુનિને દેખી તેને હર્ષ થયો, અને પોતાના ભાણુામાંની ખીર મુનિને અંતઃકરણુના ઉલ્લાસપૂર્વક વહોરાવી દીધી.

મુનિ તો અનાસક્તિભાવે જે મળ્યું તે લઈને ચાલ્યા ગયા. પાછળથી ધન્યકુમારે પોતાની થાળીમાં જે ખીર ચોંટી હતી તે ચાટવા માંડી. તેવામાં તેની માતાએ આવીને જોયું કે પુત્ર ખીર ચાટે છે. માએ માન્યું કે હજુ પુત્ર ભૂખ્યો રહ્યો છે, એટલે તેને બીજી વાર ખીર આપી, તે જમીને ધન્યકુમાર જંગલમાં પોતાના કામે ચાલ્યો ગયો.

જંગલમાં જતાં તેને એક મુનિ મળ્યા, અને તેમની પાસે વંદન કરીને તે બેઠો. મુનિએ તેને ઉપદેશ આપ્યો અર્થાત્ ધર્મ સમજાવ્યો. ઉપદેશ સાંભળી આનંદિત થઈ તે ઘેર આવ્યો, તેને પેટનો વ્યાધિ થયો અને એ વ્યાધિમાં જ આયુષ્ય પૂર્ણ કરી, મૃત્યુ પામી, એ જ નગરમાં ધનસાગર શેઠનાં શીલવતી સ્રીની કુક્ષીએ પુત્રપણે ઉત્પન્ન થયો. તે શેઠના પ્રથમ ત્રણુ પુત્રો હતા. ચોથો પુત્ર આ થયો. તે ચારેનાં અનુક્રમે નામ (૧) ધનદત્ત, (૨) ધનદેવ, (૩) ધનચંદ્ર અને (૪) ધન્ય હતાં. ધન્યના જન્મસમયથી અનેક રીતે શેઠના ઘરમાં ધનની વૃદ્ધિ થવા લાગી, તેથી શેઠે તેને પુણ્યશાળી માન્યો. યોગ્ય ઉંમરે ધન્યને પાઠશાળામાં ભણુવા મૂકયો. ત્યાં તે વિધવિધ વિદ્યાઓ શીખ્યો. માતાપિતા આ ચોથા પુત્રનું સન્માન વધુ કરવા લાગ્યાં કારણુકે તેના જન્મ પછી દરેક રીતે સુખ, વૈભવ, લક્ષ્મી આદિની વૃદ્ધિ થઇ હતી. નાના ભાઈનું વધુ સન્માન થતું જોઈને મોટા ત્રણુ ભાઇઓને તેની પ્રત્યે અદેખાઈ થવા

લાગી, અને માતાપિતાની પાસે તેઓ નાના ભાઇના દોષો બોલવા લાગ્યા. માતાપિતાએ ત્રણે ભાઇઓને ઘણી રીતે સમજાવ્યા કે એ તમારો ભાઇ પુણ્યવાન છે અને તે પુણ્યથી સર્વ સુખી છીએ, પણ ત્રણે ભાઇઓને એ વાત ગમી નહિ, ત્યારે પિતાએ પુણ્યની પરીક્ષા કરવા માટે ચારે ભાઈને બત્રીસ-બત્રીસ રૂપીઆ આપ્યા, અને વ્યાપાર કરવા કહ્યું. ત્રણે ભાઈઓ તે મૂડી ગુમાવી આવ્યા, ત્યારે ધન્યકુમારે હજારોની કમાણી કરી. આમ થવા છતાં ત્રણે ભાઈ ધન્યની ઈર્ષ્યા મૂકતા ન હતા. ધન્ય અનેક પ્રકારે ન્યાયથી દ્રવ્ય સંપાદન કરતો હતો, અને તે ધનમાંથી પોતાના મોટા ભાઇઓને તથા તેમની સ્ત્રીઓને ભાગ આપી સંતોષતો હતો. છતાં જેનો સ્વભાવ જ અદેખાઈ કરવાનો છે એવા ત્રણે ભાઈઓ ધન્યનાં વખાણ સાંભળી ઈર્ષ્યાગ્નિમાં બળતા હતા. તેઓ પિતા પાસે વારંવાર ધન્યકુમારની વિરૂદ્ધમાં કહેવા લાગ્યા.

ત્રણે ભાઇઓની ઈર્ષ્યાથી ધન્યકુમારને એમની સાથે રહેવું યોગ્ય ન લાગવાથી પોતે ઉપાર્જન કરેલ કરોડોની મિલ્કત માતાપિતા અને ભાઈ ભોજાઈના ઉપયોગ અર્થે ઉદારતાથી રહેવા દઈ પોતે પરદેશ ચાલી નીકળ્યો. પરદેશ જોતાં બહુ દૂર નીકળી ગયા પછી એક વખતે મધ્યાહ્ન સમયે એક ખેડુત ખેતર ખેડતો હતો ત્યાં તે જઈ ચડ્યો. ખેડુત અને તેની સ્ત્રીએ આ મુસાફર કોઈ પુણ્યવાન છે એમ ધારી તેને પોતા માટે આવેલ ભાતમાંથી આગ્રહ કરીને જમાડ્યો. જમીને ધન્યકુમાર બેઠો હતો ત્યાં ખેડુતે હળ ખેડતાં જમીનમાંથી એક સુવર્ણ કળશ નીકળ્યો. ખેડુતે તે કળશ ધન્યકુમારને આપ્યો, પણ ધન્યકુમારે પોતાની ઉદાર

વૃત્તિથી તે સુવર્ણકળશ તે ખેડુતને જ આપી પોતે ત્યાંથી આગળ પ્રયાણ કર્યું. ચાલતાં ચાલતાં રાજગૃહ નગરે આવી ગામ બહાર એક સુકાઈ ગયેલા બગીચામાં ધન્યકુમાર ઊતર્યો. ત્યાં તેના પુણ્યપ્રભાવથી દેવે તુષ્યમાન થઈ તે બગીચાને નવપલ્લવિત બનાવી દીધો. ધન્યકુમારનાં પગલાંથી પોતાનો બગીચો નવપલ્લવિત થએલો જોઇ તેના રક્ષક માળીએ ધન્યકુમારનો ખૂબ સત્કાર કર્યો.

રાજગૃહ નગરમાં શ્રેણિક રાજાની કુંવરી સોમશ્રી તથા શાળીભદ્રની નાની બહેન સુભદ્રા અને ઉપર કહેલા માળીના શેઠ કુસુમપાળ શેઠની પુત્રી કુસુમશ્રી, એ ત્રણેને સખીપણાં હતાં. એ ત્રણેએ એવો વિચાર કરેલો કે આપણે ત્રણે એક જ પતિને પરણીએ તો આપણને કોઈ દિવસ એક બીજાનો વિયોગ સહન કરવો ન પડે, અને હમેશાં સાથે જ રહીએ. ધન્યકુમારને જોઇને તે ત્રણેનો તેની પ્રત્યે અનુરાગ થયો, અને રાજાની કુંવરીએ પોતાની તેની સાથે પરણાવવાની ઇચ્છા રાજાને જણાવી. રાજાને તે યોગ્ય લાગવાથી પોતાની કુંવરી ધન્યકુમારને પરણાવી, અને પછીથી સુભદ્રા અને કુસુમશ્રી પણ ધન્યકુમારને જ પરણી. રાજાએ દાયજામાં ઘણાં ગામ ગરાસ આપ્યાં, અને ધન્યકુમાર વૈભવ ભોગવવા લાગ્યો.

એક દિવસે ધન્યકુમાર પોતાના મહેલના ગોખે બેઠા હતા, તે વખતે બહુ જ દરિદ્ર હાલતમાં પોતાનાં માતાપિતાને બજારમાં જતાં તેમણે જોયાં. તુર્ત જ માણસ મોકલી તેઓને બોલાવ્યાં. પોતે ઊઠી તેમને પગે લાગ્યા, અને પોતાના ભાઇઓ–ભોજાઇઓ ક્યાં છે તે પૂછ્યું. જવાબમાં "તેઓ શરમનાં

માર્યાં ગામ બહાર બેઠાં છે," એમ કહેવાથી તુર્ત જ ધન્ય-કુમારે તેઓને પણ નોકર દ્વારા બોલાવી લીધાં. સર્વને સ્નાનાદિ કરાવી વસ્ત્રાભૂષણથી અલંકૃત કર્યાં. સર્વ સાથે રહેવા લાગ્યાં. ધન્યના પૂછવાથી માતાપિતાએ કહ્યું કે "તારા ચાલ્યા જવાની સાથે ધન પણ ચાલ્યું ગયું, અને અમે કંગાળ બન્યાં. તને અહીં રાજસન્માન મળ્યાના ખબર સાંભળી અમે અત્રે આવ્યાં અને સુખી થયાં."

ધન્યકુમારે માતાપિતાની ભક્તિ કરવા માંડી તેમજ ભાઈ-ભોજાઈઓને પણ પ્રેમથી રાખ્યાં. પણ—

જાકા પડયા સ્વભાવ, જાયગા જીવનસે;
લિંબ ન મીઠા હોય, જો સિંચો ગુડ ઘીહસે.

ફરી ત્રણે ભાઈઓએ અદેખાઈ કરવા માંડી, એટલે ફરી કલેશથી કંટાળીને રાતે બધાંને સૂતાં મૂકી ધન્યકુમાર ચાલી નીકળ્યા. ઘણા દેશાન્તરે ભમતા નવનવાં કૌતુકો જોતા તે કૌશાંબી નગરીએ આવ્યા, અને ત્યાંના સંતાનીક રાજાના ભંડારમાં રહેલા એક રત્નની પરીક્ષા કોઈ કરી શકતું ન હતું તેની તેમણે પરીક્ષા કરી આપી જેથી રાજાએ તુષ્યમાન થઈ ધન્યકુમારને એક સો હાથી, પાંચ સો ઘોડા અને પોતાની સૌભાગ્યમંજરી નામે કુંવરીની સાથે પાંચ સો ગામ આપ્યાં. ધન્યકુમાર રાજસાહેબી ભોગવતા હતા. તેમણે પોતાના ગામની બહાર એક તળાવ ખોદાવવા માંડયું.

રાજગૃહ નગરથી ધન્યકુમાર ચાલ્યા ગયા પછી ત્રણે ભાઈઓનાં દુર્વર્તનથી રાજાએ તેમનાં ગામ ગરાસ આંચકી લીધાં, એટલે ફરી આવેલી નિર્ધનાવસ્થામાં કમાઈ ખાવા માટે તળાવ

ખોદાવાના ખબર સાંભળી ધન્યકુમારનાં માતાપિતા તથા ત્રણે ભાઈઓ અને ધન્યકુમારની સ્ત્રીઓ તેમજ ભાઈઓની સ્ત્રીઓ આવી તળાવ ખોદવાની મજુરી કરવા લાગ્યાં. પુરૂષો ખોદવાનું કામ કરે, સ્ત્રીઓ માટી ઉપાડી પાળે ફેંકી આવવાનું કામ કરે. એક દિવસ ધન્યકુમાર તળાવ જોવા આવ્યા, ત્યાં પોતાનાં વૃદ્ધ માતાપિતા, ભાઈઓ અને પોતાની સ્ત્રીઓ વગેરેને મજુરી કરતાં જોઈ તેમને દુઃખ થયું. ધન્યકુમાર તેમને મળ્યા અને પોતાને ત્યાં છાશ પાણી લેવા આવવાનું કહીને ગયા. માતાપિતા વગેરે કોઈ ધન્યકુમારને ઓળખી શક્યાં નહિ. તળાવનું કામ કરવામાં ઉપરી નીમેલાને ખાનગીમાં તેમણે પોતાનાં માતાપિતાને સાચવવાનું કહ્યું. વારાફરતી સ્ત્રીઓ ધન્યકુમારને ત્યાં છાશ વગેરે લેવા જતી, એવામાં સુભદ્રા જ્યારે ગઈ ત્યારે તેને પોતાની ઓળખાણ આપીને ધન્યકુમારે ત્યાં જ રાખી લીધી. પાછળથી માતાપિતા શોધ કરવા એમને ઘેર આવ્યાં ત્યારે તેઓએ પરસ્પરને ઓળખ્યાં અને તે પણ ત્યાં જ રહ્યાં. પાછળથી ભાઈઓની સ્ત્રીઓએ ત્યાંના રાજા પાસે જઈ ફરીયાદ કરી કે અમારાં વડીલોને આવી રીતે આ શેઠે પૂરી રાખ્યાં છે. રાજાએ તપાસ કરી અને એકબીજાંની ઓળખાણ પડી એટલે પછી બધાં આનંદથી રહેવા લાગ્યાં. ધન્યકુમાર પોતાનાં માતાપિતા, ભાઈઓ, ભોજાઈઓ વગેરે સર્વને સન્માનીને સાચવતા હતા, છતાં ભાઈઓ પોતાના સ્વભાવ પ્રમાણે ઇર્ષ્યાને ત્યજતા નહિ. ધન્યકુમાર તો પૂર્ણ સ્નેહથી સર્વની ભક્તિ કરતા હતા.

કેટલોક સમય વીત્યા પછી પોતાનાં માતાપિતા તથા સ્ત્રીઓનો સર્વ પરિવાર લઈને ધન્યકુમાર રાજગૃહ નગરે

આવ્યા. શ્રેણિક રાજાએ તેમનો ખૂબ સત્કાર કર્યો. ત્યાં આવ્યા પછી મોટા વ્યવહારીઓની ચાર પુત્રીઓ સાથે ધન્યકુમારે લગ્ન કર્યાં. આઠે સ્ત્રીઓ સાથે તે સાંસારિક સુખ વૈભવ ભોગવવા લાગ્યા. આઠ સ્ત્રીઓમાં પણ પરસ્પર એવી એકતા હતી કે જાણે સગી બહેનો જ કેમ ન હોય. ધન્યકુમારે પોતાના ત્રણ ભાઈઓને પોતાને મળેલાં પાંચ સો ગામમાંથી અમુક અમુક ગામો આપ્યાં હતાં, પણ તેઓ નિભાંગી હોવાથી એ ગામ ગરાસ ચાલ્યા ગયાં. પછી તેઓ પોઠો લઇને ગામોગામ ફરી ઉદ્યમ કરી ખાવા લાગ્યા છતાં પૂરૂં થતું નહિ. એક વખતે પોઠો લઈ તેઓ રાજગૃહ નગરમાં આવ્યા. બજારમાં લાવેલો માલ વેચવાનો ઉદ્યમ કરવા લાગ્યા, પણ કોઈ તેમનો માલ લેતું નહિ; તેથી તેઓ ખિન્ન થઈને બેઠા હતા, તેવામાં ધન્યકુમાર ઘોડા પર બેસી રાજદરબારમાંથી ઘેર જતા હતા એમણે પોતાના ભાઇઓને જોયા અને ઓળખ્યા. પોતે ઘોડેથી હેઠે ઊતરી ભાઈઓને પ્રણામ કર્યો, અને તેમને ઘેર તેડી લાવ્યા.

એક દિવસે ધન્યકુમારે પોતાની સંપદા સર્વ ભાઇઓને વ્હેંચી લેવા કહ્યું, અને ભાઇઓએ તેની વ્હેંચણી કરી તો સર્વના ભાગમાં ચૌદ-ચૌદ કરોડ સોનામહોરો આવી. ત્રણે ભાઈઓ પોતાના ભાગમાં આવેલી મૂડી લઈને ધન્યકુમારથી જુદા રહેવા માટે ચાલી નીકળ્યા, પણ ઘરના દ્વાર પાસે ગયા ત્યાં ધનના અધિષ્ટાયક દેવે તે ત્રણે ભાઈઓને રોકયા અને ધન પડાવી લીધું. આ સ્થિતિ થઈ ત્યારે ત્રણે ભાઈઓને પોતાના દુર્ભાગ્યનું જ્ઞાન થયું અને પછીથી ધન્યકુમારની સાથે તેઓ સંતોષથી રહેવા લાગ્યા.

એક વખતે ચાર જ્ઞાનના ધારક ધર્મઘોષ નામે આચા
મહારાજ ત્યાં પધાર્યા. તેમનાં દર્શન કરવા તથા ઉપદે
શ્રવણ કરવા ધન્યકુમાર કુટુંબ સહિત ગયા. તે ગુરૂનાં દર્શ
કરી યથાસ્થાને બેઠા પછી ગુરૂએ ધર્મદેશના દીધી. દેશ
શ્રવણ કર્યા પછી ધન્યકુમારે ગુરૂને પૂછ્યું કે "મારા ત્ર
ભાઈઓને વ્યાપારાદિ ઉદ્યમ કરવા છતાં લક્ષ્મી કેમ મળ
નથી, તેમની પાસે ધન કેમ ટકતું નથી?"

જવાબમાં ગુરૂજીએ કહ્યું: "પૂર્વ ભવમાં તેમણે દાન દઈ
પશ્ચાત્તાપ કર્યો તેનું એ ફળ છે. પૂર્વ ભવમાં તેઓ લક્ષ્મ
પુરમાં ત્રણે સગા ભાઈઓ હતા. ગરીબ હોવાથી જંગલ
લાકડાં કાપી લાવી તે વેચી પોતાની આજીવિકા ચલાવતા હત
એક દિવસે હંમેશ મુજબ જંગલમાં લાકડાં લેવા ગયા; સ
પોતાને ખાવા માટે ભાતું લઈ ગયા હતા; મધ્યાન્હ
તેઓ જમવા બેઠા, તે વખતે માસખમણના તપવાળા પવિત્ર મુ
પારણા માટે ગામમાં જતા ત્યાં આવી ચડયા. તેમને જોઈ
હર્ષ પામી પોતાને ખાવા માટેનું ભાતું હતું તે તેમ
મુનિને વહોરાવ્યું. મુનિ તો તે લેઈને ચાલ્યા ગયા, પ
પાછળથી ત્રણે ભાઈઓને ખેદ થયો કે આ સાધુ કાં
આપણો સગો-સંબંધી ન હતો, આપણે તેને આ ભાતું આ
દીધું તે ઠીક ન કર્યું. આયુષ્ય પૂર્ણ કરી, ત્રણે ભાઈઓ અલ
સુખવાળા વ્યંતર દેવનો એક ભવ કરી અહીં તમારા ભ
તરીકે ઉત્પન્ન થયા. દાનના પ્રભાવથી લક્ષ્મીનાં દર્શન થા
પણ પશ્ચાત્તાપના યોગથી તેઓ તે લક્ષ્મી ભોગવી શકે નહિ.

આ ખુલાસો સાંભળ્યા પછી ધન્યકુમારની સ્ત્રી સુભદ્રા
જ્ઞાની ગુરૂને પ્રશ્ન કર્યો કે, "હે મહારાજ! મારૂં એવું

કર્મ છે કે મારે માથે માટીના ટોપલા ઉપાડવા પડયા?” જ્ઞાની ગુરૂએ કહ્યું: “પૂર્વ ભવમાં ધન્યકુમાર જ્યારે ગોવાળ હતા અને જ્યારે તેમણે ખીર માગી ત્યારે ચાર સ્ત્રીઓએ દૂધ, ચોખા, સાકર અને ઘી એમ એકેકે એકેકી વસ્તુ લાવી આપી, તે દાનના પ્રભાવથી તમે શાળીભદ્રની બહેન થયાં, અને ધન્ય કુમારની સ્ત્રી થયાં; પણ એના આગલા ભવમાં એક દાસીને છાણાં ઉપાડતી જોઈને તેની મશ્કરી કરી હતી કે ‘તું તો હંમેશા માથે ભાર ઉપાડયા જ કર’ એ વચનથી તે દાસીનું મન દુભાયું, અને તેનું તમને કર્મ બંધાયું, તેના પરિણામે આ ભવમાં માથે માટીના ટોપલા ઉપાડવા પડયા.”

ગુરૂ પાસેથી સર્વ ખુલાસા મેળવી, આનંદ પામી, ધન્ય-કુમારે કુટુંબ સહિત જૈન ધર્મ-શ્રાવકપણું સ્વીકાર્યું અને ગુરૂને વંદન કરી તે ઘેર ગયા. ઘેર ઉત્તમ પ્રકારનું ગૃહસ્થ જીવન તે પાળવા લાગ્યા.*

શાલિભદ્ર

રાજગૃહ નગરમાં શ્રેણિક નામે રાજા રાજ્ય કરતા હતા. તે નગરમાં રાજાના માનીતા ગોભદ્ર નામે શેઠ રહેતા હતા. તેમને શીલગુણાદિથી યુક્ત ભદ્રા નામે સ્ત્રી હતી. એક રાત્રે તે ભદ્રા સ્ત્રીને શાલિના ક્ષેત્રનું સ્વપ્ન આવ્યું. યથાસમયે પુત્રનો જન્મ થયો. સ્વપ્નના આધારે પુત્રનું શાલિભદ્ર નામ આપ્યું. શાલિભદ્ર આઠ વર્ષની ઉંમરના થયા ત્યારે તેમને પાઠશાળાએ

* ધન્યકુમારના ઉત્તર જીવનનો સંબંધ શાલિભદ્રના જીવન સાથે રહે છે, તે શાલિભદ્રના જીવનચરિત્રમાંથી જાણવા મળશે.

ભણવા મૂક્યા, અને યોગ્ય વયે તે ભણી–ગણીને તૈયાર થયા. પછી ગોભદ્ર શેઠે પુત્રને સારા શેઠીયાની ઉત્તમ કુળની એવી બત્રીસ કન્યાઓ પરણાવી. શાલિભદ્ર બત્રીસ સ્ત્રીઓ સાથે મનુષ્યભવનાં ઉત્તમ પ્રકારનાં સુખવૈભવ ભોગવવા લાગ્યા.

એક વખતે શ્રી વીરપ્રભુની દેશના સાંભળી વૈરાગ્ય પામી ગોભદ્ર શેઠે દીક્ષા લીધી. જ્ઞાનાભ્યાસ કરી, ઉત્કૃષ્ટ તપ કરી, શુદ્ધ સંયમ પાળી, આયુષ્ય પૂર્ણ કરી તે દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા, પરન્તુ પુત્ર પરના મોહને લીધે તે દેવલોકમાંથી તૈયાર ખોરાક, વસ્ત્ર અને અલંકારની ૯૯ પેટીઓ હમેશાં મોકલાવવા લાગ્યા. આજે જે વસ્ત્ર અને અલંકાર પહેર્યાં હોય તે બીજે દિવસે કુવામાં કે એવી જગ્યોએ ફેંકી દીધાં હોય. બીજે દિવસે બીજાં આવે. રસોઈનું પણ એમ જ. શાલિભદ્રના ઘરમાં કોઈ દિવસ રસોઈ કરવી પડતી નહિ.

એકદા રાજગૃહમાં એક વણઝારો–વ્યાપારી રત્ન કાંબળ લઈને વેચવા માટે આવ્યો. તે રાજા પાસે ગયો અને રાજાએ એક રત્ન કાંબળની કીંમતની પૂછા કરી ત્યારે તેણે એકની કીંમત લક્ષ સોનામહોર જણાવી. રાજાથી તે ન ખરીદી શકાઈ. વ્યાપારી નિરાશ થઈને ચાલ્યો ત્યારે કોઈએ શાલિભદ્રની માતા પાસે જવાનું તેને કહ્યું. વણઝારાના મનમાં હતું કે જે વસ્તુ રાજાએ ન લીધી, તે બીજું કોણ લઈ શકે ? છતાં તેણે શાલિભદ્રના ઘેર જઈ ભદ્રા માતાને રત્ન કાંબળ બતાવી, તે જોઇને તુર્ત જ વ્યાપારી પાસે ૧૬ નંગ હતાં તે બધાં લાખ લાખની કીંમતે લઈને ૧૬ લાખ સોનૈયા ગણી આપ્યા. વણઝારો રાજી થઈ ચાલ્યો ગયો. ભદ્રા માતાએ શાલિભદ્રની ૩૨ સ્ત્રીઓને

અર્ધી અર્ધી રત્ન કાંબળ વહેંચી આપી, પણ તે તેમને ગમી નહિ, એટલે તે વડે હાથપગ લૂછીને ફેંકી દીધી !

શ્રેણિક રાજાનાં ચેલણા રાણીને રત્ન કાંબળ લેવાની ઈચ્છા થઈ, એટલે રાજાએ વણઝારાને બોલાવી એક રત્ન કાંબળની માગણી કરી. વણઝારાએ સર્વ વેચી દીધાની વાત કરી. તે સાંભળી શ્રેણિક રાજાએ શાલિભદ્રની મા પાસેથી એક રત્ન કાંબળની માગણી કરી. ભદ્રા માતાએ કહેવરાવ્યું કે હવે તે અમારી પાસે નથી, પણ વહુઓએ હાથપગ લૂછીને ફગાવી દીધી છે.

આથી રાજાને શાલિભદ્ર, અને તેના ઘરનો વૈભવ જોવા આવવાની ઇચ્છા થઇ, અને ભદ્રા માતાને ખબર આપી. સ્વારી સહિત રાજા શાલિભદ્રને ઘેર આવ્યા. ભદ્રા માતાએ રાજાનું ઉત્તમ રીતે સ્વાગત કર્યું. રાજાને ચોથે માળે બેસાડ્યા. પછી શાલિભદ્રને ખબર આપ્યા. જેને દિવસ રાતની કે બીજા કોઇ વ્યવહારની ખબર નથી, તે શાલિભદ્રના મનમાં થયું કે શ્રેણિક નામનું કાંઈ કરીયાણું હશે, એટલે કહ્યું કે “ તેની કીંમત આપીને વખારે મુકાવી દો. ” માતાએ કહ્યું: “ તે કરીયાણું નથી, પણ આપણો રાજા—આપણો માલેક છે, અને તે તને બોલાવે છે. ” આ સાંભળી શાલિભદ્રને મનમાં ખેદ થયો કે મારે માથે હજુ માલેક છે ? હું સ્વતંત્ર નથી ? તો હવે મારે સંપૂર્ણ સ્વતંત્ર થવું. એવો નિશ્ચય કરી માની આજ્ઞા માની શ્રેણિક રાજા પાસે તે આવ્યા અને વિનય સાચવ્યો. રાજાએ તેમને પોતાના ખોળામાં બેસાડ્યા. પણ શાલિભદ્રથી ઝાઝી વાર બેસી શકાયું નહિ, એટલે રાજાએ તેમને રજા આપી. રાજા ત્યાં જમી કરી, ભેટણું વગેરે લઈને પોતાના મહેલે પાછા ફર્યા.

એક દિવસે તે નગરીએ ધર્મઘોષ નામે આચાર્ય મહારાજ પધાર્યા. શાલિભદ્ર ગુરૂ પાસે ધર્મદેશના સાંભળવા ગયા. ગુરૂએ પર્ષદાની આગળ સંસારની અસારતા, જીવનની ક્ષણભંગુરતા, વિષયોની વિષમતા, અને ધર્મની મહત્તાનો ઉપદેશ આપ્યો. ઉપદેશ સાંભળી શાલિભદ્રે વૈરાગ્ય પામી ઘેર આવી માતાની પાસે દીક્ષા લેવાની અનુજ્ઞા માગી. માતાનું મન કચવાયું. એથી શાલિભદ્રે તાત્કાલિક દીક્ષા લેવાનું બંધ રાખી હંમેશા એક એક સ્ત્રીને પ્રતિબોધ આપીને તે તેનો ત્યાગ કરવા લાગ્યા.

આ વાતની શાલિભદ્રનાં નાનાં બહેન સુભદ્રાને જાણ થઈ તેથી તેમને દુઃખ થયું. સુભદ્રા પોતાના પતિ ધન્યકુમારના માથામાં તેલ નાખતાં હતાં તેમને ભાઈના ત્યાગના વિચારથી દુઃખ થવાથી આંખમાં આંસુ આવ્યાં. આંસુ જોઈને ધન્યકુમારે પત્નીને રડવાનું કારણ પૂછ્યું. ભદ્રાએ પોતાનો ભાઈ હંમેશા એક એક સ્ત્રીનો ત્યાગ કરે છે અને છેવટે તે દીક્ષા લેવાના છે એ વાત કરી. આ સાંભળી ધન્યકુમાર અથવા ધન્નાએ કહ્યું કે " શાલિભદ્ર તો કાયર છે. જો ત્યાગ કરવો જ છે, સંયમ લેવો જ છે, તો પછી મહીના દિવસની રાહ શા માટે જોવી ? આયુષ્યનો ભરોસો શો ? શૂરવીર મનુષ્યો તો ત્યાગનો વિચાર થાય એટલે એ જ વખતે સંયમ લેઈને ચાલી નીકળે. " આ સાંભળી સુભદ્રાએ મશ્કરી કરતાં કહ્યું કે " એ તો પરને માટે કહેવાય છે, તમે શૂરવીર છો તો શામાટે બેસી રહ્યા છો ? " આ સાંભળી ધન્યકુમારે એકદમ ઊઠી ઊભા થઇને કહ્યું કે, " હા ! હું ત્યાગ માટે તૈયાર જ છું, અને અત્યારે જ તમો સર્વનો ત્યાગ કરી ચારિત્ર લેવા જઉં છું. "

એમ કહી પૂર્ણ ઉત્સાહથી તે સંયમ લેવા ચાલ્યા. બીજી સાત સ્ત્રીઓએ અને સુભદ્રાએ ધન્યકુમારને ઘણું સમજાવ્યા, ઘણું વિનવ્યા, પણ દૃઢ નિશ્ચયી ધન્યકુમાર પોતાના વિચારથી જરા પણ પાછા ન હઠયા, એટલે આઠે સ્ત્રીઓએ પણ ધન્યકુમારની સાથે જ સંયમ લેવાનો નિશ્ચય કર્યો. ધન્યકુમારે શાલિભદ્ર પાસે આવી કહ્યું: " હે શાલિભદ્ર ! જો ત્યાગ કરવો જ છે તો કાયરતા અને ઢીલ શામાટે ? થાવ તૈયાર, હું પણ સંયમ લઉં છું." એ સાંભળી શાલિભદ્ર પણ તૈયાર થયા અને સાળા બનેવીએ પ્રભુ પાસે આવી ચારિત્ર ગ્રહણ કર્યું.

સંયમ લેઇ, જ્ઞાનાભ્યાસ કરી, તેઓ તપશ્ચર્યા કરવા લાગ્યા. પ્રભુ મહાવીર સાથે વિચરતા તેઓ એક વખતે રાજગૃહ નગરે પધાર્યા. એકદા બંને જણે માસખમણને પારણે ગૌચરી જતી વખતે પ્રભુને વંદન કરી પૂછયું કે " હે પ્રભુ ! આજે અમને પારણાની ભિક્ષા કોના હાથથી મળશે ? " જવાબમાં પ્રભુ મહાવીરે શાલિભદ્રને ઉદ્દેશીને કહ્યું કે: " આજે તમારી માતાના હાથથી તમને પારણાની ભિક્ષા મળશે " આ સાંભળી તરત બંને મુનિપુંગવો રાજગૃહમાં ભિક્ષા અર્થે આવ્યા. ગામમાં ફરતા તેઓ બંને ભદ્રા માતાને ત્યાં આવ્યા પણ ભદ્રા માતાએ તેમને ઓળખ્યા નહિ અને બીજા ધ્યાનમાં હોવાથી આહારાદિ વહોરાવ્યું પણ નહિ. બંને મુનિવરો ત્યાંથી પાછા ફર્યા, અને રસ્તામાં એક વૃદ્ધ સ્ત્રી દહીંનાં માટલાં ભરીને ગામમાં આવતી હતી, તેણે શાલિભદ્રને જોયા અને જોતાંની સાથે જ તેણે રોમાંચ અનુભવ્યો અને સ્તનમાંથી દૂધ ઝરવા લાગ્યું. તેને શાલિભદ્ર ઉપર પ્રીતિ થઇ અને ભકિતભાવથી દહીં વહોરાવ્યું. દહીં વહોરીને બંને મુનિઓ પ્રભુ પાસે આવ્યા અને સર્વ હકીકત

જાહેર કરી વિનયપૂર્વક પ્રભુને પૂછ્યું કે: "પ્રભુ! આપે તો માસખમણના પારણાની ભિક્ષા મારી માતાને હાથે મળવાનું કહેલ, અને અમો બંને ભદ્રા માતાને ત્યાં ગૌચરી અર્થે ગયા પણ અમને ત્યાંથી ભિક્ષા મળી નહિ, તેનું શું કારણ?" પ્રભુએ કહ્યું કે: "મેં જે કહેલું તે સત્ય જ થયું છે, અને તે કેવી રીતે તે તમો સાંભળો:

"પૂર્વે શાળીગ્રામ નામે ગામમાં ધન્યા નામે એક વિધવા સ્ત્રી રહેતી હતી. તેને સંગમ નામે પુત્ર હતો. તે હંમેશાં ઢોર ચારવા જતો. એકદા બીજા છોકરાઓએ ખીર ખાધાનું જાણી તેને પોતાને પણ ખીર ખાવાનું મન થયું. ઘેર આવી માતા પાસે ખીરની માગણી કરી, પણ ઘરમાં સ્થિતિ ગરીબ હોવાથી ખીર થઈ શકે તેમ ન હતું, એટલે માતાએ ના પાડી. સંગમે કજીયો કર્યો, એટલે માતાએ પુત્રને સ્હેજ માર્યો એથી તે રડવા લાગ્યો. પુત્રને રડતો જોઈ માતા પણ રડવા લાગી, અને મનમાં દુઃખ થયું કે ગરીબાઇને લીધે પુત્રની ઇચ્છા પૂરી કરી શકાતી નથી. માદીકરાને રડતાં જોઈ આસપાસના ગૃહસ્થ ઘરનાં બૈરાંએ આવી રડવાનું કારણ પૂછ્યું. સંગમની માતાએ સર્વ હકીકત કહી પોતાની ગરીબાઇ માટે ખેદ જાહેર કર્યો. બીજી સ્ત્રીઓએ કહ્યું કે 'તું તારા પુત્રને રડાવ નહિ, પુત્ર તો દેવોને પણ દુર્લભ છે. અમારે ત્યાંથી ખીરની સર્વ સામગ્રી લઇ જા.' એમ કહી કોઈએ દૂધ, કોઈએ ચોખા, કોઈએ સાકર, કોઈએ ઘી, વગેરે આપ્યાં. સંગમની માતાએ ખીર કરીને પુત્રને ખાવા આપી અને પછી પોતે કાર્ય પ્રસંગે બહાર ગઈ. પાછળથી સંગમ ખીર ખાવાની તૈયારી કરે છે, તેવામાં માસખમણના પારણા માટે ગૌચરીએ ફરતા મુનિ ત્યાં આવી

ચડયા. સંગમના ઉત્કૃષ્ટ ભાવ થયા, અને આગ્રહભરી વિનંતિપૂર્વક મુનિને ખીર વહોરવાને કહ્યું. મુનિએ તે લેવા માટે પાત્ર મૂકયું. સંગમે ખીરના અર્ધા ભાગમાં લીંટી કરીને વહોરાવવા માંડી, પણ ખીર પ્રવાહી પદાર્થ હોવાથી બધીએ ખીર મુનિના પાત્રામાં પડી ગઇ. મુનિ તો તે લઈને ચાલ્યા ગયા. સંગમને મનમાં ઘણો જ આનંદ થયો અને પાછળ ઠામમાં જે ખીર ચોંટેલી રહી હતી તે એકઠી કરીને તે ચાટવા લાગ્યો. તેવખતે તેની માએ આવીને આ દૃશ્ય જોયું. એની માના મનમાં થયું કે મારો પુત્ર કેટલો બધો ભૂખ્યો છે! (તેને મુનિને ખીર વહોરાવ્યાની ખબર ન હતી). આવી રીતે માની મીઠી નજર લાગી, પરિણામે સંગમને શરીરમાં વ્યાધિ ઉત્પન્ન થયો અને તેણે આયુષ્ય પૂર્ણ કર્યું. ત્યાંથી મૃત્યુ પામી, હે શાલિભદ્ર મુનિ! તમે જ અહીં ગોભદ્ર શેઠને ત્યાં પુત્રપણે જન્મ્યા. મુનિને ઉત્કૃષ્ટ ભાવથી દાન આપ્યું તેનાં શુભ ફળ તમે ભોગવ્યાં. આજે જે તમને દહીં વહોરાવ્યું, તે તમારા પૂર્વ ભવનાં માતાજી હતાં, એટલે મારૂં કહેવું સત્ય જ હતું."

પ્રભુનું કથન સાંભળી બંને જણાએ પ્રભુની આજ્ઞા લઈ, વૈભારગિરિ પર્વત પર જઇ સંથારો કરી દીધો.

પાછળથી ભદ્રા માતા વહુઓના પરિવાર સહિત પ્રભુના દર્શનાર્થે આવ્યાં. પ્રભુને વંદન કરીને પૂછ્યું કે "આજે ધન્ય અને શાલિભદ્ર મારે ઘેર પધાર્યા નથી." જવાબમાં પ્રભુએ સર્વ હકીકત કહી, તે સાંભળીને ભદ્રા માતાને ખેદ થયો કે ઘેર આવેલા મુનિઓને મેં ઓળખ્યા નહિ. હવે તે મુનિઓનાં દર્શન કરવાં એમ ધારી તેઓ દર્શન કરવા માટે વહુવારુના

પરિવાર સહિત વૈભારગિરિ પર્વત પર આવ્યાં. બંને મુનિવરોએ સંથારો કર્યો હતો. ત્યાં આવી દર્શન કરીને પોતાની સામે જોવાને મુનિઓને વિનંતિ કરી. રાગથી વિરક્ત થએલા મુનિઓને તેમની સામે જોવાની જરૂર ન હતી. અનાસક્ત જીવોને માતા બહેન કે પત્ની પ્રત્યે પણ શાનું મમત્વ હોય?

બંને મુનિઓ યથાવિધિ સંથારો પાળી, આયુષ્ય પૂર્ણ કરી, મૃત્યુ પામી, સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં ઉત્પન્ન થયા. ભદ્રા માતા પણ વૈરાગ્ય પામી, પ્રભુ પાસે દીક્ષા અંગીકાર કરી, તપશ્ચર્યાદિ કરી, આયુષ્ય પૂર્ણ થયે સ્વર્ગે ગયાં.

એ બધાએ પવિત્રાત્માઓ દેવનું આયુષ્ય પૂર્ણ કરી, મનુષ્યભવમાં આવી, યોગ્ય વયે સંયમ લેઇ, તપશ્ચર્યાદિ કરી, સર્વ કર્મનો અંત કરી, મુક્તિપદને પામશે.

સુધર્મ સ્વામીના શિષ્ય ધન્ય ધન્ય જંબૂસ્વામ,
તજી આઠ અંતેઉરી માતપિતા ધનધામ. ૯૨
પ્રભવાદિક તારી, પહોંત્યા શિવપુર ઠામ,
સૂત્ર પ્રવર્તાવી, જગમાં રાખ્યું નામ. ૯૩

* * *

જંબૂ સ્વામી

મગધદેશમાં સુગ્રામ નામે રમ્ય નગર હતું. તેમાં રાષ્ટ્રકુટ નામે કણબી રહેતો હતો, તેને રેવતી નામે સ્ત્રી હતી, અને ભવદત્ત તથા ભવદેવ નામે બે પુત્રો હતા. તે બંને પુત્રો ધર્મ અને વ્યવહારમાં કુશળ હતા. એકદા સુસ્થિત આચાર્યની દેશના સાંભળી ભવદત્તને વૈરાગ્ય થયો અને દીક્ષા લીધી. શાસ્ત્રા-

ધ્યયન કરી તે ગીતાર્થ થયા. એકદા ગુરૂની આજ્ઞા લેઇ પોતાના પૂર્વ પક્ષનાં સગાં, માતાપિતા, ભાઈ વગેરેને ધર્મનો પ્રતિબોધ દેવાને તે સુગ્રામ નગરે આવ્યા. તે વખતે ભવદેવનાં નાગીલા નામે રૂપવતી કન્યા સાથે લગ્ન થયેલાં, એટલે ભવદેવ તો સાંસારિક વિષયોમાં આસકત થયેલો, જેથી ભાઈ ભવદત્ત મુનિના સામુંએ તેણે ન જોયું. ભવદત્ત મુનિ પાછા ગુરૂ મહારાજ પાસે આવ્યા.

ભવદત્ત મુનિને એકલા પાછા આવેલા જોઈને બીજા સાધુઓએ મશ્કરી કરી કે "કુટુંબી જનોને પ્રતિબોધવા ગયા હતા તે પ્રતિબોધી આવ્યા? જેવા ને તેવા જ પાછા આવ્યા ને?" આ મ્હેણાથી ફરી ગુરૂની આજ્ઞા લઈને ભવદત્ત મુનિ કુટુંબી જનોને પ્રતિબોધવા આવ્યા. કુટુંબી જનો પાસે આવી તેમણે પ્રતિબોધ આપ્યો. ભાઈ ભવદેવને યુક્તિપૂર્વક સમજાવીને સાથે લીધો. ભવદેવ ભોળા ભાવે સાથે આવ્યો. તેના અંતરમાં વૈરાગ્ય ન હતો, પણ ભાઈ પ્રત્યેના સ્નેહને લઈને તે સાથે આવ્યો હતો. ગુરૂ પાસે આવી ભવદત્ત મુનિએ ગુરૂને કહ્યું કે "આ ભવદેવ દીક્ષા લેવા માટે આવ્યો છે, માટે તેને દીક્ષા આપો." ભવદેવનો અંતરનો ભાવ ન હતો. તેનું મન તો પોતાની નાગીલા સ્ત્રીમાં આસકત હતું, પણ મોટા ભાઇના કથનનો પ્રતિકાર ન કરી શકવાને કારણે તેણે દીક્ષા લીધી. ગુરૂએ દીક્ષા આપી.

ભવદત્ત મુનિ ભવદેવ અને બીજા એક મુનિને સાથે લઈ ગુરૂની આજ્ઞા લઈને જુદા વિચરવા લાગ્યા. ભવદેવ ચારિત્ર પાળતા, પણ બહારથી જ, અભ્યંતરથી નહિ. તેમનું મન નાગીલામાં જ રમતું હતું. વિહાર કરતા ભવદત્ત મુનિ આકરી તપશ્ચર્યા કરીને

આયુષ્ય પૂર્ણ કરી સ્વર્ગે ગયા. પાછળથી ભવદેવ બીજા સાધુને રાતે ઊંઘતા મૂકી સુગ્રામ ગામે આવી ગામ બહાર કોઈ મંદિરમાં ઊતર્યા. ત્યાં બીજી વૃદ્ધ સ્ત્રી સાથે નાગીલા આવેલી, પણ ભવદેવે તેને ઓળખી નહિ, કારણકે બાર વર્ષ વીતી ગયાં એટલે શરીરની સ્થિતિ પલટાઇ ગયેલી હતી. બીજી વૃદ્ધ સ્ત્રી જે નાગીલા સાથે હતી તેને ભવદેવે નાગીલાના કુશળ વર્તમાન પૂછ્યા. નાગીલાએ તેમની સામે જોયું તો તેમને ઓળખ્યા, અને તેમનો આશય સમજી નાગીલાએ ભવદેવને પ્રતિબોધ આપ્યોઃ "વમેલા-ઉલટી કરાએલા ખોરાકની જેમ મનુષ્ય ઈચ્છા ન કરે તેમ ત્યાગેલા વિષયોની પણ આત્માર્થી ઈચ્છા ન કરે." આ પ્રતિબોધ સાંભળી ભવદેવને પોતાની ભૂલનું ભાન થયું. પાછા ગુરૂ પાસે આવી, પોતે કરેલી ભૂલની આલોયણા લઈ, શુદ્ધ ચારિત્ર પાળી, આયુષ્ય પૂર્ણ કરી, સૌધર્મ દેવલોકે દેવપણે તે ઉત્પન્ન થયા.

ભવદત્ત મુનિનો જીવ જે દેવ થયેલો તે ત્યાંથી દેવનું આયુષ્ય પૂર્ણ કરી, મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કરાવતી વિજયમાં પુંડરકિણી નગરીમાં વજ્રદત્ત ચક્રવર્તીની યશોધરા રાણીની કુખે પુત્રપણે ઉત્પન્ન થયો. તેનું નામ સાગરદત્ત આપ્યું. યુવાવસ્થાએ પહોંચતાં પિતાએ તેને હજાર કન્યાઓ પરણાવી. એકદા પોતાના મહેલની અગાશીમાં પોતે બેઠા હતા, તેવામાં તેમણે આકાશમાં ગાજવીજ અને વાદળાંની ઘટા જોઈ; પણ એ જ વખતે સખત પવન નીકળ્યો, અને એ પવનના યોગથી જોતજોતાંમાં વાદળાં વિખરાઈ ગયાં. આ દૃશ્ય જોઈને સાગરદત્તને સંસારની અસ્થિરતાનું ભાન થયું અને વૈરાગ્યથી ગુરૂ પાસે દીક્ષા લીધી.

ભવદેવનો જીવ દેવલોકથી ચવીને એ જ વિજયમાં વીતશોકા નગરીમાં પદ્મરથ રાજાની પટ્ટરાણી વનમાળાની કુક્ષીએ પુત્ર-પણે જન્મ્યો. શિવકુમાર નામ પડ્યું. યુવાવસ્થાએ ઘણી કન્યાઓ પરણ્યા. એક વખતે પોતાના મહેલના ગોખે પોતે બેઠા હતા ત્યારે સાગરદત્ત મુનિને સમૃદ્ધ ગૃહસ્થને ઘેર વહોરતા દીઠા, અને વહોર્યા પછી દેવે તે ગૃહસ્થના ઘરે સોનામહોર, પુષ્પ ઇત્યાદિની વૃષ્ટિ કરી, તે જોઇને શિવકુમારને આનંદ થયો. પછી મુનિ જ્યાં ઊતર્યા હતા ત્યાં તેમની પાસે જઈ વંદન કરી બેઠા. મુનિએ ધર્મોપદેશ આપવાની સાથે તેમના પૂર્વ ભવની વાત કરી, તેથી વૈરાગ્ય પામી, ઘેર માતા-પિતાની રજા લેવા માટે આવ્યા. માતાપિતાએ રજા ન આપી; એથી તે ગૃહસ્થાશ્રમમાં રહીને જ ધર્મક્રિયા કરવા લાગ્યા. છઠ છઠનાં પારણાં કરી બાર વર્ષ સુધી ગૃહસ્થ ધર્મ-શ્રાવક ધર્મ પાળી છેવટે અણસણ કરી, આયુષ્ય પૂર્ણ કરી, શિવકુમાર બ્રહ્મદેવલોકમાં વિદ્યુન્માળી નામે દેવપણે ઉત્પન્ન થયા.

એક વખતે રાજગૃહ નગરે જ્યારે પ્રભુ મહાવીર વિરાજતા હતા ત્યારે વિદ્યુન્માળી દેવ પ્રભુને વાંદવા આવ્યા. તે વખતે શ્રેણિક રાજાએ તેની અદ્ભુત કાન્તિ જોઈને પ્રભુ પાસે આવી કાન્તિ પામવાના કારણની પૂછા કરી. પ્રભુએ તે દેવનો પૂર્વ ભવ કહ્યો. ફરી શ્રેણિક રાજાએ પૂછ્યું કે " પ્રભુ ! આ વિદ્યુ-ન્માળી દેવ આયુષ્ય પૂર્ણ કરી ક્યાં જશે ! " જવાબમાં પ્રભુએ કહ્યું કે: " આ જ રાજગૃહ નગરમાં ઋષભદત્ત શેઠના ઘેર પુત્ર-પણે ઉત્પન્ન થશે. તેનું નામ જંબૂકુમાર પડશે, અને આ ચોવીશીમાં એ છેલ્લા કેવળી થશે. વિદ્યુન્માળી દેવની ચાર દેવાંગનાઓ છે તે પણ તે અહીં જુદા જુદા સ્થળે પુત્રીપણે

જન્મશે અને તે જંબૂકુમાર સાથે લગ્ન કરશે." પ્રભુનો જવાબ સાંભળી દેવ-દેવીઓ અને રાજા સહુ સહુને સ્થાને ગયા.

વિદ્યુન્માળી દેવ આયુષ્ય પૂર્ણ કરી રાજગૃહ નગરમાં ઋષભદત્ત શેઠને ઘેર ધારિણી સ્ત્રીની કુક્ષીએ આવીને ઉત્પન્ન થયા. તે વખતે માતાને જંબૂવૃક્ષનું સ્વપ્ન આવ્યું. યથાસમયે પુત્ર જન્મ્યા પછી તેનું જંબૂકુમાર નામ આપ્યું. વિદ્યુન્માળી દેવની ચારે દેવીઓ ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી સમુદ્રશ્રી, પદ્મશ્રી, પદ્મસેના અને કનકસેના નામે જુદા જુદા શેઠોને ત્યાં પુત્રીપણે ઉત્પન્ન થઈ. એ ચાર અને બીજી ચાર નભઃસેના, કનકશ્રી, કનકવતી અને જયશ્રી એમ કુલ આઠે કન્યાઓને શ્રી જંબૂકુમાર સાથે પરણવાની ઈચ્છા થઈ. જંબૂકુમારનાં માતાપિતાને પણ એ આઠે કન્યાઓ પરણાવવાનો વિચાર થયો.

એકદા શ્રી સુધર્મ સ્વામી ગણધરદેવ ત્યાં પધાર્યા અને સર્વ પરિષદની સાથે જંબૂકુમાર પણ દેશના સાંભળવા ગયા. સંસારની અસારતા, આયુષ્યની ક્ષીણતા, વગેરેનો ધર્મોપદેશ સાંભળી જંબૂકુમારને વૈરાગ્ય થયો અને દીક્ષા લેવા વિચાર થયો. ગુરૂને વિનતિ કરી. માતાપિતાની અનુજ્ઞા વિના દીક્ષા આપવાની ગુરૂએ ના કહી, તેથી પોતાના મનથી જ બ્રહ્મચર્યવ્રતનો નિશ્ચય કરી ઘેર આવ્યા. દુશ્મન રાજ્યના લશ્કરને પાછા હઠાવવા રાજગૃહ નગરના કીલ્લા પરના રક્ષકોએ યંત્રવડે ફેંકેલો એક પત્થર જંબૂકુમારની નજીક પડયો. જંબૂકુમાર સ્હેજમાં બચી ગયા, એટલે વૈરાગ્ય વધ્યો. એથી પાછા ગુરૂ મહારાજ પાસે બ્રહ્મચર્ય વ્રત આદરી પછી ઘેર આવી માતાપિતા પાસે દીક્ષા લેવાની અનુજ્ઞા માગી. માતાપિતાએ

કહ્યું: "તું અમારે એક જ પુત્ર છે. તારા પર અમારો આધાર છે અને તને અમારે આઠ કન્યાઓ પરણાવવાનો મનોરથ છે." આ સાંભળી જંબૂકુમારે કહ્યું: "તમારો મનોરથ પૂર્ણ કરવા હું લગ્ન કરૂં, પણ એવી શરતે કે લગ્ન કરૂં તે જ રાત્રે જો હું તે આઠે સ્ત્રીઓને પ્રતિબોધું તો હું તેમને પણ સાથે દીક્ષા લેવરાવીશ, અને તેઓ જો મને સમજાવશે તો હું ગૃહસ્થાશ્રમમાં રહીશ." માતાપિતાએ તે કબૂલ કર્યું, તેમજ આ શરત આઠ કન્યાઓને તથા તેમનાં માતાપિતાને પણ જાહેર કરી, અને તેઓ પણ એ બાબતમાં સંમત થયાં.

જંબૂકુમારનાં મોટા ઉત્સવપૂર્વક આઠે કન્યાઓ સાથે લગ્ન થયાં અને કન્યાઓનાં માતાપિતાઓએ દાયજામાં નવાણુ કરોડ સોનૈયા આપ્યા. લગ્ન કરી, નાણું અને સ્ત્રીઓને લઈને જંબૂકુમાર પોતાને ઘેર આવ્યા. બીજે દિવસે સ્ત્રીઓને પ્રતિબોધવા માટે પોતાના મહેલના સાતમા આવાસમાં જઈને તે નવે જણાં બેઠાં.

એ વખતે જયપુર નગરના વંધ્યભૂપાળ નામે રાજાએ પોતાના મોટા કુંવર પ્રભવને રાજગાદી ન આપતાં નાના કુમારને રાજગાદી આપેલી તેથી પ્રભવ ચોરી કરવા લાગ્યો હતો, અને પલ્લીપતિ બન્યો હતો, જેની સાથે પાંચ સો ચોર રહેતા હતા. તે પ્રભવની પાસે અવસ્વાપિની (એટલે બીજાને ઉંઘાડી દેવાની) અને તાલોદ્ઘાટિની નામે વિદ્યાઓ હતી. તે પ્રભવ જંબૂકુમારને નવાણું કરોડ સોનામહોર મળ્યાની ખબર સાંભળી પાંચ સો ચોર સહિત ચોરી કરવા માટે આવ્યો. રાત્રિના વખતે ઘરનાં બીજાં સર્વને અવસ્વાપિની નિદ્રાથી નિદ્રાધીન કરી, તાલોદ્ઘાટિનીથી સર્વ તાળાંઓ ઉઘાડી, તેણે બધું

ધન ઉપાડયું. ચોરીના માલનાં પોટલાં બાંધી ચોરો જંબૂ-કુમારની પાસે આવ્યા. ત્યાં આવીને ચોરે અવસ્વાપિની નિદ્રા મૂકી, તેની અસર જંબૂકુમાર સિવાય આઠે સ્ત્રીઓને થઈ. પ્રભવે આવી સર્વ સ્ત્રીઓ પરનાં આભૂષણો ઉતારી લીધાં. પછી પાછો વળવા જાય છે, ત્યાં જંબૂકુમારે તેને સ્થિર કરી દીધો. આથી પ્રભવે જંબૂકુમારને કહ્યું કે "તમારી સ્થંભિની વિદ્યા મને શીખવો, અને મારી પાસે જે બે વિદ્યાઓ છે તે તમને શીખવું." જવાબમાં જંબૂકુમારે કહ્યું: "મારે એવી વિદ્યા શીખીને શું કરવું છે? મારે તો આ આઠે સ્ત્રીઓને પ્રતિબોધી દીક્ષા લેવી છે." તે સાંભળી પ્રભવે કહ્યું: "તમારે દીક્ષા શામાટે લેવી જોઇએ? ધન છે, યુવાવસ્થા છે, સુંદર સ્ત્રીઓ છે, બધી વાતે સુખ છે, છતાં દીક્ષા શામાટે લેવી પડે છે?" જવાબમાં જંબૂકુમારે વિષયો કેવા દુઃખદાયક છે, તેના માટે જુદાં જુદાં દૃષ્ટાન્તો આપીને પાંચ સો ચોર સહિત પ્રભવને પ્રતિબોધ પમાડયો અને તેને દીક્ષા લેવાને તૈયાર કર્યો.

જંબૂકુમારની આઠ સ્ત્રીઓ કે જે હવે નિદ્રાથી મુક્ત થઈ હતી, તેમણે એક પછી એક કથાઓ કહી જંબૂકુમારને સંસારમાં રાખવાને મોહ પમાડવા પ્રયત્ન કર્યો. તેના પ્રત્યુત્તર જંબૂ-કુમારે અનેક દૃષ્ટાન્તો વડે સાંસારિક વિષયો આત્માને માટે કેવા અનર્થકારક છે, સંસારને કેવી રીતે વધારનાર છે, ચાર ગતિ–ચોવીસ દંડકમાં કેમ રખડવું પડે છે, વગેરે બહુ સારી રીતે સમજાવી, આઠે સ્ત્રીને વૈરાગ્યવાન બનાવી, દીક્ષા લેવાને તૈયાર કરી.

બીજે દિવસે પ્રભવ ચોર પોતાનાં સગાંસંબંધીની અનુજ્ઞા મેળવી પાંચ સો સાથીઓ સહિત દીક્ષા લેવા માટે જંબૂકુમાર પાસે આવી પહોંચ્યો. જંબૂકુમાર પણ તૈયાર હતા. પુત્રને વૈરાગ્ય પામેલો જાણી તેમનાં માતાપિતા પણ તૈયાર થયાં, પુત્રીઓને વૈરાગ્ય પામેલી જાણી તેમનાં પણ માતાપિતા તૈયાર થયાં. એમ જંબૂ કુમાર, તેમનાં માતાપિતા, આઠ સ્ત્રીઓ તથા તેમનાં માતાપિતા અને પાંચ સો ચોર સહિત પ્રભવ ચોર, એ સર્વેએ સુધર્મસ્વામી પાસે આવી સંયમરત્ન આપવાની અને પોતાને શિષ્ય તરીકે અંગીકારવાની માગણી કરી. શ્રી સુધર્મસ્વામીએ તે સર્વને યોગ્ય જાણીને ચારિત્ર આપ્યું. સંયમ લેઇ જંબૂકુમાર વિશેષ તપશ્ચર્યાદિ કરવા લાગ્યા.

શ્રી સુધર્મસ્વામી શિષ્યોના પરિવાર સહિત વિચરતા વિચરતા ચંપાનગરીએ પધાર્યા. નગરજનો અને કુણિક રાજા વગેરે ગણધરદેવનાં દર્શન કરવા અને વાણી સાંભળવા આવ્યા. ગણધરદેવ શ્રી સુધર્મસ્વામીએ ઉપદેશામૃતથી પર્ષદાને તૃપ્ત કરી. ઉપદેશને અંતે કુણિકે શ્રી સુધર્મસ્વામીને પૂછ્યું કેઃ "સર્વ મુનિવરોમાં આ જંબૂકુમારનું તેજ અધિક છે તેનું કારણ શું?" જવાબમાં શ્રી સુધર્મસ્વામીએ જંબૂકુમારનો પૂર્વ ભવ કહ્યો અને અંતે કહ્યું કે "એ પૂર્વ ભવના તપના પ્રભાવથી જ એમને આવી મહાઋદ્ધિ પ્રાપ્ત થઈ છે." એ સાંભળી વંદન કરી, વ્રત પચ્ચકખાણ કરી, રાજા વગેરે સર્વ સ્વસ્થાને ગયા.

શ્રી સુધર્મસ્વામી જંબૂમુનિ વગેરે શિષ્ય પરિવાર સહિત વીતરાગ પ્રભુ શ્રી મહાવીર પ્રભુને વંદન કરવા ગયા. જંબૂ અણગાર ગુરૂદેવની પાસે અગીયાર અંગ, ચૌદ પૂર્વ સૂત્રાર્થ સહિત ભણ્યા. વીરપ્રભુ નિર્વાણ પામ્યા પછી દસ વર્ષે શ્રી

જંબૂસ્વામીને આચાર્ય પદવી અપાઇ અને વીસમે વર્ષે તેમના પર ગચ્છનો સર્વ ભાર મુકાયો. પછી સુધર્મસ્વામી મોક્ષે પધાર્યા. ત્યારપછી જંબૂસ્વામી કેવળ જ્ઞાન પામી, ઘણા ભવ્ય જીવોને તારી, પ્રતિબોધી, શ્રી પ્રભવસ્વામીને આચાર્ય-પદ આપી, વીરપ્રભુ મોક્ષ પધાર્યા પછીના ચોસઠમે વર્ષે મોક્ષે પધાર્યા.

જંબૂસ્વામી મોક્ષે પધાર્યા પછી ૧૦ બોલનો નાશ થયો. (૧) મનઃપર્યવ જ્ઞાન, (૨) પરમ અવધિજ્ઞાન, (૩) ક્ષપક શ્રેણિ, (૪) ઉપશમ શ્રેણિ, (૫) પુલાક લબ્ધિ, (૬) આહારક શરીરની લબ્ધિ, (૭) મોક્ષમાં જવાપણું, (૮) જિનકલ્પીપણું, (૯) પરિહારવિશુદ્ધ ચારિત્ર, સુક્ષ્મસંપરાય ચારિત્ર, અને યથાખ્યાત ચારિત્ર, એ ત્રણ ચારિત્ર, અને (૧૦) કેવળ જ્ઞાન.

ધન્ય ઢંઢણ મુનિવર, કૃષ્ણરાયના નંદ,
શુદ્ધ અભિગ્રહ પાળી, ટાળી દીયો ભવફંદ. ૯૪

* * *

શ્રી ઢંઢણ ઋષિ

દ્વારિકા નગરીમાં શ્રીકૃષ્ણ વાસુદેવનાં ઢંઢણા રાણીથી ઉત્પન્ન થયેલા ઢંઢણ કુમાર રૂપગુણથી યુક્ત હતા. એકદા નેમનાથ પ્રભુની દેશના સાંભળી ઢંઢણ કુમારને વૈરાગ્ય થયો, અને વડીલોની અનુજ્ઞા લઇ ચારિત્ર લીધું. તેમણે પ્રભુ પાસે પ્રતિજ્ઞા કરી કે, "હું જ્યારે ભિક્ષા—ગૌચરી અર્થે જઉં ત્યારે મને મારી પોતાની આત્મલબ્ધિએ મારા પોતા પ્રત્યેના ભાવથી વહોરાવનાર વહોરાવે તો જ મારે ભિક્ષા લેવી કલ્પે,

તે સિવાય ન કલ્પે; એટલે બીજા મુનિઓ સાથે હોય અને તેમને વહોરાવે, તેમને ભિક્ષા આપે, એટલે પછી મને પણ આપવી જોઈએ, એમ ધારીને જે આપે તે ન કલ્પે." આ રીતની પ્રતિજ્ઞા કરીને ઢંઢણ મુનિ ભિક્ષા માટે ગામમાં ગયા, પણ તેમને કોઈએ થોડી પણ ભિક્ષા આપી નહિ, એટલે પાછા ફરી પોતે પ્રભુને પૂછ્યું કે, "પ્રભુ! મને કયા પ્રકારનાં કર્મના યોગથી થોડી પણ ભિક્ષા મળતી નથી?" જવાબમાં પ્રભુએ કહ્યું: "પૂર્વ ભવમાં મગધદેશમાં ધાન્યપુરક ગામે પારાશર નામે એક કુળપુત્ર હતો, તે રાજાના ખેતરમાં ખેતી કરાવતો હતો. તેના તાબામાં પાંચ સો હળ ચાલતાં હતાં. એકદા બપોરના વખતે હળ હાંકનાર ખેડુને ખાવા માટે ભાત આવ્યું, એટલે ખેડુઓ હળ છોડવાની તૈયાર કરવા લાગ્યા. પારાશરે એક બે વાર હળનો ચાસ (ઉથલો) કરી આવવા–ખેડી આવવાની આજ્ઞા કરી. તેથી પાંચ સો હળ હાંકનાર અને એક હજાર બળદને ખોરાકની અંતરાય પડી. થોડી વાર અંતરાય પાડી, તેનું તેને અંતરાય કર્મ બંધાયું. આયુષ્ય પૂર્ણ કરી, બીજા ભવમાં રખડી પુણ્યયોગે પારાશરનો જીવ તમો ઢંઢણકુમાર રૂપે ઉત્પન્ન થયો. પૂર્વે ૧૫૦૦ જીવોને પાડેલ અંતરાયનું કર્મ ભોગવવું બાકી રહેલું હતું તેના પરિણામે તમને ભિક્ષા મળતી નથી."

પોતાના પૂર્વ ભવનાં બાંધેલાં કર્મની વાત સાંભળી તે કર્મને દૂર કરવા ઢંઢણ ઋષિએ ખૂબ તપશ્ચર્યાદિ કરવા માંડયાં. એકદા ઢંઢણ ઋષિ ગામમાં ગૌચરી અર્થે ગયા હતા, ત્યારે શ્રીકૃષ્ણ મહારાજ પ્રભુ નેમનાથને વાંદીને પોતાને મહેલે પાછા ફરતા હતા. બજારમાં ઢંઢણઋષિ તેમને મળ્યા, એટલે

શ્રીકૃષ્ણ મહારાજે હાથીથી હેઠા ઊતરી તેમને વંદન કર્યું, અને તેમનાં તપશ્ચર્યાદિ વખાણ્યાં. આ પ્રસંગ જોઈને એક ગૃહસ્થે ઢંઢણઋષિને પોતાને ત્યાં વહોરવાનો આગ્રહ કર્યો અને મુનિ ત્યાં ગયા એટલે તેમને મોદક વહોરાવ્યા. તે ગૌચરી કરીને તેમણે મનથી માન્યું કે હવે મારૂં અંતરાય કર્મ તૂટ્યું અને મારા પોતાના પ્રભાવથી જ આજે મને ભિક્ષા મળી. પ્રભુ પાસે આવી પોતાને પોતાના જ પ્રભાવથી ભિક્ષા મળ્યાનું તેમણે જણાવ્યું. પ્રભુએ કહ્યું: “ના, તેમ નથી બન્યું પણ શ્રીકૃષ્ણ વાસુદેવના પ્રભાવથી તમને ભિક્ષા મળી છે.” ઢંઢણ ઋષિએ કહ્યું: “તો તે ભિક્ષા મારે ખાવી ન કલ્પે. જો તે લાડુ હું ખાઉં તો મારી પ્રતિજ્ઞા ભાગે.” એમ વિચારીને પ્રભુની અનુજ્ઞા મેળવી તે લાડુ નિર્દોષ જગ્યોએ પરઠવવા-નાખી દેવાને તે ગયા, રાખમાં લાડુને ચોળી નાખતાં પોતે ઉચ્ચ ભાવનાએ ચડ્યા, અને લાડુ ચોળતાંની સાથે કર્મને પણ ચોળી નાખી-કેવળ જ્ઞાન-કેવળ દર્શનને પ્રાપ્ત કર્યું. કેવળી થઈ, ઘણાં વર્ષ સંયમ પાળી, આયુષ્ય પૂર્ણ કરી, તે સિદ્ધિપદ પામ્યા.

વળી સ્કંદક ઋષિની દેહ ઉતારી ખાલ,
પરિષહ સહીને ભવફેરા દીયા ટાળ. ૯૫

* * *

સ્કંદક કુમાર

શ્રાવસ્તી નગરીમાં કનકકેતુ નામે ન્યાયી રાજા રાજ્ય કરતો હતો. તેને મલયસુંદરી નામે રાણી હતી અને સ્કંદક

નામે કુમાર તથા સુનંદા નામે કુંવરી હતાં. સુનંદાને યોગ્ય ઉંમરે કાંચીનગરીના રાજા પુરૂષસિંહ સાથે પરણાવી હતી. સ્કંદક કુમાર પોતાના ગુણોથી રાજા અને પ્રજાને અત્યંત પ્રિય હતા. એક દિવસે આચાર્ય શ્રી વિજયસેનસૂરિ ત્યાં પધાર્યા. તેમની દેશના સાંભળી સ્કંદક કુમાર વૈરાગ્ય પામ્યા, અને માતાપિતાની રજા લઈ તેમણે સંયમ ગ્રહણ કર્યો. રાજાએ પુત્રના મોહને વશ થઈ, સંયમી પુત્રને કોઈ હેરાન ન કરે તે માટે સાથે ઘણા સેવકો રાખ્યા. મુનિએ ના પાડી છતાં રાજાએ સેવકો મોકલ્યા. સ્કંદક મુનિ પોતે અનાસક્તપણે વિચરવા લાગ્યા. પછી ગુરૂની પાસે સર્વ શાસ્ત્રનો અભ્યાસ કરી, ગુરૂની આજ્ઞા મેળવી, જિનકલ્પીપણું સ્વીકારી, તે એકલા વિહરવા લાગ્યા.

દેશવિદેશ વિહાર કરતાં તેઓ કાંચીપુરી કે જ્યાં તેમનાં બહેન પરણાવેલાં હતાં ત્યાં આવી પહોંચ્યા. બપોરના વખતે મુનિ ગૌચરી માટે ગામમાં ફરતા હતા. સાથેના સેવકોએ ધારેલું કે આ ગામે તો સ્કંદક કુમારનાં બહેન છે, એટલે મુનિને કોઈ ઉપસર્ગ કરશે નહિ, એટલે ગૌચરીમાં કોઈ પણ સેવક મુનિ સાથે ન નીકળ્યો. રાજા અને રાણી રાજમહેલના ગોખમાં બેઠાં હતાં, તે વખતે ગામની બજારોમાં સુનંદાની નજર ગઈ અને ભિક્ષા અર્થે ફરતા મુનિને તેણે જોયા. તેને વિચાર થયો કે મારા ભાઈ પણ આ જ રીતે ભિક્ષા માટે આવી ઉનાળાની ઋતુમાં ઘેરઘેર ફરતા હશે. (તપશ્ચર્યાથી શરીર કૃશ થયેલું અને જરા દૂર હોવાથી મુનિને રાણીએ પોતાના ભાઈ તરીકે ઓળખ્યા નહિ.) એ વિચાર આવતાં ભાઈ પ્રત્યેના સ્નેહથી મુનિ સામે નજર માંડી રાખી અને

આંખમાં અશ્રુ આવ્યાં. રાણીની આંખમાં અશ્રુ જોઈ રાજાએ બજાર તરફ નજર કરી તો મુનિને જોયા, અને એ મુનિને જોઈને રાણીની આંખમાં અશ્રુ આવે છે, તો જરૂર તે મુનિને અને રાણીને કાંઈક આગળ અનિષ્ટ સંબંધ હશે એવી કલ્પના રાજાને આવી. ગત જન્મના વૈરભાવને લીધે રાજાને મુનિ પ્રત્યે રોષ થયો અને કામનું બહાનું કાઢી રાજા ઊઠી ગયા. નીચે આવી મારાઓ બોલાવી મુનિને બતાવી રાજાએ આજ્ઞા કરી કે આ સાધુને ગામ બહાર લઇ જઇ, તેના માથાથી તે પગ સુધીની અખંડ ચામડી ઉતારી તેને મારી નાખો.

રાજાની આજ્ઞા થતાં જ સેવકો દોડયા અને ભિક્ષાર્થે ફરતા મુનિને પકડી, સ્મશાનભૂમિએ લઇ જઇ, તેમને ઊભા રાખી, તીક્ષ્ણ હથિયાર વડે મુનિની મસ્તકથી તે પગ સુધીની ચામડી ઊતરડી નાખી. એ વખતે મુનિએ મહાવેદના ભોગવી પણ એકાન્ત સમતાભાવે રાજાનો કે રાજસેવકોનો કે ચામડી ઉતારનારનો વાંક–દોષ ન વિચારતાં, પોતાનાં પૂર્વકૃત કર્મનો દોષ વિચારતાં, શુકલ ધ્યાન ધ્યાતાં, અંતકૃત કેવળી થઇ સ્કંદક મુનિ સિદ્ધિપદને પામ્યા.

મારાઓ ચાલ્યા ગયા પછી લોહી માંસથી ખરડાએલ રજોહરણ–ઓઘાને સમળાએ ઉપાડયો. તે લેઈ જતાં રાજ-મહેલની અગાશી પર આવતાં ચાંચમાં ભાર વધી પડવાથી રજોહરણ નીચે અગાશીમાં પડયો. ધબકારો સાંભળી રાણી અગાશીમાં આવી જુએ છે તો રજોહરણ દીઠો. તે હાથમાં લઈ તપાસ કરી તો રજોહરણ પરનું લુગડું (નેસત્થિયું) પોતાનું જ ભરેલું જોયું, તેથી પોતાના ભાઇની ઘાત થઈ જાણી

રાજાને પોતાના ભાઈની ઘાત કોણે કરી તે પૂછ્યું. રાજાએ સરલતાથી સર્વ વાત કરી અને તે મુનિની ઘાત પોતે જ કરાવી છે તે કબૂલ કર્યું. આથી રાણીને બહુ ખેદ થયો, તેમજ રાજાએ જાણ્યું કે વગર સમજ્યે માત્ર અનુમાનથી મેં સાળાની-મુનિની ઘાત કરાવી છે, ત્યારે તેને પણ ખેદ થયો.

એકદા જ્ઞાની ગુરૂ ત્યાં પધાર્યા. તેમને વંદન કરવા રાજા-રાણી ગયાં. ધર્મદેશના શ્રવણ કર્યા પછી રાજાએ પોતાના ગૃહસ્થાશ્રમના સાળા સ્કંદક મુનિની ખાલ ઊતરાવવાનું પાપ કેમ થયું, તે પ્રશ્ન પૂછ્યો. જવાબમાં જ્ઞાની ગુરૂએ કહ્યું: "આ ભવ પહેલાંના એક હજાર ભવ પહેલાંના ભવમાં સ્કંદક મુનિનો જીવ રાજકુમાર તરીકે હતો અને તમારો આત્મા કોઠીંબા તરીકે હતો. રાજકુમારે તે કોઠીંબાને લઇ પોતાના મિત્રો સહિત એક કુવાને કાંઠે બેસી કોઠીંબાની અખંડ છાલ ઉતારી અને પોતે પોતાની આવડત માટે ગર્વ કર્યો. એ ગર્વના પરિણામે કોઠીંબાના જીવ સાથે તે રાજકુમારના જીવને વૈર બંધાયું તે વૈર હમણાં હજાર ભવ પછી ઉદય આવ્યું. તે રાજકુમારનો જીવ તે સ્કંદક કુમાર અને કોઠીંબાનો જીવ તે તમે રાજા થયા. કોઠીંબાની છાલ તેણે ઉતારી તો તેની ચામડી આ જન્મમાં તમે ઊતરાવી. કર્મનો બદલો કોઇને મૂકી દે તેમ નથી, માટે મનુષ્યે કોઈની પણ સાથે વૈર ન કરવું." આ ઉપદેશ અને પૂર્વ ભવ સાંભળી રાજા-રાણી વૈરાગ્ય પામી દીક્ષા લઇ આત્મકલ્યાણ કરી ગયાં.

વળી ખંધક ઋષિના હુવા પાંચ સો શિષ્ય,
ઘાણીમાં પીલ્યા, મુક્તિ ગયા તજી રીસ. ૯૬

* * *

સ્કંદકાચાર્ય

શ્રાવસ્તી નગરીમાં જિતશત્રુ નામે ન્યાયી રાજા હતા, તેમને ધારિણી નામે રાણી હતાં અને સ્કંદક કુંવર તથા પુરંદરયશા નામે કુંવરી હતાં. કુંવરીને યોગ્ય ઉંમરે દંડકારણ્ય દેશના રાજા કુંભકાર સાથે પરણાવેલાં હતાં. સ્કંદક કુમાર નીતિ, ધર્મ, કળા, વગેરે સર્વ શાસ્ત્રના અભ્યાસી થયા. કોઈ કાર્ય પ્રસંગે દંડકારણ્યના રાજાનો પાલક નામે મંત્રી શ્રાવસ્તી નગરીએ આવી જિતશત્રુ રાજાને મળ્યો. કાર્યપ્રસંગની વાત થઈ રહ્યા પછી તે મંત્રી કચેરીમાં બેઠો હતો તેણે નાસ્તિક મતની સ્થાપના કરતાં કહ્યું કે "સ્વર્ગ, નરક, પુણ્ય, પાપ, વગેરે કાંઇ છે જ નહિ." નાસ્તિક મતની સ્થાપના થતી જોઈ સ્કંદક કુમારે તેનો પ્રતિકાર કરી અનેક યુક્તિઓ અને શાસ્ત્ર પ્રમાણાદિથી તથા બુદ્ધિને સમજાય તે રીતે સ્વર્ગ, નરક, પુણ્ય, પાપ, વગેરેનું અસ્તિત્વ તથા ફળ ભોગવવાપણું સાબિત કર્યું, એથી પાલક મંત્રી સભા વચ્ચે ભોંઠો પડ્યો. સભાજનોએ પણ તેનો તિરસ્કાર કરી ઉપહાસ કર્યો. પાલક પોતાના રાજા પાસે પોતાની નગરીએ આવ્યો, પણ તેના મનમાં સ્કંદક કુમાર પ્રત્યે વૈર રહી ગયેલું કે પ્રસંગ મળતાં મારે મારા અપમાનનો બદલો લેવો છે. એને માટે એ અનુકૂળતા શોધવા લાગ્યો.

એક વખતે વીસમા તીર્થંકર પ્રભુશ્રી મુનિસુવ્રત સ્વામી વિચરતા શ્રાવસ્તી નગરીએ પધારી ગામ બહારના ઉદ્યાનમાં

બિરાજ્યા. ગામમાં ખબર પડી એટલે ઉત્સાહપૂર્વક નગરજનો દર્શનાર્થે આવ્યા. સ્કંદક કુમાર પણ આવ્યા. પ્રભુએ દેશના દીધી. દેશના શ્રવણ કરી સ્કંદક કુમારે વૈરાગ્ય પામી, માતા-પિતાની અનુજ્ઞા મેળવી, બીજા પાંચ સો રાજકુમારો સહિત પ્રભુ પાસે ચારિત્ર અંગીકાર કર્યું. જ્ઞાન-ધ્યાન તપશ્ચર્યાદિના પ્રભાવથી સ્કંદક મુનિએ આચાર્યની પદવી પ્રાપ્ત કરી.

એક વખતે પોતાનાં બહેનને દર્શન કરાવવા જવાની પ્રભુ પાસે તેમણે રજા માગી, ત્યારે અનંતજ્ઞાની શ્રી મુનિસુવ્રત પ્રભુએ કહ્યું: "ત્યાં જવાથી તમને મરણાંત ઉપસર્ગ આવશે. તેમાં તમારા પોતાના વિના બીજા સર્વ આરાધક-આત્મકલ્યાણના સાધક થશે, જ્યારે તમે પોતે આત્માનું કલ્યાણ સાધી શકશો નહિ." સ્કંદકાચાર્યે પ્રભુને કહ્યું: "જો પાંચ સોનું કલ્યાણ થશે તો શું મારૂં સારૂં નહિ થાય?" એમ કહી પ્રભુને વંદન કરી પોતાના ૫૦૦ શિષ્યો સહિત દંડકારણ્ય તરફ વિહાર કરી, બહેનના નગરે જઈને ઉદ્યાનમાં ઊતર્યા. પાલકને ખબર મળી એટલે ભૂતકાળમાં સ્કંદક કુમારે કરેલા અપમાનનો બદલો લેવાનો અવસર આવેલો જાણી પોતાના વિશ્વાસુ માણસો પાસે જે ઉદ્યાનમાં સ્કંદકાચાર્ય ઊતર્યા હતા તે બગીચાની જમીનમાં પાંચ સો હથિયારો છાની રીતે દટાવી દીધાં.

રાજાને મુનિ પધાર્યાના ખબર મળવાથી તે દર્શન કરવા આવ્યા. મુનિએ ધર્મદેશના આપી. દેશના સાંભળી રાજા ધર્મ અંગીકાર કરી પોતાને મહેલે પાછા ફર્યા. એક દિવસે પાલકે રાજાને કહ્યું: "જો કે મેં નજરે જોયેલી નથી પણ ચોકસપણે એક ભયાનક વાત સાંભળી છે જે આપની પાસે કહેતાં પણ

મને દુઃખ થાય છે.” રાજાએ પૂછયું કે “એવું શું છે?” જવાબમાં પાલકે કહ્યું કે “આપના સાળા જે સ્કંદક મુનિ અત્રે પાંચ સો શિષ્યો સહિત આવેલા છે તે માત્ર સાધુનો વેશ લઈને આવ્યા છે. તે સાચા સાધુ નથી. તેમને રાજલોભ છે અને તેમની સાથે છે તે પાંચ સો યોદ્ધાઓ છે, પણ સાધુ નથી. તેઓ સર્વ અવસર મળતાં આપના રાજ્યને પડાવી લેશે. જો આપને વિશેષ ખાત્રી કરવી હોય, મારા વચનની પ્રતીતિ કરવી હોય તો ઉદ્યાનમાં જઈ ખાનગી તપાસ કરો તો ઉદ્યાનની ભૂમિમાં દાટેલાં શસ્ત્રો આપ જોઈ શકશો. મને આ વાતની જાણ આપણે રાખેલા ગુપ્તચરો માર્ફત થઇ છે, તે આપ પ્રત્યેની ભકિતને અંગે જણાવું છું.”

પછી રાજા છાની રીતે જઇને ઉદ્યાનમાં દટાયેલાં શસ્ત્રો જોઈ આવ્યા. તે શસ્ત્રો જોવાથી રાજાને ખૂબ ક્રોધ ઉત્પન્ન થયો અને પાલક મંત્રીને બોલાવી એ સ્કંદક કુમાર અને તેમના શિષ્યોને તેને યોગ્ય લાગે તેમ કરવાની રજા આપી. ભાવતું હતું ને વૈદ્યે કહ્યું, એ કહેવત અનુસાર પાલકના મનમાં વેરનો બદલો લેવાની ઈચ્છા હતી અને તેમાં રાજા તરફથી સ્વતંત્રતા મળી પછી શું બાકી રાખે?

પાંચ સો સાધુ સહિત સ્કંદકને પાલક દંડકારણ્યમાં લઇ ગયો, અને ત્યાં ગુપ્ત રીતે રાખેલી ઘાણીમાં તે મુનિઓને પીલવા લાગ્યો. જે જે મુનિને પીલવા માટે ઉપાડે તે ગુરૂ પાસે આલોચણા કરી સંથારો કરી દે, પીલાતાં પીલાતાં સંપૂર્ણ સમભાવથી કેવળ જ્ઞાન પામી બારોબાર મોક્ષમાં પહોંચે. એવી રીતે ૪૯૯ શિષ્યો મોક્ષે પધાર્યા. પાછળ જ્યારે એક નાના મુનિને પીલવા

માટે ઉપાડયા, ત્યારે સ્કંદકાચાર્યે પાપી પાલકને કહ્યું કે "એ મુનિને પીલાતા જોવાથી મને બહુ દુઃખ થશે, માટે પ્રથમ મને પીલી નાખ, પછી તને જેમ ઠીક લાગે તેમ કરજે." દુષ્ટ પાલકે તે વાત ન માનતાં નાના મુનિને ઉપાડયા. મુનિ તો સમતાભાવે સંથારો કરી, ગુરૂ પાસે સર્વ દોષો-વ્રતોની આલોચણા કરી, ઘાણીમાં પીલાતી વખતે શુકલ ધ્યાન ધ્યાતાં કેવળ પામી મુક્તિપદને પામ્યા.

પાછળથી સ્કંદકાચાર્યને જ્યારે ઘાણીમાં નાખ્યા ત્યારે તેમણે પાલક પ્રત્યેના રોષને લીધે શુભ ધ્યાનને બદલે પાલકના વૈરનો બદલો લેવાનો નિશ્ચય-નિયાણું કર્યું અને ઘાણીમાં પીલાઈ મરણ પામી, અગ્નિકુમાર દેવપણે તે ઉત્પન્ન થયા.

પાછળથી સ્કંદકાચાર્યના રજોહરણને માંસના લોચાની ભ્રાંતિથી શમળીએ ઉપાડ્યો, અને વધુ ભાર થવાથી ઊડતાં ઊડતાં પુરંદરયશા રાણીના મહેલની અગાશીમાં તે પડ્યો. પુરંદરયશાએ તે જોયો અને તે રજોહરણ પોતાના ભાઈનો જાણી અત્યંત રૂદન કરવા લાગ્યાં. તેમણે રાજાને પૂછ્યું કે "આ દુષ્કૃત્ય કયા પાપીએ કર્યું? આવું દુષ્કૃત્ય તમારી સમ્મતિ વિના થઈ શકે જ નહિ." ત્યારે રાજાએ પાલકે કહેલ હકીકત જણાવી. આથી પુરંદરયશાને બહુ જ ખેદ થયો. નિર્દોષ મુનિ બાંધવની ઘાત થયેલી જાણી તે અત્યંત દુઃખ ધરવા લાગ્યાં.

સ્કંદકાચાર્ય જે અગ્નિકુમાર દેવ થયા હતા, તે અવધિ જ્ઞાનથી પોતાના શિષ્યોના મરણની હકીકત જાણી ક્રોધે ભરાયા અને પોતાનાં બહેનને અન્ય સુરક્ષિત સ્થળે મૂકીને દંડાકરણ્ય દેશને બાળ્યો. દેશ બળ્યો પછી ફરી વસ્યો અને દેવે ફરી બાળ્યો. એમ સાત વાર દેશને બાળ્યો અને રાજા તથા પાલક

પાપીને ઘણું દુઃખ આપ્યું. છેવટે સાતમી વાર દેશની સાથે એ રાજાને અને પાલકને પણ ભેગા બાળી મૂકયા.

પોતાનાં બહેન પુરંદરયશાને દેવે ઉપાડી શ્રીમુનિસુવ્રત પ્રભુ પાસે મૂકયાં. પ્રભુએ તેમને દેશના આપી સંસારનો અનિત્ય સંબંધ જણાવ્યો. પુરંદરયશા વૈરાગ્ય પામી, દીક્ષા લઈ, ઉત્તમ ચારિત્ર પાળી, સ્વર્ગે ગયાં. સ્કંદકાચાર્યનો જીવ જે અગ્નિકુમાર દેવ થયેલ તે પણ પ્રભુના ઉપદેશથી શાન્ત થયો.

સંભૂતિવિજય શિષ્ય, ભદ્રબાહુ મુનિરાય,
ચૌદ પૂર્વધારી ચંદ્રગુપ્ત આણ્યો ઠાય. ૯૭

* * *

શ્રી ભદ્રબાહુ સ્વામી

પ્રતિષ્ઠાનપુર નામે નગરમાં ભદ્રબાહુ અને વરાહ નામે બે ગરીબ બ્રાહ્મણો રહેતા હતા. તેઓ એક દિવસે ત્યાં બિરાજેલા યશોભદ્ર આચાર્યની પાસે ધર્મદેશના સાંભળવા ગયા, તેથી વૈરાગ્ય પામી બંને ભાઈઓએ ચારિત્ર ગ્રહણ કર્યું. ભદ્રબાહુ સ્વામીએ ચૌદ પૂર્વનું જ્ઞાન સંપાદન કર્યું, અને શ્રી દશવૈકાલિક, ઉત્તરાધ્યાયન, દશાશ્રુતસ્કંધ, કલ્પસૂત્ર, વ્યવહારસૂત્ર, આવશ્યક સૂત્ર, સૂર્યપ્રજ્ઞપ્તિ, સુયગડાંગસૂત્ર, આચારાંગસૂત્ર અને ઋષિભાષિત એ દસ સૂત્રો પર નિર્યુક્તિ રચી, તથા ભદ્રબાહુસંહિતા નામે ગ્રંથ રચ્યો.

તે વખતે દસ પૂર્વધારી સંભૂતિવિજય આચાર્ય મહારાજ વિચરતા હતા. તેમને અને ભદ્રબાહુ પૂર્વધરને બહુ સારો સ્નેહ હતો.

વરાહ મુનિ વિદ્વાન થયા, પણ તેમનામાં અહંકાર ઘણા પ્રમાણમાં હતો. યશોભદ્ર આચાર્ય આયુષ્ય પૂર્ણ કરી ગયા ત્યારપછી વરાહમુનિએ ભદ્રબાહુ મુનિને પોતાને સૂરિપદ આપવાનું કહ્યું. ભદ્રબાહુએ કહ્યું: “ ભાઈ, તમે વિદ્વાન, ક્રિયાપાત્ર, તત્ત્વને જાણવાવાળા છો, પણ સાથે તમારામાં અહંકાર ઘણો છે, એટલે સૂરિપદ તમને ન આપી શકાય.”

પોતાને સૂરિપદ ન મળ્યું તેથી વરાહમુનિ સાધુપણું છોડી અન્યતીર્થિક બન્યા, અને બ્રાહ્મણનો વેશ ધારણ કરીને રહ્યા. પોતે વિદ્વાન હોવાથી વરાહસંહિતા વગેરે નવ ગ્રંથો તેમણે રચ્યા અને તે મહાન જ્યોતિષી બન્યા. પોતાની મહત્તા વધારવા માટે તે કહેવા લાગ્યા કે “ બાલ્યાવસ્થામાં જ્યારે હું જ્યોતિષનો અભ્યાસ કરતો હતો, ત્યારે એક દિવસે મેં એક શિલા ઉપર લગ્ન માંડયું, પણ તે લગ્નકુંડલી ભૂંસી નાખ્યા સિવાય ઘેર આવી સૂઇ ગયો. રાતના મને તે યાદ આવ્યું, એટલે તે જ વખતે હું ત્યાં ગયો, તો તે શિલા ઉપર એ લગ્નકુંડલી ઉપર સિંહ આવીને સૂતો હતો. સિંહથી ભય પામ્યા વિના જ મેં સિંહની નીચે હાથ નાખીને લગ્નકુંડલી ભૂંસી નાખી. આ પરાક્રમથી સૂર્યદેવે મારા પર તુષ્યમાન થઇ મને પોતાના વિમાનમાં લઈ જઈને આખું જ્યોતિષમંડળ બતાવ્યું, અને અને સૂર્યદેવે જ મારૂં નામ વરાહમિહીર પાડયું છે.” આવી વાતો સાંભળી લોકો તેમનું ખૂબ સન્માન કરવા લાગ્યા, અને પ્રતિષ્ઠાનપુરના રાજાએ તેમને પોતાના પુરોહિત બનાવ્યા. પુરોહિત બન્યા પછી જૈન ધર્મની તે ખૂબ નિંદા કરવા લાગ્યા, તેથી શ્રાવકોને બહુ જ દુઃખ લાગ્યું, અને તેમની સામે પ્રતિકાર કરવા માટે સંઘે વિનંતિ કરી ભદ્રબાહુ સ્વામીને મોટા ઉત્સવપૂર્વક

પ્રતિષ્ઠાનપુરમાં પધરાવ્યા. ભદ્રબાહુ સ્વામીનું આગમન જાણી વરાહમિહીરને બહુ જ ખેદ થયો, પણ પોતે તેમની સામે કાંઈ કરી શકે તેમ ન હતું, કારણકે ભદ્રબાહુ સ્વામી મહાન પ્રભાવિક હતા.

એક વખત રાજાને ત્યાં કુંવરનો જન્મ થયો ત્યારે વરાહે તેની જન્મપત્રિકા કરીને કહ્યું કે આ કુંવરનું સો વર્ષનું આયુષ્ય છે. તે સાંભળી નગરજનો વગેરે રાજા પાસે હર્ષ કરવા આવવા લાગ્યા. સર્વ આવી ગયા, માત્ર ભદ્રબાહુ સ્વામી ન આવ્યા, એટલે વરાહે રાજા આગળ ભદ્રબાહુને દ્વેષી ઠરાવ્યા. આ ઉપરથી રાજાએ ક્રોધ કરીને ભદ્રબાહુને પોતાની પાસે આવી જવાને કહેવરાવ્યું. જવાબમાં ભદ્રબાહુ સ્વામીએ કહ્યું કે "આજથી સાતમે દિવસે તમારા કુંવરનું બીલાડીના મોઢાથી મૃત્યુ થશે ત્યારે હું તમને આશ્વાસન આપવા આવીશ." આ સાંભળી રાજાએ આખા શહેરમાંથી બીલાડીઓ પકડી પકડીને બહુ દૂર કઢાવી મૂકી. સાતમા દિવસે ધાવમાતા કુંવરને ખોળામાં લઈને સ્તનપાન કરાવતી હતી તે વખતે કમાડ બંધ કરતાં કમાડ આડે ભરાવવાની ભોગળ કુંવર ઉપર પડી, અને તે ભોગળના એક છેડે બીલાડીના મોઢાનો આકાર હતો, એ જ કુંવરને વાગ્યો અને કુંવર મૃત્યુ પામ્યો. એમ વરાહની વાત ખોટી પડી અને ભદ્રબાહુની સ્વામીની વાત ખરી થઈ, તેથી વરાહનું માન ઘટયું.

એવા જ બીજા પ્રસંગો બન્યા, તેમાં વરાહ જૂઠો પડવાથી ખેદ પામી ત્યાંથી ચાલ્યો ગયો. અંતે દુઃખી થઈને મૃત્યુ પામી વ્યંતરદેવ થયો. વ્યંતરપણામાં તે સંઘને મરકી આદિના રોગથી પીડવા લાગ્યો. ભદ્રબાહુ સ્વામીએ ઉપસર્ગહર સ્તોત્ર રચી તે વ્યંતરકૃત વ્યાધિને શાન્ત કર્યો. વળી ચંદ્રગુપ્ત રાજાને સોળ

સ્વપ્ન આવેલાં તેનો અર્થ કરી* પંચમ કાળમાં શું શું બનશે તે સર્વ સમજાવી, ચંદ્રગુપ્ત રાજાને જૈન ધર્મમાં સ્થિર કર્યો, અને તેમનો ઉદ્ધાર કર્યો.

ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામી ઘણા કાળ સુધી મહીમંડળમાં વિચરી ઘણા ભવ્યાત્માઓને તારી આયુષ્યપૂર્ણ કરી સ્વર્ગે ગયા અને ભવાંતરે પરમપદ પામશે.

---

* ચંદ્રગુપ્ત રાજાને ૧૬ સ્વપ્ન આવ્યાં તેઃ (૧) કલ્પવૃક્ષની શાખા ભાગેલી દીઠી, એનો પરમાર્થ રાજાઓ હવે દીક્ષા નહિ લે. (૨) ચંદ્ર ચાલણી જેવો દીઠો = જૈન ધર્મમાં ઘણાય મતમતાંતરો થશે. (૩) ભૂતને નાચતા દીઠા = કુગુરૂઓની ભકિત વધશે. (૪) બારફણો સર્પ દીઠો = બાર દુકાળ પડશે. (૫) દેવવિમાન અર્ધે રસ્તેથી પાછું ફરતું દીઠું = જંઘાચારણ અને વિદ્યાચારણ સાધુઓની લબ્ધિ વિચ્છેદ ગઈ. (૬) ઉકરડા ઉપર કમળ ઉગ્યું દીઠું = ઉત્તમ કુળને બદલે હલકા કુળમાં ધર્મની ભાવના રહેશે. (૭) આગીયો પ્રકાશતો દીઠો = જૈન ધર્મનો પ્રભાવ થોડો રહેશે, મહિમા ઘટશે. (૮) મોટું સરોવર સુકાઈ ગયું અને દક્ષિણ ભાગમાં થોડુંક ડોળું પાણી દીઠું = આ આર્યક્ષેત્રમાં દક્ષિણ દિશામાં જૈન ધર્મ કાંઈક રહેશે, બાકીના સ્થળે ધર્મ નહિ રહે. (૯) સોનાની થાળીમાં કૂતરાને ખીર ખાતા દીઠા = ઉત્તમ લક્ષ્મી નીચ ઘરે જશે. (૧૦) હાથી ઉપર વાંદરાને બેઠેલો દીઠો = હલકા વર્ણના લોકોને ઉત્તમ વર્ણના મનુષ્યો નમસ્કાર કરશે. (૧૧) સમુદ્રે મર્યાદા મૂકેલી દીઠી = રાજાઓ અધર્મી થશે. (૧૨) કાળા હાથીઓને પરસ્પર યુદ્ધ કરતા દીઠા = સંયમીઓ–સાધુઓ પરસ્પર ક્લેશ કરશે. (૧૩) મહારથને નાના વાછડા જોડેલા દીઠા = વૃદ્ધોને બદલે નાના ધર્મ કરશે. (૧૪) રત્ન મલિન દીઠાં = સંયમ નિર્મળ નહિ પાળે. (૧૫) રાજપુત્રને બળદ પર સ્વારી કરતા દીઠા = રાજાઓ મિથ્યાત્વી થશે. (૧૬) અકાળે સૂર્યાસ્ત થયો દીઠો = કેવળજ્ઞાન નાશ પામ્યું.

વળી આર્દ્રકુમાર મુનિ, સ્થૂલભદ્ર નંદીષેણ,
અરણિક અઇમુત્તો, મુનિશ્વરોની શ્રેણ. ૯૮
ચોવીશે જિનના મુનિસંખ્યા અઠાવીસ લાખ,
ઉપર સહસ્ર અડતાલીસ, સૂત્ર પરંપરા ભાખ. ૯૯

* * *

શ્રી આર્દ્રકુમાર

આર્દ્રક નામે અનાર્ય દેશમાં આર્દ્રક નામે રાજા રાજ્ય કરતા હતા. તેમને આર્દ્રિકા નામે રાણી હતાં અને આર્દ્રકુમાર નામે કુમાર હતા. આર્દ્રક રાજાને અને મગધ દેશના રાજગૃહના શ્રેણિક રાજાને પરસ્પર અતિ પ્રીતિ હતી, તેથી વખતોવખત એકબીજાના મંત્રીઓ યોગ્ય વસ્તુઓનાં ભેટણાં લઈને એકબીજા પાસે જતા આવતા હતા.

એક વખતે શ્રેણિક રાજા તરફથી તેમનો મંત્રી કેટલીક વસ્તુનું ભેટણું અને લેખ વગેરે લઈ આર્દ્રક રાજા પાસે આવ્યો. રાજાને ભેટણું અને લેખ વગેરે આપ્યાં. આર્દ્રક રાજાએ તેનું સન્માન કર્યું. એ વખતે આર્દ્રકુમારે શ્રેણિક રાજાના મંત્રીને પૂછ્યું કે "શ્રેણિક રાજાને પુત્ર કોણ છે?" જવાબમાં મંત્રીએ કહ્યું કે "પાંચ સો મંત્રીઓમાં મુખ્ય મંત્રી અને ચાર બુદ્ધિના નિધાનરૂપ અભયકુમાર નામે કુમાર છે." એમ કહીને મંત્રીએ અભયકુમારનાં ખૂબ વખાણ કર્યાં. આર્દ્રકુમારે અભયકુમાર સાથે મૈત્રી કરવાનો નિશ્ચય કર્યો.

રાજગૃહથી આવેલ મંત્રી થોડો વખત ત્યાં રહીને પોતાના દેશ ભણી જવાને તૈયાર થયા ત્યારે આર્દ્રક રાજાએ પોતાના

મંત્રીને રાજગૃહથી આવેલા મંત્રીની સાથે મોકલ્યા, અને ભેટણું આપ્યું. આર્દ્રકુમારે રાજગૃહથી આવેલા મંત્રીને છાની રીતે અભયકુમારને આપવા માટે ભેટણું અને પ્રીતિદર્શક પત્ર વગેરે મોકલ્યાં. બંને મંત્રીઓ રાજગૃહે આવ્યા. આર્દ્રક રાજાના મંત્રીએ પોતાના રાજાએ આપેલું ભેટણું વગેરે શ્રેણિક રાજાને ભેટ ધર્યાં. શ્રેણિક રાજાએ તેનો સત્કાર કર્યો. આર્દ્રકુમારે આપેલું ભેટણું મંત્રીએ અભયકુમારને આપ્યું, તે જોઈને અભયકુમારને વિચાર થયો કે આ આર્દ્રકુમાર કોઈ ભવ્ય આત્મા--સંસ્કારી આત્મા જણાય છે. માત્ર કોઈ પૂર્વ ભવના અશુભ કર્મના યોગે અનાર્ય દેશમાં ઉત્પન્ન થયેલ હોય એમ સમજાય છે, તો મારે તેમને ધર્મ પમાડવા માટે બનતું કરવું જોઈએ. એમ વિચારી આર્દ્રક રાજા પાસેથી આવેલા મંત્રી જ્યારે પોતાના દેશમાં પાછા જવાને તૈયાર થયા ત્યારે અભયકુમારે એ મંત્રીને ગુપ્ત રીતે બોલાવીને એક પત્ર અને એક પેટી આપ્યાં, અને કહ્યું કે " આ પત્ર અને પેટી તમારે ગુપ્ત રીતે આર્દ્રકુમારને આપવાં. મંત્રીએ તે પ્રમાણે કરવાને વચન આપ્યું.

શ્રેણિક રાજાની રજા લઈ આર્દ્રક દેશના મંત્રી પોતાના દેશમાં આવવા માટે રવાના થયા. કેટલાક દિવસે તે મંત્રી દેશમાં આવી રાજાને મળ્યા અને શ્રેણિક રાજા તરફથી પત્ર તથા ભેટણું જે લાવ્યા હતા તે રાજાને આપ્યાં, અને આર્દ્રકુમારને ગુપ્ત રીતે મળીને અભયકુમારે આપેલ પત્ર અને પેટી આપ્યાં. આર્દ્રકુમારે એકાન્તે બેસી અભયકુમારનો પત્ર વાંચ્યો જે પત્ર સ્નેહથી ભરેલો હતો. પછી પેટી ઉઘાડી તો પેટીમાંથી ધર્મનાં કીંમતી ઉપકરણો નીકળ્યાં. એ ઉપકરણો જોઈ પ્રથમ તો આર્દ્રકુમારને કાંઈ સમજણ ન પડી, પણ પછી બુદ્ધિપૂર્વક વિચાર

કરતાં, અને ઉપકરણોનો યથાસ્થાને ઉપયોગ કરતાં તેમને વિચાર થયો કે આવાં ઉપકરણો મેં કદાચ આગળ જોયાં હોય. વિચાર-તંદ્રામાં ડૂબતાં મૂર્છાવસ્થા થઈ અને પરિણામે જાતિસ્મરણ જ્ઞાન થયું. જાતિસ્મરણ જ્ઞાનથી તેમણે જાણ્યું કે આ પહેલાંના ત્રીજે ભવે પોતે મગધ દેશમાં વસંતપુર નગરમાં સામાયિક નામે કણબી હતો અને પોતાને બંધુમતી નામે સ્ત્રી હતી. એક વખતે સુસ્થિત આચાર્યની પાસે બંને માણસોએ ધર્મ-દેશના શ્રવણ કરી, વૈરાગ્ય પામી, શ્રાવકનાં વ્રત આદર્યાં. ઘણાં વરસ સુધી શ્રાવકનાં વ્રત પોતે બરાબર પાળ્યાં, પણ પછીથી તે વ્રતો ખંડિત કર્યાં. સ્ત્રીએ અનશન કરી આયુષ્ય પૂર્ણ કરી સ્વર્ગગમન કર્યું. પાછળથી સ્ત્રી વિનાનું જીવન શૂન્ય લાગવાથી પોતે પણ અનશન કરી આયુષ્ય પૂર્ણ કરીને દેવગતિમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી અહીં વ્રત ખંડિત કર્યાના પરિણામે અનાર્ય દેશમાં ઉત્પન્ન થયા, પણ અભયકુમારે ધર્મનાં ઉપકરણો મોકલી મને પ્રતિબોધ કર્યો તે માટે મારા પર તેનો અત્યંત ઉપકાર છે; તો હવે હું જાતે જઈને તેમને મળું. એમ વિચાર કરી મગધદેશ જવાની પિતા પાસે રજા માગી, પણ પિતાએ ના પાડી. પિતાની ના હોવાથી પોતે જઈ શક્યા નહિ પણ રાત દિવસ ઝંખના એ જ કે હું મગધદેશ જઉં. પિતાને શંકા પડી કે કદાચ આર્દ્રકુમાર છાની રીતે મગધ દેશમાં જતો રહેશે, એથી પોતે કુંવરની સેવામાં પાંચ સો સેવકો રાખ્યા. બાહ્ય રીતે તો તે સેવક હતા, પણ ખરી રીતે તેઓ આર્દ્રકુમારના ચોકીયાત હતા. આર્દ્રકુમાર પિતાના ભાવને સમજી ગયા કે પોતાને પિતાએ આ રીતે કેદ કર્યો છે. આર્દ્ર-કુમારે પછી યુક્તિ શરૂ કરી. પિતાએ રાખેલા માણસોને ખાવા–

પીવાની વસ્તુઓ આપીને પોતાને વશ કર્યા, અને પોતે રોજ ઘોડો ખેલાવવા જવા લાગ્યા. એમ કરતાં સાથેના માણસોનો વિશ્વાસ સંપાદન કર્યો, અને પોતાના ખાનગી માણસો દ્વારા દરીયામાં એક વહાણ તૈયાર રખાવ્યું. એક દિવસે અશ્વ ખેલાવવાના બ્હાને તે બહાર નીકળ્યા. માણસો સાથે હતા, પણ તે અમુક સ્થળે ઊભા રહ્યા, અને આર્દ્રકુમાર ઘોડાને એક બે દિશાઓમાં દોડાવીને માણસો ઊભા હતા ત્યાં આવ્યા. પછી દરિયાની દિશા ભણી ગયા. માણસો તો વિશ્વાસે ઊભા હતા કે હમણાં પાછાં આવે છે, પણ આર્દ્રકુમારે સમુદ્રના કિનારે જઇ અગાઉથી તૈયાર રખાવેલા વહાણમાં બેસી વહાણ હંકારી દીધું. દરિયામાર્ગે જતાં લક્ષ્મીપુર નગરે તે પહોંચ્યા અને ત્યાં ઊતર્યા. ત્યાં પૂજ્યાનંદ નામના આચાર્ય હતા તેમની પાસે જઇ ધર્મદેશના સાંભળી, વૈરાગ્ય પામી, પોતા પાસે જે ધન હતું તે શુભ કાર્યોમાં વાપરી, પોતે ચારિત્ર અંગીકાર કર્યું. ચારિત્ર લેતી વખતે દેવે અંતરીક્ષમાં રહી કહ્યું કે "હે આર્દ્રકુમાર! તમે દીક્ષા ન લ્યો, કારણકે તમારે હજુ ભોગાવળી કર્મ ભોગવવાનાં બાકી છે, અને તે કર્મ ભોગવ્યા સિવાય મુકિત નહિ મળે." દેવે ના કહ્યા છતાં આર્દ્રકુમારે દીક્ષા લીધી.

ચારિત્ર લઇ નિરતિચારપણે ચારિત્ર પાળતાં મહીમંડળમાં વિચરતાં તે વસન્તપુર પાટણે પધાર્યા અને ગામ બહાર કોઇ દેવમંદિરમાં કાયોત્સર્ગ કરીને રહ્યા. આર્દ્રકુમારના પૂર્વ ભવની સ્ત્રી બંધુમતી જે અનશન કરીને દેવગતિમાં ગએલી તે ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી વસંતપુર નગરના ધનદત્ત શેઠને ત્યાં પુત્રીપણે જન્મેલી, તે શ્રીમતી યોગ્ય ઉંમરની થઈ હતી. શ્રીમતી પોતાની સમવયી સખીઓ સાથે જે દેવમંદિરમાં આર્દ્રકુમાર

મુનિ કાયોત્સર્ગ કરીને ઊભા હતા ત્યા રમવા આવી. રમતાં રમતાં સખીઓ દેવમંદિરમાંના એક એક થાંભલાને પકડીને ‘ આ મારો પતિ ’ એમ કહેવા લાગી. દરેક થાંભલાને દરેક સખી વળગી, માત્ર શ્રીમતી રહી ગઇ. થાંભલો બાકી હતો નહિ, તેથી તે આર્દ્રકુમારને વળગી અને બોલી કે “ આ મારો પતિ. ” તે વખતે આકાશવાણી થઇ કેઃ “ સારૂં થયું, યોગ્ય થયું. ” પછી ગર્જનાની સાથે ધનની વૃષ્ટિ પણ થઇ. શ્રીમતીએ આર્દ્રકુમાર યતિને પગે પકડીને વિનવ્યા કે “ આ ભવે તો તમે જ મારા પતિ થજો, તમે જ પતિ છો. ” તે સખીઓ સાથે સ્વસ્થાનકે ગઈ, અને આર્દ્રકુમાર યતિ વ્રતભંગ થવાના ભયથી અન્ય સ્થળે વિહાર કરી ગયા. દેવે કરેલ ધનવૃષ્ટિ રાજા લઈ જવા લાગ્યો, ત્યારે દેવે કહ્યું કે “ આ લક્ષ્મી તો શ્રીમતી જેને પરણશે તેની થશે. ” આમ કહેવાથી શ્રીમતી તે લક્ષ્મી પોતાના પિતાને ત્યાં લઈ ગઈ.

શ્રીમતી યોગ્ય ઉંમરની થએલી હોવાથી તેના પિતા તેને પરણાવવા ઇચ્છતા હતા, અને શ્રીમતીને પરણવાને પણ ઘણા તૈયાર હતા, પણ શ્રીમતીએ પિતાને કહી દીધું કે “ મેં જે પતિને ભર્તાર તરીકે સ્વીકારેલ છે તે જ મારો પતિ છે, અને એ પતિ નહિ મળે તો મારે અગ્નિનું શરણ છે, એ સિવાય મારે માટે કોઈ માર્ગ નથી. ” આ સાંભળી માતા-પિતાએ તેને ઘણું સમજાવી. વળી એ યતિ કોણ હતા, ક્યાં ગયા, તે કાંઈ જાણવામાં નહોતું. જવાબમાં શ્રીમતીએ કહ્યું કેઃ “ દેવમંદિરમાં હું જ્યારે તેમના પગે પડી ત્યારે મેં તેમના પગે અતિ પ્રકાશિત જ્યોતિવંત હાથીની રેખા જોઈ હતી, અને

એવી રેખા બીજા યતિને નહિ હોય, માટે એ નીશાનીએ તે ઓળખાશે."

હવે શ્રીમતી સાધુ–સાધ્વીને દાન આપવા લાગી, ને દાન આપ્યા સિવાય જમવું નહિ એવી તેણે પ્રતિજ્ઞા કરી. એમ કરતાં ૧૨ વર્ષ વીતી ગયાં. બાર વર્ષે આર્દ્રકુમાર ફરી વસંતપુરે પધાર્યા, અને શ્રીમતીના પિતા ધનદત્તના ઘેર ભિક્ષા અર્થે ગયા. શ્રીમતીએ તેમને ઓળખ્યા અને કહ્યું: "હું તમને દેવમંદિરમાં વરી ચૂકી છું. આજસુધી તમે ક્યાં ચાલ્યા ગયા હતા? હવે જો જતા રહેશો તો હું આપઘાત કરીશ, અને તે આપઘાતનું પાપ તમને લાગશે." રાજા વગેરેને આર્દ્રકુમાર યતિ આવ્યાની જાણ થઈ, તેથી તેમણે પણ શ્રીમતી સાથે લગ્ન કરવા તેમને કહ્યું. આર્દ્રકુમારે ભોગાવળી કર્મનો ઉદય માની, યતિપણું મૂકી, શ્રીમતી સાથે લગ્ન કર્યાં; અને ત્યાં રહીને સાંસારિક વિષયસુખો ભોગવવા લાગ્યા. સંસારવૈભવ ભોગવતાં શ્રીમતીને પુત્ર થયો. પુત્ર મોટો થયો ત્યારે આર્દ્રકુમારે ફરીથી ચારિત્ર લેવાનો વિચાર કર્યો. તે શ્રીમતીએ જાણ્યો ત્યારે તે ઉદાસ થઈ ગઈ. માતાને ઉદાસ જોઈ પુત્રે ઉદાસીનું કારણ પૂછ્યું. શ્રીમતીએ તે કહ્યું, ત્યારે પુત્રે કહ્યું કે: "હું મારા પિતાને રોકી રાખીશ."

પછી એક દિવસે શ્રીમતીએ રેંટીયે કાંતેલા સૂતરનું કોકડું લઇ આર્દ્રકુમાર સૂતા હતા તે પલંગ સાથે તેમને એ તાંતણા વીંટાળ્યા. તેના બાર આંટા થયા. એ જોઈને આર્દ્રકુમાર સ્ત્રીપુત્રનો પોતા પરનો મોહ જાણી તેમને દુભવવાં નહિ એમ માની બીજાં બાર વર્ષ ગૃહસ્થાશ્રમમાં રહ્યા. બાર વર્ષ વીત્યા પછી સ્ત્રીપુત્રને સમજાવીને ફરી પોતે ચારિત્ર લઈ પ્રભુ વીર

ભગવાનને વંદન કરવા અર્થે રાજગૃહ નગર ભણી વિહાર કર્યો. રસ્તામાં ગોશાળો, ચાર્વાકમતિ, વગેરે ઘણા મળ્યા, અને તે સર્વની સાથે તેમણે ચર્ચાઓ કરી. દરેકે પોતાના મતનું મંડન અને પ્રભુ મહાવીરના મતનું ખંડન કર્યું. આર્દ્રકુમારે પોતાની જ્ઞાન શક્તિથી ભેદાનુભેદ વડે કરી, ન્યાય યુક્તિ વગેરેથી જૈન દર્શનનું યથાસ્થિતપણું પ્રતિપાદન કર્યું. એમના પિતાએ એમની ચોકીમાં રાખેલા પાંચ સો માણસો કે જેમને ત્યાં જ મૂકી છાની રીતે વહાણમાં બેસી પોતે ચાલ્યા આવેલા તે માણસો આર્દ્રકુમારને શોધવા વસંતપુર તરફ આવેલા, પણ આર્દ્રકુમારનો ભેટો થયો નહિ તેથી તેઓ ચોરી કરીને પોતાનો વ્યવહાર ચલાવતા હતા. તેમનો ભેટો રસ્તામાં આર્દ્રકુમાર યતિને થયો. આર્દ્રકુમાર યતિએ તેમને ઓળખ્યા, અને ચોરી કરવાથી કેવાં કર્મ લાગે છે તે સમજાવ્યું; પરિણામે તે ૫૦૦ જણા વૈરાગ્ય પામી આર્દ્રકુમાર મુનિ પાસે ચારિત્ર લઈ તેમના શિષ્ય થયા. ૫૦૦ શિષ્ય સહિત તેઓ વિચરતા વિચરતા રાજગૃહ નગરની નજીક આવી પહોંચ્યા. ત્યાં એક ઉદ્યાનમાં કેટલાક તાપસોને એક હાથીને મારી તેના માંસનો ઉપયોગ કરતા તેમણે જોયા; એટલે આર્દ્રકુમાર મુનિએ તે તાપસોને સમજાવ્યા. તાપસોએ કહ્યું: “હાથી અને દાણામાં જીવ તો એકસરખા જ છે, માત્ર શરીરભેદ જ છે. તો ઝાઝા દાણામાં રહેલા ઝાઝા જંતુનો વિનાશ કરીને તેનો ઉપયોગ કરવા કરતાં આ એક જ શરીરનો વિનાશ કરવો એ વધારે કલ્યાણકારક છે.” આર્દ્રકુમારે તેમને શરીરના ભેદની સાથે પુણ્યલક્ષ્મીનો ભેદ પણ સમજાવ્યો. એ વખતે તાપસોએ બાંધેલા એક હાથીએ આર્દ્રકુમાર મુનિને જોઇ શાન્ત થઈ મુનિને વંદન

કર્યું. મુનિએ તેને અનશન કરવાનો ઉપદેશ આપ્યો અને હાથીએ તે સ્વીકાર્યો. આ જોઈને તાપસોને પણ આર્દ્રકુમાર મુનિ પ્રત્યે ભક્તિભાવ થયો એટલે આર્દ્રકુમાર મુનિ પાસે ધર્મદેશના સાંભળી તે સર્વ તાપસોએ જૈન ધર્મનો સ્વીકાર કર્યો.

તાપસ અને હાથીની હકીકત સેવકો દ્વારા રાજા શ્રેણિકે સાંભળી, એટલે અભયકુમાર અને બીજા ઘણા મનુષ્યો સાથે તે આર્દ્રકુમાર મુનિના દર્શનાર્થે આવ્યા. મુનિએ સંસારબંધનો કેવાં દુષ્કર છે, અને તેના મોહના તાંતણા તોડતાં કેટલી વાર લાગે છે વગેરે કહેવાની સાથે પોતાના જીવનની વાત, પોતે સૂતરના તાંતણાથી—ખરી રીતે મોહતંતુથી બંધાઇ રહી બાર વર્ષ સુધી સુધી ગૃહસ્થાશ્રમનો ત્યાગ ન કરી શક્યા, વગેરે કહ્યું. તે સાંભળી અભયકુમારને વૈરાગ્ય થયો, તે ચારિત્ર લેવા ઉત્સુક થયા, પણ શ્રેણિક રાજાની અનુજ્ઞા ન મળવાથી તે ગૃહસ્થધર્મ પાળવા લાગ્યા.

પછી આર્દ્રકુમાર મુનિ શિષ્યો સહિત પ્રભુ મહાવીરદેવ પાસે પહોંચ્યા. ત્યાં આવી યથાવિધિ વંદન કરી વિનયપૂર્વક રહ્યા. ત્યારે પ્રભુએ આર્દ્રકુમાર મુનિ વગેરેને શુદ્ધ ચારિત્ર પાળવાનો ઉપદેશ આપ્યો. એ ઉપદેશ અનુસાર આર્દ્રકુમાર મુનિ ચારિત્ર પાળી, તપશ્ચર્યાદિ કરી, અન્તે આયુષ્ય પૂર્ણ કરી, પહેલે દેવલોકે ગયા. ત્યાંથી મનુષ્ય ભવ પામી તે મોક્ષે જશે.

શ્રી સ્થૂલભદ્ર

પાટલીપુત્ર નગરના નવમા નંદ રાજાને શકડાલ નામે મંત્રી હતા. તેમને સ્થૂલભદ્ર અને શ્રીયક નામે બે પુત્રો હતા,

તથા સાત પુત્રીઓ હતી. સ્થૂલભદ્ર યોગ્ય ઉંમરે પહોંચ્યા પછી કોશા નામે વેશ્યાને ત્યાં તેમને ભણવાને મૂક્યા. સ્થૂલભદ્ર ને કોશા વચ્ચે પ્રેમ બંધાયો અને તે ત્યાં જ રહી ગયા.

સ્થૂલભદ્રની સાતે બહેનો વિદુષી હતી. તેઓમાં એવી શક્તિ હતી કે સહુથી મોટી બહેન જે કાંઈ એક વાર સાંભળે તે તેને કંઠાગ્રે થઈ જાય, બીજીને બે વાર સાંભળે એટલે કંઠાગ્રે થઈ જાય, એમ સાતમીને સાત વાર સાંભળે એટલે આવડી જાય.

પાટલીપુત્ર નગરના રાજા પાસે વરરુચિ નામે પરદેશી બ્રાહ્મણ હમેશાં ૧૦૮ નવા શ્લોકો બનાવીને સંભળાવતો. રાજા ખુશ થઇને તેને શ્લોક દીઠ એક સોનામહોર આપતા. આ પ્રમાણે હંમેશાં થતું જોઇને પ્રધાનને વિચાર થયો કે રાજા આ પ્રમાણે જો ધનનો વ્યય કરશે તો ભંડારને ધક્કો લાગશે. એક દિવસ તેણે રાજાને કહ્યું કે: "મહારાજ! આ વરરુચિ આપને શ્લોકો સંભળાવે છે તે કાંઈ નવા નથી હોતા પણ જૂના શ્લોકો નવા કહીને આપને સંભળાવે છે, અને બક્ષીસ લે છે. એ જે શ્લોકો બોલે છે તે દરેક મારી પુત્રીઓને આવડતા હોય છે."

રાજાએ આ વાતની ખાત્રી કરવા માટે મંત્રીની સાતે પુત્રીઓને કચેરીમાં બોલાવી. પછી વખત થયો એટલે વરરુચિએ આવીને ૧૦૮ શ્લોક નવા કહી સંભળાવ્યા, તે સાંભળીને મંત્રીની મોટી પુત્રીએ ફરી રાજા પાસે એ જ શ્લોકો કહી સંભળાવ્યા. વરરુચિ અને મોટી બહેન એ બે જણ પાસેથી શ્લોકો સાંભળ્યા એટલે બીજી તેની નાની પુત્રીએ પણ તે શ્લોકો કહી સંભળાવ્યા. એમ અનુક્રમે સાતે પુત્રીઓએ શ્લોકો

હતા, એ સાંભળી રાજાને વરરુચિ પ્રત્યે અભાવ થયો અને અનાદર કરી તેને કાઢી મૂકયો.

વરરુચિએ પોતાની મહત્તા વધારવા માટે ગંગા નદીમાં એક પાટીયાનું યંત્ર ગોઠવ્યું. પોતે તે પાટીયાના સામે છેડે સોનામહોરની ભરેલી થેલી દાટી આવે. પછી પોતે બીજે છેડે ઊભો રહી, ગંગા નદીની સ્તુતિ કરી બીજા ન જાણે તે રીતે પાટીયાનો છેડો દબાવે એટલે સામે છેડે દબાયેલી થેલી ઉછળીને વરરુચિના હાથમાં આવી પડે. આમ કરવાથી લોકોમાં એની મહત્તા વધી કે વરરુચિને તો ગંગા નદીની દેવી તુષ્યમાન થઇ છે એટલે તે પ્રાર્થના કરે છે ત્યારે તેને ગંગા નદી ૧૦૮ સોનામહોરની બક્ષીસ આપે છે. આ વાત રાજાએ સાંભળી અને તેમણે પ્રધાનને કહી. પ્રધાને કહ્યું કે: "એમાં કાંઈ પણ કપટ છે, એની વાત સત્ય નથી." પછી પ્રધાને પોતાના ગુપ્ત માણસો દ્વારા તપાસ કરી, અને વરરુચિએ દાટેલી થેલી છાની રીતે લેવરાવી લીધી. બીજે દિવસે રાજાને લઈને પ્રધાન વરરુચિ જ્યાં પ્રાર્થના કરતા હતા ત્યાં ગયા. સેંકડો મનુષ્યો ભેગા થયા હતા. વરરુચિએ પ્રાર્થના કરી પાટીયાને દબાવ્યું, પણ થેલી નીકળી નહિ. ઘણી વાર દબાવ્યું પણ થેલી ન નીકળતાં લોકોએ તેનો તિરસ્કાર કરી કાઢી મૂકયો. વરરુચિને એ રીતે પ્રધાન પ્રત્યે વૈર ઉત્પન્ન થયું અને તેને મારવાના ઉપાય તે શોધવા લાગ્યો.

પ્રધાનના નાના પુત્ર શ્રીયકનાં લગ્ન હતાં, અને તેમાં રાજાને પોતાને ત્યાં બોલાવવા હતા, એટલે પ્રધાને રાજાને ભેટણું આપવાને માટે રાજાને પહેરવાનો પોષાક તૈયાર કરા-

વવા માંડયો. આ વાતની વરરુચિને ખબર પડી એટલે તેણે એક દુહો બનાવ્યો કે—

નંદરાય નવિ જાન હિ, જો શકડાલ કરેશ;
નંદરાય મારી કરી, શ્રીયો રાજ ઠવેશ.

આ દુહો બનાવી તેણે ગામનાં નાનાં બાળકોને શીખવી દીધો, બાળકો વારંવાર તે દુહો બોલવા લાગ્યાં, તેથી કર્ણોપકર્ણ તે દુહો રાજાના સાંભળવામાં આવ્યો. રાજાએ ખાત્રી કરવા માટે પોતાના ગુપ્તચરને પ્રધાનને ઘેર મોકલ્યો. ત્યાં જઇને તે જોઈ આવ્યો તો પ્રધાનના ઘરે રાજાને યોગ્ય વસ્ત્ર ઘરેણાં અને શસ્ત્રો તૈયાર થતાં હતાં. (જો કે પ્રધાન તો તે સર્વ રાજાને ભેટણામાં આપવાને તૈયાર કરાવતો હતો,) પણ પ્રધાનને પૂછ્યા વિના ગુપ્તચરે દોહામાં કહેલ વાત સાચી માની અને રાજા પાસે આવી બધી વાત કરી કે પ્રધાન રાજાને પહેરવા યોગ્ય વસ્ત્ર, મુકુટ, ઘરેણાં અને શસ્ત્રો વગેરે સર્વ તૈયાર કરાવે છે તે સાચી વાત છે. આ સાંભળીને રાજાને પ્રધાન પર ક્રોધ ચડયો. પ્રધાને રાજકચેરીમાં આવીને રાજાને નમસ્કાર કર્યા, પણ રાજાએ તેનો સ્વીકાર ન કરતાં રોષથી મોઢું ફેરવી લીધું. પ્રધાન સમજી ગયો કે રાજાને મારા પર રોષ ચડયો છે, એટલે મને અને મારા આખા કુટુંબને મારી નાખશે, તો તે સર્વના બચાવ માટે મારૂં એકનું જ મૃત્યુ થાય તે વધુ ઠીક છે. એમ વિચારી ઘરે આવી પોતાના પુત્ર શ્રીયકને વાત સમજાવી કે "રાજા કોપ્યો છે, અને આપણો બધાનો તે નાશ કરે તે પહેલાં એનો ઉપાય આપણે કરી લઈએ. હું ફરી વાર કચેરીમાં જઉં છું, રાજાને નમસ્કાર

કરીશ, પણ રાજા નમસ્કાર કબુલ નહિ કરે તે વખતે રાજાની સન્મુખ જ તલવારથી તારે મારૂં માથું ઉડાવી દેવું. આમ કરવાથી તમે રાજભક્ત ગણાશો અને રાજાનો તમારા પર રોષ નહિ રહે."

એ પ્રમાણે નક્કી કરી પિતાપુત્ર કચેરીમાં ગયા. શકડાલ પ્રધાને રાજાને નમસ્કાર કર્યાં, રાજાએ રોષથી અવળું મોઢું કર્યું, એટલે તુર્ત જ તલવાર ખેંચીને શ્રીયકે પિતા શકડાલનું મસ્તક એ કચેરીમાં જ ઉડાવી દીધું. આ જોઈને રાજાને દુઃખ થયું, અને શ્રીયકને પૂછ્યું કે "અરે! તેં આ શું કર્યું!" જવાબમાં શ્રીયકે કહ્યું: "જેના પર સ્વામી–રાજાનો કોપ હોય, જે રાજાને અપ્રિય હોય તેના તો આવા જ હાલ થવા જોઈએ." આ સાંભળી રાજાને શ્રીયક વગેરે પર રાજભક્તિનો વિશ્વાસ બેઠો, અને હવે પ્રધાનપદું શ્રીયકને સંભાળી લેવા કહ્યું. ત્યારે શ્રીયકે કહ્યું કે "મારા મોટા ભાઈ સ્થૂલભદ્ર કોશાને ત્યાં છે તેમને બોલાવીને પ્રધાનપદ આપો. એ પદના અધિકારી મારા મોટા ભાઈ છે."

રાજાએ તુર્ત જ સ્થૂલભદ્રને બોલાવ્યા. સ્થૂલભદ્ર આવ્યા અને રાજાએ તેમને પ્રધાનપદ સ્વીકારવા કહ્યું. સ્થૂલભદ્રે કહ્યું: "હું વિચારીને જવાબ આપું." એમ કહી એકાન્તે જઇને તે વિચાર કરવા લાગ્યા. વિચાર કરતાં સમજાયું કે કોઇ પણ જાતની પરતંત્રતા સ્વીકારવી એ તો યોગ્ય જ નથી. પરતંત્રતા હતી તો પિતાનું મૃત્યુ થયું. મારે તો સંપૂર્ણ સ્વતંત્ર થવું છે. જો હું આ સ્થિતિમાં રહીને પ્રધાનપદ લેવાની ના કહીશ તો પરાણે પ્રધાન બનાવશે માટે એવો માર્ગ લઉં કે સંપૂર્ણ

સ્વતંત્ર બની શકું. એમ વિચાર કરી સંસારની અસ્થિરતા સમજી ત્યાં જ મસ્તકના કેશનો લોચ કરી સાધુવેશ ધારણ કરી તે રાજા પાસે આવ્યા. રાજાએ પૂછ્યું: "કેમ, વિચાર કરી લીધો ?" સ્થૂલભદ્રે જવાબમાં કહ્યું કે "હા વિચાર કર્યો અને વિચાર પ્રમાણે વર્તન પણ કર્યું." એમ કહી સ્થૂલભદ્રે સંભૂતિ-વિજય આચાર્ય ગુરૂ મહારાજ પાસે જઈને ચારિત્ર અંગીકાર કર્યું.

હવે શ્રીયક પ્રધાન થયો. કોશા સ્થૂલભદ્રના ત્યાગના ખબર સાંભળી દુઃખી થઈ, પણ શ્રીયક વગેરેના સમજાવવાથી તેનો ખેદ ઓછો થયો. સ્થૂલભદ્રે દીક્ષા લઈને નવ પૂર્વનો અભ્યાસ કર્યો. ચોમાસાનો સમય નજીક આવ્યો ત્યારે સંભૂતિવિજયના બીજા ત્રણ શિષ્યોમાંથી એકે સિંહની ગુફા આગળ ચોમાસું રહેવાની રજા માગી, બીજાએ સર્પના રાફડા પર રહેવાની અને ત્રીજાએ કૂવાના પાવઠા પર ચોમાસું રહેવાની રજા માગી, જ્યારે સ્થૂલભદ્રે કોશા વેશ્યાને ત્યાં તેની ચિત્રામણ શાળામાં રહેવાની રજા માગી. જ્ઞાની ગુરૂએ તે સર્વને યોગ્ય જાણીને કહ્યું: "સુખ ઊપજે તેમ કરો."

ગુરૂદેવની આજ્ઞા લઈ દરેક શિષ્ય પોતપોતાના નિશ્ચય કરેલે સ્થળે ચાતુર્માસ કરવા પહોંચ્યા, અને ત્યાં ચાતુર્માસ રહ્યા. સ્થૂલભદ્ર કોશા વેશ્યાને ત્યાં આવ્યા, અને વેશ્યાની અનુજ્ઞા માગી તેની ચિત્રામણ શાળામાં ચાતુર્માસ રહ્યા.

પ્રથમ તો વેશ્યાએ ધારેલું કે સ્થૂલભદ્ર સંયમથી કાયર બન્યા હશે એટલે અહીં ચોમાસાના બહાનાથી આવ્યા છે; પણ શરમના માર્યા મારી સાથે હાસ્યવિનોદ કરતા નથી. હું તેમને ખાનાપાનાદિથી વિકાર જગાડીશ અને શૃંગારથી મારે

જય કરી લઈશ. આ પ્રમાણે વિચારીને કોશાએ સ્થૂલભદ્ર મુનિને સંયમથી સ્ખલિત કરવાને પોતાથી બનતા સર્વ ઉપચારો કર્યા. એની બુદ્ધિએ જે જે માર્ગ-ઉપાય બતાવ્યા તે સર્વનો ઉપયોગ તેણે છૂટથી કર્યો, પણ સ્થૂલભદ્ર મુનિ સંયમથી મનમાં પણ ચલાયમાન થયા નહિ, અને કોશાને વિષ સમા વિષયોનું ભાન કરાવી, પ્રતિબોધી, શ્રાવિકા બનાવી. ધર્મસ્વરૂપને સમજી વેશ્યાએ પ્રતિજ્ઞા કરી કે “ રાજા પોતે જેને મારી પાસે મોકલે તે સિવાય મારે સર્વ ભાઈ બાપ સમાન છે.”

ચાતુર્માસ પૂર્ણ થયે સ્થૂલભદ્ર મુનિ અને સિંહગુફાવાસી વગેરે બીજા ત્રણે મુનિઓ ગુરૂદેવની પાસે હાજર થયા. સિંહગુફાવાસી આદિ ત્રણે મુનિઓને ગુરૂએ સત્કાર્યો અને ‘અહો! તમે દુષ્કર કર્યું,’ એમ કહી સન્માન્યા. પરંતુ ચોથા શિષ્ય સ્થૂલભદ્ર જ્યારે આવ્યા ત્યારે ગુરૂએ ઊઠી ઊભા થઈ ‘અહો! તમે મહાદુષ્કર કર્યું’ એમ કહી વિશેષ સન્માન્યા. આ પ્રમાણે સ્થૂલભદ્રનો વિશેષ સત્કાર થતો જોઈ સિંહગુફાવાસી વગેરે ત્રણે શિષ્યોને સ્થૂલભદ્ર પર અદેખાઈ આવી અને ગુરૂને પક્ષપાતી માન્યા કે “ સ્થૂલભદ્ર પ્રધાનનો પુત્ર છે એટલે તેને વધુ સત્કારે છે, અને આપણો ઓછો સત્કાર કરે છે, બાકી સ્થૂલભદ્ર તો વેશ્યાના મહેલમાં રહ્યા હતા, વિવિધ પ્રકારનાં રસયુક્ત આહાર પાણી જમતા હતા, તેને મહાદુષ્કર અને આપણે એકાન્ત જંગલમાં અને મહાભયવાળા સ્થળે ઉપવાસ કરીને રહ્યા તેને સામાન્ય દુષ્કર કર્યું એમ કહીને સંતોષ માન્યો; એટલે ગુરૂ પણ પક્ષપાતી છે.”

ત્રણે શિષ્યો પોતાને પક્ષપાતી માને છે એવી જાણ ગુરૂદેવને થઈ એટલે શાન્ત ભાવે ગુરૂએ ત્રણે શિષ્યોને સમજાવ્યા

કે "સ્થૂલભદ્ર જેવી દુષ્કરતા, એમના જેવો મનોનિગ્રહ ભીમાની થવો મુશ્કેલ છે. અનુકૂળ પરિષહ સહન કરવા એ સામાન્ય વાત નથી. એકાન્તમાં રહીને વ્રત પાળવું જેટલું સહેલું છે, તેટલું જ વ્રતને ખંડિત થવાના પ્રલોભનની વચમાં રહીને વ્રતનું પાલન કરવું કઠીન છે." ગુરૂએ સત્ય સમજાવવા છતાં ઈર્ષ્યાગ્નિથી બળતા શિષ્યોને તે વાત ન રૂચી.

ફરી ચોમાસાની ઋતુ આવી, ત્યારે સિંહગુફાવાસી મુનિએ સ્થૂલભદ્રની ઈર્ષ્યાથી એની મહત્તા ઓછી કરવાના ઇરાદાથી પોતે કોશા વેશ્યાને ત્યાં ચાતુર્માસ માટે જવાની ગુરૂ પાસે આજ્ઞા માગી. એકાદ વાર ગુરૂએ ના પાડી, પણ એને તો દુરાગ્રહ હતો, એટલે ગુરૂ મૌન રહ્યા. મૌનને ગુરૂની આજ્ઞા માનીને તે કોશા વેશ્યાને ત્યાં આવ્યા અને ચિત્રામણ-શાળામાં ચાતુર્માસ રહેવાની આજ્ઞા માગી. કોશા શ્રાવિકા સમજી ગઈ કે આ મુનિ સ્થૂલભદ્રની ઈર્ષ્યાથી આવેલ છે, છતાં તેને ચિત્રામણ શાળામાં રહેવાને આજ્ઞા આપી.

મુનિ ત્યાં ચોમાસું રહ્યા. કોશા વેશ્યાએ બે ચાર દિવસ જ સારા સારા આહારાદિ વહોરાવ્યાં અને શૃંગાર કરીને હાવ-ભાવ કર્યો, ત્યાં તો મુનિ સંયમથી ભ્રષ્ટ થયા, અને વેશ્યા પાસે વિષયભોગની યાચના કરવા લાગ્યા; ત્યારે વેશ્યાએ કહ્યું: "અમારે તો ધનવાન સાથે સંબંધ છે. અમને જેઓ ધન આપે તે અમારા કામના." મુનિએ કહ્યું: "મારી પાસે ધન નથી, તો ક્યાંથી લાવું ?" કોશાએ કહ્યું: "ધન વિના અમારી આશા રાખવી તે વ્યર્થ છે. પણ એક રસ્તો છે. નેપાળ દેશના રાજા યાચકોને રત્નકંબલ આપે છે, તે લઈ આવો તો તમારી ઇચ્છા પૂર્ણ થાય."

કામાન્ધો નૈવ પશ્યતિ એ સૂત્રાનુસાર ભરચાતુર્માસમાં મુનિ મુનિપણાનું ભાન ભૂલી વેશ્યાને રંજન કરવા અર્થે મુસાફરી કરી નેપાળ પહોંચ્યા! ત્યાં જઈને રાજા પાસેથી રત્નકંબળ માગી અને મેળવી. તે રત્નકંબળ લઈ તે પાછા ફર્યા. રસ્તામાં ચોરે લૂંટયા અને રત્નકંબળ લઇ લીધી! ફરી પાછા નેપાળ જઈ, વેશપરિવર્તન કરી, બીજી વાર રત્નકંબળ મેળવી, અને પોલા વાંસની લાકડીમાં સંતાડી અનેક કષ્ટો ભોગવી, છેવટે પાટલીપુત્ર નગરે પહોંચ્યા. કોશા પાસે આવી તેને રત્નકંબળ આપી તેમણે વિષયભોગની યાચના કરી.

રત્નકંબળ લઈ વેશ્યાએ એનાથી હાથ પગ લૂછીને મળમૂત્રની ખાળમાં એ ફેંકી દીધી. આ જોઇને મુનિએ કહ્યું: “અરે કોશા! તેં આ શું કર્યું? મહામહેનતે અનેક કષ્ટો ભોગવી મેં રત્નકંબળ મેળવી હતી તેને તેં આ રીતે ફેંકી દીધી? કાંઈ વિચાર ન કર્યો?” જવાબમાં કોશા વેશ્યાએ કહ્યું: “ઘણા ભવાંતરનાં કષ્ટો ભોગવતાં આ મનુષ્ય જન્મ અને તેમાં પણ આ અમૂલું સંયમરત્ન તમને મળ્યું છે, તે તમે વિષય રૂપ કીચડમાં ફેંકવા તૈયાર થયા છો, તેનો તમને કાંઈ વિચાર થતો નથી?” એવા પ્રકારના પ્રતિબોધથી મુનિ પોતાની ભૂલ જોઈ શક્યા અને સ્થૂલભદ્રની મહત્તા પણ સમજી શક્યા. ચાતુર્માસ પૂર્ણ કરી, મુનિએ ગુરૂ પાસે આવી પોતાની પામરતા પ્રકાશી અને ગુરૂએ પ્રાયશ્ચિત્ત આપી તેમને શુદ્ધ કર્યા.

સ્થૂલભદ્ર મુનિએ દસ પૂર્વનો અભ્યાસ કર્યો. ઉત્કૃષ્ટ સંયમ પાળી, આત્માને નિર્મળ બનાવી, એકાવતારી પદ પ્રાપ્ત કરી, આયુષ્ય પૂર્ણ કરી, તે પહેલે દેવલોકે ગયા.

નંદિષેણ મુનિ

શ્રીપુર નામે નગરમાં મખપ્રિય નામે યજ્ઞપ્રિય બ્રાહ્મણ રહેતો હતો, તે હમેશાં યજ્ઞ કરતો. તેને ત્યાં ભીમ નામે એક દાસ હતો. એક વખતે મખપ્રિયે ભીમને કોઈ ખાસ કામ બતાવ્યું પણ ભીમે કહ્યું કે "કામ એવી શરતે કરૂં કે મને યજ્ઞપ્રસંગે થતું ભોજન હમેશાં આપો." મખપ્રિયે તે કબૂલ કર્યું, અને ભીમે તેનું કામ કર્યું. ભીમને યજ્ઞ પ્રસંગે હમેશાં જે ઉત્તમ ખોરાક મળતો તે પોતે ન ખાતાં તે ખોરાક મુનિને વહોરાવી દેતો. એ દાનના કાર્યથી ભીમે ઘણું પુણ્ય ઉપાર્જન કર્યું. ભીમ આયુષ્ય પૂર્ણ કરી દેવલોકમાં દેવ થયો અને ત્યાંથી દેવગતિમાંથી ચવીને રાજગૃહ નામે નગરમાં શ્રેણિક રાજાને ઘેર નંદિષેણ નામે કુંવરરૂપે જન્મ્યો.

મખપ્રિય બ્રાહ્મણ ત્યાંથી મરી કેટલાક ભવમાં રખડી અટવીમાં એક હાથણીને ઉદરે આવી ઉત્પન્ન થયો. એ હાથણીના જૂથનો અધિપતિ જે હાથી હતો તે બીજા નાના મોટા કોઈ હાથીને જીવવા દેતો નહિ, પણ મારી નાખતો. એના મનમાં ભય હતો કે બીજો કોઈ હાથી તૈયાર થયો તો મને મારીને આ જૂથનો માલેક તે થશે, માટે કોઈ પણ હાથણી જો નર હાથીને જન્મ આપે તો તેને મારી નાખે. હાથણી જન્મે તો તેને રહેવા દે. જે હાથણીના ઉદરે મખપ્રિય હાથી તરીકે ઉત્પન્ન થયો હતો તે હાથણીને વિચાર થયો કે "મને જો હાથી જન્મશે તો જૂથપતિ તેને મારી નાખશે, માટે એ ન મારી નાખે તેમ કરૂં." આમ વિચારી હાથણી પોતાના ટોળામાંથી હંમેશાં થોડું થોડું પાછળ રહેતી. એમ કરતાં હાથીને

થયું કે એ હાથણીને કાંઇક દર્દ થયું છે, તેથી પાછળ રહી જાય છે; એટલે તેના પર તેણે બહુ ધ્યાન ન આપ્યું.

એક વખતે જ્યારે એ હાથણીને સંતાન જન્મવાનો પ્રસંગ આવ્યો ત્યારે જંગલમાં રહેલ તાપસોના આશ્રમમાં જઈને હાથણીએ સંતાનને જન્મ આપ્યો. હાથીના એ બચ્ચાને ત્યાં મૂકી પોતે ટોળા સાથે ભળી ગઈ. પછી અનુકૂળતાએ આવીને તે હાથણી પોતાના બચ્ચાની સંભાળ લઈ જતી. આશ્રમમાં રહેલા બાળ તાપસો એ હાથીના બચ્ચા સાથે રમત કરતા. હાથીનું બચ્ચું પણ એ તાપસનાં બાળકો અને તાપસો સાથે હળી-મળી ગયું. બાળ તાપસો પાણી ભરી લાવી આશ્રમનાં વૃક્ષોને પાતા એટલે હાથી પણ પોતાની સૂંઢમાં પાણી ભરી લાવી વૃક્ષને સિંચે, એ ઉપરથી તાપસોએ એ હાથીનું સિચાનક નામ પાડ્યું. સિચાનક જ્યારે મોટો થયો ત્યારે તે સ્વતંત્ર થયો, અને તેણે એક દિવસે વિચાર કર્યો કે મારી માતા જેમ કપટ કરીને આ તાપસના આશ્રમમાં મને મૂકી ગઈ તેમ બીજી હાથણી કેમ ન કરે? એટલે આ તાપસનાં આશ્રમો એ કપટીઓનું આશ્રયસ્થાન છે, માટે આશ્રમો જ ન રહેવા દેવા જોઈએ. એમ વિચારી તાપસોના આશ્રમોને તે તોડી નાખવા લાગ્યો; એટલે તાપસોએ એ હાથીને પકડવા માટે રાજા શ્રેણિકને વિનંતિ કરી.

રાજા શ્રેણિકે પોતાના સૈનિકોને સિંચાનક હાથીને પકડી લાવવાની આજ્ઞા કરી અને તે પણ સાથે આવ્યા. અનેક પ્રયત્ન કરતા છતાં કોઇ રીતે સિંચાનક હાથી ઝલાયો નહિ, એથી રાજાને ઘણો ખેદ થયો. પિતાને ખેદ કરતા જોઈ નંદિષેણ કુમાર

હાથીને કેદ કરવા ઊભો થયો. સિચાનકે નંદિષેણુને જોયો અને જોતાંની સાથે જ તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. આગળના ભવનો સ્વામીસેવક સંબંધ તે જાણી શકયો, એથી સિચાનક શાન્ત થઈને ઊભો રહ્યો. નંદિષેણે તેની પાસે આવીને તેને માત્ર હાથવતી જ ઝાલી લાવીને રાજાને સોંપ્યો. રાજાએ સિચાનકને પટ હસ્તી બનાવ્યો.

એક વખતે પ્રભુ મહાવીરદેવ જ્યારે રાજગૃહે પધાર્યા ત્યારે શ્રેણિક રાજા નંદિષેણુ કુમાર વગેરે દર્શનાર્થે ગયા. દેશના શ્રવણુ કરી નંદિષેણુ કુમારે પોતાને દેખીને હાથી શાન્ત કેમ થયો, એ સંબંધી પ્રભુને પૂછ્યું. પ્રભુએ તેના પૂર્વ ભવની વાત કહી. દેશનાના શ્રવણુથી નંદિષેણુને વૈરાગ્ય થયો અને સંયમ લેવા તે તૈયાર થયા, ત્યારે પ્રભુએ કહ્યું કે "હજુ તમારે ભોગાવલિ કર્મ બાકી છે, એટલે તે ભોગવ્યા સિવાય તમે સંયમ યથાસ્થિત રીતે પાળી નહિ શકો, માટે ઉતાવળ ન કરો." પ્રભુએ ના કહેવા છતાં નંદિષેણુ કુમાર સંયમ લેવામાં દૃઢ રહ્યા, ત્યારે આકાશમાંથી દેવવાણી પણુ એવી જ થઈ કે "નંદિષેણુ! તમારે ભોગાવલિ કર્મ બાકી છે માટે દીક્ષા લેશો નહિ." સર્વની મના છતાં નંદિષેણે ચારિત્ર લીધું અને ઉત્સાહપૂર્વક તે છઠ-અઠમ આદિ તપશ્ચર્યા કરવા લાગ્યા. એમ કરી તેમણે કર્મને પાતળા પાડવા પ્રયત્ન કર્યો. પ્રભુની સાથે વિચરતાં શાસ્ત્રાર્થને ધારણુ કરતા પરિષહાદિને સહન કરતા તે સંયમ પાળવા લાગ્યા. એ સંયમ અને તપના પ્રભાવથી તેમને અનેક પ્રકારની લબ્ધિઓ-સિદ્ધિઓ પ્રાપ્ત થઈ.

એકદા તેઓ ગોચરી અર્થે ગામમાં ફરતાં અજાણુતાં કોઈ વેશ્યાને ત્યાં જઈ ચડયા અને નિર્દોષ ભિક્ષાની યાચના કરી.

વેશ્યાએ મશ્કરીમાં પોતે અર્થાર્થી છે, અને અહીં તો વિષયોની શિક્ષા છે એમ કહ્યું. એ મશ્કરીથી અને ભોગવલિ કર્મના ઉદયથી મુનિને મનમાં અહંભાવ આવ્યો. તુર્ત જ ઘાસનું તરણું લઈ તેને તોડી કકડા કરતાં સોનામહોરનો ઢગલો થયો. એ જોઇને વેશ્યાએ તેને મોહ પમાડીને ત્યાં જ રાખી લીધા.

નંદિષેણુ વેશ્યાને ત્યાં રહ્યા, પણ એવો નિશ્ચય કરીને કે હંમેશાં દસ જણને ધર્મનો પ્રતિબોધ આપી, ધર્મ પમાડી, દીક્ષા લેવાને રવાના કર્યા પછી જ ખોરાક લેવો, તે પહેલાં ન લેવો. આ નિયમ તે બરાબર પાળતા. બાર વર્ષ વીત્યાં ત્યારે ભોગાવળી કર્મ ભોગવાઈ રહેતાં, એક દિવસે હમેશના નિયમ મુજબ દસ જણને પ્રતિબોધતાં નવ પ્રતિબોધ પામ્યા, દસમો એક સોની ન બૂઝયો. જમવા વખત થઈ ગયો, બે ત્રણ વખત ફરીફરી કરેલી રસોઈ ઠરી ગઈ, છતાં પ્રતિજ્ઞા મુજબ દસ જણ પૂરા થયા સિવાય ન જ જમી શકાય.

છેવટે વેશ્યાએ મશ્કરી કરતાં કહ્યું કે "દસમા તમો!" બસ એટલી જ વાર હતી. તુર્તજ ઊઠી ઊભા થઈ વેશ્યાને પોતાના ગુરૂસ્થાને માની, સાધુવેશ લઈ તે ચાલી નીકળ્યા. ફરી દીક્ષા લઈ, દુષ્કર તપશ્ચર્યાદિ કરી, સર્વ કર્મનો ક્ષય કરી, અન્તે તે મોક્ષે પધાર્યા.

અરણિક મુનિ

તગરા નામે મનોહર નગરીમાં દત્ત નામે શાહુકાર રહેતા હતા. તેમને ભદ્રા નામે સ્ત્રી અને અરણિક નામે પુત્ર હતા. ત્રણે જણે વૈરાગ્યથી ગુરૂમહારાજ પાસે દીક્ષા લીધી. દત્તમુનિ

વૃદ્ધ હોવાથી વિશેષ જ્ઞાનાભ્યાસ ન કરી શકવાથી પુત્રને જ્ઞાનાભ્યાસની અનુકૂળતા થાય એ માટે એની વૈયાવચ્ચ અર્થાત્ સેવા-ભક્તિ પોતે કરતા. વસ્ત્ર, પાત્ર, ગૌચરી, આદિ સર્વ પોતે લાવી આપતા. અરણિક મુનિને કદી બહાર જવા દેતા જ નહિ. સમય વીત્યે દત્ત મુનિ આયુષ્ય પૂર્ણ કરી સંયમના પ્રભાવથી સ્વર્ગે ગયા.

હવે અરણિક મુનિને ગૌચરી આદિ માટે બહાર જવું આવવું પડતું. એક વખતે ઉનાળાની ઋતુમાં મધ્યાહ્ન સમયે ધરણી ધોમ ધખતી હતી તે વખતે અરણિક મુનિ ભિક્ષા અર્થે નીકળ્યા. સખત તાપ લાગવાથી એક ગૃહસ્થના મકાનમાં ગોખની છાયામાં તે જરા વિશ્રાન્તિ લેવા ઊભા રહ્યા. એ વખતે એ જ મકાનમાં રહેતી ધનાઢ્ય પણ વિરહિણી યુવતી સ્ત્રીએ આ સ્વરૂપવંત યુવાન મુનિને જોયા અને દાસીને મોકલી ભિક્ષા લેવાના બ્હાને તેમને મહેલમાં બોલાવ્યા. મુનિ આવ્યા ત્યારે ભિક્ષા આપતાં સ્ત્રી સ્વભાવોચિત અનેક પ્રકારનાં વિષયી પ્રલોભન બતાવી મુનિના મનને તેણે અસ્થિર કર્યું અને અરણિક મુનિ તાપથી અને તેના અંગે સંયમથી કંટાળ્યા હતા તેમાં આ અનુકૂળ સંયોગો મળી જતાં તે સંયમથી ભ્રષ્ટ થયા. તે સ્ત્રીએ પોતાના તનમનધન મુનિને સમર્પ્યાં, અને અરણિકે તે સ્વીકાર્યાં.

અરણિક મુનિ હવે ગૃહસ્થ બની સંસારના વિષયો ભોગવવા લાગ્યા. એમનાં માતાને ખબર મળ્યા કે અરણિક મુનિ ગૌચરી અર્થે ગયા હતા તે અનેક દિવસો વીતવા છતાં પાછા ફર્યા નથી. એથી એ સાધ્વી માતાને ખેદ થયો અને તેમણે અરણિકની શોધ કરવા માંડી. પુત્રવિયોગે ઘેલા જેવાં બનેલાં

સાધ્વી માતા 'અરણિક' 'અરણિક' કરતાં શહેર અને ગામડાંમાં ફરવા લાગ્યાં. તેમને પોતાના શરીરનુંએ પૂરૂં ભાન નહોતું. ફરતાં ફરતાં એક દિવસે* જે મહેલમાં અરણિક વૈભવ-વિલાસ ભોગવતા હતા ત્યાં રસ્તા પર માતા 'અરણિક' 'અરણિક' કરતાં નીકળ્યાં. માતાનો અવાજ અને પોતાની શોધનો શબ્દ સાંભળી અરણિકે એકદમ મહેલથી નીચે ઊતરી આવી સાધ્વી માતાને પાયવંદન કર્યું. માતાએ અરણિકને ઓળખ્યા અને ઠપકો આપતાં કહ્યું: "પુત્ર! તને આ શું સૂઝયું? અમૂલા ચારિત્રરત્નને તેં આ કીચડમાં નાખી દીધું? સંયમથી ભ્રષ્ટ થઈ નરકાદિનાં દુઃખ આપનાર વિષયોના કીચડમાં પડવા કરતાં સંયમરક્ષણાર્થે મરવું એ વધુ ઉત્તમ છે. શું તને મરતાંએ નથી આવડતું?" આ સાંભળી અરણિક બોલ્યાઃ "માતા! મારાથી દુષ્કર સંયમ પળે તેમ નથી, પણ મરતાં આવડે છે. આપની કૃપાથી હું મરી જાણું છું; અને તેના પુરાવા રૂપે અત્યારે જ આપની સમક્ષ પ્રાયશ્ચિત્ત લઈ, સંથારો કરી, આ ધખધખતી શિલા પર અણુસણ આદરૂં છું." એમ કહી એ જ વખતે તાપથી અગ્નિ માફક તપી ગયેલી પત્થરની શિલા ઉપર અરણિક અણુસણ કરીને સૂઈ ગયા. માતાએ સંતોષ માન્યો.

શુભ અને ઉત્કૃષ્ટ ભાવથી અરણિક મુનિ જે તાપના પરિષહથી કાયર થઈ સંયમ ચૂકયા હતા, તે જ તાપના અતિ પરિષહને સહન કરી શુકલધ્યાન ધ્યાતા અંતકૃત કેવળી થઇ સર્વ કર્મને ક્ષય કરી બારોબાર મોક્ષે પધાર્યા.

---

* અરણિક બાર વર્ષ ગૃહસ્થાશ્રમમાં રહ્યાનું કથાકાર કહે છે. કોઈ છ માસ પણ કહે છે.

અઈમુત્તાં મુનિ

મથુરા નગરીના ઉગ્રસેન રાજાના બે કુંવર જેમાં મોટો કુંવર કંસ હતો કે જેને શ્રીકૃષ્ણ વાસુદેવે ઠેકાણે પાડયો. કંસના નાના ભાઈ તે અતિમુક્ત કુમાર. કંસે જ્યારે પોતાના પિતા ઉગ્રસેન રાજાને લાકડાના પાંજરામાં પૂરી દુઃખ દેવા માંડયું, ત્યારે અતિમુક્તથી તે જોઈ ન શકાવાથી અને સંસારના આવા અનિત્ય સંબંધો જોઈ વૈરાગ્ય પામી તેમણે દીક્ષા લીધી. ખૂબ તપશ્ચર્યાદિ કરવા ઉપરાંત તેમણે જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

ધન્ય મરૂદેવી માતા, ધ્યાયો નિર્મળ ધ્યાન,
ગજ હોદ્દે પામ્યાં, નિર્મલ કેવળજ્ઞાન. ૧૦૦
ધન્ય આદીશ્વરની પુત્રી, બ્રાહ્મી સુંદરી દોય,
ચારિત્ર લેઈને, મુક્તિ ગયાં સિદ્ધ હોય. ૧૦૧
ચોવીસે જિનની વડી શિષ્યા ચોવીસ,
સતી મુક્તિ પહોંત્યાં પૂરી મન જગીશ. ૧૦૨
ચોવીસે જિનની સર્વ સાધવી સાર,
અડતાલીશ લાખ ને આઠસેં સીત્તેર હજાર. ૧૦૩

*　　*　　*

માતા મરૂદેવા

મરૂદેવા માતાએ નંદીબાઈ શેઠાણીના ભવમાં એક તપસ્વી મુનિને શરીરે કૃમિકુષ્ટનો રોગ થયેલ તેના ઉપચાર અર્થે જીવાનંદન વેદ કે જે પછીથી શ્રી આદિનાથ ઋષભદેવ તીર્થંકર થયા હતા, તે વેદની સૂચનાથી લક્ષપાક તેલ અને રત્નકાંબળ મુનિની

સેવા માટે ઉત્કૃષ્ટ ભાવથી આપેલાં. એથી એ નંદીબાઈ શેઠાણીએ શાતાવેદનીય પુણ્યનું કર્મ ઉપાર્જન કર્યું. વધુમાં નંદીબાઈ શેઠાણીએ પોતાના જીવનમાં નવાણું લાખ માસખમણ તપ કરેલાં એથી પૂર્વ કર્મનો ક્ષય કર્યો. કેળના ભવમાં બોરડીના કાંટાથી પીડા ભોગવી, ત્યાં પણ ઘણાં કર્મનો અંત કર્યો. એ સર્વના પરિણામે તેઓ મરૂદેવા માતા તરીકે જન્મ્યાં. તેમની કુક્ષીએ શ્રી ઋષભદેવ પ્રભુનો જન્મ થયો.

એ મરૂદેવા માતાએ ક્રોડ પૂર્વનું આયુષ્ય ભોગવ્યું, અને ૬૫ હજાર પેઢી નજરે જોઈ. પરન્તુ એટલા આયુષ્યમાં કોઈ દિવસ માથું દુ:ખવા જેટલીએ અશાતા ન થઈ. પૂર્વ ભવે સાધુને શાતા ઉત્પન્ન કરી હતી તેના ફળ તરીકે ક્રોડ પૂર્વ સુધીમાં એક દિવસ પણ અશાતાનો ન આવ્યો. પાંસઠ હજાર પેઢી પોતાની હયાતીમાં જોવા છતાં, એમની હયાતી સુધીમાં કોઈનું મરણ થયું નહિ. એવાં મહત પુણ્યવાન મરૂદેવા માતા એક વાર પ્રભુ આદિનાથનાં દર્શન કરવા જતાં હતાં. ભરત ચક્રી તે આદિનાથના પુત્ર પોતાનાં દાદીમાને હાથીને હોદ્દે બેસાડી પ્રભુનાં દર્શન કરાવવા લઈ જતા હતા; ત્યાં જતાં દૂરથી પ્રભુના સમવસરણ વગેરેને જોઈને તેમના મનમાં થયું કે પુત્ર આવી સંપદા ભોગવે છે તેમાં માને શામાટે યાદ કરે ? ખરેખર, પુત્ર કોના ? માતા કોની ? એવી અનિત્ય ભાવના ભાવતાં માતાને હાથીના હોદ્દે જ બેઠાં બેઠાં કેવળજ્ઞાન–કેવળ દર્શન પ્રાપ્ત થયું, અને એ જ વખતે આયુષ્ય પણ પૂર્ણ થયું. હાથીથી હેઠાં ઊતર્યાં પહેલાં જ બારોબાર તે પરમપદ—મોક્ષ-પદને પામ્યાં. *

---

* ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્રમાં જીવાનંદ વૈદની સૂચનાથી તેમના

બ્રાહ્મી અને સુંદરી

બ્રાહ્મી અને સુંદરી શ્રી આદિનાથ પ્રભુની પુત્રીઓ હતી. એ મહાસતીઓના જીવનની હકીકત શ્રી આદિનાથ પ્રભુના જીવન સાથે પૂર્વે આપેલી છે.

મહાસતી ચંદનબાળા

જે વખતે પ્રભુ મહાવીર છદ્મસ્થપણે વિહરતા હતા તે વખતે એમણે કર્મક્ષય નિમિત્તે અભિગ્રહ ધારેલ કે રાજાની કુંવરી હોય, દુશ્મને અથવા ચોરે તેનું અપહરણ કરેલું હોય, વેશ્યાને ત્યાં વેચાઈ હોય, ત્યાંથી શેઠને ત્યાં આવેલ હોય, અઠમ તપ હોય, માથે મુંડન થએલ હોય, હાથ-પગમાં બેડીઓ હોય, સુપડાના ખૂણે અડદના બાકળા હોય, ઘરના ઉંબરામાં બેઠેલી હોય, એક પગ ઘરમાં હોય તથા એક પગ ઘર બહાર હોય, અને આંખમાં આંસુ હોય, એવી સ્થિતિવાળી બાઈ સુપડામાં રહેલા અડદના બાકળા વહોરાવે તો પારણું કરવું. એવો સંયોગ ન બને ત્યાં સુધી પારણું

મિત્ર મહિધરકુમાર લક્ષપાક તેલ, ગોશીર્ષ ચંદન અને રત્નકંબળ એ ત્રણ વસ્તુમાંથી ગોશીર્ષચંદન અને રત્નકંબળ કોઇ એક વૃદ્ધ વ્યાપારીને ત્યાંથી લાવે છે. પ્રથમ તો તે વૃદ્ધે લાખલાખ સોનામહોરોની કીંમત લેવાનું કહેલું, પણ પૂછા કરતાં તે વસ્તુ મુનિ માટે જોઇએ છીએ એમ તેણે જાણ્યું, ત્યારે તેણે મૂલ્ય લેવાની ના પાડી અને ઉત્કૃષ્ટ ભાવથી પોતા તરફથી જ સેવા માટે આપી. એ વસ્તુથી મુનિને શાતા થઈ. પાછળથી તે વૃદ્ધ વણિક દીક્ષા લઈ ચારિત્ર પાળી એ જ ભવે મોક્ષે ગયો. [બીજા સ્થળે નંદીબાઇ શેઠાણી સંબંધે ઉપર જણાવી તે વાત છે.]

કરવું નહિ. આવા દુષ્કર અભિગ્રહધારી વીર પ્રભુ જનપદદેશમાં વિચરતા હતા.

એ સમયે ચંપાનગરીમાં દધિવાહન નામે રાજા રાજ્ય કરતા હતા. તેમને ધારિણી નામે રાણી હતાં અને તેમને વસુમતી નામે કુંવરી હતાં, જે પાછળથી ચંદનબાળાના નામે ઓળખાયાં. એક વખતે અકસ્માત દધિવાહન રાજા પર શતાનિક રાજા મોટા સૈન્ય સાથે લડાઇ માટે ચડી આવ્યો. દધિવાહન રાજા અકસ્માત ચડી આવેલા મોટા લશ્કરને પહોંચી વળવાને અશક્ત હોવાથી પોતાના પ્રાણ બચાવવા નાસી ગયા. પાછળથી શતાનિક રાજાએ પોતાના લશ્કરને કહી દીધું કે ચંપાનગરીમાં લૂંટ ચલાવો, જેના હાથમાં જે આવે તે તેને જ આપવામાં આવશે. આથી સૈન્યનાં માણસોએ ઈચ્છાનુસાર ચંપાનગરી લૂંટી. તેમાં એક ઊંટસવારી કરનાર સુભટ દધિવાહન રાજાની રાણી અને કુંવરીને કબજે કરીને લઈ ચાલ્યો. ધારિણી રાણીના રૂપથી મોહ પામેલ સુભટ બીજાના સાંભળતાં બોલ્યો કે "આ રૂપવતી રાણીને હું મારી સ્ત્રી બનાવીશ, અને આ પુત્રીને કૌશાંબી નગરીની મધ્ય બજારમાં વેચીશ, જેથી મને ઘણું ધન મળશે." આ શબ્દો સાંભળીને રાણીને એટલો બધો હૃદયાઘાત લાગ્યો કે ત્યાં જ તેમના પ્રાણ ચાલ્યા ગયા. રાણીને મૃત્યુ પામેલાં જોઈ સુભટે વિચાર કર્યો કે હું ઉતાવળો થઈને બોલી ગયો તે ખોટું કર્યું. હવે જો આ પુત્રી માટે કાંઈ પણ કહીશ તો તે પણ કદાચ મૃત્યુ પામશે, તો મને ધનપ્રાપ્તિ નહિ થાય. એમ ધારી તેણે મૌન સાધ્યું. કૌશાંબી નગરીએ આવી બજારના મધ્યચોકમાં

રહીને તેણે વસુમતીને વેચવા માટે ઊભી રાખી. એ વખતે કોઈ વૃદ્ધ વેશ્યાએ તેને ખરીદ કરવાનું નક્કી કર્યું.

તે વખતે ધનાવહ નામે એક શેઠ અકસ્માત ત્યાં આવી ચડ્યા. તેમણે વસુમતીને જોઈને વિચાર કર્યો કે આ કન્યા કોઈ ઉચ્ચ કુળની હોય તેમ જણાય છે. પણ કોઇ વિષમ સંયોગોમાં આ સ્થિતિમાં મુકાએલ છે, તો મારો ધર્મ છે કે તેને અધર્મના ધામમાં જતી અટકાવું. એવા સુવિચારથી વેશ્યાને સમજાવી, સુભટને તેની ઈચ્છા મુજબ ધન આપી, ધનાવહ શેઠ વસુમતીને પોતાને ઘેર લઈ આવ્યા અને પોતાની સ્ત્રી મૂળાને કહ્યું કેઃ "આ કન્યા આપણી પુત્રી છે તો તમે તેને બરાબર સાચવશો અને તેના મનને કોઇ પણ રીતે દુઃખ ન થાય તેમ કરશો."

વસુમતીના રૂપ-ગુણને જોઈને શેઠે તેનું ચંદના અથવા ચંદનબાળા નામ રાખેલું હતું. તે ધીમે ધીમે યુવાવસ્થાએ પહોંચ્યાં, અને તેમના રૂપ લાવણ્યની ખૂબ વૃદ્ધિ થઈ. આ જોઈને મૂળા શેઠાણીને વિચાર થયો કેઃ "શેઠે આ કન્યાને અત્યારે તો પુત્રી તરીકે રાખી છે, પણ આના રૂપમાં મોહ પામી કદાચ તેને મારી શોકય બનાવે તો ? માટે મારે સાવચેત રહેવું." એવા વિચારથી મૂળા ચંદનબાળાની ઈર્ષ્યા કરવા લાગી અને તેની વધારે દેખરેખ રાખવા લાગી. ચંદનબાળા તો પોતાની સગી માના કરતાં વિશેષ વિનયભક્તિ કરતાં હતાં, પણ મૂળાના મનની શંકા જરાએ ઓછી થતી ન હતી.

એક વખતે ધનાવહ શેઠ બહારથી ઘેર આવ્યા, ત્યારે નોકરોમાંથી કોઈ હાજર ન હતું, એટલે ચંદનબાળા શેઠના

પગ ધોવા બેઠાં. શેઠે ના કહેવા છતાં ચંદનબાળાએ શેઠના પગ ધોવા માંડયા. ચંદનબાળાના માથાના કેશકલાપની એક લટ છૂટી પડી ગએલી તે વારંવાર આંખ આડે આવતી હતી તેથી શેઠે તે લટને ખસેડી. આ વખતે મૂળા માળ પર ઊભેલી તેણે ગોખમાંથી એ દૃશ્ય જોયું, અને પોતે કલ્પેલી શંકા વધુ દૃઢ થઈ. હવે જેમ બને તેમ આ કંટકને વચમાંથી દૂર કરવાનો દૃઢ સંકલ્પ તેણે કર્યો અને કઈ રીતે એને દૂર કરવી એને માટે પણ તે વિચાર કરવા લાગી.

એકદા શેઠ બહાર ગામ ગએલા તે વખતે મૂળાએ લાગ જોઈ હજામને બોલાવી ચંદનબાળાના મસ્તકનું મુંડન કરાવી હાથમાં બેડી પહેરાવીને એક ઊંડાણના ઓરડામાં તેમને પૂરી દીધાં અને ઓરડાને બહાર તાળું મારી નોકરોને ડારો દીધો કે શેઠને આ વાત કોઈ કહેશે તેના હું પ્રાણ લઈશ–અર્થાત્ તે મૃત્યુને શરણે જશે. નોકરોને આવો ભય બતાવી મૂળા પોતાને પીયેર ચાલી ગઈ. ચોથે દિવસે શેઠ ઘેર આવ્યા અને ચંદનબાળાની તપાસ કરી પણ પત્તો ન લાગ્યો. જ્યારે બહુ જ તપાસ કરી અને નોકરોને ભય-લાલચ બતાવ્યાં ત્યારે એક વૃદ્ધ બાઈએ બીતાં બીતાં ચંદનબાળાની મૂળા શેઠાણીએ કરેલી સ્થિતિની વાત કરી અને જે ઓરડામાં તેમને પૂર્યા હતાં તે ઓરડો બતાવ્યો. શેઠે ઓરડાનું તાળું તોડી ચંદનબાળાને બહાર લીધાં, અને બહારના ઓરડાના બારણા પાસે લાવીને બેસાડયાં.

જેને ત્રણ દિવસના ચઉવિહારા ઉપવાસ થયેલ છે, તે ચંદનબાળા માટે ઘરમાં કાંઈ ખાવાનું હતું કે નહિ તેની શેઠે તપાસ કરી, તો માત્ર અડદના બાકળા સિવાય બીજું કાંઈ

જડયું નહિ, એથી શેઠે તે બાકળા લઈ સુપડામાં તેને આપ્યા અને કહ્યું કે: "પુત્રી! આ ખોરાક ખાઈ તમે પારણું કરો અને હું બેડીઓ તોડવા માટે લુહારને બોલાવી લાવું." એમ કહી શેઠ લુહારને બોલાવવા ગયા.

ચંદનબાળા ઓરડાના ઉંબરામાં બેઠાં. બેડીના બંધનને લઈને ઉંબરો ઓળંગી બહાર આવી શકે તેમ ન હતું. સુપડું અને તેમાં અડદના બાકળા હતા. પોતાની ભૂત અને અને વર્તમાન સ્થિતિનો તે વિચાર કરતાં હતાં અને જો કોઈ અતિથિ આવે તો તેમને ભિક્ષા આપી પછી હું બાકળાનો ઉપયોગ કરૂં, એવો તેમનો મનોભાવ હતો.

બરાબર એ જ વખતે પરમ કલ્યાણકારક અભિગ્રહધારી મહાવીર પ્રભુ ધનાવહ શેઠને ઘેર પધાર્યા. ચંદનબાળા પ્રભુ મહાવીરને જોઇ અત્યંત હર્ષિત થયાં, અને પ્રભુને ભિક્ષા લેવા માટે વિનમ્ર ભાવે આગ્રહ કર્યો. પ્રભુને જે ૧૩ બોલનો અભિ-ગ્રહ હતો તેમાં ૧૨ તો ત્યાં હતા, માત્ર ચંદનબાળાની આંખમાં આંસુ ન હતાં, એટલે પ્રભુ મહાવીર અભિગ્રહની અપૂર્ણતા જાણી મૌનપણે પાછા ફર્યા. પ્રભુને પાછા ફરેલા જોઈ પોતાના મંદભાગ્ય માટે ચંદનબાળાને અત્યંત ખેદ થયો અને તેમની આંખમાંથી અશ્રુપ્રવાહ વહી નીકળ્યો. પ્રભુ મહા-વીરે પાછું વાળી જોતાં અશ્રુભીની આંખવાળાં ચંદનબાળાને જોયાં. પ્રભુ પોતાનો અભિગ્રહ પૂર્ણ થયો જાણી પાછા પધાર્યા અને ચંદનબાળાના હાથથી પારણું વહોર્યું. ચંદનબાળાએ પ્રભુના કરમાં અડદના બાકળા ઉત્કૃષ્ટ ભાવથી વહોરાવ્યા કે તુર્ત જ હાથની બેડી તૂટીને સુંદર કંકણ બની ગયાં. પગની બેડી

તૂટીને નુપૂર થઈ ગયાં. માથાની વેણી સુંદર બની ગઈ, અને શરીર વસ્ત્રાલંકારથી વિભૂષિત બની ગયું. એ જ વખતે દેવે આવીને સાડી બાર ક્રોડ સોનામહોરની વૃષ્ટિ કરી. સુગંધી પાણીનો વર્ષાદ વરસાવ્યો. એ રીતે પંચ દિવ્ય પ્રકટ થયાં, અને અહોદાન–મહાદાન વગેરે કહી દેવોએ દાનની પ્રશંસા કરી.

પ્રભુ પારણું કરી ત્યાંથી વિહાર કરી ગયા. પછીથી ગામમાં ખબર મળવાથી રાજા અને પ્રજાજનો વગેરે ધનાવહ શેઠને ઘેર આવ્યા અને શેઠના પરમપુણ્ય વગેરેની પ્રશંસા કરી. પછી રાજાએ દેવે વર્ષાવેલા ધનની પોતાની માલીકી કહી તે ધન રાજભંડારમાં લઇ જવાની તૈયારી કરી, દેવે તેમ કરવાની ના પાડી અને દ્રવ્ય પરનો અધિકાર ચંદનબાળાનો હોવાનું જણાવ્યું. ચંદનબાળાએ તે ધન પરનો અધિકાર ધનાવહ શેઠનો જણાવ્યો.

પાછળથી પ્રભુ મહાવીર ચાર ઘનઘાતી કર્મનો ક્ષય કરી કેવળ જ્ઞાન પામ્યા, અને ધર્મદેશના દઈ જ્યારે ચાર તીર્થ સ્થાપ્યાં ત્યારે પ્રભુ મહાવીરના શાસનમાં સાધ્વી સમુદાયમાં પ્રથમ સાધ્વીજી–વડાં સાધ્વીજી ચંદનબાળા થયાં. ચંદનબાળાએ દીક્ષા લેઈ, ઉત્કૃષ્ટ ચારિત્ર પાળી, તપશ્ચર્યાદિથી સર્વ કર્મનો ક્ષય કરી, કેવળજ્ઞાન–કેવળ દર્શન પામી, પરમ પદની પ્રાપ્તિ કરી.

ચેડાની પુત્રી સખીધર્મશું પ્રીત,
રાજિમતી વિજયા, મૃગાવતી સુવિનીત. ૧૦૪
પદ્માવતી મયણરેહા, દ્રૌપદી દમયંતી સીત,
ઈત્યાદિક સતીઓ, ગઈ જનમારો જીત. ૧૦૫

ચોવીસે જિનનાં, સાધુ સાધવી સાર,
ગયા મોક્ષ દેવલોકે, હૃદયે રાખો ધાર. ૧૦૯

* * *

ચિલ્લણા

વિશાળા નગરીના મહાન પરાક્રમી ચેટક (ચેડા) નામે રાજા હતા. તેમને ઘણી રાણીઓ હતી અને સાત પુત્રીઓ હતી. તે પુત્રીઓમાંથી પાંચને પરણાવી હતી. છેલ્લી બે સુજ્યેષ્ટા અને ચિલ્લણા એ બે હજી કુંવારી હતી. એકદા સુજ્યેષ્ટા અને ચિલ્લણાની પાસે એક તાપસી–સંન્યાસિની આવી સંન્યાસ ધર્મની મહત્તા કરવા લાગી, ત્યારે સુજ્યેષ્ટાએ તેને તેના ધર્મમાં રહેલા દોષોનું વર્ણન કરી જૈન ધર્મની મહત્તા કહી, અને સંન્યાસિનીને અપમાનિત કરી અંતઃપુરની બહાર કાઢી મૂકી. તાપસીએ ક્રોધે ભરાઇ ગાઢી શોકયોમાં સુજ્યેષ્ટા જાય અને દુઃખી થાય એવી ઇચ્છાથી સુજ્યેષ્ટાનું રૂપ ચિતરી તે રાજગૃહ નગરના શ્રેણિક રાજાને બતાવ્યું. સુજ્યેષ્ટાનું રૂપ જોઈને મોહ પામી શ્રેણિકે ચેટક રાજા પાસે સુજ્યેષ્ટાની માગણી કરી. તે વખતે શ્રેણિક રાજા બૌદ્ધ ધર્મને માનતા હોવાથી ઇતરધર્મીને પોતાની પુત્રી નહિ આપવાની ઇચ્છાથી ચેડા રાજાએ ના પાડી, એટલે શ્રેણિક રાજાને દુઃખ થયું. પિતાના મનનું દુઃખ અભયકુમારે જાણ્યું, અને બુદ્ધિશાળી અભયકુમારે પિતાને સુજ્યેષ્ટા મેળવી આપવાનું વચન આપી, પોતે વેશ અને રૂપનું પરાવર્તન કરી, વ્યાપારી બની, વિશાળા નગરીમાં આવી, રાજમહેલની પાસે સુગંધી પદાર્થો વગેરેની એક દુકાન કરી. રાજાના અંતઃપુરની દાસીઓ તેવી વસ્તુઓ ખરીદવાને અભયકુમારની દુકાને આવવા લાગી,

તેમાં સુજ્યેષ્ટા અને ચિલ્લણાની દાસીઓ પણ હતી. અભયકુમારે યુક્તિથી સુજ્યેષ્ટાની દાસીને ઓળખી લીધી. તે કાંઈ વસ્તુ લેવા આવે ત્યારે તે તેને થોડા મૂલ્યે ઘણી વસ્તુ આપતો. એમ કરીને તેઓનું આગમન પરિચય વધાર્યો.

અભયકુમાર શ્રેણિક રાજાનું ચિત્ર આલેખીને જ્યારે સુજ્યેષ્ટાની દાસી દુકાન પર આવતી ત્યારે તે ચિત્રની સામે બેસી તેને પગે લાગતો. એક દિવસે સુજ્યેષ્ટાની દાસીએ તે ચિત્ર કોનું છે એમ પૂછ્યું. અભયકુમારે શ્રેણિક રાજાનું એ ચિત્ર છે એમ કહ્યું. સાથે તેના રૂપગુણની ખૂબ મહત્તા પણ ગાઈ. દાસીએ જઈને સુજ્યેષ્ટાને તે વાત કરી. સુજ્યેષ્ટાને શ્રેણિક સાથે લગ્ન કરવાનું મન થયું અને અભયકુમારને કહેવરાવ્યું. અભયકુમારે જવાબમાં કહેવરાવ્યું કે "તમારા પિતાજી ના પાડે છે, માટે તમારી ખાસ ઈચ્છા હોય તો ગુપ્ત રીતે શ્રેણિક રાજા અત્રે આવે અને ભૂગર્ભમાર્ગ દ્વારા તમે તેની સાથે જઈ લગ્ન કરો." સુજ્યેષ્ટાએ તેમ કરવાની પણ હા પાડી.

અભયકુમારે જંગલમાંથી સુજ્યેષ્ટાના મહેલ સુધી જમીનમાં રથ ચાલી શકે તેવો ગુપ્ત માર્ગ કરાવ્યો અને શ્રેણિક રાજાને ખબર આપી બોલાવ્યા. રાજા આવ્યા. સુજ્યેષ્ટાને પણ રાજા આવ્યાના ખબર આપ્યા. સુજ્યેષ્ટા જવાને તૈયાર થઈ ત્યારે ચિલ્લણાએ તેને પૂછ્યું. બંને વચ્ચે અત્યંત સ્નેહ હોવાથી સુજ્યેષ્ટાએ સત્ય વાત કરી, ત્યારે ચિલ્લણાએ પણ સાથે જ આવવાનું કહ્યું. સુજ્યેષ્ટાએ હા કહેવાથી બંને બહેનો ભોંયરામાં ઊતરી શ્રેણિક રાજા જ્યાં રથ લઈને ઊભા હતા ત્યાં આવી. ચિલ્લણા રથમાં બેસી ગઈ. સુજ્યેષ્ટા કહે કે હું ઘરેણાંનો દાબડો ભૂલી ગઈ છું તે લઈ આવું. તે દાબડો લેવા ગઈ. પાછ-

ળથી શ્રેણિકરાજા સાથે જે ખાનગી સેવકો હતા તેમણે કહ્યું કેઃ "મહારાજ! દુશ્મનોના રાજ્યમાં ઝાઝો વખત રોકાવું વ્યાજબી નથી માટે ઉતાવળ કરો." શ્રેણિક રાજાએ તપાસ કર્યા વિના રથ હંકારી મૂકયો. પાછળથી સુજ્યેષ્ટા આવી પણ રથ ન હતો, એથી એને અત્યંત ખેદ થયો. તેને પતિની પ્રાપ્તિ ન થઇ અને બહેનનો વિયોગ થયો.

સુજ્યેષ્ટા મહેલમાં પાછી આવી ને ખેદથી રહેવા લાગી. ચેડા રાજાને પોતાની કુંવરીને શ્રેણિક રાજા લઇ જાય છે તે વાતની જાણ થઇ એટલે પોતે લડવા જવાને તૈયાર થયા. તે વખતે તેમના વૈરંગિક નામના સેનાપતિએ કહ્યુંઃ "એ તો અમારૂં કામ છે." એક કહી ચેડા રાજાને અટકાવી પોતે ગયો. શ્રેણિક રાજા સાથે સુલસાના બત્રીશ પુત્રો જે અંગરક્ષક તરીકે હતા, તેમની સાથે યુદ્ધ કરી, તેમચે હણ્યા, પણ વૈરંગિક એ યુદ્ધ કરવામાં રહ્યો તેટલા વખતમાં શ્રેણિક રાજા રાજગૃહ નગરમાં પહોંચી ગયા. વૈરંગિકે પાછા આવી ચેડા રાજાને સર્વ વાત કહી. બહેનના વિયોગથી વૈરાગ્ય પામેલી સુજ્યેષ્ટાએ પિતાની રજા લઈ શ્રી ચંદનબાળા પાસે દીક્ષા લીધી.

હવે શ્રેણિક રાજાએ સુજ્યેષ્ટાને બદલે ચિલ્લણાની સાથે લગ્ન કર્યાં, અને પૂર્ણ સ્નેહથી તે રહેવા લાગ્યાં. શ્રેણિક રાજાને ચિલ્લણા માટે એક થાંભલા પરનો મહેલ કરાવવાની ઇચ્છા થઈ. અભયકુમારે તે વાત જાણી. તેણે દેવની સહાયથી તે પ્રમાણે મહેલ તૈયાર કરાવી આપ્યો. તે મહેલને ફરતો સર્વ ઋતુનાં ફળફુલથી સુશોભિત સુંદર બગીચો પણ તૈયાર કરાવ્યો. ચિલ્લણા એ એકસ્થંભીયા મહેલમાં રહેવા લાગી અને સાંસા-

રિક સુખ ભોગવવાની સાથે ધર્મધ્યાન પણ કરવા લાગી. ચિલ્લણા સતીના સતીત્વની શ્રી મહાવીર પ્રભુએ પણ ખૂબ પ્રશંસા કરી.

એક વખતે રાતના સમયે રાજા રાણી સૂતાં હતાં, એવામાં રાજા જાગી ગયા. તે વખતે ચિલ્લણાના મુખમાંથી ઊંઘમાં એવા શબ્દો નીકળતા સાંભળ્યા કે "તેને કેમ હશે?" આ શબ્દ સાંભળી રાજાને ચિલ્લણાના ચારિત્ર માટે શંકા થઈ, પણ કાંઈ પણ સાહસ કર્યા વિના સવારમાં પ્રભુ પાસે જઈ તેમને ચિલ્લણાના ચારિત્ર માટે પ્રશ્ન કર્યો. જવાબમાં પ્રભુએ કહ્યું કે "રાજન્! તમારી સર્વ રાણીઓ સતી છે." ત્યારે રાજાએ ચિલ્લણાએ ઊંઘમાં ઉચ્ચારેલ શબ્દોનો હેતુ પૂછ્યો. પ્રભુ મહાવીરે કહ્યું: "એણે દિવસના ભાગમાં વસ્ત્ર ન પહેરવા ઓઢવાની પ્રતિજ્ઞાવાળા મુનિને તપશ્ચર્યા કરતા જોયેલા, અને ગઈ રાતે ઠંડી ખૂબ પડી, એટલે ચિલ્લણા રાણીથી એમ બોલાઈ ગયું કે તેને (તે તપસ્વી મુનિને) કેમ હશે? અર્થાત્ આવી ઠંડીમાં તેને કેમ હશે, એવા હેતુથી એ શબ્દો બોલાયા છે." એ રીતે શ્રેણિકના મનમાંથી શંકા નીકળી ગઈ.

સમય વીત્યે ચિલ્લણાએ રાજા શ્રેણિકની અનુજ્ઞા લઈ દીક્ષા લીધી, અને તપશ્ચર્યાદિ કરી કર્મ ક્ષય કરી તે મુક્તિપદને પામ્યાં.

રાજિમતી

મથુરા નગરીના ઉગ્રસેન રાજાને ધારિણી નામે રાણી હતાં, તેમને રાજિમતી નામે અતિ સ્વરૂપવાન કુંવરી હતાં. ઉગ્રસેન રાજા યાદવોની સાથે દ્વારિકા નગરીમાં આવીને રહ્યા હતા.

દ્વારિકા નગરીમાં સમુદ્રવિજય રાજાના કુંવર શ્રી નેમનાથ–અરિષ્ટનેમિ બાવીસમા તીર્થંકર થયા, તેમની સાથે રાજિમતીનું સગપણ કર્યું હતું. લગ્ન વખતે જાનૈયા વગેરેને જમણ આપવા માટે ઉગ્રસેન રાજાએ ઘણા પશુઓ એકઠા કર્યા હતા. નેમ પ્રભુ જ્યારે રાજિમતી સાથે લગ્ન કરવા આવ્યા, ત્યારે પશુઓનો કકળાટ સાંભળી તથા પશુઓ જાનૈયાના ભોજન માટે છે એવું જાણી નેમ પ્રભુએ લગ્ન કરવાનું બંધ રાખી પોતાની જાતે વાડાનાં દ્વાર ખોલી નાખી, બધા પશુઓને જીવિતદાન દીધું. પછી પોતે પાછા ફર્યા. તે વખતે રાજિમતીએ નેમ પ્રભુને ઘણી ઘણી વિનવણી કરી, પણ પ્રભુએ તો ગિરનાર પર જઈ દીક્ષા લીધી. પ્રભુએ ઘાતી કર્મ ક્ષય કરી કેવળ જ્ઞાન પ્રાપ્ત કર્યું, અને ધર્મદેશના દીધી. તે દેશના સાંભળી પ્રભુના ભાઈ રથનેમિએ તેમજ રાજિમતીએ પણ દીક્ષા લીધી.

એક વખતે પ્રભુને વાંદવાને ગીરનાર ડુંગર પર જ્યાં પ્રભુ બિરાજતા હતા, ત્યાં રાજિમતી જતાં હતાં. રસ્તામાં અકસ્માત વરસાદ થવાથી પોતાનાં વસ્ત્રો પલળ્યાં. તે વસ્ત્રો સૂકવવા પોતે એક ગુફામાં પેઠાં. તે ગુફામાં શ્રી રથનેમિ તપશ્ચર્યા કરતા ધ્યાન ધરીને ઊભા હતા. એકદમ અંધારામાં આવવાથી રાજિમતીએ રથનેમિને ઊભેલા જોયા નહિ, એથી પોતે સર્વ વસ્ત્ર કાઢીને સૂકવવા માંડ્યાં. રથનેમિએ રાજિમતીને નગ્ન સ્વરૂપે જોઈને મોહ પામી, સાધુત્વનું ભાન ભૂલી, રાજિમતી પાસે, બંને જણે સંયમ મૂકી ગૃહસ્થાશ્રમમાં રહી સાંસારિક વિષયો ભોગવવાની માગણી અને આગ્રહ કર્યો. રાજિમતીએ તુર્ત જ વસ્ત્ર પહેરી લઈ, રથનેમિને સંસારના વિષયો કેવા દુઃખદાયક છે તે સમજાવવાની સાથે, અગંધક

જાતના સર્પો પણ વમેલા ઝેરને પાછું ચૂસતા નથી, મરણ કબૂલે પણ વમેલું ઝેર પોતે ન ચૂસે, તો મનુષ્ય થઇ ઉત્તમ કુળમાં અવતરીને સંસારના વિષયોનું વમેલું ઝેર ચૂસવાને કેમ તૈયાર થયા છો વગેરે ઉપદેશ આપી, રથનેમીને સંયમમાં સ્થિર કર્યા. રથનેમિ પ્રભુ પાસે આવી, પોતે કરેલા પાપનું પ્રાયશ્ચિત્ત લઈ, શુદ્ધ સંયમ પાળી, સર્વ કર્મનો ક્ષય કરી મુક્તિપદને પામ્યા.

રાજિમતી પણ પ્રભુ પાસે આવી, સંયમની સફળ આરાધના કરી, સર્વ કર્મનો ક્ષય કરી, પ્રભુ નેમનાથ પહેલાં મોક્ષપદને પામ્યાં.

મૃગાવતી

સાકેતપુર નગરમાં સુરપ્રિય નામે પ્રાભાવિક યક્ષ હતો. તેના વાર્ષિક મેળાના દિવસે જે ચિત્રકાર તે યક્ષનું ચિત્ર ચીતરે તેને તે યક્ષ મારી નાખે. જો કોઈ ચિત્રકાર યક્ષનું ચિત્ર ન ચીતરે તો તે યક્ષ ગામમાં મહામારીનો ઉપદ્રવ કરે તેથી ઘણા માણસો મરે. ચિત્રકારોનો નાશ થવાની બીકે રાજાએ અને પ્રજાએ મળી એવો ઠરાવ કર્યો કે, સર્વ ચિત્રકારોના નામની ચીઠીઓ કરી એક ઘડામાં ભરી પછી વાર્ષિક મેળાના દિવસે કુંવારી કન્યા પાસે તે ઘડામાંથી એક ચીઠી કઢાવવી, જેના નામની ચીઠી નીકળે તે ચિત્રકાર યક્ષનું ચિત્ર ચીતરવા જાય. ચિત્ર તૈયાર થયા પછી યક્ષ તેને એકને મારી નાખે. આ પ્રમાણે વ્યવહાર ચાલતો હતો. તેવામાં કૌશાંબી નગરથી કોઈ યુવક ચિત્રકળા શીખવાને સાકેતપુર આવ્યો. એક કુશળ ચિત્રકાર અને તેની મા એ બે જણાં હતાં તેને ત્યાં આવીને તે

ઊતર્યો અને ચિત્રકાર પાસે તે ચિત્રકળા શીખવા લાગ્યો. જ્યારે યક્ષના વાર્ષિક મેળાનો દિવસ આવ્યો ત્યારે આ ચિત્રકારના નામની જ ચીઠી નીકળી. રાજસેવકોએ આવી ખબર આપ્યા, એટલે તેની માતા રડવા લાગી. વિદ્યાર્થી યુવકે માતાને રડવાનું કારણ પૂછ્યું ત્યારે માતાએ યક્ષની સર્વ હકીકત કહીને કહ્યું કે: "આજે મારા પુત્રના નામની ચીઠી આવેલી છે અને મારે આ એક જ પુત્ર છે, તેને આજે યક્ષ મારી નાખશે, એ દુઃખથી હું રડું છું." આ સાંભળી તે વિદ્યાર્થીએ કહ્યું કે: "માતા! આજે એ યક્ષનું ચિત્ર ચીતરવા હું જઈશ અને ફરી કોઈનું પણ યક્ષ મૃત્યુ ન કરે તેમ કરી આવીશ. માટે આપ નિશ્ચિંત રહો."

મેળાના દિવસે તે વિદેશી ચિત્રકાર છઠ તપ કરી પોતાના વિદ્યાગુરૂના બદલામાં તે યક્ષના મંદિરે ગયો. તેણે યક્ષનું ચિત્ર કળાપૂર્ણ રીતે ચીતર્યા પછી યક્ષનું પૂજન વગેરે કરી સામે ઊભો રહી તેણે હાથ જોડી નમ્ર ભાવે યક્ષને કહ્યું: "હે યક્ષદેવ! મારી બુદ્ધિ અનુસાર મેં આપનું ચિત્ર તૈયાર કર્યું છે, તેમાં અપૂર્ણતા રહી હોય કે કાંઈ પણ ભૂલ થઈ હોય, તો તે સર્વને માટે મને ક્ષમા કરશો. આપ શક્તિશાળી છો, હું પામર છું; તમારી કૃપાથી સર્વ કોઈ સુખી થાય છે."

વિદેશી ચિત્રકારનાં આવાં વિનયયુક્ત વચનો સાંભળી યક્ષ તુષ્યમાન થયો, અને વરદાન માગવાને કહ્યું. પ્રથમ તો ચિત્રકારે નિઃસ્પૃહતા બતાવી, પણ યક્ષના અતિ આગ્રહથી "હવે કોઈ પણ ચિત્રકારને કે અન્ય કોઇને મારવો નહિ" એવું સર્વ માટે યક્ષ પાસેથી અભય વચન માગ્યું. યક્ષે 'તથાસ્તુ' કહી તે માગણી કબૂલ કરી. યક્ષે તેને વધુ કાંઇ માગવાને માટે

કહ્યું અને આગ્રહ કર્યો, ત્યારે તે ચિત્રકારે માગ્યું કેઃ "જો આપ મારા પર ખરેખર તુષ્યમાન થયા હો તો મને એવી શક્તિ આપો કે હું કોઈ પણ પ્રાણી કે મનુષ્યાદિ કોઇના પણ શરીરનો એક નજીવો ભાગ જોઉં તે ઉપરથી તેના આખા શરીરને તાદૃશ રૂપે ચીતરી શકું." યક્ષે 'તથાસ્તુ' કહી તે વરદાન તેને દીધું.

યક્ષનો ભય સર્વથા દૂર થયાના ખબર જાણી રાજા પ્રજા સર્વ એ વિદેશી ચિત્રકારથી સંતુષ્ટ થયા અને તેનું ઘણું સન્માન કર્યું. પછી તે ચિત્રકાર કૌશાંબી નગરીએ ગયો, જ્યાં સંતાનિક રાજા રાજ્ય કરતા હતા. તે રાજાએ આ ચિત્રકારને ચિત્રશાળા તૈયાર કરવાનું કામ સોંપ્યું. એક વખતે રાજાનાં મુખ્ય રાણી મૃગાવતી રાજમહેલના ગોખમાં પડદો નાખીને બેઠાં હતાં તેવામાં તે ચિત્રકારે ત્યાંથી પસાર થતી વખતે રાણીના પગનો અંગૂઠો જોયો, તે ઉપરથી ચિત્રશાળામાં યક્ષે આપેલ વરદાનના પ્રભાવથી મૃગાવતી રાણીનું આબેહૂબ ચિત્ર તૈયાર કર્યું; તેમાં રાણીની જાંઘ પર તલનું ચિહ્ન હતું તે પણ દૈવી શક્તિથી ચીતરાયું.

એક વખતે રાજા ચિત્રશાળા જોવા આવ્યા, તે વખતે રાણી મૃગાવતીનું આબેહૂબ ચિત્ર જોઈ પ્રથમ તો રાજા ખૂબ પ્રસન્ન થયા, પરન્તુ જ્યારે મૃગાવતી રાણીની જાંગ પરનો તલ જોયો ત્યારે તેમને શંકા થઈ કે આ ચિત્રકારને રાણી મૃગાવતી સાથે દુષ્ટ સંબંધ હોવો જોઈએ, તે વિના શરીરના ગુપ્ત ભાગનું ચિહ્ન તે ક્યાંથી જોઈ શકે ? રાજાએ તુર્ત જ ચિત્રકારને મારી નાખવાનો હુકમ કર્યો, એટલે નગરના સર્વ ચિત્રકારોએ એકઠા થઈને રાજાને વિનંતિ કરી કેઃ "ચિત્રકાર કે મૃગાવતી રાણી બંને નિર્દોષ છે, માત્ર ચિત્રકારને યક્ષ તરફથી

વરદાન મળેલ છે તેથી તે કોઈ પણ શરીરનો એક નજીવો ભાગ જુએ તો તે આખા શરીરનું તાદૃશ્ય ચિત્ર ચીતરી શકે છે; માટે એને મારવો એ યોગ્ય નથી.”

રાજાએ પરીક્ષા અર્થે પોતાની કુબ્જા દાસીના શરીરનો એક ભાગ બતાવ્યો એ ઉપરથી ચિત્રકારે કુબ્જા દાસીના આખા શરીરનું તાદૃશ્ય ચિત્ર ચીતરી આપ્યું. રાજાને ખાત્રી થઇ કે ચિત્રકાર નિર્દોષ છે, છતાં પોતાના હુકમનો અમલ થોડે અંશે પણ થવો જોઈએ એમ માની ચિત્રકારની એક આંગળી કપાવી નાખી.

આથી ચિત્રકારને રાજા ઉપર ક્રોધ ચડયો અને તેને રાણીનો વિયોગ કરાવવાના હેતુથી એક પાટીઆ પર મૃગાવતી રાણીનું રૂપ ચીતરીને સંતાનિક રાજાના વૈરી અવંતીનગરીના ચંડપ્રદ્યોતન રાજાને બતાવ્યું. તે રાજા વિષયી હોવાથી મૃગા-તીનું રૂપ જોઈને મોહાન્ધ બન્યો અને દૂત મોકલી સંતાનિક રાજા પાસે મૃગાવતી રાણીની માગણી કરી. સંતાનિકે તે માગણીને તિરસ્કારી કાઢી. પરિણામે ચંડપ્રદ્યોતને પોતાના ચૌદ મિત્ર રાજાઓની સહાયથી સંતાનિક રાજા સામે લડાઈ કરી. સંતાનિક રાજા લડાઇ કરવા સામે આવ્યા પણ ફાવ્યા નહિ, અને લડાઈમાં જ અતિસારના દર્દથી મરણ પામ્યા.

મૃગાવતીએ વિચાર્યું કે પતિ મૃત્યુ પામ્યા છે, કુમાર હજુ બાળક છે, વૈરી બળવાન છે, અને મારે શીયળનું રક્ષણ કરવું છે, એટલે એક વાર ચંડપ્રદ્યોતનને સમજાવીને પાછો વાળવો. એમ વિચારીને મૃગાવતીએ ચંડપ્રદ્યોતનની પાસે પોતાની દાસીને મોકલીને કહેવરાવ્યું કે, “મારા પ્રાણનાથ મૃત્યુ પામ્યા છે, મને અતિશોક છે, કુમાર ઉદાયન નાનો છે,

બીજા વૈરી રાજાઓ નજીક છે, માટે હમણાં તમે કદાગ્રહ મૂકીને પાછા જાવ. કુમાર રાજગાદી પર આવશે, પછી તમે જેમ રાજી થશો તેમ હું વર્તીશ, એવું મારું વચન છે. મારા વચન પર વિશ્વાસ ન રાખતાં જો બળાત્કાર કરશો તો હું આત્મહત્યા કરી મરીશ." ચંડપ્રદ્યોતને દાસી પાસેથી આ હકીકત સાંભળી, અને મૃગાવતી રાણીના વચન પર વિશ્વાસ રાખીને પોતે પાછો ગયો.

પાછળથી મૃગાવતીએ અવંતી અને કૌશાંબી વચ્ચે એક મજબૂત દીવાલ–કોટ ચણાવ્યો. વખત વીત્યા પછી ચંડપ્રદ્યોતને મૃગાવતી રાણીને પોતાને ત્યાં રાણી થઈ રહેવા માટે તેડાવી. જવાબમાં મૃગાવતીએ કહેવરાવ્યું કે "હું કોઈ પણ ભોગે મારું શિયળ ખંડિત નહિ કરું." આ જવાબથી ચંડપ્રદ્યોતન લશ્કર લઇ કૌશાંબી ઉપર ચડી આવ્યો અને મૃગાવતીને કહેવરાવ્યું કે "જો તારું અને તારા પુત્રનું તું હિત ચાહતી હોય તો તુર્ત જ મારે અધીન થા, નહિતર તું બધુંએ ગુમાવી બેસીશ."

આ સંદેશાઓ ચાલતા હતા, તેવે વખતે અનંતદયાળુ શ્રી વીરપ્રભુ કૌશાંબીએ આવી ગામ બહાર ઉદ્યાનમાં બિરાજ્યા. મૃગાવતીને ખબર પડી એટલે તે શ્રી વીર પ્રભુનાં દર્શન માટે આવ્યાં. પરિષદમાં દેવો આવ્યા અને ચંડપ્રદ્યોતન પણ આવ્યો. પ્રભુએ દેશના દીધી. એ વખતે એક ભીલ્લે પ્રભુ પાસે આવીને પૂછ્યું કે "જે તે તે તે?" પ્રભુએ કહ્યું: "હે ભિલ્લ! હા, જે તે તે તે જ." આવી રીતે ગુહ્ય પ્રશ્નોત્તર સાંભળીને ગૌતમસ્વામીને શંકા થઈ અને એ પ્રશ્નોત્તર શું છે તે પ્રભુને પૂછ્યું. પ્રભુએ કહ્યું: "ચંપાનગરીમાં એક ધનવાન સોની હતો. તે પાંચ સો કન્યાઓ પરણ્યો હતો, અને દરેકને આભૂષણો

કરાવી આપ્યાં હતાં, પણ જેનો જે દિવસે વારો હોય તેને જ તે આભૂષણ પહેરવા દે, તે સિવાય કોઈને પણ પહેરવા ન દે. એથી સર્વ સ્ત્રીઓ મનથી ઘણી દુભાતી હતી. એક વખતે તે સોની કાંઇ કામ પ્રસંગે બહાર ગયેલ એટલે સર્વ સ્ત્રીઓએ આભૂષણો પહેરી શણગાર સજ્યા, એવામાં અકસ્માત સોની ધારવા કરતાં વહેલો ઘેર આવ્યો, અને સ્ત્રીઓને આભૂષણોથી અલંકૃત જોઈ ક્રોધે ભરાયો તથા સ્ત્રીઓને માર માર્યો. પછી સોની હંમેશાં ઘરના દ્વારમાં જ બેસી રહી સ્ત્રીઓની ચોકી કરવા લાગ્યો. ૫૦૦ સ્ત્રીઓ પોતાને કેદી સમાન માની દુઃખ માનવા લાગી, પણ છૂટવાનો કોઈ ઉપાય જડતો ન હતો.

એક દિવસે સોનીનો મિત્ર તે સોનીને અતિ આગ્રહથી પોતાને ઘેર જમવા લેઇ ગયો. પાછળથી અનુકૂળતા મળતાં સ્ત્રીઓ સ્નાનાદિ કરી, આભૂષણો પહેરી, દર્પણમાં પોતપોતાનું સૌંદર્ય જોતી હતી, તેવામાં સોની આવી પહોંચ્યો. સ્ત્રીઓને આભૂષણો સહિત જોઇ તે ક્રોધે ભરાઈને એકને મારવા દોડ્યો અને સ્ત્રીના માથામાં પ્રહાર કર્યો. પ્રહાર વાગતાં જ તે સ્ત્રીના પ્રાણ ગયા. પછી તે બીજી સ્ત્રીઓને મારવા ગયો ત્યારે ૪૯૯ સ્ત્રીઓએ પોતાના બચાવ અર્થે પોતાના હાથમાં રહેલાં દર્પણો સોની સામે ફેંક્યાં, જે વાગવાથી સોની મરી ગયો. પાછળથી ૪૯૯ સ્ત્રીઓને પશ્ચાત્તાપ થયો એટલે તે સઘળી અગ્નિપ્રવેશ કરી બળી મરી. અકામ નિર્જરાથી તે ૪૯૯ સ્ત્રીઓ મનુષ્યલોકમાં પુરૂષપણે ઉત્પન્ન થઇ. એ ૪૯૯ પુરૂષો ચોરપલ્લીમાં ચોર તરીકે રહેવા લાગ્યા. સોનીના મારથી મરણ પામેલી સ્ત્રી કોઇ નગરમાં એક બ્રાહ્મણને ઘેર પુત્રપણે ઉત્પન્ન થઈ, અને સોનીનો જીવ એ જ નગરશેઠના ઘેર પુત્રીપણે ઉત્પન્ન થયો. તે

પુત્રીને રમાડવા માટે પેલા બ્રાહ્મણપુત્રને શેઠે નોકર તરીકે રાખ્યો. જ્યારે જ્યારે તે પુત્રી બહુ રડે અને બીજી કોઈ રીતે છાની ન રહે ત્યારે તેના ગુપ્ત ભાગ પર તે નોકર હાથ મૂકે એટલે તુર્ત જ છાની રહી જાય અને રાજી થાય. આ વ્યવહાર જોઈ શેઠને ગુસ્સો ચડયો, અને તે નોકરને કાઢી મૂકયો. ત્યાંથી નીકળી તે બ્રાહ્મણપુત્ર ચોરપલ્લીમાં જઈને ચોર સાથે મળ્યો, એથી ૪૯૯ હતા તે હવે ૫૦૦ પૂરા થયા.

એક વખતે ૫૦૦ ચોર એ જ શેઠને ત્યાં ચોરી કરવા આવ્યા, અને ધન વગેરેની ચોરી કરી. જ્યારે તેઓ પાછા ફરતા હતા ત્યારે શેઠની પુત્રી કે જે હવે યુવાન થઈ હતી તેણે ચોરોને કહ્યું કે "તમે માત્ર ધન લૂંટી જાઓ છો તો સાથે મને કેમ લઈ જતા નથી? મને પણ સાથે લઈ જાવને!" આ પ્રમાણે કહેવાથી ચોરો તેને પણ લઈ ગયા. ચોર ચોરપલ્લીમાં આવી ૫૦૦ ચોર સાથે તે સ્ત્રી ભોગ ભોગવે છતાં તેને તૃપ્તિ ન થાય. પણ ચોરોને તેના પર દયા આવી કે આપણે ૫૦૦ પુરૂષો એક જ સ્ત્રીને ભોગવીએ તેથી તે સ્ત્રી બીચારી દુઃખી થાય માટે બીજી સ્ત્રી લઈ આવીએ તો ઠીક. એમ વિચારી તેઓ બીજી સ્ત્રીને ઉપાડી લાવ્યા. પણ બીજી સ્ત્રી આવવાથી પેલી શેઠની પુત્રી જે ચોરપલ્લીમાં રહી હતી તેને ઈર્ષ્યા આવી એટલે એક દિવસે લાગ જોઇને તેણે એ બીજી સ્ત્રીને કુવામાં નાખીને મારી નાખી. ચોર ચોરી કરવા ગયેલા તે જ્યારે પાછા આવ્યા અને બીજી સ્ત્રીને ન દીઠી ત્યારે તે કયાં ગઇ છે તે સંબંધી પ્રથમ સ્ત્રીને પૂછ્યું, પણ તેના તરફથી સંતોષકારક જવાબ ન મળ્યો તેથી ચોરોને શંકા પડી અને પછી નક્કી થયું. આ ઉપરથી બ્રાહ્મણપુત્ર જે ચોરપલ્લીમાં રહ્યો હતો તેને શંકા થઈ કે આ

તે જ સ્ત્રી હશે કે જેને હું બાળપણામાં રમાડતો હતો અને જેના ગુપ્ત ભાગ પર હાથ મૂકવાથી છાની રહેતી હતી. આ શંકાનું નિવારણ કરવા માટે મારા અહીં આવવાની ખબર જાણી તેણે અહીં આવીને શરમને લીધે ખુલ્લી રીતે ન પૂછતાં 'જે તે તે તે?' એમ પૂછયું અને મેં જવાબ આપ્યો કે હા, જે તે તે જ."

આ સર્વ હકીકત પ્રભુ પાસેથી સાંભળી તે વિપ્રસુતને વૈરાગ્ય થયો, અને પ્રભુ પાસે તેણે દીક્ષા લીધી. પછી તેણે ચોરપલ્લીમાં જઈ સર્વ ચોરોને પ્રતિબોધી તેમને પણ ચારિત્રગ્રહણ કરાવ્યું.

પ્રભુની દેશના સાંભળી ચંડપ્રદ્યોતનનો પણ મૃગાવતી પ્રત્યેનો મોહભાવ છૂટી ગયો. મૃગાવતી ચંડપ્રદ્યોતનની અનુજ્ઞા મેળવી પ્રભુ પાસે દીક્ષા લઈ ચંદનબાળાનાં શિષ્યા થયાં.

પ્રભુ ત્યાંથી વિહાર કરી જનપદ–આર્યપ્રદેશમાં વિહરવા લાગ્યા. કેટલોક સમય વીત્યા પછી ફરી વાર પ્રભુ સાધુ–સાધ્વીના પરિવાર સહિત કૌશાંબી નગરીએ પધાર્યા. સાધ્વીઓ ગામમાં ઉપાશ્રયમાં ઊતર્યાં હતાં. એક દિવસે બપોર પછીના સમયે ચંદનબાળા મૃગાવતી વગેરે સાધ્વીઓ પ્રભુ પાસે આવેલાં તે વખતે ચંદ્ર સૂર્ય પોતાના મૂળરૂપે પ્રભુનાં દર્શન કરવા આવ્યા. તેના પ્રકાશથી રાત પડવા આવી હોવા છતાં દિવસ જ દેખાવા લાગ્યો. તે વખતે ચંદનબાળા વખત થયો જાણી પોતે ઉપાશ્રયે પહોંચ્યાં અને સાંઝનું પ્રતિક્રમણ વગેરે ક્રિયા કરી સજ્ઝાય ધ્યાન કરી સૂઈ ગયાં.

અહીં પ્રભુના સમવસરણમાં ચંદ્ર સૂર્ય હતા તે મોડેથી ગયા. તે ગયા ત્યારે રાત્રી ઘણી ગઈ હતી, એટલે અંધકાર થઇ

ગયો. તે વખતે મૃગાવતી સાધ્વીને પોતાની ભૂલ થઇ એમ સમજાયું, એટલે પછી અંધકારમાં પણ ઉપાશ્રયે પહોંચ્યાં. ત્યાં જઇ ગુરૂણી શ્રી ચંદનબાળાને વંદન કરી પોતે પોતાની ભૂલ કબૂલ કરી ક્ષમા માગી. પછી પ્રતિક્રમણ વગેરે ક્રિયા કરીને તે બેઠાં હતાં. ચંદનબાળા વગેરે ઊંઘી ગયાં તે વખતે પોતાની થયેલી ભૂલનો પશ્ચાત્તાપ કરતાં સાધ્વી મૃગાવતી શુભ ધ્યાને ચડયાં, અને સર્વ અશુભ કર્મનો ક્ષય કરી એ જ રાતે કેવળ જ્ઞાન–કેવળ દર્શનને પામ્યાં.

પોતે બેઠાં હતાં અને ચંદનબાળા વગેરે સાધ્વીઓ ઊંઘતાં હતાં તે વખતે એક કાળો નાગ નીકળ્યો. ઉપાશ્રયમાં અંધકાર હોવા છતાં કેવળ જ્ઞાનના યોગે સાધ્વી મૃગાવતીએ સર્પને જોયો. સર્પ ચંદનબાળાના હાથ પાસે પહોંચ્યો એટલે મૃગાવતીજીએ ચંદનબાળાનો હાથ ઉપાડીને બીજી બાજુ રાખ્યો. હાથને સ્પર્શ થવાથી ચંદનબાળા જાગ્યાં. પોતાને જગાડવાના કારણની પૂછા કરી. જવાબમાં મૃગાવતી એ સર્પની વાત કરી, ત્યારે ચંદનબાળાએ પૂછ્યું કે, " આવા અંધકારમાં તમે સર્પને કેમ જોઇ શક્યાં ?" મૃગાવતીએ કહ્યું: "જ્ઞાન વડે." ચંદનબાળાએ પૂછ્યું: "જ્ઞાન પ્રતિપાતિ (થયેલું જ્ઞાન નાશ થઈ જાય તે) કે અપ્રતિપાતી ? (થયેલું જ્ઞાન નાશ ન થાય તે) ?" જવાબમાં મૃગાવતીએ કહ્યું: "અપ્રતિપાતી" અર્થાત્ કેવળજ્ઞાન. આ સાંભળી ચંદનબાળાને મૃગાવતીનો અનાદર કરવા માટે ખેદ થયો, અને મૃગાવતી પાસે તેમણે ક્ષમાયાચના કરી. એ ક્ષમાયાચના કરતાં ચંદનબાળાના હૃદયની એટલી બધી નિર્મળતા થઈ કે તેમને પણ એ વખતે કેવળ જ્ઞાન થયું.

પદ્માવતી

આ પદ્માવતી સતી શ્રીકૃષ્ણ મહારાજની આઠ અગ્રમહિષી-ઓ માંહેનાં હતાં અને તેનો અધિકાર પૂર્વે અપાઈ ગયો છે.

મયણરેહા

શ્રી નમિરાજના અધિકારમાં મયણરેહાના જીવનની વાત આવી ગઈ છે. મયણરેહા શ્રી નમિરાજનાં માતુશ્રી હતાં.

દમયંતી

કોશલ દેશના નિષધ રાજાને ત્યાં લાવણ્યસુંદરી નામે રાણી હતી, તેને નળ અને કુબેર નામના બે પુત્રો હતા. વિદર્ભ દેશના કુંડિનપુર નગરમાં ભીમ નામે રાજા હતા તેમને પુષ્પ-વતી નામે રાણી હતી અને દમયંતી નામે પુત્રી હતી. તે દમ-યંતીના કપાળમાં પ્રકાશિત તિલક હતું, તેમજ તે રૂપગુણથી યુક્ત હતી. દમયંતી યોગ્ય ઉમરની થઈ એટલે ભીમરાજાએ સ્વયંવર રચ્યો અને અનેક રાજાઓ અને રાજપુત્રોને આમંત્ર્યા. બીજા રાજાઓની પેઠે નળ અને કુબેર પણ આવ્યા અને સ્વયંવર વખતે દમયંતીએ નળના ગળામાં વરમાળા આરોપી. ભીમરાજાએ ઘણી ધામધૂમથી દમયંતીનાં લગ્ન કર્યાં અને નળ દમયંતી સહિત પોતાને નગર આવ્યા. સમય વીત્યે નિષધ-રાજાએ નળને રાજા પદવી અને કુબેરને યુવરાજ પદવી આપી, પોતે દીક્ષા લઈ, તપશ્ચર્યાદિ કરી અંતે સ્વર્ગે ગયા.

નળરાજાએ પોતાના પરાક્રમથી રાજ્યની ખૂબ વૃદ્ધિ કરી. રાજાની મહત્તા જોઈ કુબેરને ઇર્ષ્યા થઇ અને કપટથી તે નળની સાથે દ્યુત-જુગટું રમ્યો તેમાં નળ હાર્યો. રાજ્યસંપદા ત્યાગી

દમયંતી સાથે નળરાજા વનમાં ચાલી નીકળ્યા, એટલે કુબેર રાજા થયો.

જંગલમાં પોતાની સાથે દમયંતીનેદુઃખી થતી જોઈને નળને ખૂબ દુઃખ થયું અને વિચાર્યું કે "જો હું એને ઊંઘતી મૂકીને ચાલ્યો જઉં તો તે પોતાને પીયર જઈને રહેશે અને સુખી થશે." સ્ત્રીને સુખી કરવાની ભાવનાથી રાતના વખતે ઊંઘતી દમયંતીને મૂકી નળરાજા ચાલ્યા ગયા. દમયંતી જાગી અને જોયું તો પતિને ન દીઠા. ઘણી તપાસ કરી પણ પત્તો ન મળ્યો, તેથી તેણે પોતાના પીયરનો રસ્તો લીધો. જંગલમાં ઘણો વખત રખડીને અન્તે અચળપુર કે જ્યાં તેનાં માસી હતાં ત્યાં તે આવી અને માસીની સાથે રહેવા લાગી.

નળરાજાના પિતા દેવ થયા હતા, તેમણે નળરાજાને કુબડા બનાવી દીધા, કારણકે નળના રૂપમાં તે ઓળખાઈ જાય તો તેમને ઘણી વિપત્તિઓ ભોગવવી પડે તેમ હતું. પછી નળને દેવે કેટલીક વસ્તુઓ એવી આપી કે જેના વડે ધારે ત્યારે નળરાજા પોતાના મૂળ સ્વરૂપમાં આવી શકે. કુબડાપણામાં ફરતા નળરાજા સુસુમાર નગરે આવીને રહ્યા. ત્યાંના દધીપર્ણ રાજા પાસે તે સન્માનપૂર્વક રહ્યા.

સમય વીતતાં દમયંતીની ઓળખાણ એની માસીને પડી અને પછી દમયંતીના પિતાને જાણ થતાં ભીમરાજાએ પોતાની પુત્રીને તેડાવી લીધી. કુબડાના સ્વરૂપમાં રહેલ નળરાજા જ છે એમ દમયંતીએ કોઇ રીતે જાણી લીધું અને તે વાત તેણે પોતાના પિતાને કહી. પિતાએ મિથ્યા સ્વયંવર રચ્યો અને દધીપર્ણ રાજા સાથે નળરાજા કુબડા સ્વરૂપે આવ્યા. સ્વયંવરમાં કેટલાંક ચિહ્નોથી દમયંતીએ નળને ઓળખી કાઢ્યા અને વર-

માળા તેમના ગળામાં નાખી. નળ મૂળ સ્વરૂપે પ્રકટ થયા અને છેવટે ૧૨ વર્ષે પતિપત્નીનો વિયોગ દૂર થયો. નળરાજાએ પોતાનું રાજ્ય પાછું મેળવ્યું અને ન્યાયપૂર્વક રાજ્ય કરી પ્રજાને સંતોષ આપ્યો.

જ્ઞાની ગુરૂનો સમાગમ મળતાં તે જ્ઞાનીને દમયંતીએ પોતાનાં કયાં અશુભ કર્મના યોગથી ૧૨ વર્ષ સુધી પતિવિયોગ સહેવો પડયો, તે પ્રશ્ન પૂછયો. જ્ઞાની ગુરૂએ કહ્યું: "મમણ નામે એક રાજા હતો. તેને વીરમતી નામે રાણી હતી. તે રાણી જૈન ધર્મ પાળતી હતી, જ્યારે રાજાને જૈન ધર્મ પ્રત્યે રૂચિ ન હતી. એક દિવસે રાજા કોઈ ગ્રામાન્તર જતા હતા, તેમાં સામે મુનિ મળ્યા. મુનિ સામે મળવાથી પોતાને અપશુકન થયાં એમ માની તેને ક્રોધ થયો અને મુનિને કોઈ મકાનમાં પૂરી રાખ્યા. ૧૨ ઘડી સુધી પૂરી રાખ્યા પછી રાજાનો ક્રોધ શાન્ત થયો. મુનિને છૂટા કરી ક્ષમા માગી, તથા ધર્મ સાંભળી તે દયાધર્મ પાળવા લાગ્યો. છેવટે એ મમણ રાજા મૃત્યુ પામી નળરાજા તરીકે જન્મ્યો. વીરમતી રાણી જૈન ધર્મ પાળી, આયંબિલ વગેરે ખૂબ તપશ્ચર્યા કરી, આયુષ્ય પૂર્ણ કરી, અહીં દમયંતી તરીકે જન્મી. પૂર્વે રાજાએ ૧૨ ઘડી સુધી મુનિને રોકી રાખ્યા તે કર્મના ફળ તરીકે ૧૨ વર્ષ સુધી સ્ત્રીનો વિયોગ થયો અને દુ:ખ ભોગવવું પડયું."

ધર્મદેશનાથી નળરાજાએ વૈરાગ્ય પામી પોતાના પુષ્કર નામે કુમારને રાજ સોંપી દમયંતી સહિત શ્રુતસાગર નામે ગુરૂની પાસે દીક્ષા લીધી. પછી શાસ્ત્રાધ્યયન કરી, વિનયાદિ ગુણ ખીલવ્યા અને અન્તે અણસણ કરી કુબેર નામે દેવ થયા. દમયંતી પણ દીક્ષા પાળી અન્તે આયુષ્ય પૂર્ણ કરી એ જ કુબેર

દેવની દેવી થઈ. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી, મનુષ્યદેવમાં આવી, સંયમ લઈ, બંનેએ મોક્ષપદ પ્રાપ્ત કર્યું.

દ્રૌપદી તથા સીતા

પાંચ પાંડવોની પત્ની સતી દ્રૌપદી તથા શ્રી પદ્મ-રામ બળદેવની પત્ની સતી સીતાનાં જીવનચરિત્રો પૂર્વે આવી ગયાં છે એટલે અહીં પુનઃ આપ્યાં નથી.

અહીં સાધુવંદનામાં ઉલ્લેખાએલાં સાધુપુરુષો તથા સાધ્વીઓ સતીઓની નામાવલિ પૂરી થાય છે.

ઉપસંહાર

આ અઢી દ્વીપમાં ઘરડા તપસ્વી બાળ,
શુદ્ધ પંચ મહાવ્રત ધારી નમો નમો ત્રણ કાળ. ૧૦૭
એ જતિઓ સતીઓનાં લીજે નિત્ય નિત્ય નામ,
શુદ્ધ મનથી ધ્યાવો, એહ તરણનો ઠામ. ૧૦૮
એ જતિઓ સતીઓશું રાખો ઉજ્જવળ ભાવ,
એમ કહે ઋષિ જેમલજી, એહ તરણનો દાવ. ૧૦૯
સંવત અઢાર ને વર્ષ સાતો શિરદાર,
શહેર ઝાલોરમાંહિ, એહ કહ્યો અધિકાર. ૧૧૦

શ્રી જેમલજી મહારાજે સંવત ૧૮૦૭ માં ઝાલોરમાં સાધુવંદનાની રચના કરી હતી. શ્રી જેમલજી મહારાજની જીવનરેખા આ પુસ્તકના પ્રારંભમાં આપી છે.

સમાપ્ત

શુદ્ધિપત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૪	૧	સુખસૂર્વક	સુખપૂર્વક
૫	૯	પ્રભુનું	પ્રભુનું નામ
૪૯	૫	પૂર્વ અને–	પૂર્વ રાજાપણે અને
૫૧	૧૮	વાસુપૂજ્ય	વસુપૂજ્ય
૬૯	૭	સાઠ હજાર	સાઠ હજાર સાધુઓ
૯૬	૧૭	એક લાખ ને ઓગણ ચાલીસ હજાર શ્રાવિકાઓ,	એક લાખ ને ઓગણોતેર હજાર શ્રાવકો અને ત્રણલાખ ને ઓગ ણચાલીસ હજાર શ્રાવિકાઓ
૧૩૭	૧૧	મોક્ષ ગયા	૧૦૮ મોક્ષે ગયા
૧૪૧	૧૮	પરોધર	પટોધર
૧૪૨	૩	પુંડરગિરિ સુંદર	પુંડરગિરિ નગરી સુંદર
૧૪૭	૫	વરસનું	પૂર્વનું
૧૫૮	૧૦	ગયો	જે પુરોહિત ગયો.
૧૬૧	૧૬	પુત્રનું મયણરેહાને	પુત્રનું
૨૦૮	૨	ઈદ્રે	ઈંદ્ર
૨૧૪	૧	(૨)	(૩)
૨૧૬	૨	બધાએ વખતે	બધાએ
૨૧૭	૧૧	શક્ત	સશક્ત
૨૩૦	૨૪	અસ્થિતાથી	અસ્થિરતાથી
૨૪૦	૧૪	વિહોરવા	વહોરવા
૨૭૧	૨૩	સર્વમાં	સર્વની મધ્યમાં
૨૯૬	૨૧	૧૧	૧૯
૩૦૨	૧૫	વર્ષદા	પર્ષદા
૩૧૪	૧૯	વર્ષદા	પર્ષદા
૩૧૮	૨૨	૧૨ હજાર	૧ હજાર
૩૩૦	૧૦	બે માસની ઋતુ	બે ઋતુ
૩૭૫	૧૫	ધી જ્ઞાતા સૂત્રમાં	શ્રી જ્ઞાતા સૂત્રમાં
૩૯૯	૧૭	સાધુઓ	સાધુઓને
૪૨૨	૩	શિક્ષાવ્રત	સાત શિક્ષાવ્રત
૪૭૮	૮	પકડીને	પડીને
૪૭૮	૧૮	પતિને	યતિને

પૂજ્યશ્રી લાધાજીસ્વામી સ્મારક ગ્રંથમાળા

વિદ્વાન સદાનંદી જૈન મુનિ શ્રી છોટાલાલજી મહારાજ કૃત પુસ્તકો

મણુકો	નામ	મૂલ્ય	
૧	વિદ્યાસાગર ભાગ ૧	૦-૮-૦	નથી
૨	,, ,, ૨	૧-૮-૦	,,
૩	સદ્દુપદેશ કુસુમમાળા (૭ મી આવૃત્તિ)	ભેટ	
૪	માંદાની માવજત	૦-૨-૦	નથી
૫	ભક્તામર-મંત્ર-માહાત્મ્ય (બીજી આવૃત્તિ)	૨-૦-૦	
૬	વિશુદ્ધ-પ્રેમ-પ્રવાહિની	૦-૧૨-૦	નથી
૭	પૂજ્ય શ્રી લાધાજીસ્વામીનું જીવનચરિત્ર (બીજી આવૃત્તિ)	૦-૮-૦	નથી
૮અ	વિદ્યાસાગર ભાગ ૩ જો	૧-૪-૦	
૮બ	વિદ્યાસાગર ભાગ ૧-૨-૩-ભેગા (સંપૂર્ણ)	૪-૦-૦	
૯	ઇશ્વરસ્તુતિ (અમૃતલાલ સુંદરજી પઢીયાર કૃત)	૦-૧-૬	
૧૦	મદાન્ધની મસ્તી (રસિક સંવાદ)	૦-૨-૦	
૧૧	મ્હારી વિતકવાર્તા (વિધવાની કરૂણ કથા)	૦-૪-૦	
૧૨	પવિત્ર પ્રમદાનું પરાક્રમ	૦-૧૦-૦	
૧૩	લઘુકાવ્યબત્રીસી (કાવ્ય)	૦-૮-૦	
૧૪	અપવિત્ર વસ્ત્ર વિરૂદ્ધ પવિત્ર ખાદી (ચિત્રો)	ભેટ	
૧૫	લાખા પટેલની લાકડી (પશુદયાની કથા)	,,	
૧૬	લઘુસદ્બોધ પુષ્પમાળા (બીજી આવૃત્તિ)	,,	
૧૭	ત્રિરત્ન	,,	
૧૮	શ્રી સામાયિકસૂત્ર (સામાયિકનું સાચું રહસ્ય સમજાવનાર)	ભેટ	

૧૯	બે હાથ જોડી (સર્વમાન્ય પ્રાર્થના)	૦–૪–૦
૨૦	સામાયિક પ્રતિક્રમણ	ભેટ
૨૧	નવ રત્ન (સ્તોત્રસંગ્રહ)	,,
૨૨	શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્રનો ગુજરાતી અનુવાદ (બીજી આવૃત્તિ)	૧–૦–૦
૨૩	માયાવી સંસાર (રહસ્યપૂર્ણ નવલકથા)	૧–૪–૦
૨૪	શ્રી રાયપસેણીય સૂત્રનો ગુજરાતી અનુવાદ (પં. શ્રી બેચરદાસજી કૃત)	૦–૧૦–૦
૨૫	પાંચ જ્ઞાનનો નકશો	ભેટ
૨૬	ઉપદેશબિન્દુઓ (રાજકવિ મૂળદાસજી કૃત)	૦-૪–૦
૨૭	ધ્યાનદીપ	ભેટ
૨૮	ભૂલી જતાં શીખો (શ્રી મોહનલાલ પા. દવેકૃત)	૦–૦–૬
૨૯	શ્રી શ્રમણાલોયણા (પત્રાકારે)	ભેટ
૩૦	અનુપૂર્વી—સાધુવંદના	,,
૩૧	શ્રી સુંદર સદ્બોધ (સ્ત્રી ઉપયોગી–બીજી આવૃત્તિ)	,,
૩૨	શ્રી પ્રભુચરણે (પ્રાર્થના કાવ્યસંગ્રહ)	,,
૩૩	કલ્યાણપથ	,,
૩૪	શ્રી લઘુ સુવિચાર પુષ્પમાળા.	,,
૩૫	Daily Life of a Jain Monk	,,
૩૬	વંદનીય સાધુજનો	૪–૦–૦

દરેક પુસ્તકનું વી. પી. પોસ્ટેજ અલગ સમજવું.

પુસ્તકો મળવાનું સ્થળ

પૂજ્ય શ્રી લાધાજી સ્વામી પુસ્તકાલયના વ્યવસ્થાપક
રતિલાલ ઓઘડભાઇ શાહ, ચોરા પા, **લીંબડી** (કાઠિયાવાડ)



હે ભગવન્ત! ગુર્વાદિને વંદન કરવાથી જીવને શો લાભ થાય?

હે શિષ્ય! ગુર્વાદિને વંદન કરવાથી નીચ ગોત્રમાં ઉત્પન્ન થવાનું કર્મ નાશ પામે, ઉચ્ચ ગોત્રમાં ઉત્પન્ન થવાનું કર્મ ઉપાર્જન થાય, સૌભાગ્યની પ્રાપ્તિ થાય, સર્વદા આજ્ઞાનું ફળ પમાય અને તે પુરુષનાં વચનો તે સાંભળનારને સુખ ઉપજાવે.

[શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર]